In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Vaidyaraj Zandu Bhatji
National Ayurvedic Library
Punjabi Bagh, New Delhi-26
Call No. LX3 N
Book No.
Acc No. 000013

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Vaidyaraj Zuadu Bhatti
National Ayurvedic Library
Punjabi Bagh, New Delhi-26
Call No.....
Book No.....
Acc. No.....

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

आर्याभिषक्

अथवा हिंदुस्ताननो वैद्यराज

पूर्वार्ध

455

वनौषधिगुणादर्श

औषधीनां परां प्राप्तिं काश्चिद्वेदितुमर्हति ।
योगज्ञस्तस्य रूपज्ञस्तासां तत्त्वविदुच्यते ॥ १ ॥

એ ઔષધીની ઉત્કૃષ્ટ પ્રાપ્તિને કોઇકજ જાણવાને યોગ્ય થાય છે. તેના પ્રયોગને તથા રૂપને ઓળખનારાને ઘણુંવિદ કહેવાય છે. (ચરકસંહિતા–મહર્ષિ અગ્નિવેષ)

ગુજરાતી અક્કલકરો–સં૦ આકલ્લ. મ૦ અકલકાલા–કારા. હિં૦ અકરકરા–કરહા. ક૦ આકળકરી. તે૦ કોળુંરહા. ઇં૦ પેલેટરી રૂટ. લા૦ એનેસાઇકલસ પેરેથ્રમ. બં૦ અકોરકોરા, આકરકરા. દિનગ્ધ, શકરાનાં ઝાડ નાનાં હોય છે. એની ઉંચાઇ સુમારે એક હાથ હોય છે. એ બંગાલ, અરબસ્તાન; અને મિસર, એ દેશમાં થાય છે.[1] ત્યાંથી આ વનસ્પતિનાં મૂળ તથા ડાંખળી અહીં આવે છે.

---

[1] ઔષધોમાં અક્કલકરો એ અરબસ્તાન અને હિંદુસ્તાનની પ્રસિદ્ધ ખુટ્ટી છે. એક વર્ષ પછીથી વનસ્પતિનો ગુણ ઘટી જાય છે. તેલમાંનુ અક્કલકરાની જડમાંથી સાત વર્ષસુધી દેવત જતું નથી. બીજાં ઔષધો ખાધા પહેલાં આ જડ ચાવવામાં આવે હોય તો ખાવાનાં ઔષધોનો સ્વાદ બિલકુલ માલૂમ પડતો નથી. એથી જેને ખારાં, ખાટાં, રેચક અને કાંજીર્ણ ઔષધો ખાવા–પીવાંની જરૂર હોય તેમને પ્રથમ આ જડ ચવરાવી થુંકાવી નાખી પછી તે ઔષધો–દવાઓ ખાવામાં આવે છે; એથી તેની દવાની બિલકુલ અળખ થતી નથી. અક્કલકરાનું લાકડું વજનદાર હોય છે. તેને અંદરથી સફેદ દેખાય છે. અક્કલકરો શરીરમાં લોહી આદિથી પડેલી ગાંઠ ફોડી નાખે છે. કફને બાળે છે. કફ–વાત પીડાની સાથે ગરદનનું ઝલાઈ જવું, પેઢાંનું નરમ પડવું, તોતળાપણું, છાતી, દાંત અને પેઢાંનું પડવું, જલોદર, ઠંડી પ્રકૃતિવાળાની ઇંદ્રિયની તાકાતને ખુલ્લી કરી પેશાબ લાવવાને, સ્ત્રીઓને રજોદર્શન–રુધિરને પાતળો તથા જાડો લેપ કરવાથી ફાયદો કરે છે. જયતુંનના તેલની સાથે અક્કલકરો વાટી ચોળવાથી રોગ, સાંધાના રોગ, સ્નાયુના, મોઢાના અને છાતીના રોગ તેમજ કુબડાપણું, શૂન્યકાર, નરમપણું તથા જૂના રોગો નાબુદ થાય છે. અક્કલકરાના ગરમ ગરમ ક્વાથને તાળવા ઉપર ચોળે અને માથે લેપ કરે માથાને ગરમ કરી નજલા (ભેજમાંથી મોઢાવાટે પડતા મેલ) ને શાંત કરે છે. રૂમીમસ્તકી અક્કલકરો ચાવવાથી દૂષિત દોષોથી પ્રકટ થએલો મૃગીરોગ, મટે છે મધની અક્કલકરો ચાવવાથી મૃગી રોગ, અંધારાં આવવાં અને પક્ષઘાતને મટાડે છે. અક્કલકરાનુ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અહીં એ ઝાડો કવચિત થાય છે. આ ઝાડને પી[illegible]તા આવે છે. તે ખાવાથી અક્કલકરાર્ન[illegible] પ્રમાણે જીભને રવરવ થાય છે. એ ફૂલો ઉધરસ ઉ[illegible]ર પાનમાં ખવાય છે. **અક્કલકરો** એ ઉ[illegible] બળકટ તથા તીખો છે; અને સળેકમ, સોજા તથા વાયુનો નાશ કરે છે. **(૧) દાંત દુખત[illegible] તો**–અક્કલકરો અને કાંટાસરિયાનો પાલો એકઠાં વાટી દાંતની નીચે રાખવાં. **(૨) જીભ શુદ્ધ થવા**–અક્કલકરો દાઢની નીચે રાખવો. **(૩) સિંદુરના વિષ ઉપર**–અક્કલકરો અને વજ પાણીમાં પાવાં. **(૪) અક્કલકરાદિ ચૂર્ણ**–અક્કલકરો, સિંધાલુણ, ચિત્રો, આમળાં, મરી, લીંડીપીપર, અ[illegible] હરડે, એ એકેક ભાગ અને સુંઠ બે ભાગ, એનું ચૂર્ણ કરી, તેને બીજોરાના રસની ભાવના [illegible] ચૂર્ણ અથવા ગોળી કરવી. આ ચૂર્ણને વૈદકશાસ્ત્રમાં અક્કલકરાદિ ચૂર્ણ અથવા અમૃતપ્રભા એવું [illegible] આપેલું છે. આ ચૂર્ણ મંદાગ્નિ, અરુચિ, ઉધરસ, ગલરોગ, દમ, સળેકમ, પીનસ, ફેફરૂં, ઉન્માદ [illegible] સન્નિપાત, એ રોગો ઉપર હિતકારક છે. **(૫) મૂત્રખડા (પથરી) ઉપર અક્કલકરાદિ ક[illegible]** અક્કલકરો, ગોખરૂનાં મૂળ, તુળસીનો રસ, પાષાણભેદ, એરંડાનું મૂળ, લીંડીપીપર, જેઠીમધ, કાશ [illegible] નાગોડ, લવંગ, સુંઠ, એ સર્વનો કાઢો કરી; તેમાં એલચીની ભૂકી નાખી, તે સાત દિવસ [illegible] એટલે મોટો પીડાકારક મૂત્રખડો અને પેસાબ સાથે જે વીર્ય પડતું હશે તે પણ દૂર થઇ [illegible] **(૬) અપરમાર ઉપર**–અક્કલકરાનું ચૂર્ણ મધમાં લેવું અને નસ્ય પણ કરવું. **(૭) જીભનો અને મુખમાધુર્ય ઉપર**–અક્કલકરો ચાવી મોઢામાં રાખવો અને લાળ ગળી જવી; અથવા ઠંડા પાણ[illegible] અક્કલકરો ઘસી મોઢામાં ચોપડવો અને લાળ ગળી જવી. આ પ્રમાણે દિવસમાં બે ત્રણ વખ[illegible] કર[illegible]

૨ અંકોલ–સં૦ અંકોલ. મ૦ અંકોલ. હિં૦ ઢેરા, ટેરા. બં૦ આંકડ, ધલા આંકોર, આંકે[illegible] અંકુલે. તે૦ અંકોલમુ. તા૦ અંકોલ. તુ૦ અંકોલેડા. મલા૦ અંકોલં. લા૦ એલનજીયમ લમ[illegible]

[1]એ ઝાડ ઘણાંજ મોટાં વધે છે. એનાં પાંદડાં આંગળ બે આંગળ પહોળાં હોઇ કણેરીન[illegible] પ્રમાણે લાંબાં હોય છે. એ પાંદડાં ઉપર રેશા હોય છે. એ ઝાડો કાંટાવાળાં અને કાંટારહિત [illegible] છે. એ ઘણાક પ્રાંતોમાં થાય છે. એને ચણા જેવડાં ગોળ ફળો આવે છે. એનાં બીયાંનું તેલ [illegible] **અંકોલ**–તુરૂં, કડવું, પારદ શુદ્ધિકર, લઘુ, થોડું તીખું, સારક, સ્નિગ્ધ, તીક્ષ્ણ, ગરમ, રુક્ષ [illegible] એનો રસ ઉલટી કરાવનાર અને વિષ, કફ, વાતશૂળ, કૃમિ, સોજો, આમપિત્ત, રક્તદોષ [illegible] અને કૂતરો, ઉંદર અને બિલાડી એમનું વિષ, કટિશૂળ, અતિસાર, એનો નાશ કરે છે. એન[illegible] ઠંડાં, ધાતુની વૃદ્ધિ કરનાર, સ્વાદવાળાં, અગ્નિમાંદ્ય, જડ, રસ વખતે અને પાક વખતે મધુર, બલકર [illegible] સારક, સ્નિગ્ધ, વૃષ્ય, એવાં છે; અને દાહ, વાયુ, પિત્ત, ક્ષય, રક્તદોષ, કફ અને વિસર્પ, એનો નાશ [illegible] **બીયાંનું તેલ**—વાયુ અને કફનાશક તથા મર્દન કરવાથી ચામડીના દોષોનો નાશ કરે [illegible] **અતિસાર ઉપર અને વિષાદિક ઉપર**—અંકોલના મૂળની છાલ ચોખાના ધોવરામણમાં ઘસ[illegible] નાખી પાવી, એટલે જલદીથી અતિસારનો નાશ થાય છે; તેમજ વછનાગાદિક તથ[illegible] વગેરેના વિષનો નાશ થાય છે. **(૨) પ્રમેહ ઉપર**—અંકોલની સૂકાયલી કળીઓ, અને હળદર, એનું ચૂર્ણ કરી મધમાં આપવું, એટલે સર્વ પ્રકારના પ્રમેહ[illegible] **(૩) કૃમિ ઉપર**—લીલાં મૂળીઆંનો રસ પાવો, એટલે રેચ લાગી કૃમિ [illegible] **જલોદર ઉપર**—લીલાં મૂળીઆંનો રસ પાવો એટલે સાધ્ય હોઈ જલોદર સારૂં થ[illegible]

બારીક ચૂર્ણ સુંઘવાથી બંધ થએલ નાકનો સ્વર ખુલે છે. અક્કલકરો વાંટીને ચોળવાથી [illegible] અક્કલકરો દોરાથી બાંધી ગળામાં રાખવાથી બાળકનો મૃગીરોગ શાંત થાય છે. તાવ આવ્યાની પહેલાં [illegible] જયતુંનના તેલમાં વાટી આખા શરીરે ચોળવાથી તાવ અને શરદીની બિમારી મટે છે; બાજીગર લોકો [illegible] સાથે અક્કલકરાને વાટી તાળવે અને મોઢામાં ખૂમ ઘસે છે, આથી અગ્નિથી મોઢું કદિ દાઝતું નથી. [illegible] ફેફસાંને નુકસાનકર્તા છે. અક્કલકરાની શાંતિકર્તા કતીરો અને મુનક્કા દ્રાક્ષ છે. એની માત્રા [illegible] માસાની છે. અક્કલકરાનો પ્રતિનિધિ લીંડીપીપર અને મધ છે. આમાશયનાં દરદો માટે રાસ્ના અને અગર છે; અથવા [illegible] સુંઠના અર્ધ ભાગે કાળાં મરી લેવાય છે.

૧ મિસ્તર મોહદ્દીન શરીફના મતથી અંકોલના મૂળની છાલ ૫૦ ગ્રેન (તોલાના ગ્રેન ૧૮૦) ની [illegible] આપવાથી ઉલટી થાય છે. એનાથી ઓછી માત્રા તાવને ઉતારે છે. એની છાલ કડવી છે. એ ચામડી ઉપર [illegible] અસર કરે છે. જડનો રસ જુલાબ લાવે છે અને પેટના કૃમિ બહાર કહાડે છે. જલોદરના રોગમાં પણ [illegible] છે અને જડને વાટી સાપ ઉતારવાના કામમાં લે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ગુમડાં) ઉપર–ફળનું તેલ ચોપડવું એટલે ગુમડું ભરાઇ આવી સારૂં થાય છે અને રૂઝાઇ પણ જાય છે. (૬) ત્વચા (ચામડી)ના રોગ ઉપર—ફળનું તેલ લગાડવું અથવા ઝાડની છાલ વાટી લગાડવી. (૭) વાયુએ શરીર સૂજે તે ઉપર–એ ઝાડનાં પાંદડાં વાટી તેનું પોટીશ બાંધવું. (૮) આંબાને જલદી પકવવાને—પાકાં અંકોલનાં ફળો અને ઘોડાવજ એકઠાં કૂટી ચૂર્ણ કરવું, તેમાં થોડું મધ નાખવું, તે પાણીમાં ભેગું કરી એ પાણી આંબાના ઝાડને રેડવું, એટલે આંબાનું ઝાડ જલદી વધી તેને ફળ પણ જલદી આવે છે. (૯) આંબાની ગોટલી–અંકોલના તેલના સાત પુટા આપવા પછી તે ગોટલી જમીનમાં દાટી ઉપર પાણી રેડવાથી લાગલુંજ આંબાનું ઝાડ ઉગે છે. એજ કૃતિ પ્રમાણે મેથી પણ જલદી ઉગે છે. (૧૦) સર્વ પ્રકારના અતિસાર ઉપર અંકોલ વટક–અંકોલમૂળ, પહાડમૂળ અને દેવદાર, એ ત્રણ ઔષધિ સમભાગ લઇ તેનું ચૂર્ણ કરવું; અને ચોખાના ધોવરામણમાં તેની બેહડા જેવડી ગોળીઓ કરવી. તેમાંની એક ગોળી ચોખાના ધોવરામણમાં ઘસીને પાવી, એટલે સર્વ પ્રકારનો અતિસાર દૂર થાય છે. બીજો પ્રકાર–દેવદાર, અંકોલ, પહાડમૂળ, એનાં મૂળ અને કુડા(ઇંદ્રજવનું ઝાડ) કાળી–ધાવડી, લોધ્ર, દાડિમ એની છાલ અને રાળ આ સર્વ ઔષધોનું ચૂર્ણ સમભાગ લઇ ઉપર પ્રમાણે ચોખાના ધોવરામણમાં ગોળીઓ કરી તેમાંથી એક ગોળી સવારે મધમાં ઘસીને પાવી; આથી સર્વ પ્રકારના અતિસાર દૂર થાય છે. (૧૧) સોજા ઉપર—અંકોલનો પાલો અને કીડાના રાફડાની માટી, એ બેને બાફ દઇ લૂગડામાં ઘાલી તેથી શેકવું. (૧૨) સોમનાથની તામ્રભસ્મ—અંકોલનાં ફળ વાટી તેમાં શુદ્ધ કરેલા તાંબાનાં કંટકવેધી પતરાં નાખી ગજપુટ કરવાથી એકાદ પુટથી ભસ્મ થશે. (૧૩) દાહજ્વર ઉપર—અંકોલનું મૂળ અને સુંઠ પાણીમાં ઘસી તેનો શરીરે લેપ કરવો, એટલે તુરત તાવ ઉતરી જઈ દાહ શાંત થશે. (૧૪) મુત્રાવરોધ ઉપર—અંકોલ અને તિલકાષ્ટ એનો ક્ષાર, મધ અને હીંના પાણી સાથે પાવો. (૧૫) કુતરાના વિષ ઉપર—અંકોલનાં મૂળનો કાઢો ઘી નાખી પાવો અથવા અંકોલનાં પાંદડાં પાણીમાં વાટી તેમાં મરીનું ચૂર્ણ નાખી તે પાવું. (૧૬) ગાંઠ ઉપર—અંકોલનાં મૂળ ઘસી લેપ કરવો.

૩ અખરોડ–સં૦ અક્ષોટ. મ૦ અકરોડ. હિં૦ અખરોટ. બં૦ આખરોટ. ક૦ બૈદ્દગોનુ અથવા માખોટ. તે૦ ઉવ્વકાઇ. ફા૦ ચાર્તગજ. અ૦ જોઝઅંકુપમ. ઈ૦ વાલનટ્. લા૦ એલ્યુરાઇટીસ્ ટ્રાયલોબા.

એ ઝાડો હિમાલયની આસપાસમાં, ચીન અને ઈરાન એ દેશોમાં થાય છે. ઉત્તરહિંદુસ્તાનમાં એની ઘણીજ ઉત્પત્તિ થાય છે. આ ઝાડને ૩૦–૪૦ વર્ષ પછી ફળો આવવા લાગે છે. પાકેલાં ફળો અખરૂખ જેવડાં હોય છે. ફળો કાચાં અને કઠણ હોય છે ત્યારે ત્યાંના લોકો તેને મીઠામાં આથે છે. એ ફળોનું તેલ ખાવાને અને બાળવાને ઉપયોગી જણાય છે. અખરોડ–એ મધુર, કિંચિત ખાટું, સ્નિગ્ધ, શીતળ, ધાતુવૃદ્ધિકર, ઉષ્ણ, રુચિપ્રદ, કફપિત્તકર, જડ, પ્રિય, બલકર, કફકર, મલબંધકર; એવું છે; અને વાત, પિત્ત, ક્ષય, વાયુ, હૃદ્રોગ, રક્તદોષ, રક્તવાત અને દાહ એનો નાશ કરે છે. પાક વગેરે ઔષધોમાં અખરોડનો ઘણોજ સારો ઉપયોગ થાય છે અને એ એક મેવો છે. (૧) હરસ ઉપર–અખરોડના તેલમાં કપડું ભીંજવી ગુદામાં રાખવું એટલે દુઃખનો નાશ થશે. (૨) અપસ્માર ઉપર—નગોડના રસમાં અંતરછાલ ઘસી અંજન કરવું અથવા નસ્ય કરવું. (૩) વાયુથી આવેલા સોજા ઉપર–અખરોડ કાંજીમાં ઘસી લેપ કરવો. (૪) સ્તનમાં દૂધ ઉત્પન્ન થવા માટે–ઘઉંનો રવો અને અખરોડનાં પાંદડાં સમભાગે એકત્ર કરી તેની પુરીઓ કરી ગાયના દૂધમાં ખાવી, તેથી સાત દિવસમાં સ્ત્રીઓના સ્તનમાં દૂધ ઘણુંજ વધશે. (૫) અર્શ, કૃમિ ઇત્યાદિ ઉપર–કાચા અખરોડનો રસ કરી તે આપવો, એટલે મૂળ વ્યાધિ, કૃમિ, ગુલ્મ, એ રોગો દૂર થાય છે. (૬) રેચ થવામાટે—ફળોની છાલનો કાઢો કરી પાવો અથવા તેનું તેલ ૨–૩ તોલા પ્રાશન કરાવવું.

૪ અગથીઓ–સં૦ અગસ્ત્ય. મ૦ અગસ્થા–સ્તા. હિં૦ અગસ્તા, હથિયા. બં૦ બક. ક૦ અગસિયમરનું ચોગચી. તા૦ અકકં, અર્ગતિ. તુ૦ અગસે. મલા૦ અગડી. તે૦ અવિસિ, અવીસે. લા૦ ઍગાસટિ ગ્લાંડિફ્લોરા.

આ ઝાડ ઘણુંજ મોટાં થાય છે અને બાગાયતમાં (બગીચો વગેરે કેળવેલી જમીનમાં) ઉગે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ધોળાં અને રાતાં ફૂલોની એવી બે જાતિ છે. એનાં પાંદડાં આંબલીનાં પાંદડાં જેવાં હોય છે. એને ફૂલો અને શીંગો આવે છે. ફૂલનાં વડાં અને શાક થાય છે. શીંગોનું પણ શાક થાય છે. એના પાલાની પણ ભાજી કરે છે. એ ઝાડ સાત આઠ વર્ષથી વધુ રહેતાં નથી. **અગથીઓ**—રુક્ષ, શીતળ, મધુર, વાતલ અને ત્રિદોષનાશક છે; તેમજ વૈવર્ણ્ય, કફ, શ્રમ, ઉધરસ, ગુમડાં, પિશાચબાધા, પિત્ત અને ચોથીઓ તાવ, એનો નાશ કરે છે. એનાં **ફૂલ**—તુરાં, કડવાં, કિંચિત ઠંડાં, પાક વખતે તીખાં અને વાતકારક છે. રતાંધળાપણું, સલેકમ, ચોથીઓ તાવ, કફ અને પિત્ત એનો નાશ કરે છે. એની **શીંગો**—સારક, બુદ્ધિપ્રદ, રુચિકારક, લઘુ, પાક વખતે મધુર, કડવી અને સ્મૃતિપ્રદ છે; અને ત્રિદોષ, શૂળ, કફ, પાંડુરોગ, વિષ, શોષ, ગુલ્મ, એનો નાશ કરે છે. એની ભાજી લુખી અને પિત્તકારક છે. એનાં **પાંદડાં**—તીખાં, કડવાં, જડ, મધુર, કિંચિત ઉષ્ણ અને સ્વચ્છ છે; અને કૃમિ, કફ, કંડૂ, વિષ, રક્તપિત્ત, એનો નાશ કરે છે. **(૧) શરદી, મસ્તકશૂળ અને ચોથીઆ તાવ ઉપર**—અગથીઆનાં પાંદડાંના રસનાં ટીપાં નાકમાં પાડવાં. **(૨) આધાશીશી ઉપર**-જે બાજુનું કપાળ દુઃખતું હોય તેની વિષમ બાજુના નાકમાં અગથીઆનાં પાંદડાંનો અથવા ફૂલોનો રસ પાડવો એટલે કફ પડી આધાશીશી મટી જાય છે. **(૩) ચિત્તવિભ્રમ ઉપર**—અગથીઆના પાલાના રસમાં ગોળ, સુંઠ અને લીંડીપીપર, એ ઔષધો મેળવી નસ્ય કરવું. **(૪) ફુરશાના** વિષથી પેટમાં ગાંઠ બંધાઇ હોય તો ધોળા અગથીઆની છાલ અરીઠાના પાણીમાં ઘસીને પાવી. રોગ હલકો થયા પછી ચોખાના ઓસામણમાં ઘી નાખી તે સુમારે અધશેર આપવી. **(૫) કફવિકાર ઉપર**—રાતા અગથીઆના મૂળનો અથવા છાલનો અંગરસ કાઢી એક તોલાથી બે તોલા સુધી શક્તિ પ્રમાણે આપવો. એ ઔષધ છોકરાંઓને આપવું હોય તો ફક્ત પાલાનો રસ પાંચ ટીપાં કાઢી મધ નાખી પાવું. ઉતાર-ખડીસાકરનું પાણી પાવું. (૬)**સોજા ઉપર**—રાતા અગથીઆનાં મૂળ અને કાળા ધંતુરાનાં મૂળ, એ બેને ગરમ પાણીમાં એકત્ર ઘસી શરીરે લેપ કરવો, એટલે સર્વ પ્રકારનો સોજો તાબડતોબ નહિ જેવો થશે. **(૭)વાયુબદ્ધ શરીર હોય તો**—રાતા અગથીઆનાં મૂળ ઉપરની છાલ ચાર ચણોઠી સુધી લઇ પાનના બીડામાં દરરોજ ખાવી, એટલે વાતવિકાર કમી થશે. **(૮) છોકરાંઓની શરદી ઉપર**—છોકરૂં જન્મે ત્યારે શરીરમાં કફની અસર પ્રકટેલી હોય તો તેને અગથીઆના પાલાનો રસ બે ટીપાં કાઢી, તેમાં ચોગણું મધ નાખી, તે મિશ્રણ આંગળીદ્વારા તે છોકરાના તાળવામાં પહોંચાડતાંજ સર્વ કફ નીકળી પડે છે અને છોકરૂં હોંશિયાર થાય છે. આ વખતે સુયાણી (દાઇઆણી) એ સાવચેતી રાખવી જોઇએ. **(૯) અપસ્માર ઉપર**—અગથીઆનાં પાંદડાંનો રસ, ગોમૂત્ર અને કાળાં મરીની ભૂકી નાખી આપવો. **(૧૦) કોઇ પણ ભસ્મને રાતો રંગ** (પદ્મરાગ જેવો) આપવા માટે એના પાલાનો રસ કાઢી તેના પુટ આપે છે.

૫ અગરૂ—સં૦ સ્વાદ્વગરૂ. મ૦ અગર. હિં૦ બં૦ ક૦ તા૦ અગર. તૈ૦ અગરચેટ્ટુ. તુ૦ હાગલગંધ. મલા૦ આકેલ. ફા૦ કસેબેબવા. અ૦ ઉદગરકી. ઇ૦ ઈગલવુડ. લા૦ અક્વીલેરિયા એગેલોકા. ગ્રી૦ અગેલોકન.

અગરૂ ચંદન એ મોટો સુગંધી પદાર્થ છે. અગરબત્તી કરવાના અને શરીરને ચોળવાના કામમાં એનો ઉપયોગ થાય છે. એ ધૂપોપયોગી છે. એના ધૂપથી મનને ઘણો આનંદ થાય છે.

અગરના ઝાડસંબંધી શોધ કરતાં પ્રાચીન પુસ્તકોમાંથી નીચલી માહિતી મળે છે. પ્રાચીન યાહુદી લોકોને 'અલહોટ' આ નામથી આ વનસ્પતિ જાણમાં હતી.ગ્રીક અને રોમન લોકોએ તેને 'અગેલોકન' એ નામ આપેલ હતું. પ્રાચીન અરબી લોક તેને 'અધલુખી' કહેતા; પરંતુ પાછળથી એ નામ બદલીને તેમણે 'ઉદહિંદી' આ નામ આપ્યું.

અગરનાં ઝાડો બંગાળા ઇલાકાના વાયવ્ય ખૂણા તરફ સલહટ જીલ્લાના આસપાસ 'જંટિયા' પર્વતપર થાય છે. તેજ પ્રમાણે આસામ પ્રદેશમાં પણ ઘણેક ઠેકાણે આ ઝાડો ઉત્પન્ન થાય છે, તેમજ બંગાળા ઇલાકાની દક્ષિણે ઉષ્ણકટિબંધ ઉપરના પ્રદેશમાં પણ આની ઉત્પત્તિ થાય છે. ચીનની સરહદ નજીક 'નવકા' શહેરના તાબાના "ચતિયા" બેટમાં પણ આ ઝાડો

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉત્પન્ન થાય છે. મલબારમાં પણ કોઈક ઠેકાણે આની ઉત્પતિ થાય છે.

અગરનાં ઝાડ મોટાં હોઈ સદા સર્વકાળ લીલાંછમ હોય છે. એનું થડ અને ડાળીઓ ઘણું કરીને વાંકી થાય છે. એનાં પાંદડાં આકારમાં અરડુસીનાં પાંદડાં સરખાં અને ઝીણા દીંટડા ઉપર થાય છે. આ ઝાડ ચૈત્ર (એપ્રીલ) મહિનામાં ફુલે છે અને તેનાં બીજ શ્રાવણ (ઑગસ્ટ) મહિનામાં પાકે છે. લાકડું નરમ હોઇ તેનાં છિદ્રો કોમળ રાળ જેવા સુગંધી પદાર્થથી ભરેલ થાય છે. આ સુગંધી પદાર્થ ઝાડને ટોચા મારીને કાઢી લે છે. અગરનું લાકડું જલદીથી સડી જાય છે અને સડવાના ભાગમાં એક પ્રકારનો સુગંધ ઉત્પન્ન થાય છે. આ સુગંધી જલદી ઉત્પન્ન કરવાને અગરનું લાકડું ભીંની જમીનમાં દાટી મૂકે છે. દાટવાથી જે ભાગ સડવા લાગે છે તે તેલીઆ, જડ અને કાળા રંગનો હોય છે. તે પછી તેની હલકીભારે જાતિ જૂદી પાડવાને કકડા કરીને પાણીમાં નાખે છે. જે કકડો પાણીમાં છેક ડૂબી જાય તે **'ગરકી'** અને જે અર્ધ ડૂબે તે **'નિમગરકી'** (અર્ધ ગરકી) તથા જે છેક ઉપર તરે તે **'સમાલે'** આ પ્રમાણે એનાં નામ આપે છે. છેવટની જાત છેક સાધારણ છે. ગરકી અગર કાળા રંગનો હોય છે અને બાકીના ફીક્કા ભૂરા રંગના થાય છે. આર્યવૈદકગ્રંથોમાં કૃષ્ણાગરૂ, દાહાગરૂ, સ્વાદ્વગરૂ અને મંગળાગરૂ એવી પાંચ જાતો વર્ણવેલી છે. હકીમ લોકોની અથવા વેપારીભાષામાં હિંદી, સમંદરી, કમરી અને સમંડલી આ ચાર અગરની જાતો માનેલી છે. આ નામો ઘણું કરીને તેન ઉત્પત્તિસ્થાન ઉપરથી પડેલાં હશે એમ જણાય છે. ઉપરની ચાર જાતોપૈકી પહેલી જાતિનો અગર કાળો, બીજી જાતિનો પહેલા કરતાં વધારે તેલીઓ, ત્રીજો ફીક્કા રંગનો અને ચોથો ઘણો સુગંધીદાર હોય છે. કેટલેક ઠેકાણે 'બરી' અને "જબલી" આ બે જાતિ વપરાય છે. તેમાંથી પહેલી જાતિનું લાકડું સફેદ હોય છે અને બીજા ઉપર કાળી લીટીઓ થાય છે. ઔષધિમાં વાપરવાલાયક ઉત્તમ અગર સિલહટ તરફથીજ આવે છે. તેને ગરકી અગર અથવા ગરકીઊદ કહે છે. તે સ્વાદે કડવો, કાંઇક તુરો, સુગંધીદાર અને તેલીઓ એવો હોય છે. ઔષધિમાં અગરનો ચૂરો કદિ વાપરવો નહિ. તેનું કારણ એવું છે કે તેની સાથે લાકડાનો ભૂકો કરી તે પાણીમાં ભીંજવી રાખી મૂકે છે અથવા લાકડું બદામ બરોબર ખાંડીને તેની સુગંધ, તેલીઆપણું વગેરે બદામમાં ખેંચીને બદામનું તેલ કાઢે છે; અને રહેલો ચૂરો બજારમાં વેચવાને રાખે છે. એટલે તેનો ઔષધગુણ ઓછો થયેલો હોય છે, તેથી તે ઔષધમાં વાપરવાથી બરોબર ગુણ થતો નથી. આ વગર અગરના ભૂકામાં ચંદન અને તગરની ભેળ કરેલી હોય છે. "ઇખતિયારત-ઇ-બદિઆઇ" નામના ગ્રંથના કર્તાએ ઉપર કહેલી સર્વ જાતિથી એક જૂદીજ જાતના અગરનું વર્ણન કરેલ છે. આ જાત જાવા બેટથી દશ દિવસના પ્રવાસના અંતર ઉપર આવેલા 'ચિત્ત' બંદરથી આવે છે. તેની કિંમત સોનાના ભારોભાર થાય છે. અગર દેવતા ઉપર રાખ્યા સિવાય તેમાંથી સુગંધ આવતી નથી; પરંતુ આ અગર તો હાથમાં રાખી મૂકવાથી હાથના બફારાથી તેમાંથી નાજુક સુગંધ આવે છે. અગરનીજ જાતિનું બીજું એકતગર નામનું સુગંધી લાકડું હિંદુસ્તાનમાં સર્વત્ર ઉત્પન્ન થાય છે અને તે અગરના કરતાં સોંઘું હોવાથી અગરને બદલે કેટલાક લબાડ લોકો વેચે છે. મુંબઇના બજારમાં ત્રણ પ્રકારનો અગર વેચાવા આવે છે અને તેનો 'સિયામ' અથવા 'માવરધી' 'સિંગાપુરી' અને 'ગાગુળી' આ નામથી વ્યવહાર થાય છે. આ સિવાય ઝાંઝીબારથી પણ અગર આવે છે. ખોટો અગર પણ કેટલીક વેળા વેચવા રાખેલો નજરે પડે છે. બજારમાં જે નમુના હોય છે તેનો રંગ ભુરાશથી બદલાતો બદલાતો કાળાશ પડતા ભુરા સુધી થાય છે. અગરના લાકડામાં ગુંદ જેવો જે એક ચીકણો પદાર્થ થાય છે, તેના કમી કે જાસ્તિ પ્રમાણ ઉપર લાકડાના રંગનું માપ આધાર રાખે છે. ઉપરની સર્વ જાતિના લાકડા ઉપર કાળા રંગની લીટીઓ હોય છે. સર્વોત્કૃષ્ટ અગરના લાકડામાં ખાડા પડેલા હોય છે અને તે પાણીમાં ડૂબે છે. તેનો કકડો દાંત નીચે રાખીને ચાવવાથી નરમ થાય છે. તેનો સ્વાદ કડવો હોય છે. તે દેવતા ઉપર રાખવાથી સુગંધ આવે છે અને ખોટો અગર બાળેલો હોય તો રબર બાળ્યા પ્રમાણે દુર્ગંધ આવે છે.

અગર—સુગંધી, ઉષ્ણ, કડવો, તીખો, સ્નિગ્ધ, મંગલ્યકારક, રુચ્ય, ધૂપવિષયમાં યોગ્ય, પિત્તકર અને તીક્ષ્ણ છે. એ વાયુ, કફ, કર્ણરોગ અને કોઢ એનો નાશક છે; અને લેપમાટે અથવા શરીરે

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

મર્દન કરવા માટે ઉત્તમ છે.[1] અગરનું તેલ સુવાસના માટે વાપરે છે. કોચીન અને ચીનમાં અગરની છાલના કાગળ બનાવે છે; અને અગર નાખીને તપાવેલું પાણી પીવાથી તાપથી તરસ લાગે તે શાંત થાય છે. ફેફરા ઉપર તેનો સારો ઉપયોગ થાય છે. યૂરોપમાં સાંધેવાત અને આમવાત ઉપર એનો ઉપયોગ કરે છે. **કૃષ્ણાગરૂ**—તીખો, કડવો, ઉષ્ણ, લેપ કરવાથી શીતળ, પેટમાં ગયાથી પિત્તનાશક, પૌષ્ટિક અને લઘુ છે. એનું ચૂર્ણ પિત્તકારક છે અને કર્ણરોગ, નેત્રરોગ, ત્રિદોષ, દાહ, ત્વગ્દોષ, કફ અને વાયુ, એનો નાશ કરે છે. **દાળાગરૂ**—કિંચિદુષ્ણ, સુગંધી, તીખો, કેશની વૃદ્ધિ કરનાર, કાંતિકારક અને કેશશોધક છે. **કાષ્ટાગરૂ**—તીખો, ઉષ્ણ, લેપ કરવાથી રુક્ષ, કફનાશક એવો છે, અને મુખરોગ-ઉલટી, વાયુ, એનો નાશ કરે છે. **સ્વાદ્વગરૂ**—તુરો અને ઉષ્ણ છે અને નસ્યથી વાનો નાશ કરે છે. **મંગલ્યાગરૂ**—શીતલ, સુગંધીદાર અને યોગવાહક છે. **(૧) ત્વગ્દોષ ઉપર**—અગરૂનો લેપ કરવો. **(૨) દાહ ઉપર**—અગરૂ ચંદનની ભૂકી શરીર ઉપર ચોળવી એટલે દાહ શમશે. **(૩) વલ્મીકા ઉપર**-અગરૂ, ચંદન, એલચી, જાઈનાં પાન, લીંબડાની છાલ, ભીલામો, મનશીળ, હરતાલ, એ ચીજોને કુટી તેનાથી ચારગણું તલનું તેલ લેઈ તેમાં પકવી તે તેલ ચોપડવું; એટલે વલ્મીક રોગ દૂર થશે. **(૪) તાપથી ઘણો પરસેવો** આવે છે તેને માટે-અગરૂ, વાળો, ચંદન, નાગકેસર (કાળા રંગનું) એનું ચૂર્ણ કરી બોરડીની અંતરછાલના પાણીમાં કાલવી શરીરે લેપ કરવો, એટલે ગરમીથી લાગી આવેલો પરસેવો જતો રહે છે. **(૫) સુવાસિક ભૂકી**—અગરૂ, કપુર, કેસર લોબાન, નાગ્ર, વાળા, કાળો વાળો, નાગરમોથ, એ સમભાગ લઈ તેની ભૂકી કરી શરીરે ચોળવાથી શરીર સુવાસિત થાય છે. **(૬) વસ્ત્રને સુગંધ આવવા માટે**-અગરૂનું પાણી કરી તે વસ્ત્ર ઉપર છાંટે છે. **(૭) શરીરે** ઘણી આગ બળતી હોય તો કૃષ્ણાગરૂ ચંદન ઘસી લેપ કરવો. **(૮) અગરબત્તી બનાવવાની રીત પહેલી**—કાળો અગર ૪ ભાગ, વાળો ૨ ભાગ, નાગરમોથ ૪ ભાગ, તગર ૨ ભાગ, કચૂરો ૨ ભાગ, સુખડ ૧૮ ભાગ, છડીલો ૨ ભાગ, ગહુલો ૨ ભાગ, ગુલાબકળી ૨ ભાગ, નખલો ૪ ભાગ, ગુગળ ૨ ભાગ, લોબાન ૪ ભાગ, શિલારસ ૧૮ ભાગ, કસ્તૂરી ૧ ભાગ અને મેંદાલકડી ૯ ભાગ, એ પ્રમાણે સઘળી જણસો એકત્ર કરી કસ્તૂરી અને શિલારસસિવાય બાકીની ચીજો ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણમાં કસ્તૂરી અને શિલારસ મેળવી કાળાશ લાવવાને થોડી કોલસાની ભૂકી પણ નાખવી અને ચીકાશ કમી થાય તો તેમાં થોડો ગોળ પણ મેળવવો. પછી વાંસની સોટીઓ ચીરી તેની ઝીણી ઝીણી સળીઓ કાઢી તેના ઉપર આ મસાલો ચોપડી તડકે સૂકવવી. અગરબત્તી બનાવતાં હાથે ન ચોંટે એટલા માટે તેના ઉપર તેજ મસાલાની ભૂકી નાખવી અથવા બીજો કસવાળો સુવાસિક ભૂકો નાખવો. **રીત ૨ જી**—મલબારી સુખડ ૦॥ તોલો, કાળો અગર ૦। તોલો, સુકો દેવદાર નવટાંક, ગહુલો ૧ તોલો બ્રાહ્મી ૪ તોલા, નખલા ૫ તોલા, મધ ૯ તોલા, કોડીઓ લોબાન ૫ તોલા, ગુગળ ૨ તોલા, મેંદાલકડી ૪ તોલા, સાકર ૫ તોલા, અગર ૧૧ તોલા, કસ્તૂરી ૦॥ તોલો, અંબર ૧॥ તોલો લઈ ઉપરની રીત પ્રમાણેજ મધમાં મેળવી અગરબત્તી તૈયાર કરવી. અંબર ઘણો મોંઘો છે. તે મળવો અશક્ય હોવાથી તેના બદલે કચ્છમાં થનાર આશાપુરી ધૂપ વાપરવો. આ ખૂબ સોંઘો હોઇ એની સુવાસ ઘણું કરીને અંબર સરખીજ આવે છે.

૬ અધાડી (બોડી અધાડી, પોપટી કાંગ)—સં૦ હિં૦ કાકજંઘા. મ૦ કાગ. દે૦ ધાવકાડી. અં૦ કેડયાટેડાં, કાંટા, ગુડકાડલી. ક૦ ચિલેચ, જીરી ચિલેચ. તૈ૦ નાલાદુચ્ચિણિકે. લા૦ લીયાહિર્ટી.

એનાં પાંદડાં અધેડાનાં પાંદડાં જેવાં હોય છે. ઝાડ પણ તેવડુંજ એટલે કમરપુર ઉંચું હોય છે. એનાં પાંદડાં ઘણાંજ સુંવાળાં હોય છે. બોડી અધેડીને દક્ષિણમાં "ધાવકાડી" પણ કહે છે.[2]

---

૧ **અગરને** ચરકે શરદી અને ખાંસીનો નાશકર્તા માનેલ છે. સુશ્રુતસંહિતામાં વાત અને કફનો નાશક, શરીરનો રંગ સુધારનાર, ચગ અને કોઢનો નાશકર્તા કહેલ છે. અગરની લાકડીને પાણીમાં ઉકાળીને તે પાણી પીવાથી તાવમાં લાગેલી તરસ ઓછી થાય છે; અને એને મૃગી, ઉન્માદ આદિ રોગોમાં પરમોપયોગી ગણી છે. એ ગરમ પ્રકૃતિને હાનિકારક છે. એનો ઉતાર કપૂર અને ગુલાબ છે. પ્રતિનિધિ તજ, લવંગ અને કેસર છે. માત્રા ૨ માસા.

૨ **અધાડીને શ્રીગચિમનરાય** વૈષ્ણવે **ઔષધિકોશમાં** અપ્રસિદ્ધ વનસ્પતિ માની છે; પરંતુ લોકો એને બોડીમ અધાડીના નામથી સારી રીતે જાણે છે; એટલે એ સુપ્રસિદ્ધ છે. એ અધેડાના જેટલીજ ઉંચી વધે છે. પાંદડાં પણ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઓડી અઘાડી તુરી, તીખી, ઉષ્ણ, કડવી અને બલકર છે; તથા કફ, વ્રણ, કૃમિ, બધિરતા, વિષમજ્વર, અજીર્ણ, રક્તપિત્ત, જ્વર, કંડૂ, કુષ્ઠ, પિત્ત અને વિષનો નાશ કરે છે. (૧) **વ્રણ ઉપરઃ**—ઓડી અઘાડીનો પાલો બાળી ઘીમાં અથવા તેલમાં ખરલ કરી ચોપડવો. (૨) **કાનમાં જીવડું ગયું હોય તોઃ**—ઓડી અઘાડીનો રસ કાનમાં નાખવો. (૩) **ઘોડાને ભાડું (પીડ) પડે છે તે ઉપરઃ**—ઓડી અઘાડીનો પાલો બાળી તેલમાં ખરલ કરી તેની પટ્ટી લગાવવી. (૪) **કર્ણનાદ અને બહેરાપણ ઉપરઃ**—ઓડી અઘાડીનો રસ કાનમાં નાખવો. (૫) **ખરજવાં, દાદર અને ચટ્ટાંને માટેઃ**—ઓડી અઘાડીના ઝાડની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી. (૬) **નિદ્રા આવવા માટેઃ**—ઓડી અઘાડીનાં મૂળ મસ્તકે ધારણ કરવાં. (૭) **શ્વેત પ્રદર ઉપરઃ**—ઓડી અઘાડીનાં મૂળનો રસ લોધ્રનું ચૂર્ણ અને મધ નાખી આપવો.

૭ **અઘેડો**—સં૦ અપામાર્ગ. મ૦ અઘાડા. હિં૦ ચીરચીરી, ઓંગા, લટજીરા. પં૦ પુટકંડા. મા૦ આંઘીઝાડા. રા૦ અંધાહોલી. બં૦ આપાંગ. ક૦ ઉત્તરણે. તે૦ ઉત્તરેની, દુચ્ચીણીકે. તા૦ નાંયુરૂવી. મલા૦ કડાલાડી. ફા૦ ખારબાસનોના અ૦ અત્કમ. ઇ૦ રફ ચાફ ટ્રી. લા૦ એકીરેંથી એસ્પિરા.

પરમેશ્વરે વનસ્પતિમાં અપાર ગુણ રાખેલા છે, પણ તે તે ગુણોનો શોધ કરનાર જોઇએ. પ્રાચીન ઋષિવર્યોએ અરણ્યમાં રહી પોતાના બુદ્ધિકૌશલ્યથી અનેક વનસ્પતિના ગુણોની શોધ કરી રાખેલી અને કાળાંતરે થનારી સંતતિની તે વનસ્પતિવિષે હમેશ પૂજ્યબુદ્ધિ રહે એટલા માટે તેઓએ કોઈ કોઇ વનસ્પતિને દેવતાઓની પૂજામાં ઉપયોગી કરી લીધી, એ બાબતમાં તેઓનું અતિશય દૂરદર્શીપણું જણાય છે; પરંતુ આવી ઉપયોગી વનસ્પતિ ઉપર અને પૌષ્ટિક તથા ગુણાવહ ખાદ્ય અને પેય ઉપર આપણો વિશ્વાસ છે ક્યાં ? આપણાપૈકી કંઇક લોકો પરકીયના ગુલામ થયા છે, એટલે જો પરકીયનું ઉચ્છિષ્ટ વધે તો તે તેઓને મિષ્ટાન્ન જણાય છે ! આ દુનિયામાં દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ બીજો કોઈજ ન હોવા છતાં તેનો ધિક્કાર કરી શક્તિ આપવા માટે "કૉડલીવર ઑઇલ" (મછનું તેલ)જ તેઓને સારૂં અને પૌષ્ટિક જણાવા લાગ્યું છે ! એ ઠીક, પરંતુ નાનાં નાનાં છોકરાંઓને જોઇતો દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ નહિ આપતાં સવારમાં ચાહનું શક્તિહારક ગરમ પાણીજ આપવાનો ઘણાકોએ રિવાજ પાડેલો છે. અહા !! ધન્ય છે, આપણા લોકોની આ શાણપણની વૃત્તિને !! આવા વિપરીત આચરણનું પરિણામ પણ વિપરીતજ આવનાર છે, એમાં કહેવુંજ શું ? પરંતુ હજી પણ લોકોની આંખો ઉઘડતી નથી એ આશ્ચર્યજ કહેવાય ! આ તેમના વિપરીત આચરણથી બીજા ઘણા લોકોનું મન પણ પરકીય વસ્તુ ઉપર વળી ગયેલું જણાય છે, એ ઘણીજ ખરાબ અને દેશને ધૂળમાં મેળવી નાખનારી વાત છે. લોકોનું દૂષિત મન સ્વચ્છ કરવા માટે આ અપામાર્ગ (સ્વચ્છ કરનાર) નું વર્ણન પરિણામે ઘણું હિતકર થશે એમ સમજવું. આ એક આપોઆપ થનાર જંગલી છોડ છે. એ વર્ષાયુ (વર્ષાકાળે થનાર) છે. એની ઉંચાઈ ૪ થી ૬ ફીટસુધી હોય છે. વર્ષાઋતુમાં આની ઉત્પત્તિ પુષ્કળ થાય છે. અઘેડો હિંદુસ્તાનમાં બધે ઘણો થાય છે.

એનાજ જેવાં થાય છે. માત્ર અઘેડાનાં પાંદડાં આછાં પોપટીઆ રંગનાં હોય છે, પણ આ ઓડી અઘાડીનાં પાંદડાં ઘટ્ટ લીલાજ રંગનાં હોવાથી તેઓને બીજનો ઉદ્ભવ થયા પહેલાં પણ સહેલાઈથી ઓળખી શકાય છે; કારણ બન્ને અઘાડીઓની સોટીઓપર એકસરખી હાંસો (રેષા) હોવાથી બાળપણમાં પણ તેને ઓળખવામાં વાંધો આવતો નથી. અઘેડાની માફક આને ઝીણી ફાંસોમાં લપેટેલાં બીજ થતાં નથી; પરંતુ પીલુડી અને આસોંદની માફક નાનીમોટી દશ હાંસોવાળા અણીદાર પોપટામાં માત્ર એકજ બીજ લગભગ ચણોઠી કે મગ જેવડું થાય છે. આ બે વાતે અઘાડી અઘેડાથી જૂદી પડે છે. વ્રણાદિકને રૂઝ લાવવામાં અઘાડા કરતાં આ ઓડી અઘાડી ત્રણચારગણો ગુણ કરે છે. એનો રસ તલના તેલમાં સીજવી તેલ માત્ર રહેથી તેલ જૂદું નીતારી લઈ તે ગરમ ગરમ તેલમાંજ તેલનો ચતુર્થાંશ ભાગ સફેદ મીણ નાખી ઠરવા દેતાં તે વ્રણને શીઘ્ર રૂઝવનાર ઉત્તમ મલમ બને છે. એમાં સફેદો અને ઓદાર એ બેમાંથી એક અથવા બન્ને પાછળથી મેળવી શકાય છે. વળી વિદેશી દવા વાપરવી હોય તો એ તૈયાર થએલા મલમમાં "કારબોલીક ઍસીડ" પણ મેળવી શકાય છે. એના સૂકા લાકડાને દાતણની માફક ચાવી તેના રસના ત્રણ ઘુંટડા પી જવાથી તે ગળાની અંદરના અનેક રોગોને માત્ર એકજ દિવસમાં શાંત કરે છે, એમ અમને ઘણી વેળા ખાત્રી મળેલી છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એની ડાંખળી ઉપર રેષા અને ઘણી ઝીણી ફાંસો હોય છે. એનાં પાંદડાં સામસામાં હોય છે અને તેનો આકાર કાંઇક તુલસીપત્ર પ્રમાણે લંબગોળ હોય છે. પાનની નીચલી બાજુ નરમ હોઇ, પાછલી કાંઇક ખડબચડી હોય છે અને તેના ઉપર ઘણી ફાંસો હોય છે. ડાંખળીની બન્ને બાજુએ બબ્બે દીંટડાં એક એકને લાગેલાં થાય છે. નીચલા દીંટડા ઉપર ઘણું કરીને એક પાન હોય છે અને ઉપરનું દીંટડું ડાળી જેવું હોઇ તેના ઉપર નાનાં નાનાં ઘણું કરીને ૬-૬ પાન હોય છે. તે પાંદડાં સન્મુખ હોય છે. નીચેના દીંટડા ઉપરનું દીંટડું લાંબું હોય છે. અધેડાની ટોચ ઉપર પાંદડાની મધ્યમાં એક લાંબો તુરો નીકળે છે. તેમાં અતિશય બારીક, નરમ, કાંટાવાળાં અને રાખોડી જેવા રંગનાં બીજ હોય છે. આ આખો છોડ અને તેનાં બીજ ઔષધિના કામમાં આવે છે. અધેડાની ત્રણ જાત થાય છે. એ ધોળા, રાતા અને પાણ અધેડા (નદીતળાવને કિનારે અથવા પાણીની ભેજવાળી જગ્યામાં થનારા)માંથી ધોળો અધેડો ગુણમાં શ્રેષ્ઠ છે. અધેડાનું ઝાડ દંતધાવન (દાતણ)માટે ઘણુંજ ઉપયોગી છે. અધેડાનાં ઘણાંક સંસ્કૃત નામો અર્થવાળાં છે. અધેડાનો ક્ષાર (ખાર) થાય છે તેમાં અપામાર્જન (સ્વચ્છ) કરવાનો ગુણ છે; એટલે તેનું "અપામાર્ગ" (સ્વચ્છ કરનાર) એવું નામ સંસ્કૃતમાં છે. પૂર્વે ધોબી લોકો આ ક્ષારનો ઉપયોગ કરતા હતા. એના ફૂલની મંજરી બરડ હોવાથી તેનું સંસ્કૃતમાં "ખરમંજરી" નામ પડેલું છે. એનાં બીજ ઉપરની ફાંસો નીચે વળેલી હોય છે, એથી એને "અધઃશલ્યા" કહે છે. એનાં પાંદડાંમાં ક્ષાર વિશેષ હોય છે, એથી એને "ક્ષારમધ્યા" કહે છે. આ ક્ષાર કાર્બોનેટ ઑફ પોટાસના જેવો છે. સો ભાર વજનના દ્રવ્યમાંથી-પાંદડાંમાંથી ૨૧.૫૦, લાકડાંમાંથી ૩૮.૦૧ અને મૂળમાંથી ૨૮. ૫૮ આ પ્રમાણે ખાર નીકળે છે. **ધોળો અધેડો**-કડવો, ઉષ્ણ, સારક, ગ્રાહક, કિંચિત તીખો, કાંતિકારક, પાચક અને અગ્નિદીપક છે; તથા નસ્ય, ઉલટી એ બાબતમાં પ્રશસ્ત અને કફ, કંડૂ, ઉદર, અર્શ, રક્તદોષ, મેહરોગ, વાયુ, શિબી, અપચી, દદ્રૂ, ઉલટી અને આમ એનો નાશ કરે છે. **રાતો અધેડો**—કિંચિત્ તીખો, શીતળ, મલાવરોધક, ઉલટીકર અને વાયુનો વિષ્ટંભ કરનાર તથા રુક્ષ છે; અને વ્રણ, વાયુ, વિષ, કફ, કંડૂ, એઓનો નાશ કરે છે. **એનાં બી**—રસકાળે દુર્જર, મીઠાં, શીતળ, મલાવષ્ટંભક, રુક્ષ, ઉલટી કરાવનાર અને પિત્તનાશક છે તથા ઉધરસનો નાશ કરે છે. **પાણ અધેડો**—(ભેજવાળી જગ્યામાં થનારો) તીખો છે. એ સોજો, વાયુ, કફ, ઉધરસ, શોષ, એનો નાશ કરે છે.(૧) **વીંછીના દંશ ઉપરઃ**—અધેડાની છાલ અથવા મૂળ પાણીમાં ઘસી દંશ ઉપર ચોપડવાં અથવા અધેડાનાં મૂળ પાણીમાં ઘસી, તે પાણી ગાળી, એ પાણી કડવું ન લાગતું હોય ત્યાંસુધી થોડું થોડું પીવાને આપવું. પાણી કડવું લાગે કે વિષ ઉતર્યું એમ સમજવું. (૨) **ઉંદરના વિષ ઉપરઃ**—અધેડાની કુણી ટીશીઓનો રસ કાઢી તે મધમાં સાત દિવસ ચાટવું; અથવા અધેડાનાં બીયાં મધમાં ચાટવાં.(૩) **કૂતરાના વિષ ઉપરઃ**—અધેડાનાં મૂળ ૧ તોલો વાટી મધ સાથે ચાટવાં અને કુંવારનું લાંબુ (ફડશવું, પાન) અને સિંધવ, દંશ ઉપર બાંધવું, એટલે ત્રણ દિવસમાં વિષ ઉતરી જશે. (૪) **દંતશૂળ ઉપરઃ**—અધેડાનો રસ ચોપડવો. (૫) **કર્ણનાદ ઉપરઃ**—અધેડાના ક્ષારનું પાણી અને અધેડાનો કલ્ક, (ચટણી) તલના તેલમાં ખૂબ તળી તે તેલ કાનમાં નાખવાથી કર્ણનાદ અને બધિરતા જાય છે. (૬) **આંખો દુખવા આવે છે તે ઉપરઃ**—અધેડાનાં મૂળીઆંનું ચૂર્ણ અને થોડો સિંધવ તાંબાના વાસણમાં ઘાલી દહીંની તરમાં ઘુંટવું અને તેનું અંજન કરવું. (૭) **આંખમાં ફૂલ પડે છે તે ઉપરઃ**—અધેડાનાં મૂળ મધમાં ઘસી અંજન કરવું. (૮) **રતાંધળાપણા ઉપરઃ**—સંધ્યાકાળે ભોજન કર્યા પછી અધેડાનાં મૂળ શુમારે ૧ તોલાસુધી સૂતી વખતે આપવાં. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું. (૯) **પિત્ત ઉપરઃ**—અધેડાનાં બીયાં રાત્રે છાશમાં પલાળી રાખી, સવારે વાટી પીવામાં ઉપયોગ કરવો, એટલે પિત્ત નીકળશે અથવા શમશે. તે ઉપર ભાત અને ઘી ખાવાં. (૧૦) **કફ ઉપરઃ**—અધેડાનું ઝાડ મૂળસુદ્ધાં બાળી તેની રાખ કરી, એક વાલથી બે વાલ સુધી મધમાં ખાવી; એટલે કફનો નાશ થાય છે. એજ રાખ પાણી અને ગોળમાં આપવાથી જળોદર અથવા બીજો અંગમાં થયેલો સોજો ઉતરશે. (૧૧) **ચોથીઆ તાવ ઉપરઃ**—કુમારિકાએ કાંતેલા સૂતરવડે રવિવારે અધેડાનું મૂળ ચોથીઆ તાવથી પીડિત માણસના હાથે બાંધવું. (૧૨) **રક્તાર્શ ઉપરઃ**—અધેડાનાં બીયાં ચો-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ચોખાના ધોવરામણમાં વાટી પાવાં એટલે રક્તાર્શ વ્યાધિનો નાશ થાય છે. **(૧૩) મસ્તકરોગ ઉપર:**— અઘેડાનાં બીયાંની દૂધમાં ખીર કરી ખાવા આપવી, એટલે મસ્તકરોગનો નાશ થાય છે. એ ખીર ખાવાથી ઘણા દિવસ ભૂખ લાગતી નથી. **(૧૪) કોગળીઆ (કૉલેરા) ઉપર:**—અઘેડાનાં મૂળ પાણીમાં ઘસીને પાવાં અથવા બીઆંનો કલ્ક કરી ચોખાના ધોવરામણમાં પાવો. **(૧૫) કમળા રોગ ઉપર:**—અઘેડાનાં મૂળ છાશમાં ઘસીને પાવાં. **(૧૬) પુષ્પાવરોધ ઉપર:**—અઘેડાનાં મૂળ જનનેંદ્રિયમાં ધારણ કરવાથી પુષ્પાવરોધ, યોનિશૂળ, એનો નાશ થાય છે. **(૧૭) કરોળીઆ ઉપર:**— અઘેડાના ક્ષારના પાણીમાં માલકાંગણીનું તેલ મેળવી તે તેલ સિદ્ધ કરવું અને પછી ચોપડવું. **(૧૮) ઉપદંશ ઉપર:**—અઘેડાના મૂળનો રસ ૪ તોલા કાઢવો. તેમાં જીરાની ભૂકી પોણો તોલો નાખી તે પીવા આપવું. પથ્ય-મીઠા તથા ગળપણવગરનો મોળો ખોરાક આપવો. એ પ્રમાણે સાત દિવસ આપવું. તેનો ઉતાર-ઓરડી અથવા જાસુંદીના પાલાનો રસ આપવો, એટલે આગનું શમન થશે. **(૧૯) પેટ દુખતું હોય તે ઉપર:**—અઘેડાનાં ચાર પાંચ પાંદડાં ચાવી ખાવાં અથવા તેનો રસ પીવો. **(૨૦) જલદીથી પ્રસવ ન થતો હોય તો:**—રવિવારે પુષ્ય નક્ષત્રમાં સ્નાન કરી અઘેડાનાં મૂળ કાઢી લાવવાં અને તે ઉંધાં ટાંગી મૂકવાં. એ મૂળ જે સ્ત્રીને પ્રસવ જલદીથી ન થતો હોય તેના અંબોડે બાંધવાથી જલદી પ્રસવ થાય છે. પ્રસવ થયા પછી તાબડતોબ તે કાઢી લઈ વહેતા પાણીમાં નાખી દેવાં. વાર કરવાથી ગર્ભાશય બહાર પડવાનો સંભવ છે. ધોળા અઘેડાનાં મૂળ કંમરે બાંધવાં. એનો પણ એ ગુણ છે. **(૨૧) કંઠકુબ્જ સન્નિપાત ઉપર:**—અઘેડાનો રસ અને લીંડીપીપર એનું નસ્ય આપવું. **(૨૨) ઉધરસ ઉપર:**—અઘેડાનું ચૂર્ણ એક ટાંક અને મરી એક ટાંક, એ એકત્ર કરી મધમાં ચાટવાં. **(૨૩) કફજ્વર ઉપર:**—અઘેડાના પંચાંગનો કાઢો ત્રણ માસપર્યંત મધ નાખી આપવો. **(૨૪) ચોથીઆ તાવ ઉપર:**—રવિવારે અઘેડાનો પાલો લાવી ગોળમાં વાટી ગોળીઓ કરી રાખવી. ગોળી તાવ આવ્યાના પૂર્વે આપવી. **(૨૫) નાસાર્શ ઉપર:**—અઘેડાનાં બીયાં, સિંધવ અને ચૂલા ઉપરનો ધુમાસ, એ તેલમાં નાખી તે તેલ પાકું કરવું અને ગાળી લઈ નાકમાં ટીપાં પાડવાં. **(૨૬) અપામાર્ગ ક્ષાર:**—અઘેડાના ઝાડને બાળી રાખ કરી માટીના વાસણમાં ઘાલવી, તેમાં રાખથી ચોગણું પાણી નાખી ખૂબ હલાવવી, પછી તે આખી રાત રાખી, પ્રાતઃકાળમાં તે ઉપરનું નીતર્યું પાણી લોખંડની કઢાઈમાં કાઢી, કઢાઈ નીચે તાપ કરવો; તેથી તેમાંનું પાણી બળી જઇ કઢાઇના તળીએ ધોળો ક્ષાર વળગી રહેશે તે કાઢી લેવો. આ રીતિએ બીજા ક્ષાર-વૃક્ષોનો ક્ષાર કરવો. **(૨૭) મરોળ ઉપર:**—અઘેડાનો ક્ષાર ગોળમાં કાલવી ખાવો. **(૨૮) જલોદર ઉપર:**—અઘેડાની પાંચ તોલા લીલી સળીઓ લાવી તેમાં છપ તોલા પાણી નાખી ઉકાળી ૫૦ તોલા રહે ત્યારે ગાળી રાખવું; અને દર વખતે પાંચ તોલા પ્રમાણે આપવું. **(૨૯) શર્કરા રોગ ઉપર:**—અઘેડાનો ખાર ગોખરૂના અથવા પહાડ-મૂળ (કાળીપાટ)ના ઉકાળામાં આપવો. **(૩૦) વ્રણ ભરાઇ આવવાને:**—અઘેડાનો ક્ષાર વ્રણમાં ભરવો.

૮ અજગરી-સં૦ ગુ૦ મ૦ અજગરી.

પારો બાંધવા વિષે જે ચોસઠ વલ્લી કહેલી છે તેમાંની આ એક છે. એના અંગ ઉપર મંડળ હોય છે અને એ અજગર નામના સર્પ જેવી દેખાય છે. આ વેલાની લંબાઈ ૫-૬ હાથ હોઇ તે રસભરિત હોય છે અને તેના ઉપર પાંદડાં થોડાંજ હોય છે. **ઉપયોગ**-એ વેલો કાર્તિક માસની પૂર્ણિમાને દિવસે લાવી તેના ટુકડા કરવા. પછી તે દૂધમાં નાખી ઉકાળી તે દૂધ પીવું અને પરેજી પાળવી; એટલે એના સેવનથી શરીર બળકટ થાય છે, કાંતિ સારી થાય છે, સાંભળવામાં સારૂં આવે છે અને આયુષ્ય વધે છે એવું સુશ્રુતાચાર્યે કહેલું છે.

૯ અંજન:—અંજનનાં ઝાડ કોંકણ પ્રાંતમાં ઘણાંજ થાય છે. આ ઝાડ સાધારણ દશબાર હાથ ઉંચાઈનાં હોય છે. એની ડાળીઓને મોર આવી સુંદર જાંબુઆ રંગનાં ફૂલો આવે છે. એનાં પાંદડાંમાંથી પીળો રંગ ઉત્પન્ન થાય છે.

૧૦ અંજની-એ ઝાડ ફક્ત ખાનદેશમાંજ જોવામાં આવે છે. એ ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એનાં પાંદડાં સરગવાનાં પાંદડાં જેવાં પરંતુ તે કરતાં નાનાં હોય છે. એને ઝીણી શીંગો આવે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એનું લાકડું ઇમારત બાંધવામાં સારૂં છે. આ ઝાડનાં પાંદડાં ઢોરોને ખાવાને ઉપયોગી છે. ઘાસનો દુકાળ પડે છે ત્યારે આ પાંદડાં ખાઈ ઢોર જીવે છે, એવો આ વૃક્ષનો મોટો ઉપયોગ છે, તેમજ તેની છાલ પણ ઉપયોગી છે. તેનાં દોરડાં થાય છે. **(૧) પ્રમેહ ઉપરઃ**—અંજનીના મૂળનું દૂધ અથવા પાંદડાંનો રસ કાઢી આપવો. અંજનીનાં પાંદડાંનો આંખોના રોગમાં ઉપયોગ થાય છે એવું કહે છે.

૧૧ અજમો—સં૦ યવાની, યમાની. મ૦ ઓંવા. હિં૦ અજવાઈન, અજમાઇન. બં૦ યમાની, યોયાન. ક૦ અજવાન, ઓમુ, ઓડુ, ઉડું. તૈ૦ ઓમામુ, ઓમમી. તા૦ મલા૦ ઓમં, અમન. તુ૦ ઓમા. ફા૦ અનવા નાનુખા. અ૦કમૂન મુલૂકી. ઇં૦ બિશપ્સવિડસીડ. લા૦ કેરમ્ કોપૂટીકમ્.

*અજમો ખેતરમાં થાય છે. એનો છોડ આશરે હાથ દોઢ હાથ ઉંચો વધે છે.: અજમો પ્રસિદ્ધ છે. એનો ઔષધમાં પુષ્કળ ઉપયોગ થાય છે. અજમામાંથી એક પ્રકારનું સત્ત્વ કાઢે છે, તેને અજમાનાં ફૂલ કહે છે. એ મધ્યહિંદુસ્તાનના ઉજ્જયિની શહેરમાં બને છે. **અજમો**—તીખો, કડવો, રુચિકર, ઉષ્ણ, અગ્નિદીપક, પાચક, પિત્તકર, તીક્ષ્ણ, લઘુ, હૃદ્ય, સારક અને વૃષ્ય છે; તથા વાતાર્શ, કફ, શૂળ, આધ્માન વાંતિ, કૃમિ, શુક્રદોષ, ઉદર, આનાહ, હૃદ્રોગ, પ્લીહા, ગુલ્મ, દ્વંદ્વજ રોગ અને આમવાત એનો નાશ કરે છે. **(૧) પેટપીડ, નળ, ઉધરસ અને અજીર્ણ ઉપરઃ**—અજમો ખાઇ ઉપર ગરમ પાણીનો ઘુંટડો પીવો. **(૨) શીતપિત્ત ઉપરઃ**—ગોળ અને અજમો ખાવો. **(૩) સળેખમ અને મસ્તકશૂળ ઉપરઃ**—અજમાનું ચૂર્ણ કરી તે કપડામાં બાંધી ઉંઘતી વેળાએ સુંઘવું અથવા અજમાની બીડી કરી પીવી. **(૪) બહુમૂત્ર ઉપરઃ**—અજમો અને તલ એકત્ર કરી આપવા. **(૫) ગરમી ઉપરઃ**—અજમો સાકરમાં ખાવો. **(૬) ઉધરસ, કાસ અને કફજ્વર ઉપરઃ**—અજમો, લીંડીપીપર, અરડુસી અને ખસખસનાં જીંડવાંનો કાઢો આપવો. **(૭) કફગુલ્મ ઉપરઃ**—**અજમાનું ચૂર્ણ** અને બિડલોણ છાશમાં નાખી આપવું.

૧૨ અજમોદ, બોડી અજમોઃ—સં૦ મ૦ ક૦ હિં૦ અજમોદા. બં૦ વનયમાની. તૈ૦ આજા મૌદા, વામં. ફા૦ કરપસ. અ૦ હવલકર્તુકેરફસ. ઇં૦ સેલેરીસીડ. લા૦ એપીઅમ ગ્રેવીઓલેન્સ.

આ એક અજમાની જાતિ છે. એ ઝાડ સાંવત્સરિક છે. એ ઝાડ હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે થાય છે. બંગાલામાં એની ઉત્પત્તિ ઘણી છે. એની ઉંચાઈ સુમારે દોઢ હાથ હોય છે. એને ધોળા રંગનાં બારીક ફૂલો આવે છે. અજમોદઃ—રુચિકર, દીપક, તીખો, રુક્ષ, ગરમ, વિદારક, હૃદ્ય, વૃષ્ય, બલકર, લઘુ, કડુ, મલસ્તંભક, ગ્રાહક અને પાચક છે; તેમજ તે આધ્માન શૂલ, કફ, વાયુ, અરુચિ ઉદરરોગ, કૃમિ, ઉલટી, નેત્ર-રોગ, બસ્તિશૂળ, દંતરોગ, ગુલ્મ અને શુક્રદોષ એનો નાશ કરે છે. **(૧) મધુરા ઉપરઃ**—અજમોદનું ચૂર્ણ કરી તે મધમાં કાલવી આપવું. **(૨) શૂળ એટલે પેટે દુખતું હોય તે ઉપરઃ**—અજમોદનું ગરમ પાણીમાં સેવન કરવું. **(૩) અતિસાર ઉપરઃ**—અજમોદ, મોચરસ, આદુ, ધાવડીનાં ફૂલ, એનું ચૂર્ણ કરી, પાણી નહિ નાખેલા ગાયના દહીંના ઘોળવામાં આપવું; એટલે પાણી જેવો અને ઘોળો પ્રવાહ જે અતિસારનો હોય છે તે પણ બંધ થાય છે. **(૪) વાતવિકાર ઉપરઃ**—અજમોદ, લીંડીપીપર, રાસ્ના, ગળો, સુંઠ, સુવા, આસંધ અને શતાવરી એનું ચૂર્ણ કરી ઘીમાં આપવું અને હૃદય કુખ, કોઢ અને કંઠ એમાંના વાત-

---

* **અજમાના** છોડ થાય છે. અંગ્રેજી ઔષધોમાં અજમો ગરમ, પેટના દર્દને નાશકર્તા અને શૂલને શાંત કરનાર ગણાય છે. પેટની અંદરનો વાગોળો, મરડો, બદહજમી (અજીર્ણ), દસ્ત વગેરે દરદોમાં આ અમૂલ્ય ઇલાજ થઇ પડે છે. કૉલેરા (કોગળીઆ) ના દરદમાં જો કે થોડી અસર કરે છે, તોપણ એના સેવનથી ફાયદો થાય છે. મિ૦ વુડ કહે છે કે **અજમામાં** મરી અને રાઈની ગરમી, કરીઆતાની કડવાશ અને હિંગની ગંધ બંધ કરવી, વાયુને કાઢવો, આ ત્રણ ગુણો એકત્ર રહે છે. અજમાનું તેલ સંધિવા (સાંધીઓ વા) ના દરદમાં સાંધા ઉપર ચોપડાય છે. મિ૦ લિન્સડેલ કહે છે કે અજમાનું તેલ કાઢવાને ૩ શેર કચરેલા અજમામાં ૧૫ શેર પાણી નાખી દારૂ કાઢવાની રીતે નલિકાયંત્રથી ૧૦ શેર પાણી કાઢવું જોઇએ. દેશીવૈદ્ય કહે છે કે, એકલો અજમો અથવા એને સિંધવ, હિંગ અને હરડેની સાથે આપવાથી પેટનો મરડો દૂર કરે છે, અને એમ માને છે કે, આનાથી શરીરમાંથી નીકળતો પ્રવાહ બંધ થાય છે. એને ધોવાનું પાણી અંજન વગેરે બનાવવામાં વપરાય છે. યુનાની હકીમ ફેફસાંના ગળાની પાસેની નળી સૂજી હોય અને કફ વધારે નીકળતો હોય તો તે બંધ કરવા માટે અજમો આપવાનું કહે છે; અને અજમાને વાટી પોટીસ બનવી બાંધવાથી એ દર્દનો બિલકુલ નાશ થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વિકારનો ઘણા વેગથી નાશ કરશે. **(૫)અજીર્ણ અને શૂળ ઉપર:**—અજમોદ, હરડે, પહાડમૂળ, સુંઠ, મરી, લીંડીપીપર એનું ચૂર્ણ કરી તે ગરમ પાણી સાથે આપવું. **(૬) ગર્ભિણીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થવા માટે:**—અજમોદ, સુંઠ, લીંડીપીપર અને જીરૂં એનું ચૂર્ણ મધમાં આપવું. **(૭) અજમોદાદિવટી સર્વ વાયુ ઉપર:**—અજમોદ, વાવડીંગ, લીંડીપીપર, વરીઆળી, નાગરમોથ, મરી અને સિંધવ એ અકેક ભાગ, હરડે ૫ ભાગ, સુંઠ ૧૦ ભાગ, વૃદ્ધદારૂ ૧૦ ભાગ અને ભારંગમૂળ ૩૬ ભાગ, એ પ્રમાણે સર્વનું ચૂર્ણ કરવું અને ચૂર્ણથી બમણો ગોળ લઇ તેના પાકમાં ગોળીઓ બોરના ઠળીઆ જેવડી કરવી. એ ગોળી ગરમ પાણી સાથે આપવી એટલે સર્વ પ્રકારના વાયુનો નાશ થાય છે. **(૮) જીર્ણજ્વર, શરદી અને શરીરમાં ટાઢ આવે છે તે ઉપર:**—અજમોદ ચાર માસા નિત્ય પ્રાતઃકાળે અને સાયંકાળે ઠંડા પાણી સાથે ચાવ્યા સિવાય એમ ને એમ ગળી જવો.

૧૩ અજવલા—સં૦ અજવલા,ક્ષુદ્રપર્ણોર્જક,અર્જક. મ૦ અજવલા. ક્રો૦ માલીતુળસ. હિં૦ અજબલા. ક૦ કગોર્લે. તૈ૦ કારૂતુલસી. ફા૦ પલંગમુષ્ક. અ૦ ફરંજમુષ્ક. લા૦ ઓસીયમ્ ગ્રેટીસીમમ્.

એનો ધોળો અને કાળો, એ બેx પ્રકાર છે. તેમાં ધોળા અજવલાને "માલી તુલસ" અને કાળા અજવલાને "કાળો માલી તુલસ" કહે છે. એ ઝાડ સુમારે હાથ દોઢ હાથ ઉંચું વધે છે. એનાં પાંદડાં તુળસીનાં પાંદડાં કરતાં મોટાં હોય છે અને માંજર લાંબી આવે છે. **અજવલા**–તીખો, ગરમ, ઠંડો, દાહકર, પ્રિય, રુક્ષ, રુચ્ય, દીપક, પાક વખતે લઘુ, પિત્તકર, કડવો, મધુર, સુખે પ્રસવ કરનાર, વ્રણવિષે હિતકારક અને વાયુ, કફ, નેત્રરોગ, મૂત્રકૃચ્છ, અરુચિ, વિષદોષ, કમળો, કુંભકમળો, આફરો, શૂળ, અગ્નિમાંદ્ય, ત્વગ્રોગ, વિષરોગ, કૃમિ, રક્તદોષ, દમ, ઉધરસ, દદ્રુ, હૃદ્રોગ, પાર્શ્વશૂળ, જ્વર, કંડૂ, કુષ્ઠ અને ઉલટીનો નાશ કરે છે. **(૧) પેટ દુખતું હોય તે ઉપર:**—અજવલાનો રસ આપવો. **(૨) છોકરાંની ઉલટી ઉપર:**—અજવલાનાં બી વાટી મધમાં આપવાં. **(૩) પ્રદર ઉપર:**—અજવલાનાં પાંદડાંનો રસ ચોખાના ધોવરામણમાં આપવો.

૧૪ અડદ—સં૦ માષ. મ૦ ઉડીદ. હિં૦ ઉડદ, ઉરદ. બં૦ માષકલાય. ક૦ ઉદુ. તૈ૦ મીનુઉલુ–મુલુ. તા૦ઉલંદુ. મલા૦ઉલુન્નુ. તુ૦ ઉર્દુ. ફા૦અ૦ માષ. ઇ૦ કિડની બીન. લા૦ ફેસીઓલસ્, રેડીએટ્સ્, રોકસ્, બુર્ઘીઆઈ.

આ એક દ્વિદલ ધાન્ય છે. એ આખા હિંદુસ્તાનમાં કમી–જાસ્ત ઉત્પન્ન થાય છે. એનો છોડ શુમારે હાથભર ઉંચો વધે છે. અડદનાં પાંદડાં બીલીના જેવાં ત્રિદલ અને સહજ નાનાં હોઈ ગોળ હોય છે. એની ડાળીને ફૂલ આવી શીંગો લાગે છે. શીંગો જૂની થયા પછી એ ઝાડ કાપી સૂકવવા નાખે છે. દાણા સારા સૂકાયા પછી તે એકઠા કરે છે. અડદનો રંગ કાળો છે; પરંતુ તેની દાળ ધોળી હોય છે. માત્ર ઉપરની છાલ કાળી હોય છે. અડદ પૌષ્ટિક અને શીતળ છે. એના પુષ્કળ પદાર્થો બને છે. અડદ ઢોરને ખવરાવવાથી તે પુષ્ટ થાય છે. દાણા કાઢી લીધા પછી ઝાડનો અને ડાંખળીનો ભૂકો ઢોરો ઘણા આનંદથી ખાય છે. દૂઝણી ગાય અથવા ભેંસને અડદ ખવરાવવાથી વધારે દૂધ દે છે. **અડદ**–સ્નિગ્ધ, શોષક, ઉષ્ણ, કફકારક, પિત્તકર, વૃષ્ય, મલભેદક, પિત્તને કોપાવનાર, રોચક, જડ, બલકર,

---

x અહીં શ્રી પદેજીએ માત્ર એજ પ્રકારના અજવલાનું વર્ણન આપ્યું છે; પરંતુ પોતાના મરાઠી નિઘંટમાં નં. ૬૨૯ થી ૬૩૨ સુધીમાં બારિક (ઝીણા) પાંદડાનો ધોળો, કાળો અને સુગંધી એમ ચાર જાતનો **અજવલો** બતાવ્યો છે. શાલિગ્રામ નિઘંટમાં ધોળો, કાળો, બર્બરી અને વનબર્બરી (વનતુલસી) એ ચાર નામ આપે છે. શ્રી૦ પદેજી બર્બરીનેજ (નં. ૬૩૬ માં) રાન તુલસી કહે છે.આ પ્રમાણે આના માટે જૂદા જૂદા મત દેખાય છે; પરંતુ આ જાતની તુલસી વનમાં થતી હોવાથી તેને કેટલાક વનતુલસીજ માને છે. તુલસીને દેવકાર્યમાં ઉપયોગી માની સ્વસ્થાનાગ્ર સ્થાપિત કરનાર કેટલાક મહાનપુરુષો માત્ર રામ (ધોળી), શ્યામ (કાળી) અને વન આ ત્રણજ જાત બતાવે છે. વૈદ્યકલ્પતરુ (જુન ૧૯૧૩) માં રામ અને શ્યામસિવાય બંગાલામાં થનાર દ્વિદ્રિહ, બાબી અને તુકાશમીય આ ત્રણ જાતો બીજી બતાવે છે. આ બધા પ્રકારની તુલસીપૈકી રામ અને શ્યામ આ બે જાતો અત્યંત પ્રસિદ્ધ છે. બાકીની દ્વિદ્રિહ, બાબી અને તુકાશયમીયને અજવલા સાથે કાંઈ સંબંધ છે કે કેમ તેમજ અજવલો એજ વનતુલસી છે કે કેમ, એ જાણવું ઘણું જરૂરનું જણાય છે, કેટલાક માને છે. કે વનતુલસી ડાકોર પાસેનાં વનોમાં પુષ્કળ થાય છે. આ બાબત શંકાશીલ હોવા છતાં પણ અજવલામાં ઝીણાં પાંદડાંનો (ક્ષુદ્રપર્ણોર્જક) અને મોટાં પાંદડાનો (વટપત્ર) એ બે તો જૂદાજ હોવા જોઈએ. અજવલાની ક્ષુપ જાતિ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સંતર્પણ, સ્વાદુ, પૌષ્ટિક, મૂત્રલ, શુક્રલ, દૂધ ઉત્પન્ન કરનાર, માંસને વધારનાર, મેદવર્ધક અને દમ, શ્રમ, પરિણામ શૂળ, અર્દિતવાયુ અને અર્શ એનો નાશ કરે છે. × **(૧) અડદનાં વડાં:**—અડદની દાળ પાણીમાં પલાળી રાખી વાટવી અને તેમાં મીઠું, મરી, હીંગ, જીરૂં, આદુ એ પદાર્થ નાખી તે વાટેલી દાળનાં વડાં કરવાં. તે ઘીમાં અથવા તેલમાં તળીને ખાવાં, એટલે વાયુ, અર્દિત વાયુ (મોઢું વાંકું થઈ જવું), અરુચિ, દુર્બલપણું, ક્ષય, અન્નદ્રવ, શૂળ એનો નાશ થાય છે. અડદની દાળ વાટી દહીંમાં મેળવી વડાં કરી તળવાં. તે સેવન કરવાથી પુરુષને હિતાવહ, બળકારક અને ધાતુવર્ધક છે. **(૨) પુષ્ટતા ઉપર અડદના લાડુ:**—અડદની દાળનો લોટ, ઘઉંનો લોટ, ચોખાનો લોટ અને લીંડીપીપરનું ચૂર્ણ, એ ચાર ચાર તોલા પ્રમાણે લઇ એકત્ર કરવું, તેથી અડધું ઘી તેમાં નાખવું. પછી સારી રીતે શેકી, બધાના સમભાગ સાકર અને સાકરથી બમણું પાણી નાખી, પાક કરી, તેના લાડુ ચાર ચાર તોલા વજનના બાંધી, તે લાડુ રાત્રે ઉંઘતી વેળાએ ખાઇ, તે ઉપર ૧૬ તોલા દૂધ પીવું; અને ખાટા, ખારા, તેલવાળા વગેરે પદાર્થ વર્જ્ય કરવા એટલે પુષ્ટતા આવે છે અને બલ ક્ષીણ થતું નથી. **(૩) રક્તપિત્ત ઉપર:**—અડદનો લોટ અને રેશમી વસ્ત્રની રાખ પાણીમાં મેળવી મસ્તકે લેપ કરવો. **(૪) હેડકી ઉપર:**—અડદ અને હળદર એનું ચૂર્ણ અને તાગ (સણ) નો ધૂમાડો પ્રાશન કરવાથી+ તે હેડકીનો નાશ કરે છે. **(૫) વાળા ઉપર:**—વાળાનો ફોલ્લો થઇ આવ્યો હોય તો તે ઉપર અડદના લોટમાં પાણી નાખી તે લોટ ગરમ કરી તે ફોલ્લા ઉપર ચોપડવો. તે ઉપર સોય કે સળીથી થોડું ભોંકી તેપર ગરમ તેલનાં એક પછી એક ટીપાં પાડવાં; એટલે તરતજ તે ફોલ્લો ફુટી વાળો એકત્ર થઈ બહાર પડે છે અને ફોલ્લો સારો થાય છે. **(૬) ધાત જાય તેને માટે:**—અડદની દાળનો લોટ ૪ પૈસાભાર ગાયના દૂધમાં બાફી તેમાં ઘી નાખી ગરમ ગરમ ૭ દિવસ આપવો. **(૭) પુષ્ટતાને માટે:**—અડદની મોગર દાળને ગાયના તાજા દૂધના અથવા ઘોળી શેરડીના રસના ૨૧ પુટ દઈ પછી તે દાળ દળી લોટ કરી રાખવો અને પ્રાતઃકાળમાં ગાયનું દૂધ પાશેર લઇ તેમાં તે લોટ એક તોલો અથવા દોઢ તોલો મેળવી તે દૂધ સારી રીતે ઉકાળવું; અને ઉકળવા માંડે એટલે તેમાં ખડીસાકર બે તોલા સુધી અને તાજું ઘી, બદામ, ચારોળી, જાયફળ, એલચી વગેરે મસાલો નાખી સેવન કરવું. **(૮) નાસારોગ ઉપર:**—અડદનો લોટ, કપૂર અને રાતા રેશમી કપડાની રાખ પાણીમાં મેળવી મસ્તકે લેપ કરવો.

૧૫ અતિવિષ (વખમો):—સં૦ અતિવિષા. મ૦ અતિવિષ. હિં૦ અતીસ. બં૦ આતઇચ. ક૦ અતિવિષા, અતિબીજ. તૈ૦ અતિવાસા. લા૦ એકોનાઇટમ્ હિટ રોફાઇલમ્.

અતિવિષનાં ઝાડ હિમાલયના ઉપર અને એની આસપાસના પ્રદેશના ડુંગરો ઉપર થાય છે. એ ઝાડનાં મૂળીઆં અથવા કંદ કાઢી લાવે છે; તેને અતિવિષ, અતિવિષની કળી કે વખમો કહે છે. એમાં **ધોળો, કાળો અને પીળો** એવા ત્રણ પ્રકાર છે. એની છાલ કપડાં રંગવાના કામમાં ઉપયોગી છે. ઔષધોમાં ધોળાનોજ ઉપયોગ થાય છે. અતિવિષ ઘણુંજ કડવું હોય છે. અતિવિષ સર્વ પ્રકારના **જ્વરો ઉપર** ઉત્તમ ઔષધ છે. એ નાનાં બાળકોના ઔષધમાં ઘણુંજ આવે છે. બાળકોની ઘુંટીમાં (બાળ ઘુંટીમાં) અતિવિષ ઔષધ મુખ્ય છે. **અતિવિષ**—કિંચિત ઉષ્ણ, તીક્ષ્ણ, અગ્નિદીપક, ગ્રાહિ, ત્રિદોષ પચાવનાર, કફપિત્તજ્વર, આમાતિસાર, કાસ, વિષ, યકૃત્, ઉલટી, તૃષા, કૃમિ, અર્શ, સળેકમ, પિત્તોદર, અતિસાર અને સર્વ વ્યાધિઓનો નાશ કરનાર છે.‡ **(૧) બાળકોની ઉધરસ,**

× અડદ આધ્માનકર્તા અને દીર્ઘપાકી છે. એની શાંતિ આદુ અને મરી તથા હીંગથી છે અને પ્રતિનિધિ ચોળા છે. તાજા અડદ વાટી ઘોળા કોઢ ઉપર ચોપડવાથી અત્યંત ગુણ કરે છે (અભિનવ નિઘંટ ભાગ ૨).

+ તમાકુની માફક ધૂમાડો પીવો. વળી આજ પ્રમાણે સીસમના લાકડાનો ભૂકો અને સોપારીના ત્રોપાનાં છોડાં એકત્ર કરી તેનો ધૂમાડો પીવાથી પણ ઉચકી (હેડકી) શાંત થાય છે.

‡ વખમાનો રંગ ભૂરો ને સ્વાદ કાંઇક કસેલો છે. એ આંગળી જેવી એક ઘાસની જડ છે. એની માત્રા ૦॥ માસાની છે. એ ઓજને દૃઢકર્તા, આહારપાચક, અતિસારને બાંધનાર, કફનાશક, વાયુનો લય કરનાર તેમજ અર્શ અને જલોદરને ફાયદો કરે છે. પેટમાં દુખતું હોય તો વખમાની નાની કાંકરી ગળી જવી એ અનુભવસિદ્ધ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

દમ, તાવ તથા ઉલટી ઉપર:—અતિવિષનું ચૂર્ણ તારતમ્ય જોઇ મધમાં આપવું. (૨) **નાનાં બાળકોના તાવ અને ઉલટી ઉપર:**—અતિવિષ અને નાગરમોથ એનું ચૂર્ણ મધમાં આપવું. (૩) **પિત્તાતિસાર ઉપર:**—અતિવિષ, કડાની છાલ અને ઇંદ્રજવ, એનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં મધ નાખી પાવું. (૪) **દમ અને ઉધરસ ઉપર:**—અતિવિષનું ચૂર્ણ ત્રણ અથવા ચાર માસા લઇ, મધમાં મેળવી રાત્રિમાં ત્રણ અથવા ચાર વખત ચાટવાથી દમ અને ઉધરસ જાય છે. (૫) **સંગ્રહણી, સર્વ જ્વર, અરુચિ, અગ્નિમાંદ્ય એ ઉપર અતિવિષનો કાઢો:**—અતિવિષ, નાગરમોથ, વાળો, ધાવડીનાં ફૂલ, કડાની છાલ, લોધ્ર અને પહાડમૂળ એનો કાઢો કરી આપવો; એટલે ઉપરના સર્વ રોગ દૂર થઇ ધાતુની વૃદ્ધિ થાય છે. (૬) **તૃષા ઉપર:**—અતિવિષ અને ઘોડાવજનો કાઢો આપવો. (૭) **બાળકોના આમાતિસાર ઉપર:**—સુંઠ, અતિવિષ અને નાગરમોથ એનો કાઢો આપવો. (૮) **બાળકોના સર્વ પ્રકારના અતિસાર ઉપર:**—અતિવિષનું ચૂર્ણ ગોળમાં અથવા મધમાં આપવું. (૯) **સુવારોગ ઉપર:**—અતિવિષ મધમાં આપવું. (૧૦) **સંગ્રહણી ઉપર:**-અતિવિષ, સુંઠ અને ગળો એનો કાઢો કરી આપવો.

૧૬ અનંત—મ૦ પિંડિતગર. કો૦ અનંત. હિં૦ ક૦ પિંડિતગર. તૈ૦ તગરપાદિકામુ. લા૦ ગાર્ડેનિયા, ફ્લોરિડંડા.

એ ઝાડ ઘણુંજ મોટાં વધે છે. એ ઝાડ કોકણ પ્રાંતમાં ઘણાં મળે છે.+ એનાં પાંદડાં લાંબાં અને જાડાં હોય છે. એ ઝાડ ઘણુંજ શોભાવંત દેખાય છે. આ ઝાડને શ્રાવણ માસમાં તગરનાં ફૂલો જેવાં ઝુમખાદાર ફૂલો આવે છે. એ ફૂલો ઘણાંજ શોભાવાળાં દેખાય છે. એનો વાસ સુવાસિક અને મધુર આવે છે. એમાં ધોળો અને કાળો એવી બે જાત છે. એ ઝાડ તગરની જાતનું છે. (૧) **નંદવાયુ ઉપર:**—(અનંત વાતપર)—જે સ્ત્રીઓ પૂરા મહિના થયા પહેલાં પ્રસૂત થાય છે, તેમને કેટલીક વખત નંદ નામનો વાયુ મસ્તકે ચઢે છે, જેને લીધે મસ્તક જડ થાય છે, ફરે છે, દીવો લાવવાથી દેખાતું નથી, આંખો આગળ અંધારાં આવે, દાંત ચોંટી જાય, માથું ધ્રૂણવા લાગે, તેને અનંતના ઝાડની ઉત્તર દિશા ભણીની મૂળાડી (મૂળીઉં) કાઢી, ઠંડા પાણીમાં ચંદન પ્રમાણે ઘસી, સર્વ મસ્તકને લેપ કરવો અને તાળવા ઉપર ચોળતાં રહેવું; તેમજ મૂળની એક કકડી અંબોડામાં તાણી બાંધવી તથા શક્તિ પ્રમાણે ઠંડા પાણીમાં મૂળ ઘસી પાવું. **પથ્ય**—કળથી બાફી તેનું પાણી પીવાને માટે આપવું. ગુણ જણાયા પછી ઘી ભાત આપવાં. (૨) **સર્પના વિષ ઉપર:**—અનંતનાં મૂળ અને અરીઠા પાણીમાં ઘસી પાવાં. (૩) **પ્રસૂતા સ્ત્રીઓના મસ્તકશૂળ ઉપર:**-અનંત મૂળ અને ભારંગમૂળ ગરમ પાણીમાં ઘસી ચોપડવાથી તરત ગુણ થાય છે; એવો વનૌષધિ-પ્રકાશકારોનો મત છે. (૪) **મસ્તકશૂળ ઉપર:**—અનંતનાં મૂળ ઘસી લેપ કરવાથી તુરત શાંત થાય છે.

૧૭ અનનસ:—સં૦ અનંનાસ, કૌતુકસંજ્ઞક. હિં૦ અન્નનાસ. મ૦ અનનસ. ક૦ અનાસુ, હનાસુ. તા૦ તૈ૦ પારોંગતાલેતુ, પારેંગી પેલાકાયિ. મલા૦ અનાનસ. ઇં૦ પાઇન એપલ. લા૦ અનનાસા સેઢિવા.

અનનસના ઝાડને કેવડાના ઝાડ જેવાં પાંદડાં હોયછે.એ ઝાડો ઘણુંકરી વાડની બાજુએ ઉગે છે,કારણકે એ ઝાડનાં પાંદડાંને કાંટા છે.તેથી જનાવરોનો તેમાં નિભાવ થતો નથી.આ ઝાડને મધ્યભાગમાં ફળ આવેછે અને એ ફળને અનનસ કહે છે. એના સર્વ અંગે કાંટા હોય છે. એની ડાળીઓ કાપી જમીનમાં વાવવાથી ચોંટી જઇ તેનું ઝાડ થાય છે.એ ફળનો રંગ રાતો અથવા પીળો હોય છે. અનનસનો મુરબ્બો થાય છે. અનનસ ખાવામાં સ્વાદિષ્ટ હોય છે. એની વચ્ચેનો કઠણ ભાગ કાઢી નાખવો. તે ખાવાને ઉપયોગી નથી, પણ અવગુણકારક છે; છતાં ખાવામાં આવ્યો હોય તો તે ઉપર કાંદા, દહીં અને સાકર ખાવી; એટલે બાધ થતો નથી. અનનસનાં પાંદડાંનાં ઉત્તમ દોરડાં થાય છે. અનનસ ભૂખ્યા હોઇએ ત્યારે કોઇ દિવસ ખાવું નહિ. ખાવાથી વિષ પ્રમાણે અવગુણ કરે છે. અનનસ ગર્ભિણીને વર્જ્ય છે. **અનનસ**—લીલું હોય ત્યારે રુચિકર, હૃદ્ય, ગુરુ, કફપિત્તકારક, ગ્લાનિનાશક અને શ્રમનાશક છે; તેમજ **પાકવાથી** મીઠું, પિત્તનાશક તથા રસવિકાર અને આતપવિકારનું નાશકર છે.*(૧)**અજીર્ણ ઉપર:**—સારા પાકેલા અનનસ-

+ એમ ચોક્કસ થાય છે કે આ અનંત અને અનંતમૂળ બન્ને જૂદાં છે. અનંતમૂળ એ કાળી ઉપરસાલ (ઉપરસલી) નાં મૂળ છે

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ના બારીક કકડા કરી તે ઉપર મરી અને સિંધવની ભૂકી નાખી ખાવું.(૨) **જંતુ (કૃમિ) ઉપરઃ—** અનનસ* એકલુંજ ખાવું, એટલે જંતુ (કૃમિ)નું પાણી થશે. (૩) **બહુમૂત્રરોગ ઉપરઃ—**પાકેલા અનનસની છાલ અને એમાંના કઠિન ગાભા કાઢી નાખી બાકીના ભાગનો રસ કાઢવો. તે રસમાં અંબર, જીરૂં, જાયફળ, લીંડીપીપર અને સંચળની ભૂકી કરી નાખવી. અંબર કમતી નાખવું. એ શક્તિ પ્રમાણે આપવું; અથવા અનનસના ટુકડા, લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવા. (૪) **પેટમાં વાળ ગયો હોય તોઃ—**પાકેલું અનનસ ખાવું, એટલે કેશ જવાથી થનારી પીડા દૂર થાય છે.

૧૮ અંજીર—સં૦ કાકો-રામોદુંબરીકા ફલ. હિં૦ અંજીર, બં૦ આંજીર, પેયારા. મ૦ અંજીર. ક૦ અંજીરિ. તૈ૦ મેડીપટુ. અ૦ તીન. ફા૦ અંજીર. ઇ૦ ફ્રીગ. લા૦ ફાઇકિસ કેરીકા.

અંજીરનાં ઝાડ ઘણુંકરીને ગરમ પ્રદેશમાં થાય છે. અરબસ્તાન, ઈરાન, તુર્કસ્તાન, ગ્રીસ અને આફ્રિકાના દક્ષિણ ભાગમાં અંજીરનાં ઝાડ પુષ્કળ થાય છે. એ એક ઉંબરાની જાતિ છે; કારણ એના ફળની આકૃતિ અને એમાંનો ગર્ભ ઉંબરાના ફળના જેવો છે. ઉંબરાની પેઠે એને ફૂલ પણ આવતાં નથી. એની ઉંચાઈ દશ હાથ કરતાં વધારે હોતી નથી. અંજીરનાં પાંદડાં મોટાં હોય છે. અંજીરનાં કાચાં ફળોનું શાક થાય છે, એ સ્વાદમાં સારૂં થતું નથી; પરંતુ બાધક નથી. પાકેલાં અંજીરનો મુરબ્બો કરે છે. તે પિત્તશામક અને રક્તવૃદ્ધિ કરનાર છે. અંજીરના અંગમાં રક્તવૃદ્ધિ કરવાની શક્તિ હોય છે, એટલે અશક્ત લોકો એને સવારમાં ખાય છે. શિશિરઋતુમાં ઠંડીના યોગે જ્યારે જીભ અને મોં ફાટી જાય છે ત્યારે કેટલાક લોકો અંજીરનાં પાંદડાંની રાખ તેને ઘસે છે. સૂકાં અંજીર અરબસ્તાનમાંથી આવે છે. અંજીરની રાખનો અળતો સર્વોત્કૃષ્ટ થાય છે. **અંજીર**-શીતળ, સ્વાદિષ્ટ અને ગુરુ છે. રક્તદોષ, દાહ તથા વાયુ અને પિત્તનો નાશ કરે છે.**(૧)શરીરમાંથી ગરમી જઇ રક્તવૃદ્ધિ થવા માટેઃ—**પાકેલાં અંજીર રાત્રે છોલી સામસામા બે કાપ મૂકી તે કાપમાં સાકર ભરી ઝાકળમાં મૂકવાં અને સવારના પહોરમાં ખાવાં. આ પ્રમાણે પંદર દિવસ ક્રમ ઠરાવવો.**(૨)પુષ્ટિને માટેઃ-**સૂકાં અંજીરના ટુકડા અને બદામનો મગજ ગરમ પાણીમાં પલાળી રાખી ઉપરથી ફોતરાં કાઢી સૂકાવી ખડીસાકરની ભૂકી, એલચીદાણાની ભૂકી, કેસર, ચારોળી, પીસ્તાં, બળદાણા, એ સમભાગ લઇ ગાયના ઘીમાં આઠ દિવસ ભીંજવી રાખી પછી નિત્ય સવારમાં તે મિશ્રણ ૨ તોલાપર્યંત ખાવું. આઠ વર્ષની ઉપરાંતના છોકરા અને શક્તિક્ષીણને સારૂ હિતાવહ હોઇ ઠંડાઈ, ધાતુવૃદ્ધિ અને રક્તવૃદ્ધિ કરનાર આ ઉત્તમ ઔષધ છે. (૩) **દમ ઉપરઃ-**અંજીરમાં ચોરઆંમળાનું દલ નિત્ય પ્રાતઃકાલમાં ૬ માસા પ્રમાણે સતત સેવન કરવું. (૪) **ગળામાં અને જીભ પાસે સૂજી આવ્યું હોય તોઃ—** સૂકાં અંજીરનો કાઢો કરી તેનો લેપ કરવો. (૫) **પોટીસઃ—**અંજીર તાજાં લાવી કુટી, ગુમડાં, બદ વગેરે ઉપર બાંધવાં. +

૧૯ અબઇ (આબુવો)—સં૦ મહાશિંબી, ખડ્ગશિંબી. મ૦ ખરસંબળ. કો૦ કોયતેવાલ. હિં૦ સેમ, સુઅરાસેમ, ગોજિયાસેમ. બં૦ શ્વેત શિમ, મોંગલાઇ શિમ. ક૦ શિંબીકાચિ. તૈ૦ કારૂચિકડુ. અ૦ ગિલાફુલગોલ. લા૦ કેનોબોલિયા એનસિફોર્મિસ. ઈ૦ ઓપલ.

આ વેલાનાં ખરસંબળ, કોયતેવાલ, પઠારી એવાં મરાઠીમાં નામો છે. એ બહુ વધે છે. એ મૃગ નક્ષત્રના અરસામાં વાવવામાં આવે છે. [1]આશ્વિનમાં તેને શીંગો આવે છે.તે શુમારે પોણો હાથ લાંબી હોઇ છેવટે કોયતા જેવી હોય છે. તેનું શાક કરે છે અને તે મીઠામાં પણ અથાય છે. એ શીંગો કુમળી હોય ત્યારેજ ખાવાને ઉપયોગી હોય છે. એમાં ઘણો સ્વાદ છે. તેનું શાક ઘણું ખાવાથી પેટ ચડે છે. અથવા બીજો ઉપદ્રવ થાય છે. એ શાક બાફી એકવાર છૂટું કરી નાખવું જોઇએ. **ધોળી અને રાતી અબઈ**—જડ, શીતળ, કફકર, રસવખતે મધુર, બલકર અને પિત્તવાયુનો નાશ કરે છે.

* અનનસ કંઠના નળને અને શ્વાસ લેવાના અવયવને નુકસાનકારક છે. એની શાંતિ ખાંડ અને વરીઆળીના મુરબ્બો છે.

+ અંજીર યકૃત્ અને આમાશયને નુકસાન કરે છે. એની શાંતિ બદામથી છે.

[1] આબુવાનો સ્વાદ મીઠો અને ખાટો છે. એને કોઇ કોઈ પરબોલિયા અને તરવાડીના નામોથી ઓળખાવે છે. શ્રી૦ પદેજીએ એને વાલોળ તરીકે કહ્યો છે, પણ એ શબ્દ સિદ્ધ થતો નથી, ગુજરાતમાં એનું અથાણું કરે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કાળી અબઇ—ગરમ, ગુરુ, બલકર, રુચિપ્રદ, શુક્રવૃદ્ધિકારક, અગ્નિમાંદ્યજનક, મલસ્તંભક, તુરી, માદક અને કફ-વાતનાશક તથા પિત્ત કરનાર છે. (૧) પ્લીહોદર એટલે પેટમાં બરોળ થાય છે તે ઉપર:—અબઇનો પાલો દિવસ ૭ ગોમૂત્રમાં ઉકાળી આપવો. (૨) રેચને માટે—અબઇનો રસ પ્રથમ આપી પછી ઉપર કારેલીનો રસ આપવો. એ ઔષધ શક્તિ જોઇ નવટાંક સુધી આપવું. ઉતાર—ઘી.

૨૦ અબોલી—સં૦ અમ્લાન. હિં૦ કટસરૈયા, પિયાવાસા. બં૦ પીત ઝાંટિ, લાલ ઝાંટિ. ગુ૦ પીળો કાંટાશેળીઓ, રાતો કાંટાશેળીઓ. ક૦ કંપુગોરંટેગિડ. તૈ૦ ઈર્રિગોરટા. લા૦ બાર્લેરિયા પ્રોયોનિટસ્.

કોરાંટી પ્રમાણેજ એ ઝાડ થાય છે. એ ઝાડ હાથ દોઢ હાથ ઉંચું વધે છે. એને રાતાં કિંવા પીળાં ફૂલો બારમાસી આવે છે. એ ફૂલો નાનાં હોય છે. ફૂલમાં સુગંધ નથી. અબોલી-કડવી, ઉષ્ણ, વર્ણકર અને સુંદરતાકારક છે; અને વાયુ, સોજો, તાવ, શૂળ, આધ્માન, દમ, ઉધરસ, મુખરોગ, બસ્તિ (યોનિ) રોગ, એનો નાશ કરે છે. (૧) ધોળી ધપણી ઉપર:-એનાં મૂળ૧ તોલો લઇ દૂધમાં બાફી, તે સુમારેછ ટાંક[૧] આપવાં.

૨૧ અંબાડો—સં૦ આમ્રાતક. મ૦ અંબાડા. હિં૦ અંમારી, મોઇઆ. તૈ૦ પુંડીકુરા. ક૦ પુંડી, પુડીબીજ, પુંડીયનારૂ. બં૦ માચીકા. પં૦ તુસુકડા. ઈ૦ સ્પોંડિઆસ્ એકમિનટ, હૉંગપ્લમ્, વાઇલ્ડ મ્યાંગો. લા૦ સ્પોંડિઆસ મેંગિફેરા.

અંબાડાનું ઝાડ મોટું થાય છે. કોકણ અને કર્ણાટક એ દેશોમાં આ ઝાડ ઘણાંજ થાય છે. એનાં પાંદડાં રામફળીનાં પાંદડાં જેવાં થાય છે. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવતું નથી. એનાં ફળ ઘણાંજ ખાટાં અને લીલી સોપારી જેવડાં મોટાં વધે છે. તેમાં આંબા જેવી ગોટલી હોય છે. એ ફળ ખાટાં હોય છે. ખટાશમાટે આમલીને બદલે એનો ઉપયોગ કરે છે. કાચાં ફળોને મીઠામાં આથે છે. અંબાડાને આંબા જેવોજ મોર આવે છે. એકજ પદાર્થ સર્વકાળ ખાવાને માણસને ચીડ આવે, માટે તેના સુખમાટે દયાળુ પરમેશ્વરે બીજા ખાટા પદાર્થ આમલી, લીંબુ, આંબા (કેરી), કોઠાં, દ્રાક્ષ, કોકમ, બીલો, કરમદાં વગેરે ઉત્પન્ન કરી રાખેલાં છે.[૨] અંબાડો-ગુરુ, ઉષ્ણ, તુરો, ખાટો, રુચિકારક, સારક, કંઠને હિતકર, પિત્ત, કફ અને રક્તનો વર્ધક તથા આમવાયુ અને આમનો નાશ કરનાર છે. તે પાકવાથી તુરો, શીત, જડ, વૃષ્ય, બલકર, મધુર, તૃપ્તિકર, કફકર, સ્નિગ્ધ, ધાતુવર્ધક, મલસ્તંભક અને વાયુ, કફ, પિત્ત, રક્તદોષ, દાહ, ક્ષતરોગ અને ક્ષય, એનો નાશક છે. એન કુમળાં પાંદડાં-રુચિકર, ગ્રાહક અને અગ્નિદીપક છે. (૧) અમ્લપિત્ત ઉપર:-અંબાડાનાં કુમળાં પાંદડાં લાવી, તેનો રસ કાઢી, એક તોલા રસમાં ૫ તોલા ખડીસાકર અને ચાર ચણોઠીભાર મરીની ભૂકી નાખી આપવું. આ ઔષધ સાત દિવસ, દિવસમાં બે વખત આપવું, પરેજી પાળવી. (૨) આગ્યાધણસના વિષ ઉપર:-અંબાડાના ઝાડની છાલ ત્રણ ભાગ, કુણકાની છાલ બે ભાગ અને ખડચંપાની છાલ એક ભાગ લઇ તેનો રસ કાઢવો; તેમાં ધણસરીનું મૂળ ઘસી, જનાવરને પ્રત્યેક વખતે અધશેરથી એક શેર સુધી અને માણસને નવટાંકથી પાશેરપર્યંત શક્તિ પ્રમાણે આપવું. એ ઔષધ વિષનું જોર કમી થાય ત્યાંસુધી બે ત્રણ વખત આપવું. મનુષ્યને ઉતાર-ઘી અને ભાત.

૨૨ અમરવેલ-સં૦ અમરવલ્લરી. મ૦ અમરવેલ, આકાશવેલ, અંતરવેલ, સોનવેલ. હિં૦ અમરવેલ, આકાશવેલ, બં૦ આલોકલતા, આકાશવેલ. ક૦ બેળુબળી, નેલમુદબળી, શાવીગેબળી, અમરબળી. તૈ૦ ઈદ્રજાળ, પાચિતિચે. તા૦ કોતાન, ઇદીરાવલ્લી, નાંદે. મા૦ આકાશબળી. ફા૦ કનવાલ્, વ્યુલાસીઇ. અ૦ અફનીમૂત. લા૦ કસકુટારીફ્લેક્સા.

આંબાના ઝાડ ઉપર એક વેલ પ્રમાણે વનસ્પતિ ઉગે છે. એને અમરવેલ કહે છે.[૩] આ વેલીનાં મૂળ તે વૃક્ષમાંજ હોય છે. જે પ્રમાણે વૃક્ષાદનો (વાંદો) હોય છે, તે પ્રમાણેજ એ વેલ હોય છે. અમરવેલ—એ

૧ હિંદુસ્તાનમાં એક અચોળ અર્થાત શેરના સોળમા હિસ્સાને છ ટાંક કહે છે.

૨ પંડિત દત્તરામ ચોખા અંબાડાને નાની પીલુડીના નામથી ઓળખાવે છે.

૩ અહીં નામો તપાસતાં અમરવેલ અને સોનવેલ એકજ માની છે. ફરી સોનવેલતરિકે વર્ણન આપ્યું છે તેનું કારણ સમજાતું નથી. તેને જૂદી માનવી કે એકજ? આ દેશમાં જે અમરવેલ થાય છે તે આંબા વગરનાં અન્ય (ઘણું કરીને દૂધવાળાં) વૃક્ષોપર થાય છે. આંબાપરની અમરવેલ અમારા જોવામાં આવી નથી, એટલે અમે તેનો નિર્ણય કરવા અશક્ત છીએ.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કિંચિત તીખી, મધુર, પ્રિય અને અગ્નિદીપક હોય છે. નેત્રરોગ, કફ, આમ અને પિત્ત,એનો નાશ કરે

૨૩ અંમલબેદ—સં૦ મ૦ અમ્લવેતસ્. વ૦ સુળનીંબુ. હિં૦ અમ્લવેતસ્, ચૈકલ. ક૦ અ વેતસ્. ફ્રૈ૦ તુર્ષક. ઈ૦ કૅનમસારેલ. લા૦ એસીડોઝેફાલીઆ.

બીજોરા જેવી આ એક લીંબુની જાત છે. અંમલબેદનાં ઝાડ કાશી પાસે થાય છે. એનું ઘણુંજ ખાટું હોય છે. એની વાસ પાકેલા આંબા જેવી આવે છે. આ ફળમાં પોતાદની સોય રાખી હોય તો તે ગળી જાય છે, એવો તેનો પ્રભાવ છે. અંમલબેદ પેટમાંના રોગો ઉપર અને વગેરે રોગો ઉપર અકસીર છે. ઘણાં ઔષધોમાં એનો રસાયનના જેવો ઉપયોગ થાય છે. **અંમલ** તુરૂં, ખાટું, કડવું, તીખું, અગ્નિદીપક, ઉષ્ણ, લઘુ, રૂક્ષ, પથ્યકારક અને મળનો ભેદ કરનાર છે; તે કફવાત, કફાર્શ, ગુલ્મ, મૂત્રાશ્મરી, અરુચિ, શ્રમ, તૃષા, હૃદ્રોગ, હિક્કા, શૂળ, પ્લીહા, અજીર્ણ, અ વાયુ (આફરો), ઉદાવર્ત, આધ્માન, કુષ્ઠ (કોઢ) અને ઉલટી, એનો નાશ કરે છે.[1]

૨૪ અરજુન સાજડ (ધોળો સાજડ)—સં૦ અર્જુન. બં૦ અર્જુનગાછ. મ૦ અ સાદડા, પાંઢરા આઈન. હિં૦ કૌહા, કોહ, તોરે મત્તિ, મત્તી, સોહોન્ને. કિવિગનમરા. તૈ૦ મદ્દી તા૦ મારૂડં. મલા૦ મારૂત. ગો૦ મત્તીરૂકુ. લા૦ સ્ટરકયુલિયા, યુરેન્સ, ટર્મિનેલિયા, ટોમેન્ટોસા.

આ એક અરણ્યનું વૃક્ષ છે. જેવાં એનનાં ઝાડ હોય છે, તેવાંજ એનાં હોય છે. એનનું "સા એવું પણ નામ છે. એ ઉપરથી બન્ને વૃક્ષો બરાબર લક્ષ્યમાં આવશે.એનનાં પાંદડાં પ્રમાણેજ એને પ હોય છે. એ પાંદડાંની પહોળાઇ શુમારે ૫ આંગળ હોઇ તે વેંતભર લાંબું હોય છે. એને ધોળો મોર આવે છે. એની છાલ પણ સફેદ હોય છે. ધોળા એનની છાલ પણ બહારથી ધોળી હોય પરંતુ તે નીચલી બાજુએ લાલ હોય છે, તેવી રીતે આ છાલ નીચલી બાજુએ લાલ ન ધોળીજ હોય છે. આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે. આ ઝાડ કોકણમાં અને ગા ઓમાં પણ થાય છે. એને ધોળાં ફૂલ આવે છે. એનાં લાકડાં ઇમારતી કામમાં ઉપયોગમાં છે. ઔષધિમાં એની અંતરછાલનો ઉપયોગ કરવો. 'સારદોળ' કિંવા 'કાંડોળ' એ વૃક્ષોને કોઈ કે આજ વૃક્ષનું નામ આપેલું છે; પરંતુ તે વૃક્ષ જૂદાં છે. **અરજુન સાજડઃ**—તુરો, મધુર, શી કાંતિકારક, બલકર, લઘુ અને વ્રણશોધક છે. અસ્થિભંગ, સંધિભંગ, કફ, પિત્ત, શ્રમ, તૃષા, મેહ, વાયુ, હૃદ્રોગ, પાંડુરોગ, વિષબાધા, ક્ષતક્ષય, મેદવૃદ્ધિ, રક્તદોષ, ધામ, દમ, ક્ષત અને ભ આ રોગોનો તે નાશ કરે છે.[2] **(૧) લિલામો ઉડે છે તેને માટેઃ**—અરજુન સાજ છાલ અને પાંદડાં કુટી લિલામો જે જગ્યાએ ઉડયો હોય ત્યાં લેપ કરવો. **વ્રણ ભરાઈ આવવા માટેઃ**—અરજુન સાજડની છાલના કાઢાથી ગુમડું ધોવું, તે જલદી ભરાઇ આવે છે અને તેમાં જંતુ વગેરે પડતાં નથી; અથવા એની ચૂર્ણ વ્રણમાં ભરવું, એટલે વ્રણ અને અગ્નિદગ્ધ વ્રણ એ જલદી ભરાઇ આવે છે. (૨) **અ ભંગ ઉપરઃ**—અરજુન સાજડનું ચૂર્ણ દૂધમાં પાવું અથવા છાલ કૂટી ઉપર બાંધવી; કિંવા ચૂર્ણ ઘી ચોપડી તે ઉપર નાખવું અને પાટો બાંધવો. (૪) **પિત્તના હૃદ્રોગ ઉપરઃ**—અ સાજડની છાલનો કાઢો કરી તેમાં ગાયનું દૂધ નાખી ખીર જેવું જાડું કરી સાકર નાખી એથી રોગ જઈ શક્તિ આવે છે. (૫) **હૃદ્રોગ ઉપરઃ**—અરજુન સાજડનું ચૂર્ણ અને ધઉંને સમભાગે લઇ તેમાં ગાય અગર બકરીનું દૂધ નાખી બાફવું; અને તેમાં પ્રમાણસર ગાયનું ઘી

---

૧ અંમલબેદ—કફને ઉત્પન્ન કરનાર છે. લવંગ અને કાળાં મરી એનો મદનાશક છે, એ ભૂખ ઉ છે અને રક્તપ્રકોપને શાંત કરે છે. ખુરાશાના અજમાને મીઠાની સાથે એના રસમાં સાત દિવસ ભીંજવ છાંયે સૂકવી એની ફાકી કરવાથી ઉદરના અનેક રોગો, વાયુ-વાગોળો એનો સત્વર નાશ કરે છે. કેટલીક વાગોળના દરદથી તમાકુ જેવા માદક પદાર્થનું વ્યસન ચાલુ કરે છે તેમણે આ ઉપાય કરવો જોઈએ.

૨ આ પણ એક જાતનો એનાજ છે. સંસ્કૃતમાં ધોળા રંગને અને ઉજ્જ્વલને અર્જુન કહે છે, ઝાડ સફેદ હોવાથી તેનું સંસ્કૃત નામ અર્જુન પડેલું જણાય છે; પરંતુ ખરી રીતે તો તે **ધોળા એન ધોળો સાજડ**ના નામથી ઓળખાય છે. બીજી આવૃત્તિના સંશોધકે તેને આસુંદરાતરિકે ઓળખાવ્યો છે; પદેજીના મંતવ્યથી વિરુદ્ધ છે. એમણે તો આશેત્રીનેજ આસુંદરો માન્યો છે. **ધોળો સાજડ** ગરમ મિજાજ સાન કરે છે, આફરો ઉત્પન્ન કરે છે, અને કફના વિકારનો નાશ કરે છે. કેટલાક આને ઉપવિષ માને છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ગાયે નાખવું. તે મધ તથા સાકર સાથે આપવું. (૬) **ક્ષય, કાસ અને પિત્તરોગ ઉપર:**—અરજુન સાજડની છાલના ચૂર્ણને અરડુસીના રસની ૨૧ ભાવના આપી, તે ચૂર્ણ મધ, ઘી અને ખડીસાકરમાં આપવું. (૭) **હૃદ્રોગ, રક્તપિત્ત અને જીર્ણજ્વર ઉપર:**—અરજુન સાજડની છાલનું ચૂર્ણ, ઘી, દૂધ મધ અથવા ગોળનું પાણી, એ પૈકી ગમે તે એક અનુપાન સાથે આપવું; એટલે ઉપરના રોગ દૂર થઇ તે ખાનાર ઘણા દિવસોસુધી સુખી રહે છે. (૮) **હૃદ્રોગ ઉપર:**—અરજુન સાજડની અંતરછાલનું ચૂર્ણ કરી તેથી ચોગણું ઘી અને ઘીથી ચોગણો અરજુન સાજડનાં પાંદડાંનો રસ તેમાં નાખી ઘી શેષ રહે ત્યાંસુધી મંદાગ્નિ ઉપર ઉકાળવું અને તે સેવન કરવું. મસ્તકશૂળ ઉપર લેપ કરવાને એ ઘી ઉત્તમ છે. (૯) **મૂત્રાવરોધથી થએલા ઉદાવર્ત ઉપર:**—અરજુન સાજડની અંતરછાલનો કાઢો કરી આપવો. (૧૦) **કૃમિ ઉપર:**—અરજુન સાજડના વૃક્ષનાં ફૂલ, વાવડીંગ, પિંડવણ, ભિલામો, વાળો, સુરનો ગુંદ, રાળ, ચંદન અને કોષ્ઠ એઓનું ચૂર્ણ એકત્ર કરી તેની ધૂણી એકવાર લીધાથી કૃમિ નાશ થાય છે. આ ધૂણી પથારીને આપવાથી માંકડ અને ચાંચડ મરે છે. (૧૧) **રક્તાતિસાર ઉપર:**—અરજુન સાજડની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી. (૧૨) **વાતરોગ ઉપર:**—અરજુન સાજડની છાલનું ચૂર્ણ મધ અને માખણમાં મેળવી લેપ કરવો; અથવા અરજુન સાજડની છાલ, મજીઠ અને અરડુસી, એઓને મધમાં મેળવી લેપ કરવો. (૧૩) **હૃદ્રોગ ઉપર:**—ઘઉં અને અરજુન સાજડનું ચૂર્ણ બકરીના દૂધમાં ગાયનું ઘી નાખી સીજવવું અને મધ, સાકર એ સાથે સમભાગે ખાવું, તેથી માણસનો ઉદ્ધત હૃદ્રોગ શાંત થશે. (૧૪) **તારુણ્યપિટકા** (ખીલ) **ઉપર:**—અરજુન સાજડની છાલને દૂધમાં વાટી લેપ કરવો.

રપ અરડુસી:—સં૦ અટરૂષ. મ૦ અડૂળસા. હિં૦ અરુસા, અડૂસા,વાસા, વિસોંટા. બ૦ વાકસ, વાસક. ક૦ આડસોગે. તે૦ આડાસાર, આડાપાકુ. તા૦ આડાડોડાઇ. તુ૦ યેડુ મટ્ટડીતપ્પું. મલા૦ અટાલોટકં. લા૦ આધાટોડ વાસીકા.

અરડુસીનાં ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એમાં ધોળી અને કાળી એવી બે જાત છે. ધોળી અરડુસીનો રંગ ધોળો અને કાળી અરડુસીના ઝાડનો રંગ કાળો હોય છે. કાળી અરડુસીનાં પાંદડાં કુડાનાં પાંદડાં જેવાં, પરંતુ મૃદુ હોય છે. આ પાંદડાં ઉપર ધોળા અથવા કોઈ પણ પ્રકારના ડાઘ હોતા નથી. આ અરડુસી ધોળી અરડુસી કરતાં ઘણીજ ઉષ્ણ અને કફનાશક છે. **ધોળી અરડુસીનાં** પાંદડાંનો રંગ ફીલાશ ઉપર હોઈ તે ઉપર ધોળા રંગનાં ચાઠાં હોય છે. અરડુસીનાં ફૂલો ધોળાં હોય છે. અરડુસીનું ઝાડ ૧–૨ માથોડાં ઉંચું વધે છે. એનાં લાકડાં કોમળ અને હલકાં હોવાથી એના કોલસા દારૂમાં નાખવાના કામમાં આવે છે. ***અરડુસી**–શીતવીર્ય, હૃદ્ય, લઘુ, તીખી, કડવી અને સ્વર્ય છે. તે ઉધરસ, કમળો, શૈત્યપિત્ત, વિષ, જ્વર, કફ, શ્વાસ, મેહ, ક્ષય, તૃષા, અરુચિ, કુષ્ઠ અને ઉલટી, એઓનો નાશ કરે છે. (૧) **શ્વાસ, કાસ (ઉધરસ,) રક્તપિત્ત અને કફક્ષય ઉપર:**–અરડુસીનાં પાંદડાંનો ફોસલિત રસ કાઢી મધમાં આપવાથી કેટલાએક દિવસનાં દમ, ઉધરસ હોય તો તે અને કફક્ષય દૂર થાય છે. (૨) **કફપિત્તજ્વર, રક્તપિત્ત અને કમળા ઉપર:**–અરડુસીનાં પાંદડાંનો ફુલોસહિત રસ કાઢી તેમાં સાકર અને મધ નાખી આપવો. (૩) **રક્તપિત્ત ઉપર:**–અરડુસીના રસની સાત ભાવના

---

* **અરડુસી**ના પાંદડાં લાંબાં, અણીદાર, જમરૂળ (જમરૂખ) ના જેવાં હોય છે. એ કફજનિત અસંખ્ય રોગોનો ભક્ષક હોવાથી સંસ્કૃતમાં એને **સિંહાસ્ય** (વાઘનું મોઢું) કહેલ છે. વળી પૂર્વાચાર્યોએ આ ક્ષુપના ગુણોનું વર્ણન કરતાં ભાર દઇ જાહેર કર્યું છે કે:—**વાસાયાં વિદ્યમાનામાસાયાં જીવિતસ્ય ચ ॥ રક્તપિત્તક્ષયી કાસી કિમર્થવસદીતિ ॥ ૧ ॥** " "જીવન અવશેષ છતાં અને વાસા એટલે અરડુસી વિદ્યમાન છતાં રક્તપિત્ત, ક્ષય અને ખાંસીના રોગવાળા શામાટે પીડાય છે ?" એની માત્રા ૬ માસા છે. આ ક્ષુપ એક માથોડાથી બે ભાગ્યેજ વધે છે. રાજનિઘંટમાં લખ્યું છે કે:—"અરડુસીની છાલમાં કડવાશ છે અને એની છાલ તથા પાંદડાં કટુ, રોચક અને આમનાશક છે. એના એ ગુણોના કારણથી જૂની સંગ્રહણી અને કફના ઉપર અપાય છે. એનો ક્વાથ ૫ થી ૭ તોલાની માત્રાથી આપતાં બદહજમી દૂર થાય છે. વળી " દેશીવૈદ્ય " આ છાલને ગરમીની બિમારીની નાતાકાદીમાં પૌષ્ટિક વિધિથી આપે છે અને સ્ત્રીઓને પ્રસવ થયા બાદ આ વૃક્ષની છાલ તથા મૂળનો ક્વાથ કરીને પીવાની તારીફ કરે છે. "

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હરડેને દઇ તે સેવન કરવી; અથવા મધ અને અરડુસીનો રસ સમભાગ લઇ તે સેવન કરવો. (૪) **સુખે પ્રસૂતિ થવા માટે:**—અરડુસીનાં મૂળ ઉકાળી નાભિ અને ગુપ્તસ્થાને લેપ કરવો તથા કેળનો કાંદો કંમરે બાંધવો. (૫) **શ્વાસ ઉપર**—અરડુસીનો રસ અને ગાયનું માખણ એકત્ર કરી તેમાં ત્રિફળાંનું ચૂર્ણ નાખવું અને તે આપવું. (૬) **ખસ ઉપર:**—અરડુસીનાં કુમળાં પાંદડાં અને આંબા-હળદર, એ ગોમૂત્રમાં એકત્ર વાટી તેનો ખસ ઉપર લેપ કરવો; કિંવા પાંદડાં પાણીમાં ઉકાળી તેથી સ્નાન કરવું. (૭) **પિત્તજનિત પ્રદર ઉપર:**—અરડુસીના રસમાં મધ નાખી આપવું. (૮) **શ્વેત પ્રદર ઉપર:**—અરડુસીનાં મૂળોનો રસ મધમાં આપવો, એટલે સફેદ ધાત જતી બંધ થશે. (૯) **બાળકના કફવિકાર ઉપર:**—અરડુસીનાં તાજાં પાંદડાં લાવી તેનો પુટપાકથી રસ કાઢવો. **પુટપાકની કૃતિ:**—અરડુસીનાં પાંદડાં કેળનાં પાંદડાંમાં બાંધી ઉપર માટીનો લપેટો દઇ અંગારામાં શેકી પછી બહાર કાઢી, ઉપરનાં કેળનાં પાંદડાં કાઢી નાખી અરડુસીનાં પાંદડાં હાથ ઉપર મસળી રસ કાઢવો. આ રસ શુમારે ૨૦ ટીપાં, તેલીઆ ટંકણખારની ફૂલાવેલી ભૂકી બે ચણોઠીભાર અને મધ ચાર માસા, એ સર્વ એકઠું કરી ચાટવા જેવું કરી રાખવું. એ ચાટણ દિવસમાં ચાર પાંચ વખત છોકરાંની શક્તિ પ્રમાણે ચટાડવું; તેથી કફનો નાશ થઇ બાળક હોંશિયાર બને છે. (૧૦) **ઉધરસ, ક્ષય, શ્વાસ અને રક્તપિત્ત ઉપર:**—અરડુસીનાં પાંદડાંને બાફ આપી હાથ ઉપર ચોળી રસ કાઢવો. તેમાં સાકર નાખી મધ જેવું જાડું થાય ત્યાંસુધી પાક કરવો. પછી તેમાં બહેડાંનું ચૂર્ણ અને હળદરનું ચૂર્ણ નાખી રાખી મૂકવું તથા તે ઉપરાઉપરિ ચટાડતા જવું. (૧૧) **કફ ઘણો જાડો હોય તે ઉપર:**-ગરમ ચામાં અરડુસીનો રસ, સાકર, મધ અને બે ચણોઠીભાર સંચળ એ નાખી આપવું. (૧૨) **કાસ, શ્વાસ ઉપર:**—અરડુસીના કાઢામાં સાકર અને મધ નાખી આપવું અથવા અરડુસીના રસમાં મધ અને સિંધવ નાખી આપવું. (૧૩) **કફજ્વર ઉપર:**—અરડુસી, નાગરમોથ, ધમાસો, સુંઠ, ભારંગમૂળ, એનો કાઢો આપવો. અરડુસીનાં અને ડોલર (રાનમોગરી) નાં પાંદડાં એનો કાઢો મધ નાખી આપવો. (૧૪) **વીંછીના વિષ ઉપર:**—કાળી અરડુસીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી ચોપડવાં. (૧૫) **શીતળાનો આજાર ન આવવા માટે:**—અરડુસીનો રસ અને જેઠીમધ આપવાં. એટલે શીતળાનો આજાર આવતો નથી. (૧૬) **ઉધરસ ઉપર:**—અરડુસીના રસમાં ફુલાવેલો તેલીઓ ટંકણખાર મધ સાથે આપવો. (૧૭) **ક્ષયાદિક ઉપર:**—અરડુસીનાં પાંદડાંનો કાઢો, મધ અને ખડીસાકર નાખી આપવો; એટલે ક્ષય, રક્તપિત્ત, કાસ, કફ અને પિત્તજન્ય જ્વર દૂર થાય છે. (૧૮) **ત્રિદોષ ઉપર:**—અરડુસીનાં પાકેલાં પાંદડાંને બાફી, તેનો રસ કાઢી, તે અને આદુનો રસ એકત્ર કરી તેમાં થોડો તુળસીનો રસ નાખી, મધ અને જેઠીમધ ઘસી આપવો. (૧૯) **રક્તપિત્ત ઉપર:**—અરડુસીનાં પાંદડાંનો રસ કાઢી પીવો. (૨૦) **મુખરોગ ઉપર:**—અરડુસીના રસમાં મધ મેળવી તેમાં ઉપરશાલનાં મૂળ ઉકાળી લેપ કરવો. (૨૧) **કફજ્વર અને ઉધરસ ઉપર:**—અરડુસી, ગળો અને રીંગણી એનો કાઢો મધ નાખી આપવો. (૨૨) **રક્તપિત્ત, જ્વર, શ્વાસ અને કાસ, ઉપર:**—અરડુસી, દ્રાક્ષ અને હરડે એનો કાઢો મધ અને સાકર નાખી આપવો. (૨૩) **મૂત્રાઘાત ઉપર:**—અરડુસીનો કાઢો આપવો. (૨૪) **દુર્ધર સૂજ, શ્વાસ, કાસ જ્વર અને ઉલટી ઉપર:**—અરડુસી, ગળો, ડોરલી, એનો કાઢો મધ નાખી પાવો.

૨૬ અરડુસો*:—(મ૦ મહારૂખ.) આ વૃક્ષ મોટું વધે છે. એનાં ઝાડ સંહ્યાદ્રિ પર્વત ઉપર ઘણાં થાય છે. કડવા લીંબડાનાં પાંદડાં કરતાં એનાં પાંદડાં મોટાં હોય છે. એની સળી હાથ દોઢ હાથ લાંબી હોય છે. એની છાલની વાસ તજના જેવી આવે છે. એ છાલ તજના કરતાં જાડી હોય છે અને કેટલાક ગરીબ લોક તજને બદલે તેનો ઉપયોગ કરે છે. એના અંગમાં ઉષ્ણવાત હરણ કરવાની શક્તિ છે, એનું લાકડું હલકું છે. એ ઇમારતના ઉપયોગમાં આવતું નથી. એના લાકડાનાં ઢોલકાં, મૃદંગ વગેરે બને છે. **ઉપયોગ:**—(૧) **પ્રસૂતિવાત ઉપર:**—(સુવારોગ ઉપર)—અરડુસાની

* અહીં શ્રી૦ પદેજી પોતાના બૃહન્નિઘંટમાં દેશાંતરીય નામ "સં૦ કૈટર્ય. મ૦મહારૂખ,કવડયાનિંબ, ફલિત મહાનિંબ, ધાહેરાનિંબ. ગુ૦ અરડુસો. હિં૦ કૃષ્ણનિંબ, વસંગ,મહારૂંખ.બં૦ કાર્યાફલી ફા૦(ઈરાની) સંજદકરખી દુનાર. લા૦ મરેયાદિનિજી આઇ." એ આપે છે; પરંતુ શાલિગ્રામ નિઘંટમાં આ સઘળાં નામો હિં૦ મીઠાનીમ, મ૦ કડયાનીંબ અને ગુજરાતીમાં મીઠો લીંબડો (બકાણ સિવાય) એ નામો આપ્યાં છે. અરડુ-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છાલના રસમાં તેટલોજ નાળીએરનો અંગરસ અને થોડો ગોળ નાખી પાવો. પછી ત્રણ દિવસપર્યંત અરડુસાની છાલ, લીંડીપીપર, પીપળીમૂળ, સુંઠ અને મરી, એનો કાઢો મધ નાખી પાવો. (૨) **નળબંધ વાયુ ઉપર:**—અરડુસાની છાલનો રસ ગાયના દૂધમાં ઉકાળી તથા સુંઠની ભૂકી નાખી પાવો. (૩) **આમાતિસાર, સંગ્રહણી, વિષમજ્વર અને કફ ઉપર:**—અરડુસાની છાલનો કાઢો કરી પાવો. (૪) **વાળા ઉપર:**—અરડુસાનાં પાંદડાં વાટી તેનો પાટો બાંધવો. (૫) **પટકી** (કૉલેરા) **નો ઉપદ્રવ ન થવા માટે:**—અરડુસાની છાલ બારીક ન કરતાં પાણીમાં નાખી તે પાણી પીવું. (૬) **વાયુ ઉપર:**—અરડુસાના પાલાનો રસ કાઢી તે ઘીમાં પાવો. (૭) **મુસળરોગ ઉપર:**—અરડુસાનાં પાંદડાં પાણી નાખી વાટવાં ને તેનો રસ કાઢી પાવો. (૮) **વિષ ઉપર:**—અરડુસાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં આમલી ચોળી પાવો. (૯) **મુખપાક ઉપર:**—અરડુસાનાં પાંદડાંનો રસ ઘીમાં પાવો. (૧૦) **ધનુર્વાત ઉપર:**—અરડુસાનાં પાંદડાંનો બાફ આપવો, એટલે ધનુર્વાત ત્વરિત દૂર થાય છે.

૨૭ અરણી—સં૦ અગ્નિમંથ. મ૦ ટાકળી. હિં૦ અરની, અગેયુ, ગણીયારી. ક૦ નરૂમલ. ત૦ નેલીચેટ્ટુ. બં૦ ગણીર, આગગન્ત. લા૦ કલૅરોડેન્ડ્રમ પ્લોમોઇડિસ.

અરણીને એરણ પણ કહે છે. અરણીમાં નાની ને મોટી એવી બે જાતિ છે તથા ધોળી અને કાળી એવી પણ બે જાતિ છે. નાની જાતિનાં ઝાડ માથોડું દોઢ માથોડું ઉંચાં વધે છે. મોટી જાતિનાં ઝાડ ઘણાંજ ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર હોઈ તે નરવેલાનાં પાંદડાં કરતાં નાનાં હોય છે. અરણીને ફૂલોની બહાર આવે છે. તે સમયે એ ફૂલો ઉપર થઈ આવેલી વાયુની લહેર સુગંધીદાર હોઇ મનને આહ્લાદ આપે છે. ગામડાંઓમાં ખેતરની વાડ વગેરે ઠેકાણે આ ઝાડ ઘણાં થાય છે. કાળી અરણીનાં મૂળોનું તેલ કાઢે છે. દશ મૂળોમાં એનાં મૂળ આવે છે. **મોટી અરણી**—તીખી, ઉષ્ણ, મધુર, કડવી, તુરી અને અગ્નિદીપક છે. વાયુ, સળેખમ, કફ, સોજા, અર્શ, આમવાત, મલાવરોધ, અગ્નિમાંદ્ય, પાંડુરોગ, વિષદોષ, આમ તથા મેદોરોગનો નાશ કરે છે. **લઘુ અરણીનાં** મૂળ મોટી અરણીના જેવાંજ ગુણવાળાં છે; પરંતુ વિશેષ કરી લેપ, પાટો બાંધવો, એ વિષે હિતકર અને સોજાનો નાશ કરે છે* **ઉપયોગ—(૧) સોજા ઉપર:**—અરણીના પાલાનો પાટો બાંધવો. (૨) **શીતજ્વર ઉપર:**—અરણીનાં મૂળ મસ્તકે બાંધવાં. (૩) **વાધ કરડયો હોય તો:**—અરણીનો પાલો મીઠું નાખી વાટી બાંધવો. (૪) **અંડ ઉતર્યા હોય તો:**—અરણીનો પાલો વાટી ગરમ કરી અંડે પાટો બાંધવો અને તાંબાની સળીવડે પગની અનામિકાના નખ ઉપર ડામ દેવો. (૫) **જીર્ણજ્વર ઉપર:**—ધોળી અરણીનાં મૂળ વિધિયુક્ત ચોટલીએ બાંધવાં. (૬) **ત્રિદોષ-ગુલ્મ ઉપર:**—નાની અથવા મોટી અરણીનાં મૂળનો કાઢો કરી ગરમ હોય તેમાંજ ગોળ નાખી પાવો. (૭) **વસાએહ ઉપર:**—અરણીનાં મૂળનો કાઢો પાવો. (૮) **શીતપિત્ત ઉપર:**—અરણીનાં મૂળનું ચૂર્ણ ઘીમાં નાખી ખાવા માટે આપવું. (૯) **પક્ષઘાત, સંધિવાયુ અને સોજા ઉપર:**—કાળી અરણીનાં મૂળોનું તેલ કાઢી, તે તેલ દરરોજ લેપ કરતા જવું અને શેકતા જવું.

૨૮ અરલુ—સં૦ શ્યોનાક. મ૦ ડીંડા, ટેંટુ. કો૦ ટેંટવે, જગદળા, ફળફળા. હિં૦ સોનાપાઠા,

---

સાને તો **અરલુ** (ટેટુ) ના બીજા પ્રકારનું વૃક્ષ માન્યું છે. તેમજ શ્રી૦ દત્તરામ ચોબાજીએ પણ એનેજ મળતો ઉલ્લેખ કર્યો છે. વળી વનસ્પતિશાસ્ત્રના કર્તા જયકૃષ્ણ ઇંદ્રજી કહે છે કે, **અરલુ** અને **અરડુસો** (મહારૂખ) **મરમઠ** કે ટેટુ (**ટુંટુક**) (ઓરોસિલં ઈન્ડીકમ્) એ બન્ને જૂદાં વૃક્ષ છે. ત્યાં શંકા થાય છે કે, વૈદ્યરાજ રઘુનાથજીના નિઘંટસંગ્રહમાં અરલુ, અરડુસો, ટેટુ અને મહારૂખ એ બધાં એકજ વૃક્ષનાં પર્યાય નામો જોવામાં આવે છે અને ઓરોસિલં ઈન્ડીકમ્ એ તેનું બોટેનીકલ નામ ગણે છે. આથી આ મહારૂખ અને અરલુ ઓળખવામાં મોટો સંદેહ થાય છે. મારૂં મંતવ્ય તો અરલુ અને મરમઠ એ બન્ને સજાતીય ઇતર વૃક્ષ હોવાં જોઈએ અને ઉક્ત અરડુસો તે આ મહારૂખજ ત્રીજું વૃક્ષ છે. રાજનિઘંટકાર પણ એજ મુજબ ત્રણ વૃક્ષો જૂદાં ગણે છે. જુઓ કલકત્તાના રાજનિઘંટમાં પૃષ્ઠ ૧૭૨-૧૭૪.

* **નાની અરણીનું** વર્ણન આ ગ્રંથમાં આગળ આપેલું છે ત્યાં જોવું. ખેડેલા ખેતરમાં ઉગેલી અરણી વધારે ફળદ્રૂપ મનાય છે તેમ તેમાંથી અંગરસ પણ થોડી મહેનતે બહોળો નીકળે છે. એનું ફૂલ સફેદ પાંચ પાંખડીના બહારના આચ્છાદનથી ઢંકાએલું હોઈ તેમાં પાંચ પુરૂષ અને એક સ્ત્રીકેશર હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અરલુ-ટૈટું. બં૦ સોના. ક૦ શો ડીલમર, તિગડુમર, હેગ્ગુગટીમર. તૈ૦ પેદ્દામાનુ. લા૦ કેલેસાન્થેસ ઈંડીકા.

અરલુનાં ઝાડ ઘણાં મોટાં થતાં નથી. એનાં પાંદડાં કાંઈક મરીનાં પાંદડાં જેવાં હોય છે અને ડાળાં પપઇનાં ઝાડ જેવાં પોચાં હોય છે. એને શીંગો આવે છે. તે ચાર આંગળ પહોળી અને હાથ બે હાથ લાંબી હોય છે. એમાં શુમારે બસોઅઢીસો બિયાં હોય છે ને તે કપાસનાં જેવાં હોય છે. જ્યારે એની શીંગો કુમળી હોય છે, ત્યારે તેનું શાક અને અથાણું કરે છે. એ શીંગોનો આકાર આબેહુબ તલવાર જેવો હોય છે. અરલુનાં મૂળોની અંતરછાલ લીલા રંગની હોય છે. દશ મૂળોમાં અરલુનાં મૂળ આવે છે. એને "ટેંટવે" એમ પણ કોઇ કહે છે. **અરલુ:**—તુરૂં, કડવું, તીખું, ઉદ્દીપક, ગ્રાહક, શીતળ, વૃષ્ય, બલપ્રદ અને વાત, પિત્ત, સન્નિપાત, જ્વર, કફ, ત્રિદોષ, અરુચિ, આમવાત, કૃમિ, ઉલટી, ઉધરસ, અતિસાર, તૃષા, કોઢ, એનો નાશ કરે છે. પુટપાકકૃતિએ એનો રસ કાઢી ભક્ષણ કરવાથી ઘણા દિવસનો અતિસાર હોય તોપણ તેનો નાશ થાય છે. એનાં **કુમળાં ફળ**—તુરાં, મધુર, લઘુ, હૃદ્ય, રુચ્ય, પાચક, કંઠને હિતાવહ, અગ્નિદીપક, ઉષ્ણ, તીખાં અને ખારાં છે. એ ગુલ્મ, વાયુ, કફ, અર્શ, અરુચિ અને કૃમિ, એઓનો નાશ કરે છે. એનાં **જુનાં ફળ**—ગુરુ અને વાયુને કોપાવનારાં છે. **ઉપયોગ-(૧) કર્ણશૂળ ઉપર:**—અરલુનાં મૂળ લાવી બારીક વાટી, તેનાથી ચોગણું તલનું તેલ લઇ અને તેમાં તલના તેલ જેટલું પાણી નાખી ચુલા ઉપર મૂકી, થોડો થોડો દેવતા સળગાવી પાક કરી શુદ્ધ તેલ રહે એટલે તે તેલ લઈ કાનમાં પાડવું; એટલે ત્રિદોષોત્પન્ન કર્ણશૂળ દૂર થાય છે. **(૨) સર્વાતિસાર ઉપર:**—અરલુની છાલનો અંગરસ પાવો; અથવા છાલનો પુટપાક રીતે રસ કાઢી તેમાં મધ અને મોચરસનું ચૂર્ણ નાખી તે રસ પાવો. **(૩) આગંતુક વ્રણ ઉપર અને વ્રણ થઈ રકતસ્રાવ થતો હોય તો:**—અરલુની છાલ અથવા પાંદડાં વાટી બાંધવાં એટલે જખમ જલદી રૂઝાઈ જાય છે. તેમજ અરલુના રસમાં તેલ સિદ્ધ કરી તે ચોપડવું. **(૪) રકતાતિસાર ઉપર:**—અરલુનાં પાંદડાં, છાલ અને મૂળ, એનો રસ પાવો. **(૫) પ્રમેહ ઉપર:**—અરલુની છાલ વાટી પાવી. **(૬) પથરી ઉપર:**—અરલુની શીંગોમાંનાં બિયાંનું ચૂર્ણ અને પાપડીઓ ખાર (સંચોરો), એની ગોળમાં ગોળી કરી આપવી. **(૭) સર્વ પ્રકારની ગરમી ઉપર ત્વરિત ગુણ આવવા માટે:**—અરલુના ઝાડની અગર મૂળની છાલ લાવી બારીક કરી સુકવવી. પછી તેમાંથી અર્ધો તોલો અથવા વધારે છાલ લઇ તે ચારપાંચ તોલા પાણીમાં પલાળી રાખવી. ચાર ઘંડી ગયા પછી આ છાલ બારીક વાટી પહેલાનાજ પાણીમાં મેળવી તે પાણી વસ્ત્રગાળ કરી સાકર નાખી પાવું. એ પ્રમાણે સાયંકાળે પણ આપવું. દિવસ ૭. પથ્ય-ઘઉં, ઘી, સાકર, રોટલી, દાળ, વગેરે અલુણુ (મોળું) ખાવું. ભાત ખાવો નહિ. સાત દિવસપર્યંત સ્નાન કરવું નહિ. આઠમે દિવસે કડવા લીમડાના પાણીવડે સ્નાન કરી પથ્ય છોડવું. **(૮) ગરમીના રોગે આખા અંગ ઉપર ચાંદ્યો પડી હોય તે ઉપર:**—અરલુની છાલ લીલી અગર સુકાયલી ઘસી ચોપડવી, એટલે ચાંદીઓ સારી થાય છે. **(૯) ખરજવા ઉપર:**—અરલુની છાલ દહીંમાં વાટી ચોપડવી. **(૧૦) પથરી ઉપર:**—અરલુની છાલ ગોમૂત્રમાં વાટી પાવી અથવા છાલનું ચૂર્ણ ગોમૂત્રમાં આપવું. **(૧૧) મૂળ વ્યાધિ ઉપર:**—અરલુની છાલ, ચિત્રાનાં મૂળ, ઈંદ્રજવ, કરંજની છાલ, સિંધવ અને સુંઠ એનું ચૂર્ણ કઢીમાં નાખી સાત દિવસ પાવું. એટલે મૂળથી મસા ગરી પડે છે. **(૧૨) મુખપાક ઉપર:**—અરલુની છાલનો કાઢો કરી તેના કોગળા કરવા.

૨૯ અરસ—આ વનસ્પતિ બંગાળી લોકોને વધારે માહિત છે. બીજે પણ થાય છે, એમ અમને મળેલી કેટલીક માહિતી ઉપરથી અનુમાન થાય છે; પરંતુ તે અપ્રસિદ્ધ હોવાથી તેનાં નોખા નોખા દેશનાં નામો, અનુભવ, ગુણદોષ અને ઔષધિપ્રયોગ વગેરે વિશ્વાસકારક માહિતી મળતી નથી. અરસ આ એક ક્ષુપ જેવું છે. એને ડાળાઓ હોતી નથી. એને પાંદડાં એકાંતરે આવે છે. એની લંબાઈ પહોળાઇ કરતાં વધારે હોય છે. તેના બહારના છેડા ઉપર અણી નીકળેલી હોય છે. એની કિનારી સરખી હોય છે. દીંટડું મધ્યમ લંબાઇનું હોય છે. પાંદડાંનાં દીંટડાંના મૂળને લાગે ઉગી નીકળેલા લાંબા પુષ્પદંડ ઉપર ધોળા રંગનાં પાંચ અથવા છ પાંખડીનાં નાનાં નાનાં ફૂલો આવે છે. ફળ નાનાં બોર જેવડાં હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આના ગુણદોષ અને ઔષધિઉપયોગસંબંધી ખાત્રીલાયક માહિતી ફક્ત એટલીજ મળે છે કે, આનાં પાંદડાંના રસનો ઉપયોગ ગ્રંથિક શોથ (ગાંઠસંબંધી સોજો) અને સંધિવાયુ ઉપર સારો થાય છે. એ ઉપરથી એમાં વાયુનાશક ધર્મ (ગુણ) છે, એમ તર્ક કરી શકાય છે.

૩૦ અરિઠા—સં૦ અરિષ્ટ. મ૦ રીઠાકરંજ. હિં૦ રિઠા. કો૦ રીંગી. ક૦ અટાલ, અરીઠાલ. તૈ૦ કંકદુ, કુકદુ. તા૦ પુવંડી. તુ૦ નુરેકોઇ દમારા. મલા૦ આવાકાઈમાર. ગો૦ રિટચારૂકુ. ફા૦ રીંદક. હિં૦ અ૦ બુંદક. ઈ૦ સોપબેરી, સોપનટ ટ્રી. લા૦સેપિસ્ત ઇમાર્જીટસ્, સેપિંડસ્ ટ્રિફોલીએટસ્,

ભરતખંડવાસી આર્યજનોના ઉદરનિર્વાહ તથા શરીરરક્ષણને માટે દયાળુ **ઇશ્વરે** ધનધાન્ય તથા વનસ્પતિની એટલી બધી સ્વાભાવિક ઉત્પત્તિ કરી છે કે, તેઓને પરદેશીઓના હાથસામું જોવાનો કદિપણ પ્રસંગ આવેજ નહિ. આ આપણા ઉપર તેનો કેટલો બધો ઉપકાર ! પરંતુ આપણે એટલા કૃતઘ્ન, આળસુ, બેશરમ, નફટ, પેટભરા, વિષયાંધ તથા મદાંધ છીએ કે આપણને તે દયાળુ પરમેશ્વરનો સ્વાભાવિક ઉપકાર ઘણો તુચ્છ જણાય છે ! ઇંદ્રના નંદનવનમાંહેની હવા કરતાં પણ વધારે આહ્લાદકારક તથા હિતકારક હવાની સોઇ હજારો ઠેકાણે આપણને દયાળુ ઇશ્વરે આપેલી છતાં તે તુચ્છ માની **સ્વીટઝરલંડાદિ** પારકા દેશમાંનાં ઠેકાણાંનોજ આપણા રજવાડાઓને સ્વાદ લાગ્યો ! સ્ફાટિક જેવું શુભ્ર સ્વચ્છ અને અમૃતસમાન મીઠું તથા ગુણકારક ઉત્તમ પાણી આપણા દેશમાં ઠેકાણે ઠેકાણે છે, છતાં તે તરફ આપણે ડોકીઉં કરીને પણ ન જોતાં **સોડાવૉટર, બ્રાંડી** વગેરે અશુદ્ધ પેયોજ આપણા શ્રેષ્ટવર્ગને પ્રિય જણાવા લાગ્યાં ! ! **નલ-ભીમાદિ** પાકશાસ્ત્રવેત્તાઓનો સર્વ વ્યાધિહારક પાક આપણને મીઠો ન લાગતાં, ૩૦૦૦ કોશ ઉપરથી આવેલા નિષિદ્ધ માંસાદિ પદાર્થો નત્ય સેવન કરવાને **રાજકુલોત્પન્ન** કુલીનોની જીહ્વા ચેષ્ટાલિ પણ બની ! દુર્ધર વ્યાધિહારક એવી હજારો ઔષધિના ગુણાનુવાદ **ધન્વંતરિ, આત્રેય, અશ્વિનીકુમાર, પરાશર, ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ, અગ્નિવેશ, વંગસેનાદિ** મહાન **ઋષિવર્યોએ** લખી રાખેલા છતાં, એ ઔષધિને તૃણસમાન ગણી આપણે પરદેશીઓનું કાચપાત્રમાંનું અપવિત્ર તથા અહિતકારક પાણીજ જાહ્નવીતોય જેવું માન્યું ! ત્યારે ધન્ય છે આપણા શાણપણાને, ન્યાય-નીતિને, દૂરદર્શિતાને તથા અક્કલને ! આવાં વિપરીતાચરણોવડે આપણે હીન, દીન, દુર્બલ, નિશ્શકત, કંગાલ તથા અન્યમાટે મોહતાજ કાં ન થઇએ ? આપણા ઘરબારમાં તથા વનવગડામાં શું છે ? એ ન જોતાં આપણે વિષયમાંજ નિમગ્ન થઇએ ત્યારે તેનું પરિણામ વિપરીતજ આવે તેમાં શી નવાઇ !

અરિઠાનાં ઝાડ આ દેશમાં ઘણું કરી સર્વ ઠેકાણે થાય છે. આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે. એનાં પાંદડાં **ઉંબરાનાં** પાંદડાં કરતાં મોટાં હોય છે. આપણને "અરિઠા" એ વૃક્ષ યત્કિંચિત્ જેવું દેખાશે, પરંતુ એ કેવળ ભ્રમ છે. જુઓ, દયાળુ પરમેશ્વરે આપણને એ કેટલી મોટી બક્ષીસ આપેલી છે કે, આપણને અન્ય લોકોની પેઠે સાબુ તૈયાર કરવાને કદિપણ શ્રમ પડે નહિ. અરિઠા મળે તેટલા વગડામાંથી લાવ્યા કે આપણો સાબુ તૈયાર થયોજ. તે પ્રમાણે શિકેકાઇ વૃક્ષ પણ સમજવું. આ ઇશ્વરનિર્મિત સાબુ, પરદેશીઓના ચરબીમિશ્રિત નિષિદ્ધ સાબુ કરતાં સોગણો સોંઘો તથા ગુણોમાં પણ અતિશય ઉત્તમ છે; પરંતુ એવી ઇશ્વરની અમૂલ્ય બક્ષીસનો આપણે ઉપયોગ ન કરતાં તેને " કૂચ બિશાત " સમજી, ચરબીમિશ્રિત ક્ષાર મોટા પ્રેમથી આપણે મોઢે ઘસીને મોઢું ચોળતા બેસીએ છીએ; એને શું કહેવું ? અરિઠાના યોગે અંગ સ્વચ્છ થતું નથી કે શું ? ના, તેમ નથી. કેટલોએ ઉંચો તથા સુગંધી સાબુ હોય તોપણ આપણા અરિઠા અને શિકેકાઈ સાથે તેની કદિપણ બરોબરી થશે નહિ. ખસ, ચાંદીઓ વગેરે ચામડીના રોગ ધોવાને સાબુ કરતાં અરિઠાજ ઉત્તમ છે. આમ છતાં પણ અરિઠાનો ઉપયોગ ન કરતાં વધારે ખર્ચનો અને અપવિત્ર સાબુ આપણે નિત્ય શરીરે ચોળીએ છીએ ! આ કેવું વિપરીત આચરણ છે ? કેવળ અજ્ઞાનથીજ આપણે આડે માર્ગે ચાલ્યા છીએ.

અરિઠાના ફળની અંદર જે **કઠિન** અને **કાળાં બી** હોય છે, એનાં નાનાં બાળકોને નજર લાગે નહિ માટે વજરબુટ્ટા કરે છે. અરિઠાનાં બી પલાળી રાખી તેઓને છિદ્ર પાડી તેની માળાઓ કરી શોભામાટે ઘોડાના ગળામાં બાંધે છે. અરિઠાનાં પાંદડાંના રસમાં પારો ઘુંટવાથી તેની હાથમાં લેવા

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

જેવી ગોળી થાય છે. સ્વચ્છ કરેલા વાસણ ઉપર એ પારો ચોળવાથી તે વાસણ ઉપર સારો ઝળકો (ગિલિટ) બેસે છે. દાગીના વગેરે ઉજળા કરવાના કામમાં પણ સોની લોકોને અરિઠાનો દરરોજ ખપ પડે છે. અરિઠા શરીરે ચોપડી સ્નાન કરવાથી અંગ ઉપરનો મેલ નીકળી જઇ અંગ અને કેશ નિર્મળ થાય છે. મેલાં કપડાં પણ અરિઠાના પાણીમાં ધોવાથી સ્વચ્છ થાય છે. સાબુ જેવા અશુદ્ધ અને મોંઘા પદાર્થનો આ કામમાં ઉપયોગ ન કરતાં સ્વદેશમાં ઉત્પન્ન થનારા અરિઠાનોજ ઉપયોગ કરવો; એટલે સ્વકીય વસ્તુ ઉપરનું આપણું અભિમાન કાયમ રહી એકંદર બધાઓનું હિતજ થશે. **અરિઠો**—તીખો, પાકકાળે તીક્ષ્ણ, ઉષ્ણ, લેખન, ગર્ભપાતકારક, લઘુ, સ્નિગ્ધ; અને ત્રિદોષ, ગ્રહપીડા, દાહ, શૂળ એઓનો નાશ કરે છે. **ઉપયોગ (૧)** અરિઠા એ મોટો **વિષનાશક** પદાર્થ છે. સર્પદંશ થાય તો અરિઠાનું પાણી કરી તેનું આંખોમાં અંજન કરવું એટલે વિષ ઉતરે છે. વિષનું જોર ઘણુંજ વધારે હોય તો અરિઠાનું પાણી કરી તે પાવું, એટલે ઉલટી થઈ વિષ ત્વરિત ઉતરે છે. **અફીણ, વછનાગ, સોમલ, મોરથુથુ, હરતાલ** ઇત્યાદિ કોઈ પણ વિષ પેટમાં ગયું હોય તો અરિઠાનું પાણી કરી પાવું, એટલે વમન થઇ સર્વ પ્રકારનાં વિષ ઉતરે છે. અંજન કર્યા પછી અરિઠાનાં પાંદડાંના રસને પણ સર્વાંગે ચોળવો. અરિઠાના અંજનથી વિષ ઉતર્યા પછી આંખોમાં આગ (બળતરા) થાય છે અને આંખો લાલ થાય છે. તે નાશ થવાને તુરતજ આંખોમાં માખણ કિંવા તાજું ઘી બે ત્રણ દિવસ આંજવું એટલે આંખો સારી થાય છે. કોઈપણ રોગ ઉપર અરિઠાનું અંજન કર્યાથી રોગ ઉતર્યા પછી તુરતજ આંખોમાં ઘી ચોપડવું એટલે બળતરા થશે નહિ. **(૨) વિંછીના વિષ ઉપરઃ**—એક અરિઠાના ફોતરાની ગોળમાં ત્રણ ગોળીઓ કરી, પ્રથમ એક ગોળી ખાઇ ઉપર થોડું ઠંડું પાણી પીવું. પછી થોડીવાર બાદ બીજી ગોળી ખાઇ થોડું ગરમ પાણી પીવું. તે પછી ત્રીજી ગોળી ખાઈ ઠંડુ પાણી પીવું; એટલે વિષ ઉતરે છે. તંબાકુ પીવાની ટેવ હોય તો તે તંબાકુની પેઠે અરિઠો ચલમમાં નાખી ધૂમ્રપાન કરવું, એટલે તેથી પણ **વિંછીનું** વિષ તત્કાળ ઉતરે છે. **(૩) કફ જાડો થઇ છાતી ઘેરાઈ જાય તોઃ**—અરિઠાની છાલ ખાવી એટલે કફ પાતળો થઇ પડશે. **(૪) નળવાયુ ઉપરઃ**—અરિઠાનું પાણી કરી તે પાવું અને ફીણ પેટે ચોળવું. **(૫) મસ્તક-રોગ ઉપરઃ**—અરિઠાનાં પાંદડાંના રસમાં મરી ઘસી તે રસ નાકમાં પાડવો; એટલે મસ્તકશૂળ, આધા-શીશી વગેરે મસ્તકરોગનો નાશ થાય છે. **(૬) પ્રસૂત સ્ત્રીઓને એકાએક મસ્તકમાં વાયુ થઇ મસ્તક જડ થાય છે અને ફરે છે, આંખોએ અંધારાં આવે છે, દાંત ચોંટી જાય છે વગેરે લક્ષણો થાય છે, એ વાયુને નંદવાયુ (અનંતવાત) કહે છે. એ ઉપરઃ**—અરિઠાના ફીણનું અંજન કરવું એટલે વાયુના ઝાટકા બંધ થાય છે. પછી આંખોમાં માખણ અગર ઘી બેત્રણ દિવસ ચોપડવું. **(૭) ઉષ્ણતાને લીધે શરીર ઉપર લાલ અને પસરનારાં દરાજ જેવાં ચાઠાં થાય છે તે ઉપરઃ**—અરિઠાનું ફીણ ચાંદાં ઉપર દિવસમાં બેત્રણ વાર ચોપડી ઘડીવારસુધી અંજન જીરવવું. પછી ગરમ પાણીવડે તે જગા ધોઇ નાખવી એટલે તે ચાંદાં સારાં થાય છે. **(૮) તાપમાં ફરી આવ્યાથી પગે બળતરા થતી હોય તોઃ**—અરિઠાનું ફીણ ચોપડવું. **(૯) વાળા ઉપરઃ**—અરિઠાની અંદરનું મગજ અને હિંગ ગરમ કરી બાંધવી. **(૧૦) અપસ્માર ઉપરઃ**—અરિઠા લીબુંના રસમાં ઘસી તેનું નસ્ય દેવું. **(૧૧) મૂર્ચ્છા* અને તિડક ઉપરઃ**—અરિઠા ચોળી તેનું ફીણ નીકળે તે પેટે અને પગે ચોળવું અને પીવું. **(૧૨) રક્તગુલ્મ ઉપરઃ**—અરિઠાના પાણીમાં કડવી વૃંદાવનીનાં મૂળ ઘસી પાવાં, એટલે રક્તગુલ્મ ગરી પડે છે. **(૧૩) ધનુર્વાત જેવો ઢોરોને સુરડી કિંવા ધનકી રોગ થાય છે તે ઉપરઃ**—અરિઠાનું ફીણ કાઢી બંને આંખોમાં અંજન કરવું. ગુણ આવ્યા પછી ત્રણ દિવસ નિત્ય આંખોમાં માખણ ચોપડતા જવું. **(૧૪) ઢોરને સર્પદંશ થાય તોઃ**—અરિઠાના ફીણનું અંજન કરવું અને અરિઠાનું પાણી એક શેર સુધી પાવું.

---

* અહીં ભાષાન્તરકારે મ૦ મોડશીનો અર્થ કટલીક જગાએ મૂર્ચ્છા કર્યો છે અને કેટલીક જગાએ એનું એ નામ પણ અપાયું જણાય છે; પરંતુ મૂર્ચ્છાનો રોગ એનાથી જૂદો છે. મોડશીનો ખરો અર્થ ગુ૦ કોગળિયું, મરકી, મહામારી, નાખ્યું અને અંગ્રેજીમાં કૉલેરા થાય છે. તેમજ તિડકનો અર્થ હાથપગ અને કલેજામાં થતી ચટકા જેવી વેદના (તણખા નાખવા) થાય છે. સામાન્ય રીતે દરદ થાય છે એમ પણ કહેવાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૩૧ અષ્ટવર્ગ–જીવક અને ઋષભક—એ હિમાલયનાં શિખરોપર થાય છે. એ બે કંદ લસણના કંદ પ્રમાણે હોય છે. એનાં પાંદડાં બારીક હોય છે. જીવકનો આકાર કુચા જેવો અને ઋષભકનો આકાર બળદના શિંગડા જેવો હોય છે. એ બંને કંદ બલવર્ધક, ઠંડા, વીર્ય અને કફની વૃદ્ધિ કરનાર, મધુર; તથા પિત્ત, દાહ, રક્તદોષ, કૃશતા, ક્ષય, એઓનો નાશ કરે છે. **મેદા અને મહામેદા** એ બંને કંદ મોરંગ વગેરે સ્થળોમાં ઉત્પન્ન થાય છે. જે કંદ નખથી કાપી શકાય છે અને જેમાંથી મેદ ધાતુના જેવો રસ નીકળે છે તે મેદા; અને તેજ પ્રમાણે જે સફેદ કંદ હોઇ આદા જેવો હોય છે તે મહામેદા. તે પહેલાં સફેદ રંગનો હોય છે. એ બંનેના વેલા હોય છે. **મેદા અને મહામેદા**—એ ગુરુ, મધુર, વીર્યવર્ધક, સ્તન્ય (સ્તનમાં દૂધ વધારનાર), કફવર્ધક, શરીરમાં તત્ત્વની વૃદ્ધિ કરનાર, શીતળ, અને પિત્ત, રક્તદોષ, વાતજ્વર વગેરેનો નાશ કરનાર છે. **કાકોલી અને ક્ષીરકાકોલી**:—જે ઠેકાણે મેદા અને મહામેદા થાય છે તેજ ઠેકાણે કાકોલી અને ક્ષીરકાકોલીની ઉત્પત્તિ થાય છે. કાકોલી અને ક્ષીરકાકોલીના કંદ આસ્કંદના (આસન) કંદ પ્રમાણે હોય છે. તેમાંથી દૂધ ઝરે છે અને તેનો વાસ આવે છે. કાકોલીનો વર્ણ કિંચિત કાળો હોય છે અને ક્ષીરકાકોલીનો ધોળો હોય છે. બન્ને **કાકોલીઓ** શીત, વીર્યવર્ધક, મધુર, ગુરુ, શરીરમાં ધાતુની વૃદ્ધિ કરનાર; અને વાયુ, દાહ, રક્તપિત્ત શોષ, જ્વર, એનો નાશ કરનાર છે. **વૃદ્ધિ અને ઋદ્ધિ**:—વૃદ્ધિ અને ઋદ્ધિ એ બંને કંદ કોરોમાંડળ દેશમાં ઉત્પન્ન થાય છે. એના વેલા હોય છે. આ કંદને છિદ્ર હોઇ એના ઉપર ધોળા કેશ હોય છે. ઋદ્ધિનો કંઠ ગાંઠ જેવો હોઇ, એનાં ફળ વામાવર્ત હોય છે; અને વૃદ્ધિનાં ફળ દક્ષિણાવર્ત હોય છે. **ઋદ્ધિ** એ બલવર્ધક, ત્રિદોષઘ્ન, વીર્યવર્ધક, મધુર, ગુરુ, પ્રાણરક્ષક, ઐશ્વર્યકારક અને રક્તપિત્તનો નાશ કરે છે. **વૃદ્ધિ** એ ગર્ભપ્રદ, શીત, પુષ્ટિદાયક, મધુર, વીર્યવર્ધક અને રક્તપિત્ત, ક્ષત (વ્રણ), કાસ, ક્ષય, એઓનું નાશક છે. આ અષ્ટવર્ગ—પ્રતિનિધિ, રાજાને પણ દુર્લભ છે, એટલે વૈદ્યોએ તત્સમાન ઔષધ આપવું. મેદા અને મહામેદા એ ન મળે તો શતાવરી આપવી. જીવક અને ઋષભક ન મળે તો ભુય (ભુરૂં) કાળું આપવું. કાકોલી અને ક્ષીરકાકોલી, એ ન મળે તો આસ્કંદ આપવી. વૃદ્ધિ અને ઋદ્ધિ એના અભાવે ડુકર કંદ આપવો.

૩૨ અસાણા (આસન)—સં૦ હિં૦ આસન. કો૦ પાલે હસાણી. ક૦ હિરિયહોન્નેયભરનું. મ૦ અસાણા, થોર બિબલા.

એ ઝાડ મોટાં વધે છે. એનાં લાકડાં ઇમારતના કામમાં ઉપયોગી છે. અસાણાનાં પાંદડાં મોટાં હોઇ લાંબાં હોય છે. એ ઝાડ ઉપર બારીક ફળો આવે છે. કાચાં ફળોનો રંગ લીલો હોય છે. પછી પીળો થતો જઇ પાક્યા પછી કાળો થાય છે. એ ફળો સ્વાદમાં કડવાં હોય છે. અસાણાની અંતર્છાલ લાલ રંગની હોય છે. **અસાણા**–એ ભેદનીય, મૂત્ર–સંગ્રહણી અને કુષ્ઠ એનો નાશ કરે છે. (૧) **અતિસાર અને સંગ્રહણી ઉપર**:–અસાણાની છાલનું ચૂર્ણ સાકરમાં આપવું અથવા પાણીમાં છાલ વાટી પાવી.

૩૩ અસાળીઓ—સં૦ મ૦ આહલિવ. હિં૦ હાલો. ફા૦ હાલમ તુખ્મતરાતેજક. અ૦ હબુરરશાદ, હાકમ, બજરૂલ જીરજર. ઇ૦ કૉમનક્રેસ. લા૦ લેપીડીઅમ, સેટીવ્યૂમ્.

અસાળીઆનાં ઝાડ ખાનદેશમાં નદીના અથવા ઝરાના કિનારાપર વાવે છે. એ ઝાડ નાનાં થાય છે. અસાળીઆનો રંગ રાતો હોય છે. તે બારીક અને ચપટાં હોય છે. તે ઉષ્ણ, કડવાં અને પુષ્ટિદાયક છે. ત્વચાના દોષ, વાયુ અને ગુલ્મ, એનો નાશ કરનાર છે. (૧) **અસાળીઆની ખીર**—પ્રથમ દૂધ ઉકાળી તેમાં અસાળીઓ નાખવો અને તે ખીર જેવું થાય એટલે તેમાં ગોળ અથવા સાકર નાખવી, એટલે એ તૈયાર થાય છે. એ ખીર વાયુનો નાશ કરે છે અને કમરને જોરાવર અને ધાતુપુષ્ટ કરે છે. આ ખીર બાળક છોકરાંની માતાઓને વધારે દૂધ આવવાને આપે છે. (૨) **વાયુના યોગથી જુલાબ થવા લાગે તો**:—અસાળીઆનું ચૂર્ણ ખાંડમાં આપવું એટલે બંધ થાય છે. (૩) **અસાળીઆનો લેપ**:—ચામડીનો દોષ અથવા લોહી બંધ થયું હોય તો કિંવા વાયુએ કરી સાંધામાં કળતર થતું હોય તો અસાળીઓ પાણીમાં મેળવી લેપ કરવો એટલે તે ચોંટી જઇ સારૂં થાય છે. (૪) **કટીશૂળ અને ગૃધ્રસી વાયુ ઉપર**:—અસાળીઆની ખીર ગોળ અથવા સાકરમાં બનાવી

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આપવી. (૫) **હેડકી ઉપર:**—અસાળીઓ વાટી પાણીમાં પલાળી રાખી ગાળીને આપવો. (૬) **ધાતુપુષ્ટિને માટે અસાળીઆના લાડુ:**—નવું નાળીએર લઇ તેના કોપરાને ઝીણું કરી તેમાં કોપરાના પ્રમાણથી ગોળ અને અસાળીઓ નાખી, ગોળ મળી જાય ત્યાંસુધી તેનો પાક કરી, પછી ઠંડું થયા બાદ તેના લાડુ વાળી ખાવા. **બીજો પ્રકાર:**—૧૦ તોલા અસાળીઓ લઇ ઘીમાં શેકવો. પછી ઘઉંનો રવો પાકો શેર એક તથા અડદનો લોટ પાકો ૦।। શેર લઈ ઘીમાં શેકવો. પછી ઘી પાકો શેર એક લઇ, ઘી અને સાકરનો પાક કરી, તેમાં તે લોટ અને બેદાણા, (લાલ દ્રાક્ષ) બદામ, ચારોળી, પીસ્તાં, એલચી, જાયફળ, જાવંત્રી, પીપળીમૂળ, એ નાખી ચોસલાં પાડવાં અથવા લાડુ કરવા. ચોસલાં પાડવા માટ અસાળીઓ નીચે નાખી પછી તે ઉપર પાક રેડી પાડવાં. આ પાક ઠંડી ઋતુમાં ખાવો. એ સારો પૌષ્ટિક છે.

૩૪ અળઇ:—એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં પુષ્કળ થાય છે. કોકણમાં પણ ઘણાં છે. એ ઝાડ શુમારે માથોડું ઉંચું વધે છે. એનાં પાંદડાં ઘણાં મોટાં નથી હોતાં. એ પાંદડાંનો આકાર કાંઇક કુંવાડીઆંનાં પાંદડાં જેવો હોય છે. અળઇની છાલ ઘણીજ ઠંડી છે. અળઇને "ઓવી" એમ પણ કહે છે. (૧) **કોઇ પણ પ્રકારની ગાંઠ થઈ હોય તે ઉપર:**—અળઇનાં મૂળ ઘસી તેનો લેપ કરવો એટલે ત્રણ દિવસમાં ગાંઠ બેસી જશે. (૨) **મુખરોગ ઉપર:**—અળઇના ઝાડની છાલ મોઢામાં રાખવી અને મોઢું ગળતું રાખવું. (૩) **ઇંદ્રિયના અંદરના ભાગમાં ચાંદી પડે છે તે ઉપર:**—અળઇની છાલનો રસ બે તોલા કાઢી તેમાં જીરૂં અને ખડીસાકર નાખી આપવું. (૪) **મધુમેહ ઉપર:**—અળઇની છાલનો કાઢો કરી હમેશાં રાત્રે સૂતી વખતે પી જવો. (૫) **આંબ-રક્તરૂક્ત અતિસાર ઉપર:**—અળઈની છાલ વાટી આપવી. **બીજો પ્રકાર**—અળઇના ઝાડને કુહાડાથી ઘા કરી તેમાંથી જેરસ નીકળે તે બાટલીમાં ભરવો. પછી એ રસ નિત્ય સાકર સાથે આપવો; અથવા એની છાલનો કાઢો કરી ખડીસાકર સાથે આપવો.

૩૫ અળવી—સં૦ આલુક. મ૦ અળુ. હિં૦ આલુ. વ૦ ઘોપા. ક૦ ગેણસુ તૈ૦ શ્યામકુર્રા. અ૦ હુયાં, કલકાશ. ઈ૦ ગ્રેટલિવ્ડ, કેલેડીઅમ. લા૦ એરેમઈડીકમ.

અળવીના કંદ હોય છે તેમાંથી તેની ઉત્પત્તિ થાય છે. અળવીમાં અનેક જાતો છે. રાજાળુ, ધાવઅળુ, કાળાં અળુ, પાનઅળુ, રૂખઅળુ (વૃક્ષ ઉપરનું અળુ), માડીઅળુ, મુંડળેઅળુ, ગિમઅળુ અને રામઅળુ (તેરી). સર્વમાં કાળાં અળુ ઉત્તમ છે. અળવીની ભાજી સર્વત્ર પ્રસિદ્ધ છે. કેટલીક અળવીને મોટા કાંદા હોય છે અને કેટલીકને ઝીણા કાંદા હોય છે. તેને બાફી અથવા શાક કરી ખવાય છે. અળવી સાધારણરીતે શીતળ, અગ્નિદીપક, મલાવષ્ટંભક, બળની વૃદ્ધિ કરનાર તેમજ સ્તનમાં દૂધ વધારનાર છે. અળવીના સેવનથી મળમૂત્ર પણ પુષ્કળ થાય છે અને કફ તથા વાયુની વૃદ્ધિ થાય છે. અને રક્તપિત્તનો નાશ થાય છે. આ કંદમાં ધાતુ વધારવાની પણ શક્તિ છે.* (૧) **કુરષાના વિષ ઉપર:**—અળવીનો પાલો અને મરી વાટી ખાવાને આપવાં તથા ભારંગીનો રસ પાવો અને માથું વગેરે ઠેકાણે ચોળવો. (૨) **ખડક ઉપરનો કોળ કરડયો હોય તો:**—ઝાડ ઉપરનાં રાજાળુનાં મૂળ શેકીને વાટી તેની બોર જેવડી ગોળી ખાવી. ઉતાર-ઘી. (૩) **નળવાયુ અને તિડક ઉપર:**—અળવીનાં પાંદડાંનો રસ આપવો. દિવસ ૩. (૪) **વાયુના ગોળામાટે**—અળવીનાં પાંદડાં દાંડાસુદ્ધાં બાફી તેનું પાણી ઘી નાખી આપવું. દિવસ ૩. (૫) **પિત્તને માટે:**—અળવીના પાલાનો રસ જીરાની ભૂકી નાખી આપવો. (૬) **સ્તનમાં દૂધ વધારે આવવાને માટે:**—અળવીનું શાક હમેશાં ખાવું, ઘણું ખાવું નહિ. (૭) **કૃમિ ઉપર:**—રાન અળવીનો કાંદો બાળી તેની રાખ પાણીમાં અગર મધમાં આપવી. (૮) **ફોલ્લા ફુટવા માટે:**—અળવીના દાંડા બાળી તેની રાખ તેલમાં કાલવીને ચોપડવી.

૩૬ અળશી:—સં૦ અતસી. મ૦ અળશી. જ૦ અલસ. હિં૦ અલસી. ક૦ અગસી, અતસીગિડ. તૈ૦ અલસી. તા૦ અલવિરાઇ. ફા૦ તુખ્મેકતાન. અ૦ બજરૂલકતાન. ઈ૦ લિન્સીડ. લા૦ લિનિસીમિના.

* એ એક ગોળ કંદ છે. એનો સ્વાદ ફીકો છે. એ દીર્ઘપાકી (ઘણીવારે પાચન થનારા) અને આમાશયને નુકસાનકારી છે. એનો ઉતાર માંસ અને ગરમ મસાલો ચુનાની હકીમો માને છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એના છોડ હાથભર (૧॥–૨ ફુટ) ઉંચા વધે છે. અળશીનું તેલ કાઢવામાં આવે છે. તે ખાવાના ઉપયોગમાં આવે છે. આ દેશમાંથી હજારો ખાંડી અળશી દર સાલ વિલાયતમાં જાય છે. ત્યાં તેનું તેલ કાઢી તેનો રોગાન બનાવે છે અને તેજ પાછો અહીં વેચવા મોકલે છે. રોગાન ઘણોજ મોંઘો હોય છે, તેથી તે બદલ ઘણાજ પૈસા અહીંથી વિલાયતમાં જાય છે. આવી રીતે આ દેશના સેંકડો ઉદ્યોગો ડૂબવા લાગ્યા છે; પરંતુ આપણા લોકો ગાઢ અંધકારમાં હોવાથી તેઓને આવી કાંઇજ વાતો દેખાતી નથી એ મોટી શોચનીય વાત છે. લોકોએ જાગૃત થઈ આ વાતનો કંઈ પણ વિચાર કરવો, એટલે "**પથ્થર કરતાં ઈંટ સુંવાળી**" એ ન્યાય પ્રમાણે તેઓનું કાંઈક પણ હિત થશે. અળશી શેકી તેની ચટણી કરે છે તે સારી થાય છે. અળશીનાં તાજાં જીંડવાંની ચટણી ઘણી સ્વાદિષ્ટ થાય છે અને જીંડવાં અથાણામાં પણ નાખે છે. અળશીના છોડમાંથી પણ રેષા નીકળે છે; પરંતુ આળસાઇથી કિંવા બેપરવાઇથી અહીં ઘણું કરી તે કાઢતા નથી. એ રેષાઓનાં શણનાં જેવાં વસ્ત્રો થાય છે.

આ છોડ સીધો અને નાજુક હોઇ એને ઉભી સળીઓનાં બારીક, લાંબાં અને એક એકના આંતરે પાન આવે છે. તેનાપર ઉદા રંગનાં ઘંટ (ટોકરા) ના આકારનાં ફૂલો આવે છે. બીજાં ધાન્યો પ્રમાણે આનું વાવેતર કરવાથી તે ઉગે છે. એના ઉપર ગોળ દડા પ્રમાણે ફળ થાય છે. તેમાં દશ દશ ખાનાં હોઈ દરેકમાં એક એક ચકચકિત બી હોય છે. સંસ્કૃતમાં જેને "સણ" કહે છે તે ખરો 'સણ' આના રોપા ઉપરથી ઉત્પન્ન થાય છે. કેટલાક અર્વાચીન શોધકોએ આનું મૂળ ઉત્પત્તિ-સ્થાન મિસર અને કેટલાકે યૂરોપમાંના બીજા દેશ જણાવ્યા છે; અને ત્યાંથી તે હિંદુસ્તાનમાં આવી એવો પોતાનો મત બતાવ્યો છે; પરંતુ એ નિર્ણય નિરાધાર છે. ચરક અને સુશ્રુત એ પ્રાચીન ગ્રંથોમાં અળશીનો ઉમા, અતસી, ક્ષૌમ ઇત્યાદિ નામોથી ઠેકાણે ઠેકાણે ઉલ્લેખ કરેલો હોઇ ત્યારથી હમણાં સુધી સરખો ઉપયોગ કરેલો છે. તેમના કરતાં પ્રાચીન એટલે મનુ, યાજ્ઞવલ્ક્યાદિની સ્મૃતિઓમાં ઉપનયન (યજ્ઞોપવીત સંસ્કાર) પ્રકરણમાં ક્ષત્રીઓને ક્ષૌમ (અળશીના વાકનાં) વસ્ત્રો ધારણ કરવાવિષે વિધાન કરેલ છે. મહાભારત અને રામાયણમાં પણ ક્ષૌમ વસ્ત્રોનો ઠેકાણે ઠેકાણે ઉલ્લેખ દેખાય છે. (ચીનમાં "ચુમા" નામનું એક કાપડ છે તે વાક (કહોવરાવેલા રેષા–સરખુંજ હોય છે.) આઇન–ઇ–અકબરી નામના અકબરશાહની કારકીર્દિના ગ્રંથમાં બ્રહ્મચારીના વેશમાં વાકના કપડાની ટોપીનો નિર્દેશ કરેલો જણાય છે. સુશ્રુતના સૂત્રસ્થાનના ૨૫ મા અધ્યાયમાં સેવની તૈયાર કરવામાટે અળશીના સૂત્રનો ઉપયોગ કરવાસંબંધી કહે છે કેઃ–"**सण-जक्षौम सूत्राभ्यां स्नाय्वा वालेन वा पुनः**" આ સર્વ પ્રકાર ઉપરથી આ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે કે અળશીનું વાવેતર હિંદુસ્તાનમાં પ્રાચીન કાળથી થાય છે અને તેના રેષાથી વસ્ત્રો બનાવવાની પ્રણાલી (રૂઢિ)પણ પ્રાચીનકાળથી ચાલતી આવે છે; પરંતુ અહીં બસો વર્ષથી અળશીનો વાક કાઢવાનો રિવાજ બંધ પડયો છે. આ વાતબદલ અનેક પૂરાવા મળે છે.

અળશીનો ઔષધિમાં અનેક પ્રકારે ઉપયોગ થાય છે. તે સિવાય ઉદ્યોગ–ધંધાસંબંધીમાં પણ હિંદુસ્તાનને માટે તે ઘણા મહત્વની છે. તેલનો રંગ, છાપવાની શાહી, જમીન ઉપર પાથરવાનાં વેલબુટ્ટીદાર રંગીન કાપડ, કૃત્રિમ (બનાવટી) ઇન્ડીઆ રબર, તેલનાં વાર્નિશ, નરસાળુ ઈ૦ કરવાના કામમાં આનો અતિશય ઉપયોગ થાય છે. યંત્રમાં લગાડવાના કામે એ બહુજ વપરાય છે. **બેલતેલ** નામનું જે પ્રસિદ્ધ વિલાયતી તેલ બજારમાં વેચાતું મળે છે, તે અળશીનું-જ ઉકાળેલું તેલ છે. ઇંગ્લાંડમાં અળશી ઘોડાઓને ખાવા આપે છે. અળશીના લોંદા ઢોરોને ખવરાવે છે. અળશીનાં ડાંડલાં ઉપરથી જે વાક નીકળે છે તેનાં ઉત્તમ વસ્ત્ર બને છે. 'લિનન' અને 'કેમ્બ્રિજ' નામનાં વિલાયતી કાપડ અળશીના વાકથીજ બનાવે છે. લિનન કરતાં કેમ્બ્રિજ ઘણું ઝીણું અને ઉમદા હોય છે. આ કાપડ ઈંગ્લાંડમાં તૈયાર કરે છે. અળશીનાં સૂકવી રાખેલા ડાંડા કાગળ બનાવવાને ઉપયોગી થાય છે. એના લોંદા દુઝણાં ઢોરોને ખાવા આપવાથી તે ઘણા દિવસસુધી દૂધ આપે છે; અને તે દૂધ ઉપર માખણ પણ ઉમદા પ્રકારનું આવે છે. આ ઝાડમાંથી બીજા અનેક

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પ્રકારના ફાયદાવાળા ધંધા થવા જોગ છે. આપણે અહીં અળશીનું સ્વતંત્ર વાવેતર નહિ કરતાં સરસવ અથવા રાઇ સાથે તે વાવે છે; તેથી એકલી અળશી મળતી નથી. તેમાંથી સરસવ અને રાઇનું મિશ્રણ હોવાથી તેલ સારૂં નીકળતું નથી અને તે તેલમાંથી બનનારા વાર્નિશ, રંગ વગેરે પદાર્થ પણ ઉત્તમ તૈયાર થઈ શકતાજ નથી. પૂર્વે હિંદુસ્તાનથી તેલ વિલાયતમાં જતું હતું; પરંતુ તે હલકી પ્રતનું લાગવાથી તેનો ઉત્તમ ખપ નહિ જેવો થયો અને ભાવ પણ ઘણો ઓછો આવવા લાગ્યો; તેથી તેલ મોકલવું બંધ પડ્યું. આથી ફક્ત બી રવાના થાય છે. અળશીનું તેલ અને બી એનો પણ કવચિત્ ખાવા માટે ઉપયોગ થાય છે.

અળશીની મુખ્ય બે જાતો છે. એક ધોળી અને બીજી રાતી. રાતીમાં વળી નાની અને મોટી એવી બે જાતો છે. ધોળાં બીમાંથી સેંકડે ૩૫: ૧ ના પ્રમાણથી તેલ નીકળે છે. મોટી જાતિનાં રાતાં બીયાંમાંથી સેંકડે ૩૧: ૨ અને નાનીમાંથી ૨૯: ૬ આ પ્રમાણે નીકળે છે. સરાસરી સેંકડે ૩૦ ટકા પ્રમાણે એટલે ૧૦૦ મણ બીયાંમાંથી ૩૦ મણ તેલ નીકળે છે.

ઔષધિપ્રયોગ—રંગારી લોકોને સફેદ રંગનું કામ કરતાં શીશાનો અંશ પેટમાં જવાથી પેટમાં દુઃખ થાય છે, તેના ઉપર અળશીનું તેલ રામબાણ છે, એવો અનુભવ એક **ગાલેશ્કી** નામના રૂશીયન વૈદ્યે જાહેર કર્યો છે. યૂરોપમાં કવચિત જળમાર્ગનો સોજો અને કફાશયના ઉપરના ભાગનો અંદરનો સોજો સારો કરવાને ચ્હા જેવો અળશીનો ફાંટ તૈયાર કરીને આપે છે. અંગ્રેજી 'સૉલિડ ઓઇલ' ના બદલે અળશીના તેલનો ઉપયોગ થઇ શકે છે. સૉલિડ ઓઇલ પ્રમાણે અળશીના તેલમાં પણ મલમ કરી શકાય છે. સોડા અને પોટીસ મેળવીને સાબુ પણ બને છે. એની પોટીસ તૈયાર કરવાની રીત એવી છે કેઃ-અળશીના લોટ ઉપર એકદમ ખળખળતું ઉનું પાણી નાખી તે હલાવવું. ટાઢું પાણી નાખેલ પોટીસ સારી થતી નથી. હકીમોના મત પ્રમાણે અળશી પેટમાં નુકશાનકારક છે. તેટલા માટેજ તેની સાથે મધ અને ધાણા ખાવાને બતાવે છે. અળશીનું તેલ રેચક છે. અળશીની એક જાત પશ્ચિમ ઘાટ ઉપર અને કલકત્તા પાસે ઉત્પન્ન થાય છે. તેને ઉંદ્રી કહે છે એમ ડૉ૦ મંત્રીનો મત છે. **અળશી**—મધુર, સ્નિગ્ધ, કડવી, બલકારક, પાકકાળે તીખી, ગુરુ, વાતકર, કફકારક, ઉષ્ણ અને દૃષ્ટિ, શુક્રરોગ, શુક્રદોષ, પૃષ્ઠશૂળ અને પિત્ત, એઓનો નાશ કરે છે.[૧] એનાં પાંદડાંનું શાકઃ—વાત, કાસ, કફ એ ઉપર હિતકારક છે. **(૧) ઉંઘ ન આવતી હોય તોઃ**-અળશીનું અને એરંડાનું તેલ સમભાગ એકત્ર કરી કાંસાના વાસણમાં કાંસાના પાત્રવડે ખલી તેનું અંજન કરવું એટલે ઉંઘ આવે છે. **(૨) બદ કિંવા ગુમડું વગેરે પાકવા માટેઃ**—અળશીનો લોટ કરી દૂધમાં કાલવી તેમાં થોડી હળદરની ભૂકી નાખવી; અથવા પાણીમાં કાલવી હળદરની ભૂકી નાખી સારૂં બાફી, સહેવાય તેટલી ગરમ પોટીસ ગાંઠ ઉપર બાંધવી. એ પ્રમાણે ૫—૭ વાર પ્રતિવારે ગરમ બાંધવી. એ પોટીસ ઉપર ખાવાનું પાન બાંધવું. એજ પ્રમાણે શણનાં બી અને ધતૂંની પોટીસ થાય છે. **(૩) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—અળશીનું તેલ અને ચૂનાનું નીતર્યું પાણી એકત્ર કરી ચોપડવું. **(૪) મૂત્રદાહ ઉપરઃ**—અળશી ચાર તોલા લઇ તેમાં ૧૬ તોલા પાણી નાખી સારી રીતે ઉકાળી ખાવા આપવી. **(૫) ગુદામાં હરસના મસા સૂજી ત્રાસ આપતા હોય તોઃ**—અળશીનું તેલ દર વખતે ૫ તોલા પ્રમાણે દિવસમાં બે વખત લેવાથી ઝાડો સાફ થઈને મસા હલકા પડે છે. **(૬) પ્રમેહ, પેશાબની બળતરા અને મૂત્રમાર્ગના તમામ રોગ ઉપરઃ**—અળશીનો કાઢો અથવા સાકર મેળવીને અળશીનું ચૂર્ણ આપવું; અથવા અળશી અને જેઠીમધ એ ખળખળતા ઉના પાણીમાં ચાર કલાક ભીંજવી રાખી (ઉપર ઢાંકણું ઢાંકવું) અને થોડું થોડું આખો દિવસ આપવું. **(૭) છાતીમાં કફ ભરાઈ ગયો હોય અથવા ફેફસાંનો સોજો હોય તોઃ**—અળશીનો લોટ તવા ઉપર રાખીને તેનાથી શેક કરવો. **(૮) પેટમાં મરડો થાય તે ઉપરઃ**—અળશીનો કાઢો

૧ અળશી એ દૃષ્ટિ, યાચનશક્તિ અને વૃષણને નુકસાન કરે છે. એનો ઉતાર ધાણા, સિકંજિબીન અને મધ છે; પ્રતિનિધિ-મેથી અને માત્રા ૧૦ માસાની છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આપવો. (૯) **લિંગેન્દ્રિયથી લોહી પડે તે ઉપર અથવા સગર્ભા સ્ત્રીને પહેલા મહિનામાં ઉલટી અને ચક્કર આવે તે ઉપર:**—અળશીના કાઢાથી ફાયદો થાય છે.

૩૭. આકડો:—સં૦ અર્ક. મ૦ રૂઇ. હિં૦ આકડા. બં૦ આકંદ. ક૦ યકકે. તા૦ અર્ક. તુ૦ યેક્કામેલ. મલા૦ યેરિકુ. તૈ૦ નિલાજીલ્લીડે. ફા૦ ખુર્ક. અ૦ ઉષર. ઈ૦ જાઈગેંટિક્ સ્વૉલોવર્ટ.

આ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એનાં પાંદડાં જાડાં અને વડનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે. આકડો એ હવનીય દ્રવ્યોમાંહેનું એક દ્રવ્ય છે. આકડાને ફૂલ અને ફળ આવે છે. ફળ પાકવાથી અંદરથી રેશમ જેવું મૃદુ રૂ નીકળે છે. તે ઉપયોગમાં આવે છે. એના લાકડાના કોલસા ઘણા હલકા હોવાથી દારૂ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. સાધારણ અંગ દુઃખતું હોય તો આકડાનું દૂધ ચોપડે છે. એનાં પાંદડાં મૃદુ હોવાથી કેટલાંક વર્ષો પહેલાં એ પાંદડાં મોડી અક્ષરો ચિતરવાના કામમાં લેતા હતા; પરંતુ હમણાં કાગળની વિપુલતા હોવાથી તેનો ઉપયોગ કોઈ કરતું નથી. **આકડો**–સારક અને ગરમ છે; અને વાયુ, કોઢ, ખરજ, વિષ, પ્લીહા, ગુલ્મ, અર્શ, યકૃત્, શ્લેષ્મોદર, કૃમિ, એનો નાશ કરે છે.+ **ઉપયોગ:—(૧) વાયુથી અંગમાં સણકા આવતા હોય તો:**—આકડાનાં પાંદડાંનો

+ આકડાની ધોળી અને રાતી એવી બે જાતિ છે. કેટલાક ધોળા આકડાનેજ મંદારતરિકે સ્વીકારે છે; પરંતુ પંડિત નરહરિજીના રાજનિઘંટના આધારે શ્રીમાન પટેજી પોતાના મરાઠી બૃહન્નિઘંટમાં નં. ૫૫૯ તથા ૫૬૦ થી ધોળો અને રાતો એમ બે આકડા તેમજ નં ૫૬૧–૫૬૨ થી મંદાર (આકડાના બીજા ભેદ) ના પણ રાજાર્ક રાતો મંદાર અને ધોળો મંદાર એમ બે ભેદ સ્વીકારે છે. પંડિત દત્તરામજી પણ એનેજ મળતા રહે છે. (અભિનવ નિઘંટ.)

આકડો યકૃત્ અને ફેફસાંને નુકસાન કરે છે. એનો ઉતાર ધી, અને માત્રા ૩ માસાની છે; તેમજ એનું દૂધ ઉપવિષ છે.

આકડાના મૂળની છાલ આપવાથી શરીરની અંદરનો પ્રસ્વેદ (પ્રવાહી) ઘણોજ નીકળે છે. ચામડીના રોગમાં અને પેટની અંદરના અવયવ મોટા થયા હોય તથા પેટના કૃમિ, ખાંસી અને જલોદર આદિ રોગમાં ઉત્તમ અસર કરે છે. આકડાનું દૂધ આપવાથી તીવ્ર જુલાબ લાગે છે અને શરીર ઉપર ચોપડવાથી ચામડી રાતી થઇ જાય છે. એનાં ફૂલ પાચનશકિત વધારનાર, કાવત આપનાર છે. અને પેટના દર્દોનો નાશ કરે છે,એમ નિશ્ચય કરેલ છે. તેમજ ખાંસી, શ્વાસ, સળેકમ અને અરુચિમાં અપાય છે. એની જડની છાલ આકડાના દૂધમાં ભીંજવીને સુકવી લેવી. પછી આ છાલને દેવતામાં નાખી એની ધુણી શ્વાસ રોગમાં લેવાથી દર્દ મટી જાય છે. શ્લીપદ અને અંડવૃદ્ધિના રોગોમાં જડની છાલ ગાયની છાશમાં ઘસીને લગાવાથી આરામ થાય છે, એમ ચક્રદત્તમાં લખ્યું છે. મીર મહમદ હુસેન કહે છે કે:–આકડાનું દૂધ ચામડીને લાલ કરી પ્લાસ્ટર (ફોલ્લા) ઉઠાવનાર, કફને કાઢનાર, વાળનો નાશ કરનાર તથા બધી જાતમાં દૂધ જેવા રસોમાં બધાથી વિશેષ ગરમ (તેજ) ગણાય છે. ઔષધની રીતે દાદરને મટાડે, હરસને જડથી ખોવે અને દાંત પોલા પડી ગયા હોય અને દુઃખ થતું હોય તો એનું દૂધ મધની સાથે મેળવીને એમાં થોડું રૂ ભીંજવી દાંતના નીચે રખાય છે. મી૦ અબ્દુલ હમીદ કહે છે કે:–આકડાના દૂધને કોઢના રોગમાં તથા કલેજા અને બરોળ વધી ગઈ હોય તો આ પ્રમાણે આપવું. અનાજના દાણા તેમાં ભીંજવીને સુકવી તે ખાવાને આપવા. (રેચ લાગશે.) સાંધાનું દર્દ અને સોજા ઉપર ચોપડવાને દૂધ સાધારણ ઇલાજતરિકે વપરાતું આવે છે. તેમજ પાંદડાં થોડાંક શેકી તે કામમાં આવે છે. શરીરના જે ભાગમાં લકવો થયો હોય તે ભાગ ઉપર પાંદડાં તેલમાં શેકીને તે તેલ ચોળવું. વ્રણમાં અંકુર (રૂઝ) ન આવતું હોય તો સૂકાં પાંદડાંનું ચૂર્ણ નાખવાથી બહુજ જલદી અંકુર આવે છે. ડૉ૦ એન્સીલ કહે છે કે:–આકડાનાં પાંદડાં અને મૂળમાંથી જે દૂધ જેવો રસ નીકળે છે; તે સૂકાયા બાદ આપવાથી બહુજ જલદી જુલાબ લાગે છે અને શરીરને સુધારનાર ગણાય છે. તામીલ વૈદ્ય આને સફેદ કોઢમાં અત્યંત ગુણકારી માને છે. મિ૦ પ્લેફેર છાલમાં શરીર સુધારવાનો, જાગૃત કરવાનો અને શરીરમાંથી બિગાડ કહાડવાનો ગુણ બતાવે છે. ડૉ૦ ડીમક છાલમાંથી નીકળેલ દૂધ અથવા રસને સુકવી આપવાથી ઉત્તમ અને અધિક ગુણકારક કહે છે. ડૉ૦ ડંકનના મત પ્રમાણે એમાં ઉલટી કરવાનો ગુણ છે. ચરકાચાર્યે એને ભેદનીય, પ્રસ્વેદ લાવનાર, ઉલટી કરાવનાર, કફહર, યોનિદોષનાશક, પીચકારી મારવાને ઉપયોગી, અને એનાં બીજ મૂત્ર લાવનાર હોવાનું નિશ્ચય કરેલ છે. સુશ્રુત પણ કૃમિહર, વ્રણશોધક, વાતવિકારનાશક ગણાવે છે.

ઉનાળાના તાવમાં લોકો એનાં પાંદડાંને શેકીને રસ કાઢી શરીરે ચોપડી પરસેવો લાવે છે એથી તાવ જાય છે. દુઃખતા માથા ઉપર એનાં પાંદડાં ઘી ચોપડી શેકીને બાંધે છે. ઉનાળાની લુખમાં દેવતાના કોલસા ઉપર એનાં પાંદડાં ખૂબ પાથરી તેને તપવા દઈ તેનાપર દરદીને ઉભો રાખી તેના ઉપર ગાયની છાશ નાખતા જાય છે, અને તે પાંદડાં ખુંદાવે છે; આથી પણ એ લુખનો તાવ સત્વર પલાયન કરે છે આને લાંછો આપી કહે છે. આમ બુદ્ધિ-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

શેક કરવો. (૨) **ઉધરસ અને શ્વાસ ઉપર:**—આકડાનાં ફૂલમાંના કાંટા (રવાઇડાં) અને એકત્ર વાટી ગોળીઓ કરવી અને તે આપવી. અથવા આકડાની ડુંખો અને ફૂલ એકત્ર વાટી ગોળમાં પાક કરી ખવરાવવો. (૩) **કમળા ઉપર:**—આકડાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી નાકમાં તેનું ટીપું પાડવું. (૪) **આકડાના વિષ ઉપર:**—આમલીનો પાલો વાટી લેપ કરવો. (૫) **મસ્તક વાયુ ઉપર:**—આકડાનાં પાકેલાં પાંદડાં માથે બાંધવાં. (૬) **આદાશીશી ઉપર:**—આકડાનાં મૂળનો ધૂમાડો નાકે સુંઘવો. (૭) **અપસ્માર અને ચઢેલું મસ્તક ઉતરવા માટે:**—આકડાના દૂધમાં વગડાઉ છાણાંની (અડાયાંની) રાખ ભીંજવી સુકવવાં અને તે છીંકણી પ્રમાણે સુંઘવી; એટલે છીંકો આવી મસ્તક ઉતરે છે. ઉતાર–ઘી સુંઘવું. (૮) **કુતરાના વિષ ઉપર:**—આકડાનું દૂધ, ગોળ અને તેલનો લેપ કરવો. (૯) **સોજા ઉપર:**—લોહકાટ અને આકડાનાં પાંદડાં ભેંસના મૂત્રમાં વાટી સોજા ઉપર લેપ કરવો. (૧૦) **સર્વ પ્રકારના વિષ ઉપર:**—આકડાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં. આકડાનાં કુમળાં પાંદડાં ૬–૭ લેઇ તેનો રસ કાઢી ઘી નાખી પાવો. (૧૧) **ધુંટણ રહી ગયા હોય તો:**–આકડાનું દૂધ ત્રણ દિવસ ચોપડવું. (૧૨) **હરસ ઉપર:**—આકડાનાં અને આમલીનાં લાકડાંનો અગ્નિ કરી તે ઉપર અજમો નાખી તેની ધૂણી મસાને આપવી. (૧૩) **તાઢીયા તાવ ઉપર:**—આકડાનાં કુમળાં પાંદડાં પાનમાં ખાવાં. (૧૪) **કર્ણશૂળ ઉપર:**—આકડાનાં પાકેલાં પાંદડાંને ઘી ચોપડી દેવતા ઉપર શેકવાં અને તેનો રસ કાઢી તે કાનમાં પાડવો. (૧૫) **ગંડમાળા ઉપર:**—આકડાના દૂધમાં હીરાકશી અથવા કોલિંજન ઘસી લેપ કરવો. (૧૬) **ગુડઘી ઉપર:**—આકડાનું દૂધ ચોપડવું. (૧૭) **સ્તીપદ** (પગ કિંવા હાથ જાડા થાય તે) **રોગ ઉપર:**—આકડાનાં મૂળ કાંજીમાં વાટી લેપ કરવો. (૧૮) **વિંછીના વિષ ઉપર:**—આકડાનું મૂળ ઘસીને ચોપડવું. (૧૯) **મોઢા ઉપર કાળાશ હોય છે તે ઉપર લેપ:**—આકડાના દૂધમાં હળદર વાટી તેનો લેપ કરવો. (૨૦) **કર્ણશૂળ ઉપર:**—આકડાના અંકુર લાવી લીમડાના રસમાં વાટી તેમાં થોડું તલનું તેલ અને સિંધવ નાખી ગોળો કરવો. પછી થુરિયાનું લાકડું થોડું કોતરી તેમાં તે ગોળો ઘાલી તેની આસપાસ થુરિયાનાં પાંદડાં વીંટાળી તે ઉપર થોડી માટી ચોપડી પુટપાકકૃતિએ હલકો અગ્નિ દેવો. પછી તે ગોળો બહાર કાઢી પાંદડાં દૂર કરી કાષ્ઠસુદ્ધાં પીલી, રસ કાઢી તે કિંચિત્ ગરમ કરીને પછી કાનમાં પાડવો. એટલે દુસ્તર કર્ણપીડા દૂર થશે. (૨૧) **સર્પના વિષ ઉપર:**—આકડાના ઝાડનાં પાંદડાં આકડાના દૂધમાં વાટી ગોળીઓ કરવી અને તે ગોળી પ્રત્યેક ઘડીના અંતરે આપવી અથવા મૂળ ઘસી પાવાં. (૨૨) **શીઘ્ર પ્રસૂતિને માટે:**—આકડાનાં મૂળ આકડાનાં પાંદડાંમાં વીંટાળી અંબોડામાં ખોસવાં. પ્રસૂત થયા પછી તુરત છોડી નાખવા. (૨૩) **મૂત્રાઘાત ઉપર:**—આકડાના દૂધમાં બાવળની છાલનું થોડું ચૂર્ણ મિશ્રિત કરી, તે મિશ્રણ ડુંટીની આસપાસ અને પેડુએ ચોપડવું. એ યોગથી ચાર ઘડીમાં મૂત્ર છૂટશે.(૨૪)**બદ ઉપર અને હરેક ગાંઠ ઉપર અનુભવસિદ્ધ ઉપચાર:**—આકડાના દૂધમાં કાથો અને રેવંચીનો શીરો ઘસી ચંદન જેવું જાડું, ગાંઠ ઉપર દિવસમાં બે વાર એ પ્રમાણે ત્રણ દિવસ લેપ કરવો એટલે ગાંઠ નરમ પડી બેસી જશે.(૨૫)**શ્વાસકાસ ઉપર:**—આકડાનાં પાંદડાંનો રસ એક તોલો કિંવા બે તોલા પાવો; એટલે ઉલટી થઇ કફ, પિત્ત પડશે. ઉતાર–ઘી અથવા ઘી અને ભાત. (૨૬) **વાળા ઉપર:**—આકડાના દૂધનો લેપ કરવો. (૨૭) **સોજો, વાયુ અને ત્રિદોષ ઉપર:**—આકડાનાં પાંદડાં અને લોહકાટ ભેંસના મૂત્રમાં વાટી સોજા ઉપર લેપ કરવો. (૨૮) **રક્ત ગુલ્મ ઉપર:**—આકડાનાં ફૂલ તેલમાં તળી ખાવાં એટલે ગુલ્મ ઓગળી, રક્તસ્રાવ થઇ નીકળી જાય છે. (૨૯) **વાતરોગ ઉપર અર્કાદિ કવાથ:**—અર્કનાં મૂળ, ધમાસો, કરીઆતુ, દેવદાર, રાસ્ના, નગોડ, વજ, અરણી, શરગવો, લીંડીપીપર, પીપળીમૂળ, ચવક, ચિત્રો, સુંઠ, અતિવિષ, ભાંગ એનો કાઢો કરી પાવો; એટલે તીવ્ર ત્રિદોષ, વાયુ, દાંત બંધ થઇ જવા, અંગમાંનું

પૂર્વક યોજના કરવાથી આકડો મહાન ઔષધ (અમૃત)નું સ્વરૂપ ધારણ કરે છે. એનાં મૂળ ઉનાળે કાઢી રાખી તેનું ચૂર્ણ ચાર માસા ઉના પાણીમાં આપવાથી પરસેવો આવી તાવ જાય છે; તેમજ અડધો તોલો આપવાથી ઉલટી થઈ હડકાયા કૂતરાના દરદનો છાતીમાંથી વિકાર (કે.થળી) બહાર કાઢી દરદીને બચાવે છે. દરદ ગયા પછી ઘી અવશ્ય પાવું જોઈએ. ઘણીક ભસ્મો એના દૂધમાં તૈયાર કરે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

શૈત્ય (શીતાંગ), શ્વાસ, કાસ, સૂતિકારોગ અને વાતરોગ એનો તત્કાળ નાશ થાય છે. **પ્રકાર બીજો**:--ઉપર બતાવેલા કાઢામાંનાં અતિવિષ, ધમાસો, અરણી અને સુંઠ એ દ્રવ્યો બાદ કરી બાકીનાં લેવાં તથા તેમાં સાટોડી વધારી કાઢો કરી પાવો. તે સુપ્તવાત (સુવારોગ), નાના પ્રકારના વાયુ, શૈત્ય, અપસ્માર, એઓનો નાશ કરે છે. **ત્રીજો પ્રકાર**:--આકડાના મૂળ, જીરૂં, સુંઠ, મરી, લીંડીપીપર, ભારંગમૂળ, રીંગણી, કાકડાશીંગ, પુષ્કરમૂળ, એ સર્વ સમભાગ લઇ ગોમૂત્રમાં કાઢો કરી પાવો. એ કાઢો શીતાંગ, સન્નિપાત, મેદ, શ્વાસ, કફવૃદ્ધિ, ઉધરસ એઓનો નાશ કરે છે. (૩૦) **સોજા ઉપર અર્કાદિ લેપ**:--આકડાનાં મૂળ, સાટોડી અને કડવા લીંમડાની છાલ એકત્ર ઘસી લેપ કરવો અથવા એનો કાઢો પાવો અને કાઢાના પાણીવડે વારંવાર સોજો ધોવો. (૩૧) **વાતવિકાર ઉપર**:--વાયુથી ગંઠાઇ ગયેલા અંગને આકડાના દૂધનો લેપ કરી તે ઉપર રાઇનું પ્લાસ્ટર મારવું તથા ઉપર એક પાંદડું મૂકી ચોવડા કપડાથી પાટો મજબૂત બાંધવો. આ પ્રયોગથી વાયુબદ્ધ થયેલું શરીર ત્વરિત છૂટું થાય છે. (૩૨) **ઉરૂસ્તંભ ઉપર**:--આકડાનાં મૂળ ઘસી ગરમ કરી લેપ કરવો. (૩૩) **સોફોદર ઉપર**:--આકડાના એક પાકેલા પાંદડાનો રસ ઘીમાં પાવો. દિવસ ૩. પથ્ય-દૂધ અને ભાત. (૩૪) **પ્લીહોદર ઉપર**:--આકડાનાં પાંદડાં અને સિંધવ માટલામાં ઘાલી મોઢું બંધ કરી નીચે અગ્નિ સળગાવવો; પછી તે ખાર દહીંના પાણી સાથે પાવો. (૩૫) **શ્વાસ ઉપર**:--આકડાનાં મૂળીઆં, ગાંઠ અને લીંડીપીપર, એમને ખલ કરી મધમાં બોરના ઠળીઆ જેવડી ગોળીઓ કરી ખાવી. (૩૬) **ઘાટ સર્પ ઉપર**:--આકડાનાં લીલાં મૂળોની છાલ લાવી તેને મધ સાથે ખાવાના પાનમાં મૂકી તેની બીડી કરી ખાવી અથવા તે પાનના બીડાનો રસ પીવો.

૩૮ **આગીયો**--સં૰ તીક્ષ્ણાગ્નિ. હિં૰ દાદમારી. ક૰ ચુર્ચીગિડ. લા૰ એમાનિયા-વેસી કેટોરીઆ.

આગીયાનાં ઝાડ સુમારે હાથ દોઢ હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં જાઇનાં પાંદડાં જેવડાં અને આકારે પણ તેવાંજ હોય છે. એ ઝાડ ઉપર સફેદ રંગનાં નાનાં ડીટાં આવે છે. તે શરીરને અડકે તો શરીરે આગ ઉઠે છે. નાગલી, કોદરા વગેરે ધાન્યોના ખેતરમાં એ ઝાડો ઘણાં થાય તો તે આખું ખેતર બળી જાય છે; એટલી આ ઝાડની આગ હોય છે. એ ઉપરથી એનું " આગીયો " એવું નામ યોગ્ય છે. **આગીયો***--બલકર, કડવો, તીખો, વિબંધનાશક, હૃદ્ય, ઉષ્ણ, બસ્તિશુદ્ધિકારક અને રક્તપિત્ત, અરોચક વગેરેનો નાશ કરે છે. (૧) **કોદરાના વિષ ઉપર**:--આગીયાના ઝાડનો પાણી નાખી રસ કાઢવો અને તે રસ અડધો શેર સુધી આપવો. ઢોરને આપવો હોય તો ચાર શેરસુધી આપવો. ઝાડવાં સુકાયેલાં હોય તો તેને ખાંડી તેની ભૂકી કરી પાણીમાં ઉકાળી તે પાવું. (૨) **જ્વર ઉપર**:--આગીયાનાં ઝાડ, નાગરમોથ અને સુંઠ, એનો કાઢો આપવો. (૩) **લુતી ઉપર**:--આગીયાનાં સૂકાયલાં પાંદડાં તોલો ૧, કાજળીનાં સૂકવેલાં પાંદડાં તોલો ૧ અને અધેડાનાં પાંદડાં તોલો ૧ લઇ, તેની કાળી રાખ બનાવવી; અને તે કસુંબીના બીના તેલમાં ખલ કરી લગાડવી.

૩૯ **આદુ**--સં૰ આર્દ્રક. હિં૰ અદ્રક-ખ. આદા. ક૰ આલ્લ. ફા૰ જીંજીબીલવર. અ૰ જીંજીબીલઇતબ. ઇં૰ જીંજર. મ૰ આલેં.

આદુનું ઝાડ શુમારે એક હાથ ઉંચું વધે છે. તે વધવા માંડયું એટલે તેને એકલાં પથરાયલાં મૂળીઆં આવે છે. આદુ સૂકવી તેની સુંઠ કરે છે. સુંઠનું તેલ નીકળે છે. બંગાળા, મદ્રાસ અને જામેકા એટ વગેરે ઠેકાણેથી પુષ્કળ સુંઠ અહીં આવે છે. આદુ સુંઠ કરતાં સૌમ્ય છે. આદાનો પાક કરે છે તેને "આદાપાક" કહે છે. **આદુ**:-પાચક, સારક, અગ્નિદીપક, રુચિપ્રદ અને કંઠને હિતકર છે. એ સોજો, કફ, વાયુ, કંઠરોગ, ઉધરસ, દમ, આનાહ વાયુ, મલબંધ, વાંતિ અને શૂળ, એનો નાશ કરે છે.+

* આગીયો નાનો અને મોટો, એમ બે તરેહનો થાય છે.

+ કુષ્ઠ, પાંડુ, મૂત્રકૃચ્છ, રક્તપિત્ત, વ્રણ, જ્વર, દાહ, એ રોગોમાં અને ગરમીમાં તથા શરદ ઋતુમાં આદુનું સેવન વર્જિત છે; કારણ તે ભયંકર ફળ આપે છે. એનો પ્રતિનિધિ--સુંઠ અને ઉતાર કપૂર તથા મધ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૧) **આદાપાક:**—આદાનો રસ કાઢી તેમાં પાણી નાખવું, પછી સાકર નાખી પાક કરવો. તેમાં કેસર, એલચી, જાયફળ, જાવંત્રી અને લવંગ નાખી તે ભરી રાખવો. આ પાક શ્વાસ, કાસ, અગ્નિમાંદ્ય અને અરુચિ ઉપર પ્રશસ્ત છે. (૨) **અજીર્ણાદિક ઉપર:**—આદાના રસમાં લીંબુનો રસ અને સિંધવ નાખી પ્રાશન કરવું, એટલે અજીર્ણ દૂર થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે. વળી તે વાયુ, મલબદ્ધતા અને આમ-વાતનો નાશ કરે છે. (૩) **મૂર્ચ્છા-વાયુનો ઝાટકો આવે છે તે ઉપર:**-સુંઠ ઘસી અંજન કરવું. (૪) **ગ્રાનિશૂળ ઉપર:**—સુંઠની ભૂકી એરંડીઆ તેલમાં કાલવી લેપ કરવો અથવા સુંઠ અને એરંડમૂળનો લેપ કરવો. (૫) **અજીર્ણ ઉપર:**—સુંઠ અને જવખારનું ચૂર્ણ ઘીમાં અથવા ગરમ પાણીમાં આપવું. (૬) **આમવાત ઉપર:**—એરંડમૂળના રસમાં સુંઠનું ચૂર્ણ કાલવી ગોળો કરી તે ઉપર એરંડાનું પાંદડું વીંટાળી, ઉપર કપડમાટી કરી, પુટપાકકૃતિ પ્રમાણે તે ગોળો દેવતામાં પકવી, પછી બહાર કાઢી પીલી, રસ કાઢી, તેમાં મધ નાખી આપવો. (૭) **આમવાત અને પેટશૂળ ઉપર:**—સુંઠના કાઢામાં દીવેલ નાખી આપવું, તેથી આમવાત, કંમર અને પીઠ, એ ઠેકાણાનું શૂળ તેમજ સર્વાંગશૂળ અને પેટશૂળ, સારાં થાય છે. (૮) **સંગ્રહણી, આમ, પ્લીહા અને આમવાતાદિક ઉપર:**—સુંઠની ભૂકી કરી તેમાં ઘી નાખી ચટાડવું. તે ઘી સેવન કરવાથી પ્લીહા આમવાત વગેરે દૂર થાય છે, વાયુનો નાશ થાય છે અને સંગ્રહણી રોગ સત્વર જાય છે. (૯) **કાસશ્વાસ ઉપર:**—આદુનો રસ મધમાં નાખી પાવો અથવા સુંઠ અને બ્રાહ્મીનો કાઢો મધ અને સાકર નાખી પાવો. (૧૦) **વૃષ્ણવાયુ ઉપર:**-આદુનો રસ મધ નાખી પાવો, એટલે અરોચક અને સળેકમ દૂર થાય છે. (૧૧) **અતિસાર ઉપર:**—આદુનો રસ નાભિએ (ડુંટીએ) ચોપડવો, એટલે દુઃસાધ્ય અતિસાર પણ નાશ પામે છે. (૧૨) **ઉદરરોગ ઉપર:**—પાણી અને આદાનો રસ સમભાગે પાવાં. (૧૩) **અગ્નિમાંદ્ય ઉપર:**—આદુનો રસ અને લીંબુનો રસ સમભાગ લઈ તેમાં તેટલો સિંધવ મિશ્ર કરી, ભોજન પહેલાં પ્રાશન કરવું; એટલે અગ્નિમાંદ્ય દૂર થાય છે. ભોજનારંભે એ ત્રણે પદાર્થ પ્રાશન કરવાથી અગ્ન પ્રદીપ્ત થઇ જીહ્વા, કંઠ અને હૃદયની શુદ્ધિ થાય છે. સ્વરભેદ, સોજો, મલાવષ્ટંભ, શ્વાસ, કફ, ઉધરસ, વાયુ વગેરેનો નાશ કરે છે અને ધાતુવૃદ્ધિ થાય છે. (૧૪) **ગર્ભિણીના વિષમજ્વર ઉપર:**—બે અથવા ત્રણ માસા સુંઠ બકરીના દૂધમાં વાટી આપવી. (૧૫) **ભૂખ ન લાગતી હોય તે ઉપર:**—સુંઠનું ચૂર્ણ ૧ માસો બે તોલા પાણી સાથે આપવું. (૧૭) **ઉધરસ ઉપર:**—આદુનો રસ, લીંબુનો રસ અને મધ સમભાગ કરી તેમાં લીંડીપીપર નાખી દિવસમાં બે ત્રણ વખત તે મિશ્રણ આપવું. (૧૭) **જવજીર્ણ વરને માટે:**—છાશની પરાશમાં (આછમાં) સુંઠ ઘસી પાવી. દિ૦ ૨૧ (૧૮) **અમ્લપિત્તને માટે:**—સુંઠ, આંબળાં અને ખડીસાકર સારી રીતે બારીક ખલ કરી સવારમાં ખાવાં. (૧૯) **હૃદ્રોગ, અગ્નિમાંદ્ય, શ્વાસ, કાસ, અરુચિ, સળેકમ, ઉદરપાણીથકી શૂળ, એ ઉપર:**—સુંઠનો કાઢો આપવો. એથી કાંતિ, ચિત્ત અને નેત્ર પ્રસન્ન રહે છે. (૨૦) **હરસ ઉપર:**—સુંઠનું ચૂર્ણ છાશમાં નાખી આપવું. (૨૧) **નાસારોગ ઉપર:**—સુંઠ બે તોલા લઇ તે અર્ધા શેર પાણીમાં નાખી ઉકાળવી અને તે બે વખત પાવી. (૨૨) **સળેખમ ઉપર:**-આદુ અગર સુંઠ, તજ, અને ખડીસાકર એનો કાઢો આપવો. (૨૩) **અમ્લપિત્ત ઉપર:**-સુંઠનું ચૂર્ણ ૬ માસા અને ગેરૂ ૧ તોલો લઇ નાગરવેલના પાનના રસમાં ખલકરી, વટાણા જેવડી ગોળીઓકરવી. દરરોજ બેગોળીઓ સાંજસવાર દૂધઅનેપતાસામાં ખાવી. (૨૪) **પરિણામ શુળ ઉપર:**—સુંઠ, તલ અને ગોળ એકત્ર કુટી ગાયના દૂધમાં બારીને આપવાં. (૨૫) **બાળકોની આમ સંગ્રહણી ઉપર:**—સુંઠ ઠંડા પાણીમાં ચંદન સરખી ઘસી તેટલું ઘી અને ગોળ અથવા ખડીસાકર નાંખી શીજવી, ચાટણ તૈયાર કરવું; અને થોડું થોડું વખતોવખત ચટાડવું. એ મોટા માણસને પણ આપવું. (૨૬) **શ્વેત પ્રદર ઉપર:**—દરરોજ પ્રાતઃકાળે અને રાત્રે સુવાની વખતે પ્રત્યેક ૧૪ તોલા ગાયના દૂધમાં ૨૧ તોલા પાણી અને ૪ માસા સુંઠ નાખી દેવતા

આદુ રસમાં અને પાકમાં શીતલ, મધુર, ચરપરો, ગરમ અને હૃદયને હિતકારી છે. કાંજી અને સિંધાલુણ કે મીઠા સાથે આદુ પાચક, અગ્નિદીપક તથા મલબંધ અને આમવાતનું નાશક છે. એકલા મીઠા સાથે અગ્નિદીપન, રુચિકર, પ્રિય, સારક તથા સોજો, વાયુ અને કફનો નાશ કરનાર છે. ભોજનના પહેલાં ભક્ષણ કરેલ આદુ કંઠ અને જીભને શુદ્ધ કરે છે. જંબીરી લીંબુ અને સિંધાલુણ સાથે મુખની શુદ્ધિ કરે છે. જમવા અગાઉ મીઠા સાથે આદુ હમેશાં પથ્ય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપર તપાવી, પાણી બળી ૧૪ તોલા અથવા તેથી થોડું કમી દૂધ અવશિષ્ટ રહ્યા પછી તેમાંથી સુંઠના ટુકડા કાઢી નાખી, તેમાં ૪ માસા ખડીસાકરની ભૂકી મિશ્ર કરી આપવું. આ પ્રમાણે ૨૧ દિવસ સેવન કરવાથી જોસદાર શ્વેત પ્રદર પણ નક્કી નાશ થશે. **(૨૭) વીર્યવૃદ્ધિ માટેઃ**—૧ તોલો સુંઠની બારીક ભૂકી કરી, એક વાસણ દેવતા ઉપર મૂકી, તેમાં બે તોલાસુધી ઘી નાખવું. તે ઘી સારૂં તપ્યા પછી તેમાં આ સુંઠની ભૂકી નાખી લાલ થાય ત્યાંસુધી તળવી અને ૧ તોલો ગોળ ૫ તોલા પાણીમાં મેળવી, તે પાણી તેમાં નાખી, પાણી બળી જઈ શીરા જેવું થાય ત્યાંસુધી અથવા છૂટું થાય ત્યાંસુધી હલાવતા રહી પાકું કરવું. એ દરરોજ પ્રાતઃકાળે એક વખત ૧૪ દિવસ આપવું; એટલે શરીરમાંનો વાતસંચાર, શરીરમાં કળતર થવું, અગ્નિમાંદ્ય, અતિસાર, આમાંશ અને પિત્તવિકાર, એ સઘળા રોગ દૂર થાય છે. **(૨૮) આંખો દુઃખવા આવે છે તે ઉપરઃ**—સુંઠ અને કડવા લીમડાનાં પાંદડાં એકઠાં વાટી તેમાં થોડો સિંધવ નાખી તેની થેપલી કરી, તે થોડી ગરમ કરી આંખો ઉપર બાંધવી, એટલે સોજો અને દુઃખ દૂર થાય છે. **(૨૯) આદાશીશી ઉપરઃ**—પાણીમાં અગર દૂધમાં સુંઠ ઘસી તેનું નસ્ય કરાવવું અને લેપ કરવો; અથવા આદુ અને ગોળ એકત્ર કુટી તેની પોટલી કરી નાકથી તે રસ પીવો એટલે ત્વરિત ગુણ આવે છે. **(૩૦) સોજા ઉપરઃ**—સુંઠની ભૂકીની ગોળમાં ગોળી કરી સાટોડીના રસમાં અથવા કાઢામાં આપવી. **(૩૧) કટિ, ઉરૂ, પૃષ્ઠ, ત્રિક** (બરડાનું હાડકું) **માંનો વાયુ, ગુલ્મ, શૂળ, ગૃધ્રસી ઉદાવર્ત અને હનુગ્રહ ઉપરઃ**—આદુના રસમાં અથવા બીજોરાના રસમાં ઘી નાખી આપવું; **(૩૨) કફ રોગ ઉપરઃ**—સુંઠ અને તેથી ચારગણી ખડીસાકર મેળવી તેનો કાઢો કરી આપવો. (આ હૃદ્રોગ ઉપર પણ આપવો) અથવા આદુના રસમાં બમણી ખડીસાકર અથવા ગોળ નાખી ચાટણ કરી આપવું; (આથી શરદીના યોગથી જે ગચરકાં આવે છે તે દૂર થાય છે.) અથવા આદાનો રસ, મધ અને સાકર એકત્ર કરી આપવું. **(૩૩) ભાંગપર ઉતારઃ**—ગાયના દૂધમાં સુંઠ આપવી અથવા સાત વખત ઠંડા પાણીમાં ૧ તોલાસુધી સુંઠ ઘસી આપવી. **(૩૪) આંખોમાં શ્વેત ફુલ પડે છે તે ઉપરઃ**—ગાયના દૂધમાં સુંઠ ઘસી અંજન કરવું. **(૩૫) પક્ષાઘાત ઉપરઃ**—ગાયનું ઘી ૨૮ તોલા લઇ તેમાં સુંઠનું ચૂર્ણ ૨૮ તોલા નાખવું. પછી તેમાં છોલેલી લસણની કળીઓ ૨૮ તોલા નાખી જઠરાગ્નિ, બળ વગેરે જોઇ એક તોલા સુધી આપવું.એથી પક્ષાઘાત,હનુસ્તંભ,કટીભંગ, બાહુપીડા વગેરે દૂર થાય છે.**(૩૬) વાતશૂળ ઉપરઃ**–સુંઠ અને એરંડમૂળ એનો કાઢો કરી તેમાં ખાંડેલી હીંગ અને સંચળ નાખી આપવો. **(૩૭) આમાતિસાર ઉપરઃ**—૧ તોલો સુંઠ પાણીમાં ઘસી તેમાં ઘી અને ગોળ તોલો તોલો નાખી, એ મિશ્રણ સારૂં પાકું કરી ચાટણ બનાવી આપવું. **(૩૮) ઉલટી ઉપરઃ**—આદુનો અને કાંદાનો રસ એક એક તોલો મિશ્ર કરી આપવો. **(૩૯) પિત્તવિકાર ઉપરઃ**—અર્ધો તોલો સુંઠની ભૂકી તેમાં ૪ ચણોઠીભાર સિંધવની ભૂકી મિશ્ર કરી નિત્ય સૂર્યોદય પહેલાં પાણીના ઘુંટડામાં ગળાવવી. **(૪૦) બહુમૂત્ર રોગ ઉપરઃ**—આદુનો રસ અને ખડીસાકર મેળવી નિત્યબે વખત આપવો. **(૪૧) પિત્તવિકાર ઉપરઃ**–૭ તોલા ગાયનું દૂધ લઈ તેમાં અર્ધા તોલાથી એક તોલાસુધી સુંઠ ઘસવી; અને તે દૂધ બાળી ગોળી જેવી ગોળી કરી સાકર નાખી દરરોજ રાત્રે સૂતીવેળા તે ગોળી ખાવી, ઉપર પાણી પીવું નહિ. એ પ્રમાણે ઘણા દિવસ આપવું. **(૪૨) ભ્રમયુક્ત પિત્ત ઉપરઃ**—આદુનો રસ બે તોલા અને ગાયનું દૂધ છ તોલા એકત્ર કરી અડધું બાળવું; અને ખડીસાકરની ભૂકી નાખી ઉંઘતી વખતે આપવું. **(૪૩) ભ્રમયુક્ત પિત્ત ઉપરઃ**—આદુનો રસ ૨ તોલા, આમળાનો રસ ૨ તોલા, ખાંડ ૨ તોલા અને ગાયનું ઘી ૨ તોલા, એ એકત્ર કરી અડધું બળે ત્યાંસુધી ઉકાળી હમેશાં પ્રાતઃકાળે અને સાયંકાળે આપતા જવું. **(૪૪) વાતભ્રમ ઉપરઃ**—સુંઠ અથવા અજમાના ચૂર્ણની ભસ્મ આપવી. (ગાયખીર પ્રમાણે હળવેથી નાકમાં સુંઘવી.) **(૪૫) આમાંશ ઉપરઃ**—સુંઠ, વરિયાળી, ખસખસ અને મારેક, એ ઔષધો સમભાગ લઇ પ્રત્યેકના બે ભાગ કરવા. તેમાંનો એક ઘીમાં તળી પુનઃ સર્વ ઔષધો એકઠાં કરી, કુટી, બારીક ચૂર્ણ કરવું; અને સર્વ ચૂર્ણ બરોબર ખાંડ મિશ્ર કરી એ મિશ્રણ પ્રત્યેક વેળા ૧ તોલા પ્રમાણે દિવસમાં ત્રણ વખત આપવું. **(૪૬) આમવાત ઉપરઃ**—સુંઠ ૪ ભાગ અને વરિયાળી ૧ ભાગ એકત્ર કરી તેમાંથી અડધું ઘીમાં તળી પછી બધાનું ચૂર્ણ કરવું. એ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ગોળમાં મેળવી હમેશાં સેવન કરવું.(૪૭) **અરુચિ ઉપરઃ**--આદુ અને સિંધવ આપવો. (૪૮) **દંતશૂળ ઉપરઃ**--સુંઠની ભૂકી ૧ ભાગ અને ફટકડી ૨ ભાગ એકઠી કરી દિવસમાં ૨-૩ વખત દાંતે ઘસવી, એટલે જલદીથી શૂળ બંધ થઇ જાય છે. (૪૯) **સન્નિપાત જ્વરમાં મૂર્ચ્છા આવે છે તે ઉપરઃ**--સુંઠ, મરી અને લીંડીપીપર એનું ચૂર્ણ સુંઘવું. (૫૦) **દુર્જલ જ્વર ઉપરઃ**--સુંઠ અને જવખારનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૫૧) **સર્વશૂળ ઉપરઃ**--સુંઠ, સાજીખાર અને હીંગનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું, એટલે ક્ષણમાં સર્વ શૂળનો નાશ થાયછે.(૫૨)**ધાત પડે છે તે ઉપરઃ**-સુંઠના કાઢામાં હળદર અને ગોળ નાખી તે પ્રાશન કરવું. (૫૩) **અગ્નિમાંદ્ય અને કૃમિ ઉપરઃ**-સુંઠ અને વાવડીંગનું ચૂર્ણ મધમાં આપવું.

૪૦ **આમલીઃ**—સં૦ ચિંચા. મ૦ ચિંચ. હિં૦ ઇમલી, આંબલી. બં૦ આમરૂલ, તેકલ, તેંદુલ. ક૦ હુણીસે, હુણસી, હુલીમારા. તૈ૦ ચિંતાચેટુ. તા૦ પુલિયામારં, પુલિ. તુ૦ પુંકેમારા. મલા૦ આમલં, ચિંચા. અ૦ તમર હિંદી. ઇં૦ ટેમેરીંડ ટ્રી. લા૦ ટેમેરીંડસ ઇંડીકસ્. ઉડિ૦ કઆં.

આમલી **અમેરિકા, આફ્રિકા** અને **એશિયા** ખંડના ઘણાક દેશોમાં થાય છે. હિંદુસ્તાનના ઘણા ભાગોમાં એ જોવામાં આવે છે. એ ઝાડ મોટાં વધે છે. એને આઠમે વર્ષે ફળ આવે છે. આમલી મહા અને ફાગણ મહિનાઓમાં પાકી તૈયાર થાય છે. આમલીમાં જે ઠળીઆ હોય છે, તેને કચુકા-કુસકા કહે છે. આમલી ઘરખર્ચમાટે રાખી મૂકવાની હોય તો તેની અંદરના કચુકા કાઢી તેમાં મીઠું નાખી તેના ગોળા કરી રાખે છે. આમલી શાક, દાળ વગેરે ઘણા પદાર્થોમાં નાખવામાં આવે છે. આમલીમાં ખટાશ હોવાથી તે રીતસર ખાવાથી મુખને સ્વચ્છ કરે છે. ભાતમાં ખાવાને આમલીનું પનુ કરે છે. નવી આમલી કરતાં જૂની આમલી પથ્યકારક છે. * કચુકા જેને ચિંચા અથવા ચિચોડા કહે છે, તેને ગરીબ લોકો શેકીને ખાય છે. તેમાંથી ઉત્તમ પ્રકારનું તેલ નીકળે છે; પરંતુ એનું તેલ કાઢવાને લોક દુર્લક્ષ કરે છે એ કેટલું મૂર્ખપણું છે! ભાવસાર અને ભરવાડ લોક કચુકાની ખેળ કરે છે. આમલીના કુણા પાલાનું શાક કરે છે અને ફૂલોની ચટણી કરે છે. આમલીનું

* આર્ય વૈદ્યો--આમલીને ઠંડી, પાચક, ઝાડો સાફ લાવનાર તેમજ ઝાડાની કબજીઅત અને તાવમાં અત્યંત ઉપયોગી બતાવે છે. આમલીના કાતરા ઉપરની છાલની રાખ ખારની માફક ઔષધોમાં નાખે છે અને પાંદડાં સોજા ઉપર બાંધવાથી સોજો ઉતરે છે.

મખજન અલ અદવિયાનો કર્તા--આમલી લાલ અને ભુરી એમ બે પ્રકારની બતાવે છે. તેમાં રાતી ઉત્તમ છે. આમલીના ગર્ભને મુસલમાન વૈદ્યો ગ્રાહી, ખુલાસાથી ઝાડો લાવનાર, પિત્તની ઉલટીને રોકનાર અને રેચદ્વારાએ પિત્તને કાઢનાર ગણે છે. રેચના માટે આપવી હોય તો એની સાથે જેમ બને તેમ બીજાં પ્રવાહી ઓછાં આપવાં જોઈએ.. ગળાની અંદરનો સોજો દૂર કરવા આમલીના પાણીના કોગળા કરવાથી ઠીક આરામ થાય છે. ચિંચા (કુસકા, બીજ) માં પણ ગ્રાહી ગુણ છે તથા તેને વાટી પોટીસ કરી ગુમડા ઉપર બાંધે છે. (ઘણું કરી ગરમ પ્રકૃતિનાં એટલે ખીલ આદિનાં ગુમડાં ઉપરજ બાંધવી જોઈએ.) એનાં પાંદડાં પાણીમાં વાટી ગળી તે પાણી પિત્તના જોરથી આવનાર તાવ અને પેશાબની ગરમીના માટે આપે છે; અને એને વાટી પોટીસ કરી બાંધવાથી સોજો ઉતરી જાય છે તથા દર્દ ઓછું થાય છે. આંખના પોપચાના સોજા ઉપર ફૂલ (મોર)ની પોટીસ બાંધે છે અને ફૂલનો રસ દુખતા હરસમાં ઉત્તમ ફાયદો આપે છે. આમલીના ઝાડની છાલ ગ્રાહી અને પાચક છે. આમલીના ઝાડનો પવન દેશી લોક તંદુરસ્તીને નુકસાનકારક ગણે છે અને પૂરવાર કરે છે કે, આમલીના ઝાડ નીચે તંબુ ઘણા દિવસ રાખવાથી તંબુનું કપડું સડી જાય છે. એજ પ્રમાણે આમલીના ઝાડનીચે કોઈ કોઈ ઠેકાણે કયારેક બીજી જાતના છોડવા પણ નજરે પડે છે. એના ચિંચા કેટલાક લોકો શેકીને ખાય છે; પરંતુ એથી પગતોડનું દર્દ થાય છે.

ચરક સંહિતામાં—આમલીને ખાટી, પિત્ત શમાવનાર અને સારક (ઝાડો લાવનાર) ગણી છે.

ચક્રદત્તમાં ધંતુરા વગેરેનું ઝેર ઉતારવાને ખજુર, દ્રાક્ષ, આમલીનો ગર્ભ, દાડિમબીજ, ફાલસા અને આમળાં એ સમાનભાગે લઈ બારીક વાટી તેમાં પાંચગણું પાણી મેળવી ઉકાળી કાઢો કરી આપવાનું લખેલું છે. દવાતરીકે આમલીનો ગર્ભ ૧૧ તોલો અથવા એનાથી પણ વધારે ખાવાથી થોડો જુલાબ થાય છે, પાચનશકિત વધે છે અને તરસ ઓછી લાગે છે. રેચક વસ્તુઓ સાથે આમલીનો ગર્ભ આપવાથી તે તેના ગુણમાં વધારો કરે છે; પરંતુ રેવંચીના શીરાની સાથે જુલાબમાં મેળવવાથી તેની અસર કમી થાય છે.

વિસીયન લોક—પેટના મરડાના રોગમાં તથા પાચનશક્તિ વધારવામાં આમલીના ચિંચા બીજાં ઔષધો

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

લાકડું ચીકણું હોય છે, માટે તેના કુહાડી વગેરેના હાથા પણ કરે છે. આમલીના લાકડાના કોલસા પાડે છે. **આમલીનું ઝાડઃ**—ગુરુ, ઉષ્ણ, ખાટું, પિત્તકર, કફપ્રદ, રક્તકોપન અને વાતનાશક છે. **આમલીનાં ફુલઃ**—તુરાં, સ્વાદુ, ખાટાં, રુચિકર, વિશદ, અગ્નિદીપક અને લઘુ છે; તથા વાયુ, કફ, પ્રમેહ નો નાશ કરે છે. **આમલીના પાંદડાંઃ**—સોજો અને રક્તદોષનો નાશ કરે છે. **કુમળી આમલીઃ**—અતિ ખાટી, ગ્રાહક, ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક; અને રક્તપિત્ત, પિત્ત, કફ અને રક્તને કોપાવનાર તથા વાતનાશક છે. **જૂની આમલીઃ**—વાતલ અને પિત્તને કરનાર છે. **પાકી આમલીઃ**—મધુર, સારક, ખાટી, હૃદ્ય, ભેદક, મલસ્તંભક, દીપન, રુચિકર, ઉષ્ણ, રુક્ષ અને બસ્તશોધક છે; તથા વ્રણદોષ, કફ, વાયુ, કૃમિ એનો નાશ કરે છે. **સૂકી આમલીઃ**— હૃદ્ય અને લઘુ છે; અને શ્રમ, ભ્રાંતિ, તૃષા, કલમ અને કૃમિનો નાશ કરે છે. **નવી આમલીઃ**—વાત અને કફ કરનારી છે. તે એક વર્ષની હોય તો વાતપિત્તનાશક હોય છે. **આમલીની સૂકાયલી છાલનો ખારઃ**—અગ્નિમાંદ્ય અને શૂળનો નાશ કરે છે. **પાકેલી આમલીનો રસ એટલે ગરઃ**—ખાટો, મધુર, રુચિકર, વ્રણનાશક અને લેપ કરવાથી સોજા અને પંક્તિશૂલનો નાશક છે. **આમલીનું પનુઃ**— દાહ, કફને કરનાર, અતિ ખાટું તથા વાતનાશક છે. તેજ સમભાગ સાકર નાખી કરેલું હોય તો દાહ, પિત્ત અને કફનો નાશ કરે છે. **ઉપયોગઃ**— **(૧) રક્ત હરસ ઉપરઃ**—આમલીની ઉપરની ખડબચડી છાલનું ચૂર્ણ કરી તે કપડાથી ગાળી સવારે અને સંધ્યાકાળે ગાયના અધમર્યા દહીં સાથે ખાવું. **(૨) ઠંડા પ્રમેહ (પરમા) ઉપરઃ**—આમલીના ઉપલા છોડાની રાખ ૬ માસા નાળીએરના નવટાંક અંગરસમાં મેળવી દિવસમાં બે વખત આપવી. આ પ્રમાણે ૫ દિવસ આપવું. પથ્ય મોળું ખાવું **(૩) પાંડુરોગ ઉપરઃ**—આમલીની છાલની કાળી રાખ કરી ૪ તોલાપર્યંત બકરીના મૂત્રમાં એક તોલાપર્યંત રાખ નાખી આપવું. **(૪) પડજીભ ઉપરઃ**— કચુકા ઠંડા પાણીમાં ઘસી તાળવા ઉપર લેપ કરવાથી પડજીભ ઉતરી જે ઉધરસ ઉત્પન્ન થાય છે તે બંધ થાય છે. **(૫) વિંછીના દંશ ઉપરઃ**—આમલીના ઠીલા(કચુકા) શેકી અગર એમ ને એમ ઘોળા થાય ત્યાંસુધી ઘસી દંશ ઉપર ચોટાડવા. તે વેદના શોષી લઇ પછી પોતાની મેળે નીચે પડે છે. **(૬) ક્ષતકાસ (એટલે વાયુ ઉરમાં ચાંદી કરી રક્તસહિત કફ પાડે છે તે) ઉપરઃ**—કચુકા સારા શેકી ઉપરથી છાલ કાઢી નાખવી. તેની ભૂકી મધ અને તાજા ઘીમાં નાખી ખવરાવવી. **(૭) શૂળ ઉપરઃ**— આમલીની છાલની ભસ્મ ગરમ પાણીમાં નાખી પાવી, અથવા આમલીની છાલનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું. **(૮) શીતળાનો આજાર ન આવવા માટેઃ**—કચુકાનું અને હળદરનું ચૂર્ણ ઠંડા પાણીમાં નાખી પાવું. **(૯) કિંદરના વિષ ઉપરઃ**—આમલી તોલા ૪, ધુંવાસ ૨ તોલા, એ બન્ને જૂના ઘીમાં ખલ કરી ૭ દિવસ ખાવું. **(૧૦) અતિસાર ઉપરઃ**—આમલીનો પાલો ૧ તોલો ચોખાના ધોવરામણમાં વાટી, ત્રણ તોલા ધોવરામણમાં તપાવેલી ઠીકરી છમકારીને તે આપવું. **(૧૧) આંખો આવે છે તે ઉપરઃ**—આમલીનો લીલો પાલો એરંડાના પાંદડામાં બાંધી માટીએ લીંપી ભરશાળમાં બાફવો. બફાયા પછી તેનો રસ કાઢી તેમાં ફુલાવેલી ફટકડી અને ચણોઠીભાર અફીણ નાખી તવાઉપર તાંબાના વાસણથી ખલ કરી ગાળી રાખવું; અને તેમાં કપડું ભીંજવી તેની ગડી

સાથે મેળવીને વાપરે છે. સીલોનના ટાપુમાં કલેજા અને ખરોળની ગાંઠ થવામાં આમલીના મોરની એક પ્રકારની મિઠાઇ બનાવી રોગીને આપે છે. પાંદડાંને બાફીને તેનો શેક કરવામાં લે છે. આમલીના વૃક્ષનીચે સૂવાથી રોગ થાય છે અને લીંબડાના વૃક્ષનીચે સૂવાથી સર્વે રોગો અને વિશેષ કરી આમલીનીચે સૂવાથી થએલ રોગ શાંત થાય છે; એમ આપણા લોકો માને છે. એના ગુંદનો ભૂકો કરી નાસૂર ઉપર ભભરાવે છે કે જેથી ઘા તુરત ભરાઈ આવે. પાંદડાંને ઠંડા પાણીમાં ભીંજવી આંખ દુખવા આવી હોય તો તેના ઉપર અને નાસુરના ઘા ઉપર બાંધે છે. બીજાને વાટી પાણીમાં મેળવી ગાંઠ ઉપર ચોપડવાથી તે તુરતજ નરમ પડી ફુટી જાય છે.

ખરેખાત મને પિત્ત અને કફના મહાન ઉપદ્રવથી સંવત ૧૯૬૦ ની સાલમાં થએલ સંગ્રહણી જેવા ઝાડાના સાડાપાંચ માસના દરદમાં મરણપથારીએથી ઉઠાડનાર આજ મહોષધિ છે. મેં દવાતરીકે નહિ પણ અજ્ઞાનતામાં (બેફિકરાઈથી) માત્ર પંદર દિવસમાં દશ શેર આમલીના કાતરા ચાવી ખાધા હતા. આથી ઝાડામાં દુર્ગંધ નીકળી મને આરામ થયો. જે લોકો મારા આ ખોરાકને વખોડતા અને પ્રતિબંધ કરતા તથા મસ્કરી કરતા, તેઓજ તેનો આ ચમત્કાર જોઈ દિંગમૂઢ થયા હતા ને મને નવું જીવન મળ્યું હતું.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કરી તે આંખો ઉપર રાખવી. (૧૨) **અન્ન પાચન થતું ન હોય તોઃ**—આમલીના ઉપરની સૂકી છાલને વગડાઉ છાણા (અડાયા) માં બાળી રાખ કરવી અને સૂઈ રહેતી વેળાએ શુમારે છ માસાપર્યંત ખાઇ ગરમ પાણી પીવું. (૧૩) **ક્ષુધા કમી થવા માટેઃ**—આમલીના પાલાની ચટણી ખાવી. (૧૪) **હિંગળોકના વિષ ઉપરઃ**—અડધો શેર કચુકા ચારશેર પાણીમાં ઉકાળી તે પાણીના કોગળા સાત દિવસ કરવા. (૧૫) **થુરીઆના વિષ ઉપરઃ**—આમલીનો પાલો વાટી લેપ કરવો. (૧૬) **બળદનો પગ સૂજયો હોય તોઃ**—આમલીનો પાલો અને રાફડાની માટી પાણીમાં કઢવી તેની પોટલી કરી તે વડે શેકવું. (૧૭) **કર્ણશૂળ ઉપરઃ**—આમલીનો બલક ખારો હોય તે જમીન ઉપર તપાવી બાળવો અને જમીન ઉપર હાથે કાદવ ચોળી કાદવ જેવું થયા પછી તેનો લેપ કરવો. (૧૮) **આકડાના વિષ ઉપરઃ**—આમલીનો પાલો વાટી લેપ કરવો. (૧૯) **બાળકોની રક્ત સંગ્રહણી ઉપરઃ**—આમલીની છાલનું ચૂર્ણ ત્રણ માસાથી ૬ માસાપર્યંત બે તોલા અધમર્યા દહીંમાં નાખી દિવસમાં બે વખત, એ પ્રમાણે ત્રણ દિવસ આપવું. (૨૦) **ભાંગનો ઉતારઃ**—આમલી પલાળી તેનું પાણી પાઇ દેવું. (૨૧) **મોડશી (મરકી કે કૉલેરા) ઉપરઃ**—આમલી ૯ ભાગ, મિલામો ૮ ભાગ એકત્ર વાટી ઘોળી કુંગળીના રસમાં કાલવી કપડાથી ગાળી તે રસ પાવો; એટલે ઉલટી, ઝોબો બંધ થાય છે તથા જે સવિષ જંતુ હોય છે તે પણ મરી જાય છે. (૨૨) **અરુચિ અને પિત્ત ઉપરઃ**—અંદરથી પાકેલી અને દળદાર એવી આમલી લઈ તે ઠંડા પાણીમાં મસળી સાકર નાખી આપવી. પછી તેમાં એલચી દોડા, લવંગ, કપૂર અને મરી નાખી તે મિશ્રણના કોગળા વારંવાર કરવા; એટલે અરુચિનો નાશ થાય છે અને પિત્ત શમે છે. (૨૩) **પિત્ત અને બંધકોશ ઉપર આમલીનું સરબતઃ**—એક શેર આમલી બશેર પાણીમાં ચાર પ્રહર ભીંજવી રાખી, પછી તે પાણી ગાળી ઉકાળી અર્ધું બાળવું; અને તેમાં ૨ શેર સાકરની ચાસણી કરી નાખી સરબત જેવું કરીને તે દરરોજ ૨ તોલાથી ૫ તોલાપર્યંત આપવું. બંધકોશવાળાએ રાત્રે અને પિત્તવાળાએ સવારે સેવન કરવું.

૪૧ આમળાંનું ઝાડઃ—સં૦ બં૦ આમલકી. મ૦ આંવળે. હિં૦ આમલ, આમરો. ક૦ તુ૦ નલ્લીમારા. તૈ૦ ઉસદકાય, વેલ્લી. તા૦ નેલ્લીમારં. મલા૦ આમલકં, નેલ્લી. ફા૦ આમ્લઝ. અ૦ અમ્લજ. ઇ૦ એંબ્લીક મિરોબેલન. લા૦ ફિલેંથસ એંબ્લીકા.

ભરતખંડમાં આમળાંનાં ઝાડ ઘણે ઠેકાણે થાય છે. એ ઝાડ સાધારણ ઘણાં ઉંચાં હોય છે. એનાં પાંદડાં ખીજડાનાં પાંદડાં જેવાં હોય છે. એને કાર્તિકમાસમાં ફળો આવે છે. આમળાં સાધારણ સોપારી જેવડાં મોટાં હોય છે. આમળાંમાં બે જાતિ છે. રાન આમળાં અને ઘોળાં આમળાં. આમળાંનો મુરબ્બો કરે છે. તે પિત્ત ઉપર સારો છે. તેનું અથાણું પણ થાય છે. આમળાં સૂકાઇ જાય એટલે એને પણ આમળાંજ કહે છે. એ સૂકાં આમળાંને મરાઠીમાં આંવળકંટી કહે છે. આમળાંના લાકડામાંથી ઘોળો કાથો થાય છે. આંવળકંટી વાટી શરીરે ચોપડે છે. આંવળકંટીનું રાયતું પણ બને છે. વૈદકમાં જેને ત્રિફળાં કહે છે તેમાં આંવળકંટી પણ આવે છે. હરડાં, બેડાં અને આંવળકંટી (આમળાં), આ ત્રણ પદાર્થોને "ત્રિફળાં" એવી સંજ્ઞા આપેલી છે.—**આમળાં** કિંચિત્ તીખાં, સારક, મીઠાં, કડવાં, ખાટાં, તુરાં અને શીત છે. એ જરા અને વ્યાધિનાં નાશક, વૃષ્ય, કેશ્ય, હિતકર અને અરુચિનાશક છે; અને રક્તપિત્ત, પ્રમેહ, વિષ, જ્વર, વાંતિ, આધ્માન, બંધકોશ, સોજો, શોષ, તૃષા, રક્તવિકાર અને ત્રિદોષનો નાશ કરે છે. **આંવળકંટીઃ**—કડવી, તીખી, ખાટી, મધુર, તુરી, કેશ્ય, ભગ્નસંધાનકર, ધાતુવર્ધક અને નેત્રને હિતકર છે તથા શરીરે લગાડવાથી કાંતિકારક છે; અને પિત્ત, કફ, ધર્મ, મેહ, વિષ અને ત્રિદોષનો નાશ કરે છે. (૧) **ઘોળી ધૂપણી ઉપરઃ**—આંવળકંટીનાં બી પાણીમાં વાટી તેમાં સાકર અને મધ નાખી ત્રણ દિવસ આપવાં. (૨) **સર્વ જ્વર ઉપર આમલકયાદિ ચૂર્ણ અને આમલકયાદિ કવાથઃ**—આંવળકંટી, ચિત્રાનાં મૂળ, બાળહરડે (હીમજી હરડે), લીંડીપીપર અને સિંધવ, એ પાંચ ઔષધ સમભાગ લઇ ચૂર્ણ કરી લેવાથી સર્વ જ્વર નાશ પામે છે; તેમજ આંવળકંટી, ચિત્રાનાં મૂળ, બાળહરડાં અને લીંડીપીપરનો કાઢો કરી તે લેવાથી પણ તાવ દૂર થાય છે. (૩) **પિત્ત ઉપર આમળાંનો મુરબ્બોઃ**—એક શેર આમળાંને

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સોયથી બીસુધી પહોંચે તેવા પાસે પાસે ટાંચા મારી ચુનાના નીતર્યા પાણીમાં કેટલીકવાર નાખવાં; એટલે તેમાંની લાળ નીકળી જાય છે.પછી આધણ આવેલા બશેર પાણીમાં નાખી થોડાં ઉકાળવાં અને બહાર કાઢી કપડાથી લુંછી કોરાં કરવાં. પછી ખાંડ અથવા ખડીસાકરની ચારતારી ચાસણી કરી તેમાં તે આમળાં બૂડાડી રાખવાં. આ મુરબ્બો ચારપાંચ વર્ષસુધી સારીરીતે રહી શકે છે. એ મુરબ્બો ખાધાથી પિત્ત શમન થઇ પુષ્ટતા પણ આવે છે. (૪) **આમળાંની ગોળીઓ (કોચકઇ):**—સારાં આમળાંને થોડાં બાફી તેને બારીક વાટવાં. પછી તેમાં જીરૂં, મરી, લીંડીપીપર, સુંઠ, ધાણા, તજ, સિંધવ, સંચળ, હરડાં અને મીઠું, એ સઘળાંને બારીક વાટી નાખવાં અને તેની થેપલી કિંવા ગોળીએ કરી સુકવવી. આ ગોળીઓ ઘણી રુચિકર અને પાચક છે. (૫) **ખસ ઉપર:**—આંવળકંટી બાળી તે તેલમાં ખરલ કરી શરીરે ચોપડવી. (૬) **સ્વરભેદ ઉપર:**—ગાયના દૂધમાં આંવળકંટીનું ચૂર્ણ આપવું. (૭) **અશુદ્ધ અભ્રક ભક્ષણ કરવાથી થનારા વિકાર ઉપર:**—આમળાંનો રસ અથવા આમળાં પાણીમાં પલાળી રાખી ત્રણ દિવસ ખાવાં એટલે સર્વ વિકાર દૂર થશે. (૮) **ઉલટી અને શ્વાસ ઉપર:**—આમળાંનો અંગરસ મધ અને લીંડીપીપર નાખી આપવો. (૯) **રક્તપિત્તી (વાતરક્ત) ઉપર:**—આંવળકંટી એરંડતેલમાં તળી સાકર સાથે સવારસાંજ ગરમ પાણીના ઘુંટડા સાથે ફાકવી. (૧૦) **ઉલટી ઉપર:**—આંવળકંટીનું ચૂર્ણ ચંદનમાં મેળવી મધમાં આપવું. (૧૧) **પ્રમેહ ઉપર:**—આમળાંનો રસ કાઢી અથવા આંવળકંટીનો કાઢો કરી તેમાં બે માસા હળદરની ભૂકી અને મધ નાખી તે આપવું.(૧૨) **જરા ન આવવા માટે:**—આંવળકંટી પાણીમાં વાટી શરીરે લગાડી થોડીવારે સ્નાન કરવા જવું. એ પ્રમાણે નિત્યક્રમ રાખવાથી વાર્ધક્ય (વૃદ્ધપણું) આવતું નથી અને કેશ ધોળા થતા નથી. (૧૩) **આંખોમાંની આગ શાંત થવા માટે:**—આંવળકંટી અને તલ રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે વાટી આંખે ચોપડવાં. પછી એક કલાકે સ્નાન કરવું એટલે આંખો હમેશાં ઠંડી રહી આગ થશે નહિ. (૧૪) **પિત્ત ઉપર આંવળકંટીનું ચૂર્ણ**—આંવળકંટીથી બમણી સાકર અને તેથી બમણું તાજું ઘી એકત્ર કરી આપવું. (૧૫) **તાવમાં શોષ પડે છે તે ઉપર**—આંવળકંટી અને દ્રાક્ષ વાટી ઘીમાં મેળવીને ચોળવી અને તે ગોળી મુખમાં રાખવી; એટલે જીભ, તાળવું, ગળું વગેરેનો શોષ શાંત થાય છે. (૧૬) **તાવમાં અરોચક થાય છે તે ઉપર:**—આંવળકંટી, દ્રાક્ષ અને સાકરનો કલ્ક કરી તે મુખમાં રાખવો. (૧૭) **મૂત્રકૃચ્છ્ર એટલે ગરમી ઉપર**—આમળાંનો અને શેરડીનો રસ એકત્ર કરી આપવો. (૧૮) **અમ્લપિત્ત ઉપર:**—આંવળકંટીનું ચૂર્ણ કેળના કાંદાના રસમાં આપવું.(૧૯)**નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ઘીમાં આંવળકંટી તળી કાંજીમાં વાટવી અને તેનો મસ્તકે લેપ કરવો. (૨૦) **યોનિદાહ ઉપર:**—આમળાંનો રસ સાકર નાખી પાવો: (૨૧) **બહુમૂત્ર ઉપર:**—આમળીના ઝાડના પાલાનો રસ પાશેર કાઢી તેમાં દારૂહળદર મેળવવી અને તેમાં ખડીસાકર ટાંક ૯ નાખી પાવું. (૨૨) **પ્રમેહ ઉપર:**—આમળાના ઝાડના પાંદડાંનો રસ પાશેર અને છાશ પાશેર એકત્ર કરીપાવું. (૨૩) **રેચક:**—આમળાના ઝાડની છાલના રસમાં મરીની ભૂકી, પાંચ લવંગ અને ઇલાયચી વાટી આપવાં. ઉતાર—ઘી અને ભાત. (૨૪) **શરીર ઉપર પિત્ત ઉઠે છે તે ઉપર:**—આંવળકંટી રાત્રે ગોમૂત્રમાં પલાળી રાખી મૂકવી અને સવારે વાટી તેમાં નાળીએરનો અંગરસ મેળવી શરીરે ચોપડવું. (૨૫) **શરીરની કાંતિ સારી થવા માટે:**—આંવળકંટી અથવા શેકેલાં આમળાં અને ધોળા તલ એકત્ર કરી બારીક વાટી દરરોજ શરીરે ચોળવાં; અને થોડીવાર પછી ગરમ પાણીએ સ્નાન કરવું. (૨૬) **વીર્યવૃદ્ધિ ઉપર**—આમળાંનો રસ અને ઘી એકત્ર મેળવી આપવું. (૨૭) **વૃદ્ધપણું દૂર થવા માટે:**—આંવળકંટીનું ચૂર્ણ અને તલનું ચૂર્ણ સમભાગે એકત્ર કરી ઘી અને મધમાં ૨૦ દિવસ પ્રાતઃકાળમાં આપવું.(૨૮) **દિવ્ય દેહ થવા માટે:**—આંવળકંટીનું ચૂર્ણ અને આસ્કંદનું ચૂર્ણ સમભાગે ઘી અને મધ સાથે શિશિર ઋતુમાં આપવું. (૨૯) **નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—આંવળકંટી ઘીમાં શેકી પાણીમાં વાટી મસ્તકે લેપ કરવો. (૩૦) **મસ્તકશૂળ ઉપર:**—આમળાંનું ચૂર્ણ, ઘી અને સાકર એકઠાં કરી પ્રાતઃકાળમાં ખાવું. (૩૧) **પિત્તશૂળ ઉપર:**—આમળાંનું ચૂર્ણ મધમાં આપવું. (૩૨) **મૂર્ચ્છા ઉપર**—આમળાંનો રસ ઘી નાખી પાવો. (૩૩) **રક્તપિત્ત ઉપર:**—આંવળકંટીનું ચૂર્ણ સાકર અને ઘીમાં આપવું અથવા આમળાંનો

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કે હરીતકી (હરડે) નો મુરબ્બો આપવો. (૩૪) **ઇંદ્રિય લાલ થઈ હોય તોઃ**—આંવળકંટી માસા ૩, સંચળ માસા ૨, સિંધવ તોલા ૨, એનું ચૂર્ણ કરી તે પાશેર પાણીમાં શક્તિ પ્રમાણે આપવું. (૩૫) **રક્તાતિસાર ઉપર**—આંવળકંટીના અંગરસમાં મધ, ઘી અને દૂધ મેળવી આપવું. (૩૬) **અમ્લપિત્ત ઉપરઃ**—આંવળકંટી ૧ તોલો રાત્રે પાણીમાં ભીંજવી રાખવી. બીજે દિવસે સવારમાં તેમાં ૩ માસા સુંઠ અને એક માસો જીરૂં નાખી બારીક વાટી ગોળી કરવી. તે ગોળી સાત તોલા દૂધમાં મેળવી, તેમાં બે તોલા ખડીસાકર નાખી તે દૂધ પાવું. (૩૭) **બાળકોના અતિસાર ઉપરઃ**—આંવળકંટી, ચિત્રો, બાળહરડાં, લીંડીપીપર અને સંચળ એનું ચૂર્ણ કરી તે હમેશાં સવારે અને રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં શક્તિ પ્રમાણે આપવું. (૩૮) **પિત્તવિકાર ઉપરઃ**—આંવળકંટી ૧ તોલો આખી રાત કલઈના વાસણમાં પલાળી રાખી સવારે વાટી સાત તોલા ગાયના દૂધમાં મેળવી તે પાવું; એટલે પિત્તવિકાર દૂર થઇ શક્તિ વધે છે. (૩૯) **કમળાના રોગ ઉપરઃ**—આંવળકંટી, હળદર અને ગેરૂ મેળવી એનું અંજન કરવું. (૪૦) **ધાતુપુષ્ટિને માટેઃ**—આંવળકંટી અને ગોખરૂ એ પ્રત્યેકનું ચૂર્ણ બે માસા અને ગળોનું સત્ત્વ ૧ માસો, એ ઘી અને સાકરમાં નાખી રોજ સવારે ખાવું એટલે ધાતુ-સ્થાનની ઉષ્ણતા જઈ તે પુષ્ટ થાય છે. (૪૧) **ધોળી ધૂપણી ઉપરઃ**—આમળાંનો રસ અથવા ચૂર્ણ મધમાં આપવું.

૪૨ આલુઃ—સં૦ અચ્યુતવૃક્ષ. હિં૦ મ૦ આલ.

એ ઝાડને મુસલમાની ભાષામાં "સુરંજી" કહે છે. એ ઝાડ ઘણાં વર્ષ રહ્યાથી હશીઆના ઝાડ જેવડું થાય છે. એનાં પાંદડાં હશીઆનાં અથવા મહુડાનાં પાંદડાં જેવાં હોય છે. એને બારે માસ ધોળા રંગનાં અને થોડી મધુર વાસવાળાં ફૂલ આવે છે. એનાં ફળો હશીઆનાં ફૂલ જેવાં હોય છે; તેને કોઇ કોઈ મીઠામાં આથે છે. આ ઝાડની ઉત્પત્તિ ખાનદેશ અને વરાડ પ્રાંતમાં ઘણી થાય છે. એનાં મૂળીઆંનો રંગ નીકળે છે. આલનાં ઝાડ રંગમાટે તૈયાર કરતાં ત્રણ વર્ષ લાગે છે. વરાડમાં એનાં મોટાં મોટાં ખેતરો હોય છે. એનાં મૂળમાં જેટલાં બારીક મૂળો હોય છે, તેટલો તેનો રંગ સારો નીકળે છે. એ મૂળોનો પાકો ખારવી રંગ થાય છે. શેત્રંજી, પછેડી વગેરે એના રંગમાં રંગાય છે.

૪૩ આલુઃ—સં૦ ક૦ આરૂક. મ૦ હિં૦ આલુ-બુખાર. ફા૦ આલુસ્યા. અ૦ ઇજ્જાસુ. ઈં૦ ચેરિપ્લમ. લા૦ પ્રુનસ બોખેરિયનસિસ.

આલુના ઝાડની ઉંચાઈ શુમારે ૧૦ હાથ હોય છે. એ ઝાડો પર્શીઆ, અરબસ્તાન અને ગ્રીસ એ ઠેકાણે થાય છે. ત્યાંથી એ ફળો અહીં આવે છે. એ ફળનો આકાર દીર્ઘ વર્તુળાકાર હોઇ તે એક બાજુએ ફુલેલો હોય છે. તેનો રંગ બહારથી રાતો કાળો હોય છે. અંદરનો ગર્ભ પીળો હોય છે. એનાં બી સુંવાળાં અને ચળકતાં બદામ જેવી આકૃતિનાં હોય છે. એ ફળ સારૂં પરિપક્વ થયાથી એનો સ્વાદ ખાટો, મીઠો, રુચિકર અને શરીરને હિતાવહ છે; પરંતુ એ ફળ ઘણાં ખાવાથી પેટમાં વાયુ, મરડો થઇ સંગ્રહણી થાય છે. **આલુઃ**—ગ્રાહક, તુરૂં, હૃદ્ય, શીત, જડ, મલસ્તંભક, ગ્રાહી, ભેદક, ઉષ્ણ અને કફ-પિત્તનો નાશ કરનાર, પાચક, ખાટું, મધુર, મુખપ્રિય તથા મુખને સ્વચ્છ કરનાર છે; અને મેહ, ગુલ્મ, અર્શ, રક્તવાત, એઓનું નાશક છે. તે પાકવાથી મધુર અને જડ છે અને કફ તથા પિત્ત કરનાર, ઉષ્ણ, રુચિકર, ધાતુવર્ધક, પ્રિય અને મેહ, અર્શ, જ્વર, વાયુ એમનો નાશ કરે છે.* (૧) **મલબદ્ધતા ઉપરઃ**—આલુ પાણીમાં ઘસીને પાવાથી પેટ સાફ આવે છે. (૨) **રેચ થવા માટેઃ**—આલુ ધીમા તાપે ચાર કલાકસુધી પાણીમાં બાફી પછી તેને બે નેતરની ચારણીઓ વચ્ચે દબાવી તમામ પાણી કાઢી નાખવું. પછી તે કુચા વાસણમાં રાખી મંદ અગ્નિપર બળે નહિ તેમ સુકવવા. પછી ખાંડી રાખવા અને રેચમાટે આપવા. (૩) **શોષ ઉપરઃ**— આલુ મુખમાં રાખવું.

* પાદડાં અને ફૂલ વગેરેના ભેદથી આલુ ચાર જાતનાં છે. ઘણું કરીને એ બુખારા તરફથી આવે છે; માટે એને આલુબુખારા કહે છે. એનાં બીજ તાદૃશ બદામનાં બીજ જેવાંજ પરંતુ કાંઈક નાનાં હોય છે. એથી ગાંધી લોકો એને પણ બદામનાં મીંજતરિકે વેચે છે. એનો પ્રતિનિધિ આમલી છે. એ આમાશય અને સ્નાયુને નુકસાન કરે છે. એનો ઉતાર ૩મીમસ્તકી છે. એની માત્રા ૫ દાણાથી છેવટ ૨૦ દાણાસુધી છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૪૪ આવળ—સં૦ અર્બૂર, શરત્પુષ્પ. મ૦ તરવડ, અવિરામ. ખા૦ આંવળી, ચાંભારઆંવળી. હિં૦ ખખસા, રગ. ક૦ હોન્નવરી, હોન્નરિકે. તૈ૦ નાંધેડૂ. તા૦ અવારાઇ. ઈ૦ ટેનર્સ કેશિયા. લા૦ કેશિયા ઑરિકયુલેટા.

આવળનાં ઝાડ સાધારણ ત્રણચાર હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં કુંવાડીઆનાં પાંદડાં જેવાં થાય છે. એને પીળા રંગનાં ફૂલોના ગુચ્છા આવે છે. એની શીંગો ચપટી હોઇ વેંતભર લાંબી હોય છે. આ ઝાડો ગામડાંમાં ઘણાં થાય છે. કોકણમાં આવળ જોવામાં આવતી નથી. મહારાષ્ટ્રના કેટલાક ભાગમાં એને "ચાંભારતરવડ" પણ કહે છે. આવળની છાલ ચામડાં રંગવાના કામમાં ઉપયોગી છે. એનાં લાકડાં બાળવાના કામમાં આવે છે. **આવળ**:—કડવી, શીતળ અને આંખોને હિતકારક છે. તે પિત્ત, દાહ, મુખરોગ, કોઢ, જંતુ (કૃમિ), અતિસાર, સોજો, શૂળ, વ્રણ અને તાવનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) ગર્ભિણીની ઉલટી ઉપર**:—આવળનાં ફૂલ ૧ તોલો ગાયના દૂધમાં વાટી તેમાં સાકર ૧ તોલો નાખી તે પાવાં. **(૨) પગ કિંવા ઢીંચણ મોચવાયો હોય તે ઉપર તથા સોજા ઉપર**:—આવળનાં પાંદડાં ઉનાં કરી તે પેંડો બાંધવો. **(૩) બાળકોની મોડશી ઉપર**:—આવળનાં અને રીંગણીનાં મૂળોની છાલ ઘસી પાવી. **(૪) ગુડધી અને વાઘ કરડયો હોય તો તે ઉપર**:—આવળનો પાલો અને સોમલ, એનો થુંકમાં ખલ કરી લેપ કરવો. **(૫) ઉપદંશ ઉપર**:—આવળનો પાલો ૧ મુઠી અને ખીજડાનો પાલો એક મુઠી વાટી તેમાં થોડું જીરૂં અને ધાણા નાખી ૭ દિવસ પાવો. **(૬) આંખોમાં ફુલ પડે છે તે તથા છારી વળે છે તે ઉપર**:—આવળનાં બી મોગલીએરંડાના દૂધમાં ઘસી અંજન કરવું. **(૭) મૂત્રાઘાત ઉપર**:—આવળનાં બીજ પાણીમાં વાટી પાવાં અને ડુંટી ઉપર લેપ કરવો.

૪૫ આશા—એ ઝાડો કોકણમાં અને બંગાળા પ્રાંતમાં પુષ્કળ થાય છે. ત્રાવણકોર પ્રાંતમાં જૂનાં ઝાડોનાં ગર્ભમાંનાં લાકડાંમાંથી તામીલલોકો એક જાતનો રંગ તૈયાર કરે છે. એનાં પાંદડાંનો રસ ઘણોજ કડવો છે. **(૧) બાળકોની પીડ અને જંતુ (કૃમિ) ઉપર**:—એનાં પાંદડાંનો રસ એક ચમચો ભરી લઇ તેમાં થોડું કેસર નાખી તે ત્રણ દિવસ પાવો; એટલે ઝાડો સાફ થઇ બાળકોને અન્ન સારી રીતે પચી મોઢાપર લાલી આવે છે.

૪૬ આશેત્રી (આસુંદરો)—સં૦ અશ્મંતક. મ૦ આપટા. કોં૦ સિદ્ધ. હિં૦ સિરહટા, અસિમિલૌશ. ક૦ અસ્મર, આરી, આસુ. લા૦ મિલાઇના આર્બોરિયા.

આ જંગલી ઝાડ છે. આનાં પાંદડાં કચનારનાં પાંદડાં જેવાં હોય છે; પરંતુ આનાં પાંદડ તે પાંદડાં કરતાં જાડાં અને મોટાં હોય છે. એને લાંબી શીંગો આવે છે. એનું લાકડું બાળવામાટે ઘણું ઉપયોગી થતું નથી. એનાં પાંદડાં તંબાકુની બીડી બનાવવાના કામમાં ઉપયોગી થાય છે. એ નિરર્થક અને નિર્લજ્જ વ્યસનથી લોકોને અતિશય નુકસાન થાય છે; પરંતુ આ પ્રચાર હમણાં ઘણે ભાગે વધી ગયો છે. આ વ્યસન જ્યારે આપણા લોકોમાંથી નાશ પામશે ત્યારેજ આપણો સુદિન પ્રાપ્ત થયો એમ સમજવું જોઇએ. એની અંતરછાલના બંદુકના ટોટા થાય છે. તે આ છાલ સારી બાફી રેસાવાળી કૂટીને કરે છે. એની અંતરછાલનાં મજબૂત અને ટકાઉ દોરડાં પણ થાય છે. એની શીંગ બાળગુટીમાં ઘસીને આપે છે.* **આશેત્રી**:—તુરૂં, ખાટું, શીતળ તથા ગ્રાહક છે; અને વાત, પિત્ત, કફ, મેહ, દાહ, તૃષા, વિષરોગ, વાંતિ, પિશાચબાધા, ગંડમાળ, વ્રણ, વિષમજ્વર, કંઠરોગ, રક્તવિકાર, ગલગંડ તથા અતિસારનો નાશ કરે છે. એની શીંગો તુરી, શીતલ, ગ્રાહક, સ્વાદુ, રુક્ષ, ગુરુ, દોષદ્રાવક, મલરોધક, આધ્માનકર્તા અને કફ તથા વાયુનો નાશ કરે છે. **(૧) વાતગુલ્મ અને શુળ ઉપર**:—આશેત્રીના પાલાના રસમાં મરીની ભૂકી અને તલનું તેલ સાત ટીપાં નાખી આપવું.

* એ ઝાડને દક્ષિણીલોક કંચનનું ઝાડ પણ કહે છે. આ ગ્રંથની ત્રણ આવૃત્તિઓમાં આસુંદરો એવા નામથી સાજડને ઓળખાવેલ હતું; પરંતુ એ દરેક નિઘંટો તેમજ પદેજીના ઉલ્લેખથી વિરુદ્ધ હોવાથી તેમાં ખાસ ભૂલ થવાની સાબીતી મળે છે. પદેજીના નિઘંટથી તેમજ મરાઠી વનૌ૦ ગુણ૦ થી તો આશેત્રીનુંજ બીજું નામ આસુંદરો સિદ્ધ થાય છે. ગુજરાતી અમૃતસાગરના પ્રકાશક શ્રી૦ ત્રિભોવનદાસ પણ એજ મુજબ સ્વીકારે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૨) **પરમીઆ** (પરમા) **ઉપર:**—આશેત્રીનો પાલો રાત્રે પાણીમાં પલાળી રાખવો અને સવારમાં તેનો ચાર પૈસાભાર રસ કાઢી તેમાં બે પૈસાભાર ખડીસાકર નાખી આપવો. (૩) **પ્રસૂતિ જલદીથી ન થતી હોય તો:**—એક નાના છોકરાને નગ્ન કરી સ્નાન કરાવવું અને તેની પાસે આશેત્રીના ઝાડની છાલ, તે ઝાડ ઉપર તેની છાયા પડવા ન દેતાં દાંતોથી ઉખડાવવી. તે છાલ તેણે તેવીજ મુખમાં રાખી લાવી પ્રસૂત થનારી સ્ત્રીના માથા ઉપર થુંકી નાખવી એટલે પ્રસૂતિ થશે. (૪) **શોફોદર ઉપર:**—આશેત્રીનો પાલો, કારેલીનો પાલો અને ભાંગરો, એ ત્રણે સમભાગ લઇ વાટી રસ કાઢવો અને તેમાં રાફડા ઉપરનાં કડાનાં મૂળ ઘસી તે પાઇ દેવાં; એટલે નળગુદ સારા થશે. (૫) **ધાત પડે છે તે ઉપર:**—આશેત્રીની કુમળી ડાળીઓનો રસ અને ગાયનું દૂધ એકઠું કરી તેમાં ખડીસાકર નાખી આપવું. (૬) **તાવમાં કપાળ** (માથું) **દુઃખે છે તે ઉપર:**—આશેત્રીનાં પાંદડાં વાટી લેપ કરવો. (૭) **બીજા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—આશેત્રીની છાલ, કાળા તલ, મજીઠ અને શતાવરીનું ચૂર્ણ દૂધમાં આપવું. (૮) **શોફોદર ઉપર:**—આશેત્રી, કારેલી, ભાંબુડી (ગંગાવતી) ને ભાંગરો, એનાં પાંદડાંનો રસ કાઢી તેમાં મરીની ભૂકી અને ઘી નાખી ત્રણ દિવસ આપવું. ઉતાર ઘી અને ભાત આપવો. ઘીસિવાય બાળકોના પેટમાંના અંદરના ભાગ ઉપર પણ તેનો ઉપયોગ થાય છે. (૯) **સોજા ઉપર:**—આશેત્રીનાં પાંદડાંનો રસ દૂધમાં આપવો.

(૪૭) **આસંધ (આસુંદ)**—સં૦ બં૦ અશ્વગંધા. મ૦ આસકંધ. હિં૦ અસગંધ. દે૦ ઢોરગુંજ. ક૦ અંગરબેરૂ, હિરેબરૂ, આભાકિરે, હિરેમદીનબેરૂ. તૈ૦ પિલ્લીઆંડા પેન્નેર, અશ્વગંધી. તા૦ અશ્વગંડી. મલા૦ અમુકિર, પિવટે. ફા૦ બે (મે) હેસનૂબરરી. ઇં૦ વિંટરચેરી. લા૦ ફાઇસેનિસ સોમ્નિફેરા.

એને 'આસંધ' 'અજગંધ' પણ કહે છે. કેટલેક ઠેકાણે એને 'ઢોરગુંજ' પણ કહે છે. એ ઝાડ ખાનદેશ, નાશિક, વરાડ અને ઘાટ ઉપર ઘણે ઠેકાણે મળી આવે છે. એની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. એ ઝાડ સાચવે તો ૪-૫ વર્ષ રહે છે. એનાં પાંદડાં આકારે કોરાંટી (કાંટાસરીઆ) જેવાં હોઇ તેના કરતાં મોટાં હોય છે. એ ઝાડ ઉપર ચણા જેવડાં ચણોઠી પ્રમાણે લાલ ફળ આવે છે. એમાં રીંગણીનાં બી જેવાં બી હોય છે. એનાં મૂળોને આસંધ કહે છે. આસંધનો પાક કરે છે. તે ઉત્તમ પુષ્ટિકારક છે.+ **આસંધ:**—રસાયન, તુરો, ધાતુવૃદ્ધિકર, કિંચિત તીખો, બલકર, કાંતિકારક, મધુગંધ, શરીરને પુષ્ટિ આપનાર, વૃષ્ય, ઉષ્ણ તેમજ લઘુ છે; અને વાત, ક્ષય, દમ, ઉધરસ, વ્રણ, શ્વેતકુષ્ટ, કફ, વિષ, કૃમિ, સોજો, ક્ષતક્ષય અને કંડૂનો નાશ કરે છે. (૧) **વીર્યવૃદ્ધિ ઉપર:**—આસંધનું ચૂર્ણ, ઘી અને મધ વિષમભાગે* લઇ તેમાં સાયંકાળે આપવું અને ઉપર દૂધ પાવું. (૨) **ગર્ભિણીને પુષ્ટિકર યોગ:**—આસંધનો કાઢા કરી આપવો એટલે ગર્ભિણીને પુષ્ટિ થાય છે અને બાળક સશક્ત ઉત્પન્ન થાય છે. (૩) **વૃદ્ધપણું દૂર થવા માટે:**—આસંધનું ચૂર્ણ દૂધમાં આપવું. (૪) **નાનાં બાળકોને શક્તિ આવવા માટે:**—આસંધનું ચૂર્ણ દૂધમાં આપવું અથવા આસંધ ૧ ભાગ, દૂધ ૮ ભાગ, એમાં ઘી નાખી પચન કરવું. તે બાળકને આપવાથી બળ વધે છે. (૫) **દૃષ્ટિ સ્વચ્છ થવા માટે:**—આસંધનું ચૂર્ણ, આમળાંનો રસ અને જેઠીમધનું ચૂર્ણ એમાં આપવું. (૬) **સર્વ રોગ દૂર થવા માટે:**—આસંધનું ચૂર્ણ ૧ તોલો, ગળોનું ચૂર્ણ ૧ તોલો અથવા ગળોનું સત્ત્વ માસો ૧ મધમાં આપવું. (૭) **ચામડીના રોગને માટે:**—આસંધનું ચૂર્ણ તેલમાં નાખી શરીરે ચોપડવું. (૮) **ગર્ભધારણને માટે:**—આસંધનો કાઢો દૂધ નાખી કરવો અને તેમાં ઘી નાખી

+ આસંધનો ક્ષુપ (છોડ) ઘણું કરીને પીલુડીને મળતો હોય છે. માત્ર પીલુડી કરતાં એનાં પાંદડાં કાંઇક પાતળાં હોવાથી કેટલાક બંધુઓ એને ઓળખતાં ભૂલ ખાય છે. એનાં પાંદડાંનો રસ માથાના વાળમાં ભરી રાખવાથી જૂ મરી જાય છે. એથી એને ગામડાના લોકો જૂ-મારીતરિકે ઓળખે છે. એનાં મૂળોમાં ઘોડાની વાસ આવતી હોવાથી સંસ્કૃતમાં એને અશ્વગંધા કહે છે. વળી એ રાસ્ના જેવી હોવાથી કેટલાક ગાંધીલોકો એને બદલે રાસ્ના આપી ઠગે છે. એ ગરમ પ્રકૃતિવાળાને નુકસાન કરે છે. વાયુનાશક હોવાથી એને કેટલાક લોકો ખાય છે; પરંતુ એની સાથે સખ્ત પરેજી પાળવી જરૂરની છે. એનો ઉતાર કતીરો, પ્રતિનિધિ ઉપલેટ અને બાલછડ અને માત્રા ૫ માસાની છે.

* ઘી અને મધ સમાનભાગે મળવાથી વિષતુલ્ય થાય છે માટે વિષમભાગેજ લેવાં જોઇએ.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તે ઋતુસ્નાતા સ્ત્રીને ખાવામાટે આપવું. **(૯) પ્રદર અને ધાતુવિકાર ઉપર:**—આસંધનું ચૂર્ણ ૩ માસા અને ખડીસાકર ૧ તોલો, એ સવારે ગાયના દૂધમાં નાખી આપવું. આ પ્રમાણે સાંજે પણ આપવું, એટલે ઉપલા વિકારો દૂર થઇ ધાતુવૃદ્ધિ થાય છે અને શક્તિ આવે છે. **(૧૦) વીર્યવૃદ્ધિ અને ધાતુસ્તંભનને માટે:**—આસંધ તોલા ૧૦ અને વરધારો તોલા ૧૦, એ બંને ઔષધો સમભાગ લઇ ચૂર્ણ કરવું અને ઘીના નીવડેલા (રીઢા)વાસણમાં તે ભરવું. પછી તેમાંનું ચૂર્ણ ૧ તોલો લઈ ગાયના તાજા દૂધમાં નાખી તે આપવું. **(૧૧) ધાતુક્ષય ઉપર:**—આસંધ, સાકર, ઘી, મધ, લીંડીપીપર, એ એકત્ર કરી આપવું. પથ્ય દૂધ અને ભાત. **(૧૨) સ્ત્રીઓને દૂધ આવવા માટે:**—આસંધ, ભોંયકોળું અને જેઠીમધ, એનો કાઢો ગાયનું દૂધ નાખી આપવો. **(૧૩) સોજો, ગલગ્રંથિ ઉપર તથા ગુમડું પકવવાને અને ફોડવાને:**—આસંધનાં તાજાં મૂળ ગોમૂત્રમાં વાટી લેપ કરવો અથવા પાણીમાં વાટી ગરમ કરી લેપ કરવો. **(૧૪) વાયુ ઉપર:**—ગોળમાં આસંધનું ચૂર્ણ નાખી ગોળી કરી આપવું. **(૧૫) ઢોરને વિષ ચઢયું હોય તો:**—આસંધનાં તાજાં મૂળ છાશમાં વાટી પાઇ દેવાં. **(૧૬) ઉરૂસ્તંભ ઉપર:**—આસંધ વાટી ગરમ કરી લેપ કરવો. **(૧૭) વાયુને માટે:**—આસંધ અને શતાવરીનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. **(૧૮) આદાશીશી ઉપર:**—આસંધનું ચૂર્ણ ઘસવું. **(૧૯) વાળા ઉપર:**—આસંધ તેલમાં કિંવા છાશમાં વાટી લેપ કરવો. **(૨૦) કટિશુળ એટલે કમ્મર દુખે છે તે ઉપર:**—આસંધ અને ખડીસાકર એનું ચૂર્ણ ઘીમાં ખાવું. **(૨૧) બળદને કંઇ દુઃખ થયું હોય તો:**—આસંધનાં તાજાં મૂળ ખવરાવવાં એટલે બળદ સારો થશે.

૪૮ આસોપાલવ—સં૦ અશોક. મ૦ હિં૦ બં૦ અશોંક. ક૦ અશોંકે. તૈ૦ અશોકેમાનું. મલા૦ અશોકં. લા૦ જોનેસીયા અસોકા.

એ ઝાડ આંબાનાં ઝાડ જેવડાં મોટાં થાય છે. એનાં પાંદડાં આંબાનાં પાંદડાં કરતાં ઘણાં લાંબાં અને કળીદાર હોઇ ભરાવદાર અને સુશોભિત હોય છે. એની છાયા ઘટ્ટ હોય છે. એ ઝાડ શોભાયમાન હોય છે એટલા માટે એને બાગમાં અને દેવળોમાં વાવે છે. એનાં ફૂલ રાતા રંગનાં હોય છે. **અશોક**—મધુર, શીત, અસ્થિને સાંધનાર; પ્રિય, સુગંધયુક્ત, કૃમિહારક, તુરો, ઉષ્ણ, શરીરની કાંતિ વધારનાર, સ્ત્રીઓના શોકનો નાશ કરનાર, ગ્રાહક, પિત્તકર; અને દાહ, ગુલ્મ, ઉદર, શૂળ, આધ્માન, વિષ, અર્શ (હરશ), વ્રણ, તૃષા, શોથ, અપચન અને રક્તરોગ એનો નાશ કરે છે. **(૧) રક્તપ્રદર ઉપર:**—આસોપાલવની છાલને દૂધ અને પાણીમાં મેળવી દૂધ બાકી રહે ત્યાંસુધી કાઢો કરી, તે શીત થયા પછી આપવો; એટલે તીવ્ર રક્ત-પ્રદરનો પણ નાશ થશે. **(૨) સર્વ પ્રદર ઉપર:**—આસોપાલવની છાલ વાટી, તેમાં રસાંજન નાખી ચોખાના ધોવરામણમાં મધ નાખી આપવું.

૪૯ આંબાહળદર—સં૦ આ'મ્ર'મ્રનિશા. મ૦ આંબેહળદ. અં૦ (મા) બાહરદી. ક૦ હલિઅરષણ, કાઅરસિણું.તા૦ કસ્તુરીમંજલ.મલા૦ કત્તુમન્નલ.તૈ૦ કારૂપાસુપુ,અડિલયાસુપુ.ઇ૦ મેંગોજીંજર. લા૦ કરકયુમા અરોમેટિકા. હિં૦ કપૂરહલદી, આંબાહલદી. ફા૦ દારચોવહ. અ૦ દારહલ્દ.

એ ઝાડ રાનમાં થાય છે. એનાં ઝાડ હળદરના ઝાડ જેવાંજ થાય છે. આ હળદરના ગાંઠીઆ મોટા હોય છે અને તે ઘણા કઠણ હોય છે. એ હળદર બાગમાં થનારી હળદર પ્રમાણે મસાલાના ઉપયોગમાં આવતી નથી. આંબાહળદર રક્તવિકારની નાશક છે. શરીરને ચોપડવાના મસાલામાં તેને નાખે છે. એ શરીરે ચોપડવાથી કંડૂનો નાશ થાય છે. ***આંબાહળદર**—કડવી, ખાટી, રુચિપ્રદ,લઘુ,અગ્નિદીપક,ઉષ્ણ, તુરી અને સારક છે; તથા કફ, ઉગ્ર વ્રણ, ઉધરસ, દમ, ઉચકી તાવ, સન્નિપાતજ્વર, શૂળ, વાયુ, કંડૂ, વ્રણ અને મુખરોગનો નાશ કરે છે. રક્તદોષનો પણ નાશ કરે છે. **(૧) કંડૂ અને ખસ ઉપર:**—આંબાહળદર અને કાળીજીરી એકત્ર વાટી શરીરે ચોપડવું એટલે કંડૂ દૂર થાય છે. આંબાહળદર અને કાળીજીરીનું બારીક ચૂર્ણ કરી ઘીમાં ખરલ કરી

* એનામાં આંબાની કેરી જેવી વાસ હોવાથી એને આંબાહળદર કહે છે. એની માત્રા ૨ માસાની છે. વ્યવહારમાં એની જડ વપરાય છે. એના ક્ષુપ થાય છે એ હૃદયને નુકસાનકારી છે. ઉતાર નારંગી. પ્રતિનિધિ બાવચી અને માત્રા ૪ માસાની છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ખસને ચોપડવું એટલે ખસ દૂર થશે. (૨) **ઠેસ વાગી પડવાથી અથવા કોઈ પણ આઘાત થઇ લોહી ગંઠાયા ઉપરઃ**—આંબાહળદર અને હીરાબોર, એ પાણીમાં ઘસી ગરમ કરી દુઃખતા ભાગ ઉપર ચોપડવું એટલે જલદી ગુણ પડે છે.(૩) **શીતળા અથવા ગોવરાથી શરીર ઉપર કાંટા ઉઠે છે તે ઉપરઃ**—આંબાહળદર, કાળીજીરી, બાવચી, કુવાડિયાનાં બી અને આમળાં, એને ગોમૂત્રમાં ભીંજવી રાખી વાટીને રોજ શરીરે ચોળી સ્નાન કરવું. (૪) **કૃમિ (કરમ) ઉપરઃ**—આંબાહળદર અને સિંધવ એકઠાં વાટી શક્તિપ્રમાણે આપવાં અને ઉપર ગરમ પાણી આપવું; અથવા કાચકીના પાલાના રસમાં આંબાહળદર ઉકાળી પેટ ઉપર ચોપડવી. (૫) **બાળકોને વાંગ** (બાળક જન્મ્યા પછી ૧૦–૧૫ દિવસની અંદર તેના અંગ ઉપર ફોલ્લા ફુટી તેને દુઃખ થાય છે તે ઉપર) **આવે ત્યારેઃ**—આંબાહળદર જાઇના રસમાં ઘુંટી ચોપડવી.

૫૦ આંબો—સં૦ આમ્ર. હિં૦ બં૦ આમ. ક૦ માવિનેમારા, મા વપહેણ્ણ. તૈ૦ માંમિંડીચેટુ, મર્વી, આમ. તા૦ માંમરં. તુ૦ કક્કુ. મલા૦ માવુ. કા૦ મ૦ આંબા. અ૦ અબજ. ઇં૦ મેંગો ટ્રી. લા૦ મેંગોફેરા ઇંડીકા.

આ વૃક્ષ ઘણું કરીને ગરમ દેશમાં થાય છે. હિંદુસ્તાનમાં જેટલા આંબા થાય છે, તેટલા કોઇ પણ દેશમાં થતા નથી. આંબાનું ઝાડ ઘણુંજ મોટું થાય છે. રાનમાં અને ડુંગરોમાં પણ એ ઝાડો વાવવાથી ઉગે છે.રાનમાં ઉગેલા આંબાને રાનીઆંબા કહે છે. ખેતરમાં અને જે ઉંચી જાતના આંબા હોય છે; તેને "ઇરસાલ આંબા" કહે છે. આંબાની કલમો કરી જે આંબા ઉગાડવામાં આવે છે,તેને " કલમી આંબા" કહે છે. કલમી આંબાનાં ઝાડ નાનાં હોય છે. આંબાના આકાર, રૂપ અને ગુણ ઉપરથી આંબાને અનેક નામો આપવામાં આવેલાં છે.આંબામાં મુખ્ય બે જાતિ છે. એક મોરવાની અને બીજી રસની. જેનાં ફળનો રસ પાતળો હોય તે રસાળ અને જેનો રસ ઘટ્ટ-જાડો હોવાથી કાપીને ખાવાયોગ્ય હોય તે મોરવાની. આંબાનું ઝાડ સેંકડો વર્ષ જીવે છે. આંબો દરવર્ષે એકવાર ફળે છે. આંબાનું ફળ અતિશય મધુર અને મીઠું છે. ગરીબથી માંડી શ્રીમંતસુધી સર્વ કોઇ એનો ઉપયોગ કરે છે; અને ગરીબ લોક તો કેરીના દિવસોમાં આંબાઉપરજ પોતાની આજીવિકા ચલાવે છે. ઉનાળામાં વટેમાર્ગુલોકો તાપથી અકળાઇ અને ચાલતાં થાકી જવાથી આંબાની ઘટાનીચે આવી વિસામો લે છે અને કેરીએ ખાઈ તૃપ્ત પણ થાય છે. આંબાની છાયા શીતળ અને ઘણીજ આરામ આપનારી છે. થાકીને લોથ થઈ ગયેલા લોક આંબાની છાયાનીચે બેસી આરામ પામે છે. આંબાનાં લાકડાં ઇમારતના કામમાં ઉપયોગમાં આવે છે. આંબાના દૂધનો ગુંદ થઇ તેની રાળ બને છે અને તે ઘણા કામમાં આવે છે. આંબાના ફળના ઘણા પદાર્થો થાય છે. સારી કેરીઓનો મુરબ્બો થાય છે. એ મુરબ્બો રક્તવૃદ્ધિ કરે છે. કેરીનું ગોળચાં, મેથીઆં, બોળ વગેરે ઘણા પ્રકારનું અથાણું થાય છે.કાચી કેરીઓમાં ગોળ નાખી તેની ગળકેરી કરે છે. કાચી કેરીઓ છોલી કાપી સુકવવાથી તેનાં આંબોળીઆં બને છે. એનો ઉપયોગ આમલીને ઠેકાણે ખટાશમાટે કરે છે. આમલી કરતાં એ પથ્યને અને રુચિને પ્રશસ્ત છે. રંગરેજલોક તેને રંગમાં નાખે છે; તેમજ કાચી કેરીઓનો ગોળ અથવા સાકર નાખેલો સાર (પલ્પ) ઘણોજ સારો થાય છે. ખાટી કેરીઓનું રાયતું બને છે. આંબાના ગોટલા ભાગવાથી જે ગોટલી અંદરથી નીકળે છે, તે શેકીને ખાવાથી સારી લાગે છે; પરંતુ તે ગોટલી પ્રથમથી શેકીને પછી ભાગી તેમાંની ગોટલી પાણીમાં ભીંજવી રાખી ખવાય છે. કોંકણમાં સેંકડો કણબીલોક ઉનાળામાં અને ચોમાસામાં ડાંગરનો પાક થાય ત્યાંસુધી આ ગોટલી ઉપરજ નિર્વાહ કરે છે. તે લોક આ ગોટલીમાંના ગરની ભાખરી બનાવી ખાય છે. એ ગોટલીના લોટના બીજા પદાર્થો પણ બને છે. આંબાના ગોટલામાંની ગોટલીને ચમારલોક ચામડાંને કાળો રંગ દેવા માટે ઘસે છે. ગોટલીનું તેલ નીકળે છે તે ઔષધિ છે. ગ્રીષ્મઋતુમાં લોકોને સુખ થવા માટે પરમેશ્વરે એ ઋતુમાં આવાં રસભરિત અને મધુર ફળો ઉત્પન્ન કરેલાં છે. આ ઉપરથી પરમેશ્વરની મનુષ્યઉપર કેટલી કૃપા છે, તે સમજાય છે. **કુમળી કેરી**-(મરવા) તૂરી, ઉષ્ણ, સુગંધી, ખાટી, ક્ષારના સંયોગથી રુચિકર,ગ્રાહક, રુક્ષ અને કાંતિકર છે; તેમજ પિત્ત, વાત, કફ અને રક્તદોષને ઉત્પન્ન કરનાર;

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તથા કંઠરોગ, પ્રમેહ, યોનિદોષ, વ્રણ તથા અતિસારનો નાશ કરનારી છે. **બાફ્યાં ઘાલી પકવેલી *કેરી:**–મધુર, શીતળ, જડ, બલકર, ધાતુવર્ધક, પુષ્ટિકર, ત્રિદોષનાશક, કફકર, અગ્નિદીપક, વૃષ્ય, મલસ્તંભક, પ્રિય, સ્નિગ્ધ, તુરી, સુખકારક અને કાંતિવર્ધક છે; તથા વાયુ, તૃષા, દાહ, પિત્ત, શ્વાસ, શ્રમ અને અરુચિનો નાશ કરનાર છે. **(૧) આમાતિસાર અને કૉલેરા ઉપર:**–આંબાની ગોટલી દહીંમાં વાટી આપવી. **(૨) કરમ ઉપર:**–આંબાની ગોટલીનું ચૂર્ણ આપવું. **(૩) ગર્ભિણીના અતિસાર ઉપર:**–આંબાની ગોટલી ભાગી ખાવા આપવી. **(૪) રક્તાર્શ અને પ્રદર ઉપર:**–આંબાની ગોટલીનું ચૂર્ણ મધમાં આપવું, એટલે રકતમૂળ વ્યાધિ અને ધૂપણીનો નાશ થાય છે. **(૫) પરસેવો છુટતો હોય તો:**–ગોટલી ભાગી તેનો ભૂકો શરીરે લગાડવો. **(૬) ઠંડીને લીધે પગ ચોટી જાય છે તે ઉપર:**–આંબાનો ચીક લગાડવો. **(૭) રાંજણ** (આંજણી) **ઉપર:**–આંબાની કાંખળીનો અથવા આંબાનાં પાંદડાં તોડવાથી જે રસ નીકળે છે તે ચોપડવો. **(૮) તરતના પ્રમેહ ઉપર:**–આંબાની અંતરછાલનો રસ તોલા ચાર અને ચૂનાનું નીતર્યું પાણી તોલો ૧, એ બન્નેનું મિશ્રણ કરી તે તાબડતોબ સાત દિવસ આપવું. **(૯) નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**–આંબાની ગોટલીનો રસ કાઢી નાકે પીવો. **(૧૦) ઉષ્ણ જ્વર** (ઉનો તાવ) **ઉપર** આંબાનાં મૂળ ગળે અથવા હાથે બાંધવાં. **(૧૧) દાહ અને અતિસાર ઉપર:**–આંબાની અંતરછાલ દહીંમાં વાટી ૧ તોલાસુધી આપવી. **(૧૨) રક્તાતિસાર ઉપર:**–આંબાનાં પાંદડાંનો અંગરસ ૨ તોલા, મધ ૧ તોલો, ઘી ૦॥ તોલો અને દૂધ ૧ તોલો મેળવી આપવું. **(૧૩) અતિસાર ઉપર:**–આંબાના ચીકથકી રાળ થાય છે, તેનું ચૂર્ણ સાકર અને ઘી સાથે આપવું. **(૧૪) ઉપદંશ ઉપર:**–આંબાની છાલનો અંગરસ બકરીના દૂધમાં મિશ્ર કરી આપવો એટલે ઉપદંશ અને તે સંબંધી વ્રણની પીડા દૂર થાય છે. **(૧૫) રક્તાતિસાર ઉપર:**–આંબાની ગોટલી છાશ અગર ચોખાના ધોવરામણમાં વાટી આપવી અથવા કેરીની છાલ દૂધમાં વાટી મધ મેળવીને આપવી. **(૧૬) લોહીની ઉલટી ઉપર:**–આંબાની ગોટલીનો રસ કાઢી નાકમાં ટીપાં પાડવાં. **(૧૭) મૂળ વ્યાધિ ઉપર**–આંબાનાં સુકાયલાં પાંદડાંનું ચૂર્ણ કરી તેનું ધૂમ્રપાન કરવું. **(૧૮) સર્વ પ્રકારની ગરમી ઉપર:**–આંબાની અંતરછાલ, ઉંબરાના મૂળ ઉપરની છાલ અને વડની વડવાઇનો રસ કાઢી, તેમાં જીરૂં અને ખડીસાકર નાખી આપવું. **(૧૯) રક્તાતિસાર ઉપર:**—આંબાની અંતરછાલ દૂધમાં વાટી મધ

---

* આર્ય અને યુનાની વૈદ્યકગ્રંથોમાં કાચી અને પાકી કેરીના ગુણનું ઘણુંજ વર્ણન કરેલું છે. ટુંકામાં કહીએ તો પાકાં ફળ તાકાત લાવનાર, ચરબી વધારનાર, ખુશી કરનાર, કાંઈક ઝાડો સાફ લાવનાર અને પેશાબને વધારનાર છે; પરંતુ તેની છાલ અને કાચાં ફળના રેષા ગ્રાહી અને ખાટા મનાય છે. કાચી કેરીનું અથાણું પેટને શાંતિ કર્તા તથા ભૂખને પ્રદીપ્ત કરનાર છે. કાચી કેરીને છોલી તેની ગોટલી કાઢી નાખી ઝીણી કાતરી સૂકવે છે, તેને આંબોળીઆં (હિં અમચુર. મ૦ આંબોસી) કહે છે. તે ખાવામાં ઘણાંજ વપરાય છે. એને બાફી તેનાપર તેલ, રાઈ ચઢાવી અથાણાતરિકે ખાય છે; અને બાફતાં બચેલું પાણી લઈ તેમાં ગોળ નાખી કઢી કરે છે. શાકમાં પણ તે નખાય છે. એમાં જે ખટાશ છે તે સાઈટ્રીક એસિડના કારણથી છે. એ રુધિરને શુદ્ધ કરનાર છે. એને હિંદુસ્તાનમાં અમખુસ્ક કહે છે. એનાં ફૂલ (મોર), ગોટલી અને છાલ શીતળ અને ગ્રાહી મનાય છે. એ ઝાડા આદિની બિમારીમાં વપરાય છે. પાંદડાંને બાળી એની ધૂણી લેવાથી ગળાની અંદરના અનેક રોગોનો નાશ કરે છે.

મખજન અલ અદવિયાના કર્તા લખે છે કે, હિંદુસ્તાની લોક કાચા ફળના ગર્ભને શેકી ખાંડની સાથે મેળવી રાખે છે. તેને કૉલેરાના દરદમાં ખાય છે અને શરીરે લેપ કરે છે. મળી એમ પણ કહેલું છે, કે પાંદડાંની નસને બાળીને લગાડવાથી આંખનાં પોપચાંમાં થનાર ખીલ વગેરેને કાઢે છે. ગોટલીને વાટી ૨૦થી૩૦ ગ્રેનસુધી આપવાથી પેટમાંના કૃમિ નીકળી પડે છે. (ગ્રેન એકને ૦॥ રતી ગણવી.) તથા દુઃખતા મસા શાંત પડે છે. ફળ પાકે છે ત્યારે તેમાંથી એક પ્રકારનો ચીકણો પદાર્થ નીકળે છે. તેની ગંધ ટરપિનટાઇન તેલના જેવી હોય છે. છાલમાંથી ગુંદ નીકળે છે તે ઠંડા પાણીમાં પીગળી જાય છે.

ડૉક્ટર એન્સ્લી કહે છે કે, ફળનું તેલ અને છાલનો ગુંદ, બન્ને લીંબુના રસમાં અથવા તેલની સાથે મેળવી ચળ આદિ ચામડીના રોગોમાં અપાય છે. પાકી કેરીના રસને સુકવી પાતળી રોટલીના જેવો કરે છે; તેને આમરસ, આમોટ, આંબાપોળી અથવા આંબાની રોટલી કહે છે અને તે સ્વાદિષ્ટ વસ્તુની માફક તથા રુચિર સુધારવામાટે ખાય છે. આંબાની છાલ પાણીમાં ભીંજવી રાખી એ પાણી પ્રદર અને વહેતી ધાતુ બંધ કરવાને અપાય છે. કાચા ફળના ઉપરથી નીકળેલ ચીકણો પદાર્થ આંબાની સફેતી તથા થોડા અફીણની સાથે મેળવી મલબારની તરફ ઝાડા અને એંટનના રોગોમાં અકસીર ઈલાજતરિકે વાપરે છે.

આંબાનો તાજો ગુંદ દાદરનો સત્વર નાશ કરે છે, એમ જૈનગ્રંથોમાં છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નાખી પાવી. (૨૦) **કાનમાં દુખવા ઉપર:**—આંબાનો મોર વાટી દીવેલમાં સિદ્ધ કરી તે ગાળી કાનમાં નાખવો. (૨૧) **માથામાં દારુણ રોગ થાય છે તે ઉપર:**—આંબાની ગોટલી અને બાલહરડાં (હીમજી હરડે), એનું ચૂર્ણ દૂધમાં વાટી લેપ કરવો. (૨૨)**સંગ્રહણી ઉપર:**-આમ્રાદિયવાગૂ:-આંબો, અંબાડો અને જાંબુઓ, એ ત્રણેની છાલ ૧૬ તોલા લઇ તેમાં ૨૫૬ તોલા પાણી નાખી અર્ધું પાણી રહે ત્યાંસુધી ઉકાળી ગાળી તેમાં ૧૬ તોલા ચોખા નાખી પુનઃ ઉકાળી તૈયાર કરવું; તેને "આમ્રાદિયવાગૂ" કહે છે. એ ખાવાથી સંગ્રહણી દૂર થાય છે. (૨૩) **રક્તાતિસાર ઉપર:**--આંબો, જાંબુઓ અને અર્જુનસાજડ, એની છાલ ૪ તોલા લઇ તેને સુકવી ચૂર્ણ કરવું. પછી ૨૪ તોલા પાણી માટીના વાસણમાં ભરી, તેમાં તે ચૂર્ણ નાખી, આખી રાત્રિ ભીંજવી પ્રાતઃકાળમાં તે પાણી ગાળી તેમાં મધ નાખી પીવું. (૨૪) **અંડવૃદ્ધિ ઉપર:**--આંબાના ઝાડ ઉપરની ગાંઠ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો અને શેકવું. (૨૫) **ધૂપણી ઉપર:**--કાપવાના (મોરવાના) આંબાનો સુકાયલો મોર ઘીમાં તળી સાકર નાખી તેની ગોળી કરી આપવી. (૨૬) **સ્વરભંગ ઉપર:**--આંબાનાં પાંદડાંનો કાઢો મધ નાખી આપવો. (૨૭) **કૉલેરા ઉપર:**--એ અઢી તોલા મરવા દહીંમાં વાટી આપવા.

૫૧ ઇંગોરિયાં:--સં૦ ઇંગુદી. મ૦ હિંગણી, હિંગણબેટ. હિં૦ હિંગોટ, ગૌંદી. ક૦ ઇંગળગિડ, ઇંગળા, હિંગુલ. તૈ૦ ગરા. અ૦ હિલેલજે. ઇં૦ ડેડિલ. લા૦ એલેનાઇટસ્, રોક્સબર્ગીઆઇ. બં૦ ઇંગોટ.

દક્ષિણમાંહેના રાનમાં ઇંગોરાનાં ઝાડ જ્યાં ત્યાં થાય છે. એ ઝાડ ઘણાંજ ઉંચાં વધે છે. એ ઝાડ ઉપર કાંટા હોય છે. એના ફળને ઇંગોરિયાં (મ૦ હિંગણબેટ) કહે છે. હીંગણાં કોરી તેમાં દારૂ ભરી આતસબાજીમાં ફોડે છે. દુકાળના વખતમાં આ ફળોમાંહેનો ધોળો ગર્ભ લોટમાં મસળી તેની ભાખરી ખાઇ ગરીબલોક પોતાનો નિર્વાહ કરે છે. પ્રસંગ આવે તો લાકડાંસુદ્ધાં ખાઇને પોતાનો બચાવ કરે છે. *

ઇંગોરિયાં:--મદગંધી, તીખાં, લઘુ, કડવાં ઉષ્ણ, ફેનિલ અને રસાયન છે. એ કૃમિ, વાયુ, વિષ, શૂળ, કોઢ, વ્રણ, કફ, ગ્રહપીડા અને ભૂતબાધાનો નાશ કરે છે. **એનાં ફુલો:**--મધુર, સ્નિગ્ધ, ઉષ્ણ તથા કડવાં છે; અને વાયુ તથા કફનો નાશ કરે છે. **ઉપયોગ:**--(૧) **વાળા ઉપર:**—ઇંગોરાનાં મૂળ ઉપરની છાલ અને હિંગને એકત્ર ખાંડી તેનો પાટો વાળા ઉપર બાંધવો અને તે ચોથે દિવસે છોડવો એટલે વાળો બળી જાય છે. (૨) **તારૂણ્ય પિટકા(ખીલ)ઉપર:**--ઇંગોરાનાં મગજ ઠંડા પાણીમાં ઘસી મુખ ઉપર લેપ કરવો, એટલે ખીલ મટી જઈ મોઢું નિર્મળ થાય છે. (૩) **સ્તનરોગ ઉપર:**- ઇંગોરાનાં મૂળ ઘસી ગરમ કરી ઉપર લેપ કરવો અને ઉપરથી ધંતુરાનાં પાંદડાં શેકીને બાંધવાં.આમ ૩ દિવસ કરવું. (૪) **નેત્રસ્રાવ ઉપર:**-ઇંગોરાનાં ફળ પાણીમાં ઘસી અંજન કરવું.(૫)**શુળ ઉપર**—ઇંગોરાનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અથવા ઇંગોરિયાંના ફળમાંનો ગર્ભ આપવો. (૬) **કર્ણમૂળ ઉપર:**-ઇંગોરિયા હળદર, ઇંદ્રવરણું, સિંધવ, દેવદાર અને આકડાનું દૂધ એનો લેપ વારંવાર કરવો, એટલે કર્ણમૂળ સારૂં થાય છે. (૭) **કુતરાના વિષ ઉપર:**-પ્રથમ ગોળ ખવરાવી તે ઉપર ઇંગોરાની છાલનું ચૂર્ણ છાશમાં નાખી પાવું. (૮) **મરકી (કૉલેરા) ઉપર:**—ઇંગોરાની છાલનું ચૂર્ણ દહીંમાં આપવું. (૯) **ઉધરસ ઉપર:**— ઇંગોરાના મગજની ગોળી કરી ખાવી.

૫૨ ઇડલીંબુ (ગધડલીંબુ):—સં૦ જંબીર. મ૦ઇડલીંબુ. કો૦ચોરનિંબુ. હિં૦ જંભીરી. બં૦ ગોંડાલીંબુ ક૦ કંચિલે, દોડુલિકાયી, કાડલિંબે. મલા૦ કટ્ટુકુરન્નુ. તૈ૦જંભીરં, અડવિંનીમા. તા૦ કટ્ટેલુ મિચ્ચે. તુ૦ કેપેરીપુલી. લા૦ આટલાંટિયા મોનોફાઇલા.

આ એક લીંબુનીજ જાતિ છે. હિંદુસ્તાનના સર્વ પ્રદેશોમાં આ ઝાડ થાય છે. એ ફળ નારંગી

* સુશ્રુતે ઈંગોરિયાના ફળના ગર્ભને મેદકફનાશક યોનિદોષનાશક અને ગુલ્મનાશક માન્યો છે. ઇંગોરિયાના રસથી લોકો કપડાં ધુએ છે, એથી મેલ સચોટ નીકળી જાય છે; પરંતુ જેમ વિદેશી તેજાબમાં ધોબીએ ધોએલ કપડાં દગ્ધ થઈ જવાથી અડધું આયુષ્ય ચાલે છે તેજ પ્રમાણે ઈંગોરીયા પણ લુંગડાંનો નાશ કરે છે. કેટલાકો દગલબાજીથી ઇંગોરીયાના રસમાં ગોળ અને બીજા પદાર્થો મેળવી અફીણતરીકે વેચવા જતાં પકડાઈ સજા ભોગવે છે, એમ કહેવાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વગેરે લીંબુ કરતાં મોટાં થાય છે. એની છાલ ખરબચડી હોય છે. પાકયા પછી છાલનો રંગ સ્વચ્છ પીળો થાય છે અને તેની વાસ પણ ઉત્તમ આવે છે. એમાં નાની અને મોટી એવી બે જાતિ છે. તેનાં પાંદડાં અને ફૂલ એકસરખાં હોય છે. તેમાં જે નાની જાતિ છે, તેનાં ફળની છાલ કંઈક પાતળી હોય છે; અને જે મોટી જાતિ છે તેની છાલ જાડી હોય છે. એનું ઉત્તમ તરેહનું સ્વાદિષ્ટ અથાણું થાય છે. એના રસનો " લેમોનેટ " કરે છે. ઈડિ (મોટું) **લીંબુ** ખાટું, તુરૂં, કડવું, સારક અને ઉષ્ણ છે. તે કફ, પિત્ત, એ રોગોને નાશ કરનાર છે. (૧) **મોરથુથુના વિષ ઉપરઃ**—ઇડલીંબુનો રસ સાકરસાથે આપવો. (૨) **અમ્લપિત્ત ઉપરઃ**—સાયંકાળે નાના ઈડલીંબુનો રસ પાવો.

પડુ ઇંદ્રજવનું ઝાડઃ—સં૦ કુટજ. મ૦ કુડા. હિં૦ કૂડા, કુરૈયા. બં૦ કુડચી. ક૦ કોટશિગે, કોડ મુરક. તૈ૦ કોડિશચટ્ટુ, કુટજમુ, અંકેલુ, ચંગલકુષ્ટ. તા૦ વેપ્પાલે. તુ૦ કોડંજી. મલા૦ વેનપાલા. અ૦ તિરાજ. ઇં૦ ઓવલ્લીઝરોજબે. લા૦ રાઇટિયા એંટિડિસન્ટેરિકા.

આ વગડાઉ ઝાડ છે અને તે છ સાત હાથ કરતાં ઉંચું થતું નથી.એનાં પાંદડાં બદામનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. કોકણમાં એ પાંદડાંનો ઘણો ઉપયોગ થાય છે.* એનાં ફૂલોનું શાક થાય છે. એની શીંગો બારીક અને લાંબી હોય છે. એ શાક અથવા અથાણું કરવાના ઉપયોગમાં આવે છે. શીંગોમાંથી જવની આકૃતિનાં લાંબાં બીઆં નીકળે છે. તેને ઈંદ્રજવ (મ૦ ઈંદ્રજવ, કુડાચે બી. હિં૦ ઈંદ્રજવ. ક૦ કોડ સિગેયબીજ, કોડ મુરકન બીજ. તૈ૦ કુડિસેપાલુ. ફા૦ જવાનકુંચિસ્ક. અ૦ લેસાનુલ અસાફીર. લા૦હોલરહેના એંટિડિસેંટેરિકા.) કહે છે.તે બીઆં કડવાં હોય છે.એનાં મૂળ પણ કડવાં હોય છે. મૂળનો પાક થાયછે.તેને મરાઠીમાં કુડેપાક કહે છે.ઇંદ્રજવના ઝાડમાં **ધોળી** અને **કાળી** એવી બે જાતિ છે. કાળાકુડાનાં ઝાડ ધોળા કુડાના ઝાડ કરતાં મોટાં હોય છે.એનાં પાંદડાં ધોળા કુડાનાં પાંદડાં જેવાંજ હોઇ કાંઇક કાળા રંગનાં હોય છે. એની શીંગ ધોળા કુડાની શીંગ કરતાં બમણી લાંબી હોય છે. કાળો કુડો એ વધારે ઉષ્ણ હોઇ ધોળાથી ગુણમાં કમી છે. **ધોળું ઇંદ્રિજવનું ઝાડઃ**-કડવું, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, પાચક, તુરૂં, રૂક્ષ તથા ગ્રાહક છે; અને રક્તદોષ, કોઢ, અતિસાર, પિત્તાર્શ, કફ, તૃષા, કૃમિ, જ્વર, આમ અને દાહનો નાશ કરે છે. **કાળું ઇંદ્રિજવનું ઝાડઃ**-રક્તદોષ, અર્શરોગ, ત્વગ્દોષ અને પિત્તનો નાશ કરે છે. બીજા ગુણ ધોળા જેવા છે. **ઉપયોગઃ**-(૧) **કૃમિઉપરઃ**--ઈંદ્રજવનાં મૂળ ઘસી એકલાં અથવા વાવડિંગની ભૂકી નાખી પાવાં (૨) **અતિસારઉપરઃ**-ઈંદ્રજવના ઝાડની છાલનો અંગરસ કાઢી તે પાવો અથવા છાલનો પુટપાકકૃતિએ રસ કાઢી તે મધમાં પાવો. (૩) **પથરી ઉપરઃ**—ઈંદ્રજવ અને નસોતરનું ચૂર્ણ દૂધમાં કિંવા ચોખાના ધોવરામણમાં પાવું. (૪) **કુરશાના વિષ ઉપરઃ**—કાળા ઈંદ્રજવના ઝાડનાં મૂળ ઘસી તેમાં ઈંદ્રજવનું ચૂર્ણ અડધો માસો નાખી પાવું અથવા છાલનો રસ કાઢી પાવો. (૫) **ખોડા ઉપરઃ**—ઈંદ્રજવની છાલ અને સિંધવ ગોમૂત્રમાં વાટી લેપ કરવો. (૬) **કમળી અને સર્વ વિષ ઉપરઃ**—કાળા ઈંદ્રજવના ઝાડના અંકુરોનો રસ કાઢી ચાર પૈસાભાર ત્રણ દિવસ પાવો. પથ્ય ઘી અને ભાત.(૭) **નળ ફુલ્યા હોય તોઃ**—ઇંદ્રજવ શેકી તેની ભૂકી પૈસાભાર, મધ પૈસાભાર અને ઘી પૈસાભાર, એ એકત્ર કરી સાત દિવસ પાવું.(૮)**જીર્ણજ્વર ઉપરઃ**— ઇંદ્રજવનાં મૂળોની છાલ અને ગળોનો કાઢો પાવો અથવા છાલ રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી ગાળીને પાવું. (૯) **કાનમાંથી પરૂ વહે છે તે ઉપરઃ**—ઇંદ્રજવના ઝાડની છાલનું ચૂર્ણ વસ્ત્રગાળ કરી કાનમાં નાખવું અને ઉપર મખમલીના પાલાનો રસ પાડવો. (૧૦)**લુખ લાગે છે તે ઉપર અને મૂત્રકૃચ્છ ઉપરઃ**—ઈંદ્રજવના ઝાડની છાલ ગાયના દૂધમાં વાટી પાવી એટલે કઠિન મૂત્ર કૃચ્છનો પણ નાશ થશે. (૧૧) **પરિણામ શુળ ઉપરઃ**—ઈંદ્રજવનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૧૨) **બાળકની હગામણ ઉપરઃ**—ઇંદ્રજવનાં મૂળ છાશના નીતર્યા પાણીમાં ઘસી થોડી હિંગ નાખી પાવાં. (૧૩) **બાળકની મરકી (કૉલેરા) ઉપર**—ઈંદ્રજવનાં મૂળ અને મોગલી એરંડાનાં મૂળ છાશના પાણીમાં ઘસી થોડી હિંગ નાખી પાવાં. (૧૪)**વાતશુળ ઉપરઃ**—ઇંદ્રજવનો કાઢો કરી તેમાં સંચળ અને શેકેલી હિંગ નાખી પાવો. (૧૫) **ઢોરોના કુંદરોગ** (ઢોર સૂકું છાણ હગે છે તે) **ઉપરઃ**-

* ઇન્દ્રજવ માથાને પીડા અને ગરમ પ્રકૃતિવાળાને અહિતકર છે,એનો ઉતાર ઘણા છે ને પ્રતિનિધિ જાયફળ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઇંદ્રજવના તોરા (માંજર) બારીક ખાંડી પાશેર રસ કાઢવો તેમાં તેટલોજ નાળીએરનો રસ અને નવ ટાંક ગોળ નાખી સાત દિવસ સવારસાંજ બે વખત આપવું.(૧૬)**સર્વ પ્રકારનો અતિસાર, સંગ્રહણી, પાંડુ, જીર્ણજ્વર ઉપર કુડાપાકઃ**—ઇંદ્રજવના ઝાડનાં મૂળ ધોઇ છુંદીને રસ કાઢવો. તે રસ દેવતા ઉપર મૂકી ઉકાળતા રહેવું. સાધારણ ઉકળે એટલે તેમાં સુંઠ, મરી, લીંડીપીપર, જાયફળ, માયફળ (માયા), જાવંત્રી, લવંગ, વાવડીંગ, મરડાશીંગ,નાનાં બીલાં, બહેડાંનું દળ અને નાગકેશર, એનું ચૂર્ણ જોઇએ તે પ્રમાણે નાખી સરખું મિશ્રણ થયા પછી ચણાજેવડી ગોળીઓ કરવી. એ ગોળી અતિસાર અને સંગ્રહણી ઉપર છાશના નીતર્યા પાણીમાં(આછમાં) થોડું હિંગનું ચૂર્ણ નાખી તે મીઠા અધમર્યા દહીંમાં અથવા સુંઠના કાઢામાં ઘી નાખી આપવી. નાના બાળકને પણ આ ઔષધ ગુણાવહ છે. પાંડુરોગ ઉપર ફક્ત આ ગોળી ગોમૂત્રમાં ઘસીને પાવી. (૧૭) **વાતજ્વર ઉપરઃ**—ઇંદ્રજવનાં મૂળની છાલ ૧ તોલો લઈ બારીક વાટવી; અને ૫ તોલા પાણીમાં મેળવી તે પાણી વસ્ત્રથી ગાળી પાવું અથવા તેમાં થોડો અજમો બારીક વાટી મેળવી, ઇંટનો કકડો તપાવી છમકારી તે પાવું. (૧૮) **શોફેદર ઉપરઃ**—વાડમાંહેના ઇંદ્રજવના ઝાડનાં મૂળ ગરમ પાણીમાં ઘસી દિવસમાં બે વાર પ્રમાણે ૧૪ અગર ૨૧ દિવસ પાવું. (૧૯)**સર્વાતિસાર ઉપરઃ**—ઇંદ્રજવના ઝાડની છાલનો કાઢો અષ્ટમાંશ કરી તેમાં અતિવિષની ભૂકી નાખી તે પાવો; અથવા ઇંદ્રજવનાં મૂળની છાલનું અને અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું. (૨૦) **પથરી ઉપરઃ**—ઇંદ્રજવની છાલ દહીંમાં ઘસી પાવી. (૨૧) **કુટજાષ્ટકાવલેહઃ**—ઇંદ્રજવનાં મૂળોની છાલ લીલી વજન શેર પાંચ લઇ તેનો ૧૬ શેર પાણીમાં કાઢો કરવો.અષ્ટમાંશ શેષ રહે એટલે વસ્ત્રથી ગાળી પુનઃ ઉકાળવો. ઘટ્ટ થાય એટલે તેમાં ઔષધો નાખવાં.તે ઔષધો- કાળીપાટ, મોચરસ, ધાવડીનાં ફૂલ, નાગરમોથ, અતિવિષ,લજ્જામણી, નાનાં બીલાં, એનું ચૂર્ણ ચારચાર તોલા તેમાં નાખી અવલેહ તૈયાર કરવું; અને પછી તેને પાણી, ગાયનું દૂધ, બકરીનું દૂધ, ચોખાની કાંજી એમાંના કોઈ અનુપાનમાં આપવાથી અતિસાર, સંગ્રહણી, રક્તપ્રદર, રક્તપિત્ત, મૂળ વ્યાધિનું રક્ત એ સર્વ બંધ થાય છે. (૨૨) **વાતગુલ્મ,વાયુ, ક્ષય, કંડુ (ખરજ)અને તાવ ઉપરઃ**—ઇંદ્રજવના ઝાડનાં મૂળોની છાલ લાવી તેનો પુટપાકકૃતિએ રસ કાઢી આપવો.

૫૪ ઈંદ્રવરણાઃ—સં૦ બહત્ફલા, ઈંદ્રવારુણી. મ૦ ઇંદ્રાવણ, થોર ઈંદ્રાવણ. કો૦ કવંડળ. હિં૦ ઇંદ્રફલા, ઈંદ્રાવણ. બં૦ બડવાકાલ. ક૦ હિરિયહામેકકે. તૈ૦ પામરબુડમા, કાર્કારૂકસુ, વેરિંપુચ્ચા. મ૦ પેદિકારી, અત્તુત્તુમ્મટ્ટિ. તુ૦ કકકેડેવુ. તા૦ કોરટ્ટી શવરીપઝમ્. ફા૦ હંજલહ્મર. અ૦ શેમહંજલ. ઇં૦ બિહરઍપલ. લા૦ ટ્રિકોસન્થસ્ પાલમેટા.

એને "કડવી ઇંદ્રવરણી" પણ કહે છે. ઇંદ્રવરણીના વેલા હોય છે. એ વેલાનાં પાંદડાં **કાળીંગડી** (તરબુજ)નાં પાંદડાં જેવાં હોઇ તેના કરતાં બારીક હોય છે. પાકેલાં ફળોનો રંગ પીળો હોય છે. એમ બે ભેદ છે. જે ફળ શુમારે કેરી જેવડાં હોય છે, તેને "ઘોડ ઇંદ્રવરણા" કહે છે. બીજી જાતનાં ફળ લીંબુ જેવડાં થાય છે.× એ ફળો અતિશય કડવાં હોય છે. ગામડાંઓમાં ઇંદ્રવરણીના વેલા પુષ્કળ થાય છે. ઇંદ્રવરણા એ તીવ્ર રેચક પદાર્થ છે. **ઈંદ્રવરણાઃ**—પાક વખતે તીખા, કડવા, શીત, સારક, ઉષ્ણવીર્ય અને લઘુ છે; તથા ગુલ્મ, પિત્ત, ઉદર, કફ, કૃમિ, કુષ્ઠ (કોઢ), જ્વર, વ્રણ, શ્વાસ, કાસ, ગ્રંથિ, મેહ, મૂઢગર્ભ, કમળો, પ્લીહા, શુષ્ક ગર્ભ, ગલગંડ, વિષ, આનાહવાયુ, અજીર્ણ, આમદોષ,

× અમારા જાતિઅનુભવથી અમને જણાય છે કે, નાની ઇંદ્રવરણીનાં ફળો લીંબુ જેવાં નહિ પણ રાજગરી કોઠીંબી જેવાં લંબગોળ હોય છે. ઘણુંકરીને એ ખારસરી જમીનમાં થાય છે અને એને કડવી કોઠીંબીના નામથી ઓળખે છે. લોકો એને રાજગરી કોઠીંબીના ભૂલાવામાં ખાવા લાગે છે, પણ તે મહાન કડવી લાગતાં પસ્તાય છે. આ ફળો ઘણામાં ઘણ ૭-૮ ઈંચ સુધી લાંબા પણ હોય છે; એના ઉપર રાજગરી કોઠીંબીના જેવાજ સુંદર ચટાપટા હોય છે. કોઈ કોઈ એનાં સૂક્ષ્મ કાંટાવાળાં લાલ ફળો બતાવે છે, પણ તે અમારા અનુભવની બહાર છે. નિઘંટમાં એનાં સં૦ ઐન્દ્રી. મ૦ લઘુઈંદાવણ, ગુ૦ ઈંદરવારણું, કડવી કોઠીંબી, હિં૦ લઘુ ઈંદ્રાયણ લઘુ ફરફેંદ, બં૦ રાખાલશશા, રાખાલતાહુ, ક૦ હામેકકે, તૈ૦ એતિપુચ્છા. તા૦ પેયકામટ્ટી, હુમટ્ટી. ફા૦ ખુર્ચની તલ્ખ, અ૦ હંઝલ, ઇં૦ કોલોસિંથિસ્. લા૦ સટ્રુલસ્ કોલોસિંથિસ, એવાં નામો મળી આવે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

દુષ્યોત્તર સર્વ ઉદરરોગ અને શ્લીપદ આદિ રોગોનો નાશ કરે છે. એ કંવડળા (મોટા ઇંદ્રવરણા) કરતાં ગુણોએ અધિક છે. (૧)**સર્પદંશ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ નાગરવેલના પાનમાં આપવાં. (૨) **ઉધરસ ઉપર:**—ઇંદ્રવરણામાં મરી ભરી તે છાપરા ઉપર મૂકી સુકવવું, પછી તેમાંથી નિત્ય સાત મરી મધ અને લીંડીપીપર સાથે ખાવાં. (૩)**દંતકૃમિ ઉપર:**—ઇંદ્રવરણાનાં પાકેલાં ફૂલ તપાવેલા તવા ઉપર નાખી તેની ધૂણી દાંતોને આપવી, એટલે દાંતમાંના કીડા ખરી પડે છે.(૪) **પેટમાંના ભાર ઉપર:**—ઇંદ્રવરણાં ભેંસના દૂધમાં ઘસી તે થોડું થોડું પીવું અથવા ભેંસના મૂત્રમાં રાંધી તે મૂત્ર-સુદ્ધાં ખરલ કરી, તેમાંથી એક વાલ અને સંચોરો ૧ ચણોઠી ભાર, એ બન્ને આપવો સાત દિવસ મધમાં આપવાં. (૫) **ઋતુ આવવા માટે:**—કડવાં ઇંદ્રવરણીનાં મૂળ ગુપ્તેંદ્રિયમાં રાખવાં અથવા એનાં ફળો મીઠામાં ખાવાં. (૬)**સ્તનરોગ ઉપર:**—કડવા ઇંદ્રવરણીનાં મૂળ ઘસી લેપ કરવો. (૭) **શુળ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ પાણીમાં ઘસી તેમાં સુંઠ, મરી અને લીંડીપીપર એકેક માસો નાખી આપવું.(૮) **સાંધવાત ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ, લીંડીપીપર અને એનાથી ચોગણો ગોળ એકત્ર કરી તે એક તોલો રોજ ખાતા જવું. (૯) **અંડવૃદ્ધિ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ એરંડતેલમાં ઘસી ગાયના દૂધમાં મેળવી તે ત્રણ દિવસ આપવાં. (૧૦) **ગાંઠ અથવા ફોલ્લાનો દાહ થતો હોય તો:**—ઇંદ્રવરણીનાં ફળ અને મૂળ ઠંડા પાણીમાં એકત્ર કરી ઘસી ઉપરાઉપરી લેપ કરતા જવું. (૧૧) **નખવિષ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ અને ફૂલ તથા ઝેરકોચલાં વાટી ગોમૂત્રમાં મેળવી લેપ કરવો. (૧૨) **યોનિશુળ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ બકરીના ઘીમાં અથવા દૂધમાં ઘસી લેપ કરવો અને ખાવાં પણ ખરાં. (૧૩) **બાળકોના પેટમાં ભાર રહ્યો હોય તો:**—ઇંદ્રવરણીનાં મૂળ ઘસી તેનો પેટ ઉપર લેપ કરવો અને સમુદ્રફળ ગાયના દૂધમાં ઘસી શક્તિ પ્રમાણે આપવું; એટલે ઉલટી થશે તેથી તથા મળદ્વારે સર્વ ભાર નીકળી જશે. (૧૪)**ગંડમાળ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળની છાલ અને કડવા સરગવાની છાલ સમભાગે એકત્ર કુટી તે ગુમડાંઉપર ચોળવી. (૧૫) **ખાલી ઉધરસ અને બકારી ઉપર:**—ઇંદ્રવરણું કોચી તેમાં અર્ધો તોલો બાળહરડાની ભૂકી દશ દિવસ ભરી રાખવી. તેના અગીઆરમા દિવસથી એક વાલ ચૂર્ણ મધમાં આપવું. (૧૬) **શીઘ્રપ્રસૂતિને માટે:**—ઇંદ્રવરણીનું મૂળ ચોટલે બાંધવું. (૧૭) **રક્તગુલ્મ ઉપર:**—અરીઠાના પાણીમાં ઇંદ્રવરણીનું મૂળ ઘસી આપવું અથવા ઇંદ્રવરણીનું મૂળ યોનિમાં રાખવું. (૧૮) **પાંડુ અને સર્વ પ્રકારના ફોલ્લા ઉપર:**—કડવી ઇંદ્રવરણીનાં મૂળ ઘસી તેનો લેપ કરવો.

૫૫ ઇફળ:—સમુદ્રની ખાડીમાં જે ઠેકાણે અતિશય કાદવ તથા જે જગ્યા ભરતી વખતે બૂડી જાય છે, તે ઠેકાણે દેખાતાં મોટાં ઝાડો હોય છે. તે ત્રણ ચાર પ્રતિનાં હોય છે. તેમાં કાંજળ અને ઇફળ એજ માત્ર લોકોના જાણવામાં છે. ઇફળનું ઝાડ છ સાત હાથ કરતાં બહુધા ઉંચું થતું નથી

મોટી ઈંદ્રવરણીનાં ફળોનો આકાર આબેહુબ ગોળ કાળીંગા જેવો હોય છે.એનાં બીજ કાળીંગા જેવાંજ પણ કાળીંગા કરત ઘણાંજ નાનાં હોય છે. કાચાં ફળો ઉપર કાળીંગાના જેવાજ ચટાપટા હોય છે, તેથી તરસથી પીડાતા વગડાઉલોકો એને કાળીંગું માની એનો ગરભ ખાવા જતાં આખા મોંમાં કડવાશ થઈ જવાથી પસ્તાય છે. પાકયા પછી એ ફળોનો રંગ ચટાપટાવગરનો શુદ્ધ પીળો થઈ જાય છે. એનું સુપ્રસિદ્ધ નામ ત્રુંસડું છે. એની માત્રા ૧ થી ૩ માસા છે. મથાળે આપેલ નામો પણ એ ત્રુંસડાનાંજ છે. ઘોડાંને પેટમાં કૃમિ પડવાથી તેને આ ફળો ખવરાવે છે. ત્રુંસડાના ફળને ડગળી આપી તેમાં અજમો ભરી બાજરીની કોઠીમાં બાજરીઉપર નીચે રહે તે પ્રમાણે એક માસ દબાવી રાખી બહાર કાઢયાપછી સુકવી ખાંડી રાખે છે. આ ચૂર્ણની કાફી ગરમ પાણી સાથે કરવાથી સુંદર જુલાબ લાગી ઉદરવ્યાધિનો જલદી નિવેડો કરે છે. આ પ્રયોગ સિદ્ધ કરતાં કોઠીમાં જે બાજરીમાં તેને દાબી મૂકયાં હોય છે તે બાજરી પણ બહુજ કડવી થઈ જવાથી ખાવાના ઉપયોગમાં આવતી નથી;માટે તે બે મણ કરતાં વધારે રાખવી નહિ. આ બાજરી કૃમિવાળાં ઘોડાઘોડીને ઘણીજ ઉપયોગી થાય છે. નિયમસર એનો પાવરો આપવો જોઈએ. ત્રુંસડામાં આંબાહળદર, સાજીખાર, મેંદાલકડી અને હજરતબોર ખાંડી ભરીને તડકે સૂકાવી તેના ચૂર્ણની ફાકી કરવાથી હુંટી નીચેની ભયંકર ગાંઠ અને ઉદરના તમામ વિકારો દૂર થાય છે. બરોળના દરદીએ ત્રુંસડાની લીંબુની માફક (ચોકડી જેવી) ચાર ચીરો કરી તેમા ખાંડ ભરી દેવતાપર તપાવી તેમાંથી અઢી તોલા રસ લઈ પીવો. આમ દરરોજ તાજે તાજો રસ કાઢી પીવાથી બરોલ સત્વર મટે છે. સર્પદંશઉપર એનાં મૂળ ચાવી ત્રણ ઘુંટડા ભરવા.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અને તેનો વિસ્તાર ઘણોજ થાય છે. તેની ઘણી ડાળીઓ સમુદ્રમાં ખૂડેલી હોય છે. જો એનો રોપો મીઠી જમીન ઉપર વાવી તેને પાણી પાઇએ અને તેની બહુ સંભાળ રાખીએ તો તે બગડતો નથી. આ ઝાડનો પાલો ઢોરોને ખવરાવવા માટે ઉપયોગમાં આવે છે અને લાકડાં બાળવાના કામમાં આવે છે. એ લાકડાં ઘણાં કઠણ અને ચીકણાં હોય છે. તે બાળવાથી તેમાં એક પ્રકારનો ક્ષાર ઉત્પન્ન થાય છે. તે ધોબી લોકોને વસ્ત્રો ધોવામાટે ઉપયોગમાં આવે છે તેમજ બાઇડીઓને માથું ચોળવાના ઉપયોગમાં આવે છે.

૫૬ ઇસેસ (શેરી લોબાન):—સં૦ ક૦ શ્રીવેષ્ટ. હિં૦ વિશેષધૂપ. મ૦ ઇસેસ. ઇં૦ ગમ કોપલ સૅન્ડારૉક. લા૦ ટ્રેકિલોબિયમ્ હાર્નિમેનિએનમ્.

ઇસેસનાં વૃક્ષો હિમાલય પર્વતમાં પુષ્કળ છે. એ ઝાડોની જૂદી જૂદી જાતિમાંથી જે ચીકણો પદાર્થ નીકળે છે,તેને **ધૂપ, ઇસેસ,*** **લોબાન** અને ઉદ વગેરે કહે છે. તેની બે ત્રણ જાત છે. આ દેશમાં **બુશેર** આગળ આ ઝાડ થાય છે. ઇસેસ ઔષધોમાટે અને ધૂપમાટે ઉપયોગી છે. ઇસેસનાં ઝાડો **અરબસ્તાનમાં** અને આફ્રિકાના પૂર્વકિનારા ઉપર પુષ્કળ છે. ત્યાંથી પણ ઇસેસ અહીં આવે છે. **ઇસેસ** એ વ્રણશોધન કરનાર છે. એનું **"વિશેષ ધૂપ"** એવું પણ નામ છે. **ઈસેસ** તીખો, કડવો, સ્નિગ્ધ, તુરો, મધુર, સારક, ઉષ્ણ, વ્રણરોપણ છે અને પિત્ત, રક્તદોષ, વાયુ, કફ, યોનિદોષ ગ્રહપીડા, મસ્તકશૂળ, નેત્રરોગ, કંઠરોગ, વ્રણ, રાક્ષસપીડા, પીનસ, અજીર્ણ, આધ્માનવાયુ, દુર્ગંધ, પસીનો, કંડુ, વિષ, વાતરક્ત, વિસર્પ, કુષ્ઠ અને કાસનો નાશ કરે છે. **(૧)વ્રણ ઉપર મલમ**:—ઇસેસ, તલનું તેલ અને મીણ, એ દેવતા ઉપર તપાવી પાતળું થાય એટલે તે મિશ્રણ ગાળી નાખવું અને વ્રણ ઉપર ચોપડવું.

૫૭ ઉટકટારી (ઉત્કંટી):—સં૦ ઉત્કંટી. ફા૦ બ્રહ્મદંડી. મ૦ ઉકટારી. હિં૦ ઉટકટારા. બં૦ છાગલદાંડી, વાંમનદાંડી. ઇં૦ થીસ્ટલ. લા૦ ટ્રિકોલેપિસ, લેબરીના, એકીનોપસ્એકીનેટસ્.

એને "ઉત્કટી" અને " કાંટે ચુબુક" પણ કહે છે. હિંદુસ્તાની ભાષામાં એને " ઉડીગણ " અને " શ્વેત ધુધુચી " કહે છે. એ વનસ્પતિ હિંદુસ્તાનના ઘણા પ્રાંતોમાં થાય છે. આ ઝાડની ઉંચાઈ સુમારે હાથ બે હાથ હોય છે અને રંગ ધોળો હોય છે. એનાં પાંદડાં કોપરાની કાતરી જેવાં હોઇ, તેના પૃષ્ઠ ભાગમાં અને નાકા ઉપર સફેદ રંગના કાંટા હોય છે. ઉનાળામાં એ ઝાડો સુકાઇ ગયાં એટલે ફરી ચોમાસામાં તેજ જગ્યાઉપર ઉગે છે. આ વનસ્પતિનાં મૂળ અને બીજ મોટી ઔષધિ છે. એનું " **બ્રહ્મદંડી** " એવું નામ પણ છે. **ઉટકટારી**:—રૂચિદાયક, ઉષ્ણ, કડવી અને વૃષ્ય છે; તથા મૂત્રકૃચ્છ્ર, પિત્ત, વાયુ, મેહ, તૃષા, હૃદ્રોગ, વિસ્ફોટકનો નાશ કરે છે. **એનાં બીજ**:—શીતળ, વૃષ્ય, તૃપ્તિકર અને મધુર છે. (૧) **બાળકને ઉટાંટીઓ થાય છે તે ઉપર**:—ઉટકટારીનાં મૂળ શસ્ત્ર ન લગાવતાં, શનિવારે અથવા રવિવારે કાઢી લાવી બાળકને ગળે બાંધવાં (૨) **પ્રમેહ, મૂત્રકૃચ્છ અને વીર્યવૃદ્ધિ ઉપર**:—ઉટકટારીના મૂળની છાલ છાયામાં સૂકવી ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખવું અને રાત્રે મોગલી બેદાણા ૧ તોલો અને ખડીસાકર બે તોલા મેળવી પાશેર પાણીમાં ભીંજવી રાખી પ્રાતઃકાળમાં તેનો રસ વસ્ત્રથી ગાળી કાઢવો. પછી તેમાં તે છાલનું ૬ માસા ચૂર્ણ નાખી ખાવું; એટલે તે ઘણા દિવસનો મૂત્રકૃચ્છ્ર, (મૂત્ર સાથે ધાત જાય છે) તે બંધ કરે છે અને વીર્યવૃદ્ધિ તથા પુષ્ટતા કરે છે. (૩) **સુખે પ્રસવ થવા માટે**:—ઉટકટારીનાં મૂળ ચોટલે બાંધવાં; પ્રસવ થયે તુરત છોડી નાખવાં. (૪) **સર્પ અને વીંછીના વિષ ઉપર**:—ઉત્કટીનાં મૂળ ઉકાળી લેપ કરવાં અને તે પીવાં પણ ખરાં. (૫) **ધાતુપુષ્ટિને માટે** ઉત્કટીનાં મૂળ, ગોખરૂ અને કૌચબીજનો દૂધમાં પાક કરી સેવન કરવો; અથવા ઉત્કટીનાં મૂળનું ચૂર્ણ દૂધમાં નાખી સેવન કરવાથી ઉત્કૃષ્ટ પુરુષત્વ આવે છે. (૬) **ઉધરસ ઉપર**:—ઉત્કટીનાં મૂળ વાટી પાવાં અગર મૂળનું

* ઈસેસ એ સરલ નામના ઝાડનો ગુંદર છે. એનેજ ચંદ્રસ, જનાર્જન નામનો ધૂપ અને ગંધ બેરજાના નામથી ઓળખતા હોઈએ એમ શાલીગ્રામનિઘંટ આદિમાંથી સિદ્ધ થાય છે; છતાં આ ગ્રંથમાં ચન્દ્રસને ફરીથી વર્ણવ્યો છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ચૂર્ણ મધમાં આપવું. (વિશેષ માટે જુઓ **બ્રહ્મદંડી.**)

૫૮ ઉંડણુ:—સં૦ હિં૦ બં૦ પુન્નાગ. મ૦ ઉંડી. તા૦ પુન્ને, પુન્નાગં. તૈ૦ નમેરૂ, પોન્ના. ક૦ ખૈસુરિગે, નમેરૂમારા. લા૦ એક્રોકાર્પસ લૉંજીફોલિયમ્. મલા૦ પોન્નાક. ઇં૦ અલેકઝાડિયનલૉરલ.

ઉંડણુનાં ઝાડ કોકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે. એનાં પાંદડાં સોરંગીનાં પાંદડાં જેવાં હોય છે; × પરંતુ તે કરતાં જરા મોટાં હોય છે. પાંદડાંની ઉપરની બાજુ સુંવાળી અને સ્વચ્છ હોય છે. આ પાંદડાંની પત્રાળી કરે છે. ઉંડણુનાં ફૂલ ધોળાં હોઇ મધુર અને સુવાસિક હોય છે. આ ઝાડને સોપારી જેવડાં ગોળ ફળો આવે છે. તે ઉપર કઠણ છાલ હોય છે. એ ફળોનું તેલ કાઢે છે. તે બાળવાને માટે એરંડતેલ કરતાં સારૂં હોય છે. એ કડવું હોય છે. એને ઉંડેલ કહે છે. **ઉંડણીનાં** લાકડાં **ઇમારતમાં** અને **વહાણ** બાંધવામાં ઘણાંજ ઉપયોગી છે. એ ઝાડનાં મૂળમાંથી રાળ જેવો ગુંદર થાય છે. ઉંડણુ:—મધુર, શીતળ, સુગંધી, રક્તદોષનાશક, દેવપ્રસાદકારક; અને રક્તદોષ, રક્તપિત્ત કફ, પિત્ત અને ભૂતબાધાનો નાશ કરે છે. એનાં ફૂલો વૃષ્ય હોઇ વાત, શૂળ અને કફદોષનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પગ અથવા ઘુંટણ મરડાઇ જવા ઉપર:**— ઉંડણીની છાલ બારીક વાટી ગરમ કરી પાટો બાંધવો. **(૨) ઉઠાણું માટે:**—ઉંડણીના ફળનો ગર્ભ ઘસી તેમાં પિંજર નાખી ઉપર ચોપડવો, એટલે સુખ થશે. **(૩) ખસ ઉપર:**—ઉંડણીનું તેલ ચોપડવું. **(૪) ખોડા ઉપર:**— ઉંડણુ અને કડવી કોડીનું તેલ એકત્ર કરી ચાર વાર ચોપડવું. નાનાં બાળકોને ગરમીથી આંખોમાં જે ફોલ્લા થાય છે, તે ઉપર પણ આ ઔષધ ચોપડવું. **(૫)અંડવૃદ્ધિ ઉપર:**—ઉંડણુના ઝાડની અંતરછાલ બારીક કુટી ગરમ કરી **વધેલા અંડ ઉપર** સતત ૮-૧૦ દિવસ પાટો બાંધવો. **(૬) મૂળવ્યાધિ (હરસ) ઉપર:**—હોકાની ચલમમાં ઉંડણીનાં ફૂલો નાખી ધૂમ્રપાન કરવું એટલે ઘણા દિવસનો અર્શરોગ પણ દૂર થઈ જશે.

૫૯ ઉદ્દ લોબાન—(સં૦ તરૂષ્ક) ઉદ્દને **"લોબાન"** પણ કહે છે. લોબાનનાં વૃક્ષ **તુર્કસ્તાન, આફ્રિકાખંડના** પૂર્વકિનારા ઉપરના પ્રદેશ, જાવા બેટ અને સુમાત્રા, આ પ્રદેશમાં થાય છે. એ વૃક્ષના રસથી લોબાન ઉત્પન્ન થાય છે. લોબાન સુગંધી છે. ધૂપમાટે એનો પુષ્કળ ઉપયોગ થાય છે. લોબાનની ઉત્તમ ધૂપસળી થાય છે. તેનું તેલ નીકળે છે, તેને **ઉદ્દેલ** કહે છે. લોબાનનાં જે ફૂલ થાય છે તેને **"લોબાન ફૂલ"** કહે છે. **લોબાન:**—વાતહર, કફનાશક, વર્ણપ્રસાદક અને કંડૂ તથા કુષ્ટનાશક છે. **ઉપયોગ:-(૧) લોબાનનું તેલ જેને ઉદ્દેલ કહે છે તે કાઢવાની કૃતિ:**—ધોળો સફેદ લોબાન અને તેટલીજ રાળ લાવી તેની ભૂકી કરવી. પછી એક માટલું કે જેમાં શેરભર પાણી રહે એવું લઈ તેની નીચેના ભાગને ઝીણું કાણું પાડી તેમાં તાંબાની અથવા પિત્તળની આંગળી જેવડી નળી બેસાડવી. તે માટલું ચૂલા ઉપર ઉતરતું રાખી, તેના મોં ઉપર કાણાવાળું ઢાંકણું બેસાડી, તેના છિદ્રવાટે તે તૈયાર કરેલી ભૂકી હળવે હળવે નાખવી; અને પછી તે છિદ્ર, એક કપડામાં છાણ અને માટી બાંધી તેની બાફ બહાર જઈ ન શકે એવું પાકું બંધ કરવું. પછી ચૂલાનીચે મંદાગ્નિ કરવો અને તે માટલાને બેસાડેલી નળીનીચે વાડકી રાખવી. એ પ્રમાણે સર્વ કામ થયા પછી કેટલીક વારે તે નળીવાટે તેલ આવવા લાગે છે. તે તેલ નળીનીચે રાખેલી વાડકીમાં ઝમે છે. પછી તે તેલ બાટલીમાં ભરી રાખવું. ઉદ્દેલની વાસ ઘણી ઉગ્ર છે. એ તેલ કેશને લગાવે છે. શરદીથી કપાળ દુખતું હોય તો ઉદ્દેલ ચોળવું, એટલે કપાળ દુઃખતું બંધ થાય છે. (૨) **લોબાનનાં ફૂલ તૈયાર કરવાની કૃતિ:**— લોબાન લાવી તેની ભૂકી લોખંડની તવી ઉપર નાખવી અને તે લોઢીને સગડીઉપર મૂકી નીચે મંદ અગ્નિ કરવો. લોબાન પાતળો થાય એટલે તે ઉપર કાચનો પ્યાલો ઉંધો ઢાંકવો; અને દેવતાની આંચ કિંચિત્ વધારવી. કેટલીક વારે તે લોબાનની વરાળ થઇ પ્યાલાતળીએ જઇ ઝમશે. એ ઝમેલી વરાળ ધોળી અને તુંબડીનાં ફૂલો જેવી હોય છે. તેને લોબાનનાં ફૂલ કહે છે. (૩) **ઢોરોને સળેખમ થાય છે**

× મીઠી ઉંડણીને સુરપુન્નાગ (સોરંગી) કહે છે. શ્રી૦ શાલીગ્રામજી કહે છે કે:-" સુરપુન્નાગ કહેવો અને પુન્નાગના કરતાં વધારે ગુણવાળો છે. પુન્નાગનું મોટું વૃક્ષ થાય છે. એના ફૂલની કળીઓને સુકવી લે છે. તેને નાગકેસર કહે છે. એનાં ફળ બૃહદંતીના સમાન હોય છે, તેમાંથી તેલ નીકળે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(ઢોરોના નાકમાંથી ગળફા લીંટ વગેરે નીકળે છે) **તે ઉપરઃ**—કાડીઓ લોબાનની નાકમાં ધૂણી દેવી.

૬૦ ઉંદરકની—સં૦ આખુપર્ણી. મ૦ ઉંદીરકાની. હિં૦ મૂસાકાની. બં૦ ઇંદુરકાણીપાના. યૂ૦ શરદમ્. ક૦ વલ્લિહરૂહે. તૈ૦ એલિકચેવિટ્ટુ. ફા૦ ગોરોમુસ, સતર. ત૦ આજાનુલફાર. લા૦ આયચોર્મિયા રેનિફોર્મિસ.

ઉંદરકનીના નાના નાના વેલા હોય છે. એને નાના ઘુઘરા જેવાં ફળો આવે છે. એનાં પાંદડાં ઉંદરના કાન જેવાં હોય છે. આ વેલા ઘણાક પ્રાંતોમાં થાય છે. એનાં ફૂલો ગુલાબી રંગનાં હોય છે. એ વનસ્પતિ ગુણે ઉષ્ણ છે. ઉંદરકની આ વનસ્પતિની બે જાતિ છે. એક **બાગમાં** ઉગે છે તે અને બીજી **રાનમાં** ઉગે છે તે. તેને યૂનાનીભાષામાં **"લપસીની"** કહે છે. એ ઝાડ ઝાડની છાયામાં અથવા પડી ગયેલી ઇમારતમાં થાય છે. એની ડાળી અને ડીટાં તિધારી (ત્રણ ધારવાળાં) હોય છે. એનાં પાંદડાં હાથે ચોળી તેની વાસ લેવાથી કાકડી જેવી સુગંધ આવે છે. એ ઝાડ ગુણે ઠંડું છે. એનું દૂધ પચન કરનાર છે. **મોટી ઉંદરકનીઃ**—શૂળ, જ્વર, વ્રણ, કૃમિ અને ઉંદરનું વિષ એનો નાશ કરે છે. **લઘુ ઉંદરકનીઃ**—તીખી, કડવી, ઉષ્ણ,શીતળ, રસાયન, સારક, લઘુ અને તુરી છે; તથા કફ, પિત્ત, શૂળ, જ્વર, કૃમિ, ગ્રંથિરોગ, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ, આનાહ, ઉદર, હૃદ્રોગ, વિષ, પાંડુ, ભગંદર અને કુષ્ઠનો નાશ કરે છે. (૧) **માથામાંથી ગરમી દૂર થવા માટેઃ**—એ ઝાડનું ચૂર્ણ નાકમાં સુંઘવું. (૨)**ગરમીથી કાન ઉપર અથવા સર્વાંગ ઉપર સોજો આવે ત્યારેઃ**—એનું ચૂર્ણ તથા જવનો લોટ પાણીમાં મેળવી તેનો લેપ કરવો. (૩) **કાન વહેતો હોય અથવા કાનમાં ફોલ્લો થયો હોય તોઃ**—એનો રસ કાનમાં નાખવો. (૪) **પેટમાંની ગરમી, કૃમિ અને મૂર્ચ્છા ઉપરઃ**—એનો રસ પાવો. (**क**) વગડામાં થનારી જે ઉંદરકની છે તેના ત્રણ પ્રકાર છે, તેમાં મૂળથકી જે છોડ ઉગે છે, તે લાંબો હોઈ બારીક હોય છે અને તેની ટોચે તે લાલ હોય છે. એનાં પાંદડાં બાગમાં થનારી ઉંદરકની કરતાં લાંબાં અને નાજુક હોય છે. એનાં ફૂલ ઉપર રાતા, ધોળા, પીળા ઇત્યાદિ અનેક રંગોનો ભાસ થાય છે. બીજીને જે ફૂલ આવે છે તે પીળાં હોય છે, પાંદડાં નાજુક હોઇ આંગળી જેવડાં હોય છે.એ ગુણોમાં સમશીતોષ્ણ છે. અને એની ઉત્પત્તિ રેતીવાળી જમીનમાં થાય છે. (૧) **શીરોરોગ, અપસ્માર અને શરીર વાંકું થાય તે ઉપરઃ**—એનો રસ આપવો. (૨) **સર્પના વિષ ઉપરઃ**—એનો રસ આપવો. (૩)**મસ્તકશૂળ ઉપરઃ**—એને સરકામાં વાટી તેનો મસ્તકે લેપ કરવો. (૪) **મગજ સાફ થવા માટે અને દંતકૃમિ ઉપરઃ**—એનો રસ મધ અને પાણી એકત્ર કરી તેને માથે ભરવાથી મગજ સાફ થાય છે અને દાંતે ઘસવાથી દાંતમાંના કીડા મરે છે તેમજ દાંત બળવાન થાય છે. (૫) **આંખની બાજુમાં થનારા નાસુર ઉપરઃ**—એનાં મૂળ પાણીમાં ઘસી તેનો લેપ કરવો. (૬) **સોજા ઉપરઃ**—જવનો લોટ અને એનાં મૂળનું ચૂર્ણ એકત્ર કરી પાણીમાં મેળવી સોજા ઉપર લગાડવાથી સોજો ઉતરે છે. (૭) **શરીરમાંથી ગરમી નીકળી જવા માટેઃ**—એનાં બીઆંનું શરબત કરી આપવું. (૮) **આફરો (પેટ ફુલે છે તે) ઉપરઃ**—એનાં મૂળોને પાણીમાં વાટી પેટે લેપ કરવો. (૯) **તીરનો અગ્રભાગ અથવા કાંટો શરીરમાં પેસી ગયેલો હોય તે ઉપરઃ**—એનો લેપ કરવો, એટલે તે આપોઆપ બહાર પડે છે. (૧૦) **શિથિલત્વ દૂર થવાને અને પુરુષત્વ આવવાનેઃ**—એનો રસ અથવા એને પાણીમાં વાટી બસ્તી વગેરે ઠેકાણે લેપ કરવાથી પુરુષપણું સતેજ થાય છે; (એના લેપને યૂનાની ભાષામાં "તિલ્લા" એમ કહે છે.) અથવા એનાં પાંદડાં સૂકાયલાં કિંવા પાકાં લાવી, તેની ઘઉંના લોટમાં ભાખરી કરવી અને ૨૧ દિવસ ખાવી તથા પડદામાં બેસવું. દૂધ અને ઘઉંનું અન્ન ખાવું; એટલે પુરુષત્વ આવે છે. (**ख**) ત્રીજી જાતની ઉંદરકનીનાં પાંદડાં બારીક હોઈ, તે ઝાડને ઘોળાશ પડતા કાંટા આવે છે. આ ઝાડની ડુંખ ભાગવાથી દૂધ નીકળે છે અને તેના વેલા જમીનપર પથરાય છે. એની ઉત્પત્તિ પાણીથી દૂર થાય છે. પાંદડાં હાથ ઉપર ચોળી જોવાથી રાતાં સુરખીદાર જણાય છે. આ ઝાડ ગુણોમાં ગરમ છે. એને ધોળાં ફૂલો આવે છે. તેમાં કોઇક રાતા રંગનાં હોય છે. આ ઝાડનાં બી રાનતુલસીનાં બી પ્રમાણે હોય છે. **ઉપયોગઃ**— (૧) **ગોળ કૃમિ ઉપરઃ**—એ ઝાડનો રસ માસા ૧૦, ફુદીનાનો રસ અને પાણી ૨૦ તોલા એકત્ર કરી પાવું. (**ग**) ઉંદરકનીની અનેક જાતો છે. જે જાતિના ઝાડનાં પાંદડાં પીળા રંગનાં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હોઇ કિંચિત આસમાની રંગની ઝાંખ હોય એવું જણાય તે ઝાડો ઘણાંજ સારાં છે એમ જાણવું. ઉંદરકનીના ઝાડનો વાસ ગર્ભિણી સ્ત્રી લે તો, તત્કાળ અતિશય છીંકો આવી ગર્ભપતનની ભીતિ ઉત્પન્ન થાય છે; ક્વચિત પતન પણ થાય છે. **ઉંદરકનીનો સાધારણ ઉપયોગ (૧) કૃમિ ઉપરઃ**– ઉંદરકનીનાં પાંદડાં કુટી ચૂર્ણ કરી તેમાં લોટ મિશ્ર કરી તેની પુરી કરી ખાવી; અને ઉપર જવની કાંજી પીવી. (૨) **જ્વર ઉપરઃ**—ઉંદરકનીનાં પાંદડાનો રસ ચાર માસા મધમાં આપવો, (૩) **વીર્યસ્રાવ અને પથરી ઉપરઃ**— ઉંદરકનીનાં પાંદડાંની ભાજી ખાવી. (૪)**શરદીથી શરીરને ખરજ આવે છે તે ઉપરઃ**–તેનાં લીલાં પાંદડાંનો રસ આપવો. (૫)**શિરોરોગ ઉપરઃ**— ઉંદરકનીનું શરબત કરી આપવું. (૬) **અપસ્માર અને વાયુએ શરીર વાંકું થાય છે તે ઉપરઃ**– ઉંદરકનીનું ચૂર્ણ સુંઘવું અને ચોળવું. (૭) **ઉંદરના વિષ ઉપરઃ**–ઉંદરકનીના પાલાનો અંગરસ એક તોલાથી બે તોલાપર્યંત, ૭ દિવસ પીવો અને શરીરે પણ ચોપડવો. (૮) **શરીરમાં તીરનું ફળ અથવા અણી અગર કાંટો રહેલ હોય તોઃ**—ઉંદરકનીનું ચૂર્ણ પાણીમાં કાલવી જખમ ઉપર લેપ કરવો એટલે તે આપોઆપ નીકળી જાય છે અને જખમ સારો થાય છે.

૬૧ **ઉધરસી**—(મ૦ ખોકલી) એનાં ઝાડ ઘણાંજ મોટા થાય છે. સંઘ્યાદ્રિપર્વત ઉપર એની ઉત્પત્તિ વિશેષ થાય છે. એ ઝાડનાં પાંદડાં હરડેનાં પાંદડાં જેવડાં મોટાં થાય છે. એની છાલ તેજબળનાં ઝાડ જેવી જાડી હોઈ પીળા રંગની હોય છે. એ ઝાડઉપર ચણા જેવડાં ફળો આવે છે. એ ઝાડની છાલ અને ફળ ઘણાં તીખાં હોય છે. ઉધરસીના ઝાડને શિમળાના જેવા કાંટા હોય છે. **ઉપયોગઃ-(૧) ઉધરસ ઉપરઃ**—ઉધરસીનું અર્ધું ફળ અથવા થોડી છાલ વાટી મધમાં કાલવી ખાવી; અંગર છાલનો કાઢો કરી પાવો એટલે થોડાજ દિવસમાં ઉધરસ, દમ અને વાયુવિકાર એ દૂર થાય છે.

૬૨ **ઉપરસાલ**—સં૦ શ્યામા, સારિવા. મ૦ ઉપરસાલ, ઉપલસરી. હિં૦ ગૌરીસર, કાલીસર. બં૦ અનંતમૂળ, શ્યામાલતા, કલધંટિ. ક૦ સુગંધીબલ્લી, નામદેવેરૂ, કરીબંટ, સોગદે. તૈ૦ પલાશગંધી. મલા૦ નાન્નારી. તુ૦ કન્યાવેરૂ. ઉત્કલ૦ ગુપાકાનમૂળ. ગોમાં૦ કુદવાલી. ઇં૦ ઇંડિયન સાર્સાપરિલા. લા૦ હેમિડેસ્મ સઈડીકસ.

એનો વેલો કાળાશ પડતા રાતા રંગનો હોય છે. એનાં પાંદડાં આકારે તલવાર જેવાં, અર્ધો આંગળ પહોળાં હોઇ ત્રણ આંગળ લાંબાં હોય છે.[1] એને બારીક અને લાંબાં ફળો આવે છે અને તેમાંથી રૂ નીકળે છે. એને નાની કાવળી, ક્ષેત્રકાવળી એમ ક્વચિત કહેવાની પ્રથા છે; પરંતુ તે ઉપરથી કેટલાક લોકોની ભળતીજ ગેરસમજ હોઈ તે કાકમાચી–કાવળીનેજ ઉપલસરી કહીને વાપરે છે, એમ વારંવાર દૃષ્ટિએ આવે છે. આથી કરીને સ્પષ્ટ કરવાની જરૂર છે કે, કાવળી અને ઉપલસરી એ બન્ને વનસ્પતિ ખાસ જૂદી છે. આ વેલ સાધારણ ડુંગરાળ જમીનમાં વિશેષે કરીને થાય છે. મુંબઇઇલાકો, બંગાળ, કોરોમાંડલ વગેરે પ્રાંતમાં એ ઘણી થાય છે. ત્રાવણકોર પ્રાંતસુધી આ ઘણીજ થાય છે. એની કાળી અને ધોળી એવી બે જાતિ છે. કોકણમાં એ વેલાની ઉત્પત્તિ ઘણી થાય છે. એને "ઉપલસરી, ઉપટશુળી, નાની કાવળી, શેત કાવળી, શેંબત્રવેલ, શ્યામી " પણ કહે છે. એની વેલ ઝીણી અને સુંવાળી હોય છે. પાંદડાં આકારમાં કન્હેરનાં પાંદડાં જેવાં, પરંતુ તેનાથી પાતળાં, સાંકડાં અને અણીદાર હોય છે. તેના ઉપર ઝીણા ઝીણા ધોળાશપડતા રેષા હોય છે. તે વેલી ઉપર ઘણુંકરીને સામસામાં થાય છે. એના ઉપર જૂન માસથી ઑગસ્ટ મહિના સુધીમાં ફૂલો આવે છે. તેનો રંગ બહારથી ફીકો અને ઘેરો લાલ હોય છે. મૂળ વાંકાંચુકાં અને ગોળ હોઈ તેનો વ્યાસ સાધારણ રીતે બેથી સાત ઇંચ સુધી હોય છે. તેના ઉપર છાલ ચીરા પડેલી અને ઘેરાભુરા રંગની નજીક નજીક પદ્મકાષ્ટની છાલને મળતી હોય છે; તથા છેવટનો લાકડારૂપ ભાગ પીળા રંગનો અને કઠિન હોય છે. તેનાં મૂળની વાસ સારી આવે છે અને તેનો સ્વાદ મીઠો તથા કાંઇક કડવો હોય છે. મૂળની સુંદર વાસ ઉપરથી એનું સુગંધા નામ પડેલું છે.

ઉપલસરીમાં લોહી સુધારવાનો ગુણ ઉત્તમ પ્રકારનો છે. મદ્રાસપ્રાંતમાં રક્તદોષ, ત્વચારોગ,

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અપચો, વિસ્ફોટક વગેરે રોગોમાં આ વનસ્પતિનો અતિશય ઉપયોગ કરે છે. ઉપલસરી જંગલમાં આપોઆપ જોઇએ તેટલી ઉગે છે. ડૉકટર લોકો ત્વચાના રોગ, ખરજ, ખરજવા અને જનનેંદ્રિય-સંબંધીના રોગો ઉપર ઉપલસરીનો કાઢો આપે છે. ડૉકટર આશબર્નરે પ્રથમ ૧૮૩૧ની સાલમાં અંગ્રેજી ઔષધો સાથે ઉપલસરી વાપરવાની શરૂઆત કરી. ડૉકટર આશિંગનેસી પોતાની ઇસ્પિતાલમાં અંગ્રેજી સાર્સાપરિલાની જગ્યાએ ઉપલસરીનોજ ઉપયોગ કરે છે. તે પાંચ તોલા મૂળને ખાંડી સવાશેર ગરમ પાણીમાં ભીંજવી રાખે છે અને તે થોડે થોડે કરીને આખા દિવસમાં પાય છે. આનાથી નિયમ કરતાં ત્રણચારગણો પેશાબ થાય છે. શરીરમાંથી રેલરેલ પરસેવો આવે છે અને ખૂબ કડક ભૂખ લાગે છે. ડૉકટર આશિંગનેસી લખે છે કે, તેમના તાબાની ઇસ્પિતાલના રોગીઓને જોઇને આ ઔષધિનો ગુણ એટલો પ્રસિદ્ધ કર્યો હતો કે તે પોતાની જાતે એ ઔષધ માગી લેતા. ઉપલસરીનાં મૂળોનું ચૂર્ણ મધમાં આપવાથી સંધિવાત અને વિદ્રધિ (ગડાં) વગેરે સારાં થાય છે. તામીલલોકો મૂત્રસંબંધી સઘળા પ્રકારના વિકારમાં આ મૂળો ગાયના દૂધમાં વાટીને પાવાને આપે છે; અને રક્ત-શુદ્ધિમાટે ને પિત્તવિકાર દૂર કરવામાટે જીરાસાથે આપે છે. અમેરિકન સાર્સાપરિલા કરતાં આ હિંદુસ્તાની સાર્સાપરિલામાં વધારે ગુણ છે, એમ ત્યાંના રસાયનશાસ્ત્રવેત્તાઓએ પરીક્ષા કરીને ઠરાવેલું છે. ધોળી ઉપલસરી કરતાં કાળી ઉપલસરીનાં મૂળ કાંઇક જાડાં હોવાથી તેમાંના ઔષધિગુણો વધારે દિવસ ટકે છે. બન્ને પ્રકારની ઉપલસરીનો કાઢો સાકર નાખી પાવો. નાનાં બાળકોનું અશક્ત-પણું, જૂનો સંધિવા, વિસ્ફોટક અને ચામડીના રોગો ઉપર ગમે તે રીતે ઉપલસરીનો ઉપયોગ કરવાથી ગુણ થાય છે. આગળની સહેલી રીત એટલે ૨॥ તોલા મૂળો લઈ છુંદી પચીસ તોલા ઉક-ળતા પાણીમાં નાખી ઉપર ઢાંકણું ઢાંકવું. ઠંડું થયાપછી ગાળીને આપવું. દિવસમાં ૩–૪ વખત થઇને પાંચથી દશ તોલાસુધી આ પાણી પાવું. નવશેકું (કોકરવરણું) પાણી પીવાથી વધારે ગુણ આવે છે. એમાંજ દૂધ અને સાકર નાખ્યાં હોય તો તેની વાસ અને સ્વાદ, એ ન્હાને એટલો મળે છે કે નાનાં છોકરાં પણ જોઇને આ મિશ્રણ ચાહીને પીએ છે. ન્હા પીવાથી અનેક પ્રકારના રોગો વહોરી લેવા કરતાં આનો ઉપર બતાવ્યા પ્રમાણે દૂધ અને સાકર મેળવેલ કાઢો આપવાથી શરીર નિરોગી અને પુષ્ટ થાય છે. ઉપરનું મિશ્રણ એટલું સ્વાદિષ્ટ થાય છે કે **આયોડાઇડ ઑફ પોટાસ** નામનું ખરાબ સ્વાદનું અંગ્રેજી ઔષધ આની અંદર આપવું હોય તો સહેજ આપી શકાય છે. ઉપલસરીનાં મૂળો જેટલાં તાજાં હોય તેટલો તેનો વધારે ગુણ થાય છે. **ધોળી ઉપરસાલ** (કપરી. હિં૦ ગૌરીસર, ગૌરિયા સાઉ):—શીતળ, મધુર, શુક્લ, જડ, સ્નિગ્ધ, કડુ ને સુગંધી છે; અને કોઢ, કંડુ, જ્વર, શરીરની દુર્ગંધી, અગ્નિમાંદ્ય, દાહ, ઉધરસ, અરુચિ, આમદોષ, ત્રિદોષ, વિષ, રક્તરોગ, પ્રદર, અતિસાર, તૃષા, દાહ, રક્તપિત્ત, વાયુ અને કફનો નાશ કરે છે. **કાળી ઉપરસાલ** (કાળીવેલ, હિં૦ કાલીસર, કરીઆસાઉ) શીતળ, વૃષ્ય, મધુર અને કફનાશક છે. બીજા ગુણ ધોળી ઉપર-સાલના જેવાજ છે. **ઉપયોગ:-(૧) ગર્ભિણીની ધૂપણી ઉપર અને શરીરમાં થએલ ગરમી ઉપર:**—ઉપરસાલનાં મૂળ સ્વચ્છ ધોઇ કેળનાં પાંદડાંમાં વિંટાળી ભુંભરેટમાં બાફી કાઢવાં. પછી તે પ્રત્યેક મૂળના મધ્યભાગમાં જે નર (રેષા) હોય છે તે કાઢી નાખી, જીરૂં, ખડીસાકર અને બાફેલો ધોળો કાંદો (ધોળી ડુંગળી) એ બધાં એકઠાં કરી બારીક વાટવાં. તેમાં સર્વ ઔષધોનાં વજન જેટલું ઘી નાખી પ્રત્યેક બે વખત પ્રમાણે સાત દિવસ આપવું. એ ઔષધ ૪૨ દિવસ લેવાથી શરીરમાં જામેલી ગરમી નીકળી જઇ, શરીરપર થયેલાં લાલ ચાઠાં સારાં થઇ ધાતુસ્થાન અને લોહી વગેરેની શુદ્ધિ થાય છે. **(૨) આંખમાં ફૂલ પડે છે અને છાયા વળે છે તે ઉપર:**—ઉપરસાલનાં પાંદડાં તોડી, ઉપર જે ચીકણો રસ આવે તે લઈ આંખમાં આંજવો. **(૩) ગરમી ઉપર:**-પુટપાકકૃતિએ ઉપરસાલનાં મૂળ પકાવી તેમાં જીરૂં અને ખડીસાકર નાખી, વાટી, ગોળી કરી, તેમાં ગાયનું ઘી નાખી

૧ શાલીગ્રામજી કહે છે કે:—ઉપરસાલની વેલનાં પાંદડાં દાડિમ જેવાં હોય છે; તે પાંદડાંમાં સફેદ છાંટ હોય છે. વેલની જડમાં કપુરકાચલી જેવી સુગંધ આવે છે અને તેમાં બબ્બે ફળીઓ આવે છે. કેટલાક લોકો એને સાર્સાપરિલા, સરવત આદિ નામો આપે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સાંજ-સવાર આપવું. (૪) **વ્રણઉપર:**—ઉપરસાલનાં મૂળ વાટી ઉપર બાંધવાં એટલે ગુમડાનું શોધન થાય છે. (૫) **ઉલટી ઉપર:**-ઉપરસાલનાં મૂળો પાણીમાં અથવા ભરસાળમાં રીત પ્રમાણે બાફી પછી બહાર કાઢી મધ્યમાંની રેષા કાઢી નાખી તેમાં થોડી હિંગ નાખી બારીક વાટી ઘી મિશ્ર કરી પ્રાતઃકાળમાં તે એક વખત આપવું; એટલે ઉલટી જલદીથી બંધ થાય છે. (૬) **દંતરોગ ઉપર:**—ઉપરસાલનાં પાંદડાં અને ચીકણાનાં (બળનાં, ખોળનાં) પાંદડાં સમભાગ લઈ, બારીક વાટી, ગોળી કરી દાંતમાં રાખવી, એટલે વેદના અને કૃમિ નાશ થઈ દાંત મજબૂત થાય છે. (૭) **પિત્તજ્વર ઉપર:**—ઉપરસાલ અને કમળકંદ, એનો કાઢો ઠંડો કરી સાકર નાખી આપવો. (૮) **સર્વ વિષ ઉપર:**—ઉપરસાલનાં મૂળ ઘસી પાણીમાં મેળવી તે પાવાં. (૯) **મસ્તકશૂળ ઉપર:**— ઉપરસાલનાં મૂળ ઘસી તેનો લેપ કરવો. (૧૦) **પેટના દુઃખાવા ઉપર:**-ઉપરસાલનાં મૂળ ઘસી પાવાં. (૧૧) **ઉપરસાલનું શરબત:**—ઉપરસાલનાં મૂળ ૧૦ તોલા, સાકર શેર ૧।।। અને પાણી સવાશેર લઇ પ્રથમ પાણી ઉકાળી તેમાં ખાંડેલાં મૂળો ચાર કલાક પલાળી રાખી પછી પાણી ગાળી લઈ તેમાં સાકર નાખી મંદાગ્નિથી ઉકાળવું.

૬૩ ઉંબરો (ઉંબરડો)—સં૦ ઉદુંબર. મ૦ ઉંબર. હિં૦ ઉદુંબર, ગુલ્લર. વ૦ યજ્ઞડુમુર. રા૦ પુ૦ ઉંમરો. ક૦ મલા૦ અત્તિ. તે૦ અત્તિમાનું. તા૦ અત્તિમાર. તુ૦ અર્તિમારા. ફા૦ અંજીરે, આદમ. અ૦ જમીઝ. ઇ૦ ફિગ ટ્રી. લા૦ ફાઇકસ્ ગ્લોમિરેટા.

ઉંબરાનાં ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એને અંજીરની આકૃતિનાં ફળો આવે છે. તે પાકે એટલે કોઇ કોઇ ખાય છે. કાચાં હોય છે ત્યારે કોઈ તેનું શાક પણ કરે છે. ઉંબરાની છાયા શીતળ હોઇ સુખકારક છે. ઉંબરાનું લાકડું અતિશય ચીકણું હોય છે. તેના તકતા (પાટિયાં) પાડે છે, તે એટલા બળવાન હોય છે કે કુહાડીના ઘાવ મારવાથી પણ એકાએક ભાગતા નથી. જે ઠેકાણે ઉંબરાનું ઝાડ હોય તેની જમણી બાજુએ અથવા ઝાડનીચે ઘણું કરી પાણીનો ઝરો જડે છે. કેટલાક માણસો ઉંબરાનાં ઝાડો હોય ત્યાં કૂવા ખોદે છે અને ત્યાંથી તેમને પાણી મળે છે. ઉંબરાના ઝાડનીચે રહેલું પાણી પીવા માટે સારૂં-નિરોગી છે. ***ઉંબરો:**-શીતળ, ગર્ભસંધાનકારક, વ્રણરોપક, રુક્ષ, મધુર, તુરો, ગુરુ, અસ્થિસંધાનકારક અને વર્ણકર છે; અને કફ, પિત્ત, અતિસાર તથા યોનિરોગનો નાશ કરે છે. **એની છાલ:**—શીતળ, દુગ્ધપ્રદ, તુરી, ગર્ભને હિતાવહ અને વ્રણનાશક છે. એનાં **કાચાં ફળ:**-સ્તંભક, તુરાં અને હિતકર છે; એ તૃષા, પિત્ત, કફ અને રક્તવિકારનો નાશ કરે છે. **મધ્યમ કાચાં ફળ:**—મીઠાં, શીતળ, તુરાં છે; અને પિત્ત, તૃષા તથા મોહ કરનારાં છે; અને રક્તસ્રાવ, વાંતિ તથા પ્રદરનો નાશ કરે છે. **એનાં જૂનાં ફળ:**—તુરાં, રુચિકર, ખાટાં, દીપન, માંસવૃદ્ધિકર, રક્તદોષકારક, દોષલ અને જડ છે. **પાકેલાં ફળ:**—તુરાં, મધુર, કૃમિકર, જડ, રુચિકર, અતિ શીતળ અને કફકર છે; તથા રક્તદોષ, પિત્ત, દાહ, ક્ષુધા, તૃષા, શ્રમ પ્રમેહ, શોષ અને મૂર્ચ્છાનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **વાયુથી અંગ રહી ગયું હોય તે ઉપર:**—ઉંબરાનું દૂધ ચોપડી તે ઉપર રૂ ચોંટાડવું એટલે સારૂં થાય છે. (૨) **રક્તપિત્ત ઉપર:**—ઉંબરાનાં પાકેલાં ફળો ગોળમાં અથવા મધમાં ખાવાં; અથવા મૂળ ઘસી તેમાં સાકર નાખી તે આપવાં. (૩) **વછનાગના વિષ ઉપર:**— ઉંબરાની છાલનો રસ ઘીમાં મેળવી ગરમ કરી આપવો. (૪) **સોમલ ઉપર:**—ઉંબરાનાં પાંદડાંનો અથવા છાલનો રસ ૦।। શેર સુધી આપવો. ઢોરને પણ એજ ઔષધ આપવું. (૫) **આંખો આવે છે તે ઉપર:**—ઉંબરાના દૂધનો આંખો ઉપર લેપ કરવો. (૬) **ગાલગંડ (થોથર, લાપોટિયા) ઉપર:**—ઉંબરાનું દૂધ ચોપડવું. (૭) **બદ ઉપર:**—ઉંબરાનું દૂધ ચોપડી તે ઉપર પાતળો કાગળ લગાડવો. (૮) **સોજા ઉપર:**—ઉંબરો, વડ, પીપળો, પીપળ ને નાંદરુખ એ પંચ વલ્કલની છાલ ઘસી, ઘી નાખી લેપ કરવો. (૯) **આમાતિસાર ઉપર:**—પતાસામાં ઉંબરાના

* ઉંબરો-આમાશયને નુકસાનકારક અને તાવને ઉત્પન્નકર્તા છે. ઉંબરાના ફળમાં અસંખ્ય જંતુઓ હોય છે. ઉંબરાનાં પાકેલાં ફળોને લોકો ફોડી તેમાંના જંતુઓને ઉડાડી મૂકી ખાય છે; પરંતુ કેટલાક અજ્ઞાન લોકો પોતે દીર્ઘ આયુ (ઘણું સાંભળનાર) થવાની આશાએ એ ફળો જંતુઓસહિત ખાઈ જાય છે તે ખોટું છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

દૂધનાં ૪-૫ ટીપાં પાડી આપવું, એટલે જે આમરક્ત પડે છે તે હગામણ સારી થશે. (૧૦) **રક્તાતિસાર ઉપરઃ**—ઉંબરાના મૂળનું પાણી આપવું. (૧૧) **પથરી ઉપરઃ**—ઉંબરાનાં મૂળનો રસ પાંચ તોલા કાઢી, તેમાં સાકર નાખી આપવો. એજ મૂળો ગાયના દૂધમાં ઘસી તેનો શિશ્ન (લિંગ) ઉપર પણ લેપ કરવો. (૧૨) **ઉષ્ણતા ઉપરઃ**—પાકાં અને જેમાં કીડા નહિ હોય એવાં ઉંબરાનાં ફળ લઈ તેમાં ખડીસાકરની ભૂકી નાખી તે ફળ રોજ સવારમાં ખાવાં. (૧૩) **સર્વ પ્રકારના ઉપદંશ અને પ્રમેહ ઉપરઃ**—ઉંબરાના ઝાડનાં મૂળ માટીમાંથી સાફ કરી કરવતીએ તે મૂળ વહેરી તેની નીચે એક વાસણ રાખવું; તેમાં ચાર પ્રહરસુધી જે દ્રવ (રસ) એકઠો થાય તેની બાટલી ભરી રાખવી. એ શક્તિ પ્રમાણે ૪ તોલાપર્યંત લઈ જીરૂં અને ખડીસાકર નાખી આપવો. (૧૪) **નાનાં બાળકોના શરીરમાં શીતળાની અથવા ઓરીની ગરમી થઈ આવી હોય તોઃ**-ઉંબરાનો દ્રવ ખડીસાકર નાખી આપવો. (૧૫) **ગરમીએ જીભ ઉપર કાંટા આવ્યા હોય તોઃ**—ઉંબરાનાં પાંદડાં ઉપરની ફોડ (લાખ જેવાં ચાહાં થાય છે તે) અને ખડીસાકર, એ વાટી આપવાં. (૧૬) **ગર્ભિણીના અતિસાર ઉપરઃ**—ઉંબરાં મધમાં આપવાં. (૧૭) **ભરમક (ભૂખ ઘણી લાગવી)રોગ× ઉપરઃ**—ઉંબરાની છાલ સ્ત્રીના દૂધમાં વાટી આપવી અથવા ઉંબરાન મૂળોમાંનું પાણી તાડી પ્રમાણે કાઢી આપવું. બીજું પાણી આપવું નહિ. એ પ્રમાણે સાત દિવસ આપવું. (૧૮) **શીતળા હલકા થવાઃ**—ઉંબરાનાં પાંદડાં ઉપરની લાખ ગાયના તાજા દૂધમાં વાટી તેનો રસ કાઢવો; તેમાં થોડું મધ નાખી શક્તિ પ્રમાણે આપવું. આ ઔષધ શીતળાનો તાવ આવતાંજ આપવું. (૧૯) **પિત્તજવર ઉપરઃ**—ઉંબરાનાં મૂળનો દ્રવ સાકર નાખી આપવો. (૨૦) **વિંછીના વિષ ઉપરઃ**—ઉંબરાનો પાલો વાટી દંશ ઉપર ચોપડવો. (૨૧) **કોગળીઆ ઉપરઃ**—ઉંબરાનો દ્રવ આપવો. (૨૨) **હરસ ઉપરઃ**—ઉંબરાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી તેમાં દાંતવણ મેળવવું અને તેનો લેપ કરવો. (૨૩) **કર્ણમૂળ ઉપરઃ**—ઉંબરાનું અને કપાસનું દૂધ એકત્ર કરી ચોપડવું. (૨૪) **ગંડમાલા ઉપરઃ**—ઉંબરાનાં પાંદડાં ઉપરની ફોડ મીઠા દહીંમાં વાટી સાકર નાખી નિત્ય એક વખત આપતા જવું. (૨૫) **મસ્તકશૂળથી નાકમાંથી લોહી પડતું હોય તોઃ**—ઉંબરાના પાકેલા ફળમાં સાકર ઘાલી ધીમ તળી તેમાં એલચીદાણાની ભૂકી અને મરીની ભૂકી અર્ધો અર્ધો માસો નાખી રોજ પ્રાતઃકાળમાં ખાવું અને રીંગણીનાં ફળનો રસ ડોકે ચોળવો; એટલે નાકમાંથી લોહી પડતું બંધ થઈ જાય છે. (૨૬) **દાહ ઉપરઃ**—ઉંબરાનું દૂધ સાકર નાખી આપવું.

૬૪ ઉભી (ભો)રિંગણી—સં૦ બૃહતી, વાર્તાકી. મ૦ ડોરલી, રાનવાંગી. હિં૦ ખડીકટાઇ, બરહંટા. બં૦ બૃહતી, વ્યાકુડ, તિતવેગુન. ક૦ હેગ્ગુલ્લુ. તૈ૦ પેદામુલુંગા, કુકમાચી. તા૦ કાંડનકટ્ટારી, ચેરૂચુણ્ટ. તુ૦ ગુલ્લા. મલા૦ વેલ્લોતુવાલોટિના. ફા૦ બાદંજાનજંગલી,ઉસ્તરગાર.અ૦ બાલુજાન ઝંગલી. લા૦ ચોલેનમ્ ઇંડીકમ્.

ઉભી (ભો)રિંગણીનાં ઝાડ આમેહુબ વંતાકડીનાં ઝાડ જેવાંજ થાય છે.એને "જંગલી રિંગણી" પણ કહે છે. એ ઝાડ કંમરપૂર ઉંચાં વધે છે. ઉભી ભોરિંગણીનાં ફળ ગોળ હોઇ સોપારી જેવડાં મોટાં હોય છે. એ ફળોનો રંગ પીળો હોય છે. ગરીબ લોક એ ફળોનું શાક કરે છે. ઉભી ભોરિંગણીની એક જાતિ કોકણમાં થાય છે. તેને "**મોત રિંગણી**" કિંવા "**ચિંચુરટીવાંગી**" પણ કહે છે. મોત રિંગણીનાં ફળો ઉભી ભોરિંગણી કરતાં બારીક હોય છે. એ ફળોનું શાક સારૂં થાય છે. ઉભી ભોરિંગણીનાં મૂળ દશ મૂળોમાં આવે છે.* **મોટી ભોરિંગણીઃ**—તીખી, ઉષ્ણ, કડવી, હૃદ્ય, પાચક, ગ્રાહી, અગ્નિદીપક; અને કફ, વાયુ, તાવ, કોઢ, અરોચક, ઉલટી, દમ, ઉધરસ, કૃમિ, મોઢાની વિર-

× ભરમકરોગનાં કારણો અને લક્ષણો વગેરે 'સુબોધ વૈદ્યક' માં જોવાં.

* રિંગણીની સુપ્રસિદ્ધ બે જાતો છે. ભોરિંગણી અને ઉભી રિંગણી. જો કે જેનું શાક કરવામાં આવે છે તે રીંગણાંના છોડને પણ રીંગણી કે વેંગણી કહે છે; પરંતુ તે આ બન્ને રિંગણીઓથી જૂદી છે. ઉભી રિંગણીને લોકો ડોરલીના નામથી પણ ઓળખે છે. એનાં પાંદડાં શાકની વેંગણીનાં પાંદડાંને ઘણા ભાગે મળતાં હોય છે. તેમાં પણ મોટી ડોરલી (મોટાં ફળવાળી) નાની ડોરલી (નાનાં ફળવાળી) અથવા મોત રિંગણી અને

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સતા, કંડૂ (ખરજ), શૂળ, આમદોષ, હૃદ્રોગ, અગ્નિમાંદ્ય એનો નાશ કરે છે. લઘુ **ભોરિંગણી:**— વાયુ, દમ, શૂળ, કફ, અગ્નિમાંદ્ય, તાવ, શરદી, હૃદ્રોગ અને આમનો નાશ કરે છે. **ધોળી ઉભી રિંગણી:**—રુચ્ય હોઇ કફ અને વાયુનો તથા અંજનથી નેત્રરોગનો નાશ કરે છે. બીજા ગુણ મોટી જેવાજ છે. **મોત રિંગણી:**—કડવી, તીખી, ઉષ્ણ, પિત્તકર, રુક્ષ, રુચિકર, ભેદક, પાચક, અગ્નિદીપક અને કફવાતનાશક છે. **ઉપયોગ:— (૧) ઉધરસ ઉપર:**—ઉભી ભોરિંગણીનો કાઢો લીંડીપીપર નાખી પાવો એટલે ઉધરસ જલદી મટે છે. **(૨) ઢોરને કોઇપણ પ્રકારનું વિષ ચઢયું હોય તો તે ઉપર:**— ઉભી ભોરિંગણીનાં મૂળીઆં ખાંડી, પાણી નાખી તેમાંથી રસ કાઢવો અને પાવો. **(૩) આરક્ત** (રાતાં ચોળ) **નેત્ર કરવાં હોય તો:**—ઉભી ભોરિંગણીનાં બીઆંનું અંજન આંખોમાં આંજવાથી આંખો લાલચોળ થાય છે. પૂર્વે સિપાઇ લોકોમાં પોતાનું શૌર્ય અથવા ક્રોધ લોકોને બતાવવાને આ રીત ચાલતી હતી. **(૪) વાળા ઉપર:**—ઉભી ભોરિંગણીનાં મૂળ પુરુષના મૂત્રમાં અને બ્રહ્મપીપળાનાં પાંદડાંમાં વાટી તેનો ફોલ્લા ઉપર પાટો બાંધવો.

૬૫ **ઉલફુલી**—આ ઝાડ ગોમાંતક પ્રાંતમાં થાય છે. એ એક કુંવાડીઆ જેવીજ ભાજી છે; પરંતુ ઉલફુલીના ઝાડનાં ફાંદડાં લાંબાં હોઇ છેવટે કાતર સરખાં હોય છે. એ ઝાડ બે અઢીજ હાથ ઉંચું વધે છે. ઉલફુલીના પાલાનું અને કુમળી ડાળીનું શાક થાય છે.

૬૬ **ઉક્ષી** (ધોળી ધાવડી)—સં૦ શ્વેત ધાતકી.

ઉક્ષીનાં મોટાં મોટાં ઝાડ ડુંગરાળ જમીનમાં થાય છે. ઉક્ષીનાં પાંદડાં નાનાં હોઇ તે શુમારે ૪ આંગળ લાંબાં હોય છે. આ પાંદડાં મૃદુ હોય છે અને ઉક્ષીનાં ફળનો આકાર સીતાફળ જેવો હોય છે. **ઉપયોગ:—(૧) નળવાયુ ઉપર:**— ઉક્ષીના પાલાનો રસ નવટાંક પાવો. **(૨) વ્રણ ઉપર:**—ઉક્ષીનાં ફળ સર્વત્ર હોતાં નથી; માટે જ્યાં હોય ત્યાંથી શોધી લાવી દૂધમાં બાફી રાખી મૂકવાં. એ ફળ અને ખટખટીનાં મૂળ મધમાં ઘસી નિત્ય ૪–૫ વખત લેપ કરવો. **(૩) પાંડુરોગ ઉપર:**—ઉક્ષીના ફળનું ચૂર્ણ, જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, તજ, દગડફૂલ (પથ્થર ફૂલ) અને અજમોદ, એનું ચૂર્ણ બે માસા મધમાં નાખી દરરોજ સવારસાંજ ઔષધ આપવું એટલે પાંડુરોગ દૂર થાય છે. **(૪) ફૂરશાના કિંવા ઘોણસાના વિષથી સોજો આવે છે તે ઉપર:**— ઉક્ષીનાં મૂળ અને ઘણસારીનાં મૂળ ગોમૂત્રમાં ઘસી સોજાઉપર લેપ કરવો. **(૫) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—ઉક્ષીના ફળની રાખોડી તેલમાં નાખી ચોપડવી. **(૬) બાળકોને ટુંટિયું આવે છે તે ઉપર:**— ટુંટિયાનાં લક્ષણો એવાં છે કે, શરીરમાં તાવ આવી લોહી સૂકાય છે અને કફનું પ્રાધાન્ય થઇ હાથપગ બંધાઈ જાય છે. તેને માટે ઉપાય:—ઉક્ષીનાં ફળ સાધારણ ચીરી સૂકવવાં; પછી તેને ગોમૂત્રના સાત પુટ આપી બાળી, કાળી રાખોડી બનાવવી. તે રાખને ભાંગરાના સાત પુટ અને બકરીના મૂત્રના ત્રણ પુટ અને બીજોરાના રસના સાત પુટ આપી, ખાતી વખતે બે ગુંજાથી ૪ ગુંજા(ચણોઠીભાર)પર્યંત શક્તિ પ્રમાણે મધમાં ખલ કરી ચાટવામાટે આપવી.

૬૭ **એખરો**—સં૦ કૌકિલાક્ષ. હિં૦ તાલિમખાના, કૈલયા. મ૦ કોલસુંદા, વિખરા, તાલિમખાના. કો૦ કોલિસ્તા, કોલસા. બં૦ કુલિયાખાડા, કુલેકાંટા, કુલક, શૂલમર્દન ઇત્યાદિ. તા૦ નિરમુલ્લિ. તુ૦ કોવમુલ્લુડે. મલા૦ વાયલચુલ્લિ. ગોમં૦ કોળુમુલે ઝાડ. ક૦ કુલુગોલિકે, નીરગોળ ગોલિકે, કોલવલિકે. તૈ૦ નિરૂગોખી, ગોખી, ગોબિચેટ્ટુ, ગોલિમિડિચેટ્ટુ. ઔ૦ કુઇલિરખા, માખુરેણ. લા૦

ધોળી ડોરલી (ધોળાં ફુલવાળી) એમ ત્રણ જાતો છે. ભોરિંગણીના છોડ ભૂમિ ઉપર પથરાયલા હોવાથી તેને એ નામથી ઓળખે છે. કેટલાક એને આંખફુટામણી પણ કહે છે. એનાં પાંદડાં ડોરલીથી જૂદા પ્રકારનાં હોય છે. એમાં પણ બે જાતો હોય છે. બીજી જે ધોળા ફુલની થાય છે તેને લક્ષ્મણા કહે છે. આ લક્ષ્મણામાં પારાની ખાખ કરવાનો ગુણ હોવાથી લોકો એને વધારે ચહાય છે. તે સિવાય એમાં બીજા પણ મહાન ગુણો હોવાનું કહેવાય છે; પણ તે પ્રકાશમાં મૂકી શકાય તેવા સિદ્ધ પ્રયોગો હજુસુધી હાથ લાગ્યા નથી. આમ આ રિંગણીની એકંદર પાંચ જાતો છે. લક્ષ્મણા નામે એક કંદ થાય છે તે આ લક્ષ્મણાથી જૂદો છે. રિંગણીની માત્રા ૧ માસાની અને વ્યવહારમાં તેનાં મૂળ અથવા પંચાંગ વપરાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એસ્ટકેન્થા લોજિ ફોલિયા. ઇં૦ લૉંગલિવ્હડ પાર્લેરિયા.

એખરો કોકણમાં અને બીજે સ્થળે ખેતરની બાજુએ અને વહેળાના કિનારા ઉપર હોય છે. ત્યાં ઢોર પણ તેને ખાતાં નથી. એ ઝાડ શુમારે બે અઢીજ હાથ ઉંચું વધે છે. એના કુમળા પાલાનું કેટલાક લોકો શાક કરે છે. એનાં પાંદડાં લાંબાં હોઇ દરેક પાંદડાં નીચે એક એક કાંટો હોય છે. આ ઝાડને મરાઠીમાં કોલિસ્તા, કોલસા એમ પણ કહે છે. એને જે બી આવે છે તેને 'તાલિમખાનું' કહે છે. એ બી પાણીનો સ્પર્શ થવાથી રસદાર બને છે. એની માત્રા ૬ માસા છે. **ઉપયોગઃ—** **(૧) અતિસાર ઉપરઃ—**તાલિમખાના દહીંમાં વાટી આપવાં. **(૨) ક્ષતકાસ ઉપરઃ**—તાલિમખાનાનું ચૂર્ણ મધ અને તાજા ઘીમાં આપવું. **(૩) ધાતુપુષ્ટતાને માટેઃ—**તાલિમખાનાનું ચૂર્ણ સાકર સાથે ખાવું અને ઉપર ધારોષ્ણ દૂધ પીવું; અથવા તાલિમખાના, મુસળી અને ગોખરૂ, એનું ચૂર્ણ ગાયના દૂધમાં સાકર નાખી પાવું. **(૪) પ્રમેહ ઉપરઃ—**તાલિમખાના દૂધમાં બારી આપવા. **(૫) યોનિસંકોચ થવા માટેઃ—**તાલિમખાનાના કાઢામાં તેનું ચૂર્ણ નાખી અંદર લેપ કરવો. **(૬) પુષ્ટિદાયક પાકઃ—**તાલિમખાના, ગોખરૂ, કાચબીજ, બળબીજ, કાળીમુસળી, શતાવરી, સાલમમિશ્રી, પંજાબીમિશ્રી, ધોળી ગુલબાશીનો કાંદો અથવા ચોપચીનીની ભૂકી કરી ઘીમાં સાધારણ તળી સાકરનો પાક તૈયાર કરી તેમાં નાખવી; અને સારીરીતે ઘુંટી, એકત્ર કરી તેમાં બદામ, ચારોળી, પસ્તાં, લીલવા દ્રાક્ષ, અખોડ, એલચી, કેસર, લવંગ, જાયફળ, જાવંત્રી, તજ અને ગળોનું સત્ત્વ નાખી થેપલાં કરી રાખવાં. એ દરરોજ બે તોલા ખાઈ ઉપર ગાયનું તાજું દૂધ પીવું.

૬૮ એરંડો (દીવેલી)ઃ—બં૦ સં૦ એરંડ. હિં૦ અરંડ, અંડ. ક૦ ઔંડલ, હરળગી. તૈ૦ અમુડાલ. તા૦ આમણકકુ. તુ૦ અલંબુડે. મલા૦ ચિત્તામણકકુ. ફા૦ બેદંજીર. અ૦ ખિરવા. તુ૦ કર્ચક. ઇં૦ કેસ્ટર ઑઇલ પ્લેંટ. લા૦ રિસિન્સક્રૉમ્યુનિસ્.

આ આર્યભૂમિમાં પરમેશ્વરે આપણા સુખમાટે અનેક ઉપયોગી અને વિપુલ વનસ્પતિ ઉત્પન્ન કરેલી છે; પરંતુ તે ઉપરની આપણી સત્તા તથા તેનો પૂર્ણપણે ઉપયોગ કરી લેવાનું સામર્થ્ય આપણામાંથી નષ્ટ થયું, એ આપણા ઉપર કાળચક્રનો ફેરોજ આવ્યો કહેવાય ! આપણે આ કાળચક્રના ફેરામાં આવવાથી આપણા આગળ વધી આવેલું ખેતરોમાંનું અન્ન આપણા પેટમાં ન જતાં પરદેશમાંજ તણાઈ જાય છે ! ઉત્તમોત્તમ પર્જન્યવૃષ્ટિ થઇ ભરપૂર પાક દર સાલે આવે, તથાપિ આપણા ખેડુતોના ઘરમાં મહિના બે મહિનાનો ખોરાક પણ સિલક રહેતો નથી ! આવી જ્યારે સર્વત્ર સ્થિતિ થઇ છે ત્યારે આપણી **શકિત** કયાંથી વધારવી ? તથા આપણો ભાગ્યોદય કયાંથી થાય ? અને આપણે પ્રયત્ન કરીએ તો સફળ થવા જેવી પુષ્કળ રીતો છતાં તે આપણે કરીએ છીએ ક્યારે ? દર સાલ હજારો ખાંડી એરંડી આપણા દેશમાં ઉત્પન્ન થઇને પરદેશમાં રવાના થાય છે; અને ત્યાં તેનું યંત્રમાં તેલ કાઢી ઉત્તમ નીલવર્ણ બાટલીમાં ઉપર સચિત્ર વિલાયતી નામ છાપી, પાછું તે આપણા લોકોના ઘરમાં વાપરવા માટે મોકલાય છે. ત્યારે તેમને ધન્ય કહેવું કે આપણા સ્વદેશાભિમાનશૂન્ય લોકોના મૂર્ખપણાને ધન્ય કહેવું ? વળી બાળવાનાં સર્વ તેલમાં સ્થિર બળનાર, હમેશાં દીવા પાસે બેસીએ તોપણ આંખોને ઇજા ન કરનાર અને સસ્તું પડનાર, એવું એ "અલ્પ કિંમતનું અને ઘણું ગુણી" તેલ છતાં એ તેલ પર આપણી ભકિત ન બેસતાં પરદેશનું ઘાતક, રોગોત્પાદક, પરિણામે ભયંકર તથા પ્રસંગે પ્રાણનાશક એવું જે **ધાસલેટ** (રાક ઑઇલ) તેલ તેજ આપણને હિતકર જણાવા લાગ્યું છે ! આ ઉપરથી આપણો સારાસારવિચાર તથા દૂરદષ્ટિ વ્યક્ત થાય છેજ ! આ એરંડ વૃક્ષનું વર્ણન "એરંડાનો કચરો" એ પ્રમાણે ન સમજતાં, એરંડ તેલ પ્રમાણેજ પરિણામે હિતકર સમજવું. એરંડામાં **ધોળી** અને **રાતી** બે જાતિ હોય છે; તથા એક **મળ એરંડ** અને બીજો જરાયતમાં થનાર **વર્ષાયુએરંડ** એવી પણ બે જાતિ છે. મળ એરંડ પાંચદશ વર્ષ સુધી ટકે છે. જરાયતિ એરંડનાં બી (એરંડીઆં) બારીક હોય છે; પરંતુ મળ એરંડના એરંડીઆ કરતાં તેનું તેલ વધારે નીકળે છે. એરંડતેલ રેચક હોઈ બીજા રેચ પ્રમાણે તીવ્ર ન છતાં નાનાં બાળકને આપવાને પણ હરકત નથી. ઘણા રોગો-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પર આરંભમાં આ રેચ અપાય છે. **ધોળો એરંડો:**—તીખો, તીક્ષ્ણ, ગરમ, ગુરુ, મધુર, કટુ, વૃષ્ય, જડ, સ્વાદુ અને સારક છે; તથા વાયુ, ઉદાવર્ત, કફ, તાવ, ઉધરસ, ઉદરરોગ, સોજો, શૂળ, અને કંમર, બસ્તિ, મસ્તક એમાંનું શૂળ, દમ, આનાહવાયુ, કોઢ, બદ, ગુલ્મ, બરોળ, આમપિત્ત, પ્રમેહ, ઉષ્ણતા, વાતરક્ત, મેદ અને અંડવૃદ્ધિનો નાશ કરે છે. એનો ભેદ-**મોટો ધોળો એરંડો:**—રસકાળે અને પાકકાળે તેમાં ગુણો વધારે છે. **રાતો એરંડો:**—તુરો, રસકાળે તીખો, લઘુ અને કડવો છે; તથા વાયુ, કફ, દમ, ઉધરસ, કૃમિ, અર્શ, વર્ધ્મરોગ (બદ), રક્તદોષ, પાંડુ, ભ્રાંતિ, અરુચિ એમનો નાશ કરે છે. બીજા ગુણ ધોળા એરંડા જેવા છે. **બંનેનાં પાંદડાં:**—વાતપિત્તને વધારનાર અને મૂત્રકૃચ્છ્ર, વાયુ, કફ તથા કૃમિનો નાશ કરે છે. એના **કુમળાં અંકુર:**—ગુલ્મ, બસ્તિશૂળ, કફ, કૃમિ, વાયુ અને સાત પ્રકારના વૃદ્ધિરોગનો નાશ કરે છે. **એનાં ફૂલ:**—વાયુ, કફપિત્ત અને મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. વળી રકતદોષ તથા પિત્તને વધારે છે. **એનાં બીઆંના ગોળા (મગજ):**—અગ્નિદીપક, અતિ ઉષ્ણ, તીખા, મીઠા, ખારા, સ્નિગ્ધ, સારક, મલભેદક અને લઘુ છે તથા ગુલ્મ, શૂળ, કફ, યકૃત્, વાતોદર, પ્લીહા અને વાતાર્શનો નાશ કરે છે. **એરંડ તેલ** (એરંડિયું):—મધુર, સારક, ઉષ્ણ, ગુરુ, રુચિકર, સ્નિગ્ધ અને કડવું છે; તથા વર્ધ્મ (બદ), ઉદરરોગ, ગુલ્મ, વાયુ, કફ, સોજો, વિષમજ્વર અને કંમર, પીઠ, પેટ, ગુદા એમાંના શૂળનો નાશ કરે છે. **ઉપયોગ:— (૧) શૂળ ઉપર:—** એરંડમૂળનો કાઢો હિંગ અને સંચળ નાખી આપવો. **(૨) કુક્ષિશૂળ ઉપર:**—એરંડમૂળના કાઢામાં જવખાર નાખી આપવો, એટલે કુક્ષિશૂળ, કફશૂળ, ઉરુ અને પીઠમાંનું શૂળ મટે છે. **(૩) કમળા ઉપર:**—એરંડાનો રસ અને લીંડીપીપરનું ચૂર્ણ સુંઘવા આપવાં. **(૪) આંખો આવે છે તે ઉપર:**—એરંડ તેલનો જુલાબ આપવો. **(૫) ગડાં થાય છે તે ઉપર:**—એરંડમૂળ વાટી તેલમાં અથવા ઘીમાં કાલવી ગરમ કરી લેપ કરવો.**(૬) વિસર્પ અને દરાજ ઉપર:**—એરંડ તેલ ઘીમાં આપવું. **(૭) નાનાં બાળકોનું ગળું પડે છે તે ઉપર:**—એરંડાનું પાંદડું ઘી ચોપડી તાળવા ઉપર મેલવું. **(૮) રેચ થવા માટે:**—સારૂં એરંડતેલ ૨ તોલાસુધી ગરમ પાણીમાં અગર સુંઠના અથવા ત્રિફલાના કાઢામાં આપવું. **(૯) શરીરમાંની ગરમી ઉપર:**—આ તેલ તાળવા ઉપર ચોળવું એટલે મસ્તકની ગરમી નીકળી જઇ આંખોમાં તેજ આવે છે. હાથપગમાં બળતરા અથવા ચાઠાં પડેલાં હોય તો તે ઉપર પણ એરંડતેલ ઠંડા પાણીમાં નાખી ચોળવું. **મસ્તકની ગરમી** જવા માટે એરંડાનાં પાંદડાંને માખણ અગર ચોખ્ખું ઘી ચોપડીને તે તાળવાપર બાંધવાં. **(૧૦) ધંતુરાના વિષ ઉપર:**—લાલ એરંડાનાં મૂળ પાણીમાં વાટી આપવાં એટલે ધંતુરાનું વિષ ઉતરશે અને ભ્રમ નાશ થશે. **(૧૧) સંધિવાત ઉપર:**—એરંડતેલ ચોળવું. **(૧૨)ફૂલ—છારી જવા માટે:**—લાલ એરંડાનું દૂધ આંખમાં આંજવું. **(૧૩) વૃષણ રોગ ઉપર:**—એરંડતેલ દૂધમાં અગર ગોમૂત્રમાં આપવું અને લેપ પણ કરવો. **(૧૪) રક્તપિત્તી (વાતરક્ત) ઉપર:**-એરંડો, અરડુસી અને ગળો, એનો કાઢો કરી તેમાં એરંડતેલ નાખી આપવો. **(૧૫) પેટમાંના વાયુ ઉપર:**—એરંડતેલ સુંઠના કાઢામાં આપવું. **(૧૬) આમ વાત ઉપર:-ગૃધ્રસી વાયુ એટલે પીઠ, કંમર, ખભા, પેટ, પગ એ ઠેકાણે શૂળ અને પીડા થાય છે તે ઉપર:**—એરંડાનો મગજ દૂધમાં મેળવી માવો કરી ખાવા માટે આપવો અથવા એરંડતેલ એકલુંજ ગોમૂત્રમાં આપવું. **(૧૭) બાળકોની સસણી ઉપર:**—નાગરવેલના પાકેલા પાનને એરંડતેલ ચોપડી, શેકી, તે સહેવાતું પેટ ઉપર રાખવું અને તેવા પાનથી પેટ શેકવું. **(૧૮) બાળકોને કૃમિ અને જંતુ ઉપર:**—એરંડતેલ ગરમ પાણીમાં આપવું અથવા એરંડાનો રસ મધમાં આપવો. **(૧૯) વીંછીના વિષ ઉપર:**—એરંડાનાં પાંદડાંનો રસ કાઢી તે, જે અંગના ભાગમાં દંશ થયો હોય તેની વિરુદ્ધ અંગના કાનમાં નાખવો અને કેટલીક વખત તેમજ રહેવા દેવું. એ પ્રમાણે બે-ત્રણ વખત કરવું એટલે વિષ ઉતરી જશે. **(૨૦) ભસ્મક રોગ ઉપર:**—દૂધમાં અથવા ઘીમાં એરંડતેલ આપવું. **(૨૧) દમ ઉપર:**—૨॥ તોલા એરંડતેલ પાંચ તોલા મધમાં મિશ્ર કરી રાખવું. તેમાંથી સવારસાંજ એકેક ચમચો લેતા જવું. **(૨૨) સર્પદંશ ઉપર:**—એરંડાનાં પાંદડાંનો ૪ ચમચા રસ ૧ ચમચો પાણી નાખી આપવો અને દંશ ઉપર પાલો વાટી બાંધવો; એથી ઉલટી થઈ વિષ ઉતરશે. **(૨૩) ઉંઘ ન આવતી હોય તો:**—એરંડાના મોર બારીક વાટી થોડુંક

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

દૂધ નાખી કપાળે અને કાન પાસે ચોળવા; ઘણા ઘસવા નહિ. **(૨૪) ગંડમાળ ઉપરઃ**—એરંડમૂળ અને ખાખરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી લેપ કરવો. **(૨૫)સુખે પ્રસૂતિ થવા માટેઃ**—એરંડમૂળ ઘીમાં ઘસી પીવાં અને ગુહ્ય અંગ ઉપર પણ લેપ કરવો. **(૨૬) કમળા ઉપરઃ**—એરંડાની દાંડી દહીંમાં વાટી ૩-૭ દિવસ આપવી. એથી જરા કેફ આવશે. એમ નહિ તો એરંડમૂળ મધમાં આપવાં એટલે ફાયદો થશે. **(૨૭) પીનસ રોગ ઉપરઃ**—એરંડતેલ કઢવી રાખવું અને જે નાકમાં પીનસ થયું હોય તે નાકે દિવસમાં ઘણી વાર સુંઘવું. **(૨૮) યોનિશૂળ ઉપરઃ**—એરંડમૂળ અને સુંઠ ઘસી યોનિ ઉપર લેપ કરવો. **(૨૯) નળ ફૂલ્યા હોય તોઃ**—એરંડતેલ ૨ ચમચા, સિંધવ ૧ તોલો, સંચળ ૧ તોલો અને ગાયનું દૂધ ત્રણ તોલા, એ એકત્ર કરી આપવાં.**(૩૦) ઉરુસ્તંભ અને ગૃધ્રસી વાયુ ઉપરઃ**—એરંડતેલ ગોમૂત્રમાં નાખી આપવું. **(૩૧) બાળકોને રેચમાટેઃ**—એરંડા અને ઉંદરની લીંડીઓનું ચૂર્ણ લીંબુના રસમાં ખરલ કરી, બાળકની ગુદા ઉપર અને કુંટી ઉપર તેનો લેપ કરવો. **(૩૨) કાચની ભૂકી પેટમાં ગઈ હોય તોઃ**—ત્રણ તોલા એરંડતેલ પીવા આપવું. **(૩૩) પિત્તરોગ ઉપરઃ**—ગાયના દૂધમાં એરંડતેલ આપવું. **(૩૪) મસ્તકશૂળ ઉપરઃ**—એરંડમૂળ ભાંગરાના રસમાં ઘસી નાકમાં ચોપડી તપખીર પ્રમાણે સુંઘવું એટલે છીંકો આવશે. **(૩૫) કમળા ઉપરઃ**—એરંડાના ઝાડની છાલ બે તોલા કાઢી, ગાયનું તાજું દૂધ ૪ તોલા છાંટી તેનો રસ કાઢવો અને નિત્ય એક વખત પ્રમાણે પાંચ દિવસ લેવાથી કોઈપણ ભારે રોગ હોય તો તે પણ દૂર થાય છે; અથવા કુમળી કુંખોનો રસ ૬ માસા દૂધમાં આપવો. પથ્ય-ત્રણ દિવસ મોળું ખાવું. **(૩૬) હોઠમાં ચીરા પડે છે તે ઉપરઃ**—રાત્રે ઓઠને તેલ ચોપડવું. **(૩૭) આમવાત ઉપરઃ**—એરંડાનું મગજ અને સુંઠ સમભાગ લઇ એકત્ર કુટી તેમાં તેટલીજ ખાંડ નાખી ગોળીઓ કરી રાખવી. એ ગોળી નિત્ય પ્રાતઃકાળે એક એક એ પ્રમાણે દરરોજ લેતા જવી, અથવા એરંડતેલ સુંઠના કાઢામાં આપવું. **(૩૮) કટિશૂળ અને હૃદ્રોગ ઉપરઃ**—એરંડમૂળનો કાઢો જવખાર નાખી આપવો, એટલે હૃદય અને કંમરના શૂળનો નાશ થાય છે. **(૩૯) કાનમાં બગઇ વગેરે ગયું હોય તોઃ**—જૂનું જાડું થયેલ એરંડતેલ ૧-૨ દિવસ કાનમાં નાખવું એટલે જીવડું મરે છે. પછી તે યુક્તિએ બહાર કાઢવું. **(૪૦) ગુલ્મરોગ ઉપરઃ**—તાજા દૂધમાં એરંડતેલ મિશ્ર કરી સેવન કરવું. **(૪૧) તાવમાં અતિશય બળતરા થતી હોય તોઃ**—એરંડાનાં પાંદડાં ચોખ્ખી જમીન ઉપર પાથરી રાખવાં અને તે રોગીના અંગ ઉપર રાખવાં. તેવડે તાવ શાંત થાય છે. દાહ થવા પછી ઠંડી લાગે છે તે યુક્તિથી નિવારણ કરવી. **(૪૨) પ્લીહોદર ઉપરઃ**—મૂળ અને પાંદડાંસુદ્ધાં એરંડાનું ઝાડ માટીના વાસણમાં ભરી, મોઢું બંધ કરી અજમાનો પુટ આપવો. પછી તે કુટી તેની ભસ્મ ૧તોલો લઇ ચાર તોલા ગોમૂત્રમાં પાવી. **(૪૩) ગર્ભિણીને વાયુનો ઉપદ્રવ ન થાય અને પ્રસૂતિ વખતે કષ્ટ ન થવા માટેઃ**—એરંડમૂળ, સુંઠ અને સવાનો કાઢો આપવો.

૬૯ એરોદસ—એને 'મીઠો અજમો' પણ કહે છે. આ અજમો ખાવાથી મીઠો લાગે છે. એનો આકાર અજમા જેવો હોય છે. આ અજમો પર્શીઆ દેશથી આવે છે. એનો ઉપયોગ આજકાલ ઘણોજ થવા લાગ્યો છે. **ઉપયોગઃ—(૧) કૃમિ ઉપરઃ**—એરોદસનું ચૂર્ણ મધમાં આપવું. **(૨) બાળકોના તાવ અને ઉધરસ ઉપરઃ**—એરોદસ ટાંક ૧, વરિયાળી ટાંક ૧, એની ભૂકી કરી કુંવરમાં નાખી ગરમ કરી, તેનો બલ્ક કાઢી તે મધમાં ચાટવું.

૭૦ એલચી—સં૦ એલા. મ૦ વેલદોડે. હિં૦ ઇલાયચી. બં૦ એલાયચ. ક૦ યાલકકી. તે૦ તુ૦ એલાકી. તા૦ એલ, ઇલાચી. મલા૦ એલુ, એલાતરી. ફા૦ હૈલ, હાલ. અ૦ કાકીલેસિગાર. ઈં૦ કાર્ડેમમ્. લા૦ ઇલેટેરિયા કાર્ડીમોમ.

એની ઉત્પત્તિ **હિંદુસ્તાનમાં** અને એની આસપાસના ઉષ્ણ પ્રદેશમાં થાય છે. એ ઝાડ ઠંડા દેશમાં થતાં નથી. એલચી **મલબાર, કોચીન, મેંગલોર, મહીસુર** અને ઘણું કરી આખા **કર્નાટક દેશમાં** થાય છે. એ ઝાડ હળદરના ઝાડ જેવાં થાય છે. એલચીનાં ઝાડ **મલબાર** પ્રાંતમાં આપોઆપ ઉત્પન્ન થાય છે. એલચી ભોંયમગની શીંગોની પેઠે જમીનમાં મૂળીઆંને લાગેલી હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

મલબારમાંથી પ્રતિવર્ષે સેંકડો ખાંડી એલચી ઇંગ્લાંડમાં અને બીજા દેશોમાં વેચાવા જાય છે. એલચી સ્વાદિષ્ટ હોય છે. તે ઘણું કરી ખાવાના પદાર્થોમાં નખાય છે. 'જંગલી એલચી' કરીને એની એક મોટી જાતિ ડુંગરોમાં આપોઆપ ઉત્પન્ન થાય છે. એના એલચી દાણા કાઢી બહાર વેચવા મોકલે છે. એને "**નર એલચી**" પણ કહે છે. એ લસણ જેવડી મોટી હોય છે. **બારિક એલચીદોડા:**—કડવા, શીતળ, રસકાળે તીખા, લઘુ, સુગંધિ, પિત્તકર, મુખ અને મસ્તકનું શોધન કરનાર, ગર્ભપાતકારક, રુક્ષ; અને વાયુ, દમ, કફ, ઉધરસ, અર્શ, ક્ષય, વિષદોષ, બસ્તિરોગ કંઠરોગ, મૂત્રકૃચ્છ, અશ્મરી, વ્રણ અને કંડૂ (ખરજ)નો નાશ કરે છે.[1] **મોટા એલચીદોડા:**—તીખા, રુક્ષ, રુચિકર, લઘુ, રસકાળે અને પાકકાળે તીખા, મુખશુદ્ધિકર, સુગંધિ, પાચક, શીત અને અગ્નિદીપક છે. એ કફ, દમ, પિત્ત, કંડૂ (ખરજ), રક્તરોગ, ઉધરસ, હૃદ્રોગ, વિષદોષ, ઉલટી, તૃષા, અને બસ્તિ, મુખ અને મસ્તક, એ ઠેકાણાનાં શૂળ તથા વાંતિનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) મૂત્રરોગ અને શુક્રરોગ** (પેસાબ સાથે ધાત જાય છે તે) **ઉપર:**—એલચી અને શેકેલી હિંગનું ત્રણ ગુંજા ચૂર્ણ દૂધ અને ઘી સાથે આપવું. **(૨) વિંછીના વિષ ઉપર:**—એલચીદોડા ચાવી કાનમાં જોરથી ફુંકવું. **(૩) નેપાળાના વિષ ઉપર:**—એલચીદોડા દહીંમાં વાટી આપવા. **(૪) આંખોમાં બળતરા થાય છે કિંવા તેજ કમી થાય છે તે ઉપર:**—એલચીદાણા અને સાકર સમભાગ લઇ એકત્ર ખાંડી તેમાંથી ચાર માસા ભૂકી લઇ તેમાં એરંડિયું અથવા એરંડાની મોખ નાખી સવારે દાતણ કર્યા પછી લેતાં જવું; એટલે મસ્તકમાંહેની ગરમી મટી મગજ ઠંડું થઇ આંખોમાંની ગરમી જાય છે અને આંખોને તેજ આવે છે. **(૫) રક્તપ્રદર, રક્તમૂળવ્યાધિ અને રક્તમેહ ઉપર:**—એલચીના દાણા, કેસર, જાયફળ, વંશલોચન, (વાંસકપૂર) નાગકેસર, શંખજીરૂં, એ છ ઔષધોનું સમભાગ ચૂર્ણ કરી રાખવું અને દરરોજ બે માસા ચૂર્ણ, બે માસા મધ, છ માસા ગાયનું ઘી અને ત્રણ માસા સાકર એ મિશ્રણમાં સેવન કરવું. એ પ્રમાણે પ્રાતઃકાળે અને સાયંકાળે એમ બે વાર ૧૪ દિવસ આપવું. એ ઔષધને દરરોજ રાત્રે સૂવાની વેળાએ શક્તિ પ્રમાણે ગાયનું દૂધ અર્ધો શેર ઉનું કર અંદર કેડી ખાંડ નાખી પીવું. ગોળ, કોપરાં વગેરે ગરમ પદાર્થ વર્જવા. **(૬) કફરોગ ઉપર:**—એલચીના દાણા, સિંધવ, ઘી, મધ, એ એકત્ર કરી પાવાં. **(૭) ધાતુપુષ્ટિને માટે:**—એલચીદાણા, જાવંત્રી, બદામનો મગજ, ગાયનું માખણ અને સાકર, એ એકત્ર કરી તે મિશ્રણ સવારે ખાવું, એથી વીર્યવૃદ્ધિ થાય છે. **(૮) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—એલચીદાણાનું ચૂર્ણ મધમાં મેળવી ચાટવું. **(૯) ઉદાવર્ત રોગ ઉપર:**—(ક્ષુધા, નિદ્રા, દમ, ઉલટી, શ્વાસાદિક એઓના થયેલા વેગનો નિરોધ કરવાથી આ રોગ થાય છે.) થોડીક એલચી લઈ તેમાંથી અડધી ઘીના દીવા ઉપર શેકી પછી સર્વનું ચૂર્ણ કરી તે મધ સાથે ખાવું. **(૧૦) મુખરોગ ઉપર:**—એલચીદોડાનું ચૂર્ણ અને ફુલાવેલી ફટકડીનું ચૂર્ણ એકત્ર કરી તે મિશ્રણ મોઢામાં રાખી લાળ પડવા દેવી, પછી મોઢું સ્વચ્છ ધોવું. એ પ્રમાણે દિવસમાં ૪-૫ વાર કરવું. **(૧૧) સર્વશૂળ ઉપર:**—એલચીદોડા, હિંગ, જવખાર, સિંધવ એનો કાઢો એરંડતેલ નાખી આપવો; એટલે કંમર, હૃદય, ઉદર, નાભિ, પીઠ, કુક્ષિ, મસ્તક, કર્ણ અને નેત્ર એ ઠેકાણાનું શૂળ ઘણીજ ત્વરાથી મટે છે. **(૧૨) જીર્ણ જ્વર અને સર્વજ્વર ઉપર:**—એલચીદોડા, બીલાં, સાટોડી, દૂધ અને પાણી એકત્ર કરી દૂધ શેષ રહે ત્યાંસુધી ઉકાળી પીવું, એટલે તેથી સર્વ પ્રકારના તાવ જાય છે. **(૧૩) કફમૂત્રકૃચ્છ્ર ઉપર:**—ગોમૂત્ર, મધ, કેળનો રસ એમાંથી કોઈ પણ એક સાથે એલચીનું ચૂર્ણ પાવું. **(૧૪) ઉલટી ઉપર:**—એલચીનાં ફોતરા બાળી તે રાખ મધમાં ચટાડવી.

૭૧ **ઓંટ**—સં૦ લકુચ. મ૦ ઓંટ. હિં૦ બડહર, બઢાર ફલ. ક૦ આંજણ. બં૦ માદર. લા૦ અર્ટો કારપસ લકુચ.

---

[1] નાની એલચીના ક્ષુપ આદુના જેવા થાય છે. ફુલ ધોળાં અને લાલ, એલચીના સુગંધની બરાબર થાય છે. એલચી રાત્રે કદાપિ ખાવી નહિ; કારણ કે એથી ગચરકાં આવી કોઢ થાય છે. એલચીની માત્રા ૧॥। માસા અને શાંતિકર ગુલાબનાં ફુલ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આ ઝાડ કર્નાટક અને ગોમાંતક પ્રાંતોમાં ઘણું કરી થાય છે. બીજા ઠેકાણે ક્યાંય જડતાં નથી. ઓંટનાં ઝાડ મોટાં થાય છે. એનાં પાંદડાં કડાનાં પાંદડાં કરતાં કંઇક મોટાં હોય છે. એને કાર્તિક માસમાં ફળો આવવા લાગે છે. તેને 'ઓંટઆંબો' કહે છે. એ ફળો પાકાં થાય એટલે તેના નાના કડકા કરી સૂકવે છે. તેને 'ઓંટાની છાલ,' એવું કહે છે. તેનો આંબલી અથવા કોકમ બદલ ઉપયોગ થાય છે. ઓંટાની છાલ પથ્યને ઉપયોગી પડે છે; કારણ તે પિત્તશામક છે. એ કોકમ કરતાં પણ પથ્યકારક છે. કોકમ રક્તશોષક છે, પરંતુ આ તો રક્તવૃદ્ધિ કરનાર છે. ઓંટનાં લાકડાં ઇમારતી કામના ઉપયોગમાં આવતાં નથી. પાકેલાં ઓંટનું રાયતું અને અથાણું ઘણું મધુર થાય છે. પકવ ઓંટનું પાણી કાઢી તેમાં ખાંડ, જીરૂં અને મરીની ભૂકી નાખી પીએ તો તે શીત, પિત્તશામક, પથ્યકર, રુચિદાયક, દીપક અને પાચક છે. પ્રસૂતા સ્ત્રીઓને ઓંટનો સાર પથ્યકર છે.

૭૨ ઓથમી જીરૂં—સં૦ સ્નિગ્ધજીરક. હિં૦ મ૦ ક૦ તે૦ ઇસબગોલ (ગુલ). તા૦ ઈસ-પ્પુકોલવીર. ફા૦ ઇસ્પગુલ. અ૦ બાઝરેકાતુન. ઇં૦ ઇસ્ફોગુલસીડ. લા૦ પ્લેન્ટેગો ઇસ્ફાગુલ.

ઓથમી જીરાની ઉત્પત્તિ મિસર દેશમાં અથવા પ્રશિયામાં થાય છે. ત્યાંથી અહીં આવે છે. એ બી આકારે ચાંચડ જેવાં છે. એના ઝાડની ઉંચાઇ એક હાથ હોય છે અને પાંદડાં ઝીણાં તથા લાંબાં લાંબાં હોય છે. એ ઝાડ ઉપર ઘઉંના જેવી ઉંબીઓ આવે છે. તેમાં એ બી હોય છે. એમાં ત્રણ જાત છે. ધોળાં, રાતાં અને કાળાં. એમાંથી કાળાંની ઔષધોમાં યોજના કરી નથી. ધોળાં સર્વમાં ઉત્તમ છે. ઓથમી જીરાની ઝીણી ભૂકી માણસના ખાધામાં આવવાથી ઝાડો બંધ થઇ મરી જાય છે. એટલા માટે એવી ભૂકી ન આપવા માટે સંભાળ રાખવી. ઓથમી જીરાનાં બી પાણીમાં નાખી ખૂબ ચોળ-વાથી તળે જઇ બેસે છે. **ઉપયોગઃ—(૧) સોમલના વિષ ઉપરઃ**—ઓથમી જીરાનો લુઆબ કાઢી (પાણીમાં પલાળી રાખી ચોળી ગાળી લઇ) તેમાં બેદાણા, દહીં અને ગુલાબનું પાણી મિશ્ર કરી આપવું; એટલે વિષ ઉતરશે. **(૨)ગરમીથી તરસ લાગે છે તે જવા માટેઃ**—ઓથમી જીરૂં રાત્રે પાણીમાં નાખી તે પાણી ગાળી પીવું. એ પાણી પૌષ્ટિક પણ છે. **(૩) જવરાતિસાર, રક્તાતિસાર, જીર્ણાતિસાર, રક્તાર્શ, રક્તસ્રાવ, જવર, પ્રમેહ અને દાહ ઉપરઃ**—એથી ચાર તોલાસુધી ઓથમી જીરૂં રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ચોળી તેમાં ૨ તોલા ખડી સાકર નાખી આપવું, એટલે ઉપરના સર્વ રોગ દૂર થશે. **(૪) ઝાડો બંધ હોય તે ઉપરઃ**—ચાર માસા ઓથમી જીરૂં સાત માસા પાણીમાં ભીંજવી રાખી તે પાણી ગાળી લઇ તેમાં બદામનું તેલ અને સાકર નાખી આપવું; એટલે કેટલીક વારે રેચ થઇ કોઠો શુદ્ધ થાય છે. **(૫) બાળકોની રક્તસંગ્રહણી ઉપરઃ**—ઓથમી જીરૂં અને ખડીસાકર ચાવી ખાવા માટે આપવી. **(૬)ધાતુપુષ્ટિ માટેઃ**—ઓથમી જીરૂં ૨ ભાગ, એલચી દાણા ૧ ભાગ અને ખડીસાકર ૩ ભાગ, રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે તે મસળી ગળીને પાવું; અથવા એની ફાકી કરી ઉપર બે ઘુંટડા ગાયનું દૂધ પાવું. **(૭)આમાંશ ઉપરઃ**—ઓથમી જીરૂં ૧ તોલો અને સાકર ૧ તોલો ચાવીને ખાવું. આ પ્રમાણે દિવસમાં બેચાર વાર આપવું. **(૮) જવરાતિસાર ઉપરઃ**—ઓથમી જીરાનો કાઢો આપવો.

૭૩ કચરો—સં૦ કર્પૂરક, ગુડકંદ. મ૦ કો૦ કચરા,ફુરડીચે મૂળ, કસેરૂ, કેચુક, ચિચોડ. બં૦ કેસુર. ક૦ સેકિનગડે. લા૦ સ્કિરપસક્રૈસૂર.

તળાવની આસપાસ બે બે વેંત ઉંડા કાદવમાં એક જાતના છોડ ઉગેલા હોય છે; એને 'લવ્હા' કહે છે. એ છોડોનાં મૂળોને કચરો* વળગે છે. ઘાસ સૂકાવા લાગે એટલે કાદવમાં ચાર ચાર પહોર ઉભા રહી તે કાઢી લે છે. કચરાં શેકીને અથવા છોલીને ખવાય છે. તે છોલી ચીરો કરી, દૂધમાં શેરડી-ના રસ સાથે બફાય છે તે 'દૂધ કચરો' જાણવો. બીજી રીતિએ કચરાં વાટી તેનું દૂધ કાઢી તેમાં દૂધ-સાકર નાખી તેનું ખાવાનું થાય છે. કચરાને કોકણમાં ફુરડી કહે છે. **કચરોઃ**—મધુર, શીત, તુરો,ગુરુ ગ્રાહક, શુક્રવર્ધક,વાતકર, મલસ્તંભક, રુચિકર, વૃષ્ય, કફકારક તથા કૃમિકર છે; અને રક્તપિત્ત, દાહ, શ્રમ, તૃષા, રક્તદોષ નેત્રરોગ તથા પ્રમેહનો નાશ કરે છે. એનાં ફૂલ કમળો અને પિત્તનો નાશ કરે છે.

* લક્ષણ પ્રયોગોપરથી કચરો એ લોઢાં હોવાનો ભાસ થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૭૪ કચૂરો:—સં૦ કર્ચૂર. મ૦ ક૦ કચોરા, કાવરી. હિં૦ કચૂર, કાલીહળદી, આંભીયા હલદી. બં૦ એકાંગી. તૈ૦ કચોરમુ. તા૦ કત્તુરિમંજલ. મલા૦ અડવિકચ્ચોલા. ફા૦ જરંબાદ. અ૦ એરપુ લકાપુર. ઈ૦ લૉંગઝેડોઆરી. લા૦ કરકયુમ ઝેરંબેટ.

કચૂરાનાં ઝાડ હળદરના ઝાડ જેવાં થાય છે.× પાંદડાં અને ઝાડ હળદરના ઝાડ પ્રમાણે હોય છે. પાંદડાં કિંચિત્ કાળાશ ઉપર હોય છે. એ પાંદડાંની લંબાઇ શુમારે બે હાથ હોય છે. હળદર પ્રમાણે-જ એના કંદ પણ જમીનમાં થાય છે. એ કંદનો કચરો કાઢી નાખી તેને મીઠામાં આથે છે. (અથાણું કરે છે.) કોંકણ પ્રાંતમાં આ ઝાડ પુષ્કળ થાય છે. કચૂરો સુગંધી પદાર્થોમાં નાખે છે. એનો સુવાસ સારો હોવાથી સુગંધી મસાલામાં વાટી તેને શરીરે ચોપડે છે. એને 'ષટ્કચૂરો' પણ કહે છે. "**કપૂરકાચલી**" એ એક કચૂરાની જાતિ છે. એને પણ કચૂરો કહે છે. કપૂરકાચલીમાં સુગંધ ઘણી હોય છે. કચૂરા કરતાં એ વધારે સુગંધીદાર છે. સુગંધી પદાર્થોમાં એનો ઘણો ઉપયોગ થાય છે. **કચૂરો:**—કડવો, તીખો, ઉષ્ણ, તીક્ષ્ણ, અગ્નિદીપક, સુગંધી, રુચિકર, લઘુ, મુખ સ્વચ્છ કરનાર અને રક્તપિત્તને કોપાવનાર છે; તથા ગલગંડ, ગંડમાળા, કુષ્ઠ (કોઢ), અર્શ, વ્રણ, ઉધરસ, દમ, ગુલ્મ, કફ, ત્રિદોષ, કૃમિ, વાયુ, જ્વર અને પ્લીહાનો નાશ કરે છે. **કપૂરકાચલી:**—તીક્ષ્ણ, દાહક, તીખી, કડવી, તુરી, શીતવીર્ય, લઘુ, કિંચિત્ પિત્તકર; અને કાસ, શ્વાસ, જ્વર, શૂળ, હેડકી, ગુલ્મ, રક્તરોગ, વાયુ, ત્રિદોષ, મુખવિરસતા, દુર્ગંધ, વ્રણ, આમ, ઉલટી અને હિધ્મ રોગનો નાશ કરે છે. **ઉપયોગ:**-(૧) **ત્રિદોષ, સુવારોગ** (સુવાવડનો રોગ), **વિષમ અને જીર્ણજ્વર ઉપર કાઢો:**—ષટ્કચૂરો, પિત્તપાપડો, દેવદાર, સુંઠ, કરિયાતું, ધમાસો, કડુ, નાગરમોથ, ઉભી ભોરિંગણીનાં મૂળ, એઓનો કાઢો મધ અને લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવો. (૨) **જીભ ઉપર બુખાર (છારી) આવે છે તેને માટે:**—નિત્ય સવારે ઉંઘી ઉઠતાંજ કચૂરાના તાજા કંદ ચાવી થુંકી નાખવા. પછી મોઢું ધોવું, એટલે ઉંઘમાં લાળ ગળી જવાથી થયેલા વિકાર વગેરે શમન થશે. (૩) **કૃમિ ઉપર:**-કચૂરાના કાંદાનો રસ કાઢી પાવો. (૪) **થાક ઉતરવા માટે:**—કચૂરાનો પાલો અને અરણીનો પાલો પાણીમાં નાખી, તે ગરમ કરી, તે પાણીથી સ્નાન કરવું. (૫) **કૉલેરા (વિષૂચિકા) ઉપર:**—કચૂરાના કંદનો રસ કાંદા (ડુંગળી) ના રસમાં નાખી આપવો. (૬) **કૃમિ ઉપર:**—કચૂરાના કંદની માળા કરી તે ગળામાં બાંધવી.

૭૫ કઠ (ઉપલેટ)—સં૦ કુષ્ઠ. હિં૦ કુઠ. મ૦ કોષ્ટ. બં૦ કુડ. ક૦ કોષ્ટ. તૈ૦ ચંગલકુષ્ટ. ફા૦ કાશ્રેહ. અ૦ કુસ્તબેહેરી. ઈ૦ કોષ્ટસ્ રૂટ. લા૦ સૌસુરિયા લેપ્પા, ઓકેલેડિયા કોસ્ટસ્.

કાશ્મીર દેશમાં તેની ઉત્પત્તિ થાય છે. પુષ્કરમૂળ નામની જે ઔષધિ છે તે આનોજ પ્રકાર છે.* **કઠ:**—ઉષ્ણ, તીખી, કડવી, મીઠી, વૃષ્ય, શુક્રલ, રસાયન, કાંતિકારક, લઘુ, વાતકફનાશક; અને કોઢ, વિષ, વિસર્પ, કંડૂ, દરાજ, ત્રિદોષ, ખસ, રક્તદોષ, ઉધરસ, ઉલટી, તૃષા, એનો નાશ કરે છે. એનો લેપ કરવાથી વાતવ્યાધિનો નાશ થાય છે. **ઉપયોગ:**— (૧) **મસ્તકસંબંધી પીડા ઉપર:**— કઠ અને એરંડમૂળ કાંજીમાં વાટી લેપ કરવો. (૨) **ગુલ્મરોગ ઉપર:**— ઉપલેટ, સાજીખાર, કેતકી-નો ખાર એ તેલમાં મિશ્ર કરી આપવું. (૩) **ખોડા ઉપર:**—કઠનું ચૂર્ણ ખાપરિયામાં શેકી તેલમાં કાલવી લેપ કરવો. (૪) **વાતવ્યાધિ ઉપર:**—કઠ ઘસી શરીરે લેપ કરવો.

૭૬ કડવાં તુરિયાં—સં૦ મહાજાલી. મ૦ કડુદોડકી.

કડવાં તુરિયાંનો વેલો તુરિયાંના વેલા જેવો હોય છે. એ વેલાનાં પાંદડાં, ફૂલ અને ફળ તુરિયાં કરતાં નાનાં હોય છે. આ ફળો ઘણાંજ કડવાં હોય છે. આ વેલો વર્ષાઋતુમાં આપોઆપ ઉગે છે.

× કચુરાનો ક્ષુપ થાય છે. એના નીચે આંબાહળદરના જેવા ગાંઠીઆ થાય છે. એનો પ્રતિનિધિ આદુ અને અંજીર અથવા શતાવરી છે. એનાથી માથાને અને ફેફસાને પીડા થાય છે. એના વિકારની શાંતિ ઘણા અગર શ્વેત ચંદનથી છે. એને ષટ્ કચુરો પણ કહે છે.

* ઉપલેટની જડ વપરાય છે. એની માત્રા ૬ માસાની છે. એ સિન્ધુનદીના કાંઠે પણ થાય છે. એને મીઠી કવડ પણ કહે છે, પ્રતિનિધિ અકકલકરો છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એનાં ફળોને 'દિવાળા' પણ કહે છે*. **કડવાં તુરિયાં**:—શીત, કિંચિત્ તીખાં, તુરાં અને કડવાં છે. એ પકવાશય, આધ્માન વાયુ અને મલાશયની શુદ્ધિ કરનાર તથા લઘુ અને રુક્ષ છે; તેમજ વાયુ, કફ, પિત્ત, પાંડુ, વિષદોષ, યકૃત, કુષ્ઠ, અર્શ, સોજો, ઉધરસ, ઉદરરોગ, કમળો અને ગુલ્મનો નાશ કરે છે. **એનાં ફળ**:—ભેદક, તીખાં, કડવાં, સ્નિગ્ધ, હૃદ્ય તેમજ દીપન છે; અને કાસ, શ્વાસ, અરુચિ, મેહ, જ્વર, કુષ્ઠ, કફ, પિત્ત અને વાયુનાં નાશક છે. **બીજ**:—મસ્તકશુદ્ધિ કરનાર છે. **ઉપયોગ**:—(૧) **કમળા ઉપર**:—કડવાં તુરિયાંની બારીક ભૂકી કરી નાકમાં સુંઘવી, એટલે છીંકો આવે છે અને પીળું લીંટ વહે છે. ઘણી છીંકો આવવા માંડે તો ઘી નાકમાં સુંઘવું. એવું ત્રણ દિવસ કરવું અથવા કડવા તુરિયામાં લીંડીપીપર અને રાઇ ભરી રાખવાં તથા તેની ખાખ કરી તેનું નસ્ય કરવું. (૨) **હડકાયલા કુતરાના વિષ ઉપર**:—તુરિયાંની અંદરની તંતુમય જાળ વાટી પાશેર પાણીમાં એક ઘડીસુધી પલાળી રાખી, પછી ચોળી, ગાળી કાઢી શક્તિ પ્રમાણે **પાંચ** દિવસ સવારમાં આપવી. એથી ઉલટી થઇ જુલાબ લાગી વિષ નીકળી જાય છે. **પથ્ય** ચોમાસુ જતાં સુધી રાખવું. એજ પાણી કોઇ પણ વિષ ઉપર આપવાથી ગુણ થાય છે. (૩) **દાંતમાં કીડા થયા હોય તો**:—કડવાં તુરિયાંની છાલ દાંતતળે રાખવી. (૪) **આધાશીશી ઉપર**:— કડવાં તુરિયાંનું ચૂર્ણ કરી થોડું અને સાવધાનીથી નાકમાં સુંઘવું; એટલે નાકમાંથી પાણીની ધાર પડે છે અને રોગ મટી ગુણ થાય છે. (૫) **મૂળવ્યાધિ (મસા) ઉપર**:—કડવાં તુરિયાંનું ચૂર્ણ મસાને ઘસવું, એટલે તેના મોંમાંથી લાળ પડી ત્વરિત અર્શ મટી જાય છે. (૬) **વિષ ઉપર**:— કડવાં તુરિયાંનો કાઢો ઘી નાખી પાવો; એટલે વમન થઇ સર્વ વિષ ઉતરે છે. (૭) **કંઠસર્પ ઉપર**:—કડવાં તુરિયાં હુક્કામાં નાખી પાવાં, એટલે મોઢામાંથી લાળ પડી તુરતજ ગળું ખુલ્લું થાય છે.

૭૭ **કડવી કવઠ**—'ખષ્ટ, ખૈટ' એમ મરાઠીમાં કહે છે. કડવી કવઠનાં ઝાડ **દક્ષિણમાં કોકણ, મલબાર, ગોવા** વગેરે પ્રાંતોમાં પુષ્કળ થાય છે. એ ઝાડનાં પાંદડાં સીતાફળી જેવાં પરંતુ તે કરતાં મોટાં હોય છે. એનાં ફળ પણ સીતાફળી જેવાં હોય છે. એ ફળનો રંગ રાતો હોય છે. એમાંનાં બીઆં લાંબાં હોય છે. એ બીઆંને બાફી તેનું તેલ કાઢે છે. આ તેલ કડવું અને ઠંડું છે. એ તેલ બાળવાના કામમાં આવે છે તથા તે રક્તશુદ્ધિ કરે છે. એ તેલને **'ખસ્ટેલ' 'ખૈટેલ'** એમ કહે છે.× **ઉપયોગ**:—(૧) **ગરમીનો આજાર શરીરમાં જામવાથી શરીર ઉપર ચાઠાં પડે છે તે ઉપર**:—કડવી કવઠીનાં બીઆં અને મગવેલીનાં બીઆં સમભાગે સાધારણ કુટી ભાંગરાના અંગરસમાં ત્રણ દિવસ ભીંજવી રાખવાં અને ચોથા દિવસે બારિક વાટી ગોળો કરી રાખવો. એ નિત્ય સુખડના તેલમાં અથવા ટોપરાના નવા તેલમાં કાલવી ચોપડવાથી શરીર ઉપર ઉઠી આવેલા ફોલ્લા શમી જાય છે. ઔષધ ચોપડયા પછી એક પ્રહરે સ્નાન કરવું. (૨) **ખોડો, ખસ વગેરે ઉપર**:—કડવી કવઠનાં બીઆંનું તેલ અને મોગલી એરંડાનું તેલ, એ બન્ને એકત્ર કરી તેમાં ગંધક, કપૂર, સિંદૂર અને લીંબુનો રસ નાખી ખરલ કરવો. આ ઔષધ લગાડવાથી જલદી ગુણ થાય છે, અથવા નવું ખષ્ટેલ ચોપડવું કિંવા બીઆં ગોમૂત્રમાં વાટી ચોપડવાં. (૩) **નાના બાળકોના માથામાં ગરમીથી ફોલ્લા થાય છે તે ઉપર**:—કડવી કવઠના તેલમાં કળીચૂનાની પરાશ (હરી ગયેલ ચૂના ઉપરનું નીતર્યું પાણી) નાખી સાંઠાથી હલાવતા રહેવું, એટલે કેટલીક વારે તે તેલ મીઠા જેવું સફેદ થશે. એ દરરોજ બે ચાર વખત ચોપડવું; એટલે ત્રણ દિવસમાં ગુણ થશે. (૪) **મહાકુષ્ઠ ઉપર**:—કડવી કવઠનું તેલ નિત્ય ભોજન કર્યા પછી ૧૦-૨૦ ટીપાં ત્રણ મહિનાસુધી આપવું અને શરીરે પણ ચોળવું એટલે રોગનો નાશ થશે.

---

* જો કે અહીં વર્ણન તો કડવાં તુરિયાંનું દેખાય છે; પરંતુ સં૦ મ૦ નામ તો કંકોડાનાંજ જણાય છે.

× પંડિત દત્તરામાત્મજ નારાયણદત્ત કડવી કવઠનું વર્ણન કરતાં બતાવે છે કે, સં૦ તિક્તકુષ્ઠ, ફા૦ કોસ્તાતલસ. અ૦ કિસ્તુલ્મૂર. સ્વરૂપ-પીળાશ પડતું સફેદ. સ્વાદ-સુગંધયુક્ત કડવો. ઓળખાણ-સેવની જડના સરખી એક જડ છે કે જેનું ઘાસ પૃથ્વીપર ફેલાએલ હોય છે. માત્રા-ખાવું ઉચિત નથી પણ લેપમાં ત્રણ મસા લેવાય છે. તે ઉપવિષ છે. આ ઉપરથી જોતાં ઉક્ત કવઠ અને કડવી કવઠ વચ્ચે ભેદ દેખાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૯૮ **કડવી ગલકી**--સં૦ કોશાતકી. મ૦ કડુદોડકી, ગીલકી. હિં૦ ઝીમનીતોરઇ. કડવીતોરઈ. બં૦ ઝીંગા. ક૦ કાહિરે, રેવહિરી, નાગાડાળીબળી. તૈ૦ ચેટુ બિર્કાયા, ચેટાંબિરા. તા૦ પેપ્પીરકમ્. ઉ૦ ફા૦ તુરીયેતલ્ખ. ઇં૦ બિટરલ્યુફા. લા૦ લ્યુફા અમેરા. (ગલકાં ને તુરિયાનાં નામો એકઠાં છે.)

ગલકીના વેલા પ્રમાણેજ કડવી ગલકીના પણ વેલા હોય છે. **(૧)સર્વ પ્રકારના વિષ ઉપર:**-કડવી ગલકીનાં મૂળોનો અથવા પાલાનો કાઢો કરી મધ નાખી પાવો; એટલે વમન થઇ સર્વ વિષ ઉતરે છે. **(૨) પથરી અને સોજા ઉપર:**--કડવી ગલકીનાં પાંદડાંનો રસ સાકર નાખી આપવો.

૯૯ **કડવી દુધી (તુંબડી)**-સં૦ કટુ તુંબી, દુગ્ધિકા. મ૦ કડુ ભોંપળા. હિં૦ કડવ તોંબી, પિતલોકી. બં૦ તિતલાઉ. ક૦ કહીસોરે. તા૦ કુરાઇ. તૈ૦ અલાબુક સુરકાયા. તું૦ કટુતુરે. મ૦ કેપ્પાચુર. ફા૦ કુફતાખ. અ૦ કરઉલમુવ. ઇં૦ બોટલ ગુર્ડ. લા૦ લેજીનેરીયા વલગેરીસ.

જેવા દુધીના વેલા થાય છે તેવાજ કડવી તુંબડીના પણ મોટા મોટા વેલા થાય છે. દુધી પ્રમાણેજ એ વેલા ઉપર ફળો આવે છે. આ ફળ ઘણાંજ કડવાં હોય છે. તરવાના કામમાં તુંબડીનો ઘણોજ ઉપયોગ થાય છે. એમાંનાં કેટલાંક મોરલીની તુંબડી સરખાં હોય છે. તેનાં તુંબડાં કરે છે. કેટલાકના તંબુરા કરે છે. એવો એનો પુષ્કળ ઉપયોગ થાય છે. **કડવી દુધી:**-રસ વખતે અને પાક વખતે તિખી, શીતલ, હૃદ્ય, કડવી ને વાન્તિકારક છે; અને દમ, ઉધરસની નાશક તથા શોધનકારક છે; તેમજ વાયુ, સોજો, વ્રણ, વિષ, શૂલ, પિત્તજ્વર એનો નાશ કરે છે. એનાં **પાંદડાં**-પાકકાળે મધુર, મૂત્ર-શોધક અને પિત્તશામક છે. એ પ્રમાણે **ફળના** ગુણ પણ છે. **ઉપયોગ:-(૧) લાપોટિયા ઉપર:**-પાકેલી કડવી તુંબડીમાં ૭ દિવસ પાણી ભરી રાખવું. તે પીવાથી ગડગુમડાંનો નાશ થાય છે. **(૨) સર્વ પ્રકારના વિષ ઉપર:**-કડવી દુધીનાં મૂળ અથવા બીઆં પાણીમાં વાટીને પાવાં, એટલે ઉલટી થઈ સર્વ વિષ ઉતરે છે. (૩) **રતાંધળાપણું અથવા ફૂલ જવા માટે:**-કડવી દુધી બાળી તેની રાખ મધમાં મેળવી આંખમાં આંજવી. **(૪) ગંડમાળ ઉપર:**-કડવી દુધીનો રસ અને સરસેલ એકત્ર કરી અગ્નિ ઉપર કઢાવવું. રસ બળી જઇ તેલ સિદ્ધ થાય એટલે તે તેલ ચોપડવાના ઉપયોગ-માં લેવું. (૫) **કમળા ઉપર:**--કડવી દુધીનાં પાંદડાંનો કાઢો કરી આપવો. **(૬) યોનિસંકોચન માટે:**-કડવી દુધીનાં બી અને લોધર એ પાણીમાં વાટી યોનિની અંદર લેપ કરવો. **(૭) કમળા ઉપર:**-કડવી દુધીનાં બી પાણીમાં ઘસી નસ્ય આપવું.

૮૦ **કડુ**—સં૦ કટુકી. મ૦ હિં૦ કુટ્કી. બં૦ કુટ્કી. ક૦ કેદાર કટુકી. તૈ૦ કાટક રોહિણી, નલ્લકો-લવર, કમાઉન. પ્રાં૦ કુરુવા. તા૦ કટુકરોહિણી. ફા૦ ખર્બકે સિયાહ. અ૦ ખર્બક અસ્વદ, ખર્બકે અવીયદ. ઇં૦ બ્લાક હલ્લો બોરલીસ્. લા૦ પિક્રોર્હિની કુર્રો આ.

ડૉકટર ડિમક સાહેબે કડુ સંબંધી પુષ્કળ અનુભવ લઈ છેવટે એમ લખેલુ છે કે, રેચન-કાર્ય માટે ૧૦ થી ૧૫ ગ્રેન (ગ્રેનનું માપ અડધી રતી છે×) સુધી કડુની ભૂકી મધમાં કાલવી દિવસમાં બે વખત આપવી. ટાઢિયા તાવનો હફતો બંધ કરાવવાને વાળો, ધાણા અને કાળી દ્રાક્ષની સાથે ૪૦-૫૦ ગ્રેન કડુનો કાઢો કરીને આપવો. એનાથી ગુણ થયો નથી એમ જણાવનાર કોઇકજ રોગી અમને મળ્યો છે. કડુ સૂક્ષ્મરેચક છે. અપચામાં પણ એનો ઉત્તમ ઉપયોગ થાય છે. ૬ માસા કડુનું ચૂર્ણ સાકર અને ઉના પાણી સાથે આપ્યાથી હલકો જુલાબ થાય છે. કડુ, જેઠીમધ, દરાખ અને કડવા લીમડાની છાલ દરેક ૬ માસા ૩૧ તોલા પાણીમાં ચતુર્થાંશ કાઢો ઉકાળીને આપવાથી પિત્તજ્વર નાશ થાય છે. નેપાળના માજી રેસીડન્સી સર્જન ડૉકટર **ગિલ્લેટ** લખે છે કે નેપાળના લોકો તિબેટની સરહદ ઉપરથી કડુ લાવી શીતજ્વર, અને તેથી અથવા બીજાં કારણોથી થનારી બરોળ, એ રોગો ઉપર ચારથી આઠ માસા સુધી આપે છે. આથી સારો ગુણ થાય છે. મદ્રાસના સર્જન ખાનબહાદુર મોહિઉદ્દીન શરીફ પોતાનો અનુભવ લખે છે કે સર્વ પ્રકારનો અપચો, અજીર્ણ, પેટનું શૂળ, આમાંશ અને હફતાના તાવ ઉપર કડુ ઉત્તમ ગુણકારી છે. મદ્રાસના ડૉકટર સર્જન **મેજર**

× કલદાર રૂપીઓ ૧૮૦ ગ્રેનનો છે અને તે કેટલીક જગ્યાએ ૩૦ વાલ ગણાતો હોવાથી તેની રતી ૯૦ થાય છે. તે હિસાબે અડધી રતી છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ટૉમ્સન સાહેબ લખે છે કે જળોદરમાં કડુનો અષ્ટમાંશ તો શું, પણ તેનાથી પણ કિંચિત્ જોરદાર કાઢો દિવસમાં ત્રણ ચાર વખત આપવાથી મૂત્રદ્વારે ખૂબ પાણી નીકળી જઇ પેટ હલકું થઈ સોજો ઉતરે છે. આ પ્રયોગ તેમણે પોતેજ ઘણી વખત અજમાવેલો હતો. કડુ-શીતળ, તીખો, કડવો, અગ્નિદીપક, ભેદક, સારક અને રુક્ષ છે; અને રક્તરોગ, શીતપિત્ત, દમ, કફ, દાહ, અરુચિ, તાવ, પ્રમેહ, કોઢ, વિષમજ્વર, ઉધરસ, ક્ષય, કમળો, વિષ, હૃદયના રોગ, એનો નાશ કરે છે. એની માત્રા ૫ રતીથી ૧॥ માસા સુધી છે.* **ઉપયોગ:-(૧) કમળા ઉપર:**--કડુનો કાઢો કરી તેમાં મધ નાખી આપવો અથવા કડુનું ચૂર્ણ સાકર નાખી આપવું. **(૨) એકાંતરા વિષમજ્વર ઉપર:**—કડુનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવો, એટલે તે ઉધરસ અને દમસહિત એકાંતરા તાવનો નાશ કરે છે. **(૩) હેડકી અને ઉલટી ઉપર:**--કડુનું ચૂર્ણ મધમાં આપવું. **(૪) કફપિત્તજ્વરઉપર:**--કડુનું ચૂર્ણ સાકર મેળવી ઉના પાણી સાથે આપવું.

૮૧ કડવંચી-સં૦ ક૦ કટુહંચી.હિં૦ કડવંચી. લા૦ મોર્મોડિકા, બાલસામિના. ક૦ કડુહંચી, કારસે.

કડવંચીના વેલા હોય છે. એનાં પાંદડાં નાનકડાં હોય છે. કડવંચીના વેલા ઘણે ઠેકાણે થાય છે. જુવારનાં ખેતરોમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. એ વેલાના મૂળમાં કાંદો હોય છે. વેલો સૂકાઇ ગયા પછી પુનઃ બીજા વર્ષે એના કાંદાને અંકુર ફૂટી તેનો વેલો થાય છે. એ વેલા ઉપર બારીક અને સુકવેલી દ્રાક્ષ જેવડાં ફળો આવે છે. એનો આકાર કારેલાં જેવો હોય છે. એ ફળનો રંગ લીલો હોય છે. એને 'કડવંચા' કહે છે. એ ફળમાં બારિક બીઆં હોય છે. કડવંચાની ભાજી થાય છે. એ ભાજી લેકો મોટા ઉમંગથી ખાય છે. કડવંચીના કંદ ઉષ્ણ છે. એ કંદનો ઉપયોગ એક ખરાબ કામમાં કરે છે. **ક્ષુદ્ર કારેલી-(કડવંચી):**-ઉષ્ણ, તીખી, રુચિકર, અગ્નિદીપક, રક્તવાતકોપન, કટુ, વૃષ્ય અને સારક છે. એનાં **ફળ:**-પિત્તકર તથા રુચિકારક છે. એના કંદ અર્શ, મલરોગ, મલગ્રંથી અને યોનિદોષનો નાશ કરે છે તેમજ ગર્ભનો સ્રાવ કરે છે.

૮૨ કણુઝી (કરંજ):-સં૦ મ૦ કરંજ. હિં૦ કંજા, કટકરંજા. રા૦ કણુગજ-કણુગચ. બં૦ ડહર-કરંજ. ક૦ હુલગલી, હોંગે, કાનગ્યાનગિડા. તૈ૦ કંજકરનગુ. તા૦ પુંગામારં. મલા૦ પોન્નાં. ઇં૦ સ્મધલિન્ડ પોનગેમિયા. લા૦ પોનગેમિયા લેબ્રા.

આ જંગલી ઝાડ છે. એ ઝાડ છાયામાટે રસ્તાની બાજુએ વાવે છે. એની છાયા ઘણી ઠંડી હોઇ લોકોને ઘણી પ્રિય છે. છાયા ઘણી ઘટ્ટ હોય છે. એનાં બીઆંનું તેલ નીકળે છે. તે બાળવાના કામમાં આવે છે.* **કરંજ**-પાક વખતે તીખું, નેત્ર્ય, ઉષ્ણ, રસકાળે કડવું અને તુરૂં છે; અને ઉદાવર્ત, વાયુ, યોનિદોષ, વાતગુલ્મ, અર્શ, વ્રણ, કંડૂ, કફ, વિષ, વિચર્ચિકા, પિત્ત, કૃમિ, ત્વગ્દોષ, ઉદરરોગ, પ્રમેહ અને પ્લીહાનો નાશ કરે છે. **એનાં ફળ:**-ઉષ્ણ તથા લઘુ છે અને મસ્તકરોગ, વાયુ, કફ, કૃમિ, કુષ્ઠ, અર્શ તથા પ્રમેહનો નાશ કરે છે. **એનું તેલ:**-વાતનાશક, કૃમિનાશક અને અતિ સ્નિગ્ધ છે; તથા દીવો બાળવા માટે ઠંડુ છે. એ કડુ, ઉષ્ણ, ગુમડાને ભરનાર; અને નેત્રરોગ, વિચર્ચિકા, વાયુ, કુષ્ઠ, વ્રણ, કંડૂ, ગુલ્મ, ઉદાવર્ત, યોનિદોષ, અને અર્શરોગનું નાશક છે; એના લેપથી અનેક ત્વગદોષનો નાશ થાય છે. **ઉપયોગ:-(૧) ઉંદર વગેરેના વિષ ઉપર:**-કરંજની છાલ અને બી ઘસી તેનો લેપ કરવો એટલે વિષ ઉતરે છે. **(૨) ખસ ઉપર:**-કરંજનું તેલ અને કપૂર અથવા લીંબુનો રસ એકત્ર કરી ખસ ઉપર ચોપડવો; એટલે ખસ, કંડૂ ઇત્યાદિ દૂર થાય છે. **(૩) અંડવૃદ્ધિ અને ગંડમાળા ઉપર:**-ચોખાના ધોવરામણમાં કરંજનાં મૂળ ઘસી લેપ કરવો. **(૪) મોહરી એટલે હાથેપગે ખાલી ચઢે છે તે ઉપર:**-કણુઝીઆ તેલમાં કડવા સુરણનો ગર નાખી તે તેલ કઢવવું અને ખાલી ચઢેલા ભાગપર ચોપડવું. **(૫) પિત્ત પાડવાને માટે:**-કણુઝીની છાલ ખાવાને આપવી અથવા છાલનો રસ આપવો. **(૬) વ્રણસંબંધી કૃમિ દૂર થવા માટે:**-કણુઝી, કડવો લીંબડો અને નગોડનાં પાંદડાં વાટી લેપ કરવો. **(૭) નેત્રમાંનાં ફૂલ-માંસવૃદ્ધિ, છાયાઈત્યાદિ ઉપર:**-કણુઝીનાં બીઆંનું ચૂર્ણ કરી ખાખરાનાં

* કડુ ગરમ પ્રકૃતિવાળાને નુકશાનકારક અને ગળાના રોગોને ઉત્પન્ન કરે છે. એનો ઉતાર ગાયનું ઘી છે. કોઈ કોઈ ઘોળો કડુ હોવાનું પણ બતાવે છે

* કણુઝીનાં પાંદડાં ભેદી,પાકકાળે કડવાં, ઉષ્ણવીર્ય, પિત્તકર્તા અને હલકાં છે.તે કફવાત, હરસ,પ્રમેહ,કૃમિ અને કોઢનો નાશ કરે છે. કરંજનાં બીજ, તેલ, છાલ અને પાંદડાં વપરાય છે. માત્રા ૨ માસાની છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ફૂલોનો રસ કાઢી, તે ચૂર્ણને રસના ઘણીકવાર પુટ દઇ બારીક ખરલ કરી દીવેટ જેવી લાંબી ગોળીઓ બાંધવી. તે ગોળી પાણીમાં ઘસી અંજન કરવું, એટલે ઉપલા સર્વ નેત્રરોગ શસ્ત્રથી કાપી કાઢયા જેવા દૂર થાય છે. **(૮) આધાશીશી ઉપર:**—કણઝીનાં બીઆં ગરમ પાણીમાં ઘસી તેમાં થોડો ગોળ મેળવવો અને તેનું નસ્ય આપવું. **(૯) ખોડાને માટે:**—અરીઠાના પાલાએ ખોડો ઘોઇ નાખવો અને કણઝીનું તેલ, લીંબુનો રસ અને કડવી કોઠીનાં બીઆંનું તેલ એકત્ર કરી મસ્તકે ચોળતા જવું. **(૧૦) ઉરુસ્તંભ ઉપર:**—કણઝીનાં મૂળ અથવા છાલ ઘસી ગરમ કરી લેપ કરવો. **(૧૧) ઉલટી ઉપર:**—કણઝીનાં બી કિંચિત્ શેકી કકડા કરી વારંવાર ખાવાં.

૮૩ કદંબ–સં૦ હિં૦ અ૦ કદંબ. મ૦ કળંબ. તા૦ કદંબ. મા૦ કદમપુ. તૈ૦ કદમચેટ્ટુ. લા૦ એંથોસીફાલ્સ, કડંબા. ક૦ કડઉ, કડંવા, કડવાલમર.

કદંબનાં ઝાડ મોટાં થાય છે. આ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એનાં પાંદડાં મોટાં અને પહોળાં હોય છે. એ ઝાડને ગુંદર આવે છે. **કદંબ:**—તીખું, કડવું, તુરૂં, ખારૂં, શુક્રવર્ધક, શીતળ, ગુરુ, વિષ્ટંભકારક, રુક્ષ, સ્તન્યપ્રદ, ગ્રાહક અને વર્ણકર છે. એ રક્તરોગ, પિત્ત, કફ, વ્રણ, દાહ, વિષ, મૂત્રકૃચ્છ્ર તથા વાયુનો નાશ કરે છે.× **ઉપયોગ:—(૧) નાનાં બાળકોને ગળું પડે છે તે ઉપર:**—ગળું પડવાનાં લક્ષણો એવાં થાય છે કે બાળકને તાવ આવે છે. કાનની કિનાર અને નસકોરાં ઘણાં લવલવ થાય છે. ઉપરાઉપરી મલદ્વારે પાણી પડે છે, તરસ બહુ લાગે છે, તાલુસ્થાને ખાડો પડે છે, એવો પ્રકાર થયો હોય તો તે ઉપર **ઉપાય:**—કદંબની છાલમાં થોડું ઠંડુ પાણી નાખી તેનો રસ કાઢવો અને તેમાં જીરૂં અને ખડીસાકર નાખી પાવો; તથા એજ રસ તાળવા ઉપર ૫–૬ વખત ચોળવો. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું. પછી ચોથે દિવસે તેને સ્નાન કરાવી તાળવા ઉપર કારેલીનું તેલ ચોપડવું. કદંબની છાલ પાણીમાં ઘસી તેનું સ્નાન પણ કરાવવું. **(૨) આંખો દુખવા આવે છે તે ઉપર:**—કદંબની છાલનો રસ કાઢી તેમાં અફીણ અને ફટકડી નાખી લીંબુના રસમાં ખલ કરીને ગરમ કરી આંખો ઉપર ચોપડવું. **(૩) મુખરોગ ઉપર:**—કદંબની છાલના કાઢાના કોગળા કરવા.

૮૪ કનક—સં૦ ત્રિપર્ણી કંદ, પિંડાળુ. મ૦ પેંડાળુ. કો૦ કનક, કણુગી, કણુગર, ચાયકાંટ કનક. (બીજો) કાંટે કનક, કાંટેકણુગી. ગુ૦ પેંડાળુ, ઘોળુ ગોરાડુ. હિં૦ પિંડાળુ, શકરકંદી. ક૦ શિગેણસુ, બિળેગેણસુ, વિળેહેડળ, મુળગેણસુ. તૈ૦ પેંડાલમુ. તા૦ શિરૂવિળી. તુ૦ તિપેકેરંગ. મલા૦ ચક્કરાકિળનુ. ઇં૦ ડાયોસ્કોરીઆ અકયુલિયેટા.

કનક, એ કંદ છે. એના વેલા ઘણા મોટા થતા નથી. વેલી ઝીણી હોઇ પાંદડાં ગોળ હોય છે.

×કદંબના અંકુર–તુરા, શીતવીર્ય, અગ્નિદીપક, હલકા તથા અરુચિ, રક્તપિત્ત અને અતિસારને દૂર કરનાર છે. એનાં ફળ–રુચિકારક, ભારે, ઉષ્ણવીર્ય અને કફકારક છે. પાકાં ફળ–કફકર, પિત્તકારક અને વાતનાશક છે. કદંબનાં વૃક્ષ ગામની નજીક હોય છે. પાંદડાં લાંબાં, ગોળ અને મહુડાનાં જેવાં હોય છે. ફળ ગોળ લીંબુના જેવાં, ફૂલ ફળના ઉપર તથા સુગંધયુક્ત અને નાનાં હોય છે. રાજકદંબ તથા નીપને સ્ત્રીકદંબ કહે છે. કદંબની રાજકદંબ, ધારાકદંબ, ધૂલીકદંબ, ભૂમિકદંબ અને કદંબિકાનામે બીજી પણ જાતો છે.

(नीपो बृहद्गृहसमीपभुवि प्रभूतो लोकप्रसिद्धतरुराजकदम्बनामा
प्रांशुर्मधूकतरुपत्रसमानपत्रः स्वाद्वम्लपक्वफल एष सुगन्धिपुष्पः ॥)

(૧) રાજકદંબ ખાટો, તુરો, મધુર, શીતળ; તથા વિષ, રુધિરવિકાર, પિત્ત અને કફને દૂર કરે છે. એનું ફળ–મધુર, શીતળ, ભારે તથા પિત્ત અને રુધિરવિકારને દૂર કરે છે. (૨) ધારાકદમ્બ–કડવો, વર્ણને ઉજ્જ્વળ કરનાર, શીતળ, કશેલી, તીખો, વીર્યકારક તથા સોજો, વિષ, પિત્ત, કફ, વ્રણ અને વાયુનો નાશ કરનાર છે. (૩) ધૂલીકદંબ–કડવો, તુરો, તીખો, શીતળ વીર્યવર્ધક, વર્ણને સુંદર કરનાર તથા વિષ, સોજો, વાયુ, પિત્ત, કફ અને લોહીના વિકારનો નાશ કરનાર છે. (૪) ભૂમિકદંબ–એ ધૂલીકદમ્બના ગુણોવાળો હોવા ઉપરાંત કૃમિ અને સર્વ પ્રકારના પ્રમેહનો નાશક છે (૫) કદમ્બિકા–મધુર, શીતળ, તુરી, ભારે, મલસ્તંભક, ખારી, રુક્ષ, દૂધ વધારનાર, કફકારક અને વાતવર્ધક છે. એનાં ફળ શીતળ, તુરાં, મધુર; તથા પિત્ત અને રક્તવિકારનાં નાશક છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તેનાં પાંદડાં નાનાંસરખાં નાગરવેલનાં પાન જેવડાં હોય છે. પાંદડાંને અણી હોય છે. વેલને બટાટા પ્રમાણે જમીનમાં કનકો આવે છે,આ કંદ રતાળુ કરતાં જાડો હોય છે અને લાંબો પણ તેટલોજ હોય છે. કનકને કોઇ મરાઠીમાં 'કણગર', 'કણગી,' 'કાંટે કણુયાં' પણ કહે છે. કનકોને બાફીને અથવા શેકીને ખાય છે. આ ફરાળમાં ઉપયોગી છે. 'કારંદ' અને 'કોણ' કરતાં આ મીઠું છે અને પૌષ્ટિક છે. **ઉપયોગ:—(૧) મૂળવ્યાધિ અને રક્તાતિસાર ઉપર:**—કનક બાફી ઘીસાકરમાં સવારમાં ખાવા આપવું.

૮૫ કપાસ:—સં૦ કાર્પાસી. મ૦ દેવકાપસી. કો૦ બાળકાપસી. હિં૦ કપાસ, રક્તકપાસ. ક૦ કે પુહત્તિ. તૈ૦ ઇરાંપત્તિચેટ્ટુ. લા૦ ગાસિવિયમમ્ અરબેસ્યં.

કપાસના બે પ્રકાર છે. **કપાસ** અને **નરમો.** બાગમાં કિંવા ઘેર વાવેલો તેને **'નરમો'** અથવા 'હીરવણ' કપાસ કહે છે. આ ઝાડ કેટલાંક વર્ષોસુધી ટકે છે. ખેતરમાં વાવેલાને 'કપાસ' અથવા 'વણ' કે 'વણરાજ' (સં૦ અરણ્યકાર્પાસી. મ૦ રાનકપાસી. હિં૦ વનકપાસ. ક૦ કાડહત્તિ. તૈ૦ પચિચેટ્ટુ. તા૦ પારૂત્તિ. તુ૦ પાર્તિ. મલા૦ કારૂપારૂત્તિ. ફ્રા૦ અ૦ કુતન. ઇ૦ કૉટન પ્લેન્ટ. લા૦ ગૉસિપિયમ ઇન્ડિકમ્) કહે છે. એ કપાસનાં ઝાડ વર્ષાયુ હોય છે. એ બે ત્રણ હાથ ઉંચાં વધે છે. નરમાનાં ઝાડ શુમારે માથોડું દોઢ માથોડું ઉંચાં વધે છે. નરમાના પણ બે ત્રણ પ્રકાર છે. એકનાં બી કપાસ જેવાંજ હોય છે અને બીજાનાં બી લાંબાં તથા કાળાં હોય છે. કપાસના ઝાડમાંથી રૂ ઉત્પન્ન થાય છે. રૂનો ઉપયોગ આખા જગતમાં છે. રૂનાં વસ્ત્રોથી આપણા શરીરનું સંરક્ષણ થાય છે. આપણા **હિંદુસ્તાન** દેશમાં રૂ અતિશય ઉત્પન્ન થાય છે; છતાં કપડાંમાટે આપણે પરદેશ તરફ જોવું પડે છે, એ કેટલી દિલગીરીની વાત છે ? રૂનાં બીઆંનું (કપાશિયાનું મ૦ સરકિયા) તેલ કાઢે છે. **કપાસ:**—મધુર, શીતળ, સ્તન્યવર્ધક, કિંચિત્ ઉષ્ણ, બલકર, તૂરો અને લઘુ છે; તથા કફ, પિત્ત, તૃષા, દાહ, ભ્રમ, શ્રમ, ઉલટી અને મૂર્ચ્છાનો નાશ કરે છે. **કપાસીનાં જીંડવાં:**—મૂત્રવર્ધક અને વાયુ, રક્તવિકાર, કાનના ફોલ્લા અને કર્ણનાદનો નાશ કરે છે. **કપાસીઆ:**—સ્તન્યવર્ધક, ગુરુ, વૃષ્ય, કફકર અને સ્નિગ્ધ છે. **રૂ:**—કિંચિત્ ઉષ્ણ, વાતનાશક, લઘુ અને મધુર છે. **ઉપયોગ:—(૧) ધૂપણી:**—(સ્ત્રીના રક્તસ્રાવ) **ઉપર:**—કપાસનાં પાંદડાંનો રસ આપવો અથવા કપાસનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી બે વખત આપવાં. **(૨)મરકી** (કૉલેરા) **થાય તે ઉપર:**—નરમાનાં કુમળાં જીંડવાં ખાવાં, એટલે બે-ત્રણ દિવસમાં મરકી મટીને તાવ પણ દૂર થાય છે. **(૩) સર્પદંશ ઉપર:**—નરમાનાં પાંદડાંનો રસ કાઢી તે શુમારે ૪-૫ તોલા આપવો અને દંશ ઉપર પણ ચોળવો, કિંવા પિચકારીથી દંશમાં નાખવો. **(૪) ગંડમાલા અને અપચી** (ગંડમાલનો ભેદ છે) **રોગ ઉપર:**—કપાસનાં મૂળીઆંનું ચૂર્ણ ચોખાના લોટમાં મેળવી તેની ભાખરી કરી રોગનો નાશ થાય ત્યાંસુધી ખાવી. **(૫) સ્તનમાં દૂધ આવવા માટે:**—કપાસનાં મૂળ અને શેરડીનાં મૂળ એકત્ર કાંજીમાં વાટી આપવાં. **(૬) સ્તનરોગ ઉપર:**—કપાસનાં મૂળ અને દુધી, ધઉંની કાંજીમાં વાટી લેપ કરવો. **(૭) ઘરોળીના દંશ ઉપર:**—કપાસનાં પાંદડાં, વછનાગ અને રાઇ વાટી લેપ કરવો; અથવા નરમાનાં મૂળ માણસના મૂત્રમાં ઘસી દંશસ્થાને લેપ કરવો, કિંવા કપાસનું લાકડું ઘસી લેપ કરવો. **(૮) તાવથી શરીરે ખરજ ઉઠે છે તે ઉપર:**—નરમાના રસમાં કડવાં કારેલાં વાટી શરીરે લેપ કરી મર્દન કરવું; અને ચાર ઘડી પછી સ્નાન કરવું. **(૯) જખમ ભરાઈ આવવા માટે:**—પાનડીનો અંગરસ કાઢી તેમાં નરમાનાં મૂળ ઘસી ચોપડવાં અથવા નરમાના તોરા અને પાનડી બારીક વાટી વડી કરી જખમ ઉપર મૂકવી. એથી જખમ જલ્દી ભરાઇ આવે છે. **(૧૦) વીંછીના દંશ ઉપર:**—કપાસનાં પાંદડાં અને રાઇ એકત્ર વાટી લેપ કરવો, કિંવા કપાસનાં મૂળ રવિવારે લાવી રાખવાં. તે ચાવી ખાવાથી વિષ ઉતરે છે. **(૧૧) અફીણ ઉપર ઉતાર:**—કપાસનાં બીઆંનું ચૂર્ણ અને ફટકડીનું ચૂર્ણ એકત્ર કરી ખવડાવવું અને નરમાના પાલાનો રસ આપવો. **(૧૨) ઇંદ્રિયમાંથી ધાતુ પડે છે તે ઉપર:**—નરમાનાં બે-ત્રણ પાંદડાં અને ખડીસાકર એકત્ર કરી પ્રાતઃકાળે ખાવાં. **(૧૩) નાક અને મોંમાંથી લોહી પડે છે તે ઉપર:**—જૂના કપાસની ધૂણી નાકે સુંઘવી. પછી બે

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તોલા કપાસનાં પાંદડાંના રસમાં એક તોલો ખડીસાકર નાખી તે પીવું. (૧૪) **સ્ત્રીઓના નષ્ટ પુષ્પ એટલે અટકાવ યોગ્ય વખતે અને બરાબર ન આવતો હોય તે ઉપર:**—કપાસીઆના તેલમાં એલચીદોડા, જીરૂં, હળદર, સિંધવ, એ એકેક માસો લઈ ઝીણા કપડામાં બાંધી તેની પોટલી ચોથા દિવસથી યોનિમાં રાખવી. (૧૫) **કમળાના રોગ ઉપર:**—નરમાનાં જીંડવાંનો રસ નાકે પીવો. (૧૬) **ધંતુરાના વિષ ઉપર:**—કપાસનાં બીઆં અને ફૂલનો કાઢો આપવો. (૧૭) **બાળકના અતિસાર ઉપર:**—નરમાનાં તાજાં જીંડવાં બાફી તેનો રસ કાઢવો અને તે બાળકને પાવો; અથવા બાળકની માએ તે જીંડવું ચાવી તેનો રસ બાળકના મોંમાં નાખવો. (૧૮) **મગજ શાંત થવા માટે તથા મસ્તકશૂળ ઉપર:**—કપાસીઆનું તેલ માથા ઉપર ૩ અથવા ૭ દિવસ ચોળવું. (૧૯) **મૂળવ્યાધિ ઉપર:**—નરમાના પાલાનો રસ ગાયના દૂધમાં ત્રણ તોલાપર્યંત આપવો. (૨૦) **આગંતુક જ્વર ઉપર:**—નરમાનાં પાંદડાં ગાયના દૂધમાં વાટી ગરમ કરી શરીરે લેપ કરવો.

૮૬ **કપૂરીમધુરી**—સં૦ સ્પૃક્કા. મ૦ કપુરીમધુરી, કર્પૂરવલી, પિંડિકા, ગગૌના. હિં૦ અસવરગ, લંકોડકપુરી, અસ્પર કપૂરી. બં૦ સ્પૃક્કા શાક, ગંધપિંડી, પિંડિ શાક. ક૦ હિક્કે. તા૦ કારિતુંબા લા૦ સાલવિયા બેંગાલેન્સિસ્, એનિસોમેલાસ મલેબારીકા.

આ ઝાડ શુમારે એક હાથ ઉંચું વધે છે. એનાં પાંદડાં તુલસીનાં પાંદડાં પ્રમાણે હોઈ તે ઘોળાશ ઉપર હોય છે. એને તુલસી પ્રમાણે તોરા (માંજર) આવે છે. આ ઝાડ **પૂના** અને **નાસિક** જીલ્લામાં કેળાના બાગમાં પુષ્કળ થાય છે. ***કપૂરીમધુરી:**—તીખી,કડવી, તુરી, સ્વાદુ, શીતળ, વૃષ્ય અને સુગંધી છે; તથા ઉધરસ, તૃષા, મેહ, કંડૂ, ત્રિદોષ, કુષ્ઠ, વિષદોષ, જ્વર, કફ, સ્વેદ, દાહ, રક્તદોષ, દુર્ગંધ, અશ્મરી, મૂત્રકૃચ્છ્ર અને શૂળનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પરૂપ્રમેહ ઉપર:**—કપૂરીમધુરીના પાલાનો અંગરસ ૭ દિવસ આપવો. (૨) **મધુરા અને વિષમ જ્વર ઉપર:**—કપૂરીમધુરીના પાલાનો કાઢો આપવો.

૮૭ **કપૂર**—સં૦ બં૦ કર્પૂર. મ૦ ફા૦ કાપૂર. હિં૦ કપૂર. ક૦ કપૂર. તૈ૦ કપૂરામુ. અ૦ કાપુર કેશરી. ઈ૦ કેંફેર. તા૦ કેંફેરા આફિસિનેરમ.

જાપાન, સુમાત્રા, ફારમોસા, બોર્નીઓ ઈત્યાદિ બેટોમાં કપૂરનાં ઝાડ થાય છે; તેમજ તે ચીન દેશમાં અને આ દેશમાં પણ કોઈ કોઇ જગ્યાએ મળી આવે છે. પાંચ દશ પ્રકારનાં ઝાડમાંથી કપૂર નીકળે છે. હિંદુસ્તાનમાં કેળની જાતિનું એક ઝાડ છે, તેમાંથી કપૂર કાઢે છે. તે ઝાડને **'કપૂર કેળ'** કહે છે. કપૂર બનાવવાની કૃતિ જૂદા જૂદા દેશોમાં જૂદી જૂદી હોય છે. કપૂર એ સદરહુ ઝાડના ગર્ભમાંથી નીતરનારૂં જાડું અથવા પોતાની મેળે ઘટ્ટ થનાર નૈસર્ગિક (મૂળનું) તેલ છે. રાજનિઘંટકારે (નરહરિ પંડિતે) ત્રણ પ્રકારનું કપૂર કહેલું છે. (૧) **ભીમસેની** (બરાસ. સં૦ પોતાસ, પાંસુ. હિં૦ બરાસકપૂર. ઈ૦ બોર્નિયો કેંફર. લા૦ ડ્રાયો બોલાનોરસ કેમ્ફારા) (૨) **પત્રીકપૂર** (૩) **ચિનીકપૂર** (સં૦ ચીનક, કૃત્રિમ. મા૦ સિનામોમમ્ કેમ્ફોરા.) આ ત્રણે જાતનું કપૂર અદ્યાપિપર્યંત બરોબર પ્રચલિત છે. કપૂર—કડવું, તીખું, કાંઇક ઠંડુ, કંઠદોષનાશક અને કૃમિનાશક છે. નેત્રવિકાર ઉપર લેપ કરવા માટે, મૂત્રાઘાતમાં ઇંદ્રીમાં નાખવા માટે તેમજ જ્વરાતિસારમાં હિંગળો,અફીણ ઇત્યાદિ પિત્તવિસર્જન અને દાહશામક પદાર્થો સાથે કપૂરનું મિશ્રણ લખેલું છે. રાજનિઘંટકારે વાતરોગ, દાંત હાલવા, દાંતોની અશક્તિ ઈત્યાદિ રોગો ઉપર કપૂરતેલનો ઉપયોગ બતાવેલ છે. એ કપૂરતેલ ભીમસેની કપૂરના ઝાડને ચીરવા માંડતાં તેમાંથી જે કપૂરનો પાતળો રસ નીકળે છે તે અથવા બીજી રીત પ્રમાણે કરેલોજ ઉપયોગી છે.હૃદયનો કંપ, અપસ્માર, કલાપખંજ, શુક્ર(રેત)નાશ અથવા ઉંઘમાં એકાએક વીર્યપાત થવો,એ વિકારો ઉપર કપૂર સારો ગુણ કરે છે;પણ તે થોડા પ્રમાણમાં આપવું જોઇએ. ઓછા પ્રમાણમાં એટલે તેની માત્રા ૦॥ રતીથી એક રતીની છે.મધ્યમ પ્રમાણ ૧થી ૫ રતી સુધી આપવાથી આહ્લાદ અને શાંતિ મળે છે.દમ,જૂનો સંધિવા અને યોનિશૂળમાં ૨–૩ રતી પ્રમાણે આપવું વધારે પ્રમાણમાં આપવાથી હૃદયમાં કંપ થઇ થાક ઉત્પન્ન થાય છે.કપૂર

* કપૂરીમધુરીનાં છોડાં થાય છે, તેનાથી શીશા સાફ થાય છે. એ બે પ્રકારની થાય છે. એકનાં પાંદડાંમાંથી કપૂરની વાસ આવે છે અને બીજામાંથી આવતી નથી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ખાવા આપવું હોય તો એક તૃતીયાંશ વજનના 'સાબણ' (સર્વ ક્ષાર) કપૂર સાથે વાટી તેની થાય તેટલી ગોળીઓ બાંધી તે દિવસમાં બે-ત્રણ વખત આપવું એમ કેટલાકનો મત છે. હકીમ લોકો કપૂર ઠંડુ તથા મસ્તક અને હૃદયને ઉત્તેજક માને છે. આર્યવૈદ્યકમાં ભીમસેની કપૂર કામોત્તેજક અને વીર્યસ્તંભક માનેલ છે; પરંતુ યુનાની હકીમોનો મત એથી ઉલટો છે,તેમજ વૈદ્યકમાં ભીમસેની કપૂરને આંખ માટે ઘણુંજ હિતકારક વર્ણવ્યું છે; પણ હકીમ લોક આંખમાં નાખવાને નિષેધ કરે છે. વૈદ્યક ગ્રંથમાં અનેક વીર્યસ્તંભક અને આંખોના ઔષધમાં ભીમસેની કપૂરનો ઉપયોગ બતાવેલ છે તથા તેનો ગુણ પણ અનુભવમાં આવે છે. ઉપર બતાવેલા કપૂરના ઘણાક ગુણો ડૉકટરોની પણ સંમતિવાળા છે. કપૂરની ઘણીક વધારે માત્રા આપવાથી કેટલેક પ્રસંગે મરણ થયાના દાખલા મળી આવવાનું એક અમેરિકન ડૉકટરે વર્ણન કરેલું છે.* **જ્વરાતિસાર ઉપર કર્પૂરરસઃ**-કપૂર,શુદ્ધ હિંગળોક, અફીણ, નાગરમોથ,ઇંદ્રજવ અને જાયફળ; એ સર્વ સમભાગ લઇ તેની આદુના રસમાં,રતી (ચણોઠી) જેવડી ગોળીઓ કરી તે આપવી. આથી તાવસહિત ઝાડો, એકલો ઝાડો, છએ પ્રકારની સંગ્રહણી અને રક્તાતિસાર એ વિકાર શાંત થાય છે. કપૂર વસ્ત્રમાં અને પુસ્તકમાં રાખવાથી તેને ઉધઇ લાગતી નથી. કપૂર ઉઘાડું રાખવાથી ઉડી જાય છે, માટે ડબામાં ભરી રાખવું જોઇએ અને તેની સાથે કાળાં મરી (તીખાં)રાખવાં જોઇએ. 'કપૂર સર્વ તાવ ઉપર ચાલે છે,' એવો એક અંગ્રેજવૈદ્યનો મત છે. કપૂરના પાણીમાં ઝાડનાં બી પલાળી રાખવાથી કેટલાક દિવસોએ બહાર કાઢીએ તો તે જમીનમાં ઘાલ્યા બરોબર ઉગી નીકળે છે. **કપૂર સાધારણઃ**—મધુર, કડવું, શીતળ, સુગંધયુક્ત, લઘુ, નેત્ર્ય, લેખન, વૃષ્ય, તીખું, પ્રીતિકારક, મૃદુ અને મદકર છે; તથા કફ, દાહ, તૃષા, રક્તપિત્ત, કંઠરોગ, નેત્રરોગ, વિષ, પિત્ત, મુખની વિરસતા, દુર્ગંધ, ઉદર, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ અને મળના ગંધનો નાશ કરે છે. એ **તાજું** હોય ત્યારે સ્નિગ્ધ, કટુ, ઉષ્ણ અને દાહકર છે તથા **જૂનું** થયું હોય તો દાહ અને શોષનો નાશ કરે છે. તે સ્વચ્છ કરવાથી ગુણવાળું બને છે. **ભીમસેની કપૂરઃ**—મીઠું, શીતળ, વૃષ્ય, કટુ અને તીખું છે; તથા તૃષા, દાહ, રક્તપિત્ત અને કફનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) વીંછીના વિષ ઉપરઃ**—પાનમાં ચીચુડા જેટલું કપૂર નાખી ખાવું. **(૨) જનાવરના ક્ષતમાં કીડા પડે છે તેને માટેઃ**—ક્ષતમાં કપૂર ભરવું. **(૩) ખરજવાના રોગ ઉપરઃ**—કપૂર તોલો ૧, ધોળો કાથો તોલો ૧ અને સિંદૂર અડધો તોલો એકત્ર કરી કાંસાના વાસણમાં નાખી તેમાં ઘી દશ તોલા નાખવું. તેને હાથે મર્દન કરી ૧૨૧ વખત પાણીએ ધોવું. આ મલમ જખમ, ગરમીનાં ચાઠાં, ખોડો; બળેલા, સડેલા અથવા બીજા જખમ વગેરે ઉપર ઉપયોગી છે તેમજ ખરજવાને મટાડે છે. **(૪) વછનાગના વિષ ઉપરઃ**—કપૂર પાણીમાં મેળવી આપવું. **(૫) પાંપણ ખરેલ હોય તોઃ**—કપૂર લીંબુના રસમાં ખરલ કરી ચોપડવું. **(૬) ગરમીનાં ચાઠાં ઉપરઃ**—કપૂરનો બળી રહેલો શેષ ભાગ ઘીમાં ખરલ કરી ચોપડવો. **(૭) ખાલી ઉપરઃ**—કપૂરનું તેલ ખાલી ચઢે તે જગ્યાએ ચોળવું. **(૮) જંતુ (કૃમિ) ઉપરઃ**—બાળકને ગોળમાં કિંચિત્ કપૂર નાખી આપવું. **(૯) દાંત દુખે છે તેને માટે તથા દાંતમાંના કીડા દૂર થવા માટેઃ**—કપૂર દાઢનીચે રાખવું. **(૧૦) આંખોમાં ફૂલ પડયું હોય તોઃ**—કપૂર વડના દૂધમાં વાટી અંજન કરવું, એટલે જો બે મહિનાનું ફૂલ હશે તો તેનો નાશ થશે. **(૧૧) મૂત્રાઘાત ઉપરઃ**—કપૂરના ચૂર્ણની કપડામાં સળી (દીવેટ) કરી હળવે હળવે શિશ્નદ્વારમાં ચલાવવી અને રાખવી એટલે મૂત્રાઘાત જશે. **(૧૨) દુખવા આવેલા ભાગની વેદના શમન થવા કપૂરનું તેલઃ**—કપૂર ખલમાં નાખી બારીક થાય ત્યાંસુધી

---

* મુસલમાની ગ્રંથકારો કપૂરને ઠંડું અને ભેજ તથા હૃદયને જાગૃત કરનાર માને છે. વળી અનેક પ્રકારના રોગોમાં વાપરવાની પ્રશંસા પણ કરે છે; પરંતુ નેત્રરોગમાં વાપરવા ના કહે છે.

હમેલવાળી સ્ત્રી કપૂરની મોટા પ્રમાણવાળી માત્રાને હજમ કરી શકે છે. એથી તેના હમેલની ખાત્રી કરી શકાય છે. એક જૈન ગ્રંથમાં લખેલ છે કે,હમેલની પરીક્ષા કરવાને એક શેર દૂધમાં ૪ ટાંક કપૂર આપવું.કૉલેરાનાં દરદીને ખાંડ સાથે કપૂર આપવાની એક સેલાણી સંત આજ્ઞા કરે છે. કપૂર એ શરીરમાંના અને વ્રણમાંના જીવોનો નાશ કરે છે, એમ અનેક પ્રયોગોમાં અનેક જણને સાબીતી મળે છે.

કપૂરની શાંતિ કરનાર એળીઓ, કસ્તુરી અને કેસર છે; પ્રતિનિધિ સફેદ ચંદન અને વંશલોચન છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઘુંટવું અને તેમાં ચોગણું તેલ નાખી પુનઃ ઘુંટવું એટલે સર્વ કપૂર ઓગળી જશે. આ તૈયાર થએલું તેલ થોડી વાર ચોળી ચોપડવું. **(૧૩) વાળા ઉપર:**—કપૂર ઘીમાં ખાવા આપવું.

૮૮ કપૂરકાચલી—સં૦ પલાશી. હિં૦ ગંધપલાશી, કચૂરભેદ, કપૂરકચરી. બં૦ શટી, આમ, આદા, ગન્ધશઠી. ક૦ ગન્ધશટી. તૈ૦ કિચલિરાગટ્ટલ. અ૦ જરંવાદ. લા૦ કરકયુમા, આરોમાટીકા. (નાગર દેશમાં પ્રસિદ્ધ) મ૦ પળશી, કાપૂરકચરી.

કપૂરકાચલીના વેલા થાય છે. આ વેલાનાં પાંદડાં ખાખરાનાં પાંદડાં જેવાં થાય છે. એનો વિસ્તાર પુષ્કળ થાય છે. આ વેલાની જડાઇ પગના અંગુઠા જેટલી હોય છે. એને વચ્ચોવચ્ચથી ચીરી તેનો દોરડાના કામમાં ઉપયોગ કરે છે. આ દોરો મજબૂત હોય છે. **કપૂરકાચલી:**—મધુર, ખાટી, પિત્તકોપ કરનારી અને મુખદોષ તથા અરોચકનો નાશ કરનારી છે.*

૮૯ કપૂરભેંડી–કપૂરભેંડીનાં ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. એ ઝાડની ઉંચાઇ શુમારે માથોડું–બે માથોડાં હોય છે. કપૂરભેંડીનાં પાંદડાં નરમાનાં પાંદડાં જેવાં હોય છે. એનાં ફૂલ ધોળા રંગનાં હોય છે. કપૂરભેંડીનાં ઝાડ ઘણું કરીને ડુંગરની કિનારીપર અવડ જગ્યાએ હોય છે. કપૂરભેંડીના મૂળની ઉત્તમ સુવાસ આવે છે. કપૂરભેંડી અનેક રોગો ઉપર ચાલે છે. **ઉપયોગ:**–(૧) **સર્પદંશ ઉપર:**–કપૂરભેંડીનાં મૂળ ઘસી આશરે ૪ તોલા પાવાં. (૨) **આગંતુક જખમ ઉપર:**–કપૂરભેંડીનાં મૂળ ઘસી જખમ ઉપર ચોપડવાં; એટલે જખમનું શોધન થઈ જખમ જલદી ભરાઇ આવે છે. (૩) **ભગંદર ઉપર:**–કપૂરભેંડીનાં મૂળ ચંદન પ્રમાણે ઘસી દિવસમાં ચાર–પાંચ વખત ચોપડવાં અને નિત્ય એક વખત પાવાં. (૪) **વ્રણ ઉપર:**–કપૂરભેંડીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી છ માસા પ્રમાણે બે વખત પાવાં તથા મૂળ ઉપરની છાલનું ચૂર્ણ ચલમમાં નાખી પીવું અને મૂળનો ગુમડા ઉપર લેપ કરવો. (૫) **વાતરક્ત ઉપર:**–કપૂરભેંડીનાં મૂળ ૧ તોલો ઠંડા પાણીમાં ઘસી નિત્ય બે વખત પાવાં. એમ ૬ માસસુધી આપવાં. (૬) **ગંડમાલ અને ગ્રંથિરોગ ઉપર:**–કપૂરભેંડીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી નિત્ય લેપ કરવો.

૯૦ કપૂરવેલ–આ ઝાડની 'વેલ' એવી સંજ્ઞા છે; પરંતુ એનાં ઝાડ થાય છે. એ ઝાડ ત્રણ હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. એ પાસે લઈ જોવાથી ઘણું ચમત્કારિક જણાય છે. એ જોવામાં ઘણાં કરકરાં દેખાય છે પણ હાથને સુવાળાં લાગે છે. એની વાસ ઘણુંકરી કપૂરના જેવીજ આવે છે, માટે એનું 'કપૂરવેલ' એવું નામ પડેલું છે. એનેજ કોઇ 'કપૂરચિનઇ' એમ કહે છે. એ ઝાડને કેટલાક ધોળા રંગના તોરા (માંજર) આવે છે. તેમાં પણ પાંદડાં પ્રમાણેજ વાસ આવે છે. એજ આ ઝાડનાં ફૂલ છે. એ તોરા અથવા એનાં પાંદડાં બીજાં ફૂલોના ગુચ્છામાં ઘાલ્યાં હોય તો તેમાં તરેહ તરેહની વાસ આવે છે. **ઉપયોગ:**–(૧) **પેટપીડ ઉપર:**–કપૂરવેલનાં પાંદડાંનો રસ કાઢી પીવા આપવો.

૯૧ કમળ–સં૦ હિં૦ કમલ, પદ્મ. મ૦ કમળ. બં૦ તાવેર, કમર. ત૦ પદ્મમુ. ઈ૦ લોટસ.

કમળની ઉત્પત્તિ તળાવમાં અથવા જળસમૂહમાં ઘણું કરીને થાય છે. પાણીસિવાય કમળ થતુંજ નથી. એના કાંદા હોય છે, એને ડીટાં આવી તે ઉપર ફૂલ આવે છે. એનાં ડીટાં ઘણાં લાંબાં હોય છે. તેને અંદર જાળી હોઈ તે પોલું હોય છે. એનાં પાંદડાં ગોળ હોય છે. કમળમાં ઘણી જાતિ છે. **ધોળાં, રાતાં, ગુલાબી** અને **કાળાં** ઇત્યાદિ. કમળનાં ફૂલ ઘણાં શોભાવંત દેખાય છે. તેને અનેક લાંબી સેરો હોઇ તે પાસે પાસે હોય છે. જૂદી જૂદી જાતિની અને જૂદી જૂદી નાનીમોટી આકૃતિઓ હોય છે. કેટલીક જાતિઓનો વાસ આવે છે અને કેટલીકનો વાસ આવતો નથી. '**કહ્લાર**' નામની એક કમળની જાતિ છે. તેનાં પાંદડાં કમળ જેવાં પણ કિંચિત્ નાનાં હોય છે. કહ્લારનાં ફૂલ માત્ર કમળ કરતાં જૂદી તરેહનાં હોય છે. આ ફૂલ ધોળાં હોઇ સુકુમાર અને નાનાં હોય છે. એનો સુવાસ ઘણો છે. એને ચોમાસામાં ફૂલ ઘણાં આવે છે. '**કુમુદ**' કરીને એક કમળની જાતિ

* એની માત્રા છ રતી છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છે. તેનાં પાંદડાં કમળનાં પાંદડાં જેવાંજ હોય છે. ફૂલ માત્ર બારીક અને સુકુમાર હોય છે. એનાં ફૂલનો જથો ઠંડીના દિવસોમાં ઘણો હોય છે. વિશેષે કરી ધોળાં કમળને '**પુંડરીક**' કહે છે, રાતા કમળને '**કોકનદ**' કહે છે અને કાળા કમળને '**ઇંદીવર**' કહે છે. કમળના સર્વ વેલાને '**કમલિની**' કહે છે. '**કમળાક્ષ**' નામે એક કમળની જાતિ છે. તે જાતિનાં કમળોનાં ડીંટાં ધોળાં હોઇ કોઇ કોઇ પગના અંગુઠા જેટલાં જાડાં હોય છે. ડીંટાં કાદવમાં થયેલાં હોય તેમાં સ્વાદ ઘણો હોય છે. એ ડીટાંને મરાઠીમાં "ભિસેં" કહે છે. એ કમળનાં પાંદડાં મોટી છત્રી જેવાં હોઈ તે જમવામાં પત્રાળાંતારકે વપરાય છે. એ કમળ (ફૂલો) રાતા રંગનાં હોય છે. કમળનું "પોયણી" એવું નામ પણ છે. એ કમળને નાનાં ચપટાં ફળ આવે છે. તેમાં નાના કરમદા જેવડાં પાંચ છ બીઆં હોય છે; તેને 'કમળાક્ષ' અથવા 'કમળકાકડી' કહે છે. એ બીઆંની અંદર જે ધોળો મગજ હોય છે તે ભાગીને ખવાય છે. કાશીમાં કમળાક્ષની લાહી કરે છે. તે દૂધમાં નાખી ખાય છે કિંવા એનો લોટ કરી તેમાં ઘીસાકર નાખી લાડુ કરે છે. કમળકાકડી ઘણી પૌષ્ટિક છે. ડીંટાના નાના નાના કકડા કરી તેને સૂકવે છે. તે ડીંટાની કાચરી થાય છે. તેને ઘીમાં કે તેલમાં તળી ખાય છે. **કમળ:**-શીતળ, સ્વાદુ, સુગંધી, ભ્રાંતિહારક, તાપનાશક, વર્ણકર અને તૃપ્તિકર છે. એ રક્તપિત્ત, શ્રમ, કફ, પિત્ત, તૃષા, દાહ, વિસ્ફોટક, રક્તદોષ, વિસર્પ અને વિષનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) ગુદભ્રંશ ઉપર:**-કમળનાં કુમળાં પાંદડાં સાકર સાથે ખાવાં. (૨) **શરીરમાં થયેલી સર્વ પ્રકારની ગરમી જતી રહેવાને તથા ધાત પડતી હોય તો:**-ધોળા કમળનો કંદ લાવી રાખવો એટલે તેમાંથી જે બલ્ક આવે તે પાશેરપર્યંત લઇ, તેમાં આશીંદરાની અંતરછાલનું ચૂર્ણ અર્ધો તોલો અને ગાયનું દૂધ નાખી સર્વ મિશ્રણ સરખું કરવું. પછી જીરાની ભૂકી અને ખડીસાકરની ભૂકી નાખી આપવું. આ ઔષધ બરાબર ગુણ આવે ત્યાંસુધી આપવું.(૩)**તણખિયા અને ઠંડા પ્રમેહ ઉપર:**-ધોળા કમળના કંદનો લોટ કરી નિત્ય સવારે ગાયનું ઘી ૧ તોલો લઇ તેમાં એ લોટ અર્ધો તોલો, જીરાની ભૂકી ત્રણ ગુંજ અને ખડીસાકર ૬ માસા નાખી સવારે અને સાંજે આપવું. (૪) **દાહ ઉપર:**-કમળ અને કેળનાં પાંદડાં ઉપર શયન કરવું. (૫)**પિત્તજ્વર ઉપર:**-ધોળા કમળની કળીઓ, જેઠીમધ અને ખડીસાકરનો કાઢો કરી કંડો થયા પછી આપવો.

૯૨ **કરમદી**-સં૦ કરમર્દ. મ૦ કરવંદ. હિં૦ કરોંદા, કરોદી. બં૦ કરમચા. ક૦ કરજીગે. તે૦ વાકા, પારિકચેટુ. ઈ૦ જાસ્મિનલ્ફાવર્ડ કેરીસા. લા૦ કેરીસા કોરંડાસ.

આ કાંટેરી ઝાડ છે અને ડુંગરોમાં થાય છે. એને ગોળ, ઝીણાં અને કાળા રંગનાં ફળો આવે છે. લીલાં ફળોનું અથાણું થાય છે.એનાં લાકડાં ફક્ત બાળવાના કામમાં આવે છે. તે પાકેલાં હોય તો ખાટાં લાગે છે. કરમદાંમાં એક કડવી જાત છે. **કરમદાં લીલાં:**-કડવાં, અગ્નિદીપક, ગુરુ, પિત્તકર, ગ્રાહક, ખાટાં, ઉષ્ણ અને રુચિપ્રદ છે. એ રક્તપિત્ત તથા કફને વધારનાર અને તૃષાનાશક છે. **પાકેલાં કરમદાં:**-મધુર, રુચિકર, લઘુ, શીતળ છે; અને પિત્ત, રક્તપિત્ત, ત્રિદોષ, વિષ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧)વિષારની પરીક્ષા:**-કરમદીનાં મૂળ પાણીમાં ઘસી થોડું પાણી પીવું. વિષ ચઢેલું હશે તો ઉલટી થશે નહિ. (૨) **ખસમાટે:**-કડવી કરમદીનાં મૂળ પાણીમાં અથવા મીઠા (તલના) તેલમાં ઘસી ચોપડવાં. (૩) **ક્ષતમાંના કૃમિ મરવાને માટે:**-કડવી કરમદીનાં મૂળ પાણીમાં ચંદન પ્રમાણે ઘસી લેપ કરવો અને થોડું પાણી કરી ક્ષતમાં નાખવું; એટલે જલદી કૃમિ નહિ જેવા થાય છે. (૪) **સર્પદંશ ઉપર:**-કડવી કરમદીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. (૫) **વિષમજ્વર ઉપર:**-કડવી કરમદીનાં મૂળ પાણીમાં ઘસી અંગે લેપ કરવો. (૬) **શોફોદર ઉપર:**-કડવી કરમદીનાં મૂળ ગોમૂત્રમાં ઘસી પાવાં.

૯૩ **કરિયાતું:**-(પાન કરિયાતું)—સં૦ કિરાતતિક્ત; ભૂનિંબ. કો૦ પાલેકિરાઇત, ફૂલિકિરાઇત. હિં૦ ભૂચિરાયતા, ચિરેતા. ક૦ નેલબેલુ. તે૦ નેલાનેમુ. તા૦ નિલબેંબુ, વેરકિરિયાત. તુ૦ મેલકિરિયાતુ. મલા૦ નિલવેપુ. ફા૦ નૈનિહાદ. અ૦ કરબુઝ, ઝારિરા. ઇં૦ ચિરેટા. લા૦ જસ્ટિશિયા પેનિકયુલેટા.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કરિયાતાની બે જાતો છે. એક દેશી કરિયાતું અને બીજુ નેપાળી કરિયાતું. (સં૦ નૈપાલ. મ૦ કાડેકિરાઇત, ચિરાઇત. હિં૦ નેપાલનિમ્બ, ચિરાયતા. ક૦ કિરિયાત, ચિરિયાતગિડ. તૈ૦ તા૦ ચિરાયત. તુ૦ કિરાયત. મલા૦ કિરાયત્તુ. ગોમં૦ જિરાતે. લા૦ ઓફેલિયાચિરેટા. ઇં૦ ચિરાઇત જેન્શિયન.) કરિયાતાના છોડ નાના હાથ દોઢ હાથ ઉંચા હોય છે. એનાં પાંદડાં નાનાંસરખાં લંબાઇ પડતાં હોય છે. કરિયાતું આ દેશમાં બગીચા વગેરે સ્થળે થાય છે. નેપાળી કરિયાતું એ નેપાળ તરફથી કલકત્તાના માર્ગે મુંબઇ આવે છે. એ બહુજ કડવું છે. એને પણ કરિયાતું કહે છે. **કરિયાતું:**–વાતુલ, કડવું, વ્રણરોપણ, સારક, શીતળ, પથ્યકર, લઘુ અને રુક્ષ છે. એ તૃષા, કફ, પિત્ત, તાવ, કોઢ, ખરજ, સોજો, કૃમિ, સન્નિપાતજ્વર, દાહ, શૂળ, પ્રમેહ, વ્રણ, શ્વાસ, કાસ, પ્રદર, શોષ, અર્શ અને અરુચિનો નાશ કરે છે. **નેપાળી કરિયાતું:**–કાંઇક ઉષ્ણ, યોગવાહક, લઘુ અને કડવું છે. તે કફ, પિત્ત, શોથ, રક્તરોગ, તૃષા અને જ્વર એનો નાશ કરે છે. બાકીના ગુણ કરિયાતા જેવા છે. **ઉપયોગ:–(૧) આમવાત, જીર્ણજ્વર અને સર્વ પ્રકારના ગરમીના રોગ ઉપર:**–રાત્રે ૩ માસા કરિયાતું બે તોલા પાણીમાં ભીંજવી રાખી સવારે લુગડાથી ગાળી તેમાં બે રતી કપૂર, બે રતી શિલાજીત, અર્ધો તોલો મધ, એ પ્રમાણે નાખી દરરોજ સેવન કરવાથી ૭ દિવસમાં ફાયદો આપ્યા વગર રહેતું નથી; અને સર્વ રોગથી મુક્ત કરી સારી શક્તિ આપે છે. એ અનુભવસિદ્ધ છે. **(૨)સાધારણ સર્વ જ્વર ઉપર:**–કરિયાતું, સુંઠ ને દીકામાળી એનો અષ્ટમાંશ કાઢો કરી રાખવો અને હમેશાં સવારે, બપોરે અને સાંજરે એ પ્રમાણે ત્રણ વખત પાવો. **(૩) નળવિકાર અને પેટના દુખાવા ઉપર:**–કરિયાતાનાં લીલાં પાંદડાં બારીક વાટી તેનો રસ કાઢવો. તેમાં મરી, સિંધાલુણ અથવા વડાગરૂં મીઠું અને થોડી હીંગ નાખી આપવું. એનાથી અજીર્ણ દૂર થાય છે. **(૪) કંપારા ઉપર:**–(એકાદ દિવસમાં પાંચ–દશ વખત શરીરમાંથી સ્વાભાવિક થરથરાટ આવે તેનું કારણ–આસ્થગત જીર્ણજ્વર છે.) નેપાળી કરિયાતું, સુંઠ, કડુ, ખારેક, કુડાની પાડ ઉપરની છાલ, એનો કાઢો કરી મધ નાખી આપવો. **(૫) અમ્લાપત્ત ઉપર:**–કરિયાતું અને ભાંગ એનો કાઢો કરી તેમાં મધ નાખી આપવો. **(૬) હરતાલના વિષ ઉપર:**—કરિયાતાનો કાઢો આપવો.

૯૪ કરેણ (કણેર):–સં૦ કરવીર. મ૦ કણ્હેર. હિં૦ કરેણા. બં૦ કરવી. ક૦ કણુલિંગે. તૈ૦ કાનેરચેટ્ટુ ગન્નેરુ. તા૦ અલારિ, કરવીરં, મલા૦ કનાવિરં. ફા૦ ખરજ્જેહરા. અ૦ સુમુલહિમાર. ઇં૦ સ્વીટ સેંટેડ, ઓલિએન્ડર. લા૦ નિરિયમ ઓડોરમ્.

આ ફૂલ–ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એની ઉંચાઇ શુમારે માથોડું બે માથોડાં હોય છે. એમાં ધોળી, રાતી, ગુલાબી અને પીળી એવી ચાર જાતિ છે. તેમાં ધોળી કરેણ ઔષધના કામમાં વધારે ગુણાવહ છે. એનાં મૂળ ઘણાં વિષારી છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. 'એ ઝાડ પાસે સર્પ આવતો નથી' એમ કહેવાય છે. **ધોળી કરેણ:**–તીખી, કડવી, તુરી, તીક્ષ્ણ, ઉષ્ણવીર્ય અને ગ્રાહક છે; તથા મેહ, કૃમિ, કુષ્ઠ, વ્રણ, અર્શ અને વાયુનો નાશ કરે છે. ખાવામાં આવી હોય તો **વિષ** છે અને નેત્રોને હિતાવહ, લઘુ તથા વિષ, વિસ્ફોટક,કુષ્ઠ,કૃમિ કંડૂ,વ્રણ,કફ,જ્વર,તથા નેત્રરોગનો અને ઘોડાના પ્રાણનો નાશ કરે છે. **રાતી કરેણ:**–શોધક, તીખી, પાક વખતે કડુ અને લેપ કરવાથી કોઢનાશક છે. **પાટલવર્ણ (ગુલાબી) કરેણ:**–મસ્તકશૂળ, કફ અને વાયુનો નાશ કરે છે. એના બીજા ગુણો તથા પીળી,કાળી,કણેરના ગુણ ધોળી કણેરના જેવા છે. માત્રા ૨ રતીથી ૪ રતી છે. **ઉપયોગ:–(૧) સર્પ, વીંછી વગેરેના વિષ ઉપર:**–ધોળી કરેણનાં મૂળ ઘસી દંશ ઉપર લેપ કરવો અથવા શક્તિપ્રમાણે પીવાં અથવા પાંદડાંનો રસ પી જવો. કદાપિ એ ઔષધથી ગ્લાનિ આવે તો ઘી પીવું. **(૨) ઉપદંશ ઉપર:**–કરેણનાં મૂળ ઘસી લેપ કરવો, એટલે અસાધ્ય પીડા પણ દૂર થાય છે. **(૩) વિષમજ્વર ઉપર:**–કરણનાં મૂળ રવિવારે કાને બાંધવાં. આ યોગ સર્વ પ્રકારના જ્વર ઉપર પ્રશસ્ત છે. **(૪) મૂળવ્યાધિ ઉપર:**—કરેણનાં મૂળ ઘસી તેનો લેપ કરવો. **(૫) રતવા ઉપર:**—રાતી કરેણનાં ફૂલ અને ચોખા સમભાગ લઇ રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખીને તે વાસણ ઉઘાડું રાખવું. બીજે દિવસે પ્રાતઃકાળે તે ચોખા

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અને ફૂલ એકત્ર વાટી લેપ કરવો. (૬) **શિરોરોગ ઉપરઃ**–ધોળી કરેણનાં સૂકાં મૂળ લીસા પથ્થર ઉપર ઘસી મસ્તકના વેદનાયુક્ત ભાગ ઉપર ચોળવું. (૭)**સર્પના વિષ ઉપરઃ**–ધોળી કરેણનાં ફૂલ સૂકવી તેના સમભાગે કડક તંબાકુ મસળી, તેમાં એલચીદોડાની થોડી ભૂકી નાખી તે ચૂર્ણ વસ્ત્રગાળ કરી તપખીર પ્રમાણે સુંઘવું.

૯૫ **કરંબળ**–(સં૦ ભવ્ય) કરંબળનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ ઝાડ કોકણપ્રાંતમાં પુષ્કળ છે. એ ઝાડનાં પાંદડાં મોટાં હોઇ હાથ સવા હાથ લાંબાં થાય છે. એનાં ત્રણ પાંદડાં એકત્ર જોડવાથી એક મોટી પતરાળી તૈયાર થાય છે. **ઉપયોગઃ**–(૧) **ગર્ભમાંની ગરમીથી બાળકના અંગની ચામડી જાય છે તે ઉપરઃ**–કરંબળાની છાલનો રસ તોલા ૨, જાઈના પાલાનો રસ તોલા ૨, ધોળો કાથો તોલા ૨, શંખજીરૂં તોલો ૧, સિંદૂર માસા ૬, જેઠીમધનો શીરો માસા ૬ અને ગાયનું માખણ તોલા ૮, એ સર્વ એકત્ર ખરલ કરી તૈયાર થયા પછી આ ઔષધ કપાસના રૂથી બાળકના અંગે ચોપડવું. આ સતત ૩ દિવસસુધી બે વાર ચોપડવું. ચોથા દિવસે દૂધ અને ઘી એકત્ર કરી બાળકના અંગે ચોપડી સ્નાન કરાવવું. (૨) **પગ વળે છે તેને માટેઃ**–કરંબળાની છાલનો રસ કાઢી તેમાં કાળાં મરી બારીક વાટી પગે લેપ કરવો અને ઉપર કરંબળાનાં પાંદડાં મૂકી તે ઉપર કપડાનું ઢાંકણ કરવું. એ પ્રમાણે એક બે વખત કરવું, એટલે ગુણ આવે છે. (૩) **અતિસાર ઉપરઃ**–કરંબળાની છાલ દહીંમાં આપવી.

૯૬ **કલગારીઃ**–મ૦ કળલાવી, ચગમોડયા. ગોમં૦ વાગાનાંકટા, શિવશક્તિ. હિં૦ કલિહારી, કલિયારી, કલહંસ. બં૦ વિષલાંગલા. ઇષલાંગલા, ક૦ રાડાગારી, લાંગલિકે, કોળીકક્કનગિડ, કોલિકુટુમા. તુ૦ બલિપપુ. મલા૦ મેટોન્નિ, કાંડલ. તૈ૦ અગ્નિશિખા, લાંગલી. ઇં૦ ઉલ્ફસેબન. લા૦ ગ્લોરિઓઝા સુપર્બા.

× કલગારીનાં ઝાડ પ્રથમ જાડા ઘાસનાં જેવાં થઇ વેલી પ્રમાણે પ્રસરે છે. એનાં પાંદડાં આદુનાં પાંદડાં પ્રમાણે હોય છે. એ બહુધા વડના આશ્રયે થાય છે. કલગારીના જૂના છોડની જાડાઈ કદળીના છોડ જેવડી થાય છે. આ ઝાડ ઉનાળામાં સૂકાઇ જાય છે. એનાં ફૂલોની પટીઓ લાંબી હોઇ જાસુદીનાં ફૂલ જેવડી થાય છે.આ ફૂલ રાતાં, પીળાં, ભગવાં અને ધોળાં એમ રંગ–બેરંગી હોય છે. એ ફૂલના યોગથી ઝાડ દૂરથી શોભાવાળું દેખાય છે. એનો કંદ વિષારી છે. એને ગુજરાતીમાં દુધીઓ વછનાગ કહે છે. મરાઠીમાં ' ખડયાનાગ ' 'વાગચબકા' અને કોકણમાં કોઈ એને કળઈ, કળવી પણ કહે છે. **કલગારીઃ**—સારક, કડવી,તીખી, ખારી,પિત્તકર,તીક્ષ્ણ,ઉષ્ણ, તુરી અને લઘુ છે; તથા કફ, વાયુ, કૃમિ, બસ્તિશૂળ, વિષ, કુષ્ઠ, અર્શ, કંડૂ, વ્રણ, સોજો, શોષ, શૂળ, શુષ્કગર્ભ અને ગર્ભનો નાશ કરે છે. **ઉપયોગઃ**—(૧) **કાખમાંજરી (બાંબલાઈ) અને વાળામાટેઃ**–કલગારીનો કંદ ઘસી ચોપડવો. વાળો થવા માંડે કે તરતજ આ ઉપાય કરવો. (૨) **અપચી (ગંડમાળનો ભેદ) રોગ ઉપરઃ**--કલગારીના કંદનો કલ્ક કરી તેમાં ચોગણું તેલ અને તેલ જેટલોજ નગોડનો રસ નાખી તેલ સિદ્ધ કરી તેનું નસ્ય કરવું અને લેપ પણ કરવો. (૩) **વ્રણ, ગંડમાળ, કાળપુળી અને બદ ઉપરઃ**--કલગારીનો કાંદો ઘસી ચોપડવો. (૪) **સુખે પ્રસવ થવા માટેઃ**--કલગારીનો કંદ પાણીમાં ઘસી આપણા હાથે લેપ કરી જે સ્ત્રીને દુઃખ થતું હોય તેના હાથને આપણા હાથનો સ્પર્શ કરવો, એટલે સત્વર પ્રસૂત થશે; અથવા કલગારીના કંદને તાંતણો બાંધી તે હાથેપગે બાંધવો. (૫) **ઢોરનું અંગ બહાર આવે છે તે ઉપરઃ**--કલગારીનો પાલો

× કલગારીનો વછનાગની વેલના સમાન વડના આકારનો ક્ષુપ થાય છે; પાંદડાં કોપપુષ્પીના જેવાં હોય છે. ફૂલ લાલ અને પીળા મિશ્ર રંગનાં અત્યંત સુંદર હોય છે. ફળ ત્રણ હાંસનાં મરીના સમાન થાય છે. એની અંદર રાતી છાલવાળાં ઈલાયચીનાં બીજ જેવાં બીજ હોય છે. એની વેલની નીચે ગાંઠ હોય છે. એના ઉપરની છાલ પીળાશ પડતી હોય છે.એ ગાંઠને વછનાગ કહે છે. એમાં વિષ(ઝેર) હોય છે કલગારીની માત્રા ૬ રતીની છે. કેટલાક કહે છે કેઃ—"એ સાપના રાફડા સાથે થાય છે. એના ફૂલમાં ત્રણ ચાર રંગ હોય છે અને એ ફૂલનો આકાર ધંતુરાના ફૂલ જેવો હોઇ તે કરતાં મોટાં હોય છે."

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હાથે ચોળી તે અંગ પાસે બંને હાથ લાવવા એટલે અંગ અંદર જાય છે. ન જાય તો તે અંગને હાથનો સ્પર્શ કરવો અને બંને હાથ મોં આગળ લાવી દેખાડવા, એટલે અંગ અંદર સ્થિર રહે છે, પુનઃ બહાર આવતું નથી. (૬) **કમળા ઉપરઃ**—કલગારીનાં પાંદડાંનું ચૂર્ણ છાશમાં આપવું. (૭) **યોનિશૂળ અને પુષ્પાવરોધ ઉપરઃ**–કલગારી, અધાડો અથવા વૃંદાવન એનાં મૂળ યોનિમાં રાખવાં. (૮) **કર્ણકૃમિ (કાનમાં કૃમિ થાય છે તે) ઉપરઃ**–કલગારીનો કાંદો વાટી તેનો રસ કાનમાં નાખવો. (૯) **સર્પદંશ ઉપરઃ**—કલગારીના કંદ પાણીમાં વાટી તેનું નસ્ય આપવું. (૧૦) **ખરજવા ઉપરઃ**–કલગારીના અને કડવીના કંદ ઘસી ૪–૫ દિવસ ચોપડવા. (૧૧) **સોજા અને ગાંઠ વગેરે ઉપરઃ**—કલગારીનો કાંદો વાટીને બાંધવો.

૯૭ **કલૌજી જીરૂંઃ**—સં૦ ઉપકુંચિકા. મ૦ કલૌજી. હિં૦ કલૌજી, મગરેલા. ક૦ કરિડોહુજીરિગે. તે૦ નલ્લાજીરા કારા. મલા૦ કરિંચિરક. ફા૦ શોનિઝ, સ્યાદાને. અ૦ હવતુસ્ સોદા. ઈ૦ સ્મૉલ ફેનલ કલોવર. લા૦ નેગેલ્લા સેટિવા.

કલૌજી જીરૂં પણ કાળીજીરી પ્રમાણેજ હોય છે. ઝાડ પણ તેવડાંજ મોટાં થાય છે. ઉત્તર-હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. એ છોડ બાગમાં વાવવાથી થાય છે. આ જીરૂં કડવું, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, વૃષ્ય, અજીર્ણનાશક અને ગર્ભાશયને શુદ્ધ કરનાર છે; તેમજ આધ્માન-વાયુ, ગુલ્મ, રક્તપિત્ત, કૃમિ, પિત્ત, આંમદોષ, વાયુ તથા શૂળનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) અજીર્ણ, અગ્નિમાંદ્ય, આમ અને શૂળ ઉપરઃ**—કલૌજી જીરાનો કાઢો કરી તેમાં સંચળનું ચૂર્ણ નાખી આપવું.

૯૮ **કવલાઃ**—(સં૦ કલાય*) કવલાની ભાજી કોંકણમાં પ્રસિદ્ધ છે. એ છોડ શુમારે વેંતેક ઉંચો વધે છે. આ છોડ રાનમાં પોતાની મેળે થાય છે. શ્રાવણ માસના સોમવારને દિવસે કેટલાક લોક એની ભાજી અવશ્ય ખાય છે. એનું શાક કુંગળી નાખી કરવાથી બહુજ સારૂં થાય છે. **કવલાની ભાજીઃ**—ભેદક, ઉષ્ણ, કડવી અને ત્રિદોષઘ્ન છે.

૯૯ **કસુંબી-(કસૂમ)**—સં૦ ક૦ કુસુંભ. મ૦ કરડઇ. હિં૦ કસૂમ, કર્ર. તા૦ ચેડુરૂકકુ. તે૦ લતરૂક, લક્ક, બંગારમ્. મલા૦ કયમપતરૂ. ફા૦ ગુલેમાસ્કર, તુખ્મકાયસા. અ૦ અખરીજ, હબુલ-અસ્ફર. ઇ૦ ઑફિસિનલ કાર્થેમસ્. લા૦ કાર્થેમસ ટિંકટોરિયમ્.

× કસુંબીનાં ઝાડ કમરપૂર ઉંચાં વધે છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. તેને બારીક કાતરા હોય છે. કસુંબીને પીળા રંગનાં ફૂલ આવે છે. તેમાં કેસર પ્રમાણે તંતુ હોય છે. એ ફૂલમાંથી પછી મોટી સોપારી જેવડું જીંડવું આવે છે. તેને ડીંટું હોય છે. એ જીંડવાંમાં કસુંબીના દાણા હોય છે, તેને કાબરા કહે છે. એ ઝાડ અને જીંડવાં ઉપર કાંટા હોય છે. કસુંબી દક્ષિણનાં ગામડાંમાં ઘણીજ પાકે છે. કસુંબીમાં બે જાત છે. એક કાંટાની અને બીજી કાંટાવિનાની. કસુંબીનાં ફૂલો વીણી લઇ સૂકવે છે અને તેનો કસુંબો કરે છે. તેનો રંગમાં ઉપયોગ થાય છે. એ ફૂલો કાઢી લેવાથી કસુંબી-

---

* અહીં શ્રી૦ પટેજીએ કવલાનું સં૦ નામ કલાય આપેલું છે, તે ઉપરથી તપાસ કરતાં તેમનાજ નિઘંટમાં મ૦ વાટાણે. ગુ૦ વટાણા. હિં૦ મટર, કેરાવ. ક૦ બટ્ટકડલે, વટાણિ. તુ૦ વટાણિ. તા૦ પટાણિ. તે૦ ગંડુચણગલુ. મલા૦ પટ્ટાનિ, પાયરૂ. ઈ૦ ફીલ્ડ પી. લા૦ પાઇસમ્ સેટાઈવમ્ એ નામો આપેલાં છે; પરંતુ તેમાં આ કવલા નામ દેખાતું નથી. જો કે વટાણાના પાનની પણ ભાજી (શાક) થતી હોવાનું મી૦ શાલીગ્રામજી સ્વીકારે છે; પરંતુ આશ્ચર્યની વાત છે કે વટાણા પોતાની મેળે (અડકાઉ) થતા નથી અને કવલાને અડકાઉ બતાવે છે ! ત્યારે એ કવલા તે વટાણા કે બીજું હશે ?

× કસુંબીના છોડ ઘઉંના વાવેતર પછી વવાય છે. જ્યારે ખેતરમાંની ભીનાશ ઘઉંના વાવેતરને પણ લાયક રહેતી નથી ત્યારે એવા ઘઉંવાળા ખેતરમાં કિંવા ખેતરના શેઢા ઉપર એને વાવવામાં આવે છે. એના કાબરા(બીજ) દેખાવમાં કપાસનાં બીજ (કપાસીઆ) ના જેવાજ હોય છે. એમાં તેલનો વિશેષ ભાગ હોય છે, તેથી ઘાંચી લોકો એના તેલનો ભેળ બીજા તેલમાં કરે છે અથવા એની સાથે તલ કે સરસવને ભેળીને પીલે છે. દુઝણા ઢોરને એ કાબરા ખાંડીને ખવરાવવાથી દૂધનો અને ઘીનો વધારો કપાસીઆ તથા ગવાર કરતાં પણ વિશેષ થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નો પાક વધતો નથી. કસુંબીનાં બીઆંનું તેલ કાઢે છે. તે ખાવાના તથા બાળવાના કામમાં આવે છે. ખોળ ઢોરોને ખાવા મૂકે છે. કુમળી કસુંબીના પાલાની ભાજી પણ કરે છે. કસુંબીનું તેલ બળકટ અને વીર્યવર્ધક છે. **કસુંબી:**—વાતુલ, રૂક્ષ, વિદાહી અને તીખી છે; તથા મૂત્રકૃચ્છ્ર, કફ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **કસુંબીનાં ફૂલ:**—સ્વાદુ, ત્રિદોષનાશક, ભેદક, રૂક્ષ, ઉષ્ણ, પિત્તકર, કેશ-રંજનકારક, કફનાશક અને લઘુ છે. **કસુંબીની ભાજી:**—મધુર, નેત્ર્ય, ઉષ્ણ તીખી, અગ્નિદીપક, અતિ રુચિકર, રૂક્ષ, ગુરુ, સારક, પિત્તકર, ખાટી, ગુદરોગકારક છે; અને કફ, મળ, મૂત્ર તથા મેદનો નાશ કરે છે. **કસુંબીનું તેલ:**—બળકર, ખારૂં, કડવું, વિદાહી, અચક્ષુષ્ય, ગુરુ, તીક્ષ્ણ, ઉષ્ણ, મલસ્તંભક, કફપિત્તકારક, ખાટું, ત્રિદોષકારક અને કૃમિ તથા વાયુનું નાશક છે.

૧૦૦ કળથી:—સં૦ કુલિત્થ. મ૦ કુળીથ, હુલગે. હિં૦ કુલથી. બં૦ કુલથ, કલાઇ. ક૦ હુરૂળી. તે૦ વુલબુલુ. તુ૦ કુડુ. તા૦ કોળુ. મલા૦ મુતિરા. ગો૦ કુલિથ, ફા૦ કિલ્લત, મુખં હિંદી. અ૦ હબુલ-કિલત. ઇ૦ ટુફલૉવર્ડ ડોલીકોસ્-બાયફલૉરેસ.

જેમ તૃણધાન્યમાં કોદરા કેવળ ગરીબ ધાન્ય છે, તેમ દ્વિદલ ધાન્યમાં કળથી છે. એ ધાન્ય સર્વત્ર થાય છે. એનાં ઝાડ નાનાં હોય છે. એની ઉંચાઇ એક હાથને શુમારે થાય છે. એ ઝાડની આકૃતિ અને પાંદડાં કાંઇક અડદનાં પાંદડાંને મળતાં આવે છે. એની શિંગ કિંચિત્ વાંકી અને ચપટી હોય છે. કળથીનો રંગ રાતો હોય છે. જવલ્લે કવચિત્ કાળા અને ધોળા રંગની પણ કળથી થાય છે. કળથી ઘોડાને અને દુઝણાં ઢોરોને ખાવા મૂકે છે. કળથીને ઉકાળી તેના ઉપરનું પાણી કાઢી તેનો સાર કરે છે, તેને 'કાઢ' કહે છે. ઘણું કરી રોગી માણસને આ પ્રકારના સાર સાથે ભાત ખાવા આપે છે. **કળથી:**—મધુર, તીક્ષ્ણ, રક્તપિત્તકારક, સારક, વર્મને શોષણ કરનાર, ઉષ્ણ, પાકકાળે ખાટી તીખી તથા વિદાહી, તુરી, પિત્તકર, અને લઘુ છે; હેડકી, કફ, શ્વાસ, કાસ, વાત, અશ્મરી, દૃષ્ટિરોગ, પીનસ, આનાહ, શુક્ર, ગુલ્મ, અર્શ, જ્વર, મેદ, કૃમિ તથા સોજાનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વાયુનો વિકાર ન થવાને:**—કળથીનો કાઢો કરી પાવો એટલે રોગી માણસને વાયુનો વિકાર થતો નથી. **(૨) ગંડમાલા ઉપર:**—કળથી અને મરીનો કાઢો પાવો. **(૩) અતિસાર ઉપર:**—કળથીનાં ઝાડવાં કુટી તેનો રસ તોલો ૧ અને કાથો ૦ા તોલો, એ એકત્ર કરી દિવસમાં ત્રણ વેળા પાવો. **(૪) પરસેવો બંધ થવા માટે:**—શેકેલી કળથીનો લોટ શરીરે ચોળવો. **(૫) ઉરમાંથી અને પેટમાંથી લોહી પડે છે તે ઉપર:**—પાશેર કળથી બાફી તેમાં પાંચ ભિલામાંના કટકા કરી નાખવા અને તે કાટ પ્રત્યેક દિવસે પાવો. **(૬) શૂળ ઉપર:**-કળથીનો કાઢો કરી હિંગ, બીડલોણ અને સુંઠ એનું ચૂર્ણ નાખી પાવો. **(૭) મૂતરખડા (પથરી) ઉપર:**—કળથીનો કાઢો સરપંખાનું ચૂર્ણ અને સિંધવ ૨ માસા નાખી પાવો.

૧૦૧ કંકોડી (કંટોલી):—સં૦ કર્કોટકી. મ૦ કર્ટોલી, કંટોલી, ફાકલી. હિં૦ ખેખસા, કંકોડા. બં૦ કાકરોલ. ક૦ મકુવાગાલ, માડાહાગલ, કાર્ચી, કર્કોટકી. તે૦ આગાકર. તા૦ ઈગારવલ્લી૦ તુ૦ કાડકંચાલા. મલા૦ વેંપાવલ. લા૦ મોમોર્ડિકાડાયોઇકા.

કંકોડીના વેલા ચોમાસામાં રાનમાં થાય છે. એ વાડના આશ્રયે રહે છે. એનો વેલો પાંચ દશ હાથ લાંબો પ્રસરે છે. એના કાંદા જમીનમાં થાય છે. વરસાદ પડયો એટલે તેને અંકુર ફૂટી તેના વેલા થાય છે. એ વેલાને આષાઢ મહિનાના અરસામાં ફૂલો આવે છે. આ ફૂલો રંગે લીલાં હોઇ તે ઉપર સુરેખ કાંટા હોય છે. એનું શાક સારૂં થાય છે. આ શાક પથ્યકર છતાં સ્વાદિષ્ટ છે. જે કંકોડીના વેલાને ફક્ત ફૂલોજ આવે છે પણ ફળ આવતાં નથી, તે વેલાને "વાંઝણી કંકોડી" (સં૦ વંધ્યા કર્કોટકી. હિં૦ વાંઝખખસ, બનકકોડા, બાંઝકકોડા, બં૦, તિત્કાંકરોલ, તિત્કાંકડી. મ૦ બાંઝકર્ટોલી. ક૦ બંઝેમકુવાગલુ. લા૦ મોમોર્ડિકા ડાયોઇકામેલ) કહે છે. કંકોડીના વેલા ઘણુંકરી ડુંગરાળ જમીનમાં થાય છે. **કંકોડી:**-રુચિકર, તીખી, અગ્નિદીપક, કડવી અને ગરમ છે; તથા વાયુ, કફ, વિષ અને પિત્તનો નાશ કરે છે. એનાં **ફળ:**—મધુર, લઘુ, પાકકાળે તીખાં તથા અગ્નિદીપક છે; તેમજ ગુલ્મ, શૂળ, પિત્ત, ત્રિદોષ, કફ, કુષ્ઠ, ઉધરસ, મેહ, દમ, જ્વર, કિલાસ કુષ્ઠ, લાલાસ્રાવ, અરુચિ અને

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હૃદ્રોગનો નાશ કરે છે. એનાં **પાંદડાં:**—રુચિકર, વૃષ્ય અને ત્રિદોષનાશક છે; તથા કૃમિ, જ્વર, ક્ષય, દમ, ઉધરસ, હેડકી અને અર્શનો નાશ કરે છે. **એનો કંદ:**—મધમાં મસ્તકરોગ ઉપર પ્રશસ્ત છે. **વાંઝણી કંકોડી:**—કડવી, તીખી, ઉષ્ણ, રસાયન અને શોધન છે. **ઉપયોગ:-(૧)પલ્લી** (ગરોળી)-**ના વિષ ઉપર:**—કંકોડીના કાંદા પાણીમાં ઘસીને સાત દિવસ આપવા. **(૨) મૂત્રકૃચ્છ્ર તથા ઘાત પડે છે તે ઉપર:**—વાંઝણી કંકોડીનો કાંદો એક તોલો મધ સાથે આપવો. **(૩) આગી મણીઆરીના વિષ ઉપર:**—વાંઝણી કંકોડીનો કાંદો મધમાં ઘસી અંજન કરવું અથવા તે કાંદો ઘસી પી જવો. **(૪) સ્તનરોગ ઉપર:**—વાંઝણી કંકોડીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી લેપ કરવો. **(૫) સર્પના વિષ ઉપર:**—વાંઝણી કંકોડીનો કાંદો પાણીમાં ઘસી પાવો અને લેપ કરવો; એટલે સર્પ, વીંછી, બિલાડી, ઉંદર એનાં વિષ ઉતરે છે; અથવા વાંઝણી કંકોડીના કાંદાને બકરીના મૂત્રની ભાવના આપવી અને તે કાંજીમાં વાટી તેનું નસ્ય આપવું એટલે વિષ ઉતરશે. **(૬)સર્વ વિષાર ઉપર:**—વાંઝણી કંકોડીના કાંદા અને ધંતુરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી પીવાં અને ડંખ ઉપર ચોપડવાં. **(૭)વીંછીના વિષ ઉપર:**-વાંઝણી કંકોડીના કાંદા અને કાળા કોળાની ડુંખો પાણીમાં ઘસી દંશ ઉપર લેપ કરવો. **(૮) ઉઠાણુંને માટે:**—કંકોડીના કાંદા, કડવી ઇંદ્રવરણીનાં મૂળ અને કવંડળીનાં મૂળ, એ ત્રણે ઠંડા પાણીમાં ઘસી વારંવાર લેપ કરવો. **(૯) રક્તાર્શ ઉપર:**-કંકોડીના કંદનું ચૂર્ણ આપવું. **(૧૦) અપસ્માર ઉપર:**—વાંઝણી કંકોડીનાં મૂળ ઘીમાં ઘસી તેમાં સાકર નાખી તેનું નસ્ય આપવું. **(૧૧) વાતજ મસ્તકશૂળ ઉપર:**-કંકોડીનો કાંદો મધમાં ઘસી લેપ કરવો. **(૧૨)બરોળ ઉપર:**-રવિવારે કંકોડીના કાંદા લાવી રોગી પાસે તે ચૂલા ઉપર બંધાવવા; જેમ જેમ સૂકાશે તેમ તેમ પાનથરી (બરોળ) પણ ગળી જશે.

૧૦૨ કંચનાર:—સં૦ કાંચનાર. મ૦ કાંચન. હિં૦ કચનાર. બં૦ કાંચન. ક૦ કોચાલે, કચનાર. તૈ૦ દેવકાંચન. લા૦ બોહિનિયા, વેરિયેગેટા.

આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે.* એ ઘણે ભાગે આશીંદ્રા (આશેત્રી) જેવું દેખાય છે. એનાં પાંદડાં આશીંદ્રાનાં પાંદડાં જેવાંજ હોય છે; પરંતુ આશીંદ્રાનાં પાંદડાં કરતાં આ પાંદડાં મોટાં અને પાતળાં હોય છે. એમાં ધોળો, કાળો અને પીળો એવી ત્રણ જાતિ છે. એનાં ફૂલની સાધારણ સુવાસ આવે છે. એને ચપટી શિકેકાઇ જેવી શીંગો આવે છે. એના લાકડાનો રંગ રાતો હોય છે અને એ રંગના કામમાં આવે છે. એ લાકડાં ઘણાં ચીકણાં હોય છે; માટે એની લાકડીઓ કરે છે. **રાતો કંચનાર:**—શીતળ, સારક, અગ્નિદીપક, તુરો અને ગ્રાહક છે. તે કફ, પિત્ત, વ્રણ, કૃમિ, ગંડમાલ, રક્તપિત્ત, કોઢ, વાયુ તથા ગુદભ્રંશનો નાશ કરે છે. એનાં ફૂલ શીતળ, તુરાં, રુક્ષ, ગ્રાહક, મધુર અને લઘુ છે; તથા પિત્તક્ષય, પ્રદર, ઉધરસ અને રક્તવિકારનો નાશ કરે છે. **ધોળો કંચનાર:**—ગ્રાહક, તુરો, મધુર, રુચિકર અને રુક્ષ છે. તે દમ, ઉધરસ, પિત્ત, રક્તવિકાર, ક્ષત તથા પ્રદરનો નાશ કરે છે. **પીળો કંચનાર:**—ગ્રાહક, દીપક, વ્રણરોપણ તથા તુરો છે; અને મૂત્રકૃચ્છ્ર, કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગંડમાળ ઉપર:**—કંચનારની છાલ ચોખાના ધોવરામણમાં ઘસી તે ૨ થી ૪ તોલાપર્યંત આપવી; અથવા કંચનારની છાલના કાઢામાં સુંઠનું ચૂર્ણ નાખી ૪૨ દિવસ સુધી આપવું. **(૨) કફથી થયેલા વાળા ઉપર:**—કંચનારની છાલના કલ્કનો લેપ કરવો. **(૩) દાહ ઉપર:**—કંચનારની છાલનો રસ, જીરાનું ચૂર્ણ અને કપૂર નાખી આપવો. **(૪) ગંડમાળ ફુટવા માટે:**—કંચનારનાં મૂળ, ચિત્રો અને અરડુસી એ સર્વને પાણીમાં વાટી સાત દિવસ લેપ કરવાથી, સર્વ દોષથી થયેલી ગંડમાળા ફુટે છે. આ લેપ ફોલ્લા ઉપર પણ કરવો.

૧૦૩ કાકડાશીંગી:—સં૦ ક૦ કર્કટશૃંગી. મ૦ કાકડાશિંગી. હિં૦ બં૦ કાકડાશૃંગી. લા૦ પિસ્ટેશિયા ઇટેગિરિમાં.

* કંચનારને આયુર્વેદ સુધાકર, પૃષ્ઠ ૨૩ માં ઝીંઝવો લખેલ છે અને એજ પ્રમાણે કેટલાકનું કહેવું પણ છે; પણ મને શંકા થાય છે કે ઝીંઝવો આ વર્ણનમાં બતાવ્યો છે તેવડો મોટો થતો નથી. તે તો માત્ર ચોમાસામાં થઈ ચૈત્રમાં નાશ થાય છે.એની સાવરણી (ઝાડુ) બનાવે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કાકડાશીંગીનાં વૃક્ષ હિમાલય પર્વત ઉપર થાય છે. એ વૃક્ષનાં ડાળાંને કીડાની કૃતિએ ઉત્પન્ન થયેલો રસ જામી તેની ફલાકારગ્રંથિ થાય છે. તેને **'કાકડાશીંગી'** કહે છે. **કાકડાશીંગી** કડવી, ઉષ્ણ; તુરી અને જડ છે. એ વાયુ, ઉચકી તથા અતિસારનો નાશ કરનારી, બાળકોને હિતકારક અને દમ, ઉધરસ, રક્તદોષ, પિત્ત, જ્વર, કફ, ક્ષય, હિધ્મા, ઊર્ધ્વવાત, કૃમિ, તૃષા, ક્ષતક્ષય અને અરુચિનો નાશ કરે છે.+ **ઉપયોગ:—(૧) બાળકોની ઉધરસ, જ્વર અને ઉલટી ઉપર શૃંગ્યાદિ ચૂર્ણ:—** કાકડાશીંગી, નાગરમોથ અને અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું. **(૨) બાળકોની ઉધરસ ઉપર:—** કાકડાશીંગી અને મૂળાનાં બીજ એનું ચૂર્ણ ઘી અને મધમાં આપવું. **(૩) અતિસાર ઉપર:**—કાકડાશીંગીનું ચૂર્ણ દોઢ માસો મધમાં આપવું.

૧૦૪ કાકડી:—સં૦ કર્કટી. મ૦ કાંકડી. હિં૦ કાકડી, કકડી. બં૦ કાંકુડ, વડકાંકુડ. ક૦ મુળુસવતિ. તૈ૦ દોસકાયા. ફા૦ ખ્યાટજાબ. અ૦ ફિસ્સાકદસ. ઇં કકંબર. લા૦ કયુકયુમિસસેટિવસ.

કાકડીના વેલા હોય છે. ખીરૂ, કાકડી, ચીભડું ઇત્યાદિ ફળો એક જાતિનાં છે. તેમાં થોડો ફેર હોય છે. સર્વમાં કાકડી સારી લાગે છે. કાકડીમાં **સાદી, સાતપાની, તરકાકડી** અને **નારંગી** એવી જાતિઓ છે. કાકડીનું શાક, રાયતું અને વડી થાય છે. કાકડી છોલી, ઉભી ચીરી તેમાં મરીની ભૂકી અને મીઠું નાખી ચોળી, તેમાંનું પાણી કાઢી નાખ્યા પછી ખાવાથી સારી લાગે છે. કાકડી ઠંડી છે. ઘણી ખાવાથી બાધક છે. પલાળી ટુંપેલી કણકમાં કાકડીનું પાણી પડે તો તે ચીકટપણું નહિ જેવું રહે છે. આ મોટો ચમત્કાર છે. **કાકડી:**—મધુર, શીત, રુચિકર, લઘુ, મૂત્રલ, છાલને ઠેકાણે તીખી, કડવી, પાચક, અગ્નિદીપક, અવૃષ્ય અને ગ્રહિણી છે; તથા મૂત્રરોધ, અશ્મરી, મૂત્રકૃચ્છ્ર, વમન, દાહ અને શ્રમનો નાશ કરે છે. એ પાકવાથી રક્તદોષકર, ઉષ્ણ અને બલકર છે. **ઉપયોગ:-(૧) મૂત્રાઘાત-ઉપર:**—કાકડીનાં બી ૧ તોલો વાટી પાશેર પાણીમાં નાખી ઉકાળી પાવાં અથવા કાકડીનાં બી, જીરૂં અને સાકર એ પાણીમાં નાખી આપવાં. **(૨) ગુડધી અને માંડ (બદ) થયાં હોય તે ઉપર:**—કાકડીને લગાર કુટી ગરમ કરી બાંધવી, કિંવા કાકડીની જાડી છાલ બાંધવી અને ઉપર કપડાનું આચ્છાદાન કરવું. એ પ્રમાણે ૨-૩ દિવસ કરવું. **(૩) મદ ઉપર ઉતાર:**-કાકડી ખાવી એટલે તત્કાળ દારૂનો મદ ઉતરશે. **(૪)પથરી ઉપર:**-કાકડીનાં બી અને કબુતરની હગાર એ ચોખાના ધોવરામણમાં વાટી આપવાં. **(૫) ગલગંડ ઉપર:**-જૂની કાકડીના રસમાં બિડલોણ અને સિંધવ નાખી નસ્ય કરાવવું. **(૬) ધોળાસ્રાવ (પ્રદર) ઉપર:**-કાકડીનાં બીઆંમાંનું મગજ એક તોલો અને ધોળા કમળની કળીઓ ૧ તોલો બારીક વાટી તેમાં જીરાની અને ખડીસાકરની ભૂકી નાખી તે સાત દિવસ આપવું. **(૭)ગરમી ઉપર:**—કાકડી ચીરી તેમાં ખડીસાકરની ભૂકી નાખી તે સાત દિવસ આપવું. **(૮) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—કાકડીનાં બીઆંમાંનો મગજ, જેઠીમધ અને દારુહળદરનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં આપવું. **(૯) મૂત્રરેચનમાટે:**—અચ્છેર દૂધમાં પાણી મિશ્ર કરી કાકડીનાં બી ૦ા તોલો અને સુરોખાર દોઢ માસો, આ બન્ને એકત્ર બારીક વાટી કાલવવાં તથા ઉભા ઉભા એકદમ પીવું અને ફરતા રહેવું. એના યોગથી મૂત્રાશયમાંની ગરમી નીકળી જાય છે અને પ્રમેહ વગેરે વિકાર દૂર થાય છે. **(૧૦) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—કાકડીનાં બી, ગુલાબકળી અને ધોળા કમળની કળી એકત્ર વાટી વસ્ત્રગાળ પાણી કરી તેમાં સાકર નાખી પીવા આપવું.

+ પ્રાચીન આયુર્વેદ ગ્રંથોમાં-કાકડાશીંગીને પૌષ્ટિક, કફને કાઢનાર તથા ઉધરસ, શ્વાસ, તાવ, અરુચિ અને પેટનાં દરદોને નાશ કરનાર લખેલ છે. મુસલમાન ગ્રંથકારો એને ગરમ, ખુશ્ક અને મુખ્ય કરીને બાળકોની છાતીનાં જૂનાં દરદોનાં તેમજ અજીર્ણના ઉલટી અને ઝાડાની બિમારીમાં ઉપયોગી ગણે છે; અને એટલા માટે તાવમાં એનો ઉપયોગ કરવાનું કહે છે. ચરકસંહિતામાં—ઉધરસની નાશક અને હેડકી બંધ કરનાર કહી છે. સુશ્રુતમાં-જીવન, પૌષ્ટિક, બૃંહણ અને પિત્તશોણિતનાં ચકતાંને નાશકર્તા માની છે.

ગુજરાતી અમૃતસાગરમાં એને જંગલી હરડાંનાં ફૂલ માન્યાં છે પણ એ વાસ્તવિક નથી; કારણ કે એ તો ગાંધીઓ અને અત્તરવાળાઓ ઠગવાને માટે હરડાની છાલને કાકડાશીંગીના બદલે આપે છે. વાસ્તવિક રીતે એ કાકડાશીંગી નથી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૧૧) શીતજ્વર ઉપર:—કાકડી+ખાઇ ઉપર ખાટી છાશ પીવી તથા શેક કરવો, કિંવા તડકામાં ઓઢીને બેસવું; એટલે સર્વાંગે પરસેવો આવે છે અને શીતજ્વર નાશ પામે છે.

૧૦૫ કાજૂ:—(સં૦ કાજૂતક; અગ્નિકૃત.) આ ઝાડ આફ્રિકા ખંડમાં અને હિંદુસ્તાનમાં થાય છે. મલબાર, ગોમાંતક અને કર્નાટક વગેરે ઠેકાણે એ ઝાડની સમૃદ્ધિ ઘણી છે. એની ઉંચાઇ સામાન્ય હોય છે. આ ઝાડો રાનમાં અને ડુંગરમાં ઘણે ભાગે હોય છે. એમાં ધોળી અને કાળી એવી બે જાતિ છે. એ ઝાડથી વટેમાર્ગુ લોકોને આરામ મળે છે. તે એવી રીતે કે રસ્તે ચાલતાં થાકે એટલે બપોરે એ ઝાડની છાયામાં જઇ બેસે છે અને તેનાં ફળો ખાઇ પોતાની ખરી ભૂખ શમાવે છે. કાજૂનાં ફળ કોમળ હોય છે અને તેની આગળ તેનાં બી હોય છે. તેની છાલ કઠણ હોય છે અને અંદર ભીલામાં જેવી ચીકાશ હોય છે. તે શરીરે લાગી હોય તો ઉઠી નીકળે (ઉડે) છે. છાલની અંદર જે ગોળો હોય છે તેને કાજૂ (ગોળો) કહે છે. આ ગોળો સ્વાદિષ્ટ લાગે છે; પરંતુ ઘણા ખાધા હોય તો તેથી વિકૃતિ (વિકાર) થાય છે. જે દેશમાં કાજૂનાં ઝાડ થતાં નથી ત્યાં તે વેચાવા જાય છે. કાજૂનાં પાકેલાં ફળો ખાવાના ઉપયોગમાં આવે છે. સૂકાએલાં બીઆં સાકરના પાકમાં નાખી હલાવી તેની મિઠાઈ કરે છે. કાજૂનાં બીઆંનું દૂધ વહાણનાં તળીઆંને ચોપડે છે તેથી તેને પાણીથી હરકત થતી નથી. કાજૂનાં પાકાં ફળ નળવિકારનાશક છે. **કાજૂ:**—તુરૂ, મધુર, ઉષ્ણ, લઘુ અને ધાતુવર્ધક છે. એ વાયુ, કફ, ગુલ્મ, ઉદર, જ્વર, કૃમિ, વ્રણ, અગ્નિમાંદ્ય, કોઢ, શ્વેત કોઢ, સંગ્રહણી, અર્શ અને આનાહનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પગે ઓસાર થાય તે ઉપર:**—કાજૂનાં બીઆંનું દૂધ ચોપડવું. **(૨) ઢોરોને 'લાગ' નામે એક પ્રકારનો ઉપદ્રવ થાય છે, તેથી કરી પગ સૂજી તેનાથી ચલાતું નથી તે ઉપર:**—કાજૂનું દૂધ ચોપડવું એટલે ગુણ આવે છે. **મણિયારીના વિષ ઉપર:**—લેનારની શક્તિ પ્રમાણે કાજૂની છાલનો રસ પાશેરથી અચ્છેરપર્યંત પાઈ તે ઉપર ઘરોનો રસ આપવો એટલે વિષ ઉતરશે. ઘણું વ્યાકુળ થવાય તો તેજ રસ તાળવાને ઘસવો અને દાંત ખુલ્યા પછી પાછો પાવો. **(૪) બદ જલદી ફૂટવાને માટે:**—કાજૂનો ગર કાચો તથા તિવરનાં ફળ ઠંડા પાણીમાં એકત્ર ઘસી લેપ કરવો. એથી ગાંઠ ફૂટે છે. **(૫) નળવિકાર ઉપર:**—નિત્ય પ્રાતઃકાળે કાજૂનાં પાકેલાં ડીટાં ડુંખસુહાં કાપી, મરી અને મીઠું નાખી ત્રણ અગર ચાર દિવસ ખાવાં.

૧૦૬ કાતરવેલ:—એને 'કાતરી' પણ કહે છે. એના વેલા હોય છે. કાતરવેલનાં પાનાં કાતર નિર્ગુંડીના જેવાં હોય છે. એ વેલા ઝાડ ઉપર ઘણા હોય છે. કાતર નિર્ગુંડીનાં પાંદડાંની ઉગ્ર વાસ આવે છે તેવી એની આવતી નથી. ગુણમાં એ ઘણી ઠંડી છે. **ઉપયોગ:-(૧) ગરમી ઉપર:**—કાતરવેલનાં મૂળીઆં કૂટી તેનું આશરે છ માસા ચૂર્ણ જૂના ગોળમાં બે વખત ૭ દિવસ સુધી આપવું.

૧૦૭ કાનફોડી:—સં૦ કર્ણસ્ફોટા. મ૦ તિલવણ. ક૦ કન (કપાળ) ફોડી. બં૦ કાનફોડી. ક૦ હિડિબિડીકે, બેક્કીનતરહુગિડ. હિં૦ હુરહુર, હુલહુલ. લા૦ જિનેન્ડ્રોટસીસ્ પેંટાફિલા.

એનું મરાઠીમાં " ભાટવણ " એવું પણ નામ છે. હિંદુસ્તાનીમાં એને " હુરહુરા " કહે છે. એ ઝાડો ચોમાસામાં ઉગે છે. લીલી જમીનમાં એ બારે માસ થાય છે.એ શુમારે બે હાથ ઉંચી વધે છે. એ ઝાડ ઉપર કુંવાડીઆની શીંગો જેવી બારીક અને આઠ આંગળપર્યંત લંબાઇની શીંગો આવે છે. × **કાનફોડી:**—તીખી, કડવી અને શીતળ છે. એ વિષ, સંપૂર્ણ વ્યાધિ, પિશાચપીડા અને

+ આ ઉપાય કરતી વખતે દેશકાળ અને દરદીની સ્થિતિનો બરાબર વિચાર કરવો. ગુલાબકળીવાળી દવાને માટે પણ એમજ સમજવું; કારણ કે કોઈ કોઇ વખતે એથી ભયંકર જુલાબ (રેચ) લાગે છે.

×કાનફોડીને કોઈ કુકરભાંગરો, કોઈ તલવણ, હાડીઆ કરસણ અને તનમની વગેરે નામથી ઓળખે છે. એને પાંચ પાંદડાંનો ઝુમખો ને ફૂલનો ઝુમખો તથા ફૂલ પીળાં થાય છે. એ ખુટી ચોમાસામાં ઘણી થાય છે. એનાં પાંદડાં પંજા જેવાં આવે છે અને તે ઘણુંકરીને જમીનથી ઉંચામાં ઉંચી એક હાથના આશરે વધે છે. એને મગની ફળીઓ જેવી શીંગો આવે છે. વાસ મછલાંદી આવે છે અને તે ઉકરડાની કે બીજી ખાતરની જગ્યામાં થાય છે. એ પ્રસિદ્ધ છે. એને હિંદુસ્તાની અને મારવાડી લોકો કોગલાંના ખેત પણ કહે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ગ્રહપીડાનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) કર્ણરોગ ઉપરઃ**—કાનફોડીનો પાલો હાથે ચોળી તેનો રસ દરરોજ ત્રણ વાર કાનમાં પાડતા જવું; એટલે કર્ણશૂળ, કાન વહેવો વગેરે વ્યાધિ સારા થાય છે. **(૨) ઢોરના કર્ણરોગ ઉપરઃ**—કાનફોડીના પાલાનો અંગરસ અને માખણની પરાસ, એ એકત્ર કરી કાનમાં રેડવાં; તથા કાનની અણીઓ અગ્નિથી તપવી, જે પ્રમાણે પડીકું બાંધે છે તે પ્રમાણે અંદર ભરેલું ઔષધ પડે નહિ એવી રીતે બાંધવો. એ પ્રમાણે પ્રાતઃકાળમાં ભરેલું ઔષધ સાંજે કાઢી નાખી કાન સાફ ધોઈ પુનઃ ઔષધ ભરવું તે પ્રાતઃકાળે કાઢવું. એવી રીતે આ ઔષધ બે દિવસ ભર્યા પછી કાળી તુળસીનો પાલો અને ભાંગરાનો અંગરસ કાનમાં નાખી એક દિવસ વીત્યા પછી કાન છોડવો; એટલે કાન સારો થાય છે. **(૩) ટાઢીઆ તાવ ઉપરઃ**—ટાઢ આવવાની સંધિમાં કાનફોડીનાં પાંદડાંનો રસ કાનમાં પાડવો. **(૪) વીંછીના વિષ ઉપરઃ**—કાનફોડીનો રસ જે બાજુએ વીંછી કરડયો હોય તે બાજુના કાનમાં પાડવો. **(૫) દુખતા ભાગ ઉપરઃ**—પાંદડાં વાટી ચોપડવાં એટલે તે જગ્યા લાલ થઇ દુઃખ મટી જાય છે. **(૬) બગઈ વગેરે કાનમાં ગઇ હોય તોઃ**—કાનફોડીનો રસ કાનમાં નાખવો. **(૭) અંડવૃદ્ધિ ઉપરઃ**—કાનફોડીનો રસ ચણાના કાઢામાં પાવો. **(૮) શોફોદર ઉપરઃ**—કાનફોડીનો રસ ૩ અથવા ૭ દિવસ ચમચાભર પાવો.

૧૦૮ કાફી (બુંદ):—અરબસ્તાન, હિંદુસ્તાન, હિંદીમહાસાગરમાંહેના બેટ અને વેસ્ટઈંડિઝ બેટોમાં એ ઝાડો ઘણાં થાય છે. એ ઝાડ ત્રણ ચાર હાથ ઉંચાં વધે છે. અધિક વધવાથી તે ઉખડી પડે છે. એ ઝાડોનો રંગ ઘણો લીલો હોય છે તથા ફાલે છે તે વેળાએ આ ઝાડનાં ફૂલ ધોળી ચંબેલી જેવાં હોય છે અને તેની વાસ મધુર આવે છે; પરંતુ તે ઘણી વખત ટકતી નથી. ફૂલ આવ્યા પછી આઠ મહિને કાફીનાં ફળ પાકી તૈયાર થાય છે. એ ફળ લગારેક લાબાં હોય છે અને તેનો રંગ પાકવા આવે ત્યારે રાતો થાય છે. ફળ પાકે એટલે બુંદ કાઢી સૂકવે છે. અકેકા ફળમાં ઘણુંકરીને બબ્બે બુંદ હોય છે; અને અકેકા ઝાડ ઉપર શુમારે અચ્છેર ફળ ઉત્પન્ન થાય છે. એને કોઇ 'કાફી' અને કોઇ 'કાવો' એમ કહે છે. આરબ અને મોગલ લોકોમાં કાફી પીવાની રીત ઘણી છે. કાફી તૈયાર કરવાની કૃતિ એવી છે કે તેને પહેલાં ઘીમાં શેકી ખાંડે છે; પછી તે ચ્હા પ્રમાણે તૈયાર કરી તેમાં દૂધ અને સાકર નાખી પીએ છે. કાફીનો ગુણ એવો છે કે, તે પીવાથી શરીરમાંની સુસ્તી અને આળસ જઈ રક્તવૃદ્ધિ થાય છે. જાગરણ થાય તોપણ તેના યોગથી અન્નપચન થઇ કંઇ પણ ઉપદ્રવ થતો નથી. હિંદુ લોકોમાં અહીં કાફી પીવાનો પરિપાઠ પડેલો છે; પરંતુ ચ્હા અને કાફી એ ગરમ હોવાથી આ ઉષ્ણ હવામાં આપણા લોકોને તે નિત્ય પીવી કદિ પણ હિતકારક થનાર નથી; એટલા માટે જરૂર પડે તો કદિ કદિ કાફીનું સેવન કરવું, પણ નિત્ય સેવન કરવું નહિ.

૧૦૯ કાયફળઃ—સં૦ કટ્ફળ. મ૦કુંભા, કાયફળ. હિં૦ કાયફર. બં૦ કટફળ, કાયછાલ. ક૦ કિરૂશિવની, ઈપ્પેમારા, દદ્દાલદ, ગહાદ. તુ૦ ડદ્દલ. મલા૦ પિલં, આલં. ફા૦ દારશીશયાન. અ૦ ઉદુલબર્ક. લા૦ મિરિકા સાપીડા (છાલ), મિયેસ્ટિકા મેલેબેરિકા (ફળ), કોરે આર્બોર્યા (ઝાડ).

કાયફળનાં ઝાડ કોકણમાં પ્રસિદ્ધ છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. તે પત્રાળાં કરવાના ઉપયોગમાં આવે છે. એનાં ફળ બીલાંની પેઠે ગોળ હોય છે. એમાં ધોળી અને કાળી એવી બે જાતિ છે. એની છાલના બંધ સારા થાય છે. રાતું કાયફળનું ઝાડ ઔષધમાં ઘણું ઉપયોગી છે. એની છાલને કાયફળ કહે છે.* **કાયફળઃ**—તીખું, ઉષ્ણ, તુરૂં તથા ગ્રાહક છે; અને વાત, પિત્ત, જ્વર, દાહ, કફ, રક્તાતિસાર, યોનિદોષ, વિષ અને કૃમિનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) સાપના વિષ ઉપરઃ**—રાતા કાયફળના ઝાડની છાલનો રસ પાશેર અને થોડો કાળી વેલનો રસ કાઢી બન્ને એકત્ર કરી તેમાં મરીની ભૂકી નાખી પાવું. ઉતાર કાળી તુળસીનો રસ પાવો. **(૨) ઉધરસ ઉપરઃ**-કાયફળના ઝાડની છાલનો રસ મધમાં એકત્ર કરી સાત દિવસ સુધી પાવો. **(૩) લુખ ઉપરઃ**—કાયફળની છાલનો રસ સાકર નાખી પાવો. **(૪) દમ ઉપરઃ**—કાયફળના ઝાડની છાલના રસમાં રાઇ વાટી પાવી. **(૫) ધાતુપરમીઆ**

* હિમાલયની તરફ આ એક મોટું ઝાડ થાય છે. ઔષધમાં બહુધા એની છાલજ વપરાય છે. જો કે તે ફળ નથી, તથાપિ તે કાયફળના નામથીજ ઓળખાય છે. એની માત્રા ૧ માસો અથવા બે માસા છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપરઃ-કાયફળના ઝાડની છાલનો અને નાળીએરનો રસ એકત્ર કરી ૭ દિવસ સુધી પાવો. (૬) **અંગ દાઝયું હોય તોઃ**—રાતા કાયફળના ઝાડની છાલનો રસ ઉપર ચોપડવો. (૭) **મરકી ઉપરઃ**—કાયફળ ઘસી પાવું. (૮) **અતિસાર ઉપરઃ**-કાયફળના ઝાડની છાલનો કાઢો કરી પાવો. (૯) **મસ્તકશૂળ ઉપરઃ**-કાયફળની ભૂકી નાકે સુંઘવી. (૧૦) **વ્રણશુદ્ધિને માટેઃ**—કાયફળના ઝાડની છાલનો કાઢો કરી તેથી વ્રણ ધોવો. (૧૧) **દંતરોગ ઉપરઃ**-કાયફળના ઝાડની છાલનો કાઢો કરી તેના કોગળા કરવા, એટલે દંતશૂળ બંધ થઇ દાંત મજબૂત થાય છે.

૧૧૦ કારિંદાઃ—કારિંદાના વેલા હોય છે. એને 'કારાંદા' પણ કહે છે. કારિંદાનાં પાંદડાં કિંચિત્ ગોળ હોઇ કોનાનાં પાંદડાં કરતાં બમણાં મોટાં હોય છે. એનો વેલો માંડ જેટલો ઉંચો વધે છે. એની વૃદ્ધિ એટલી જલદ છે કે તે એક દિવસમાં હાથ દોઢ હાથ વધે છે. એ વેલાને દોઢ દોઢ વેંતના અંતરે ગાંઠો હોય છે. ત્યાં પાંદડાં આવે છે. તે ગાંઠપર ફણગો ફૂટી તેના ફાંટા પ્રસરે છે. તે ગાંઠની નીચેની બાજુએ અણી આવી તેને નાનાં કારિંદાં લાગે છે. તે વધી શુમારે કેરી જેવડાં મોટાં થાય છે. વેલો સૂકાયો એટલે તેને લઇ લે છે; અને મૂળ જે જમીનમાં લાગેલાં હોય છે તે ખોદીને કાઢી લે છે. કારિંદામાં મીઠી અને કડવી એવી બે જાતિ છે. મીઠા કારિંદાની છાલ કાળી હોય છે અને કડવાની છાલ કુમળાપણામાં ધોળી હોય છે. જૂનું થયા પછી એમાં કાંઇ ફેર દેખાતો નથી. કડવાં કારિંદાં કોકણમાંના રાનમાં ચોમાસામાં આપોઆપ ઉત્પન્ન થાય છે. મીઠાં કારિંદાં બાફીને અથવા એના બાકળા કરીને ખાય છે. એ ઉપવાસને માટે ફરાળના ઉપયોગમાં આવે છે. એની ખીર, છુંદો, ચીરીઓ વગેરે પદાર્થ કરે છે. એનો સ્વાદ સારો હોય છે. કડવાં કારિંદાં ખાવાથી ફેર (ચક્કર), ઉલટી વગેરે ઉપદ્રવ થાય છે; તથાપિ ગરીબ લોક તે લાવી ખાય છે અને તેથી ઉપદ્રવ થાય નહિ તે માટે એવી રીતે કરે છે કે તેને છોલી તેની પાતળી ચીરી કરે છે અને તેને રાખ ચોળી તે પાણીમાં ધોઇ, પછી એક વખત સ્વચ્છ પાણીમાં ધોઇ તાપમાં સૂકવે છે અને પછી તેલમાં તળી ખાય છે. આ તળેલી ચીરો ધોળી-શુભ્ર ધોબીએ કપડાની વાળેલ ઘડીના જેવી દેખાય છે. **ઉપયોગઃ-(૧) મુખપાક ઉપરઃ**—કારિંદાનો સૂકવેલો પાલો અને કોળાની સૂકવેલી છાલનું ધૂમ્રપાન કરાવવું. (૨) **મૂળવ્યાધિ ઉપરઃ**- કારિંદાં બાફી ઉપલી છાલ કાઢી નાખી અંદરના મગજમાં ખડીસાકરની ભૂકી અને ગાયનું ઘી, એ બન્ને પદાર્થ કારિંદાંના મગજથી બમણા નાખી, તેનું પણ સારૂં મર્દન કરી નાની કેરી જેવડી ગોળી કરી ખાવી. એ પ્રમાણે ગુણ આવે ત્યાંસુધી સતત ઔષધ આપવું, એટલે રોગ જતો રહી ધાતુવૃદ્ધિ થઇ શરીર પુષ્ટ થશે. (૩) **ઉપદંશ ઉપરઃ**—કડવા કારિંદાનો જમીનમાંનો પાંચ વર્ષ કરતાં અધિક દિવસનો કંદ લાવી, તે ઉપરનાં મૂળ અને કાળી છાલ છોલી નાખવી, પછી સૂકવી ચૂર્ણ કરી રાખવું. આ ચૂર્ણ પ્રતિદિવસ પ્રાતઃકાળે અને સાયંકાળે ગાયનું તાજું દૂધ પાશેર લઈ તેમાં ચાર માસા નાખવું તથા જીરાની ભૂકી ૪ ગુંજ અને ખડીસાકરની ભૂકી બે તોલા નાખી ખાવું. (૪) **પેટપીડ તથા અતિસાર ઉપરઃ**-ઉપર કહેલા કડવા કારિંદાનું ચૂર્ણ ઘીમાં મેળવી ગોળી કરી આપવું. (૫) **રક્તાતિસાર ઉપરઃ**—કડવું કારિંદુ બાફી છોલી બારીક વાટવું તથા તેમાં જીરાની ભૂકી અને ઝીણી ખાંડ તથા ઘી નાખી આપવું.

૧૧૧ કારિવણા-(ખડભરામી, ખડબ્રાહ્મી.):-સં૦ લઘુ-બ્રહ્મી. મ૦ કરિવણા, બ્રહ્મી, એકપાની. હિં૦ વરંભી, બ્રહ્મમાંડુકી, ચરેલી. બં૦ થુલકુડિ, થાલકુની. ક૦ ઓંદેલગ. તા૦ વલ્લારી. તે૦ બ્રાહ્મીચેટુ. તુ૦ તિમારે. મલા૦ મુત્તલ. ફા૦ જરનવ. ઇં૦ ઇંડિયનપેનિવર્ટ.

આ ઝાડ વેલા પ્રમાણે વધે છે* અને તે પાણીવાળી જમીનમાં બાર મહિનાસુધી રહે છે. એને બાગમાં અને ઘેર પણ કુંડામાં વાવે છે. લઘુ બ્રાહ્મીનાં પાંદડાં ઉંદરના કાન પ્રમાણે હોય છે. એ પાંદડાં

* આ પ્રસર જાતિની વનસ્પતિ ઉંદરકનીને મળતી હોવાથી લોકો એને નામે ઉંદરકની વાપરે છે,પણ એ ભૂલ છે. ખડભરામીના સ્વરસની માત્રા ૨ માસાની છે. પ્રતિનિધિ તજ છે. એની શાંતિ સુખડ અને ગુલાબજળ.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

બે આંગળ પહોળાં હોય છે. આ ઝાડો કુંડામાં વાવવાથી મૂળ ફુટી તેનો ઘણોજ વિસ્તાર થાય છે. એનાં પાંદડાંની ચટણી પણ કરે છે. બ્રાહ્મી પ્રમાણેજ એના ગુણ હોય છે. **ઉપયોગ:-(૧) ભમરી (ચક્કર) આવે છે તેને માટે:**-લઘુ બ્રાહ્મીનાં પાંદડાંનો રસ મસ્તકે ચોળવો. **(૨) નાનાં બાળકોનો શબ્દોચ્ચાર સ્પષ્ટ થવા માટે:**—નિત્ય પ્રાતઃકાળે લઘુ બ્રાહ્મીનાં તાજાં પાંદડાં ખાવા આપવાં, એટલે જીહ્વાનું જડત્વ કમી થઈ વર્ણોચ્ચાર સ્પષ્ટ થવા માંડે છે. **(૩) પિત્તાપસ્માર ઉપર:**--લઘુ બ્રાહ્મીનાં પાંદડાંનો રસ અને ઘી એકત્ર કરી ઉકાળી, ઘી સિદ્ધ કરવું અને તે સેવન કરવું. **(૪) ઉષ્ણતા અને ગરમી (લુખ લાગવી) તે ઉપર:**-લઘુ બ્રાહ્મીના પાલાનો રસ જીરૂં અને ખડીસાકર નાખી આપવો; અને ડુંટી ઉપર લઘુ બ્રાહ્મીના રસમાં કપડું ભીંજવી ગડી વાળી મૂકવું. આંખોમાં ગરમી હોય તો આ રસ તાળવે ચોપડવો. **(૫) ગરમીથી બાળકોના અંગમાં ગાંઠો થાય છે તે ઉપર:**-લઘુ બ્રાહ્મીનો રસ અને કદંબની છાલનો રસ કાઢી તેમાં ગાયનું ઘી અને શંખજીરૂં નાખી ખરલ કરી શરીરે ચોપડવું. **(૬) સોજા ઉપર:**—લઘુ બ્રાહ્મીના પાલાનો લેપ કરવો. **(૭) બાળકોના અતિસાર ઉપર:**-લઘુ બ્રાહ્મીના પાલાનો રસ આપવો. **(૮) બાળકોના તૃષાના આજાર ઉપર:**-લઘુ બ્રાહ્મીના પાલાનો રસ કાઢી તેમાં જીરાની ભૂકી અને ખાંડ નાખી આપવો. **(૯) ઉન્માદ અને ચિત્તભ્રમ અપસ્માર ઉપર:**-લઘુ બ્રાહ્મીનો રસ ૧ તોલો લઇ તેમાં કોળીંજણનું અથવા અકલગરાનું ચૂર્ણ ૩ માસા અને તેટલુંજ મધ નાખી દરરોજ બે વખત આપતા જવું. એ વનસ્પતિ એ રોગ ઉપર અત્યંત પ્રશસ્ત છે. **(૧૦) શીતળાના આજાર ઉપર:**-લઘુ બ્રાહ્મીનો રસ અથવા ટાંકાની ભાજીનો રસ મધમાં આપવો. **(૧૧)બ્રાહ્મીઘૃત:**-બ્રાહ્મીનો રસ ૪ શેર, ઘી ૪ શેર, વેખંડ (ઘોડાવજ), કોષ્ઠ, શંખપુષ્પી (શંખાવળી), આ ત્રણેનું ચૂર્ણ અચ્છેર, એ બધું એકત્ર કરી ઘી સિદ્ધ કરવું. એ સેવન કરવાથી ઉપદંશથી થયેલો સંધિવાત, વિસ્ફોટક, ગાંઠ ઇત્યાદિ રોગ વાતરક્ત, ઉન્માદ અને અપસ્માર દૂર થાય છે. સદરહુ રોગ ઉપર આ ઘીનો લેપ પણ કરવો તેથી કરી કોઢ વગેરે રોગ દૂર થાય છે અને મગજ શાંત થાય છે. **(૧૨) સ્વરભંગ ઉપર:-સારસ્વત ચૂર્ણ:**-બ્રાહ્મી, ઘોડાવજ, હરડા, અરડુસી અને લીંડીપીપર, એનું ચૂર્ણ કરી મધમાં આપવું.

૧૧૨ કારેલી:—સં૦ કારવલ્લી. મ૦ કારલી. કો૦ કારેતી. ક૦ હાગલકાયિ, મિડિગાયિ. તા૦ કલક્કોડિ, પાગલ. તુ૦ કંચાલા. અ૦ કિસ્સા ઉલૂહિમાર. ફા૦ કરિલાહ. હિં૦ કરેલા. બં૦ કરલા. તૈ૦ કરીલા, કાકરકાયાં. લા૦ મોમોર્ડીકાચારેંટિયા. ઇ૦ હેઅરીમોર્ડીકા.

કારેલીના વેલા હોય છે. એને જે ફળો આવે છે તેને 'કારેલાં' કહે છે. કારેલાં ઘણાં કડવાં હોય છે. લોકો એનું શાક ઘણી પ્રીતિથી ખાય છે. કારેલાં સાધારણ રીતે વેંતભર લાંબાં હોય છે. એમાં ધોળી અને લીલી એવી બે જાતિ છે. **લઘુ કારેલાં:**—અતિ કડવાં, અગ્નિદીપક, લઘુ, ગરમ, શીત, ભેદક, સ્વાદુ અને પથ્યકર છે. તે અરુચિ, કફ, વાયુ, રક્તદોષ, જ્વર, કૃમિ, પિત્ત, પાંડુ તથા કોઢનો નાશ કરે છે. **મોટાં કારેલાં:**—તિખટ, કડવાં, અગ્નિદીપક, અવૃષ્ય, ભેદક, રુચિકર, ખારાં, લઘુ, વાતલ અને પિત્તનાશક છે; તથા રક્તરોગ, પાંડુ, અરુચિ, કફ, શ્વાસ, વ્રણ, કાસ, કૃમિ, કોઠરોગ, કુષ્ઠ, જ્વર, પ્રમેહ, આધ્માન અને કમળાનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧)પિત્તનો વિકાર થયો હોય તો:**—કારેલીનાં પાંદડાંનો રસ આપવો. એટલે વમન થઇ પિત્ત પડશે. ઉલટી ન થાય તો એક કિંવા બે રેચ થઇ પિત્ત નાશ થાય છે. ઉતાર ઘી અને ભાત. **(૨) શીતપૂર્વક કફપિત્ત જ્વર ઉપર:**—કારેલીનાં પાંદડાંનો રસ જીરૂં નાખી આપવો. **(૩) રતાંધળાપણા ઉપર:**—કારેલીનાં પાંદડાંના રસમાં મરી ઘસી તેનું સાયંકાળે અંજન કરવું; જેથી ૩ દિવસમાં ગુણ આવે છે. **(૪) પારો શરીરમાં ફુટી નીકળ્યો હોય તો:**—કારેલીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. **(૫) બાળકોનું પેટ ચઢે છે તે ઉપર:**—કારેલીનાં પાંદડાંનો રસ ૧ પૈસાભાર કાઢી તેમાં થોડી હળદર નાખી પાવો; એટલે ઉલટી અને મલશુદ્ધિ થઇ પેટ સાફ થશે. **(૬)વિષૂચિકા** (કોગળીઆ)**ઉપર:**—કારેલીનો રસ તલના તેલ સાથે આપવો. **(૭) રક્તાર્શ ઉપર:**—કારેલીનાં પાંદડાંનો રસ અથવા ફળોનો રસ નાના ચમચાભાર કાઢી સાકરમાં આપવો. **(૮) મૂત્રાઘાત ઉપર:**—કારેલીના પાલાનો રસ નવટાંક કાઢી તેમાં હીંગ ૧ પૈસાભાર નાખી આપવો.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૯)બાળકના પેટમાંના ભાર ઉપર:–કારેલીનાં પાંદડાં ,અરડુસીનાં પાંદડાં, પાકેલા નાગરવેલનાં (ખાવાનાં) પાન અને જાંબુની છાલ, એનો એકત્ર રસ કાઢી તેમાં વેખંડ (ઘોડાવજ) ઘસી એ સર્વ પાવું. ૭ દિવસ પથ્ય પાળવું. **(૧૦) જંતુ ઉપર:**–કારેલીનાં પાંદડાંનો અથવા ફળનો રસ આપવો.

૧૧૩ કાવળે—એ ઝાડ ગોમાંતક પ્રાંતમાં માથોડું દોઢ માથોડું ઉંચું થાય છે. તેને આમલી જેવાં પાંદડાં હોઈ લીલા વટાણા જેવડાં જાંબલી રંગનાં ગોળ ફળો આવે છે. તે બાળકો ખાય છે.

૧૧૪ કાસ (કાંસડો)—સં૦ કાંડેક્ષુ, કાંશ. હિં૦ કાંસ. મ૦ કસઈ, કસાડ. બં૦ કેશે. ક૦ કાજલુ, ગલગિનહુલ્લુ. તૈ૦ રેલુ. લા૦ કોઈકસ બારબેટા.

કાસને મરાઠીમાં 'કસાડ' પણ કહે છે. કાસનાં બરૂના જેવા બેટો હોય છે. એનો ટટ્ટી બનાવવામાં ઉપયોગ થાય છે. એને "કાસે ગવત" એમ પણ કહે છે. એનાં બી આકારે કરડી પ્રમાણે અને સફેદ તથા કઠણ હોય છે. **કાસ:**—તર્પણ, શીત, ગૌલ્ય, રુચિકર, બલકારક, મધુર, વૃષ્ય, કડવો, પાકકાળે મધુર, સારક અને સ્નિગ્ધ છે; તથા પિત્ત, દાહ, મૂત્રકૃચ્છ્ર, ક્ષય, મૂત્રાશ્મરી, રક્તદોષ, રક્તપિત્ત, ક્ષતક્ષય અને પિત્તરોગનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) મૂત્રકૃચ્છ્ર, મૂત્રાશ્મરી ઉપર:**—કાસનાં મૂળનો કાઢો મધ નાખી આપવો.

૧૧૫ કાસાળું—સં૦ કાસાલુ. મ૦ કાસાળુ, ખંબરેં. હિં૦ કાસાળુ. ક૦ બાળરક્કાસ.

કાસાળુંમાં કાળી અને ધોળી એવી બે જાતિ છે. કાસાળુંનાં પાંદડાં અને ડીંટાં અળવીના કરતાં મોટાં હોય છે. **કાસાળું:**—મીઠું, પથ્યકારક, દીપક તથા રુચિપ્રદ છે;અને કફ તથા વાતનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) કાળપુળી (પાઠુ) ઉપર:**—ઝાડ ઉપરના કાસાળુંના કાંદા પાણીમાં ઘસી પાઠા ઉપર લેપ કરવો. પથ્ય–મીઠું ખાવું નહિ. **(૨) ગાંઠિયો વાયુ એટલે અંગનું અકડાઇ જવું તે ઉપર:**–કાળા કાસાળુંના કાંદા અને બેદરીના વેલાના કાંદા, એ બંનેને એકત્ર કચરી તેની ચાર પોટલીઓ બાંધવી; અને તપાવેલા તવા ઉપર તે પોટલીઓ ગરમ કરી સોસાય તેટલો શરીરે શેક કરવો. **(૩) સંધિવાયુ ઉપર:**—કાળા કાસાળુંનું ડીંટું સાધારણ અગ્નિ ઉપર શેકી તેનો રસ છ માસા ગાયના દહીંમાં નાખી ગરમ કરી ૭ દિવસ પીવો. એથી કફ અને લાળ નીકળી જશે. ઉતાર ઘી અને ભાત. **(૪) બદ જલદી ફુટવા માટે:**—જંગલી કાસાળું ઠંડા પાણીમાં ઘસી તેનાં ટપકાં કરવાં અને તે સૂકાયા પછી પુનઃ તેજ જગ્યા ઉપર તેજ ઔષધનાં ટપકાં કરવાં. એ પ્રમાણે ત્રણચાર વાર ટપકાં કરવાં, એટલે છિદ્ર થઇ દર્દ નીકળી જશે. **(૫) ઉદરરોગ ઉપર:**—કાળા કાસાળુંનો કાંદો ૧ તોલા જેટલો પીસી કોપરાના રસમાં નાખી, થોડા ચોખા નાખી બાફીને ખીર કરવી અને તે ગોળ નાખી ખાવી. આ ઔષધથી રોગ ફાટી મળમાર્ગે રેચ થઈ પડે છે. ઔષધ એક કિંવા બે દિવસ લેવું. ઉતાર ભાતની કાંજીમાં ઘી નાખી પાવું. મોઢામાં ચેળ થાય તો કોકમના અથવા આંબલીના પાણીના કોગળા કરવા. **(૬) ભ્રમ અને પિત્તવિકાર ઉપર:**—કાળા કાસાળુંનાં ડીટાં અંગારામાં શેકી રસ કાઢવો અને પાંચ શેર-પર્યંત નાળીએરનો રસ કાઢી તેમાં અધશેરપર્યંત માલકાંગણીનાં બીઆં વાટી કાલવવાં. પછી તે સર્વ એકઠું કરી મંદ અગ્નિ ઉપર બધું પાણી બળે ત્યાંસુધી ઉકાળવું. ઉકાળવાથી ઉપર તેલ આવે છે, તે કાઢી લેવું. એ તેલ આંખ અને ગળાની નસ એ જગોએ દિવસમાં બે વાર ચોળીને જીરવવું. **(૭) પાંડુરોગ ઉપર:**—સમૂળ કાસાળું લઇ તેનું ૬ માસા ચૂર્ણ કરી દૂધમાં આપવું. **(૮) જલોદર ઉપર:**–કાસાળુંનો કાંદો ૧ તોલો છાશમાં વાટી પાવો. **(૯) પડજીભ ઉપર:**—કાસાળુંનાં ડીંટાંની ભસ્મ કરી લગાડવી એટલે પડજીભ ઉપર ચઢશે. **(૧૦)અનંતવાત–શિરોરોગ ઉપર:**—કાળા કાસાળુંના કાંદા પીસી તેની પોટલી કરવી અને તવા ઉપર ગરમ કરી માથે શેક કરવો; ને છેલ્લી વારે પોટલીમાંનું ચૂર્ણ ગરમ કરી માથા ઉપર ભરી પાટો બાંધવો. **(૧૧) સર્વ પ્રકારના વાતવિકાર ઉપર:**—કાસાળુંનો કાંદો ૧ તોલો પીસી રસ કાઢી નાળીએરનો રસ અને દૂધ એમાં ખીર કરી ખાવી; એટલે સર્વ પ્રકારના વાત અને ઉદરરોગ નાશ પામે છે. **(૧૨)જંતુ (કૃમિ) ઉપર:**—કાસાળુંના કાંદાની ૨–૪ ગુંજ રાખ મધમાં અથવા પાણીમાં આપવી.

૧૧૬ કાસુંદરો—સં૦ કાસમર્દ. મ૦ કાસવિંદા. હિં૦ કસોદી, કસૌંજી, અગૌથ. બં૦ કાલ-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કાસુંદા. ક૦ એલહુરી, અલવરી. તૈ૦ પેડિતાંગેડુ, કસવીંદચેટ્ટુ. મલા૦ પોન્નાવીર. તુ૦ અનેટજંકુ. ઇં૦ રાઉંડ પોડેડ કેશિયા. લા૦ કેશિયાસોફેરા.

આ ઝાડો કમરપૂર ઉંચાં વધે છે. આવળનાં પાંદડાં કરતાં એનાં પાંદડાં બારીક હોય છે. એને પીળાં ફૂલો આવે છે અને શીંગો જાડી અને લાંબી આવે છે. આ ઝાડ વાડની નજીકમાં અને બીજી ખાલી જગ્યામાં પુષ્કળ ઉગે છે. **કાસુંદરો:**—તીખો, કડવો, મધુર, ઉષ્ણ, રુચિકર, પાચક, દીપક, કંઠશુદ્ધિકર, ગ્રાહી અને રુક્ષ છે; તથા કફ, અજીર્ણ, વાયુ, કાસ, પિત્ત, વિષ, કૃમિ અને વિષૂચીનો નાશ કરે છે. એનાં **પાંદડાં**–પાકકાળે તીખાં, વૃષ્ય, ઉષ્ણ અને લઘુ છે. તે દમ, ઉધરસ અને અરુચિનો નાશ કરે છે. **એનાં ફળ:**–કાસ, શ્વાસ, અને ઊર્ધ્વવાતનો નાશ કરે છે. **ઉપયોગ:**–(૧) **દાદર ઉપર:**–કાસુંદરાનાં મૂળ ઘસી ચોપડવાં અથવા પાલાનો રસ લીંબુમાં મેળવી ચોપડવો. (૨) **ઉચકી અને શ્વાસ ઉપર:**—કાસુંદરાનાં પાંદડાંનો કાઢો આપવો. (૩)**સોજા ઉપર:**–કાસુંદરાનો પાલો બકરીના દૂધમાં વાટી લેપ કરવો. (૪)**પારાના ઉતાર ઉપર:**—કાસુંદરાના પાલાનો રસ કાઢી પાવો. (૫) **શીઘ્ર પ્રસૂતિ થવા માટે:**–કાસુંદરાનાં પાંદડાંનો રસ પાવો. (૬) **બગઈ વગેરે કાનમાં ગયું હોય તો:**—કાસુંદરાનો રસ કાનમાં પાડવો. (૭) **દદ્રૂ, કિટિભ અને કુષ્ઠ ઉપર:**—કાસુંદરાનાં મૂળ કાંજીમાં વાટી લેપ કરવો. (૮) **ભીલામો ઉઠે છે તે ઉપર:**–કાસુંદરાનાં પાંદડાં વાટી ચોપડવાં.×

૧૧૭ કાળા તલ—(સં૦ કૃષ્ણતિલ.) આ એક ધાન્યની જાતિ હોવાથી 'કાળા તલ' નામ આપ્યું છે. એને 'ખુરાસણી' પણ કહે છે. કાળા તલનો રોપો શુમારે દોઢ બે હાથ ઉંચો વધે છે. એને પીળા રંગનાં ફૂલો આવે છે. જે વખતે ફૂલો આવે છે તે વખતે દૂરથી એના ખેતરની શોભા ઘણી ચમત્કારિક દેખાય છે. એનો રંગ કાળો હોય છે. એનું તેલ કાઢે છે, તે બાળવાના તથા ખાવાના ઉપયોગમાં આવે છે. એનો ખોળ ઢોરને ખવરાવે છે. **ઉપયોગ:**–(૧) **નેત્રરોગ ઉપર:**–કાળા તલનું તાજું તેલ સૂતી વખતે આંખમાં આંજવું.

૧૧૮ કાળા દાણા–સં૦ નીલપુષ્પી, કૃષ્ણબીજા. હિં૦ કાલાદાના. મ૦ કાળાદાણા. બં૦ નીલકલમી. ઇં૦ પેલબ્લુ પોમિયા. લા૦ ફારબટીસ નીલ. અ૦ હબુલનીલ.

કાળા દાણાની વેલ થાય છે. એ હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએ થાય છે. એની સળીઓ અને ડાળીઓના એનાજ ઝાડને ગોળાકાર આંટા પડેલા હોય છે. સળીઓ અને ડાળીઓ ગોળ હોઇ તેના ઉપર ઝુમખાં આવે છે. એનાં પાંદડાં કપાસનાં પાંદડાં જેવાં, ત્રણ પાંખડીઓમાં ખાંચાપડેલાં હોય છે. એ પાંદડાં વેલીને એકાંતરે આવે છે, એટલે વેલીની સળીઓની બંને બાજુએ સામસામાં પાંદડાં આવતાં નથી; પરંતુ એક બાજુએ એક પાન અને બીજી બાજુએ તેના ઉપરના ભાગ ઉપર બીજું પાન એમ પાંદડાં હોય છે. એને ફીક્કા કાળા રંગનાં ઘંટ(ટોકરી)ના આકારનાં મોટાં ફૂલો આવે છે. એનાં ફળ નરમ હોઇ તેમાં ત્રણ ખંડ હોય છે. તેમાંથી નાનાં કાળા રંગનાં બીજ થાય છે. તેને કાળા દાણા (બ્લાક સીડ) એમ કહે છે. ઔષધમાં એનો ઉપયોગ થાય છે.

કાળા દાણા રેચક, સ્નિગ્ધ, સોજા અને ઉદરરોગના નાશક, તાવ કાઢનાર અને અવષ્ટંભ (મસ્તકરોગ, ઉદાવર્ત, કફ) અને મળમૂત્રાવરોધ નહિ જેવો કરનાર છે. આ સર્વ ગુણ એના રેચક ગુણનાજ અંગભૂત છે. એનો રેચ ઘણોજ જલદી લાગુ પડીને તેનાથી કોઇપણ પ્રકારનો વિકાર થવાની ધાસ્તી નથી; એટલે આની નેપાળા અથવા અંગ્રેજી જાલપના જેવી ક્રિયા થાય છે. માત્ર એમાંના દોષો આ કાળા દાણામાં નથી. એ ઉત્તમ રેચક હોવાથી હાલમાં સરકારી દવાખાનામાંના ડૉકટર લોકો એનો સારો ઉપયોગ કરે છે. કાળા દાણાનાં બી ઘીમાં તળી ચૂર્ણ કરી ૩ માસાથી ૬ માસા સુધી ઉના પાણી સાથે આપવાં એટલે બે જુલાબ સારા લાગે છે. ઘીમાં ન તળે તોપણ ચાલે.

× કાસુંદરાનાં બીજનો રોટલો કરી તેનું એક પડ પકવી માથે બાંધવાથી ખોડો મટે છે અને એનાં અઢી પાંદડાંનો રસ નાનાં બાળકને પાવાથી સસણી જલદી શાંત થાય છે; એમ એક મહાત્માનું કહેવું છે.

કાસુંદરાનાં પાંદડાંનો રસ દુખતી આંખમાં નાખી તેનુંજ પાંદડું આંખ ઉપર બાંધવાથી માત્ર એકજ હફ્તે દુખતી આંખ શાંતિ પામે છે, એ અમારૂં પોતાનુંજ અનુભવસિદ્ધ છે.વેવના વેલાના પાનનો પણ દુખની આંખ ઉપર એવોજ ગુણ ગણાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૧૧૯ કાળી ખજૂરી–આ એક કડવા લીમડાની જાતિનું ઝાડ છે. એનાં ઝાડ સહ્યાદ્રિપર્વત ઉપર છે. એનાં પાંદડાં એક ફુટ લંબાઇનાં બે ભાગવાળાં હોય છે. એનાં ફૂલ સફેદ રંગનાં અને ઉગ્રગંધી હોય છે. કાળી ખજૂરીનું ફળ ખજૂરના આકારે હોઇ ઘણું કડવું હોય છે. **ઉપયોગ:–(૧) પિત્ત પડવા માટે:**–કાળી ખજૂરી ઘસી ચાટણ આપવું. **(૨) તાવના યોગે જીભ બળતી હોય તે ઉપર તથા મુખપાક ઉપર:**—કાળી ખજૂરી ઘસી ચોપડવી. **(૩) કાનખજુરો કરડયો હોય તો:**–કાળી ખજૂરી તેલમાં ઘસી લેપ કરવો. **(૪) પેટશૂળ ઉપર:**–કાળી ખજૂરી ઘસી પાવી.

૧૨૦ કાળીજીરી (કડવી જીરી)–સં૦ અરણ્યજીરક. મ૦ કડુકારળે (જીરે). હિં૦ કાલાજીરા, બનજીરા. ક૦ કાડજીરગે. તા૦ કટુચિરાંગં. તૈ૦ અડવીજીલાકરી. તુ૦ કાલાજીર્દરી. મલા૦ કાલાજીરાક. અ૦ કમૂનબહરી, કમૂનરૂમી. ઇં૦ પરપલ ફ્લૉએન. લા૦ વ્હરનોનિયા અંથેલમિંટીકા.

એના છોડ શુમારે બેત્રણ હાથ સુધી ઉંચા વધે છે. એ સીધા વધે છે.એ છોડનો દાંડો કિંચિત્ બારીક હોય છે. એને જે જીંડવાં આવે છે તેનાં રૂછામાં એ જીરૂં હોય છે. કાળીજીરી કૃમિનાશક છે. **કાળીજીરી:**–ઉષ્ણ, તુરી, તીખી ને સ્તંભક છે; અને વાયુ, કફ તથા વ્રણનો નાશ કરે છે. **ઉપયોગ:–(૧) મધમાખીના વિષથી અંગ ઉપર ગાંઠ થઇ હોય તો:**–કાળીજીરીનો પાલો ગરમ કરી વિષવાળા અંગ ઉપર પાટો બાંધવો; અગર એનોજ રસ શરીરે ચોળવો. **(૨) નળ ફુલ્યા હોય તો:**–કાળીજીરી તોલો ૧, મરી તોલો ૧, એ બંને પાશેર પાણીમાં રાત્રે પલાળી રાખી બીજે દિવસે સવારમાં તે પાણી ગાળી લઇ ઠીકરી ગરમ કરી છમકારી તે પાણી પાવું.**(૩) કમળી ઉપર:**–કાળીજીરી પૈસાભાર વાટી દરેક વખતે ઠંડા પાણી સાથે આપવી. **(૪) બાળકોની સસણી ઉપર:**–કાળીજીરી ખાઇ તેનો કોગળો થોડી હળદર નાખી કરવો ને તે પીવું. **(૫) ગર્ભિણીના સોજા ઉપર:**–કાળીજીરી, જીરૂં અને કડુનો કાઢો આપવો. **(૬) જંતુ (કૃમિ) ઉપર:**–કાળીજીરીનું ચૂર્ણ કરી મધમાં આપવું. **(૭) શરીરમાં કોઇપણ ઠેકાણે વાયુપીડા અગર પેટપીડ ઉપર:**–કાળીજીરીનું બારીક ચૂર્ણ કરી આપવું અને ઉપર પાણીનો ઘુંટડો પાવો. **(૮) ખરજવા ઉપર:**–કાળીજીરી વાસણમાં ઘાલી બાળવી અને કોયલા જેવી કરવી. પછી તેલમાં ખરલ કરવી અને ચોપડવી. **(૯) વાછડાંઓને ધાવણ રોગ થાય છે તે ઉપર:**—કાળીજીરીના પાલાનો રસ પાશેર સુધી કાઢી, તેમાં કાચકાંનો ગર અને થોડી મરીની ભૂકી નાખી આપવો; અથવા કાળીજીરી ૧ તોલો લઇ કિંચિત્ કૂટી તેનો કાઢો કરવો. તેમાં કાચકાંનો ગર અને ખેરની છાલ ઘસી તે પાવો. **(૧૦) બાળકોને કાંટા આવે છે તે ઉપર:**—કાળીજીરી અને ખડીસાકર એનો કાઢો કરી દિવસમાં બે વખત, એ પ્રમાણે ૭ દિવસ આપવો. **(૧૧) સર્વ જ્વર ઉપર:**—માટીના વાસણમાં કાળીજીરી ત્રણ માસા નાખી અગ્નિ ઉપર મૂકવું અને તપી ફુટવા લાગે એટલે તેમાં ૧૪ તોલા પાણી નાખી ઉકાળવું અને ૪ તોલા બાકી રહે ત્યાંસુધી બાળી પછી થોડું મધ નાખી આપવું.

૧૨૧ કાળીવેલ–કાળીવેલ ઘણુંકરીને વાડો ઉપર થાય છે. એનાં પાંદડાંનો આકાર કાંઇક એરંડાનાં પાંદડાં જેવો હોય છે. એ પાંદડાં એરંડાનાં પાંદડાં કરતાં લાંબાં હોય છે. **ઉપયોગ:—(૧) કર્ણમૂળ, ખોડો, સ્તનરોગ અને રતવા ઉપર:**—કાળીવેલનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી લેપ કરવો. **(૨) કુરશાના વિષ ઉપર:**—કાળીવેલનાં કુમળાં પાંદડાં અને રાતા કાયફળની છાલ, એનો રસ શક્તિ પ્રમાણે આપવો. આ ઔષધ ત્રણ દિવસ દરરોજ બે વાર પ્રમાણે આપવું. ઉતાર–કાળી તુળસીનો અથવા રાતા અગથીઆનો રસ આપવો. વિષથી સોજો આવ્યો હોય તો તે ઉપર કાળીવેલનો કાંદો કચરી બાંધવો. **(૩) જુ મારવા માટે:**—કાળીવેલનાં પાંદડાંના રસમાં કપૂર નાખી ખલ કરી તેમાં પાણી નાખી ઘુંટી તે મિશ્રણ રાત્રે સૂઇ રહેતી વેળાએ કેશમાં ચોપડવું. ઉપર કાળીવેલનાં પાંદડાં બાંધવાં અને તે ઉપર ચોગડી વસ્ત્ર બાંધવું; એટલે બીજે દિવસે સવારે જૂ મરી જાય છે.

૧૨૨ કાળો ઉમરડો (ઢેડ–ગાંડો–ઉંબર)—સં૦ કૃષ્ણ, કાક, ઉંદુબરિકા. મ૦ કાળા બોખાડા, ભુઇઉંબર. હિં૦ કઠુંબરી. બં૦ ડુમુર, યજ્ઞડુમુર. ક૦ કાડઅત્તિ, કલતિ. તૈ૦ કાકી, બાહ્યાચેટુ. તા૦ કાટ્ટાતી. તુ૦ કાટ્ટાઅર્ત્તિમારા. મલા૦કાટ્ટત્તિ. ફા૦ અંજીરેદસ્તી. અ૦ તમબર્રી. ઇં૦ ફીગ ટ્રી. લા૦ કાઇકસૂહિરિપડા.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કાળા ઉંબરાનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એ ઝાડ ખોરેતીના ઝાડ જેવાં હોઇ એને ફળ પણ ખોરેતીનાં ફળો પ્રમાણેજ આવે છે. ખોરેતીનાં પાંદડાંને ખાંચો હોય છે તેવો આ પાંદડાંને હોતો નથી; અને પાંદડાં પણ મોટાં હોઈ જરા ખરબચડાં હોય છે. આ ઝાડ કોકણ પ્રાંતમાં પ્રસિદ્ધ છે. **કાળો ઉંબરો:**—શીત, કડવો, ખાટો, મલસ્તંભક, તીખો, તુરો, ગ્રાહક તથા ઇંદ્રિયપ્રસાદક છે અને ત્વગ્દોષ, કમળો, પિત્ત, રક્તપિત્ત, કફ, ઘોળો કોઢ, વ્રણ, પાંડુરોગ, રક્તદોષ, સોજો, અર્શ અને ઊર્ધ્વગત દોષનો નાશ કરે છે. એનાં **ફળો:**—મીઠાં, તુરાં, શીતળ, વૃદ્ધિકારક, ગુરુ, ધાતુવૃદ્ધિકર, પાકકાળે મધુર, સ્નિગ્ધ, મલસ્તંભક, પૌષ્ટિક, ગ્રાહક તથા વાતકારક છે; અને કફ, રક્તવિકાર, દાહ તથા વિષદોષનો નાશ કરે છે. એની **છાલ:**—અતિસારનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **કૂતરાના વિષ ઉપર:**—કાળા ઉંબરાનાં મૂળ અને ધંતુરાનાં ફળો ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. (૨) **શોફોદર ઉપર:**—કાળા ઉંબરાનાં ફળોનો રસ ૪ પૈસાભાર જીરાની ભૂકી નાખી પાવો અને કુંટી ઉપર લેપ કરવો. (૩) **કફપ્રદર અને રક્તપ્રદર ઉપર:**—કાળા ઉંબરાનાં ફળોનો રસ કાઢી મધમાં પાવો. (૪) **બદ, ગુમડું વગેરેને પકવવા માટે:**—કાળા ઉંબરાનાં લીલાં ફળો લાવી બારીક વાટવાં અને એક વાસણમાં નાખી તે ઉપર થોડું પાણી છાંટવું; તથા બીજા એક વાસણમાં તે ફળો નાખી તેની અંદર પાણી ભરી તે વાસણ ઉપર ઢાંકી સાધારણ અગ્નિ ઉપર ગરમ કરવું. પછી તે ફળનો ગરમ સહેવાય એટલો પાટો બદ ઉપર બાંધવો. એ પ્રમાણે બે બે ઘડીએ તાજો ગરમ ગરમ પાટો બાંધતા રહેવું. એટલે બદ ત્વરિત પાકે છે. (૫) **સોજા ઉપર:**—કાળા ઉંબરાનાં મૂળ ઘસી લેપ કરવો.

૧૨૩ કાંકડ (કરપટા)—સં૦ કર્કટક. મ૦ કાંકડ, કુડક. હિં૦ કાંકડ, ગંગેરુઆ. ક૦ વાલિગે. લા૦ ગેરુગાપિન્નાટા.

કાંકડનું વૃક્ષ મોટું હોઇ તેનાં પાંદડાં સાધારણ મોટાં અને ફળ લાંબાં હોય છે.* કાંકડનું ફળ આમળા જેવડું દેખાય છે; પરંતુ તેમાં આમળા જેવા મોટા ઠળીઆ હોતા નથી. તેમાં બે ત્રણ નાનાં બીઆં હોય છે. આ ફળો જેઠ મહિનાના અરસામાં આવે છે. તે રુચિકર અને પિત્તશામક છે. એનું અથાણું સારું થાય છે. આ ફળો જૂનાં થવાથી ઉપયોગમાં આવતાં નથી. **મોટા કાંકડનાં ફળ:**—તુરાં, અગ્નિદીપક, ખાટાં, શીતળ, લઘુ, ઉષ્ણ તેમજ નેત્રને હિતાવહ છે; અને રક્તપિત્ત તથા કફનાં કરનાર અને વાતનાશક છે. તે ફળ **પાકવાથી** શીતળ, રુચિકારક તથા જડ છે અને પિત્ત તથા રક્તદોષનો નાશ કરે છે. **નાના કાંકડનાં ફળ:**—ગ્રાહક, ખાટાં, પિત્તલ, અગ્નિદીપક, ઉષ્ણ અને લઘુ છે; તથા તે પાકવાથી મધુર, સ્નિગ્ધ, તુરાં, વાતનાશક અને કફપિત્તકારક છે. **ઉપયોગ:**—(૧) **વ્રણ (ગુમડાં) ઉપર:**—કાંકડના ઝાડની છાલ વાટી બાંધવી. (૨) **આંખમાંનું ફૂલ જવા માટે:**—કાંકડના ઝાડનો એક હાથ લંબાઇનો બારીક કકડો તોડી મોઢામાં રાખી ફૂંક મારવી; અને તેમાંથી જે રસ નીકળે તે ત્રણ દિવસ આંખોમાં નાખવો. (૩) **પ્રમેહ ઉપર:**—કાંકડના પાલાનો રસ જીરૂં અને ખડીસાકરમાં આપવો.

૧૨૪ કાંગ (ધાન્ય)—સં૦ કંગુ. મ૦ કાંગ, રાળા. હિં૦ કાં-કંગના. બં૦ કાંગની. ક૦ નવણી, કાંગો, ગિડ. ફા૦ ગલ. લા૦ પેનિકંમિલીએશિયમ્. તૈ૦ પ્રેંકણપુચેટ્ટુ.

આ ધાન્ય વરી (મોરીઆ)નોજ એક પ્રકાર છે ખરો, તથાપિ એમાં પુષ્કળ તફાવત છે. વરી ઉપરની છાલ ઘણી પાતળી હોય છે અને રંગ પીળો હોય છે; પરંતુ કાંગની છાલ જાડી હોય છે અને તે રાતી, પીળી, કાળી, એવા ત્રણચાર પ્રકારના રંગની હોય છે. તેનો ભાત, ખીચડી ઇ૦ પદાર્થ કરે છે. તેનો લોટ કરવાને તે છડયાવગરની સારી શેકેલી જોઇએ. કાંગના રોપ બે અઢી હાથજ ઉંચા હોઇ તેને જે કણસલાં આવે છે તે બાજરીનાં કણસલાં પ્રમાણે લાંબાં અને બારીક હોય છે. કાંગનાં પાંદડાં પહોળાં હોતાં નથી. **કાંગ:**—શીતળ, વાતકારક, રુક્ષ, વૃષ્ય, તુરી, ધાતુવર્ધક, સ્વાદુ, ગુરુ, ઘોડાને હિતાવહ, ભાંગેલાં હાડકાંને સાંધનાર, ગર્ભપાતના અટકાવમાં હિતાવહ અને કફ તથા પિત્તનો નાશ કરે છે. આ ધાન્ય કાળું, લાલ, અચ્છ અને પીત એ ભેદે ચાર પ્રકારનું અને ગુણોમાં એક કરતાં એક અધિક છે. **અન્નદ્રવશૂળ ઉપર:**—કાંગની ખીર ખાવી.

* કાંકડનાં પાંદડાં લીમડા જેવાં હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૧૨૫ કાંચકી—સં૦ તોયપુષ્પી, લતાકરંજ. મ૦ સાગરગોટા, ગજગા, ગજરા. હિં૦ કટુકરંજા, કરંજવા. તા૦ કોલારકોડી. તુ૦ ગજગેકાઇ. ક૦ ગજગ, ગડુગુ. તૈ૦ ગુચ્ચેપિક્કા, કચકાઇ, ગચ્ચા. ફ્રા૦ ખાય, ઇબ્લીશ. અ૦ અક્તમક્ત. ઇ૦ બોંડકનટ. લા૦ સિસાલપિનિયા બોંડુસેલા.

એ ઝાડને કાંટા હોય છે. એને નાની શીંગો આવે છે, તેમાં કાચકાં હોય છે. તેની છાલ ઘણી કઠિન હોય છે. અંદરનું મગજ ઔષધોના કામમાં આવે છે. કાચકાં મંદદેવતામાં શેકી પછી અંદરનું મગજ કાઢી તેની આષધમાં યોજના કરવી.* **કાંચકી**:—તુરી, કડવી, ઉષ્ણ અને શોષક છે; તથા કફ, પિત્તાર્શ, શૂળ સોજો. આધ્માન, વ્રણ, પ્રમેહ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતાર્શ અને રક્તદોષનો નાશ કરે છે. **ઉપયોગ—(૧) ક્ષય, સુવારોગ અને પેટશૂળ એટલે પીડ ઉપર**:—કાચકાં શેકી તેનું ચૂર્ણ કરી ઘીમા ખાવું અથવા કાચકાંનું ચૂર્ણ, લસણ, હિંગ અને સિંધવ સાથે ખાવું. **(૨) સોજા ઉપર**:—કાંચકીનાં, આકડાનાં અને એરંડાનાં પાંદડાં વાટી ગરમ કરી લેપ કરવો; એટલે ત્રણ દિવસમાં સોજો ઉતરશે. **(૩) ઉપદંશવ્યાધિ ઉપર**:—કાંચકીનાં પાંદડાંનો રસ કાઢી, ઘી નાખી સાત દિવસ-પર્યંત સેવન કરવો. પથ્ય ઘી અને ભાત. **(૪) જંતુ (કૃમિ, કરમ) પડવા ઉપર**:—કાંચકીનાં પાંદડાંના રસમાં આંબાહળદર અને પિત્તપાપડો ઘસી પાવો; અથવા કાચકાં અને હિંગ શેકી તેમાં મીઠું નાખી ઘીમાં ખરલ કરી ખવરાવવું. **(૫) વાયુના ગોળા ઉપર**:—કાચકાં શેકી તેની ભૂકી કરી ગોળમાં ખાવી. **(૬) નાનાં વાછરડાંની ઠંડી અને કૃમિ ઉપર**:—કાચકાં, અજમો અને લસણ-ને એકત્ર કુટી પાણી કરી પાવું. **(૭) તાવ ઉપર**:—કાંચકીનાં પાંદડાંનો રસ ચાર તોલાપર્યંત કાઢી તેમાં હિંગ બે ગુંજાપર્યંત મેળવી પાવો. આ ઔષધ વિષમ જ્વરસિવાય બધા પ્રકારના તાવ ઉપર ત્રણ વાર પાવાથી ગુણ જણાવા લાગે છે. **(૮) આમ ઉપર**:—કાચકાં અર્ધાં કાચાં શેકી ચૂર્ણ કરી, તે એક માસાભાર ચૂર્ણ સાકરમાં નાખી ખાવું. **(૯) બાળકના પેટમાં લોહીની ગાંઠ બને છે તે ઉપર**:—કાંચકીના પાલાનો રસ ૬ માસા અને હિંગ માસો ૧ શેકી પાણીમાં સાત દિવસ પાવું. આઠમે દિવસે ફુલાવેલું મોરથુથુ અર્ધા ચોખાભાર છ માસા પાણીમાં નાખી પાવું, એટલે કાળા પીળા દસ્ત થઇ ગાંઠ સાફ થઇ જશે. **(૧૦) જીભે કાતરા થાય છે તે ઉપર**:—કાંચકીના પાલાના રસમાં જીરાની ભૂકી નાખી પાવી. **(૧૧) ભાર ઉપર**:—કાંચકીનાં પાંદડાં, વાંસનો પાલો અને બકરીની લીંડીઓ એકત્ર કૂટી ગોમૂત્રમાં બાફી સહેવાતું થયા પછી તેનો પેટ ઉપર પાટો બાંધવો. **(૧૨) જ્વર (તાવ) ઉપર**:—કાચકાં શેકી ચૂર્ણ કરી તે મરી સાથે ખાવું. **(૧૩) જંતુ (કૃમિ) ઉપર**—કાચકાં શેકી તેનું ચૂર્ણ ઘીમાં ખાવું અને ગુદાદ્વારે ડાંગરનાં ફોતરાં (ભાતના છાલા) ની ધૂણી દેવી, એટલે ઝાડાવાટે જંતુ પડશે.

૧૨૬ કાંજળ—આ ઝાડ ખાડીમાં અથવા પાણીના ખાબોચીઆમાં થાય છે. કાંજળનાં ઝાડ ઘણું કરી ઇફળી જેવાંજ થાય છે; પરંતુ તેટલાં ચિકટ અને બળકટ હોતાં નથી. એ ફક્ત બાળવાના કામમાં આવે છે. એને બકુલ વૃક્ષનાં ફૂલો જેવાં નાનાં અને સુવાસિક ફૂલો આવે છે.

૧૨૭ કાંટાસરીઓ—સં૦ કુરંટક. મ૦ કોરાંટી. હિં૦ કટશરૈયા. બં૦ ઝાંટિ. તૈ૦ ગોરેકુ.

આ ફૂલઝાડ ત્રણચાર હાથ ઉંચાં વધે છે; એના સર્વાંગે કાંટા હોય છે. એના ઝાડના દેખાવ ઉપરથી ધોળો, પીળો, ભૂરો અને રાતો એવા ભેદ છે. એનાં ફૂલોનો વાસ હોતો નથી. **ધોળો કાંટાસરી-ઓ**:—કડવો, કેશ્ય, સ્નિગ્ધ. મધુર, તીખો, ઉષ્ણ તથા દાંતોને હિતાવહ છે; એને વલિપલિત, કોઢ, વાત, રક્તદોષ, કફ, કંડૂ (ખરજ), વિષ અને દારૂણાનો નાશ કરે છે. **રાતો કાંટાસરીઓ**:—કડવો, વર્ણકારક, ઉષ્ણ અને તીખો છે. એ સોજો, તાવ, વાતરોગ, કફ, રક્તવિકાર, પિત્ત, આધ્માન, શૂલ, દમ અને ઉધરસનો નાશ કરે છે. **પીળો કાંટાસરીઓ**:—ઉષ્ણ, કડવો, તુરો તથા અગ્નિદીપક છે;

* કાંકચને કોઈ કોઈ કરકચ પણ કહે છે. એનું ઝાડ મધ્યમ કદનું થાય છે. એક ઇંચના આશરે લાંબાં અને ગોળ પાંદડાં એકબીજાની સામસામાં ઉગે છે. ડાળીઓના પાછળના ભાગ ઉપર નાના નાના વાંકા કાંટા હોય છે. ફૂલો મંજરીમાં ભરપૂર પીળા રંગનાં થાય છે. તેને પાંચ પાંખડીઓ હોય છે. તેમાં ચાર તો મધ્યમ ફીક્કા રંગની અને એક ઉપર લાલ છાંટ હોય છે. વચમાં પુરુષ અને સ્ત્રીકેસર હોય છે. એના ફળ ઉપર કાંટા હોય છે. તેમાં છીપની માફક ૧ અથવા ૨ કાંકચ હોય છે. એનો ગર્ભ સફેદ અને કડવો હોય છે. એની માત્રા ૧ માસાની છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અને વાયુ, કફ, કંડૂ (ખરજ), સોજો, રક્તવિકાર તેમજ ત્વગ્દોષનો નાશ કરે છે. **કાળો કાંટાસરીઓ:**—કડવો, તીખો અને વાત, કફ, સોજો, કંડૂ, શૂલ, કોઢ, વ્રણ તથા ત્વગ્દોષ (ચામડીના રોગો)-નો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) બાળકોને સળેકમ અને ઉધરસ થાય છે તે ઉપર:**-કાંટાસરીઆનાં પાંદડાંનો રસ કાઢી મધમાં પાવો. **(૨) વીર્યપતન ઉપર:**—ધોળા કાંટાસરીઆનાં પાંદડાંનો રસ જીરૂ નાખી ૭ દિવસ આપવો. **(૩) પિત્ત ઉપર:**—કાંટાસરીઆનો, કાળી તુળસીનો અને ભાંગરાનો પાલો એકત્ર વાટી ગાયના દૂધમાં મેળવી પાવો. **(૪) દાઢ દુખતી હોય તો તે ઉપર:**—પીળા કાંટાસરીઆનો પાલો અને અક્કલકરો એકત્ર ખાંડી દાઢનીચે રાખવો. **(૫) મોઢું આવ્યું હોય તો તે ઉપર:**—પીળા કાંટાસરીઆનો પાલો, જાંબુડીની છાલ અને આંમળાંનો કાઢો કરી કોગળા કરવા. **(૬) ગર્ભધારણને માટે:**-કાંટાસરીઆનાં મૂળો ગાયના ઘીમાં ઘસી ઋતુકાળે પાવાં. **(૭) દાંતમાંથી લોહી આવતું હોય તો:**—કાંટાસરીઆનો રસ અને મધ દાંતે ચોપડવું. **(૮) દંતકૃમિ ઉપર:**-કાંટાસરીઆનાં પાંદડાં ચાવવાં અને દાઢનીચે રાખવાં. **(૯) વાતરોગ ઉપર:**—પીળો કાંટાસરીઓ, દેવદાર અને સુંઠ, એનો કાઢો કરી તેમાં એરંડતેલ મિશ્ર કરી તે પાવો; એટલે શરીર વાયુએ અકડાઇ ગયું હશે તો તે સારૂં થશે. **(૧૦) સોજા ઉપર:**—કાંટાસરીઆના પાલાનો રસ ચોપડવો. **(૧૧) વીંછીના દંશ ઉપર:**—કાંટાસરીઆના પાલાનો રસ દંશની વિષમ બાજુના કાનમાં પાડવો. **(૧૨) સુવારોગ ઉપર:**—કાંટાસરીઆનો કાઢો કરી તેમાં પીપરનું ચૂર્ણ નાખી તે પાવો અથવા કાંટાસરીઆનાં મૂળ ચાવી ખાવાં કિંવા એનો કાઢો કરી રાતભર રાખી તે સવારે પીવો:

૧૨૮ કાંટી(કાંટાવાળા) ગોખરૂ-સં૦ વનશૃંગાટક. મ૦ સરાટે, ધાકટે ગોખરૂ. હિં૦ છોટેગોખરૂ. ક૦ નેગ્ગિલુ. તૈ૦ ચિરિપાલેરૂ. તા૦ નેરંજીલ. તુ૦ નેગ્ગિલુમુલ્લુ. મલા૦ નેરિનિલ. ફા૦ તુરંખારખસ્ક. અ૦ બક્લતલ ખારખસ્ક. લા૦ ટ્રિબ્યુલસટેરેસ્ટ્રિસ.

આ એક ગોખરૂની જાતિ છે. એના વેલા થાય છે. એ વેલાનાં પાંદડાં બારીક હોય છે. એ પાંદડાંનું શાક થાય છે. આ વેલા કાળી જમીનમાં થાય છે. ચોમાસામાં તે પુષ્કળ થાય છે. આ ગોખરૂને ઘણા કાંટા હોય છે. તે સૂકાય એટલે વગડામાં જવાને માણસોને ઘણી અડચણ પડે છે. મોડા ગોખરૂને બદલે એનો ઉપયોગ કરે છે. એના ગુણ મોડા ગોખરૂ જેવાજ છે.+ **ઉપયોગ:—(૧) ભ્રમપિત્ત ઉપર:**-ગોખરૂનો અને કોકીના પાલાનો રસ ૪ પૈસાભાર ગાયના તાજા દૂધમાં પાવો. **(૨) ગર્ભિણીની ધૂપણી ઉપર:**—ગોખરૂનું ચૂર્ણ ૬ માસા ખડીસાકર અને ઘીમાં લેવું. **(૩) શરીરમાં થયેલી ગરમી ઉપર:**—ગોખરૂ સાધારણ ખાંડવાં તથા તેમાં ખડકમાં ઉત્પન્ન થનારી ગળોનો કંદ છ માસા નાખવો; અને ૪૦ તોલા પાણી નાખી અષ્ટમાંશ બાકી રાખી કાઢો કરી તે પ્રાતઃકાળે પાવો; તથા તેજ આષધો શિલ્પક રાખી તેમાં એક તોલો સાકર નાખી સાયંકાળે પૂર્વવત્ અષ્ટમાંશ કાઢો કરી પાવો અને ચાંદીઓ ઉપર કપૂરભેંડી અથવા પારસ પીપળાનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરતા જવું. આ પ્રમાણે ૪૨ દિવસ અને જરૂર જણાય તો વધારે દિવસ એ ઔષધ આપવું. પથ્ય પાળવું. **(૪) ગરમીનો આજાર શરીરમાં જામ્યાથી શરીરપર ઢીમણાં ઉઠે છે તે ઉપર:**-ગોખરૂ તોલો ૧, કંકોળ ૦। તોલો અને સાકર ૧ તોલો એનો અષ્ટમાંશ કાઢો કરી તે સતત સેવન કરવો. **(૫) તંતુપ્રમેહ, ધાતુરથાનની કડકી, ધાતુવિકાર, પ્રદર, અને બાળકના પેટમાં શીતળા તથા ગોવરૂં એની ચોટ બેસે છે તે ઉપર:**—ગોખરૂ ઘીમાં તળવાં તથા તેની ભૂકી કરી રાખવી. દરરોજ પ્રાતઃકાળે અને સાયંકાળે ૧ તોલો ગાયનું ઘી લઇ તેમાં અર્ધો તોલો ગોખરૂની ભૂકી અને અર્ધો તોલો ખાંડ કિંવા સાકર નાખી ૨૧ દિવસ સેવન કરવું. બાળકને ઉપલા મિશ્રણની સોપારી જેવડી ગોળી નિત્ય પ્રાતઃકાળે એક વખત આપવી. **(૬) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ગોખરૂનો છોડ મૂળસુદ્ધાં ઉપાડી અષ્ટમાંશ કાઢો કરી સાકર અને મધ નાખી પાવો. **(૭) મૂતર-**

+ કાંટીગોખરૂનાં જમીન ઉપર છાતલાં થાય છે. પાંદડાં ચણા જેવાં પણ કાંઇક મોટાં અને ફૂલ ફળાં હોય છે. અમારા ગામડામાં એ પુષ્કળ થાય છે. જો કે શાલીગ્રામજી એને છ કાંટા બતાવે છે, પણ એને ત્રણ ખુણા હોય છે. તેમાં બે ઉપર એકેક કાંટો હોય છે. ત્રીજા ઉપર નહિ જેવોજ હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ખડા (પથરી) ઉપર:—ગોખરૂનું ચૂર્ણ મધમાં ખરલ કરી મેંઢીના દૂધમાં સાત દિવસ આપવું.

૧૨૯ કાંટેરી ડાંબા—વગડામાં એક પ્રકારનો ધોળો કાંટેરી ડાંબો થાય છે. તે પાંચ છ મહિના રહે છે. એનું ઝાડ અડધું માથોડું ઉંચું હોઇ તેના ઉપર કાંટા હોય છે. એનું શાક કરે છે; પરંતુ તેનો સ્વાદ કાંઈક કમી હોય છે.

૧૩૦ કાંડવેલ—સં૦ કાંડીર. મ૦ હિં૦ કાંડવેલ. બં૦ હાડભાંગા. ક૦ મણીગુરબળી, સાંકુબળી, મંગરબળી. તે૦ નાલ્લેરૂ. તા૦ આરૂગણી, સાંકુવેરૂ. મલા૦ ચણારંપલંડા. ગો૦ સાડાબળી.લા૦ વિટિસ્કોંડેગ્યુલારિસ.

કાંડવેલ એ થુરીઆ જેવી હોય છે અને તેના કરતાં ઘણી બારીક હોય છે. એની વેલ હોય છે. એને નાના નાના પેરીઆ હોય છે. કાંડવેલમાં ત્રિધારી કાંડવેલ, ચોધારી કાંડવેલ, એવી જાતો છે. કાંડવેલનો પુષ્કળ વિસ્તાર હોય છે. ત્રિધારી કાંડવેલને 'હાડસંધિ' કહે છે. તેનું વર્ણન 'હાડસંધિ' એ શબ્દમાં આપેલું છે. **કાંડવેલ સાધારણ:**—તીખી, કડવી, ઉષ્ણ, સારક અને પિત્તલ છે; તથા કફ, ગુલ્મ, લૂતા,દુષ્ટવ્રણ, પ્લીહા, ઉદર, અગ્નિમાંદ્ય, શૂળ, વાયુ અને મલસ્તંભનો નાશ કરે છે. **ચોધારી કાંડવેલ:**—ભૂતોપદ્રવ તથા શૂળનો નાશ કરે છે; અને ઉષ્ણ, આધ્માન વાયુ, તિમિર, વાતરક્ત, અપસ્માર તથા વાતરોગનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) શરીરમાં જામેલી અથવા સર્વ પ્રકારની ગરમી ઉપર:**—કાંડવેલ ભરસાળમાં શેકી, પીલી, બે તોલાથી ત્રણ તોલા સુધી રસ કાઢવો; તેમાં એટલુંજ ગાયનું ઘી નાખી સાત દિવસ સુધી એક વખત અથવા બે વખત આપવો. પથ્ય મોળું ખાવું. એથી ચાંદી, કાત્રા, સ્રાવ ઈત્યાદિ સર્વ વિકાર દૂર થાય છે. **સ્ત્રીઓના રજોદોષ ઉપર:**—કાંડવેલ ભરસાળમાં શેકી ૨ તોલા રસ કાઢી તેમાં તેટલુંજ ઘી તથા ગોપીચંદનની ભૂકી એક તોલો અને ખડીસાકરની ભૂકી ૧ તોલો નાખી આપવું.

૧૩૧ કાંડોળી—કાંડોળીને "સારદોળ" પણ કહે છે. આ વૃક્ષ મોટું થાય છે. કાંડોળીના ઝાડનો રંગ ધોળો સફેદ હોય છે. કાંડોળીનાં પાંદડાં મોટાં હોય છે. એનાં ફૂલો લાલ હોય છે. એ ઝાડને આંબા પ્રમાણે વસંત ઋતુમાં મોર આવી ફળો આવે છે. એ વખતે જૂનાં પાંદડાં સર્વ ખરી પડેલાં હોય છે. ફળનો આકાર બદામ જેવો હોય છે. એ પોચાં હોય છે. આ પાકેલાં ફળ ગળચટાં લાગે છે; એટલે તેને કોઈ કોઇ ખાય છે. જંગલી લોકો એ ફળમાંની દાળની ઢીલી દાળ કરી ખાય છે. એની ડાળીઓ મોગલાઇ એરંડા જેવી પોચી હોય છે. કાંડોળીનાં મૂળોનો રંગ લાલ હોય છે. આ મૂળો ઠંડાં છે. કાંડોળીના ઝાડને સફેદ ગુંદ આવે છે. તે ઉપયોગી છે. તેને 'કથલ્યા ગોંદ' કહે છે. આ ઝાડ ઇમારતના ઉપયોગનું નથી. એની છાલ ઉપર રમુજમાટે કોઇ કોઈ લખે છે અને એ છાલ ઉપર કંઈક મંત્ર લખી આગપૈણ જવા માટે ગળે બાંધે છે. કાંડોળીનાં ઝાડ કુટી તેમાંથી રેસા કાઢે છે. **ઉપયોગ:—(૧) નાના બાળકને તથા મોટા માણસને મુખારકી થાય તો તે ઉપર:**—કાંડોળીનાં મૂળ, પાંડેરવાનાં મૂળ, હેદુનાં મૂળ અને ઉંબરાનાં મૂળ, એ સર્વને ઘસી તે આપવાં. **(૨) અતિસાર ઉપર:**—કાંડોળીની છાલ ઘસી આપવી. **(૩) પરમો અને ધાતુવિકાર ઉપર:**-કાંડોળીની છાલનો પાણી નાખી રસ કાઢવો અને તે સાકર નાખી આપવો; અથવા કાંડોળીનાં મૂળ ઘસી ખડીસાકર નાખી પાવાં.કાંડોળીનો ગુંદ પણ ધાતુવિકાર ઉપર આપવો. **(૪) ગરમી, પ્રમેહ અને સ્ત્રીના રક્તસ્રાવ ઉપર:**—કથલા ગુંદર રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ખડીસાકર નાખી આપવો. **(૫) શીણ અને વાયુ ઉપર:**—કાંડોળીની છાલ પાણીમાં નાખી તે પાણી ઉકાળી તેવડે સ્નાન કરવું.

૧૩૨ કાંસકી (પેટારી)—સં૦ અતિબલા. મ૦ મુદ્રિકા, ચક્રભેંડી, કાસલી. કો૦ ચુર્ચે, ચોંચે. વ૦ કકઇ. હિં૦ કંગઇ. બં૦ પીતવેડેલા. ક૦ મુલ્લુદુરુવે, હાઉમેકકે. ઈં૦ ઇંડિયન મેલો. લા૦ એબ્યુટિલન્ ઇંટીકમ્.

આ ઝાડ **"મુદ્રિકાનું ઝાડ" "ચુંચા" "મુદ્રાવળ" "મદની ચક્રભેંડી"** એ વગેરે બીજાં નામે પણ ઓળખાય છે. એ ઝાડ ત્રણ ચાર હાથપર્યંત ઉંચાં વધે છે. એ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. તે ઘણાક પ્રાંતોમાં થાય છે. એનાં પાંદડાં લાંબાં, કિંચિત્ દોઢ પડતી પહોળાઇવાળાં અને અણીઓ ચીંચોળાઇ ગયેલી તથા એક આંગળ પહોળાઇ અને ચાર આંગળની લંબાઇવાળાં હોય છે.આ ઝાડ ઉપર પાંદડાંનાં ડીંટાં પાસે ફળ આવે છે. એ નાની સોપારી જેવડાં હોય છે.એનો આકાર મુદ્રાકૃતિ હોય છે.નાનાં બાલકો એ ફળની વીંટીઓ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પહેરે છે. એ ફળ લીલાં હોય છે ત્યારે ચીકણાં હોય છે. એ ફળનાં બીઆં બળદાણાનાં બીઆં પ્રમાણે લીલાં હોય છે ત્યારે મીઠાં લાગે છે. આ બીઆંનો પણ **બળબીજ** પ્રમાણે ઉપયોગ થાય છે. મુદ્રિકાના ઝાડની જાતનું "ફટાકડી" કરીને વેંતભર ઉંચાઈનું કોકણ પ્રાંતમાં નદીકિનારે થનારૂં એક ઝાડ છે. એને રાતા રંગની મુદ્રિકા આવે છે. બાળકો એ ફળને નળકંડમાં નાખી ફટાકા પ્રમાણે અવાજ કરે છે. પેટારીનું એક જંગલી ઝાડ છે, તે આથી જૂદું પડે છે. પેટારીના ગુણ બળદાણા જેવા છે. **ઉપયોગ:-(૧) સર્પદંશ ઉપર:**-પેટારીનાં મૂળીઆં ચાવી ખાવાં કિંવા પાંદડાંનો રસ કાઢી પીવો. **(૨) ગર્ભપાત ન થવા માટે:**—પેટારીનાં મૂળીઆં કુંવારી છોકરીએ કાંતેલા સૂતરનાં સમાન દોરડાં લઈ તેમાં ગાંઠી કંમરે બાંધવાં. **(૩) મૂત્રદાહ બંધ કરવા માટ:**—પેટારીનાં મૂળીઆંનો ફાંટ કરી આપવો, એટલે કે તે મૂળીઆં ૧૬ તોલા પાણીમાં સારાં ઉકાળી તે પાણી આઠ તોલાપર્યંત આપવું. **(૪) પ્રદર ઉપર:**-પેટારીનાં મૂળીઆં પાણીમાં વાટી સાકર નાખી પાવાં અથવા પેટારીનાં પાંદડાંનો રસ નાગકેસરનું ચૂર્ણ નાખી પાવો. **(૫) શૈત્ય, કંપ અને દાહયુક્ત એવા વિષમજ્વર ઉપર:**-પેટારીનાં મૂળીઆં અને સુંઠનો કાઢો બે અથવા ત્રણ દિવસ આપવો.

૧૩૩ કિરમાણી અજમો—(સં૦ ચૌર) આને ચાર અજમો પણ કહે છે. આ પર્શિયા દેશમાં થાય છે. આ બીજ અરબસ્તાન અને પર્શિયા દેશમાંથી હિંદુસ્તાનમાં આવે છે. એ કડવાશ પડતાં હોય છે. આ અજમામાંથી શોધી કાઢેલું એક સત્ત્વ છે. અંગ્રેજી ભાષામાં તેનું "સૅંટોનાઇન" એવું નામ છે. એ એક રશિયન વૈદ્યે સને ૧૮૩૦ ની સાલમાં શોધી કાઢેલું છે. એ સત્વ ૧-૨ કે ૩ રતિ સુધી કૃમિ (કરમ) ઉપર સાકરમાં રાત્રે અપાય છે; અને સવારે સુંઠનો કાઢો અથવા એરંડતેલ આપવું જોઇએ. સુંઠનો કાઢો આપ્યો ન હોય તો આ ઔષધનો પ્રભાવ કાંઈ પણ નજરે આવતો નથી. એ ઉપરથી આ આષધ લૂલું છે એમ કહેવાય છે; કારણ સુંઠ એ એવી નથી કે આ ઔષધ લંગડા જેવું થાય. હાલ આ ઔષધનો હિંદુસ્તાનમાં ઘણોજ વપરાશ છે; પરંતુ એના માથે મારનાર અહીં પુષ્કળ ઔષધો છે; એમ શોધવાથી સમજ પડે છે. આપણે અહીં આ જાતિનાં ઝાડ જેને સાષ્ટી પ્રાંતમાં "મારબેટી" અથવા "સુરબંદ" કહેવાય છે તે છે. એનું વર્ણન આગળ આવશે. **કિરમાણી અજમો:**—કડવો, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, વૃષ્ય અને લઘુ છે. એ ત્રિદોષ, અજીર્ણ, કૃમિ, શૂળ અને આમનો નાશ કરે છે. બીજા ગુણો અજમા પ્રમાણે છે. **ઉપયોગ:-(૧) કૃમિરોગ ઉપર:**—કિરમાણી અજમો પ્રાતઃકાળે ઠંડા પાણીમાં આપવો અથવા પાનબીડીમાં ખાવો; એટલે કૃમિરોગ (જંતુવિકાર) દૂર થાય છે.

૧૩૪ કિંજળી—કિંજળીનું ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. કિંજળીનું લાકડું ઇમારતી કામમાં સારૂં ઉપયોગી છે. જાદુ-ટપકા વગેરે ચાલે નહિ માટે કિંજળીની લાકડી કોઇ કોઈ પાસે રાખે છે, એને કિંદળ પણ કહે છે. **ઉપયોગ:-(૧) અફીણ ઉપર:**-કિંજળીનાં પાંદડાંનો રસ પાવો. **(૨) પટકી (કૉલેરા) ઉપર:**—કિંજળીનાં પાંદડાંનો રસ આશરે પાશેરપર્યંત પાવો. **(૩) કર્ણમૂળ ઉપર:**—કિંજળીનાં પાંદડાંના રસમાં ભેંસનું ઘી નાખી અને તેમાં સિંધાલુણ ઘસી પ્રતિદિવસ ચાર પાંચ વાર કાનમાં પાડવું. **(૪) કર્ણસ્રાવ ઉપર:**—કિંજળીના કુમળા તોરાનો અને છાલનો રસ એકત્ર કરી કાનમાં પાડવો. **(૫) વિસર્પ અને વિસ્ફોટક રોગ ઉપર:**-કિંજળીની છાલનો રસ કાઢી તેમાં કુમળી ઘો તથા ચોખા વાટી તેનો લેપ કરવો.

૧૩૫ કીડામારી-મ૦ ગિંધાન, ગંધન, ગંધક હિં૦ કીડામારી. ક૦ કરિગિડ કત્તગિરી, તૈ૦ ગાડિદેગાડાપારા. તા૦ અડુટિઞ્ઞાપાલાઇ. મલા૦ અડુટિન્નપાલી. ઇં૦ બ્રેકિટએટેડ. લા૦ એરિસ્ટોલોચિયા બ્રેકટીટા.

આ વનસ્પતિ વર્ષાયુ છે. એને મરાઠીમાં 'ગંધાટી' કહે છે. એના વેલા હોય છે. દક્ષિણ હિંદુસ્તાનમાં એ નદીના કિનારાપર કાળી જમીનમાં શ્રાવણ માસમાં ઉગે છે. એનાં પાંદડાંનો રસ ઘણો કડવો અને ઉગ્ર છે. **ઉપયોગ:-(૧) જનાવરોની ચાંદીમાં કીડા પડે છે તે ઉપર:**-કીડામારીનો રસ અથવા પાલો વાટી ક્ષત ઉપર ચોપડવો, એટલે કીડા મરે છે. **(૨) દાદર ઉપર:**—કીડામારીનાં પાંદડાંનો રસ એરંડતેલમાં મેળવી ચોપડવો. **(૩) પેટપીડ ઉપર:**—એનાં બે પાંદડાં પાણીમાં મસળી પાવાં. **(૪) નાનાં બાળકોના મળ સાફ થવા માટે:**—એનાં પાંદડાં કુંટીએ બાંધવાં. **(૫) શીત-**

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

જ્વર અને સતત જ્વર ઉપર:—એનાં પાંદડાંનો રસ શરીરે ચોળવો, એટલે તાવ તત્કાળ જાય છે અથવા તેનો કિંચિત્ રસ સેવન કરવાથી પણ જાય છે. (૬) **કૃમિ ઉપર:**—કીડામારીનો રસ કાઢી પાવો; અથવા બીઆંના ચૂર્ણની ફાકી આપવી. (૭) **સોજા ઉપર:**—કીડામારી, સમુદ્રફળ, માલકાંકણી અને મરી, એ વાટી લેપ કરવો.

૧૩૬ કુકરપાડાનો વેલો (કુકડવેલ)—સં૦ દેવદાલી. મ૦ દેવડાંગરી, કાંટેઇંદ્રાવણ. હિં૦ સોનૈયા, બંદાલ, ઘઘરવેલ, બિદાલી. બં૦ દેયાતાડા. ઈ૦ બ્રિસ્ટલીલ્યુફા. લા૦ લ્યુફાએકીનેટા. ક૦ દેવડાળી, દેવડંગર. તૈ૦ ડાતરગંડી.

કુકરપાડાના વેલા હોય છે. એ વેલાનાં પાંદડાં કંકોડીનાં પાંદડાં જેવાં હોય છે. ઘણાં વર્ષોના જૂના વેલાની જમીનમાં ગાંઠ બનેલી હોય છે. કુકરપાડાના ફળનો આકાર કંકોડાના જેવો હોય છે અને તે ઉપર તેવાજ કાંટા હોય છે. એ ફળો સૂકવી ભાગવાથી અંદરથી બીઆં વગેરે નીકળી જઇ જાળી જેવી રેષાઓ નીકળે છે. એ ઘણીજ કડવી હોય છે. મરાઠીમાં કુકરપાડાને 'કાંટેઇંદ્રવણ' પણ કહે છે.+

કુકરપાડાનો વેલો—કાંતિકારક, ઉષ્ણ, કટુ, તીખો તથા તીક્ષ્ણ છે; અને પાંડુ, કફ, દમ, ઉધરસ, મૂળવ્યાધિ, ક્ષય, કમળો, કૃમિ, હેડકી, તાવ, સોજો, વિષદોષ, ભૂતબાધા, અરુચિ તથા ઉંદરનું વિષ, એ સર્વનો નાશ કરે છે. **એનાં ફળ:**—સારક, કડવાં અને ગુલ્મ, કૃમિ, કફ, શૂળ, અર્શ તથા કમળો, એનાં નાશક છે. **ઉપયોગ:—(૧) સર્પના વિષ ઉપર:**—કુકરપાડો પાણીમાં વાટી તે પાણી ગાળી તે રસ, વિષનું જોર તથા પીનારની શક્તિ જોઈ પાવો. ઉતાર ઘી. આ ઔષધ જૂદી જૂદી જાતિના સર્પના વિષ ઉપર પણ ચાલે છે. **બીજો પ્રકાર:**—સુકાએલા ફળની રેષાઓ એક ગુંજાથી બે ગુંજાપર્યંત પાણીમાં મેળવી તે પાણી બે તોલાપર્યંત પાવું. ઉતાર ઘી. (૨) **કમળીના રોગ ઉપર:**—કુકરપાડાના વેલાનો રસ નાકમાં પાડવો; અથવા કુકરપાડાનું ચૂર્ણ ૧ ચોખાભાર લઈ નાકે સુંઘવું, એટલે નાકમાંથી પીળો સ્રાવ થઇ બે પહોરમાં કમળીનો રોગ ઉતરશે. (૩) **મૂળવ્યાધિ ઉપર:**—કુકરપાડાનાં બીજ અને ગોળ, એ પીલુડીના રસમાં વાટી ગુદા ઉપર લેપ કરવો; એટલે સણકા તત્કાળ બંધ થાય છે. (૪) **ગંડમાલા ઉપર:**—કુકરપાડાનાં બીજ વાટી તેનું એક ટીપું અને માણસના મૂત્રનાં ચાર ટીપાં એકત્ર કરી કાનમાં પાડવાં. (૫) **મંકુરા ઉપર:**—કુકરપાડાની જાળ પાણીમાં મસળી તે પાણી શરીરે ચોપડવું. (૬) **મૂળવ્યાધિ ઉપર:**—સિંધવ અને કુકરપાડાનાં બીજ કાંજીમાં વાટી મસા ઉપર લેપ કરવો; અથવા કુકરપાડાના કાઢાથી ગુદાપ્રક્ષાલન કરવું અને ચૂર્ણ કરી ધૂણી આપવી; કિંવા કુકરપાડાનો હિમ કરી પીવાથી તેને ગુદાંકુર થશેજ નહિ. (૭) **રાત્રીના તાવ ઉપર:**—કુકરપાડાનાં મૂળ કાને બાંધવાં. (૮) **પાંડુરોગ ઉપર:**—કુકરપાડાનાં પંચાંગનું ચૂર્ણ દૂધમાં અથવા પાણીમાં ચાર માસા આપવું, એટલે એક મહિનામાં પાંડુરોગનો નાશ થશે.

૧૩૭ કુબી—(સં૦ પેલી.)એ ભાજી યૂરોપિયન લોકોએ યૂરોપથી આ દેશમાં આણેલી છે.એ પહેલાં અહીંના લોકોને આ શાકની માહિતી નહોતી એમ કહે છે. કુબીમાં ત્રણ ચાર જાતિ છે. જેને ગઠ્ઠા થાય છે, તે ઉત્તમ હોય છે. આ ભાજી ઉત્તમ પૌષ્ટિક છે. **કોબી** કે **કુબી:**—જેને કંદ થાય છે તે—મધુર, રુક્ષ સ્વચ્છ, શીતળ, ભેદક, ગ્રાહક, રુચિકર તથા ગુરુ છે; અને પિત્ત, કફ તેમજ વાયુનો નાશ કરે છે. એના કંદના પણ તેજ ગુણો છે. **કુબી** જેનાં પાંદડાંનો ગઠ્ઠો થાય છે તે–મધુર, વૃષ્ય, પાકકાળે તીખી, કડવી, ગ્રાહક, શીતળ, લઘુ, પાચક, અગ્નિદીપક, હૃદ્ય અને વાતકર છે;તથા કફ, પિત્ત, જ્વર, પ્રમેહ, કોઢ, ઉધરસ, રક્તદોષ અને પિત્તજન્ય ભ્રમનો નાશ કરે છે.

૧૩૮ કુબો—સં૦ દ્રોણપુષ્પી. મ૦ તુંબા, ગોમા. કો૦ શેતવડ, શેતકુંભા, તુંબા. હિં૦ ગૂમા ગુમા, દણુહલી. બં૦ પલઘયા. ક૦ તા૦ તુ૦ તુંબે. મ૦ તુંપા. તૈ૦ ગયસચેટ્ટુ, ગલુગતુમ્મિ. લા૦ લ્યુકાસ્ સિલ્પેલોટમ્.

+ હિંદુસ્તાની વૈદ્યો આ ફળ અત્યંત કડવાં હોવાથી કેટલીક ઔષધિના કવાથમાં નાખે છે. ઘોડાના શરીરમાં જો કૃમિ પડયા હોય તો બીજા મશાલાની સાથે તેને આ ફળ ખવરાવે છે. આની તુરીઆના જેવી નસોવાળાં ફળોની બીજી બે ત્રણ જાતો થાય છે; એના ફળમાં પાણી ભરી રાખી તેનો રેચ લે છે, તે ભયંકર છે; પરંતુ એ રેચ ઉધરસને શાંત પાડે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આ ઝાડ નાનાં હોઇ શુમારે બે હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં બારીક અને લાંબાં હોય છે. એનાં ફૂલો બારીક ધોળા રંગનાં હોય છે અને તે શિવને ચઢાવે છે. એ ઝાડ પડતર જમીનમાં અને જૂનાં ખંડેરોમાં પણ ઉગે છે. ગુણમાં એ ઉષ્ણ અને વાયુ ઉપર અકસીર છે. **કુબો:**—રુચિકર, તીખો, ભેદક, પથ્યકર, મીઠો, સારક, રુક્ષ, ગુરુ, ખારો તથા વાતપિત્તકર છે; અને વાત, કફ અગ્નિમાંદ્ય, સોજો, કમળો, તમકશ્વાસ, કૃમિ તથા શૂળનો નાશ કરે છે. એનાં **પાંદડાં:**-સ્વાદુ, રુક્ષ, પિત્તલ, ગુરુ, ભેદક તથા તીખાં છે. એ કમળો, મેહ,તાવ અને સોજાનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) વિષમજ્વર ઉપર:**—કુબાનાં પાંદડાંના રસમાં મરીનું ચૂર્ણ નાખી પાવું. (૨) **પેટપીડા અને નળ ફુલે તે ઉપર:**-કુબાનાં પાંદડાંનો અંગરસ ખારેકમાં નાખી પાવો. (૩) **વાયુએ અતિશય જોર કર્યું હોય તો:**-કુબાનો અંગરસ મધ નાખી શકિત પ્રમાણે છ માસાથી ૧ તોલા સુધી પાવો. ઉતાર ઘી અને ભાત. (૪) **બાળકોના કફ-વિકાર ઉપર:**—કુબાનો રસ ત્રણ માસા, ફુલાવેલા તેલીઆ ટંકણખારની ભૂકી બે ગુંજભાર અને મધ ૬ માસા એકત્ર કરી ખરલ કરી ચાટણ કરી આપવું. (૫) **ચોથીઆ તાવ ઉપર:**--કુબાના રસનું અંજન કરવું. (૬) **કમળીના રોગ ઉપર:**—કુબાના રસનું કિંવા કુબાના રસમાં હિંગ ઘસી તેનું અંજન કરવું. (૭) **સોજા ઉપર:**—કુબો અને કડવો લીમડો એનાં પાંદડાં ઉકાળી બાફ આપવી, એટલે પરસેવો વળી સોજો ઉતરે છે. (૮) **આદ્દાશીશી ઉપર:**—કુબાનો રસ નાકમાં પાડવો.

૧૩૯ કુરકુલા—કુરકુલા ઉકરડામાં અને ભીની જમીનમાં થનાર રોપો છે. એની આકૃતિ અળવી જેવી છે. એની ઉંચાઈ વેંત કરતાં વધારે થતી નથી. એનાં પાંદડાં કારિંદાનાં પાંદડાં જેવાં હોઇ ગોળ અને ઘણાં નાનાં હોય છે. કુરકુલાનું એકજ પાંદડું ઉપર આવે છે, એટલે તેને ડીંટાંસુદ્ધાં તોડી કાઢે છે. એનું શાક અળવી જેવું પરંતુ સ્વાદ વગરનું થાય છે. એમાં ચણાની દાળ નાખવી જોઇએ.

૧૪૦ કુવા—આ વૃક્ષો સહ્યાદ્રિના નીચેના પ્રદેશમાં ઘણાં થાય છે. એનાથી ઘણી છાયા મળતી નથી; કારણ એ ૫૦-૬૦ હાથ ઉંચું વધે છે અને ૨ થી ૩ા હાથ પહોળું હોય છે; તથા ઉપરના ભાગમાં પણ ઘણું વિસ્તારવાળું નથી હોતું. એ વૃક્ષનું લાકડું કઠિન અને સીધું હોય છે. એ માટે તેની ડોલકાઠી કરે છે. ગોમાંતક અને કર્નાટકમાં એને 'કુવા' કહે છે. એને નાગની ફણી જેવાં રાતાં ફૂલો આવે છે, તેથી એને 'નાગણિનું વૃક્ષ' એમ પણ કહે છે. એનું ફળ ફોડવાથી તેનો વિલક્ષણ વાસ આવે છે; તથા તેમાં બે કાળાં બી હોય છે. એની અંદરનો ગર્ભ બાળકો ખાય છે. એનું લાકડું ઘણા ઉપયોગમાં આવે છે.

૧૪૧ કુળઇ—(સં૦ સુષવી. મ૦ ફોડણી) જેઠ મહિનાની આખરે જ્યારે એકાદ વરસાદ પડે છે ત્યારે આ ભાજી રાનમાં જ્યાં ત્યાં ઉગી નીકળે છે. રાતી માટીની જમીનમાં અને ડુંગરાળ પ્રદેશમાં એ પુષ્કળ થાય છે. એ ભાજીના કાંદા ધોળા હોઇ તે જમીનમાં હોય છે. એ ભાજી કેવળ લીલોતરી જેવી છે. કુળઇની કુમળી ભાજી માત્ર ખાવાના ઉપયોગમાં આવે છે. એને ઝીણાં ધોળાં ફૂલ આવે છે. એ ભાજી સ્વાદે સારી છે. તેને બાફીને અથવા પહેલાં મીઠું લગાવી ખૂબ મસળી પાણી કાઢી નાખીને પછી વઘારે છે. **કુળઇ:**—શીતળ, સ્વાદુ, વાતકર, કફકર અને ગુરુ છે.+

૧૪૨ કુંદ (કાગડો)—સં૦ બં૦ મ૦ કુંદ. કો૦ કુંદકાગડો. ક૦ સુરાગિ. તૈ૦ મોલ્લ. હિં૦ કુંદેકા વૃક્ષ, કુંદેકા ફૂલ.

કુંદના વેલા હોય છે. એ વેલા ચંબેલીના વેલા જેવા થાય છે. એને આસો-કારતક માસમાં ફૂલ આવવા માંડે છે. આ ફૂલ રાનમોગરી પ્રમાણે હોય છે. એ કાંઇક લાંબાં હોય છે. એને ચૈત્ર વૈશાખમાં ઘણો ભર આવે છે. એનો ઘણોજ વાસ આવે છે; પરંતુ તે સહેજ ઉગ્ર હોય છે.

૧૪૩ કુંવાડીઓં—સં૦ ચક્રમર્દ. મ૦ તરોટા, ટાળકા. હિં૦ પવાડ—૨, ચકવડ. બં૦ એડાંચી, ચાકુંદા, ચાટકાટા. ક૦ ટકરીકે, હુંસલંગિતગ્ગચે. તૈ૦ તાંટ્યમુ, તગિરિસ. તા૦ તગરે, વિંદુ. તુ૦ તજંકુ. મલા૦ તકર. ગો૦ તેકિલો. ફ્રા૦ સંજીસવોયા. ઈ૦ ઓવલલીન્ડ કેસ્યા. લા૦ કેસ્યાટોરા.

+ વગડાઉ લોકો આ કુળઈને "કણુઝરા" ના નામથી ઓળખતા હોવાનું બેધડક રીતે જાહેર કરે છે; પરંતુ એને યોગ્ય બીજી કશી બાબતો નિઘંટમાંથી મળી આવી નથી. પદેજીએ કણુઝરો નિ. નં. ૧૭૩ બીજો બતાવ્યો છે. તેમજ સં૦ સુષવી એ કલૌંજી જીરાનું નામ પણ દેખાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

જંગલી શાકમાં કુંવાડીઓ એ જગત્પ્રસિદ્ધ છે. વરસાદ પડ્યાને પંદર દિવસ થતાંજ કુંવાડીઓ શાક કરવાના કામમાં આવે છે. એ ઝાડ શુમારે કંમરપૂર ઉંચાં વધે છે. એને પીળા રંગનાં ફૂલો આવી બારીક શીંગો આવે છે. એ શીંગોમાં મેથીનાં જેવાં બીઆં આવે છે. ગરીબ લોક કુંવાડીઆની ભાજી ઉપરજ કેટલાક દિવસ કાઢે છે. **કુંવાડીઓઃ**—મીઠો, રૂક્ષ, લઘુ, કડવો, શીતળ તથા ખારો છે; અને વાયુ, પિત્ત, દાદર, કફ, કોઢ, કૃમિ, દમ, મસ્તકશૂળ, વ્રણ, મેદોરોગ, પ્રમેહ, ત્રિદોષ, અરુચિ, તાવ, મળ-મૂત્ર-સ્તંભ, મેહ તથા ઉધરસનો નાશ કરે છે. એનાં **બીજઃ**—ગ્રાહક, ઉષ્ણ, તીખાં અને કફ, કોઢ, દમ, ઉધરસ, કંડૂ, વિષ, દાદર, સોજો, ગુલ્મ અને વાતરક્તનો નાશ કરે છે. એના પાલાની **ભાજીઃ**—લઘુ, પિત્તકર, ખાટી તેમજ ઉષ્ણ છે; અને કફ, વાયુ, દરાજ, કોઢ, પ્રમેહ, કંડૂ, ઉધરસ તથા દમનો નાશ કરે છે. **ઉપયોગઃ**-(૧) **ખરજવા ઉપરઃ**—કુંવાડીઆનાં મૂળ ઘસી ચોપડવાં. (૨) **કાળપુળી ઉપરઃ**—ધોળા કુંવાડીઆનો પાલો ૭ દિવસ ચોપડવો. (૩) **દાદર ઉપરઃ**—કુંવાડીઆના પાલાનો રસ લીમડાના રસમાં મિશ્ર કરી ચોપડવો. (૪) **સોમરોગ એટલે જલપ્રદર ઉપરઃ**—કુંવાડીઆનાં મૂળ ચોખાનાં ધોવરામણમાં વાટી પ્રાશન કરવાં. (૫) **પુષ્ટતાને માટે તથા અંગમાં ગરમી થઈ લોહી રહેતું નથી તે ઉપરઃ**—કુંવાડીઆનાં મૂળ લાવી ધોઇ સ્વચ્છ કરી સૂકવવાં અને તેની વસ્ત્રગાળ ભૂકી કરી રાખવી. પ્રતિદિવસ પ્રાતઃકાળે ઘી ૨ તોલા, સાકરની ભૂકી ૧ તોલો, એમાં એ ચૂર્ણ ૪ માસાથી ૧ તોલાપર્યંત કાલવી ચાટવું. એના યોગથી લોહી શુદ્ધ થઈ શક્તિ પણ વધે છે. (૬) **આદાશીશી ઉપરઃ**—કુંવાડીઆનાં બી કાંજીમાં વાટી લેપ કરવો. (૭) **ખરજવા ઉપરઃ**—કુંવાડીઆનાં બીઆં ૬ ભાગ, બાવચો ૪ ભાગ અને ગાજરનાં બી ૨ ભાગ, એનું ચૂર્ણ માટલામાં ઘાલી ગોમૂત્રમાં ૮ દિવસ પલાળી રાખીને પછી ચોપડવું. એ ઔષધ સૂકાવા ન દીધું હોય તો વર્ષભર ઉપયોગમાં આવે છે. (૮) **વસામેહ ઉપરઃ**—કુંવાડીઆનાં મૂળનો કાઢો પાવો. (૯) **બદ ફુટવા માટેઃ**—કુંવાડીઆનો પાલો બારીક વાટી તેની ગોળી કરી બદ ઉપર બેસાડવી. એ પ્રમાણે એકેક પહોરે તાજી ગોળી બેસાડવી; એટલે બદ ફુટે છે. (૧૦) **વાછરડાંને કિંવા ઢોરોને કરમ પડયા હોય તે ઉપરઃ**—કુંવાડીઆના પાલાનો રસ કાઢી તેમાં તેટલીજ છાશ નાખવી અને ગંધક ૧ તોલો અને હિંગ ૫ તોલાપર્યંત લઇ; બંનેની ભૂકી કરી તેમાં મિશ્ર કરી પાવી. વાછરડાંને આપવાનું હોય તો રસ નવટાંક અને ઔષધો ચતુર્થાંશ જોઇએ. મોટાં ઢોરોને અચ્છેરથી શેરપર્યંત રસ અને ઉપર લખ્યા પ્રમાણે ઔષધો જોઈએ. (૧૧) **શીતપિત્ત ઉપરઃ**—કુંવાડીઆનાં મૂળનું ચૂર્ણ ઘીમાં કાલવી પાવું.×

૧૪૪ કુંવાર—સં૦ કુમારી, ગૃહકન્યા. મ૦ કોરફડ. કો૦ કુંવારકાંડે. હિં૦ ઘી ગુવાંર, કુંવારપઠ્ઠા. બં૦ ઘૃતકુમારી. ક૦ લોઇસર, કટાલિગિડ. તા૦ કટ્ટાલે. તૈ૦ કાલાબાંડા, પિન્નગોરિંટકલવંદ, વિરજાજી-તોગે. તુ૦ નોલિસરા. મલા૦ કટ્ટાવાલા. ફા૦ દરખતેસિન્ન. અ૦ મુસબર. ઇં૦ બાર્બેડોઝ ઍલોઝ. લા૦ ઍલોઇ બાર્બડેન્સ.

એળીઓ એટલે કાળોબોળ જેમાંથી બને છે તે વનસ્પતિનું નામ કુંવારપાઠું છે. એ અંગ્રેજી વર્ગ-વારી પ્રમાણે 'લિલિએસી' નામના ઉદ્ભિજ્જ વર્ગમાં ભળે છે. આનું ઘૃતકુમારી નામ કેમ પડયું એ નિશ્ચયાત્મક જણાતું નથી; પરંતુ એવો તર્ક થાય છે કે પ્રાચીનકાળમાં કુંવારના તાજા કડકા ઘીમાં તળી તે ઘી ઔષધમાં વાપરતા હશે, આથી એ નામ પડેલ હશે. કુંવારના મૂળસુદ્ધાં ઉખેડી લીધેલા છોડ હવામાં ટંગાડી રાખેલા હોય તે જમીન અને પાણીનો આશ્રય મળવાથી ઉગે છે અને વધે છે; તેથી તેનાં ગૃહકન્યા, તરુણી એ નામો પડેલાં હશે. અમરાઅજરા, સુકંટકા, સ્થૂલદલા, અફલા, સુરસા, અતિપિચ્છલા આ સર્વ સંસ્કૃત નામો ખુલ્લેખુલ્લાં અન્વર્થક છે. એનાં પાઠાં જાડાં હોઇ તેમાં રસ-દાર ગર્ભ હોય છે, તે ઘણો કડવો હોય છે. એ પાઠું અંગારામાં શેકી, તેનો પાતળો રસ કાઢી, તેમાં થોડો ગોળ નાખી, નવા જન્મેલા તુરતના બાળકને પ્રથમ એક બે દિવસ ગળથુથી કરી પાય છે; પછી તેને માતાના દૂધનો અભ્યાસ કરાવે છે. કુંવારને કાર્તિક-માર્ગશીર્ષના અરસામાં મધ્યમાંથી ડાંડા ફુટી

× કુંવાડીઆ (પવાડીઆ) નો ક્ષુપ થાય છે. પાંદડાં ગોળ અને એકેક ડાંડલીમાં પાંચ પાંચ થાય છે. ફુલ પીળાં અને એના ઉપર ફળી થાય છે. એનાં બીજ, મૂળ, છાલ અને પાંદડાં વપરાય છે. એનાં બીનો રંગ કાળાશ પડતો હોય છે. બીજમાંનો ગર પીળો હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપર તોરા આવે છે. એ ડાંડાને ગુજરાતમાં શેલરાં (શેલડાં) અને મરાઠીમાં 'શેલારે' કહે છે. એ છોલી એનું શાક અને કઢી કરે છે તે ઉત્તમ થાય છે. તેની કઢી સ્વાદિષ્ટ થાય છે. એ શેલરાં પાકી જાય એટલે તેને રાવળીઆ કહે છે. તેના ઉપર લાલ રંગનાં ફૂલ થાય છે. આ રાવળીઆને લોકો કશા ઉપયોગમાં લેતા નથી. કુમળા તોરા ઘીમાં તળી ખાય છે. એ ભાજી ફરમાસી હોઈ મોંઘી મળે છે. ગુજરાતી લોકો કુંવારનું અથાણું કરે છે. કુંવારનાં ઉપરનાં પાંદડાં સૂકાય છે ત્યારે અંદરથી નવાં પાંદડાં ફૂટે છે, તેથી એ વનસ્પતિ હમેશાં તાજી રહે છે; એ આ વનસ્પતિમાં મોટો ચમત્કાર છે. એનાં ડીંટાંમાંથી અંકૂર ફૂટી એની વૃદ્ધિ થાય છે. કેટલેક ઠેકાણે કુંવારનાં મોટાં વનો હોય છે. **એળીઓ:—** (સં૦ એલીયક. મ૦ કાલાએોળ, એલ્યાએોળ. હિ૦ એલવા. તૈ૦ ભોલં. ઇ૦ સૌકોદ્રનએલોઝ. લા૦ આલોશોકોટ્રીના. ફ્રા૦ મુસબ્બીર. યુના૦ ફેકરા. અ૦ સીબર સુકુતરે.) **એળીઆની બનાવટ અને તેનું બાહ્યસ્વરૂપ:—** બે પ્રકારનો એળીઓ બજારમાં મળે છે. (૧) કુંવારનો સુકવેલો અંગરસ અથવા તેનાં પાંદડાં ઉકાળી તૈયાર કરેલા કાઢાનો બનાવેલ હોય છે. તેમાંથી સોકોટ્રીન (સીકોતરીઓ) એળીઓ ઉત્તમ માનેલો છે. તે ઉપરથી કઠણ અને કાળાશ પડતા રંગનો હોય છે. ભાગવાથી ભાગેલ બાજુ તરફથી જોતાં તે સુંવાળો હોઇ રાળની માફક ચકચકતો હોય છે, અને સુગંધવાળો હોઇ સ્વાદમાં ઘણોજ કડવો હોય છે. આ જંગબાર તરફથી મુંબાઇ આવી બહાર દેશ તરફ જાય છે. (૨) જાફરાબાદી એળીઓ જાફરાબાદ સંસ્થાનમાંજ તૈયાર થાય છે. તેના ગાંગડા ગોળ આકારના અને ઉપર નીચે ચપટ વડી હોય છે. તેનો વપરાશ હિંદુસ્તાનમાં થાય છે. ઔષધીના ઉપયોગમાટે એળીઓ વાપરવાનો હોય તો ફરીથી પાણીમાં ઉકાળી તેમાંનો ગારો કાઢી તે ફરી જાડો કરવો પડે છે. એવી રીતિથી તૈયાર કરેલા શુદ્ધ એળીઆનો ઉપયોગ અંગ્રેજી રસાયનશાસ્ત્રીઓ અને ઔષધી વેચનારા કરે છે. તે તેનો કસ મેળવવાને દરરોજ તપાસ કરે છે. એળીઓ ટાઢા પાણીમાં પીગળતો નથી; પરંતુ પાણી ઉનું કર્યું એટલે પીગળે છે. તેનો રસ કેટલીક વાર રહેવા દેવાથી તેની નીચે રાળ જેવું સત્ત્વ જામે છે. તેના ઉપરનું પાણી ખાટા ગુણવાળું હોય છે. તેના ક્ષારના પાણીથી ઘેરો રતાશપડતો રંગ થાય છે. બ્રોમીનવાળું પાણી મેળવે તો ઠીકજ જર્દ પીળો સત્ત્વ પડે છે. તેજ એલોઇનનું સત્ત્વ. હલકા દારૂમાં (પ્રૂફ સ્પિરિટ) એળીઓ પલળ્યા પછી જે સત્ત્વ નીચે રહે છે તે ચોવડા કરેલ મલમલમાંથી દાબીને નીચોવ્યા પછી જે દ્રવ્ય રહે છે તેનેજ અંગ્રેજીમાં "ઍલોઇન" કહે છે. એ સ્ફટિકરૂપ છે અને પાણીમાં પીગળે છે. એનેજ પ્રકૃત વનસ્પતિમાંથી કાર્યકારી સત્ત્વ ઠરાવેલ છે. આ શુદ્ધ 'ઍલોઇન'જ ફક્ત રેચક છે. તે ઘણા નાના પ્રમાણમાં (૦॥ થી ૨ ગ્રેન સુધી) કોઇ પણ અનુપાનમાં (સાકર સાથે) આપવાથી પેટમાં આંકડી ન થતાં રેચક થાય છે. **કુંવારપાઠાના રસનો ઔષધીમાં ઉપયોગ:—** ઘણા દિવસથી કુંવારનો ગર્ભ સાકરમાં મેળવીને તાવનો દાહ શાંત કરવા તાવવાળાને આપવાની પ્રથા છે. કુંવારનો તાજો રસ રેચક અને યોનિદાહ (ગર્ભાશયની શિથિલતા) કમી કરનાર છે. આંખો આવી હોય તો (પિત્તના અભિષ્યંદ વિકારમાં જેને અંગ્રેજીમાં કેટરલ કન્જન ટીવાઈટીઝ કહે છે.) ફટકડીની ભૂકી કુંવારના રસમાં મેળવી તેનો પાંપણ ઉપર લેપ કરવાથી આંખની અંતર ત્વચાનો રવરવાટ કમતી થઇ રક્ત છૂટી જાય છે. મૈસુર પ્રાંતમાં સ્ત્રીઓને અટકાવ આવતો ન હોય તો કેટલાક દિવસો સુધી કુંવારનો રસ આપે છે. **કાર્સિઆડિ ઓર્ટા** નામના ગૃહસ્થ ઇ૦ સ૦ ૧૫૩૪ માં ગોવાના ગવર્નરના ડૉક્ટર હતા. તેમણે કુંવારપાઠાનો એક કલ્પ લખેલ છે. તે આ પ્રમાણે—ગર્ભના કડકા ૮ તોલા, સાદું (ઘસિયું) મીઠું ૧ તોલો, એ દશ તોલા પાણીમાં ઉકાળી તૈયાર કરેલો કાઢો ગાળી તેમાં ૨ થી ૨॥ તોલા સુધી સાકર નાખી તે પરોઢીએ આપવો. અમૃતસર અને સુરત તરફ કુંવારપાઠાના કકડા મીઠામાં નાખી તેનું અથાણું કરે છે અને તે જેની ક્ષુધા (ભૂખ) મંદ પડી હોય તેને ખાવા આપે છે. જનાવરના ઔષધોમાં પણ એળીઆનો ઘણો ઉપયોગ થાય છે. સૉક્ટ્રીના કુંવારનો રસ (અથવા એળીઓ) ગરમ પાણીમાં મેળવી જખમ ઉપર ચોપડવાથી ત્યાંની પીડા બંધ થાય છે. સ્ત્રીઓનો યોનિરોગ, ત્વગ્રોગ, બરોળસંબંધી રોગ, નેત્રરોગ, આગ્નિદગ્ધ વ્રણ ઇત્યાદિ અનેક રોગ ઉપર કુંવારનો તાજો રસ અને એળીઆનો ઉપયોગ થાય છે. એળીઆનો ઉપયોગ હાલમાં ડૉક્ટરી ઔષધોમાં ઘણો થાય છે. પીલ એલોઝ એટ મ્હર, પીલ કોલોસીન્થ કમ્પાઉન્ડ, પીલ રીલાઇ કો૦ (કમ્પાઉન્ડ) ડીકોકસન એલોઝ કો૦, વાઇનમ્ એલોઝ, એ અંગ્રેજી ઔષધોમાં એળીઓ હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કુંવારના રસમાંથી જે "એળીઓ" એટલે 'કાળો બોળ' તૈયાર કરે છે, એ **બોળઃ**—સારક તથા રેચક છે અને તે આર્તવશુદ્ધ કરે છે. **કુંવારઃ**—શીતળ, કડવી, મદગંધિ, રસાયન, અગ્નિદીપક, ભેદક, મધુર, પુષ્ટિકર, બલકર તથા વૃષ્ય છે; અને વિષદોષ, કફપિત્તજ્વર, કફ, પિત્ત, દમ, ઉધરસ, પ્લીહા, કોઢ, ગુલ્મવાત, યકૃત, જ્વર, ગ્રંથિ, ત્વગ્દોષ (ચામડીના દોષ), વિસ્ફોટક, રક્તવિકાર, અગ્નિદગ્ધ વ્રણ તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં **ફૂલઃ**—ગુરુ છે. તે વાત, પિત્ત અને કૃમિનો નાશ કરે છે. **ઉપયોગઃ**- **(૧) વિષમજ્વર ઉપરઃ**—કુંવારનો કાંદો દશ માસાપર્યંત લઇ તે કોકરવર્ણી પાણીમાં આપવો; એટલે ઉલટી થઇ કફાશયનું શોષણ થાય છે અને વિષમજ્વર દૂર થાય છે. **(૨) બરોળ અને અપચી ઉપરઃ**—કુંવારનો રસ હળદર નાખી પાવો. **(૩) ઉધરસ ઉપરઃ**—કુંવાર અંગારામાં શેકી તેનો રસ અને અરડુસીનો રસ અથવા મધ, એમાં લીંડીપીપર અને લવંગની ભૂકી નાખી તે પાવું. **(૪) કફ અને ઉધરસ ઉપરઃ**—કુંવારનો ગર્ભ, મધ અથવા સિંધવ અને હળદર નાખી આપવો. **(૫) આંખો દુખવા આવે છે તે ઉપરઃ**—કુંવારનું પાઠું ચીરી પાણીમાં ધોઈ તે પાણીમાં ફુલાવેલી ફટકડીની ભૂકી અને અફીણ મેળવી તે પાણી ગાળી આંખો ઉપર ચોપડતા જવું; અથવા કુંવાર અને ચિત્રાનાં પાંદડાં એકત્ર વાટી લેપ કરવો. **(૬) સ્તનરોગ ઉપરઃ**—કુંવારનો કાંદો ઘસી તેમાં હળદરની ભૂકી નાખી સ્તન ઉપર લેપ કરવો. **(૭) વાધ કરડયો હોય તોઃ**—કુંવારનું પાઠું હળદર ઘાલી ગરમ કરી બાંધવું. **(૮) અંગમાં જામેલી ગરમી, પ્રમેહ, કડકી, હાડીઓ તાવ અને રસાયનો ઉપરઃ**—કુંવારના પાઠામાંનો રસ શુમારે ચાર માસાથી એક તોલાપર્યંત લઇ તેમાં જીરાની ભૂકી ચાર ગુંજા અને મરીની ભૂકી બે ગુંજાપર્યંત નાખી તે પાવું. **(૯) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—કુંવારનો ગર્ભ ચોપડવો એટલે ત્વરિત દાહ શમન થાય છે; અથવા કુંવારનો ગર્ભ કપડામાં નાખી ગાળી લઈ, તે બલકમાં મીઠાનું પાણી નાખીને પીંછાથી શરીરે ચોપડવો. **(૧૦) ક્ષત (ચાંદી) માંહેના કૃમિ મરવા માટેઃ**—કુંવારનું મૂળ ગોમૂત્રમાં ઘસી દિવસમાં બે ત્રણ વાર ચોપડવું. **(૧૧) કુંવારનો પાકઃ**—કુંવારનો ગર્ભ પાણીમાં પલાળી રાખી પછી ધોઇ વસ્ત્ર ઉપર પહોળો કરવો. પછી બીજા પાક પ્રમાણે તેનો પાક કરી સેવન કરવો; એટલે શરીરમાંહેની ગરમી, અમ્લપિત્ત તથા કડકીનો નાશ થઇ ધાતુ પુષ્ટ થાય છે. **(૧૨) કાનમાં અતિશય દાહ થતો હોય તોઃ**—કુંવારનો બલક ઉપલી બાજુએ કાન ઉપર રાખવો અને વસ્ત્રગાળ કરેલું થોડું બલકનું પાણી કાનમાં પાડવું. **(૧૩) કમળી ઉપરઃ**—કુંવારના કાંદાનો રસ કાઢી તેમાં ઘી નાખી નસ્ય કરવું; એટલે કમળીથી આંખો પીળી થયેલી હશે તે કમળીનો નાશ થશે. **(૧૪) ભાર ઉપરઃ**—એળીઓ અને દિકામાળી એકત્ર કરી તે પાવું.

૧૪૫ કેતકી*—(સં૦ કેતક. ફા૦ નોએઅજવાવી.) ધાપાનનાં પાંદડાં જેવાંજ કેતકીનાં પાંદડાં હોય છે; પરંતુ તે કરતાં તે થોડાં પહોળાં છે.એ પાંદડાંને છેડે કરવતી જેવા કાંટા હોય છે.એ ઝાડો સર્વત્ર થાય છે. કેતકીનાં પાંદડાં પલાળી રાખી તેનાં દોરડાં વણે છે, તે મજબૂત હોય છે. કેતકીનાં પાંદડાંના મધ્ય ભાગમાંથી ઉભી અને સીધી એક લાકડી નીકળે છે. એ લાકડી અબદાગિરીની દાંડી કરવાના કામમાં આવે છે. એને કોઈ "ધાયાળ" કહે છે. **ઉપયોગઃ—(૧) કંડૂ ઉપરઃ**—કેતકીનાં પાંદડાંનો રસ કાઢી શરીરે ચોળવો. એથી બળતરા થાય છે. ઘણી આગ થવા લાગે તો છાણ ચોળી ઠંડા પાણીવડે સ્નાન કરવું. **(૨) મુસળ્યા રોગ ઉપરઃ**—કેતકીના કાંદાનો રસ પાવો.

૧૪૬ કેરડી (કેર, કારવી)—સં૦ કરીર. મ૦ નેપ(બ)તી. હિં૦ કરેલ. ક૦ નિષ્યતિગે, નિંબટી, મરગણિગિલ. તૈ૦ કબર, કુરાક. ફા૦ કબાર. ઈ૦ કેપર. લા૦ કેપેરિસસ્વાઇનોઝા.

આ ઝાડ કોકણમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. કારવી પાંચ છ હાથ ઉંચી સીધી વધે છે. એનો ઉપયેગ ટટ્ટી અને વાડમાટે થાય છે. કારવીના ફૂલમાં **મકરંદ** પુષ્કળ હોય છે; તે લઈને મધમાખો તેનું મધ બનાવે

* શ્રી૦ પદેજીએ મરાઠીમાં વનૌ૦ ગુણા૦માં આ વનસ્પતિનું નામ જો કે **કેકતી** આપેલ છે; વળી તેના સમાન પાંદડાંવાળી ધાપાનના વર્ણનમાં એનું નામ **કેતકી** માન્યું છે.એથી એનું ખરૂં નામ કેકતી કે કેતકી માનવું એ સંશયાત્મક છે; તોપણ કેતકી કે જેનું બીજું નામ કેવડો છે એનાથી આ જૂદી તેનીજ જાતિની છે. તેના ફુલમાં સુગંધી ઘણીજ હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છે.× **(૧) બાળંત (સુવા) રોગ ઉપર:**—કારવીનાં બી બકરીના મૂત્રમાં ૭ દિવસ આપવાં.

૧૪૭ કેરડો—(સં૦ કરીર. મ૦ નેબતી.) કેરડાને ખાનદેશ, મારવાડ અને ઉત્તરહિંદુસ્તાનમાં "કરેલ" કહે છે. એ કાંટેરી ઝાડ છે. એને પાંદડાં આવતાં નથી. એને આખા અંગ ઉપર બોરડીના જેવા કાંટા હોય છે. એ માથોહું બે માથોડાં ઉંચો વધે છે. એને રાતાં ફૂલો આવે છે અને નાનાં બોર જેવડાં ફળ આવે છે. એ ફળોને બાફીને શાક કરે છે અને અથાણું પણ કરે છે. કોઇ કોઈએ ફળોને છાશમાં મીઠું નાખી તેમાં ત્રણ દિવસ તેને પલાળી રાખી, સૂકવી પછી તેનું શાક કરે છે. એનાં પાકાં ફળોનો રંગ લાલ હોય છે. એને **પીચુ** કહે છે. ગામડાંમાં એ ઝાડ પુષ્કળ થાય છે. **કેરડો:**—ઉષ્ણ, તૂરો, તીખો, આધ્માનકારક, રુચિકર, ભેદક તથા સ્વાદુ છે; અને કફ, વાયુ, આમ, વિષ, સોજો, વ્રણશોથ, કૃમિ, ખરજ, અરુચિ, સર્વશૂળ અને શ્વાસનો નાશક છે. **એનાં ફળ:**—તીખાં, કડવાં, ઉષ્ણ, તુરાં, વિકાસી, મધુર, ગ્રાહક, મુખને સ્વચ્છ કરનારાં, હૃદ્ય તેમજ રુક્ષ છે; અને કફ, મેહ તથા અર્શનો નાશ કરે છે. **એનાં ફુલ:**—વાતકારક, તુરાં અને કફપિત્તનાં નાશક છે. **ઉપયોગ:—(૧) દંતશૂળ ઉપર:**—કેરડાનાં મૂળ ચાવી ખાવાં, એટલે શૂળ તાબડતોબ નાશ પામે છે.

૧૪૮ કેવડાનું ઝાડ—સં૦ કેતકી. મ૦ કેવડા. હિં૦ કેવરા-ડા, ગગનધૂલ. ક૦ બિળેકેદગે મુંડીગે. તૈ૦ મુગલીપુવુ, ગાજંગી, કેતકી. તા૦ કેદગે. તું૦ કેદઇ, મુંદેઈ. મલા૦ કેતા, કેતકી. ગો૦ કેદઇ, ગોંડઇ. ફા૦ કરજ. અ૦ કાદી. લા૦ પેંડેનસ ઓડોરા ટિસીમસ્.

કેવડાનું ઝાડ બે માથોડાં ઉંચું વધે છે. એના લાંબા લાંબા બેટો થાય છે. એ ઝાડ ઘણેક ઠેકાણે થાય છે. એનાં પાંદડાંને કાંટા હોય છે. કેવડાનાં વનો ઘણાં ઘાડાં હોય છે. એમાં ધોળી અને પીળી એવી બે જાતિ છે. ધોળી જાતિને કેવડો અને પીળી જાતિને કેતકી કહે છે. કેતકીનો ઘણો વાસ આવે છે અને તેનાં પાંદડાં ઘણાં સુકુમાર હોય છે. શ્રાવણ માસમાં કેવડાની મોસમ હોય છે. કેતકી માઘ અને ફાગણ મહિનામાં થાય છે. ધોળા કેવડા બારમાસી થાય છે. કેવડાનાં વનોમાં સર્પ રહે છે. કર્નાટકમાં આ ઝાડનાં પાંદડાંની છત્રીઓ અને ટોપ કરે છે. કેવડાનું તેલ કાઢે છે, તે ઘણું સુવાસિક હોય છે. કેવડાનાં પાંદડાંમાં કરેલી કાથાગોળીઓ ઘણી સુવાસિક હોય છે. કેવડાની અંદર જે માંજર હોય છે તેનું શાક કરે છે.* **શ્વેત કેતકી:**—તીખી, મીઠી, કડવી તેમજ લઘુ છે; અને વિષ તથા કફનો નાશ કરનારી છે. એનાં **ફુલ:**—લઘુ, તીખાં, કડવાં, કાંતિકર તથા ઉષ્ણ છે; અને તે વાયુ, કફ તથા કેશની દુર્ગંધનો નાશ કરે છે. તેનું **કેસર:**—કરોળીઆનું નાશક અને કિંચિત્ ઉષ્ણ છે. **એનાં ફળ:**—મીઠાં છે અને વાયુ, મેહ તથા કફનો નાશ કરે છે. **સુવર્ણ કેતકી:**—કડવી, નેત્રોને હિતાવહ, ઉષ્ણ, લઘુ, તીખી તથા મધુર છે અને વિષદોષ તથા કફનો નાશ કરે છે. એનાં **ફુલ:**—સુખકર, કામોદ્દીપન, કિંચિત્ ઉષ્ણ, કડવાં, તીખાં અને નેત્રને હિતાવહ તથા સુગંધી છે. **એના ફણગા:**—અતિ ઠંડા, દેહને દૃઢ કરનાર, તીખા, બલકર તથા રસાયન છે અને પિત્ત તથા કફનો નાશ કરે છે. **એનાં ફળ અને કેસરના ગુણ:**—શ્વેત કેતકીનાં ફળ અને કેસરના ગુણ જેવાજ છે. **ઉપયોગ:—(૧) રક્ત પ્રદર ઉપર:**—કેવડાનાં મૂળ પાણીમાં ઘસી સાકર નાખી પાવાં. **(૨) અપસ્માર (ગોતા) ઉપર:**—કેવડાનાં કણસલાં ઉપરની ભૂકી અને કેતકીનાં ફૂલ સમભાગ લઇ એકત્ર ખાંડવાં અને તે ચૂર્ણ છીંકણીની પેઠે સુંઘવું. **(૩) ઉષ્ણતાવડે કપાળ દુખે છે તે ઉપર:**—કેવડાનું પાણી અને ધોળું ચંદન ઘસી એક કાચની બાટલીમાં નાખી, તે બાટલીના મુખ ઉપર બારીક કપડું વીંટી, તે બાટલી

× નિઘંટુમાં કેરડી અને કેરડાનું વર્ણન જૂદું દેખાતું નથી. માત્ર લોકો એકજ જાતના વૃક્ષને કેરડી કે કેરડાના નામથી ઓળખે છે; પરંતુ અહીં પદેજીએ મરાઠી વનો૦ ગુણા૦ બીજા અને ચોથા ભાગમાં એ બે સ્થળે વર્ણન કરેલ હોવાથી તે બંને જૂદાં દેખાય છે; પણ વાસ્તવિક તેમ ન હોવાથી એવું અનુમાન થાય છે કે, બીજા ભાગમાં કરેલ વર્ણન ઉપરાંત વધુ વર્ણન કરવાને ચોથા ભાગમાં પુનઃ વર્ણન કરેલ છે. અમે શ્રી૦ પદેજીની કૃતિને નહિ બદલવાને માટે બન્ને વર્ણન એકત્ર કર્યાં નથી. વળી કદાચ નાના મોટા ક્ષુપને લીધે બંને જૂદાં માનીએ તોપણ મારા માનવા પ્રમાણે તો ખોટું નથીજ.

* કેવડાનો અર્ક બરોળને નુકસાનકારક છે.-એનો પ્રતિનિધિ રતાંજળી ને માત્રા ૬ માસા છે. એ જંગલી ખારી જમીનમાં થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપરાઉપરી હલાવી સુંઘતાં જવું એટલે કપાળ દુખતું મટશે. (૪) **પ્રમેહ ઉપર:**—કેતકીનાં મૂળ બારી તેનો રસ તોલા બે અને સાકર બે પૈસાભાર એકત્ર કરી પાવું. (૫) **સર્વ પ્રકારની ઉષ્ણતા ઉપર:**—કેવડાનાં પાંદડાંના રસમાં જીરૂં વાટી સાકર નાખી તે ૭ દિવસ સુધી પાવો. પથ્ય-છાશ અને ભાત, મીઠા વગર. (૬) **કંઠરોગ ઉપર:**—કેવડાની માંજરની બીડી કરી પીવી એટલે કંઠસર્પાદિ રોગ દૂર થાય છે. (૭) **મુસળ્યા રોગ ઉપર:**—કેવડાના કાંદાનો રસ પાવો.

૧૪૯ +કેસર—સં૦ કેસર. બં૦ ક૦ તા૦ મલા૦ ગો૦ કુકમ, કેશર. હિં૦ કેસર. તૈ૦ કુંકમપુવુ. ફા૦ લરકીમાસ. અ૦ જાફરાન, કુરકુમ. ઈ૦ સેફ્રન. લા૦ ક્રૉસિસ્ટિગ્મેટા, ક્રોસસસેટિવસ.

કેસર નેપાળ અને ઈંગ્લાંડ દેશમાં થાય છે.કેસરનાં ઝાડ નાનાં હોય છે.તેના કાંદા બે બે હાથના અંતરે હાર પ્રમાણે વાવે છે. તેને વાવ્યા પછી બે ત્રણ માસને અંતરે ઝાડ થઇ તેને ફૂલો આવે છે. તેને ત્રણ પાંખડીઓ હોય છે તથા અંદર તંતુ હોય છે, તેજ **કેસર.** કેસરનો રંગ રાતો હોઈ તંતુ લાંબા હોય તો તે ઉંચ પ્રતિનું છે એમ જાણવું. કેસર એક વર્ષ કરતાં વધુ રહેવાથી બગડે છે. એ રંગના અને ઔષધના કામમાં આવે છે. **કેસર:**-સુગંધી, કડવું,તીખું,રુચિકર, આનંદકારક, ઉષ્ણ, કાંતિકર તુરૂં તથા સ્નિગ્ધ છે; અને કંઠરોગ, વાયુ, કફ, ઉધરસ, મસ્તકશૂલ, વિષ, ઉલટી, વ્રણ, વ્યંગ, કૃમિ, હેડકી, ત્રિદોષ તથા કોઢનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **રક્તપિત્ત ઉપર:**—બકરીના દૂધમાં કેસર શીજવી પાવું અને બકરીના દૂધમાં ભાત ખાવો. (૨) **શરીરમાંથી લોહી ઘણું ગયું હોય તો:**—મધ સાથે કેસર ખાવું. (૩) **પીનસ રોગ ઉપર:**—કેસર ઘીમાં ખલ કરી નસ્ય આપવું. (૪) **આદ્દાશીશી ઉપર:**—કેસર અને ઘી એ ત્ર ખરલ કરી નાકે સુંઘવું. (૫) **મરકી ઉપર:**—લીમડાના રસમાં કેસર આપવું. (૬) **મૃત્તિકાજન્ય (માટી ખાવાથી ઉત્પન્ન થયેલા) પાંડુરોગ ઉપર:**—કેસર, જેઠીમધ, લીંડીપીપર અને નસોતરનો કાઢો કરી, તેના ૪ પૂટો માટીને દેવા અને તે માટી ખાવા આપવી; એટલે ખાધેલી માટી નીકળી જઇ વિકાર દૂર થશે. (૭) **મસ્તકરોગ ઉપર:**—કેસર અને બદામને ગાયના ઘીમાં ખરલ કરી તેને નાકે સુંઘવું. (૮) **અહિરા ઉપર:**—કેસર મધમાં ખરલ કરી તેનું અંજન કરવું. **મૂત્રાઘાત ઉપર:**—રાત્રે પાણીમાં કેસર ભીંજવી રાખી સવારે તેમાં મધ નાખી હલાવી પીવું. (૧૦) **ખર (ધાતુ) પડે છે તે ઉપર:**—જૂના ઘીમાં કેસર ખરલ કરી ત્રણ દિવસ પીવું. (૧૧) **કૃમિ ઉપર:**—કેસર અને કપૂર દૂધમાં પાવું. (૧૨) **ગર્ભિણીના રક્તસ્રાવ અને પેટપીડ ઉપર:**—ગાયનું માખણ (તેમાંનો પાણીનો અંશ કાઢી) કેસર બે માસા નાખી ૧ તોલો આપવું.

૧૫૦ કેસરી (પીળો) ચંપો (રાયચંપો)—સં૦ સુવર્ણ ચંપક. મ૦ સોનચાંપા. હિં૦ ચંપા. ક૦ સંપગે. તૈ૦ ચંપાગીપુવુલુ, ચંપકમુ. તા૦ ચંબકં. તુ૦ સંપેડા-મારા. મલા૦ ચંપકં. ગો૦ ચંપ્યારકુ. લા૦ મિચેલિયાચંપકા.

આ ઝાડ ઘણું મોટું થાય છે. તેને વાવ્યા પછી આઠ દશ વર્ષે ફૂલો આવવા લાગે છે. એ ફૂલો વર્ષમાં બે વાર, ઉનાળામાં અને ચોમાસામાં આવે છે. એ ફૂલો જોવામાં ઘણાં સુંદર અને રંગે પીળાં હોય છે. એ ફૂલોનો વાસ ઘણો ઉગ્ર હોવાથી તે હવામાં ચારે તરફ પ્રસરે છે તથા હવા ખરાબ હોય તો તેમાં ળી જઇને હવાને સારી બનાવે છે. એનું લાકડું ઘણું કણીવાળું હોય છે. **કેસરીઓ ચંપો:**—ડવો, તીખો, શીતળ, તૂરો, મધુર, વૃષ્ય, હૃદ્ય, સુગંધિ તથા ભ્રમરનો નાશ કરનાર છે; અને દાહ, પિત્ત, ફ, રક્તદોષ, મૂત્રકૃચ્છ્ર, વાત, કોઢ, વિષ, કૃમિ, કંડૂ તથા વ્રણનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧)પ્રદર

+ કાશ્મીર, ઇરાન અને બલ્ખ એ ત્રણ દેશોમાં કેસર ઉત્પન્ન થાય છે. તે પૈકી (૧) કાશ્મીરમાં થનાર કેસરના તંતુઓ બહુજ નાના નાના, બાલની સમાન ઝીણા, કાંઈક રતાશવાળા, કમળની ગંધના સમાન હોય છે. એ બધી જાતનાં કેસરોમાં ઉત્તમ છે. (૨) બલ્ખ દેશનું કેસર પીળા રંગનું અને તેમાં કેતકીના ફુલ જેવી સુગંધ આવે છે તથા બારીક હોય છે. એ મધ્યમ છે. અને (૩) ઈરાન દેશમાં થતા કેસરની ગંધ મધ જેવી હોય છે. રંગ કાંઈક પીળો અને એના તાંતણા મોટા હોય છે એમ ભાવમિશ્રે કહ્યું છે. વળી કેટલાક કહે છે કે હાલના જમાનાના વેપારી લોકો એમાં કસુંબા (કસુંબીનાં ફૂલનાં તંતુઓ)નો ભેળ કરે છે. કોઈક તો એમાં જનાવરોનાં આંતરડાંની બારીક છાલોને સૂકવી ભેળ કરતા હોવાનું બતાવે છે. એથીજ જન લોકોએ પવિત્ર કેસર તરફ પોતાના ધાર્મિક બંધુઓનું ધ્યાન ખેંચ્યું કહેવાય છે. જો એમ હોય તો વૈદકીય દૃષ્ટિથી પણ એને વધારે ચોક્કસ થવા જરૂરનું ધારૂં છું. એનાં પ્રતિનિધિ તજ અને જાવંત્રી છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપર:—પીળા ચંપાની છાલનો રસ પાવો અથવા છાલનો કાઢો કરી તે પાવો. (૨) **બાળકની ઘણી (વરાધ) ઉપર:**—પાનના રસમાં કેસરીઆ ચંપાના ફૂલમાંહેની કળી અને શુદ્ધ કરેલો સાજી નાખી તે પાવો. (૩) **વિષમ જ્વર ઉપર:**—કેસરીઆ ચંપાનાં મૂળોનો કાઢો પાવો.

૧૫૧ કેળ—સં૦ કદલી, રંભા. મ૦ કેળ. હિં૦ કેલ-ર. ક૦ બાળી. તા૦ વાલે. તુ૦ બારે. મલા૦ વાળ. તૈ૦ ચકાકેલી, આરાટિકાયા, યારાટી. ફા૦ મોઝ. અ૦ તના. ઇં૦ પ્લેનટેઇન. લા૦ મુસાસેપિયેન્ટમ્

કેળનાં ઝાડો ઘણું કરી સર્વ દેશોમાં થાય છે. એનાં મૂળોમાંથી જે ફણગા ફૂટે છે તે કાપી બીજે સ્થળે વાવે છે, એટલે તેની કેળ થાય છે. કેળોની લગભગ વીસ જાતિ છે. ગોમાંતક, કર્ણાટ અને વસઇ, એ પ્રાંતોમાં કેળાંનો પાક ઘણો થાય છે. વસઇ પ્રાંતમાંના આગાશી ગામમાં કેળાંને સૂ પછી તે ચારે તરફ મોકલે છે. વગડામાં વરસાદથી જે કેળો પોતાની મેળે પાકે છે, તેને 'વગડાઉ કેળ' કહે છે. કાચાં કેળાંનું ને કેળદોડાનું શાક થાય છે. છાલની રાખ રંગના કામમાં આવે છે. સુતર રંગનારા રંગરેજ અને ખત્રી લોકો એનો ઘણો ઉપયોગ કરે છે. પાકેલાં કેળાંનું રાયતું સારૂં થાય છે. કેળના યોગે હથિયારોને પાણી ચઢાવવામાં આવે છે. કેળનાં પાંદડાંના દાંડાને સૂકવી બાળવાથી તેમાંથી ક્ષાર (ખાર) ઉત્પન્ન થાય છે. કોકણદેશમાં ધોબી લોકો સાબુને બદલે એ ક્ષારનો ઉપયોગ કરે છે. ગામડા ગામના નિવાસી ગરીબ લોકોને મલમ એ પદાર્થ શું છે, તેની ખબર પણ નથી અને જેમને ઔષધ આપવાને વૈદ્ય પણ નથી હોતો, તે લોક કેળની અંદરના રસની મલમની પેઠે જખમ ઉપર પટ્ટી મારે છે અને તેથી તેમનો જખમ સારો થાય છે. પાકેલાં કેળાંનો ખાવામાં ઉપયોગ થાય છે. વગડાઉ કેળાં કોઇ ખાતું નથી. તેનાં કાચાં કેળાંનું તથા કેળદોડાનું શાક કરે છે અને પાંદડાં પત્રાળી કરવાના ઉપયોગમાં આવે છે. ભીલ, કોળી, ઠાકરડા વગેરે ગરીબ લોકો જમીનમાંથી વગડાઉ કેળના કંદ કાઢી તેને દળી લોટ કરી તેની ભાખરીઓ બનાવી ખાય છે. * **કેળ:**—શીતળ, ગુરુ, વૃષ્ય, સ્નિગ્ધ તથા મધુર છે; અને પિત્ત, રક્તવિકાર, યોનિદોષ, અશ્મરી તથા રક્તપિત્તનો નાશ કરે છે. **પાકેલાં કેળાં:**—બળકર, તુરાં, મધુર, ગુરુ, શીત, વૃષ્ય, શુક્રવર્ધક તથા સંતર્પણ છે; અને માંસ, કાંતિ તથા રુચિને વધારનાર, દુર્જર તથા કફકારક છે. એ તૃષા, ગ્લાનિ, પિત્ત, રક્તવિકાર, મેહ, ક્ષુધા તથા નેત્રરોગનો નાશ કરે છે; અને જેનો જઠરાગ્નિ મંદ છે એવો માણસ ખાય તો તેથી વિકાર થાય છે. **કેળદોડા:**—(ફૂલ) સ્નિગ્ધ, મધુર, તુરા, ગુરુ, ગ્રાહક, કડવા, અગ્નિદીપક, વાતનાશક તથા કિંચિત્ ઉષ્ણવીર્ય છે; અને રક્તપિત્ત, ક્ષય, કૃમિ, પિત્ત તથા કફનો નાશ કરે છે. **કદલીસાર:**—(કેળમાંનો ગાભો) ગ્રાહક, અપ્રિય, ગુરુ તથા શીત છે; અને તૃષા, દાહ, મૂત્રકૃચ્છ્ર, અતિસાર, સોમરોગ, અસ્થિસ્રાવ, રક્તપિત્ત અને વિસ્ફોટકનો નાશ કરે છે. **કદલીકંદ:**—રુક્ષ, વાતલ, તુરા, ગુરુ, શીત, બલકર, મધુર અને કેશ્ય છે તથા અગ્નિમાંદ્ય કરે છે; અને કર્ણશૂલ, આમ, પિત્ત, દાહ, રક્તદોષ, સોમરોગ, રજોદોષ, કૃમિ અને કોઢનો નાશ કરે છે. **કેળનું પાણી:**—શીતળ અને ગ્રાહક છે; અને મૂત્રકૃચ્છ્ર, મેહ, તૃષા, કર્ણરોગ, અતિસાર, અસ્થિસ્રાવ, રક્તપિત્ત, કૃચ્છ્ર, વિસ્ફોટક, રક્તદોષ, યોનિદોષ અને દાહનો નાશ કરે છે. **વગડાઉ કેળ:**—શીતળ, મધુર, બલવર્ધક, વીર્યવર્ધક, રુચ્ય, દુર્જર તથા જડ છે; અને તૃષા, દાહ, શોષ તથા પિત્તનો નાશ કરે છે. **એનાં ફળ:**—તુરાં, મધુર અને ગુરુ છે. **ઉપયોગ:**-(૧) **પેટમાં વિષ ગયું હોય તો તે ઉપર:**—કેળના ગાભાનો રસ કાઢી પાવો. (૨) **હડકાયા કૂતરાના વિષ ઉપર:**—પાકેલાં વગડાઉ કેળાનાં બી ખાવા આપવાં અને દંશ ઉપર વાટી ચોપડવાં. (૩) **શ્વાસ ઉપર:**—કેળાની અંદરનો કેસરયુક્ત ભાગ કોરી તેમાં મરીનું ચૂર્ણ રાત્રે ભરી રાખવું. પ્રાતઃકાળે તે કેળું ઘીમાં તાપ ઉપર શેકી ખાવું એટલે શ્વાસરોગ જલદી દૂર થાય છે. (૪) **સુખે પ્રસૂતિ થવા માટે:**—કેળનો કાંદો કંમરે બાંધવો. પ્રસવ થયા પછી છોડી નાખવો. (૫) **હેડકી ઉપર:**—રાનકેળનાં પાંદડાંની રાખ માસો એક અને મધ તોલો એક એકત્ર કરી પાવું. (૬) **સોજા ઉપર:**—ઘઉંની કણક અને પાકેલાં કેળાં પાણીમાં મેળવી ગરમ કરી સોજા ઉપર બાંધવાં. (૭) **સોમલના વિષ ઉપર:**-કેળના રોપાનો રસ પાશેર પાવો. (૮) **જીભે કાતરા પડે છે તે ઉપર:**—પાકેલાં કેળાં ગાયના દહીં સાથે સૂર્યોદય પહેલાં ખાવાં. (૯) **કમળા ઉપર:**—પાકેલાં

* કેળનાં પાંદડાં ત્રણેક ફૂટ લાંબાં અને દોઢ બે ફૂટ પહોળાં હોય છે. એ વાયુ અને કફ ઉત્પન્ન કરનાર છે તથા એની શાંતિ મીઠું, સુંઠ અને મધ છે. એનો પ્રતિનિધિ સાકર અને ગોળ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ધમાં મેળવી ખાવાં. (૧૦) **ભસ્મક રોગ ઉપર:**-કેળાં ઘી સાથે ખાવાં અથવા રસનું પાણી કાઢી પીવું. (૧૧) **ધૂપણી (પ્રદર) અને સોમરોગ એટલે મૂત્રાતિસાર જેવો થાય છે તે ઉપર:**—પાકેલાં કેળાં, આમળાંનો રસ અને સાકર બે ભાગ એકત્ર કરી પાવું. (૧૨) **કૃચ્છ એટલે ગરમી ઉપર:**-ગાયના મૂત્રમાં કેળના કાંદાનો રસ નાખી પાવો. (૧૩) **દાહ શમન ા માટે:**—કેળનાં અને કમળનાં પાંદડાં ઉપર સૂઇ રહેવું. (૧૪) **બાળકને દાંત ફૂટે છે તે વેળા-રોગ થાય છે તે ઉપર:**—કેળદોડાની અંદરના જે બારીક ફણગા (બાળકેળ) ગરી પડે છે, રીક વાટી તેનો રસ કાઢવો. તેમાં થોડી જીરાની ભૂકી અને સાકર નાખી બાળકની શક્તિ નિત્ય એકવાર ચાર માસાથી છ માસાપર્યંત એ ક્રમ પ્રમાણે સતત સાત રોજ આપવું; ફક્ત એકલો આજ રસ દશ વીસ વાર દાઢો વગેરે ઠેકાણે ચોપડવો, એટલે તાવ વગેરે જલદી મે છે. (૧૫) **શીતળા હલકા આવવા માટે:**-વગડાઉ કેળનાં બીઆં ભેંસના દૂધમાં વાટી કપડ-ગણ કરી તે દૂધ પાવું. (૧૬) **મૂત્રાઘાત એટલે પેશાબ બંધ થાય છે તે ઉપર:**—કેળનું ાણી ૪-૫ તોલા લઇ તેમાં પાતળું ઘી બે તોલા મિશ્ર કરી પાવું. એનો એવો ચમત્કાર છે કે ળના પાણીમાં ઘીનો સંયોગ થઇ પેટમાં ગયેલું ઘી મૂત્રદ્વારે ઘણું જલદી નીકળી જાય છે અને તે ોગથી દ્વાર મોકળું થાય છે તથા પેશાબ છૂટે છે. પુરુષો કરતાં સ્ત્રીઓને તે ઘણોજ જલદી લાગુ પડે છે. (૧૭) **પ્રદર અને ધાતુવિકાર ઉપર:**—પાકેલું એક કેળું અર્ધા તોલા ઘી સાથે દરરોજ સવારે અને સાંજે ખાતા જવું. એ પ્રમાણે સતત આઠ દિવસ સેવન કરવાથી ઉપલા વિકારો શમે છે. આ ઔષધ-થી કોઇને ઠંડી આવે એવું જણાય તો એમાંજ મધનાં ચાર ટીપાં નાખી આ ઔષધ ખાતા જવું. (૧૮) **ઢોરના ખાવામાં સોમલ આવ્યો હોય તો:**—કેળનો રસ એક શેર કાઢી ફટકડી તોલા ૧૦ અને ધોળો કાથો તોલો ૧ નાખી તે મિશ્રણ ૩ દિવસ પાવું. (૧૯) **પિત્તરોગ ઉપર:**—પાકેલાં કેળાં અને ઘી ખાવું. (૨૦) **ઢોરના મૂત્રાવરોધ ઉપર:**-કેળનું પાણી એક શેરપર્યંત કાઢી તેમાં ગેરુ એક તોલો ઘસવો અને થોડું મીઠું અને મરીની ભૂકી ૪ ચણોઠીભાર નાખી પાવું. (૨૧) **કેળાં ખાવાથી અજીર્ણ થાય તો:**—એલચીદોડા ખાવા. (૨૨) **કેળું જલદી પકવવા માટે:**—લૂમનો દાંડો ૫—૬ આંગળ રાખી બાકીનો કાપી નાખ્યા પછી તેને ખીલાવડે કાણું પાડી તેમાં એલચીની ભૂકી ભરવી; એટલે કેળાં જલદી પાકે છે. કપૂર ભરવાથી પણ કેળાં જલદીથી પાકે છે. ઘણાં કેળાંમાં જો થોડી એલચીદોડાની ભૂકી નાખી હોય તો તે કેળાંનો નાશ થાય છે, એવો એલચીદોડામાં ગુણ છે. (૨૩) **ધૂપણી (પ્રદર) ઉપર:**—કેળનાં પાંદડાં બારીક વાટી તેની દૂધમાં ખીર કરી બે-ત્રણ દિવસ ખાવી. (૨૪) **ઉલટી ઉપર:**—કેળના કાંદાનો રસ મધ સાથે પાવો. (૨૫) **શરીરમાં જામેલી ગરમી અને પ્રમેહ ઉપર:**—કેળનો ગાભો છાયામાં સૂકવી ચૂર્ણ કરી તે સાકર અને પાણીમાં પાવું.

૧૫૨ કોકમ—સં૦ રક્તપૂરકા, વૃક્ષામ્લ. મ૦ અમસુલ. કો૦ કોકમ, રાતાંબા. હિં૦ વિષાબિલ, મહાદા. ક૦ તિતિડીક, સોલે, મરગિન, હુળીમરા. બં૦ મહાદા. રાં૦ ડાસસ્યા. ફ્રી૦ બ્રિડાઓ: તુ૦ ાણારપુળી. ગો૦ ભિરંડ. ઇં૦ કોકમ, બટર ટ્રી. લા૦ ગારસિનિયા પરપ્યુરીઆ.

એ ઝાડ મોટાં થાય છે. તે કોકણ અને કર્નાટક દેશમાં ઘણાં થાય છે. એનાં ફળોને 'કોકમ' હે છે. કોકમનો રંગ રાતો અને આકૃતિ નારંગી જેવી હોય છે. એને રાતાંબા કહે છે. રાતાંબાનો મગજ ખવાય છે અને અંદર પાણી હોય છે તે કાઢી પીએ છે. એનાં બીઆંમાંથી જે તેલ નીકળે છે તે મીણના જેવું જાડું અને ધોળું થાય છે; તે ખાવાના તથા ઔષધોના કામમાં આવે છે. એને ભિરંડેલ અથવા 'કોકમનું તેલ' કહે છે. ગોમાંતક અને માલવણ પ્રાંતોમાંથી સેંકડો ખાંડી કોકમ બહાર વેચાવા જાય છે. રાતાંબા ઉપરની છાલ સૂકવી તેનાં કોકમ કરે છે. એ આમલી કરતાં પથ્ય-કારક છે. એની કઢી અને ચટણી થાય છે. મીણબત્તી કરવાના કામમાં મીણમાં કોકમનું તેલ મિશ્ર કરવાથી તે સોંઘું પડે છે. બળવામાં પણ અડચણ આવતી નથી. **કાચાં ફળ:**—તુરાં, રુચિકારક, ખાટાં, ઉષ્ણ, અગ્નિદીપક, પિત્તકર, ગુરુ, કફકર તથા તીખાં છે; અને વાતોદર, વ્રણ, વાયુ તથા

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અતિસારનો નાશ કરે છે. **તેનાં પાકાં ફળોઃ**—મધુર, રુચ્ય, ગ્રાહક, તીખાં, લઘુ, ઉષ્ણ, તૂરાં, રૂક્ષ તથા અગ્નિદીપક છે; અને કફ, વાયુ, તરસ, આમાતિસાર, સંગ્રહણી, આમવાત, રક્ત પિત્ત, અર્શ, શૂળ, ગુલ્મ, વ્રણ, કૃમિ, હૃદ્રોગ તથા વાતોદરનો નાશ કરે છે. એ વૃક્ષના ગુણો ઉપર પ્રમાણેજ છે. **ઉપયોગઃ**—(૧) **હાડ દુખતું હોય તે ઉપરઃ**—કોકમના ઝાડનાં પાંદડાં ગરમ કરી તેનો પાટો બાંધવો. (૨) **રક્તયુક્ત આમાંશ ઉપરઃ**—વાયુના ઉપદ્રવથી કિંવા પણ કારણથી રક્તયુક્ત આમાંશ થાય છે તે ઉપર-એની કુંપળો કેળનાં સૂકાં પાંદડાંમાં વીં અંગારામાં શેકી, પછી બારીક વાટી ગોળી કરવી. તે ગોળી ગાયના તાજા દૂધમાં મેળવી તે ઘણું જલદીથી પી જવું; અથવા કોકમનું તેલ ગરમ કરી તે ઠરી ગયા પહેલાં પાવું. એ પ્રત્યેક એ તોલા પાવું. (૩) **શીતપિત્ત ઉપરઃ**—કોકમના પાણીમાં જીરૂં અને ખાંડ નાખી પાશેર પાવું. (**અમ્લપિત્ત અને પિત્તરોગ ઉપરઃ**—કોકમ, એલચી અને સાકર એની ચટણી કરી ખાવી. (**ઠંડીએ હોઠ ફાટે છે તે ઉપરઃ**—કોકમનું તેલ ચોળવું. (૬) **હાથનાં અને પગનાં તળીઆ દાહ થતો હોય તોઃ**—કોકમનું તેલ ચોળવું. (૭) **મૂળવ્યાધિ ઉપરઃ**—કોકમનાં પંચાંગ ભાગ, ભિલામાનું મગજ ૧ ભાગ અને મરી ૧ ભાગ, એનું ચૂર્ણ કરી તે ૧૦ માસા ખાવું; એ અંદરના અને બહારના મસા નાશ પામશે. (૮) **ઘી ખાવાથી અજીર્ણ થયું હોય તોઃ**—કોક કાઢો પાવો. (૯) **મૂળવ્યાધિથી ઘણી આગ થતી હોય તોઃ**—કોકમના તેલમાં સીસું ઘસી લેપ ક

૧૫૩ કોઠી—સં૦ કપિત્થ. મ૦ કવઠ. હિ૦ કૈથ, કબીટ. બં૦ કપેતબેલ. ક૦ વેલ્લુ, બે તે૦ એલાંગાકાયા. તા૦ વિળામારં. મલા૦ વિળાવુ. ઈ૦ વુડએપલ. લા૦ ફેરોનિયા એલેફેન્ટિનમ્

કોઠીનાં ઝાડ **દક્ષિણમાં** તથા **ગુજરાતમાં** ઘણાં થાય છે. આ વૃક્ષ મોટું થાય છે. એ વૃ ફળને કોઠું કહે છે, તે ગોળ અને કેરી જેવડું હોય છે. એ ફળના ઉપરની છાલ કઠણ હોય પાકેલાં કોઠાં એકલાં અથવા તેમાં ગોળ કિંવા સાકર નાખી ખાય છે. લીલા કોઠાના ગરનો અને ચટણી થાય છે. પાકેલાં કોઠાંનો મુરબ્બો પણ થાય છે.× **કોઠીનું ઝાડઃ**-મધુર, ખાટું, ગ્રાહક, શીત, વૃષ્ય અને કડવું છે; તથા પિત્ત, વાયુ અને વ્રણનો નાશ કરે છે. એનાં **કાચાં ફળ** ગ્રાહી, ઉષ્ણ, રુક્ષ, લઘુ, ખાટાં, તુરાં તથા લેખન છે; અને વાયુ, પિત્ત તથા જીહ્વાની જ કરનાર અને રુચિકર છે. વળી વિષ, જ્વર અને કફનો નાશ કરે છે. **પાકાં કોઠાં** રુચિકર, ખાટાં, તુરાં, ગ્રાહક, મધુર, કંઠશુદ્ધિકર, શીતળ, ગુરુ, વૃષ્ય અને દુર્જર છે; તથા શ્ર ક્ષય, રક્તરોગ, ઉલટી, વાયુ, શ્રમ, હિધ્મા, વિષ, ગ્લાનિ, તૃષા, ત્રિદોષ, ઉચકી તથા ઉધર નાશ કરે છે. **એનાં બીઆંઃ**—હૃદ્રોગ, મસ્તકશૂળ, વિષ અને વિસર્પનો નાશ કરે છે. **બીઆ તેલઃ**—તુરૂં, ગ્રાહક તથા મીઠું છે અને પિત્ત, ઉંદરનું વિષ, કફ, ઉચકી અને ઉલટીનો નાશ છે. એનાંરૂલ વિષનાશક અને **પાંદડાં** ઉલટી, અતિસાર અને હેડકીનો નાશ કરે છે. **ઉપયોગ** (૧) **પિત્ત શમન થવા માટેઃ**—કોઠાનો ગર સાકર નાખી ખાવો અથવા કોઠીનાં પાંદડાંનો દૂધમાં મેળવી પાવાથી ભયંકર અને પ્રબળ થએલા પિત્તનું શમન થાય છે. (૨) **કમળા ઉપરઃ**-કો પાલાનો રસ ગાયનું દૂધ નાખી પાંચ તોલા કાઢવો અને પ્રત્યેક દિવસ એકવાર આપવો. (૩) **પ્રદર(અ સ્ત્રીઓને પેશાબમાં ધાતુનું જવું તે) ઉપરઃ**-કોઠી અને વાંસનો પાલો બારીક વાટી મધમાં મેળવી આ (૪)**શરીરમાંની ગરમી વગેરે નીકળી જઈ ધાતુપુષ્ટિ થવા માટેઃ**-કોઠી ના પાલાનું ચૂર્ણ દૂધમાં ખડીસ નાખી આપવું. (૫) **ઉંદરના વિષ ઉપરઃ**—કોઠીનાં બીઆંનું તેલ ચોપડવું. (૬) **શરીર ઉપર પિ ઢીંમણાં ઉઠે છે તે ઉપરઃ**—કોઠીનો પાલો બારીક વાટી તેનો ઢીંમણાંપર લેપ કરવો; કિંવા વ

× હિંદુસ્તાની વૈદ્ય કોઠીના ફળને ગ્રાહી માને છે અને કાચું ફળ ઝાડો અને પેટના દરદમાં તથા પા મસૂઢા (દાંતના પારા) અને ગળાના સોજા ઉપર આપવાની ભલામણ કરે છે. મીર મહમદહુસેન કહે છે કે કોઠીનાં શીતળ, અને ફળ શીતળ, પાચક તથા એઠ દૂર કરવાને માટે અને ગળાનો સોજો ઉતારવાને માટે તથા દાંતના પારા મ કરવાને અપાય છે. ફળના ગર્ભનો સરબત પીવાથી ખાવા ઉપર રુચિ થાય છે. ઝેરી જંતુના ડંખ ઉપર ફળ ગરભ અથવા છાલ બાંધે છે. કોઠીના ઝાડનો ગુંદ વાટી મંત્ર સાથે આપવાથી ઝાડો અને મરડો દૂર થાય છે. માં કોઠી ખાટી અને ગ્રાહી માની છે તથા પાંદડાંનો રસ અગ્નિદીપક અને પાચક માન્યો છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પાલો દહીંમાં મેળવી શરીરે ચોળવો; અને પાલાનો રસ કાઢી તેમાં ખડીસાકર નાખી તે પાવો, ફલે થોડીક વારમાં શમન થાય છે. (૭) **શરીરમાં જામેલું રસાયન નીકળવા માટે:**—કોઠીનો પાલો, તાંદલજાની ભાજીનો પાલો અને કેળદોડામાંથી ગરી પડેલાં ફૂલ; તે સર્વ સમભાગ લઇ, તેનો જમાંશ કાઢો નિત્ય બે વખત એ પ્રમાણે ૧૪ દિવસ સુધી આપવો. બે વખત ઔષધો તાજાં જોઇએ. ખવાળું, ખાટું, મીઠું (લુણ), તીખું, એ પદાર્થ ખાવા નહિ અને સ્નાન પણ કરવું નહિ. પંદરમે દિવસે સર્વાંગે બકરીની લીંડીઓ ગોમૂત્રમાં વાટી તેનો ચાર ઘડી લેપ રાખવો; પછી સ્નાન કરી ભોજન કરવું. (૮) **હેડકી અને શ્વાસ ઉપર:**—કોઠાનો અંગરસ, મધ અને લીંડીપીપર સાથે આપવો. (૯) **અન્નદ્વેષ ઉપર:**—કોઠાના ગર્ભમાં સુંઠ, મરી અને લીંડીપીપરનું ચૂર્ણ મધ અને સાકર મેળવી ચાટવું.

૧૫૪ કોઠીંબર—કોઠીંબર આ કારીટાની જાત છે; પરંતુ કારીટ એ ઘણુંજ કડવું હોય છે, એટલે આને મીઠું કારીટ કહીએ તો ચિંતા નહિ. એ ગુજરાતમાં પુષ્કળ થાય છે. એનું શાક થાય છે અને તે સૂકવી જમણની સાથે ખાય છે. આમાં પણ કડવી અને મીઠી એવી બે જાતો છે.

૧૫૫ કોઠીંબાં—સં૦ કર્કચિર્ભટી, મૃગાક્ષી. મ૦ શેંદણી. હિં૦ સંધિની. ક૦ વાલુકમેક્કે.

કોઠીંબીના વેલા પાંચ છ હાથ જમીનપર ફેલાય છે. આ વેલા ઘણાક પ્રાંતોમાં થાય છે. એ વેલાને ભાદરવાની આસપાસ ફળો આવે છે તેને કોઠીંબાં કહે છે. એ ફળો ઉપર લીલા પીળા ચટાપટા હોય છે. જમીન સારી હોય તો આ ફળો છોલેલાં નાળીએર જેવડાં પણ થાય છે. એ કુણાં હોય ત્યારે કડવાં હોય છે. પાકવા પછી કાંઇક ખાટાં લાગે છે.× એની સુકવણી અને શાક કરે છે. એની કાચરી મીઠું ચડાવી સૂકવી રાખે છે અને તે તેલમાં તળી જમણની સાથે ખાય છે.

૧૫૬ કોથમીર (લીલા ધાણા)—સં૦ ધન્યાકં, કુસ્તુંબરી. મ૦ કોથીંબીર, ધણે. હિં૦ ધનિયા. બં૦ ધને. ક૦ હુવ્વીજ, કોતંબરીકાળુ. તૈ૦ કોથમીલું, ધણિઆલુ. તા૦ ઉત્તંબરી. તુ૦ કોતંબરી, કોતુમલ્લી. મલા૦ કોત્તમપાલરી. ફા૦ તુખમેકસ્મીઝ. અ૦ કજબુરા. ઇં૦ કોરીયંડર સીડ. લા૦ કોરીયંડમ્ સેટાઇવમ્.

કોથમીર સર્વત્ર પ્રસિદ્ધ છે. એનો રસોઇ કરવામાં નિત્ય ઉપયોગ થાય છે. એ ઝાડને બી આવે છે તેને ધાણા કહે છે. ધાણા મસાલામાં નાખે છે. આ પદાર્થ સ્વાદિષ્ટ, ઠંડો અને પિત્તશામક છે. ધાણા ભરડીને વાવવાથી થોડા દિવસમાં જરૂરપૂરતી કોથમીર તૈયાર થાય છે. કોથમીરની વડી ઉત્તમ થાય છે. કોથમીરની ચટણી પણ થાય છે.+ **ધાણા:**—મધુર, હૃદ્ય, તુરા, દીપન, સ્નિગ્ધ, કડવા, કિંચિત્ ઉષ્ણ, અવૃષ્ય, મૂત્રલ, લઘુ, પાચક, ગ્રાહક તેમજ રુચિકર છે; અને તૃષા, દાહ, અતિસાર, ઉધરસ, પિત્તજ્વર, ઉલટી, કફ, દમ, ત્રિદોષ, અર્શ, કૃમિ, અને વિશેષ કરી પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **ભિલામો**

× આ વેલામાં ચંદ્રની અસર આપોઆપ દેખાઈ આવે છે. વરસના ૩૫૪ અથવા અધિક માસના કારણસર ૩૮૪ દિવસ થયા હોય તોપણ તે દિવાળીના ચાર દિવસો અવલ પાકીને આપોઆપ ખરી ગયા છતાં પણ ભાગ્યેજ મીઠાં હોય છે અને દિવાળીના દિવસ પછી વેલાને વળગી રહેલાં પણ ભાગ્યેજ કડવાં હોય છે. કેવો દૈવી ચમત્કાર ! આ વેલા મડબાઉ એટલે આપોઆપ ઉગે છે. બહુધા એનાં ફળો મોરનાં ઈંડાં જેવડાં અને તેવીજ આકૃતિનાં થાય છે. કોઠીબાં ઘણાં ખાધામાં આવે તો મોઢું પણ પાકી જાય છે.

પાકતી આંગળી ઉપર:—કોઠીંબામાં કાણું પાડી તેમાં આંગળી નાખી રાખવી. આથી તે પાકીને ત્વરિત ફાટે છે.

+ યુનાની હકીમો—ધાણાને ઔષધની માફક પેટની પીડાનો નાશ કરનાર, પેશાબ વધારે લાવનાર, પાચક અને કામોદ્દીપન કરનાર માને છે; અને બદહજમી (અજીર્ણ) માં વારંવાર આપવાને ફરમાવે છે. વળી એને દરદનો નાશ કરી ઉંઘ લાવનાર, છાતીમાંથી કફને કાઢનાર ને પેટની પીડાને નાશ કરનાર સમજે છે. તેઓ ધાણાનું પાણી બનાવે છે. તેનાથી આંખ ધોવાથી શીતળા નીકળેલ હોય તો આંખને ઈજા થતી અટકે છે, એમ તેઓ માને છે અને ઘણી મુદતથી આંખ દુઃખવા આવી હોય તેને આરામ થાય છે. વળી એમ પણ માને છે કે ધાણાથી કેફી પદાર્થોનો (માદક પદાર્થોનો) જુસ્સો (મદ) કમી થાય છે. જવના લોટની સાથે ધાણાને વાટી પોટીસ કરી બાંધવાથી ઘણા દિવસનો સોજો ઉતરી જાય છે. ચરક સંહિતામાં ધાણાને તૃષાનિગ્રહણ અને શરદીને બંધ કર-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉઠી નીકળ્યો હોય તો:—કોથમીર વાટી ચોપડવી. (૨) **શરીરમાંથી શીતળાની જામેલી ગરમી નીકળી જવા માટે:**—શીતળા સારીરીતે મટયા પછી રાત્રે ધાણાજીરૂં ચોગણા પાણીમાં પલાળી રાખી, સવારે મસળી ગાળી તેમાં સાકર નાખી પાવું એટલે કોઠામાંહેની ગરમી શાંત થાય છે. આ પ્રયોગ ચાર પાંચ દિવસ કરવો. (૩) **આમ થાય છે તે ઉપર:**—ધાણા અને સુંઠ એના કાઢામાં એરંડમૂળનું ચૂર્ણ નાખી તે પાવું. (૪) **અરુચિ ઉપર:**—ધાણા, એલચી અને મરી, એનું ચૂર્ણ ઘી અને સાકર સાથે આપવું. (૫) **દાહ અને તૃષા ઉપર:**—ધાણા, અરડુસી, આમળાં, કાળી દ્રાક્ષ અને પિત્તપાપડો એ સર્વ ઔષધો સાધારણ ખાંડી એકત્ર કરી માટીના વાસણમાં નાખી તેમાં પાણી નાખવું; અને તે એકજ જગ્યાએ રાખી મૂકી બીજે દિવસે પાવું. (૬) **અગ્નિમાંદ્ય, શ્વાસ, વિષમજ્વર અને અજીર્ણ ઉપર ધાણાનું ચૂર્ણ:**—ધાણા, લવંગ, નસોતર અને સુંઠ, એનું ચૂર્ણ કરી ગરમ પાણીમાં પાવું. (૭) **તાવ ઉપર પાચન:**—ધાણા, દેવદાર, સુંઠ, ભોરિંગણી, ડોરલી (ઉભી રિંગણી) એનો કાઢો પાવો. (૮) **પિત્તજ્વર અને અંતર્દાહ ઉપર:**—ધાણા અને ચોખા રાત્રે પાણીમાં પલાળી રાખવા. બીજે દિવસે તેજ પાણીમાં તે બારી પાતળી કાંજી કરી સારી ઠંડી થયા પછી તે આપવી. (૯) **દાહ ઉપર:**—ધાણા રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી ગાળી લઇ તેમાં સાકર ૧ તોલો નાખી પાવું. (૧૦) **મૂત્રાઘાત ઉપર:**—ધાણા અને ગોખરૂનો કાઢો ઘી નાખી પાવો. (૧૧) **નેપાળાના વિષ ઉપર:**—ધાણાનું ચૂર્ણ, સાકર અને દહીં, એ એકત્ર કરી આપવું. (૧૨) **ગર્ભિણીની ઉલટી ઉપર:**—ધાણાનું ચૂર્ણ ૩ માસા અને સાકર ૧ તોલો, એ ચોખાના ધોવરામણમાં નાખી ખાવું; અથવા ધાણાનો કલ્ક ચોખાના ધોવરામણમાં સાકર નાખી પાવો. (૧૩) **રક્તપિત્ત ઉપર:**—ધાણા, દ્રાક્ષ અને બેદાણાનો કાઢો કરી પાવો. (૧૪) **બાળકનાં શૂળ, આમ અને અજીર્ણ ઉપર:**—ધાણા અને સુંઠ એનો કાઢો પાવો. (૧૫) **બાળકોની આંખો આવે છે તે ઉપર:**—ધાણાની પોટલી બાંધી પાણીમાં પલાળી રાખી તે વારંવાર આંખો ઉપર ફેરવવી. (૧૬) **તડકાની ગરમીની લુ ન લાગવા માટે:**—ધાણા પાણીમાં પલાળી મસળી તેમાં સાકર નાખી તે પાણી પાવું. (૧૭) **બાળકની ઉધરસ અને દમ ઉપર:**—સાકર અને ધાણા ચોખાના ધોવરામણમાં વાટી તેનું પાણી વસ્ત્રગાળ કરી પાવું. (૧૮) **તૃષારોગ ઉપર:**—ધાણા પાણીમાં પલાળી રાખી પછી મસળી તે પાણીમાં મધ અને ખાંડ નાખી તે વારંવાર પાવું.

૧૫૭ **કોદરા**—સં૦ અ૦ કોદ્રવ. મ૦ કોદ્રુ, હરિક. હિં૦ કોદો, કોદવ. બં૦ ગો૦ ક૦ હરિક. તૈ૦ આલુવાલુ. ઇં૦ પકચુઅર્ડ પાસપેલં. લા૦ પાસપેલં સ્ક્રોબિટયુટેલ્યમ્.

સર્વ પ્રકારનાં ધાન્યોમાં ઘણીજ હલકી પ્રતિનું ધાન્ય કોદરા છે. આ ધાન્યને ઘણું કરી ગરીબ લોકો સિવાય કોઇ ખાતું નથી. એમાં ચાર જાતિ છે. રામેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને માંજર (મેણા કોદરા). મેણા કોદરા એ જાત ઘણીજ અપકારક છે. મેણા કોદરાનો ખાવામાં ઉપયોગ કરે તો તેથી ઉલટી, જૂલાબ એવા વિકારો થાય છે, અંધારાં આવે છે, મન ભ્રમિત થાય છે, ગ્લાનિ આવી કેફ ચઢે છે અને વખતે પ્રાણ પણ જાય છે. એવા અનેક અનર્થ થાય છે. એ જો ખાવાના ઉપયોગમાં લેવા હોય તો એક દિવસ પાણીમાં પલાળી રાખવા. પછી તે સ્વચ્છ ધોઇ એક બે દિવસ તડકામાં સૂકવવા; એમ કરવાથી તેનો દોષ મટી તે ખાવાને યોગ્ય થાય છે. કોદરાનો ભાત, ધેંસ તથા વડાં પણ કરે છે. કોદરાની ઉંબી કાંઇક નાચણી જેવી હોય છે. કોદરા મોટી રાઇ જેવડા હોઈ તેનો રંગ રાતો કે પીળો પણ હોય છે. કોદરા ઘણા શીતળ છે. એ અશક્ત માણસે કદિ પણ ખાવા નહિ; કેમકે તે વીર્યનાશક છે. **કોદરા:**—મધુર, શીત, ગ્રાહક, ગુરુ, કડવા, વ્રણને હિતકર તથા રુક્ષ છે; અને કફ, પિત્ત, વિષ તથા

નાર કહેલ છે. સુશ્રુતમાં એને સર્વજ્વરનાશક, દીપક, દાહનાશક, અરુચિનાશક અને ઉલટી બંધ કરનાર કહેલ છે.

કેટલીક વખતે તાવના ઉતારમાટે રાત્રે પલાળી રાખેલા ધાણાનું પાણી પાય છે ખરૂં; પણ એમ માલમ પડયું છે કે વખતે એ પ્રયોગથી દરદીને એકદમ શ્વાસ થઈ દેહત્યાગ પણ કરે છે; માટે દેશ, કાળ અને પ્રકૃતિનો અવશ્ય વિચાર કરવો. એની માત્રા ૯ માસાથી ૧ તોલા સુધીની છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) અન્નદ્રવશૂળ ઉપરઃ**-કોદરાના ચોખા (કુરીઆ)ની ખીર ખાવી કિંવા કોદરાનો ભાત દહીં સાથે ખાવો.

૧૫૮ કોલિંજન--સં૦ બં૦ કુલંજન. મ૦ કોળિંજન. હિં૦ કુલિંજન. ક૦ કોળંજન. ફા૦ ખિરદ્દારૂ. અ૦ ઇર્કખોલિંજાન્. ઈ૦ ગ્રેટરગેલંગાલ. લા૦ આલ્પિનિયા આફિસનેરમ્.

કોલિંજનનાં ઝાડ આંબાહળદરનાં ઝાડ જેવાંજ થાય છે. એ ઝાડ આંબાહળદર કરતાં કિંચિત્ મોટાં હોય છે. એનાં પાંદડાંનો વાસ મધુર હોઇ મંડળનો રંગ ધોળો અને તીખો હોય છે. ગોમાંતક અને મલબાર પ્રાંતમાં એ ઝાડો પુષ્કળ થાય છે. એની ગાંઠો સૂકવી રાખે છે, તેને 'કોલિંજન' કહે છે. કોલિંજનની ગાંઠોના કકડા કરી તેને અથાણામાં નાખે છે. જે બીજું કોલિંજન કાંઇક તીખું લાગે છે તેને "કોષ્ઠકોલિંજન" પણ કહે છે.+ **કોલિંજનઃ**--તીખું, કડવું, ઉષ્ણ, અગ્નિદીપક, રુચિકર, સ્વર્ય તથા હૃદ્ય છે; અને મુખ તથા કંઠની શુદ્ધિ કરનાર તેમજ મુખદોષ, કફ, ઉધરસ અને વાયુનું નાશક છે. મોટું એનાથી ઓછું ગુણવાળું છે. **ઉપયોગઃ—(૧) ઉટાંટીઆ ઉપરઃ**—એનાં છોગલાંની કઢી કરી ખાવી અથવા તેનો રસ કાઢી પીવો. **(૨) માથું ચઢયું હોય તે ઉતરવા માટેઃ**—કોલિંજનનું બારીક ચૂર્ણ કરી તે નાકે સુંઘવું; એટલે છીંકો આવી મસ્તક ઉતરે છે. **(૩) વાયુએ કરી અંગ રહી ગયું હોય તો તે ઉપરઃ**—કોલિંજનનું ચૂર્ણ શરીરે ચોળવું. **(૪) સ્વરભેદ (સ્વરભંગ) ઉપરઃ**—કોલિંજન મોંઢામાં રાખી રસ ગળવો. **(૫) મોડશી (મરકી) ઉપરઃ**—કોલિંજન અને સિંધવ કોકમના તેલમાં કાલવી જરા ગરમ કરી શરીરે ચોપડવું; એટલે મરકી તથા ખુલ્લીશૂળ-(હાથ, પગ, પેડુ અને ખભા, એમાં થનાર શૂળ) નો નાશ થાય છે. **(૬) ઉલટી ઉપરઃ**--કોલિંજનનો એક તોલો રસ કાઢી, તેમાં લીમડાનો રસ એક તોલો અને આદાનો રસ એક તોલો નાખી દોઢ તોલો સાકર નાખવી અને તે શીજવી રાખવું; એ પ્રત્યેક વખતે અર્ધો તોલા પ્રમાણે બે વખત એમ ત્રણ દિવસ આપવું. **(૭) બહુમૂત્રરોગ ઉપરઃ**-કોલિંજનનો અષ્ટમાંશ કાઢો કરી બે વખત પાવો. **(૮) બાળકોના અતિસાર ઉપરઃ**--કોલિંજન છાશમાં ઘસી થોડી હિંગ નાખી કઢી કરી પાવી. **(૯) મુખદુર્ગંધી દૂર થવા માટેઃ**--કોલિંજનનું ચૂર્ણ મધમાં મેળવી દાંતને ચોપડવાનો નિયમ રાખવો. **(૧૦) દંતરોગ ઉપરઃ**—કોલિંજનનું ચૂર્ણ મધમાં કાલવી તેથી દાંત ઘસવા.

૧૫૯ કોશિંબ--(જંગલી આંબો)-સં૦ કોશામ્ર. મ૦ કોશિંબ. હિં૦ કોશમ. બં૦ કેઓડાફલ. ક૦ જુરીમાચુ. લા૦ સ્લીચરાટ્રીજગા.

કોશિંબનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એની ઉત્પત્તિ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. કોકણ પ્રાંતમાં એ ઝાડો પુષ્કળ થાય છે. એનું લાકડું ચીકણું હોય છે. એના લાકડાનો ગાભો રાતા રંગનો હોય છે. એનાં **બીઆંનું તેલ કાઢે છે. તે** કડવું, મધુર, બલ્ય, પથ્ય, રુચિકર, પાચક તથા સારક છે; અને કૃમિ, કોઢ, તથા વ્રણનું નાશક છે. **કોશિંબઃ**—ખાટું, ગુરુ, શોષકર, પિત્તલ, કફકર તથા કોષ્ઠશોધક છે; અને વાયુ, કોઢ, અર્શ, સોજો, પિત્તવ્રણ, રક્તપિત્ત અને રક્તરોગનો નાશ કરે છે. **એનાં પાકાં ફળઃ**—લઘુ, અગ્નિદીપક, રુચિકર, સ્નિગ્ધ, ઉષ્ણ, મધુર, બલકર, હૃદ્ય તથા વૃષ્ય છે; અને કફવાતનાં વિનાશક છે. **ઉપયોગઃ—(૧) જુલાબમાટેઃ**—કોશિંબનું તેલ ગરમ પાણીમાં પાવું.**(૨) ખસ, વ્રણ અને કોઢ ઉપરઃ**—કોશિંબનું તેલ ચોપડવું. **(૩) ચેળ આવતી હોય તોઃ**—કોશિંબની છાલનો રસ કાઢી તેમાં સમુદ્રફળ ઘસી લેપ કરવો.

૧૬૦ કોહળું--સં૦ કુષ્માંડ. મ૦ કોહોળા, કોહળા. કો૦ દાર કોહળા. હિં૦ કુહ્મડ, કુહ્મડા, પેઠા, કોહડા. બં૦ ગાછકુમુડા. ક૦ કર્ગુંબળ-લ, કગુંબળ, સિડિંગેગુંબળ. તા૦ કલ્યાનપુસિનિકાયિ. તુ૦ કારકુંબડા. મલા૦ નારેંકુપલાના. તૈ૦ પુલ્લાહા, વર્ડિકા, વલ્લેગુમાંડે. ફા૦ ભુરાકુદુ. અ૦ મહદ્દેવા.

+ કોલિંજનનાં મોટાં ઝાડ થાય છે. તે દેખાવમાં દ્રાક્ષ જેવાં લાગે છે. તેની જડને કોલિંજન કહે છે. કેટલાંક મનુષ્યો પાનની જડને અને કેટલાંક કણગરને કોલિંજન કહે છે; પણ એ એમાંનું એકપણ નથી. શ્રી૦ દત્તરામ ચોબાજીએ મહાભરી વચને કોલિંજન માનેલ છે; પણ શ્રી૦ શાલીગ્રામે તે બંનેને જૂદીજ માનેલ છે. કોલિંજનમાં નાની અને મોટી એવી બે જાતો છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઈ૦ પંપકીન. લા૦ મેનિન્કાસા સેરિફેરા. ઉડી૦ કખારૂ, પાનીકખારૂ.

કેટલાંક કોહળાં હાથ દોઢ હાથ લાંબાં થાય છે. સારી જમીન હોય તો એક વેલા ઉપરથી ૫૦–૬૦ સુધી કોહળાં થાય છે. કોહળાનો પાક થાય છે તે પૌષ્ટિક છે. એનું શાક અને વડાં કરે છે. કોહળું ઘણુંજ ઠંડું છે. જૂનાં રીંગણાં અને કાચાં કોહળાં એ ખાવાં નહિ જોઇએ. કહેલ છે કે **वृन्ताकं बहुबीजानां कुष्माण्डं कोमलं विषम्** અર્થાત્ ઘણાં બીજવાળાં વંતાક (રીંગણાં) અને કુણાં કોહળાં એ વિષરૂપ છે. કોહળાં એક વર્ષ સુધી રહી શકે છે.+

કોહળું:—વૃષ્ય, પુષ્ટિકારક, ધાતુવર્ધક, બસ્તિશુદ્ધિકર્તા, બળકર, અતિ મીઠું, શીતળ, ગુરુ, રુક્ષ, સારક, હૃદ્ય અને કફકર્તા છે; તથા મૂત્રાઘાત, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પથરી, તૃષા, અરુચિ, વાતપિત્ત, રક્તવિકાર, વાયુ અને શર્કરા (રેતી) વિકારનો નાશ કરે છે. તે **કુંણાં** હોય તો–અતિ શીતળ, દોષકર અને પિત્તહર છે. તેજ **જુનાં** હોય તો–કફકારક અને **પાકેલાં** હોય તો–કિંચિત્ શીતળ, દીપક, લઘુ, સ્વાદુ, ખારટ, બસ્તિશુદ્ધિકારક, સર્વદોષનાશક અને પથ્ય છે. **તેનો ગર:**—મધુર, બસ્તિશુદ્ધિકારક, વૃષ્ય અને પિત્તનાશક છે. **ઉપયોગ:**—**(૧) સ્થાવર અને જંગમ સર્વ વિષ ઉપર:**—કોહળાનો રસ કાઢી પાવો અથવા કકડો ખાવા આપવો. **(૨) દારૂ અને કોદરા (ધાન) ના વિષ ઉપર ઉતાર:**—કોહળાનો રસ ગોળ નાખી પાવો. **(૩) ગોતા ઉપર:**—કોહળાના ગરના રસમાં જેઠીમધ ઘસીને પાવું. **(૪) ઉન્માદ ઉપર:**—કોહળાના રસમાં કોષ્ટકોલિંજન (મોટા કોલિંજન)નું ચૂર્ણ મધ નાખી પાવું. **(૫) માંડપુળી ઉપર:**—કોહળું છીણીને તેમાં વાટેલું અગરિયું મીઠું મસળી પછી તે ફોડા ઉપર બાંધવું. **(૬) કમળા ઉપર:**—કોહળાનાં પાંદડાં વાટી તેમાં હળદરનો ભૂકો મેળવી તે દહીં સાથે સાત દિવસ આપવો: **(૭) અમ્લપિત્ત ઉપર:**—કોહળાના રસમાં સાકર નાખી આપવું. **(૮) રક્તશૂળ ઉપર:**—કોહળાના ગરભના રસમાં ૨ તોલા લાખનું ચૂર્ણ નાખી આપવું. **(૯) શ્વાસ અને ઉધરસ ઉપર:**—કોહળાના મૂળનું ચૂર્ણ નવશેકા પાણીમાં ખાવું. **(૧૦) શૂળ ઉપર:**—કોહળું છોલી, ફોડી તડકે સૂકવી વાસણમાં ઢાંકી ચૂલા ઉપર મૂકી નીચે બળતું કરવું. રાખ ન થતાં કોયલા થાય ત્યાંસુધી બાળી પાણીમાં ઠંડા કરી ઠરી ગયા પછી ચૂર્ણ કરી બે માસા પ્રમાણે લઇને તેટલુંજ સુંઠનું ચૂર્ણ મિશ્ર કરી ઉના પાણી સાથે નિત્ય આપવું, એટલે અસાધ્ય શૂળનો નાશ થશે. **(૧૧) પથરી અને શર્કરા ઉપર:**—કોહળાનો રસ હિંગ અને જવખાર નાખી આપવો.

૧૬૧ કોળકંદ:—સં૦ કોલકંદ. મ૦ કોલકાંદા, સાપકાંદા. કો૦ ધાપા, પાંચણુકાંદા, કોચીંદા. હિં૦ જંગલીપ્યાજ, કોલીકાંદા. ક૦ સંપુટગેડ્ડ, કાડએલ્લુ લ્લિગિડ. તા૦ કટુવેલવાંગાયમ્. તૈ૦ અડવિ-તેલ્લાગડ્ડા. તુ૦ બાગુલ્લી. મલા૦ કાટેના. ફા૦ બસલુલ્ફાર. ઈ૦ ઈંડિયન સ્કિવલ. લા૦ સિલાઅૉફિ સિનેલિસ.

આબેહુબ કુંગળીના કાંદા જેવાજ આ કંદ રાનમાં ઉત્પન્ન થાય છે. તે ઉગ્ર, તીક્ષ્ણ અને અતિશય ખરજવાળા હોય છે. કુલઈની ભાજી જેવાં એનાં પાંદડાં હોય છે. એ કાંદા કુંગરાળ જમીન-માં થાય છે.* શેદળીના કાંદા નામે એક કોળકંદ પ્રમાણેજ કાંદા થાય છે; તે મોટા હોય છે.

+ કોહળાના વેલા ઘર આગળ અને વાડામાં વાવે છે. એનાં પાંદડાં મોટાં હોય છે. એનાં ફળો તેને લાગેલા દીંટડાસહિત રાખી મૂકીએ તો બાર માસ સુધી પણ બગડતાં નથી; પરંતુ જો દીંટડું ઉખેડી નાખવામાં આવે તો તે કહોવરાઈ બગડી જાય છે. એ દીંટડું પાણીમાં ઘસી વીંછીના ડંખ ઉપર ચોપડેથી આરામ થાય છે. એનાં કુમળાં નેત્રાં સામી આંગળી કરવાથી બગડી જઇ ખરી જાય છે અથવા તેમાં વેઢા પડી જીવ પડે છે.

* પાણકંદા અને કોળકંદા બંનેનાં નામો શ્રી૦ પદેજીએ પોતાના નિઘંટમાં નં ૩૨૭ ઉપર ભેગાં લખ્યાં છે, તેથી કેટલાક વાચક તે બંનેને એકજ માનતા હશે; પરંતુ વગરાક લોકથી તજવીજ કરતાં ચોક્કસ માલમ પડે છે કે એ બંને જૂદા છે. કોળકંદના કાંદા આબેહુબ કાંદા (કુંગળી) જેવડાજ હોય છે અને તે સ્વાદમાં પણ મીઠા હોય છે. એનાં પાંદડાં કુંગળી જેવડાંજ હોય છે; પરંતુ પાણકંદાના કાંદા બહુજ મોટા આઠ દશ શેર સુધીના વજનના થાય છે. તેનાં પાંદડાં લસણનાં પાંદડાં જેવાં થાય છે, ઉંનનાં વસ્ત્ર વણતાં પાણકંદાના કંદનું પાન બનાવવું જોઇએ છીએ. એથીજ એને પાણકંદાના નામથી લોકો ઓળખે છે. બાકી તો બંનેને જંગલી કુંગળીજ કહે છે. પાણકંદાને ભાગી એક માટલામાં અર્ધા ભરી તેપર ત્રાંબાનાં કંટકવેધી પત્રાં પાથરી ઉપર પણ એજ મુજબ કુટી છુંદો કરેલ પાણકંદા ભરી કપડમાટી કરી ભઠ્ઠી કરવાથી અત્યંત ફલદાયી તામ્રભસ્મ થાય છે. પાણકંદાના કંદને ડગળી આપી તેમાં હીંગળો નાખી ડગળી બંધ કરી ભઠ્ઠી કરવાથી એની ઉત્તમ ભસ્મ થાય છે, એમ જૈન ગ્રંથોમાં લખાયલું જણાય છે. કોળકંદ સ્વાદમાં મીઠા હોય છે અને પાણકંદા કડવા હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એના ગુણ પણ કોળકંદા પ્રમાણેજ છે. **કોળકંદઃ**—તીખા તથા ઉષ્ણ છે; અને વિષ, ઉલટી તથા કૃમિના નાશક છે. **ઉપયોગઃ-(૧) કૃમિ ઉપરઃ**—કોળકંદના રસમાં થોડો લોટ મેળવી તે શેકીને ખાવો અથવા ચણાના લોટમાં મેળવી તેનાં ભજીઆં કરી ખાવાં. **બીજો પ્રકારઃ**—કોળકંદનો કંદ અને કળથી એનો કાઢો કરી પાવો.

૧૬૨ કૌચ (કવ્વચ)—સં૦ મર્કટી, સ્વયંગુપ્તા. મ૦ ખાજકુહિરી, કુહીલી. કો૦ ખાજકોલતી. હિં૦ કૌંછ, કિંવાચ. બં૦ આલ્કુશી, ધુનારગુંડ, દયા, શુયાશિંબી. ક૦ નસુકુગુરી, નસુકુગુન્ની, કાદકંરે. તૈ૦ પિલ્લીયડગુ. તા૦ પુનેક્કાલિ. તુ૦ નાઇસોણંગુ. મલા૦ નાયિકરૂણા, ચોરિવલ્લિ. ગો૦ ખવલ્યાવાલી. ઇં૦ કૌહેજ. લા૦ મ્યુકયુના પ્રુરિયેન્સ.

કૌચના રોપા વગડામાં મૃગશીરનો વરસાદ પડવા માંડે કે લાગલા ચોતરફ ઉગે છે. પછી તેના મોટા વેલા થઈ ઝાડ ઉપર અને વાડ ઉપર ચઢે છે. કૌચના વેલાને પાંદડાંની બાજુએ લાંબું ડીટું ફુટી તેને ફૂલોનો ઝુમખો આવે છે.એક ઝુમખામાં વીસ પચીસ ફૂલો હોય છે. આ ફૂલોમાં એક એક આંગળ લાંબા અને તેટલાજ જાડા શીંગોના ગુચ્છા આવે છે દરેક ગુચ્છામાં પાંચથી દસશુધી શીંગો હોય છે.એ શીંગો ઉપર બારીક કાંટા હોય છે.એ કાંટા શરીરે લાગે તો શરીરેવિલક્ષણ આગ થઇ તે ભાગ સૂજે છે.ફોલ્લો ઉઠાડવાના કામમાં એનો ઉપયોગ કરવામાં આવે છે. શીંગોમાંનાં બીઆંને કૌચબીજ કહે છે. કૌચમાં બે જાતિ છે. 'રેડેકૌચ' અને'મેઢાકૌચ' અથવા 'મીઠી કાચ.' એમાંથી મીઠી કૌચની શીંગો કિંચિત્ મોટી અને નાજુક હોઇ ઉપલા કાંટા નુકસાનકારક હોતા નથી. એ શીંગ ઉપરના કાંટા છરીથી છોલી નાખી તેનું શાક કરે છે. એ શાક લીલાં કેળાંના શાક જેવું થાય છે. **કૌચઃ**—મધુર, વૃષ્ય, શીત, ધાતુવર્ધક, બલકર, ગુરુ તથા કડવી છે; અને ક્ષય, વાયુ, શીતપિત્ત, રક્તદોષ, વ્રણ, કફ તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં ×**બીજઃ**—ધાતુવર્ધક, વૃષ્ય, શીતળ, સ્વાદુ તથા ગુરુ છે; અને વાત, દુષ્ટવ્રણ તથા રકતપિત્તનો નાશ કરે છે. બીજા ગુણો અડદ જેવા છે. **ઉપયોગઃ-(૧) કૃમિ ઉપરઃ**—કૌચની શીંગો ઉપરના થોડા કાંટા દૂધમાં કિંવા ગોળમાં નાખી તે નાના બાળકને આપવું. આ ઔષધ ઘણું આપવું નહિ. એથી કરમનો ઉપદ્રવ ત્વરિત દૂર થાય છે. આ મોટું રામબાણ ઔષધ છે. **(૨) કૌચના વિષ ઉપરઃ**—ઘી, સાકર અને મધ એકત્ર કરી પાવું. **(૩) નાનાં વાછરડાંને કરમ થયા હોય તોઃ**—કૌચનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અથવા કૌચના કાંટા છાશમાં પાવા. **(૪) ગર્ભધારણ માટેઃ**—મીઠી કૌચનાં મૂળ અને કોઠાનો ગર દૂધમાં વાટી પાવાં. **(૫) ધાતુપુષ્ટિને માટેઃ**—કૌચબીજ તથા તાલીમખાનાનું ચૂર્ણ સાકર સાથે ખાવું અને ઉપર ધારોષ્ણ દૂધ પીવું. **(૬) સોમલના વિષ ઉપરઃ**—ખરજવાળી કૌચની છાલ અને ધોળો કાથો એકત્ર કરી, પાણીમાં વાટી થોડું થોડું પાણી પીવું. **(૭) મૂર્ચ્છા દૂર થવા માટેઃ**—કૌચ શરીરે ચોપડવી. **(૮) શ્વાસ ઉપરઃ**—કૌચનાં બીઆંનું ચૂર્ણ પ્રાતઃકાળે મધ અને ઘી સાથે ચાટવું. **(૯) ગાંઠ, બદ અને માંજરી (બાંબલાઇ)ઉપરઃ**—કૌચનાં બી ઘસી દિવસમાં બે ત્રણ વાર લેપ કરવો.

૧૬૩ ખજૂરી—સં૦ ખર્જૂર. મ૦ ખજૂર, ખારિક. હિં૦ પીંડખજૂર, છુહારા. બં૦ સોહારા. ક૦ ખજ્જૂર, ઉત્તત્તી. તૈ૦ ખજૂરપુપુંડુ. ફા૦ ખુર્માતર, ખુર્માખુષ્ક. અ૦ તમરરૂતબ. ઇં૦ ડેટ પામ. લા૦ ફિનિકસ મોટેના.

ખજૂરીનાં ઝાડ શિંદી (જંગલી ખજૂરી) જેવાં ઉચાં વધે છે. ખજૂરીનાં ઝાડ આ દેશમાં પુષ્કળ થાય છે; પરંતુ તેનાથી ખજૂર ઉત્પન્ન થતું નથી. તેઓને ખજૂર જેવાં ફળો આવે છે, પણ લોકોને પકવવાની માહિતી નહિ હોવાને લીધે કિંવા અહીંની હવા યોગ્ય નહિ હોવાથી તે પાકતું નથી. અરબસ્તાન અને ઈરાન દેશમાં ખજૂર પુષ્કળ પાકે છે. જે ફળો અધકચરાં સૂકવે છે તેને ખારેકો કહે છે. આરબ લોક ખજૂર ખાઈનેજ ઘણા દિવસ કાઢે છે. ખજૂર એ પાચક અને

×કૌચનાં બીજ ધાતુપુષ્ટિના કામમાં સર્વોપરિ મનાય છે, પણ તે શુદ્ધ કર્યા સિવાય વપરાતાં નથી; માટે તેને દૂધમાં બાફી ઉપરની ફોતરી ઉતારી નાખવી એટલે તે શુદ્ધ થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પૌષ્ટિક છે. ખજૂરના ઠીલાનું તેલ કાઢે છે. તે બાળવાના તથા ઔષધોના ઉપયોગમાં આવે છે. એનો ખોળ ઢોરોને ખવરાવે છે. ખજૂરનાં ઝાડનાં પાંદડાંની સાવરણીઓ વગેરે બને છે. લાકડું ઘરકામના ઉપયોગમાં આવે છે. ઉનાળામાં લોકો ખજૂરનું સરબત કરી પીએ છે. તેમાં પાણી મેળવ્યાથી તે સમશીતોષ્ણ થાય છે. ખારેકનાં બી બાળકોને બાળગોળીમાં ઘસીને પાય છે. ×**ખજુરઃ**—વૃષ્ય, સ્વાદુ, શીત તથા ગુરુ છે; અને અગ્નિમાંદ્ય, કૃમિ, ધાતુવૃદ્ધિ, તૃપ્તિ તથા પુષ્ટિને કરનાર, હૃદ્ય, બલ્ય, દુર્જર, સ્નિગ્ધ, રસકાળે અને પાકકાળે મધુર છે; તથા રક્તપિત્ત, પિત્ત, દાહ, શ્વાસ, કફ, શ્રમ, ક્ષતક્ષય, વિષ, તૃષ્ણા, શોષ અને અમ્લપિત્તનો નાશ કરે છે. **સુલેમાની ખારેકઃ**—ભ્રાંતિ, શ્રમ, મૂર્ચ્છા, રક્તપિત્ત, તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગઃ**-(૧) **રેચ થવા માટેઃ**-ખજૂર રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ચોળી તથા ગાળીને તે પાણી પાવું એટલે રેચ થાય છે. (૨) **મૂળવ્યાધિ ઉપરઃ**—ખારેકનાં બી બારીક વાટી તેની ધૂણી આપવી. (૩) **ખરજવા ઉપરઃ**—ખારેકનાં બી બાળીને તેની રાખ, કપૂર અને ઘી એ ખલ કરીને લેપ કરવો. (૪) **કપાળ દુખતું હોય તો તે ઉપરઃ**-ખારેકનાં બી ઘસી માથા ઉપર ચોપડવાં. (૫) **ઘોડાને શરદી થઇ હોય તો તે ઉપરઃ**—ખારેકના બીનું ચૂર્ણ કરી તે લોટમાં નાખી આપવું. (૬) **આમવાત ઉપરઃ**-પાશેર ખજૂર પલાળીને પાવું. (૭) **ધાતુપુષ્ટિને માટે તથા પિત્તશમન થવા માટેઃ**-ખારેકની અંદરનાં બીઓ કાઢી નાખી સાધારણ ખાંડી તેમાં બદામ, બેદાણા, પિસ્તાં, ચારોળી, સાકરની ભૂકી વગેરે મસાલો એકત્ર કરી તે સર્વેનું મિશ્રણ, રીતસર પાતળા કરેલા અને અથાય એટલા ઘીમાં પલાળી રાખવું અને સતત આઠ દિવસ સારી રીતે અથાયા પછી દરરોજ સવારે બે તોલા સેવન કરવું. (૮) **ટાઢીઆ તાવ ઉપરઃ**-ખારેકનું બી અને અંધાડીના મૂળને ઠંડા પાણીમાં ચંદન જેવું જાડું ઘસી ખાવાના પાનને ચાર ગુંજભાર જેટલું ચોપડી તે પાન સોપારી, લવંગ, એલચી, કાથો વગેરે સાથે તૈયાર કરવાં; અને તાવ આવ્યા પહેલાં એકેક ઘડીના અંતરે એકેકું બીડું ખાવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું; એટલે ટાઢથી આવનારો તાવ જાય છે. (૯) **જીર્ણજ્વર ઉપરઃ**—ખારેક, સુંઠ, દ્રાક્ષ, સાકર અને ઘી, એ દૂધમાં નાખી તે દૂધ કઢવીને પાવું. (૧૦) **દાહ થવા લાગ્યો હોય તોઃ**-નવટાંક ખજૂર પાણીમાં મસળી પાવું. (૧૧) **ચેતના પ્રાપ્ત થવા માટેઃ**—માખણ અને ખારેકો ખાતા જવું. (૧૨) **ધનુર્વાત અને રક્તપિત્તી (વાતરક્ત) ઉપરઃ**-ખજૂરનો કલ્ક કરી તેમાં એરંડાનું તેલ નાખી પાવું. (૧૩) **બાળકોને માટે શક્તિવર્ધક ખોરાકઃ**—ઉત્તમ ખજૂર છ માસાથી ૩ તોલાપર્યંત બાળકની શક્તિ પ્રમાણે લઇ સ્વચ્છ પાણીથી ધોઇ લુછી નાખવું; અને માંહેના ઠળીઆ કાઢી થોડું દૂધ લઈ તેમાં તે કેટલોક વખત સુધી પલાળી રાખી પછી મસળી કપડાથી ગાળી તે રસ દિવસમાં ત્રણ વાર પાવો. એ ભક્ષ્ય એક મહિનાથી અધિક વયના બાળકને આપવાલાયક છે. માત્ર દરેક વેળાએ રસ કાઢીને પાતા જવું. (૧૪) **ઠંડી હવા હોય કિંવા શરદીનો વિકાર હોય ત્યારે બાળકોને આપવાનો ખોરાકઃ**—સારી ખારેક લઇ ભીના લુગડાથી સ્વચ્છ લુછીને પછી તેમાંનું બી કાઢી નાખવું અને સુખડ પ્રમાણે દૂધમાં ઘસીને બાળકોને ખવરાવવું; અથવા તેમાંજ બીજું દૂધ નાખી પાતળું કરી પાવું. આ ઔષધ નાનાં બાળકોને આપવું નહિ, પણ મોટાને આપવું. નાનાં બાળકોને આપવાથી પેટમાં જાળું બંધાય છે અને કોઠામાં ગરમી થાય છે. (૧૫) **મદ્ય (દારૂ) ઉપર ઉતારઃ**—ખજૂર પલાળી મસળીને ગાળીને પાવું. (૧૬) **પ્રદર ઉપરઃ**—ખારેકનાં બીઓ ખાંડી ઘીમાં તળી તેમાં ગોપીચંદનની ભૂકી નાખીને આપવું. (૧૭) **રક્તપિત્ત ઉપરઃ**—ખજૂર મધમાં ખાવું.

૧૬૪ ખટખટી—ખટખટીનાં ઝાડ બેત્રણ માથોડાં ઉંચાં વધે છે. એનાં પાંદડાં આકારે ધામણીનાં

× ખારેક અને ખજૂરના ઠળીઆ તૃષાને રોકનાર છે, તેથી જ્યારે કસુવાવડ થયેલ સ્ત્રીને પાણી નહિ આપવા ખાસ જરૂર હોય છે, ત્યારે તેને એક પછી એક આ ઠળીઆજ માત્ર મોઢામાં રાખવા માટે આપવામાં આવે છે. અતિસાર બંધ થવાને છોરી ખારેકમાંથી ઠળીઓ કાઢી નાખી તેના ઠેકાણે ચણા જેવડી અફીણની કાંકરી નાખી, તે ઉપર ભીનું કપડું વીંટી ધૂમાડારહિત દેવતામાં ભારી શેકાઈ રહે એટલે તેને વાટી ચણા જેવડી ગોળી કરી સવારસાંજ એકેક અથવા શક્તિ-અનુસાર આપવી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પાંદડાં જેવાં અને તે કરતાં ઝીણાં હોય છે. એ ઝાડને ચાર પાંચ ફૂલોનો એક તોરો એવાં ફૂલો આવે છે. ખટખટીનાં ફળો ખાવાથી ગળચટાં લાગે છે. **ઉપયોગઃ--(૧) પુષ્ટતાને માટેઃ--** ખટખટીનાં મૂળ દૂધમાં વાટી પાવાં. **(૨) આમરક્ત પડે છે તે ઉપરઃ**--ખટખટીનાં મૂળ દૂધમાં અથવા પાણીમાં વાટી પાવાં. **(૩) વાતરક્ત ઉપરઃ**-રોગીએ ખટખટીનાં મૂળ હમેશાં પાસે રાખવાં, ખટખટીની લાકડી હાથમાં રાખવી, સોજા ઉપર અને ગાંઠ ઉપર ખટખટીનાં મૂળ ઘસીને ચોપડવાં અને દરરોજ સવારસાંજ ગાયના પાશેર દૂધમાં ખટખટીનાં મૂળ ૩ માસા, ઘોળી ગુલબાસીનો કંદ એ તોલા અને ગોમેટીનાં મૂળ ૬ માસા ઘસીને ૪૨ દિવસ સુધી પાવાં એટલે વાતરક્ત દૂર થાય છે. **(૪) અતિસાર ઉપરઃ**--ખટખટીનાં મૂળ છાશમાં વાટી પાવાં.

૧૬૫ ખડબુચું (સકરેટી)--સં૦ ષડ્ભુજા, મધુપાકા. મ૦ ખરબુજ. હિં૦ ખરબુજા. બં૦ ખરમુંજા. ક૦ ષડ્ભુજા સૌતે. ફા૦ ખુરપુજા. અ૦ બિત્તીખ. ઇ૦ મેલન. લા૦ કુકયુમિસમેલો.

કાલીંગડા જેવોજ એનો વેલો થાય છે. ખડબુચાનું ફળ ગોળ થાય છે અને તેનો બહારનો રંગ રાતો હોય છે. ખડબુચું ખાવાથી સારૂં લાગે છે. એનું શાક પણ કરે છે. જે ખડબુચાનો અંદરનો રંગ લીલો હોય છે તેને મરાઠીમાં " તરટી " કહે છે. એ ખાવાથી બહુ સારી લાગે છે. ખડબુચાં વધારે ખાવામાં આવ્યાથી ગરમીનો ઉપદ્રવ થાય છે. **ઉપયોગઃ-(૧) તાપની ઝાળ લાગી હોય તોઃ**--ખડબુચાનાં બીઆં વાટી માથા ઉપર ચોપડવાં અને તેનો રસ શરીરે ચોપડવો.

૧૬૬ ખરશીંગી (મેઢાશીંગ)-સં૦ મેષશૃંગી, ખરશૃંગિકા. મ૦ ભેડશીંગી, ખડશીંગી. હિં૦ બં૦ મેઢાશીંગી. ક૦ ઉરિયમારા, ઉડીમારા. તા૦ ઓડિયમાર. તૈ૦ ઓટીમાનું. મલા૦ ઓટી, ઉટી. લા૦ હ્રસઓડિના.

આ ઝાડ ઘણુંજ મોટું થાય છે. કોકણ પ્રાંતમાં એ ઝાડ ઘણે ઠેકાણે થાય છે. એનાં પાંદડાં કડવા લીમડાનાં પાંદડાં જેવાં હોઇ તેનાથી લાંબાં હોય છે. એને ચપટી, હાથ પોણો હાથ લાંબી અને અંગુઠા જેવડી જાડી શીંગો આવે છે. એ શીંગોને ખડશીંગો કહે છે. એનો વાસ ઉગ્ર આવે છે. આ શીંગો અને આ ઝાડનાં પંચાંગ કડવાં હોય છે. એનું લાકડું સાધારણ કામમાં ઉપયોગી છે. એના લાકડાનાં મૃદંગ અને તબલાં સારાં થાય છે. **ખરશીંગ**-કડવું, વાતનાશક અને કૃમિ, કોઢ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) નળ ફુલવા ઉપર અને પેટશૂળ ઉપરઃ**-એનો પાલો અગર છાલ કુટી તેનો રસ પાવો. **(૨) કૃમિ ઉપરઃ**-અનાં પાંદડાંનો અથવા છાલનો રસ આપવો. છાલ સૂકી હોય તો કાઢો કરીને પાવો. **(૩) ખસ ઉપર**-ખરશીંગીના ઝાડની છાલનું પાતાળયંત્રવડે તેલ કાઢી તે ચોપડવું.

૧૬૭ ખપાટ (*ખરેટી)--સં૦ બલોત્તમા. મ૦ થોરલા ચિકણા. કો૦ ચિક્કણકડયા. હિં૦ ખિરેટી, ખરહટા, બાજવંદ. બં૦ શ્વેતવેડેલા. ક૦ બેણેગરગભેદ. ઇ૦ હાર્ટલવ્ડાસડા. લા૦ સિડા-કોર્ડિફોલિયા.

---

* આ ખરેટીના વર્ણનની તપાસ કરતાં કેટલાક વિચારો ઉત્પન્ન થાય છે. પ્રથમ તો અમારા પ્રદેશમાં અમે જે વનસ્પતિને ખરેટીતરિકે જાણીએ છીએ તેનાં પાંદડાં કાત્રાદાર એ ખાંચાવાળાં ન હ પણ શુદ્ધ મેંદીનાં પાંદડાંને ઘણા ભાગે મળતા આવે છે. એની ડાખળી ઉપર એક દોઢ ઈંચના આશરાની લંબાઈનો જાડો કાંટો હોય છે; જેનો પૃષ્ઠભાગ બાવળની શૂળ જેવો નહિ, પંરતુ અનીજ સૂકી ડાંખળી હોય એવો દેખાય છે. માત્ર અણીજ બાવળની શૂ ની માફક તીક્ષ્ણ હોય છે. વળી આ ઝાડને અમારા લોકો કદિ ખપાટતરીકે કહેતા હોય એમ જણાતું નથી. કદાચ ા ખરેટી અને ઉકત ખપાટ જૂદાં હોય તો શું નવાઇ! વળી આને નરહરિ પંડિતના નિઘંટ-ચૂડામણિના આધારે બલોત્તમા (ઉત્તમ બલા) માની છે, તો તેને બલાચતુષ્ટયમાં માનવી અને એનાં બીજને બળબીજ માનવાં, એ પણ અમને તો યોગ્ય લાગતું નથી. બલાચતુષ્ટય અને બળબીજસંબંધીના અમારા વિચારો બળ (બોળ) ના વર્ણનના નીચે ટીપમાં જણાવીશું.

નવાઈ જેવું તો એજ છે કે શ્રી. દત્તરામે અને શાલીગ્રામજીએ ખરેટીનેજ બલા માની છે; પરંતુ અમે સાફ અક્ષરે નિવેદન કરીએ છીએ કે એ તો એમની દેખીતી ભૂલ છે, જોકે બલાનાં નામમાં બહુ અંતર પડયો નથી. માત્ર **બલાનું** બલ થયું તેથીજ તેનાં બીજ તે બલબીજ કહેવાયાં. જંગલીઓએ પોતાની અશુદ્ધ ભાષામાં બોળ કહ્યું છે, એથી એ વનસ્પતિજ ઇતર હોવાનું સ્વીકારવામાં મને તો વાંધો છે. હું તો બલા એ બોળ અને એનાં બીજને બળબીજ માનું છું.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ખપાટનાં ઝાડ બળ (બોળ)નાં ઝાડ કરતાં મોટાં થાય છે. ખપાટનાં પાંદડાં કાત્રાદાર હોય છે અને પ્રત્યેક પાંદડાંને બે ખાંચા હોય છે. એ કાંઇક સહદેવીનાં પાંદડાં જેવાં હોય છે. આ ઝાડ ઉપર બારીક ગોળાકૃતિ ફળો આવે છે, તેને લોકો ખાય છે. એ ફળો કિંચિત્ તુરાં, મધુર, ધાતુશુદ્ધિકારક અને મુખરોગનાશક છે. એ ફળોનો રંગ નારંગી જેવો હોય છે અને તે ફળો પાકયા પછી ઝીણા રુદ્રાક્ષ જેવાં જણાય છે. ખપાટ ઘણાક પ્રાંતોમાં થાય છે. ખપાટને ધોળા રંગનાં ફૂલો આવે છે. એનાં બીઆંને "બળદાણા" કે "બળબીજ" કહે છે. એ આકારે ઝેંઝીનાં બીઆં જેવાં હોય છે. ખપાટ, સહદેવી, કાંગસી અને ગંગેટી એ ચારેના સમુદાયને "બલાચતુષ્ટય" કહેછે. **બલાચતુષ્ટયઃ**–શીત,મધુર, બલ્ય, કાંતિકારક, સ્નિગ્ધ તથા ગ્રાહી છે અને વાયુ, રક્તપિત્ત તથા ક્ષતનો નાશ કરે છે. ખપાટનાં મૂળોની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે સેવન કરવાથી બહુમૂત્રરોગ દૂર થાય છે. **મહાબલા (સહદેવી)ઃ**—મૂત્રકૃચ્છ્રનાશક અને વાતનું લોમન કરનાર છે. **અતિબલા (કાંગસી)ઃ**--દૂધસાકરમાં સેવન કરવાથી પ્રમેહનો નાશ કરે છે. **ઉપયોગઃ**– **(૧) વિદ્રધિ, વ્રણ, ગુમડાં, બદ્ધ, પાકું ઈત્યાદિ ઉપરઃ**—ખપાટનાં રાતા રંગનાં કુમળાં પાંદડાં બારીક વાટીને થેપલી કરી બેસાડવી; અને તે ઉપર કપડાનું આચ્છાદન કરી તેના ઉપર ઠંડુ પાણી નાખતા રહેવું. આ યોગથી તે ગાંઠ જલદી પાકે છે અને ફુટે છે. તેમજ કોઇ પણ પ્રકારે દાહ થતો હશે કિંવા સણકા થતા હશે તો તે ત્વરિત બંધ થશે; અથવા ખપાટનો પાલો વાટી માંહે લવંગ નાખી ઉપર બાંધવો. (૨) **ગરમીથી થયેલાં ચાંદાં સૂકવવા માટેઃ**--ખપાટની છાલ અને જૂનાં પાંદડાં એકત્ર ખાંડી તેમાં પાણી નાખી અષ્ટમાંશ કાઢો કરવો અને તે કાઢાથી ચાંદાં ધોવાં. એથી ચાંદીઓ જલદી સારી થાય છે. (૩) **ભૂતજ્વર ઉપરઃ**—ખપાટનાં મૂળ વિધિપૂર્વક ગળામાં બાંધવાં. (૪) **તાવ ઉપરઃ**--ખપાટનાં મૂળ પુષ્યનક્ષત્રમાં હાથે બાંધવાં. ખપાટમૂળ અથવા સુંઠ એનો કાઢો આપવો. તે શીત, કંપ અને દાહયુકત તાવનો બે ત્રણ દિવસમાં નાશ કરે છે. **(૫) મૂત્રદોષ અને શુક્રદોષ ઉપરઃ**--બળદાણા, હિંગ, દૂધ, ઘી, એ સર્વ એકત્ર કરી પાવું. **(૬) અંડવૃદ્ધિ ઉપરઃ**—બળદાણાના કાઢામાં એરંડતેલ નાખી પાવું. **(૭) વીંછીના ડંખ ઉપરઃ**– ખપાટનાં મૂળ ઘસીને ચોપડવાં.

૧૬૮ ખરસાંણી(ડી)—સં૦ ભદ્રચૂડ, પત્રગુપ્ત. મ૦ શેર.

આ ઝાડ જંગલી છે. વાડ કરવામાં એનો ઘણો ઉપયોગ થાય છે. એનું દૂધ ઘણું ઉષ્ણ છે. તે શરીરે લગાડવાથી ફોલ્લો ઉઠે છે. ખરસાંણીના લાકડાના કોલસા ફોડવાનો દારૂ કરવાના કામમાં આવે છે. આ ઝાડનાં ચિકાડા, ચોહિરા, કાંડેહુરા અને નિવલી આદિ મરાઠી નામો છે. **ઉપયોગઃ**— **(૧) વીંછીના વિષ ઉપરઃ**—ખરસાંણીનું દૂધ ચોપડવું. (૨) **ઉંધરસ ઉપરઃ**--ખરસાંણીનું દૂધ માખણમાં રોગીની શક્તિ જોઇ એક, બે કિંવા ત્રણ માસા આપવું; તેથી ઉલટી થાય છે અને રેચ પણ થાય છે. ઉપર દહીં અને ભાત આપવાં. (૩) **ખરસાંણીના વિષ ઉપરઃ**–પાણીમાં મધ નાખી પાવું. કાળી નગોડનો પાલો વાટી લેપ કરવો. માખણ ખાવું તથા લેપ કરવો.(૪) **આંબોઇ (પિચોટી) ખસી હોય તોઃ**–ફુંટીની આસપાસ ખરસાંણીના દૂધનો લેપ કરવો. (૫) **ખસ ઉપરઃ**– ખરસાંણીની સુકાઇને નીચે પડેલી ડુંખો બાળી તેલમાં ખલ કરી લેપ કરવો. (૬) **કર્ણશૂળ ઉપરઃ**– ખરસાંણીની ડુંખો અંગારામાં શેકી રસ કાઢીને તે કાનમાં પાડવો; અથવા તે રસમાં તેટલુંજ બકરીનું ઘી ગરમ કરી નાખી તે કાનમાં પાડવું, (૭) **વિષમ જ્વર ઉપરઃ**–ખરસાંણીની પાકેલી ડુંખો કેળનાં પાંદડાંમાં વીંટી અંગારામાં શેકી તથા બાફી તેનો રસ કાઢી, તેમાં ઠીકરી છમકારી હિંગની ભૂકી નાખી તે રસ શુમારે ૪ તોલા પર્યંત આપવો. (૮) **ફુરશાના વિષ ઉપરઃ**—ખરસાંણીની ડુંખો અંગારામાં બાફી રસ કાઢવો અને તે તાળવા ઉપર અને દંશસ્થાને ચોળવો તથા બે આચમની પાવો પણ ખરો.

૧૬૯ ખસખસ, અફીણ--સં૦ ખાખસ. મ૦ હિં૦ ક૦ ખસ્‌ખસ્, બં૦ પોસ્તદાના. તૈ૦ તા૦ ગસગસ. તુ૦ કસકસે. મલા૦ કશકશ. ફા૦ તુખ્મેકોકનાર. અ૦ હબુલ કોકનાર. ઇ૦ પૉપીસીડસ. લા૦ પાપાવર સોમ્નિફેરમ્ .

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અફીણના ડોડા–સં૦ ઉલ્લસત્ફલ. હિં૦ પોસ્ત, ખસખસકા ફલ. મ૦ અફૂચે બોંડ. બં૦ પોસ્ત-ટંડિ, ખાકશી. ફા૦ કોકનાર. અ૦ અબુનાસ. ઇ૦ કયાપસુલ.

જે છોડમાંથી અફીણ ઉત્પન્ન થાય છે તેને ખસખસનો રોપો કહે છે. ખસખસનાં ઝાડ સરાસરી ત્રણ ચાર ફુટ ઉંચાં વધે છે. એને જીંડવાં આવે છે. તેને પોસ્ત અને જીંડવામાં બી થાય છે તેને ખસખસ કહે છે. ખસખસના જીંડવાને શસ્ત્રથી ચીરો પાડવાથી તેમાંથી જે રસ નીકળે છે, તે સૂકાય છે એટલે તેનેજ અફીણ (સં૦ અહિફેન) કહે છે. અફીણ એ માદક પદાર્થ છે. એની ગણના ઉપવિષોમાં છે. અફીણ ઘણું ખાવામાં આવે તો પ્રાણનાશ થાય છે; પરંતુ એ રીતસર આપવાથી સારા ઉપયોગમાં આવે છે. ખસખસના છોડમાંથી અફીણ થાય છે; પરંતુ ખસખસના અંગે માદકપણું નથી. ખસખસના ફળ ઉપરની ત્વચાને "પોસ્ત" કહે છે. ખસખસ એ પાષ્ટિક છે. એનો પકવાન્નોમાં અને બીજા પદાર્થોમાં પુષ્કળ ઉપયોગ થાય છે. કુંણી હોય ત્યારે ખસખસનાં પાંદડાંની એકલી અથવા ભેગવાળી ભાજી સારી થાય છે.

અફીણનાં જીંડવાંમાંથી નિષ્કર્ષ, અવલેહ અને કષાય એવા ત્રણ પ્રકારના કલ્પ થાય છે. સૂકવેલાં જીંડવાંનો ભૂકો ૪૦ તોલા, ૧૦૦ તોલા ગાળેલા (ડીસ્ટીલ ફ્રેડ) ઉકૃણી ઉઠેલા પાણીમાં ૮ પહોર સુધી ભીંજવી રાખવો. પછી "પર્કોલટર" થી બીજા વાસણમાં તે પાણી ગાળી લઇ ઉકાળવું. ઉકળતાં ૫૦ તોલા પાણી બાકી રહે એટલે ઉતારી ઠારવું; અને તેમાં મદ્યાર્ક (ટીંચર) મેળવી તે મિશ્રણ કેટલીક વાર સુધી તેવીજ રીતે રાખી મૂકી, ફરીથી અગ્નિ ઉપર મૂકી ઘટ્ટ થતાં સુધી ઉકાળવું. આ નિષ્કર્ષથી અફીણ જેવો મલષ્ટંભ ન થતાં ઘેન આવે છે. યૂનાની હકીમ જૂની ઉધરસના ઠણકાથી રોગી ઘણો હેરાન થતો હોય તો આ નિષ્કર્ષનો ઉપયોગ કરે છે. આ નિષ્કર્ષથી માથું દુખવું, ચક્કર આવવાં વગેરે અફીણના વિકાર થતા નથી.

ખસખસનું તેલ નીકળે છે. તે ખાવાના અને બાળવાના કામમાં ઉપયોગી થાય છે. એનો ખોળ ગાય અને ભેંસને ખાવા આપે છે. ખસખસ જેમ તાજી હોય તેમ તેમાંથી તેલ વધારે નીકળે છે. બીજ સારાં હોય તો તેનો ત્રીજો ભાગ તેલ નીકળે છે. આ તેલ તડકે રાખી મૂકવાથી સફેદ, પારદર્શી અને સ્વાદહીન થાય છે. એ માથે ચોળવાથી ઘેન આવે છે અને મજ્જા પુષ્ટ થાય છે. રંગ તૈયાર કરવાને પણ આનો ઘણોજ ઉપયોગ થાય છે. ધોળા રંગમાં ખસખસનું તેલ મેળવવાથી સુંદર સફાઈદાર રંગ થાય છે. જે જીંડવાંમાંથી અફીણ કાઢી લીધેલું નથી હોતું, તેમાંની ખસખસ કડવી અને કેફી હોય છે; તથા તેનું તેલ કાઢવાથી તેમાં પણ એ દોષ આવે છે. બંગાળી ખસખસનું તેલ માળવાની ખસખસના તેલ કરતાં સારૂં હોય છે અને તેથીજ તે ખાવામાં વધારે વપરાય છે. માળવી તેલ ઘણું કરીને બાળવામાં વપરાય છે. મીણબત્તી, સાબુ વગેરે બનાવવાને પણ આ તેલનો ઉપયોગ થાય છે. યૂરોપમાં તેલના રંગ (ઑઇલ પેઇંટસ) અને વિશેષે કરીને ચિત્રકામના રંગ (આર્ટિસ્ટસ કલર્સ) બનાવવામાં અળસી અને બીજાં તેલને બદલે આ તેલનો ઉપયોગ કરે છે. ખસખસનો ખોળ તાજો હોય તો ઘણો મીઠો અને ઢોરોને પુષ્ટિ આપનાર થાય છે. તે જૂનો થવાથી તેના ઉપર ફુસ જામે છે અને તે કડવી લાગે છે. તે સ્થિતિમાં ઢોરોને ખાવા આપી હોય તો કાંઇક પણ નુકસાન કરે છે. ખસખસના ખોળની રાસાયનિક રચના ગ્લાસ્ગોના પ્રૉફેસર અંડરસને આ પ્રમાણે ઠરાવેલ છે:–સો ભાગ ખોળમાં પાણી ૬.૫૬, તેલ ૧૧.૦૪, નૈત્રોજનસ દ્રવ્ય ૩૪.૦૩, ગુંદ અને તેના જેવો પદાર્થ ૨૩.૨૫, રાખ ૧૩.૭૦ અને બાકી કચરો ૧૧.૩૩.

ખસખસનું ઝાડ:—ગ્રાહક, બલકર, ગુરુ, વૃષ્ય, કફપ્રદ, પાકકાળે મધુર, વીર્યપ્રદ, કાંતિકારક તથા બલકર છે; અને વાત તથા પિત્તનો નાશ કરનાર છે. **એનાં ફળ**:—રુક્ષ, ગ્રાહક અને રક્તશોધક છે. **ફળની છાલ**:–શીતળ, લઘુ, કડવી, ગ્રાહક, તુરી, વાતકારક, રુચ્ય, સપ્તધાતુશોષક પુરુષત્વ-નાશક, રુક્ષ, મદકર, અગ્નિવર્ધક અને મોહક છે. **ખસખસ**:—કફકારક, બલ્ય, વૃષ્ય, ગુરુ, મધુર, ગ્રાહક અને વાતનાશક છે. **ઉપયોગ**:–(૧) **આમાતિસાર ઉપર**:–ખસખસ દહીંમાં વાટી પાવી. (૨) **બાળકોને આમ પડે છે તે ઉપર**:—ખસખસનો કંસાર અથવા થુલું કરી ખવરાવવું. (૩) **સાંધા દુખે**

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છે તે ઉપરઃ—ખસખસના (પોસદોડાના) કાઢામાં કલાક બે કલાક સાંધા શેકવા. **(૪) સોજો, પેટનું ચડવું અને શરીરમાં વાયુ ભર્યો હોય તે ઉપરઃ**—ખસખસનાં ફૂલ અને જીંડવાં પાણીમાં ઉકાળી તે પાણીનો શેક કરવો. **(૫) પુષ્ટિ અને શક્તિ આવવા માટેઃ**—ખસખસ, બદામગીર અને ચારોળી સમભાગે લઇ બારીક વાટીને ગાયના દૂધમાં મેળવી ઉકાળી ખીર કરવી. તેમાં ઉતારતી વેળાએ બે તોલા તાજું ઘી અને તેટલીજ સાકર નાખી તે મળી જાય એટલે બે માસાપર્યંત ગળોનું સત્ત્વ નાખી સેવન કરવું. એ પ્રમાણે સતત કેટલાક દિવસ કરવાથી ઉત્તમ પ્રકારની પુષ્ટ પ્રાપ્ત થાય છે. આ ઔષધ શક્તિહીન બાળકોને પણ આપવાને ઘણું ઉત્તમ છે. **(૬) દારુણા** (કેશમાંહેની જમીન કઠણ થઇ ઝીણી ફોડલીઓ થાય છે તે) **રોગ ઉપરઃ**—ખસખસ દૂધમાં વાટી માથા ઉપર લેપ કરવો. **(૭) બાળકોમાટે શક્તિવર્ધક ખોરાકઃ**—ખસખસ ગાયના દૂધમાં બારીક વાટીને તેમાં બીજું દૂધ અને થોડો ગોળ કિંવા સાકર નાખી ઉકાળીને રાબડી તૈયાર કરવી; અને સારી રીતે ઠંડી થયા પછી ખાંડ નાખવી. આ ખોરાક બે મહિનાથી અધિક વયના બાળકને આપવાયોગ્ય છે અને જે બાળકને હગામણનો ઉપદ્રવ હોય તેઓને તો ઘણોજ હિતકારક છે. **(૮) અર્ધાંગવાયુ ઉપરઃ**—ખસખસનું તેલ કોપરાના તેલ સાથે શરીરે ચોળવું. **(૯) દારૂણા નામના કપાળરોગ (ઈ. ટ્યુરીજ ધી સ્કૅલપ) ઉપરઃ**—ખસખસ દૂધમાં વાટીને લેપ કરવો.

क अफीणुः—સં૦ અહિફેન. હિં૦ બં૦ ક૦ અ–આફીમ. તૈ૦ ગાલમંડુ. ફા૦ અફ્યૂન, તિર્યાક. અ૦ લબનુલ, ખાસખાસ. ઇ૦ ઓપિયમ. લા૦ પેપેવેરી, સોમ્નિફેરમ.

સંસ્કૃતમાં અફીણનાં અહિફેન આદિ નામો છે તે અર્થવાળાં છે. અહિફેન એટલે સર્પનું ઝેર. સર્પદંશનું જેવા પ્રકારનું પરિણામ શરીર ઉપર થાય તેવુંજ પરિણામ અફીણની વધારે માત્રા લેવાથી થાય છે. એથીજ તેને અહિફેન, નાગફેન, ભુજંગફેન આદિ નામો સંસ્કૃતમાં આપેલાં છે.

અફીણની પ્રાથમિક અસર ઉત્તેજક છે અને પછીની સ્થિતિમાં તે શરીરમાંની પીડા શમન કરીને ઘેન લાવનારી છે. ટાઢીઆ તાવની કમકમાટી બંધ કરવાને તે ઉપયોગી છે. એ સ્તંભક હોવાથી અતિશય પરસેવો બંધ કરવામાં, રેચ બંધ કરવામાં અને સાધારણ કોઇ પણ પ્રકારનો સ્રાવ બંધ કરવામાં ઉપયોગી થાય છે. પેટની અંદરના ભાગમાં દાહ થયો હોય તો આનો ઉપયોગ થાય છે. તાવ ઘણો વધ્યો હોય તે સ્થિતિમાં અફીણનો ઉપયોગ ઘણો હિતાવહ છે. દાક્તર લોક તે કપૂરાદિક પદાર્થો સાથે મિશ્ર કરીને આપે છે; તેથી તાલાવેલી શાંત થઇ ઘેન (ઉંઘ) આવે છે. પક્વાશયમાંના વ્રણ, આમ, અતિસાર, કૉલેરા વગેરે રોગમાં તેમજ અતિઆર્તવ, પીડિતાર્તવ, ગર્ભાશય પ્રદર, સ્નાયુસંકોચજન્ય મૂત્રકૃચ્છ્ર આદિ સ્ત્રીપુરુષોના મૂત્રમાર્ગના રોગમાં અફીણ ઉત્તમ ગુણકારી છે. ધનુર્વાત અને આમવાતના વિકારોમાં પણ અફીણ સારૂં ચાલે છે. મસ્તકશૂળ, સંધિવાત, અભિષ્યંદ (આંખ આવવી) આદિ નેત્રરોગ ઇત્યાદિમાં અફીણનો બાહ્ય ઉપયોગ હિતાવહ છે.

અફીણનું ઝેરઃ—અફીણ યોગ્ય માત્રામાં આપવું ગુણકારી છે; પરંતુ તે હદ ઉપરાંત આપવાથી મરણકર્તા થાય છે. ઓછામાં ઓછા બે રતી અફીણથી મનુષ્ય મરે છે. એ કડવું હોવાથી બીજાનો પ્રાણઘાત કરવાને ઉપયોગી થતું નથી. ઘણું કરીને આત્મઘાત કરનારા લોકોજ તે ખાય છે. અફીણનું ઝેર ચઢવા લાગે કે ચક્કર આવે છે, જીવ ગભરાય છે અને હળવે હળવે ભાન નહિ જેવું રહી માણસ બેશુદ્ધ થાય છે. પહેલવહેલાં તો હાંક મારવાથી ઉત્તર આપે છે; પરંતુ પાછળથી બોલવું તદ્દન બંધ થાય છે. શ્વાસ મંદ પડે છે. નાડી ભરપૂર મંદ ચાલે અથવા નકામી થઇ જલદી ચાલે છે. અંગ કાંઇક તપી આવે છે. પરસેવો આવે છે. આંખો મીંચાયલી હોય છે. આંખોની મોટાઈ સંકોચાય છે (ખાડા પડે છે.) શ્વાસ બંધ પડે છે. ચહેરો ફિક્કો પડે છે. હોઠ અને હાથ કાળા દેખાય છે. ઝાડો થાય નહિ અને પેટ ફૂલે છે. મરણ પહેલાં શરીર ઠંડુ થાય છે. આંખના ડોળા ફાટી રહે છે અને નાડી હાથજ લાગતી નથી. રોગી સારો થવાનો હોય તો તે શુદ્ધિ ઉપર આવતો લાગે છે. તેને ઉલટી થાય છે. માથું દુઃખે છે. કદિ કદિ અફીણના ઝેરથી આંકડી, બકવા, ઉલટી, જુલાબ, ધનુર્વા (તાણ) ઇત્યાદિ લક્ષણો થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અફીણ ખાવાથી શુમારે એક કલાકે વિષારિ ચિહ્ન દેખાવા લાગે છે અને ઘણું કરીને ૨૪ કલાકમાં મનુષ્ય મરે છે. દરરોજ અફીણ ખાનારા લોકો (વ્યસની) ને તેનું ઝેર બાધ કરતું નથી; પરંતુ તેનું શરીર અશક્ત થાય છે, તેને ઝાડો સાફ થતો નથી, બરોબર ભૂખ લાગતી નથી, મન દુર્બળ થાય છે, ચહેરો વિચિત્ર દેખાય છે, ઘડપણ જલદી આવે છે અને ઘણું કરીને તે નાની ઉંમરે મરે છે. ડૉકટર લોક મોર્ફિયા નામનું અફીણનું સત્ત્વ વાપરે છે, તે પેટમાં ગએલ હોય તો અફીણ જેવાંજ લક્ષણો થાય છે. પરિણામ અફીણ કરતાં જલદ અને જોરદાર હોય છે.

અફીણમાંથી ચંડૂ અને માદક એ બે પીવાના માદક પદાર્થો બનાવે છે.

અફીણ:—જારણ, મારણ, ધારણ અને સારણ એમ ચાર પ્રકારનું છે. તે વૃષ્ય, બળકર, ગ્રાહી, સાત ધાતુનો શોષ કરનાર, વાતપિત્તકર, આનંદકારક, માદક (કેફી), વીર્યસ્તંભક, કડવું અન મધુર છે; તથા સન્નિપાત, કૃમિ, કફ, પાંડુ, ક્ષય, પ્રમેહ, દમ, ઉધરસ, પ્લીહા (બરોળ) અને ધાતુક્ષયનો નાશ કરે છે. જે અફીણ ધોળા રંગનું અને અન્નને પચાવનારૂં છે તેને જારણ કહે છે; અને કાળું હોય તે મૃત્યુકારક છે એટલે તેને મારણ કહે છે. જે અફીણ પીળું છે તે જરાનાશ કરનારૂં છે, માટે તેને ધારણ કહે છે અને જે ચિત્રવર્ણ હોય છે તે મળનું સારણ કરે છે માટે તેને સારણ કહે છે.

અફીણનો ઉપયોગ:—(૧) આમાતિસાર અને કૉલેરા ઉપર:—અફીણ, જાયફળ, લવંગ, કેસર અને કપૂર આ સર્વ ઔષધો સમભાગ લઇ તેની બબ્બે રતીની ગોળીઓ કરી દરેક વખતે એકેક ગોળી ઉના પાણી સાથે આપવી. આથી ગમે તેવો આમવિકાર હશે તે સારો થશે. **(૨) સંગ્રહણી, આમાતિસાર, રક્તાતિસાર વગેરે ઉપર:**—અફીણ ૨ ભાગ અને જાયફળ, ટંકણખાર, અભ્રકભસ્મ, શુદ્ધ કરેલ ધંતુરાનાં બીજ, આ દરેક એકેક ભાગ લઈ નારી (મ૦ ચાંદવેલ) નાં પાંદડાંના રસમાં ખરલ કરી રતી પ્રમાણે ગોળીઓ કરી દરેક વખતે ૧ ગોળી મધમાં આપવી. પથ્ય દહીં અને ભાત ખાવાં. **(૩) દુગ્ધવટી:**—અફીણ અને વછનાગ બાર બાર રતી, લોહભસ્મ પાંચ રતી, અભ્રકભસ્મ છ રતી; એ સર્વેને દૂધમાં ખરલ કરી રતી પ્રમાણે ગોળીઓ બનાવી દૂધ સાથેજ આપવી. આ ગોળી આપી હોય તો ખાવાપીવામાં દૂધ વગર બીજા પદાર્થનો ઉપયોગ કરવો નહિં; અને રોગ તદ્દન સારો થયા સુધી મીઠું અને પાણી વર્જ્ય કરવાં. આ દુગ્ધવટીથી સંગ્રહણી, વિષમજ્વર, અનેક પ્રકારના સોજા, અગ્નિમાંદ્ય અને પાંડુરોગ નાશ થાય છે. **(૪) સર્વાતિસાર, આમાંશ અને કૉલેરા ઉપર:**—અફીણ, શુદ્ધ કરેલ ઝેરકોચલાં અને ધોળાં મરી, એ ત્રણે સમભાગ લઈ તેને આદુના રસમાં ખરલ કરી સુંઠ અને ગોળમાં મેળવી ગોળી કરી, તે ૧ ગોળી આપવી; એટલે ગમે તેવો અતિસાર, આમાંશ અથવા કૉલેરા હશે તો તે તત્કાળ સારાં થશે. **(૫) બહુમૂત્રરોગ ઉપર:**—અફીણ અને જાયફળ દરેક ચાર ચાર ભાગ, કપૂર ૧ ભાગ અને કસ્તુરી ૧ ભાગ, એ પ્રમાણે ચારે ચીજો લઇ ખરલ કરી દરેક વખતે તે એક રતીની માત્રા પ્રમાણે નાગરવેલના પાનના રસમાં આપવાથી બહુમૂત્રરોગ સારો થાય છે. **(૬) અતિસાર અને કૉલેરા ઉપર:**—અફીણ અને કેસર સમભાગ લઇ ખરલ કરી અર્ધા ગુંજાભારની ગોળી મધમાં ખાવી. તેમજ ગુંજાભાર અફીણ બકરીના દૂધમાં આપવાથી પણ કોગળીઉં અને અતિસાર દૂર થાય છે. **(૭) કોગળાઆ ઉપર:**—કોપરાના કકડામાં છિદ્ર કરી, તેમાં બે ગુંજાભાર અફીણ નાખી તે કકડો અંગારા ઉપર શેકવો અને ખાવા આપવો; એટલે માણસ સહસા ઝોબાઈ જશે નહિ. **(૮) સળેકમ ઉપર:**—કાગળમાં થોડું અફીણ ચોપડી તેની બીડી સળગાવી નાકે તેની ધૂણી સુંઘવી. **(૯) માથું દુખતું હોય તો:**—માથા ઉપર અફીણનો લેપ કરવો. **(૧૦) શરીરે ખરજ થતી હોય તો:**—તેલ, મીણ અને અફીણ એકત્ર કરી ચોપડવું. **(૧૧) આંખો આવે છે તે ઉપર:**—અફીણ અને દાંતવણ એ બેને લોખંડના વાસણમાં લીમડાના રસમાં ખરલ કરી લેપ કરવો. **(૧૨) અતિશય પરસેવો આવતો હોય તો તે ઉપર:**—કિંચિત્ અફીણ ખાવા આપવું. **(૧૩) સ્તંભનમાટે:**—અફીણ એ સ્તંભક છે; માટે એને જાયફળમાં ઘાલી તે ઉંબરાના, વડના કિંવા બાવળના ઝાડમાં છિદ્ર પાડીને તેમાં મૂકે છે અને તે છિદ્ર બંધ કરી કેટલાક દિવસ પછી તે બહાર કાઢી તેની ગોળીઓ કરી શક્તિ જોઇને તે આપે છે. સાકર સાથે પણ અફીણ ખાય છે અને ઉપર દૂધ પ્રાશન કરે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તેમજ ખસખસનાં જીંડવાં અને સુંઠ એનો સોળમો ભાગ પાણી શેષ રહે તેવો કાઢો કરી તેમાં ગોળ નાખીને પીએ છે. (૧૪) **પક્વાતિસાર ઉપર:**—ખાપરીઆમાં+ મંદ અગ્નિ ઉપર અફીણ શેકીને ખાવાથી ઘણોજ પાકેલો અતિસાર હોય તોપણ શમે છે. (૧૫) **નાનાં બાળકોને સળેકમ અને શરદી ઘણી થઈ હોય તો:**—માથા ઉપર અને નાક ઉપર અફીણનો લેપ કરવો. પેટમાં વિકૃતિ હોય તો પેટ ઉપર પણ લેપ કરવો. (૧૬) **અતિસાર ઉપર:**—કાંદા (ડુંગળી)ના રસમાં અફીણ મેળવી પાવું. (૧૭) **બદ ઉપર:**—પહેલાં જળો મૂકાવી લોહી કઢાવવું અને કડવા લીમડાનો પાલો બાંધવો. પછી બીજા દિવસથી અફીણનાં જીંડવાંનો કાઢો કરી તેમાં કપડુ ભીંજવી ત્રણ ચાર દિવસ શેકવું; એટલે દુઃખ જલદી નાશ પામે છે. (૧૮) **વાળા ઉપર:**—સર્પની કાંચળી અને અફીણની થેપલી કરી ઉપર બાંધવી. (૧૯) **નાસુર ઉપર:**—માણસના નખ બાળી તે રાખમાં અફીણ એક વાલ મેળવી તે મિશ્રણ નાસુરમાં ભરવું. (૨૦) **આમાતિસાર અને રક્તાતિસાર ઉપર:**—અફીણ લીંબુના રસમાં મેળવી તે દૂધમાં નાખી ત્રણ દિવસ પાવું. (૨૧) **અફીણ ઉપર ઉતાર:**—(૧) **રાઇનો લોટ** વગેરે ઉલટી થનારાં ઔષધો આપવાં. (૨) **અરીઠાનું પાણી** કરી પાવું. અફીણના પાશેર ગોળા ઉપર અરીઠાના પાણીનાં ૫–૭ ટીપાં પાડવાથી તે ઘણુંજ નિઃસત્ત્વ થાય છે. (૩) **ત્રણ કિંવા ચાર માસા હિંગ** છાશમાં અથવા પાણીમાં વાટી પાવી કિંવા એકલી હિંગ ખવડાવવી. (અફીણની દાબડીમાં હિંગનો ગાંગડો રાખવાથી અફીણ નિઃસત્ત્વ થાય છે×) (૪) **ધીમાં ટંકણખાર અને મોરથુથુ** અથવા એકલો **ટંકણખાર** નાખી પાવો એટલે ઉલટી થઈ અફીણ નીકળી જશે. (૫) **ફટકડીનું ચૂર્ણ** અને નરમાનાં બીઆંનું ચૂર્ણ એકત્ર કરી ખાવાથી અફીણ ઉતરે છે.(૬)* **કાંકણીના** વેલાનાં પાંદડાંનો રસ પાવો. (૭) **ઉભી ભોરીંગણીનો** રસ દૂધ નાખી પાવો. (૮) **વજ અને સિંધવ** એકત્ર કરી પાવાં. (૯) લીંડીપીપર અને મીંઢળ આપવું. (૧૦) **ઝેડના** (ગલગોટાના) પાલાનો રસ કાઢી પાવો. (૧૧) થોડું **મોરથુથુ** શેકી લીંબોળીમાં ઘાલી ચૂસવું. (૧૨) **તાંદળજાનાં મૂળીઆં** પાણીમાં વાટી પાવાં. (૧૩) **ઉંટકટારીનાં મૂળીઆં** પાણીમાં વાટી પાવાં. (૧૪) **ગળોની સળીઓનો** રસ કાઢી પાવો. (૧૫) **કિંજળીના** ઝાડનો રસ કાઢી પાવો. (૧૬) **કપાસનાં** પાંદડાંનો રસ પાવો. (૧૭) **કડવા લીમડાનાં** પાંદડાંનો અર્ક કાઢી પાવો. (૧૮) **અંબાડાનાં** પાંદડાંનો રસ પાવો.(૧૯) **આમલીનાં** પાંદડાંનો રસ પાવો. (૨૦) **સીતાફળીનાં** બીઆં માંહેનું મગજ પાણીમાં વાટી પાવું. (૨૧) **નાના બાળકને અફીણ ચઢયું હોય તે ઉપર:**—ડુંગળી ભાંગી તેનો વાસ લેવરાવવો કિંવા કોરા દેશી કાગળ પાણીમાં મસળી પાવા. ગર્ભિણીએ અફીણનું કિંવા અફીણમિશ્રિત ઔષધનું સેવન કરવું નહિ. (૨૨) **બાળકને અફીણ ચઢે તો:**—ચોખા ધોઈ તે પાણી પાવું.

૧૭૦ **ખાખરો**—સં૦ પલાશ. મ૦ પળસ. હિં૦ ખાખર, પલાસ, ઢાક, ટેસૂ, કેસૂ, ધારા, કાંકરીયા. રા૦ છીલા, કેસૂલા, ઉડિ૦ પરાશુ. તા૦ પરસન્. ક૦ મુત્તલ્લુ, કેંપુમુત્તલ. બં૦ પલાશગાછ. તે૦ માતુકાચેટુ. ઇં૦ ડાઉની બ્રાન્ચ બ્યુટિયા. લા૦ બ્યુટિયા ફ્રંડાઝા (રાતો), બ્યુટિયા પાવિફ્લોરા (ધોળો).

એ ઝાડ ઘણેક ઠેકાણે થાય છે. ખાખરાનાં ઝાડ ઘણાં ઉંચાં વધતાં નથી. એનું લાકડું સુતારના કામમાં આવતું નથી. એનાં પાંદડાં અને ફૂલો ઉપયોગમાં આવે છે. પાંદડાંનાં પત્રાળાં કરે છે. ફૂલનો રંગ રાતો હોય છે. ક્વચિત્ ધોળાં ફૂલનો પણ ખાખરો હોય છે. રંગને માટે ફૂલનો પુષ્કળ ઉપયોગ થાય છે. ખાખરાને ચપટાં રાતા રંગનાં બીજ આવે છે. તેને પલાસપાપડો કે પિત્તપાપડો (મ૦ પળસ

+ અહીં મરાઠીમાં **खापरांत** છાપ્યું છે; પણ મારા ધારવા પ્રમાણે એમાં ટાઇપદોષ થયો છે, એટલે ત્યાં **खोपरांत** જોઈએ અને એનો અર્થ ખોપરા (ટોપરા)માં એમ થવો જોઇએ.

× આ જગ્યાએ લખવું જોઈએ છીએ કે જેમ હિંગ સાથે રહેલું અફીણ ઝેરના ગુણથી રહિત થાય છે, તેમ જીરા સાથે રહેલ હિંગ પણ બરબાદ જાય છે; માટે હિંગની ગરમીનો ઉતાર જીરૂં છે સુંઠની ભૂકીથી કેરીઓ સડી જાય છે અને કેરીના અજીર્ણનો રામબાણ ઉપાય સુંઠ છે.

* અહીં મરાઠી ગ્રંથમાં **कांगोणा** લખી છે અને એનો અર્થ પીલુડી થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પાપડી) કહે છે. રંગ તથા સફેદી દેવાને માટે ખાખરાનાં મૂળનો કુચો કરે છે. ખાખરાને ગુંદ (લાખ) આવે છે, તે સ્તંભક છે. **ખાખરો:**—ઉષ્ણ, તુરો, વૃષ્ય, અગ્નિદીપક, સારક, કડવો, સ્નિગ્ધ, ગ્રાહક તથા ભગ્નસંધાનકારક છે; અને વ્રણ, ગુલ્મ, કૃમિ, પ્લીહા, (બરોળ), સંગ્રહણી તથા અર્શ, વાયુ, કફ, યોનિરોગ અને પિત્તરોગનો નાશ કરે છે. એ રક્ત (રાતો), પીળો, શુભ્ર, (ધોળો), અને નીલ (કાળો) એમ ફૂલના ભેદવડે ચાર પ્રકારનો થાય છે. **એનાં ફૂલ (કેસુડાં):**—સ્વાદુ, કડવાં, ઉષ્ણ, તુરાં, વાતુળ, ગ્રાહક, શીતળ તથા તીખાં છે, તૃષા, દાહ, પિત્ત, કફ, રક્તદોષ, કોઢ અને મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. **એનાં ફળ (પલાસપાપડો):**—રૂક્ષ, લઘુ, ઉષ્ણ તથા પાકકાળે તીખાં છે; અને કફ, વાયુ, ઉદર, કૃમિ, કોઢ, ગુલ્મ, પ્રમેહ, અર્શ તથા શૂળનો નાશ કરે છે. **એનાં ફળોમાંનાં બીઆં:**—સ્નિગ્ધ, ઉષ્ણ તથા તીખાં છે; અને કફ તથા કૃમિ (કરમ)નો નાશ કરે છે. **એનાં કુમળાં પાંદડાં:**—કૃમિ અને વાયુનો નાશ કરનાર છે.÷ **ઉપયોગ:-(૧) નાના બાળકના કૃમિ ઉપર:**—પિત્તપાપડો દૂધમાં ઘસી પાવો કિંવા ચૂર્ણ કરી મધમાં આપવું; અથવા પિત્તપાપડો અધો કાચો શેકી મગની દાળ જેટલો ઘીમાં આપવો. **(૨) દાદર ઉપર:**—પિત્તપાપડો લીંબુના રસમાં ઘસી ગરમ કરી લેપ કરવો. **(૩) વંધ્યા (વાંઝણી)ને ગર્ભ ધારણ થવા માટે:**—પિત્તપાપડાને બાળી તેની રાખ કરી તે રાખ પાણી સાથે પાવાથી સ્ત્રી ગર્ભિણી થાય છે. **(૪) ગલગંડ ઉપર:**—ખાખરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તેનો કાનની બાજુપર અને કિનારી ઉપર લેપ કરવો. **(૫) અટકાવ (ઋતુસ્રાવ) બંધ થવા માટે:**—પિત્તપાપડો અને શેવતીનાં ફૂલ પાણીમાં અથવા ઘીમાં ભક્ષણ કરવાં અને ફટકડીની પોટલી યોનિમાં રાખવી; એટલે અટકાવ (ઋતુસ્રાવ) બંધ થાય છે. **(૬) પુરુષત્વ આવવા માટે:**—ખાખરાના મૂળને ચીરી તે નીચે રીઢું માટલું મૂકી ઉપર અગ્નિ કરવો; એટલે માટલામાં અર્ક પડે છે. તે અર્ક ખાવાના પાનમાં ચોપડીને તે પાનમાં મરેઠીનું જીંડવું એક મૂકી તે પાન ખાવું; એટલે એકજ દિવસમાં પુરુષત્વ આ-

---

÷ પલાસપાપડાનાં ફૂલ કંઈક શુક (પોપટ) ને મળતાં હોવાથી સંસ્કૃતમાં **किंशुक** એટલે 'કાંઇક પોપટ' નામ પડેલ છે; અને તેનાજ ઉપરથી કેટલીક ભાષામાં એને કેસુડાં કહે છે.

ચરકમાં:—એને કફસંશમન, વ્રણશોધન અને કુષ્ઠપ્રશમન વર્ણન કરેલ છે. ચક્રદત્તમાં:—ખાખરાને ગ્રાહી રીતે લગાવવાનું લખે છે; તથા વ્યવહારમાં અન્ય ગ્રાહી પદાર્થ અને સિંધાલુણની સાથે મેળવે છે. આ પ્રયોગ આંખનાં ઝાંઝવાં અને ઝાંખ પડેલ હોય તો થાય છે. મખજન અલ અદવિયામાં કહે છે કે:-પલાસનાં પાંદડાં ગ્રાહી, પૌષ્ટિક અને કામોત્તેજક છે. એ ફોડા, મુહાસા આદિ દૂર કરવા ચોપડે છે; તથા પેટમાં વાયુના લીધે દુખાવો થતો હોય તો અને કૃમિ તથા હરસના રોગમાં ખાવાની ભલામણ કરે છે. સફેદ જાતનાં ફૂલ ગ્રાહી, મૂત્રવર્ધક તથા કામ ઉત્પન્નકર્તા માનેલ છે. વળી પોટીસતરીકે બાંધવાથી સોજાને ઉતારે છે. પેશાબ અને રજોદર્શનને વધારે છે. ડા૦ એનસ્લી કહે છે કે મદ્રાસ ઈલાકામાં તામિલ વૈદ્ય પેટમાંના ગોળ અને ચીપટ કૃમિ (કરમિયા) કાઢવાને પલાસપાપડાનું ચૂર્ણ રા તોલાની માત્રામાં દિવસમાં બે વખત આપે છે. હોરટસ-મલવારીકસ નામના પુસ્તકમાં લખે છે કે ખાખરાની છાલ સુંઠની સાથે મેળવીન સાપ કરડેલા પ્રાણીને અપાય છે. ડૉકટર સરવુડ કહે છે કે ખાખરાનાં બીજ (પલાસપાપડો) સુરાખારમાં ઉકાળી દેશી વૈદ્ય પેશાબની થેલીમાં થનારી પથરીના માટે આપે છે. હાલમાં એ ઝાડનો ગુંદ અંગ્રેજી દવાઓમાં વપરાય છે. પલાસપાપડાને લીંબુના રસમાં વાટી શરીર ઉપર ચોપડવાથી ચામડી લાલ થાય છે અને ચળ મટે છે. ડૉ૦ રોકસવર કહે છે કે:— ફૂલનો રસ ગરમીથી ઘાટો કરી તેમાં થોડી ફટકડી નાખી રંગવાથી રેવંચીના રંગથી પણ વધારે ચમકદાર રંગ બને છે. વળી તે કહે છે કે સૂકાં ફૂલમાંથી કાઢેલ સત્ત્વ તાજાં ફૂલના જેવો ઉત્તમ નહિ નીકળે. આ સત્ત્વ ઘણા દિવસ રાખવાથી બગડી જાય છે. સુશ્રુતમાં એને રક્તપિત્તનાશક તથા યોનિદોષનાશક માનેલ છે. ગુંદ એકથી બે રતીની માત્રામાં આપવાથી અતિસાર અને પીળા લોહીના ઝાડાને બંધ કરે છે. બીજને વાટીને ચોપડવાથી દાદર જતી રહે છે. જો મૂત્ર મુશ્કેલીથી ઉતરતું હોય તો તે વખતે ફૂલને પાણીમાં ઉકાળી શેક કરવાથી આરામ થાય છે. આ ઝાડ ઉપરથી લાખ પણ કેટલીક વખતે મળી આવે છે. એનાં મૂળની છાલ કાઢી ઘણાંજ મજબૂત દોરડાં બનાવે છે. હોળી આદિ તહેવારોમાં કેસુડાંનો રંગ છાંટે છે. ચરકમાં પલાસપાપડાને ગ્રાહી, પુરીષગ્રહણ (મળ જાડો કરનાર) તથા વેદનાસ્થાપનકર્તા માનેલ છે; અને સુશ્રુતમાં એને યોનિદોષહર તથા શુક્ર શુદ્ધ કરનાર (વીર્યને શોધનાર) માનેલ છે.

પિત્તપાપડાને આકડાના દૂધમાં પલાળી છાંયે સૂકવવો. આમ ૨૧ વખત કરી તેને શુદ્ધ કરી વાટી ગોળી કરી રાખેલ હોય અને તે પાણીમાં ઘસી વિંછીના ડંખ ઉપર ચોપડી હોય તો વિંછી ત્વરિત ઉતરી જાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વશે. ઉતાર સ્ત્રીસંગ કરવો. (૭) **ખરજવા ઉપર:**—પિત્તપાપડો, હડતાલ અને વછનાગ એ જૂના ઘીમાં ઘસી તેનો લેપ કરવો. (૮) **કૃમિ ઉપર:**—ખાખરાનાં બી અને વાવડીંગ એ ત્રણ ત્રણ માસા લઇ ચૂર્ણ કરવું. એ ચૂર્ણ ત્રણ માસા લીંબુના રસમાં અથવા મધમાં નાખી ચાટવું. (૯) **પ્રમેહ ઉપર:**—ખાખરાનાં ફૂલ તોલા અઢી રાત્રે પાણીમાં ભીંજવી રાખીને સવારે તે ગાળેલા પાણીમાં સુરોખાર અર્ધો તોલો અને સાકર દોઢ તોલો નાખી તે પાણી પાવું; અથવા ખાખરાનાં ફૂલનો કાઢો મધ નાખીને પાવો. (૧૦) **પગના સાંધા પકડાઈ ગયા હોય તે ઉપર:**—પલાસપાપડો મધમાં વાટી લેપ કરવો. (૧૧) **બરોળના રોગ ઉપર:**—પલાસપાપડો ખરસાંણીના રસમાં વાટી મરી જેવડી ગોળાઓ કરીને ખાવી; તેથી ઝાડો થશે. ઉતાર ઘી અને ભાત; અથવા ખાખરાનાં ફૂલ બાફી પેટ ઉપર ત્રણ દિવસ સુધી બાંધવાં. (૧૨) **બાળકોને ઓરી (ઝીણી ફોલ્લીઓ) થઈ આવે છે તે ઉપર:**—પિત્તપાપડો લીમડાના રસમાં ઘસી ચોપડવો. (૧૩) **કૃમિ ઉપર:**—ખાખરાનાં બી કચરીને ભીંજવી રાખવાં અને પાણી ગાળી લઇ તેમાં મધ નાખી આપવું. (૧૪) **વાળા ઉપર:**—ખાખરાનાં ફૂલ વાટીને ગોળમાં સાત ગોળીઓ કરી રોજ એક ગોળી ખાવી. (૧૫) **મૂત્રરેચનમાટે તથા મૂત્રાઘાત ઉપર:**—ખાખરાનાં સૂકાયલાં ફૂલ ૧૦ તોલા પર્યંત લઈ તે ધોવાં; અને તેમાં થોડું પાણી નાખી ઉપર ઢાંકણું દઇ તે ઢાંકણામાં થોડું પાણી રેડીને મંદ અગ્નિ ઉપર વરાળ આવે ત્યાંસુધી બાફવાં. પછી તે ફૂલ પીલી તેમાંથી જે પાણી આવે તે શક્તિ પ્રમાણે પાશેર પર્યંત ગાળી લઇ તેમાં બે માસાપર્યંત સુરોખાર નાખીને પ્રાશન કરવું; અને બાકી જે પાણી રહે તેમાં તે બાફેલાં ફૂલ મેળવી પેટપર બાંધવાં. (૧૬) **યોનિકંદ ઉપર:**—પિત્તપાપડો કચરીને કણકમાં મેળવી હથેળી જેવડી પુરી કરીને તે કંદ ઉપર બાંધવી. લંગોટી રાખવી; તેથી તે માંસનો ગોળો પડી જશે અથવા ખાખરાના ખારના યોગે કરી ઘૃત સિદ્ધ કરી તે પાવું. (૧૭) **અતિસાર ઉપર:**—ખાખરાનો ગુંદ ૫-૧૦ ચણોઠીભાર સાકર સાથે ખાવો. **ઉધરસ તથા મુખરોગ ઉપર:**—ખાખરાનાં પાંદડાંનાં ડીંટાં સાધારણ ચાવી મોઢામાં રાખીને તેનો દ્રવ (રસ) ગળતાં જવું; એટલે ઉધરસ ત્વરિત દૂર થાય છે તથા **મુખરોગ** પણ દૂર થાય છે. (૧૯) **બગઈ વગેરે કાનમાં ગયું હોય તે ઉપર:**—ખાખરાના અંકુરોનો રસ કાનમાં નાખવો. (૨૦) **સર્પના વિષ ઉપર:**—ખાખરાનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અને લેપ પણ કરવો. (૨૧) **મુખરોગ ઉપર:**—ખાખરાનાં પાંદડાંનું ડીંટકું ચાવી મોઢામાં રાખવું.

૧૭૧ ખાજકોલતી—સં૦ વૃશ્ચિકા, ધૂમપુષ્પા. મ૦ ખાજકોલતી, વિંચુવા. હિં૦ બીછ્વા. બં૦ વિષાતી, વિછુટી. ક૦ ઇંગુલે, માસસાહોત્ર, મુચંગિડ. તા૦ કાયંચોરી. તૈ૦ કલગોંદી. તુ૦ પચ્ચીરંગી. મલા૦ કોતકૂવા. ગોમ૦ ખાજરકુલ્લી. લા૦ ટ્રેજીયા ઈન્વોલુક્રટા.

ખાજકોલતીનાં ઝાડ નાનકડાં હોય છે. એ ચોમાસામાં ઉગે છે. ખાજકોલતીનાં પાંદડાં મોટાં હોય છે. એ પાંદડાં શરીરે લાગવાથી અતિશય આગ થાય છે. એ પાંદડાં ઉપર બારીક ગુચ્છા આવે છે. એ પાંદડાં કાળા રંગનાં હોય છે. **ઉપયોગ:**—(૧) **કોલ્હા (શિયાળ) ના વિષ ઉપર:**—ખાજકોલતીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. (૨) **વાળા ઉપર:**—ખાજકોલતીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી વાળા ઉપર લેપ કરવો. વાળો બહાર આવવા લાગે એટલે દીવેટમાં વીંટાળવો. પછી બીજે દિવસે જેટલો બહાર આવે તે ઉપર ખાજકોલતીનું મૂળ ચાર પાંચ વાર ચોપડવું. પછી તંતુ ઉપર વીંછીનો કાંટો મારવો; એટલે તુરત બધો વાળો બહાર આવશે. (૩) **દાદર ઉપર:**—ખાજકોલતીનાં મૂળ તુળસીના રસમાં ઘસી ચોપડવાં.

૧૭૨ ખાટખટુંબા (ખારખટુંબા)—સં૦ અમ્લા, અમ્લપર્ણી, અત્યમ્લપર્ણી. મ૦ ઓંબટવેલ, કડમોડી, કડમડવેલ. હિં૦ રામચના. ક૦ હેગોલી. લા૦ વાઇટીસ પેન્ડાફાઇલા.

ચોમાસામાં આ વેલાના કંદને અંકુર ફુટે છે. એ વેલ ઘોળી હોઇ કિંચિત્ ડાંગરના કુમળા અંકુરો જેવી દેખાય છે. એનાં પાંદડાં ઘણાંજ જાડાં હોય છે. એની ભાજી અતિશય ખાટી હોય છે. એની ખટાશ આંબલી કરતાં પણ વધારે હોય છે. એ સારક, અગ્નિદીપક અને મદને હરણ કરનાર છે.*

*ખાટખટુંબાની મોટી વેલ થાય છે. પાંદડાં એક ડાંડલીમાં પાંચ પાંચ હોય છે. ફળ ઝુમખામાં આવે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૧૭૩ ખાટીલુણી–સં૦ ચાંગેરી, ક્ષુદ્રામ્લિકા, ક્ષુદ્રામ્લા. મ૦ આંબવતી, આંબટી. હિં૦ અંબાટી, અરૂલ, અમ્લિલોના. બં૦ અમરૂલ. ક૦ પુલુંબુણિસે, નિરૂગોલી. તૈ૦ પુલિચિંતા, પુલ્લાચેચલિ. તા૦ પુલિયાકિરિ, પુલિયારઇ. મલા૦ પુળિયારલ. ગો૦ તેલતુપ્પિ. લા૦ ઑકસેલિસ્ કૉર્નિકયુલાટા.

ખાટીલુણીનાં ઝાડ ભિનાશવાળી જમીનમાં ઉનાળાના દિવસોમાં ઉગે છે. આ ઝાડને આંબોલો (મ૦ અંબોતી) એવું નામ પણ આપેલું છે. આ ઝાડ જમીન સાથે વેલાની માફક ફેલાય છે. એનાં પાંદડાં આમલી પ્રમાણે ખાટાં લાગે છે. આ ઝાડ ઉપર ભાલા જેવાં અણીદાર અને લાંબાં ફળો આવે છે. **ઉપયોગઃ—(૧) અફીણ ઉપરઃ**—ખાટીલુણીનો રસ આપવો. **(૨) પિત્તથી મસ્તક ભારે થાય છે તે ઉપરઃ**—ખાટીલુણીના છોડવા બારીક વાટી, તે ગોળી ઠંડા પાણીમાં કાલવી ઉભરો આવે ત્યાંસુધી ઉકાળી, તે પછી તેમાં ઘોળી ડુંગળીનો રસ નાખવો. ઠંડુ થયે માથે લેપ કરવો અને એજ ઔષધ થોડું તાળવા ઉપર ચોળવું. એથી એનો તુરત ગુણ થાય છે. ચોપડેલો લેપ સૂકાતાંજ માથાનો ભાર ઉતરશે. **(૩) શીતપિત્ત (શરીર ઉપર પિત્તનાં લાલ ચાઠાં ઉઠે છે તે) ઉપરઃ**—ખાટીલુણીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં મરીનો ભૂકો અને ઉનું કરેલું ઘી નાખી શરીર ઉપર ચોપડવું. **(૪) દાહ ઉપરઃ**—ખાટીલુણીના પાલાના રસનો શરીરે લેપ કરવો.

૧૭૪ ખિલખિલા—આ ઝાડ શુમારે માથોડું ઉંચું વધે છે. એનાં પાંદડાં મીઠા લીમડાનાં પાંદડાં જેવાં હોય છે. પાંદડાંનો રંગ ગાઢ લીલો હોય છે. ખિલખિલાનાં ઝાડ વિશેષ કરી ડુંગરાળ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે. કોકણમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. **ઉપયોગઃ—(૧) મહારોગ અને ભૂતબાધા ઉપર**—ખિલખિલાનાં પાંદડાંની શરીરે ધૂણી આપવી.

૧૭૫ ખીજડો (સમડી)—સં૦ મ૦ શમી. દે૦ સંવદડ. બં૦ શાઇબાબલા. ક૦ બન્ની. તૈ૦ શમીચેટ્ટુ. નબીચેટ્ટુ, ઇ૦ સ્પંજટ્રી. લા૦ પ્રોસોપિસ સ્પાઇસજેરા. હિં૦ સમી, છોંકર, સફેદ કીકર.

ખીજડાને 'શમી' પણ કહે છે. શમીનાં ઝાડ મોટાં થાય છે. શમીનાં પાંદડાં આમલીનાં પાંદડાં જેવાં હોય છે. શમી એક હવનીય દ્રવ્ય છે. વિજયાદશમીને દિવસે શમીપૂજન કરવાનો પ્રચાર છે.* **ખીજડોઃ**—તુરો, રુક્ષ, શીતળ, લઘુ, કડવો, તીખો તથા રેચક છે; અને રક્તપિત્ત, અતિસાર, કોઢ, અર્શ, દમ, ઉધરસ, કફ, ભ્રમ, કૃમિ, કંપ તથા શ્રમનો નાશ કરે છે. **એનાં ફળોઃ**–તીક્ષ્ણ, પિત્તકર, મેધાકારક, ગુરુ, સ્વાદુ, રુક્ષ, ઉષ્ણ તથા કેશનાશક છે. **ખીજડી** (બેઠી ખીજડી. સં૦ લઘુશમી. મ૦ લઘુશમી, ખૈરી. હિં૦ છોટીસમી. ક૦ કાડવન્નિ.):—તુરી, રુક્ષ, શીત તથા લઘુ છે; અને રક્તપિત્ત, અતિસાર, અર્શ, કોઢ, શ્વાસ, કફ તથા શ્વેત કોઢનો નાશ કરે છે. **એનાં ફળોઃ**—ગુરુ, સ્વાદુ, રુક્ષ, પિત્તલ, મેધાકારક તથા ઉષ્ણ છે; અને વ્રણ, કેશ તથા કંડૂનાં નાશક છે. **ઉપયોગઃ—(૧) ખરજવા ઉપરઃ**—ખીજડાનો પાલો (પાંદડાં) ગાયના દહીંમાં વાટી લેપ કરવો. **(૨) નખદંત વિષ ઉપરઃ**—ખીજડો, કડવો લીમડો અને વડ એની છાલ વાટી લેપ કરવો. **(૩) પ્રમેહ અને ગર્ભિણીના પ્રદર ઉપરઃ**—ખીજડાના કુમળા તોરા ૧ તોલો લઇ, તેમાં ત્રણ માસા જીરૂં મિશ્ર કરી બારીક વાટવું અને ગાયનું તાજું દૂધ પાશેર લઇ તેમાં કઢવી કપડાથી ગાળી લેવું. પછી તેમાં ઘોળાં જાસુંદીનાં ફૂલ અર્ધો તોલો ઘસી

એનાં મૂળની સાથે નાનીમોટી સંખ્યાબંધ ગાંઠો લાગેલી હોય છે. એ ગાંઠો ઘસીને ચોપડવાથી સાપના ઝેરનો પ્યાલો ત્વરિત ઉતરી જાય છે. મંત્રની ઉજણીની માફક શરીર ઉપર એ ગાંઠ ફેરવવાથી વીંછીનું ઝેર ડંખમાં આવે છે; અને એજ ગાંઠ પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડવાથી ડંખમાંથી પણ ઉતરી જાય છે; એવો મહાન ચમત્કાર ગાંઠોમાં રહેલો છે. એ ગાંઠોને ખાટખટુંબાની ગોટલી કહે છે.

*ખીજડાની શીંગોને સાંઘરીઓ કહે છે. એને બાફીને એનું શાક અને કઢી કરે છે. વળી એની સૂકવણી કરી રાખી ગમે ત્યારે શાક અને કઢી કરી શકાય છે. એ ઝાડ ઉપરજ સૂકાઈ ગએલી પાકી ફળીને ખોખાં કહે છે. તેને બાળકો સ્વાદથી વીણી ખાય છે. ખીજડાનાં પાંદડાંનો રસ સાપના ઝેરને ઉતારવાનો એક ચમત્કારિક રામબાણ ઉપાય છે; એમ અમને એક મહાત્માનું ફરમાન છે. આશા છે કે એને કોઈ પણ અજમાવી ખાત્રી કરશે. જૂની સાંઘરીઓ બાફીને ઝીણી વાટી પુનઃ ગરમ કરી ગુમડા ઉપર બાંધવાથી એને પકવી ફોડે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સાકરની ભૂકી ૨ તોલાપર્યંત નાખી દરરોજ પ્રાતઃકાળે એકવાર એ પ્રમાણે સાત કિંવા ચૌદ દિવસ (ગુણ આવતાં) સુધી આપવું. **(૪) ધાતુસ્થાનની ગરમી ઉપરઃ**—ખીજડાના કુમળા તોરા અને દેવબાવળીઆના કુમળા તોરા સમભાગ લઇ એકત્ર કરી તેમાં થોડું જીરૂં નાખી બારીક વાટવું; અને ગાયનું તાજું દૂધ પાશેર લઇ તેમાં મેળવી તે દૂધ ગાળી તેમાં સાકરની ભૂકી ૨ તોલાપર્યંત નાખી પાવું. **(૫) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—ખીજડાના તોરા ગાયના દૂધમાં વાટી તેમાં જીરાની ભૂકી અને ખાંડ નાખી પાવું. **(૬) મૂત્રમાં ધાતુ અથવા ખર પડતું હોય તો તે ઉપરઃ**—ખીજડાના તોરાનો રસ ગાયના દૂધમાં કાઢી જીરૂં અને સાકર નાખી પાવો. **(૭) ગરમી ઉપરઃ**—ખીજડાના તોરાનો અથવા પાંદડાંનો રસ જીરૂં અને સાકર નાખી ૧૪ દિવસ પાવો.

૧૭૬ ખુરાસાની અજમો—સં૦ ખુરસાની. મ૦ ખુરાસનીઓંવા. હિં૦ ખુરાસાની અજવાઇન. બં૦ ખુરાશાની યોયાન. તૈ૦ ખુરસાણાવમુ. તા૦ ખોરસની ઓનામ, શિટામુટ્ટી. ફા૦ વંજ, તુખ્મેવંજે. અ૦ વજરૂલબંજ, અબીદ શીકરાન. ઇં૦ હેનબેન. લા૦ હાયોસ્યામસ, નાયનર.

' ખુરાસાની અજમો ' એ પર્શિયા દેશમાંહેના ખુરાસાન અને યમાન પ્રાંતમાં પાકે છે; તે ઉપરથી એનું એવું નામ પાડેલું છે. એ બીજ ચપટાં અને બારીક હોય છે. એ બીજ અજમાના જેટલાં તીખાં નહિ હોતાં કિંચિત્ તીખાં હોય છે. એ બીજ પર્શિયામાંથી અહીં આવે છે. એનો વૈદકમાં ઘણોજ ઉપયોગ કહેલો છે.

ખુરાસાની અજમાનાં ઝાડ ધંતુરા, તંબાકુ ઇત્યાદિ જાતનાં હોઇ તીવ્ર વિષારી છે. ડૉકટર લોકોએ એનાં પાંદડાં અને બીઆંની પરીક્ષા અને શોધ અનેક પ્રકારે કરેલી છે; અને તેમાંથી તેઓ અનેક ઔષધો બનાવે છે. ખુરાસાની અજમાના ઝાડમાંથી નિષ્કર્ષ અને મદ્યાર્ક (ટીંચર) તૈયાર કરે છે. તેમાંથી નિષ્કર્ષ કાઢવા માટે પાંદડાંનો અને ફૂલોના તોરાનો ઉપયોગ કરે છે. વર્ષાયુ રોપા કરતાં દ્વિવાર્ષિક રોપામાંથી હાયોસાયમિન નામનું સત્ત્વ વધારે નીકળે છે; એમ રસાયન શાસ્ત્રવેત્તાઓએ પ્રયોગ કરીને ઠરાવેલ છે. ખુરાસાની અજમાના રોપામાંથી એક સ્ફટિકરૂપી સત્ત્વ નીકળે છે. તેને " હાયોસાયમિન " એ નામ આપેલ છે. તેનુંજ પૃથક્કરણ કર્યું એટલે તેમાંથી " હાયોસીન " નામનું ઉડી જનાર તેલ અને ખટાશ ગુણવાળું સત્ત્વ નીકળે છે. ઉડનારૂં તેલ ઘણું તીવ્ર અને પીડાશામક છે. એ ' હાયોસાયમિન ' કરતાં પાંચગણું તીવ્ર છે એટલે કાળજીથી વાપરવું જોઇએ. ખુરાસાની અજમાનાં પાંદડાં કરતાં બીઆંમાં ઔષધિક તીવ્રતા વધારે છે. બીજ માદક, વ્યવાયી અને પીડાશામક છે. તેના સત્ત્વમાં આ ગુણ બીઆં કરતાં વધારે પ્રમાણથી છે. વાતોન્માદ (મ૦ વેડ), ખંજવાયુ (લૂલાપણું), કંપવાયુ અને અપસ્માર (મૃગી) થી થએલો વાયુ, આ રોગો ઉપર હાયોસાયમિન સત્ત્વ ઘણુંજ સારૂં ચાલે છે. આ સત્ત્વ ' ગ્લિસરીન ' વરાળના પાણી સાથે મસળી, તેમાં અલ્પ પ્રમાણથી, તેના દ્રાવણની થર નહિ આવવાને માટે 'કાર્બોલિક ' અમ્મલ એ મિશ્રણમાં નાખી, મિશ્રણનાં ચાર ટીપાં ડૉકટર લોકો પિચકારીથી ચામડીની અંદર નાખે છે. સત્ત્વ આપવાનું પ્રમાણ ઘણુંજ સૂક્ષ્મ છે. એક ગ્રેનના સોમા ભાગથી એક ગ્રેનના પચાસમા ભાગ સુધી આપવું. 'હાયોસાયમિન' સત્ત્વ **અલ્કલીડ** પ્રકૃતિનું છે. તેનો સ્ફટિક બને છે. આરંભમાં આ સત્ત્વ ખુરાસાની અજમામાંથીજ કાઢતા હતા; પરંતુ હાલ " સ્કૉપોલિયા " જાતની વનસ્પતિમાંથી પણ જર્મન રસાયનશાસ્ત્રીઓ કાઢે છે. એ ધંતુરામાં પણ છે એમ તે કહે છે.

ખુરાસાની અજમો અડધો ડ્રામ, ૧ ડ્રામ ખસખસનાં જીંડવાંની છાલ, મધ અને પાણી સાથે આપવાથી શરદી વાયુ વગેરે રોગો સારા થાય છે. બીજ વાટી આપવાથી ઝોકાં આવે છે. ખુરાસાની અજમાની ક્રિયા અફીણ અને ડૉકટરોનું ' બેલાડોના ' નામનું ઔષધ આ બન્નેની ક્રિયાને મધ્યવર્તી છે. ખુરાસાની અજમાનાં પાંદડાંમાંથી કાઢેલ મદ્યાર્ક (ટીંચર) નો ઉપયોગ પેશાબની બળતરા કમી કરવાને આપે છે. ઉંઘ ન આવતી હોય તો તે લાવવાને માટે અને માનસિક ભ્રમ થએલ હોય તો ખુરાસાની અજમાનાં પાંદડાંનો અર્ક ઠીક ઉપયોગી થાય છે. આપવાની માત્રા (પ્રમાણ) એક ગ્રેનનો આઠમો ભાગ એટલે તોલાનો ૧૪૪૦ મો ભાગ છે. વાતો-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ન્માદ (વેડ) થએલા મનુષ્યને રાત્રિની વખતે આ સત્ત્વનો પાણીમાં દ્રાવ તૈયાર કરી તેની પિચકારી આપવી. યૂનાની હકીમો ખુરાસાની અજમાનાં બીજ પાતળા ડામર સાથે મસળી તેમાં રૂ ભીંજવી દાંતના શૂળ (દુખાવા) ઉપર લગાવે છે; અથવા તે બેરજાના તેલ સાથે મસળી તેમાં રૂ ભીંજવી તે દાંતના કોતરમાં રાખે છે. એથી દુખાવો શાંત થાય છે. એના અર્કનું ટીપું આંખનાં પોપચાંને ચોપડવાથી આંખો દુખતી બંધ થાય છે. આંખોની બાહુલી ફેલાવવાને તેના ઉપરજ એના અર્કનો સારો ઉપયોગ થાય છે. એનાં પાંદડાંનો રસ અથવા અર્ક જવના લોટમાં મેળવીને તેની પોટીસ બાંધવાથી શૂળ અને દાહ બંધ થાય છે. ખુરાસાની અજમાનાં બીજ ઘોડીના દૂધમાં વાટીને ભેંસના ચામડા ઉપર લેપ કરીને તે ગર્ભવતી સ્ત્રીઓના પેટ ઉપર બાંધવાથી ગર્ભ બંધ થાય છે; એવી કહેવત કાબૂલમાં આજ સુધી ચાલતી આવે છે. આ ઉપરથી ખુરાસાની અજમાની તીવ્રતાની કલ્પના કરી શકાય છે. એનાથી બનનારાં ઔષધ (મદ્યાર્ક-સત્ત્વ વગેરે) તૈયાર કરવા માટે હિંદુસ્તાનના લોકો વિશેષ લક્ષ્ય આપતા નહિ હોવાથી તેની આવક યૂરોપખંડમાંથી પુષ્કળ થાય છે. **ખુરાસાની અજમો:**—તીખો, રુક્ષ, પાચક, ગ્રાહક, ઉષ્ણ, માદક, ગુરુ, વાતકર અને કફનાશક છે. બીજા ગુણ અજમાના જેવાજ છે. **ઉપયોગ:—(૧) વિષમજ્વર ઉપર:**—ત્રણ માસા ખુરાસાની અજમો અને નવ માસા જેઠીમધ, એનો કાઢો કરી તાવ આવતાં પહેલાં તે પીવો.

૧૭૭ ખેર—સં૦ ખદિર. મ૦ હિ૦ ક૦ ખૈર. તૈ૦ ખાસુ, ખદિરમુ. મલા૦ કરનિલિ. તુ૦ કાચુ. તાં૦ વેડાલે. લા૦ એકેશિઆકેટેચ્યુ.

×ખેર અરણ્યવૃક્ષ છે. સહ્યાદ્રિના નીચેના પ્રદેશમાં એનાં વન ઘણાં છે. એને બારીક અને કઠિન કાંટા હોય છે. એનાં પાંદડાં ખીજડાનાં પાંદડાં જેવાં હોય છે. ખેરનું લાકડું ઈમારતના કામમાં ઘણું ઉપયોગી છે. ખેરના ઝાડમાંથી કાથો ઉત્પન્ન થાય છે. એનું લાકડું માટીમાં કેટલાંએક વર્ષ રહે તો પણ કહોતું નથી. ખેરના લાકડાની વળીઓ, સોટીઓ, તંબુની મેખો વગેરે બનાવે છે. ખેરના લાકડાનો ગાભો ઘણો કઠિન હોય છે; માટે સુતાર તથા લુહાર લોક તેમના હથિયારના હાથા કરવામાં

×ખેર ધોળો, રાતો અને દુર્ગંધ એમ ત્રણ જાતનો છે. ખેરના લાકડાનો યજ્ઞના સાહિત્યમાં સ્રુવા આદિ કરવામાં ઉપયોગ થાય છે. મદનપાલ નિઘંટમાં લખે છે કે:—આ ઝાડની અત્યંત રંગની લાકડી અને કાચી કૂંળીઓમાંથી ઉકાળીને સત્ત્વ કાઢે છે એને કાથો કહે છે. કરીઆતાને પાણીમાં ભીંજવી રાખી તે પાણીમાં ૧૦-૧૨ ગ્રેન કાથો નાખીને ઘણા દિવસના આંતરે આવનાર તાવની બિમારીમાં આપવાથી બહુજ ઉત્તમ અસર કરે છે. રુધિરના વિકારથી દાંતના પારામાંથી લોહી નીકળતું હોય તો કાથાને પારા ઉપર ચોળવો તથા ખાવા આપવો; તેથી અત્યંત ફાયદો થાય છે. ડૉ૦ એમ. રોસના કહે છે કે:—ઘણાજ દુષ્ટ નાસુર અને કોઢના ડાઘા ઉપર કાથાને બારીક વાટી બીજા પદાર્થોની સાથે મલમમાં મેળવી ચોળવાથી ઘા જલદી રૂઝાઈ જાય છે. ચરકમાં લખ્યું છે કે:—ખેરની છાલ કોઢની નાશક છે. તેમજ સુશ્રુતમાં તેને મેદહર, કુષ્ઠનાશક અને મેદને શોષણકર્તા માનેલ છે. એ ગ્રંથોમાં કાથાને સ્તંભક માનેલ છે. પાંદડાનો ક્વાથ કરીને આપવાથી મૂત્રસ્થાનના રોગનો નાશ થાય છે અને રુધિર શુદ્ધ થાય છે. હિંદુસ્તાની મનુષ્ય કાથાને ઠંડો, ગ્રાહી અને પાચક માને છે તથા ગળાના અંદરના રોગોમાં, મોઢાની ગરમી, ફુલેલા દાંતના પારા, ખાંસી, ઝાડા અને શૂળના રોગોમાં ઉપયોગી માને છે. જૂનાં નાસુર, ફોડા અને ગાંઠ ઉપર, એને વાટી લેપ કરે છે. કાથાને બીજી દવાઓની સાથે મેળવીને આપવા શારંગધર, ચક્રદત્ત અને ભૈષજ્યરત્નાવલી આદિ ગ્રંથોમાં ઘણા પ્રયોગો કહેલ છે. મુસલમાની ગ્રંથોમાં પણ કાથામાં ઉપર કહેલ બધા ગુણો માનેલ છે. ખેરના લાકડાના જૂના ગરભમાંથી નાના નાના ટુકડા અને લાકડીના લાલ ટુકડા મળી આવે છે. એને ખેરસાર કહે છે. ખેરસારનો સ્વાદ મીઠો અને કસેલો છે. દેશી દવાઓમાં એને છાતીના રોગોમાં અત્યંત કિંમતી માનેલ છે. એનાથી કફ જૂદો થઈ નીકળે છે. કાથો અને હીરાબોળ એ એના એકત્ર કરેલ પ્રયોગને કાથબોળ કહે છે. એ પ્રસૂત થયા પછી સ્ત્રીઓને કોવત આવવા માટે તથા સ્તનમાં દૂધ વધારવાને માટે અપાય છે.

રૂઝ લાવનાર અનેક મલમોમાં કાથો વાપરવાની ઘણાક વૈદ્યો અને સાધારણ મનુષ્યોની પણ પારિપાટી જોવામાં આવે છે. કોઈ પણ પ્રયોગથી ગમે તેવો દુર્ઘટ અપાએલ રેચ ન વળતો હોય તો અર્ધા તોલા સુધી કાથો વાટી પાણીમાં મેળવી ભેદક રીતે આપવું. રેચ વાળવાનો આ છેલ્લામાં છેલ્લો પ્રયોગ મનાય છે. ધોળા ખેરમાંથી બનાવેલ કાથાને કેવળીઓ કાથો કહે છે અને એ સર્વથી ઉત્તમ મનાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તેનો ઉપયોગ કરે છે. શેરડીનો રસ કાઢવાને મજબૂત કોલ પણ તેનોજ બનાવે છે. **ખેરમાંથી કાથો બનાવવાની રીત એવી છે કે,** જૂનો થયેલો સારો ખેર જોઈ તે કાપે છે, પછી એના ઉપરની છાલ કાઢી નાખે છે અને મધ્યના ગાભાના બારીક કકડા કરી એક વાસણમાં ભરે છે. પછી ભઠ્ઠી સળગાવી તેને ઉકાળી ઠરતું રાખવાથી વાસણમાં કાથો ઠરેલો હોય છે તેની વડીઓ કરે છે. ઇમારત વગેરે બાંધે છે ત્યારે કાથાનું પાણી કરી તે પાણી અથવા ખેરનું લીલું લાકડું છાલ સાથે બારીક કાપી, બાફી, અર્ક કાઢી તે અર્ક ચુનો કર્યો હોય તેમાં નાખવાથી ચુનાને એટલી મજબૂતી આવે છે કે તોપનો ગોળો પણ તેના ઉપર એકાએક લાગુ થતો નથી. **ખેર:**—પાચક, શીત, રસકાળે કડવો, તુરો, રક્તશુદ્ધિકારક તથા દાંતને હિતાવહ છે; અને કફ, પિત્ત, કૃમિ, વ્રણ, કોઢ, કંડૂ, તાવ, સોજો, ઉધરસ, મેદ, પ્રમેહ, આમ, અરુચિ, પાંડુ અને રક્તદોષનો નાશ કરે છે. **ખેરનો ગુંદર:**—મધુર, બલકર તથા ધાતુવર્ધક છે. **ખેરનો સાર:**—વ્રણ્ય તથા વિશદ છે; અને રક્તદોષ, કફ તથા મુખરોગનો નાશ કરે છે. **ઉપયોગ:**-(૧) **ઉપદંશ (ગરમી) ઉપર:**—ખેર અને અસાંણાનો કાઢો, ત્રિફળાનું ચૂર્ણ નાખી પ્રાશનાર્થ આપવો એટલે સર્વ પ્રકારનો ઉપદંશ રોગ જાય છે. (૨) **કોઢ રોગ ઉપર:**—ખેરનાં પંચાંગ (મૂળ, પાન, ફૂલ, છાલ અને ફળ) નો કાઢો કરી રાખવો; અને તેનાથી સ્નાન, પાન, ભોજન અને લેપ કરવો, એટલે સર્વ કોઢ દૂર થાય છે. તેમજ કોઢ ઉપર ખેરનો કાથો ઘસી ચોપડવો. (૩) **ભગંદર ઉપર:**—ખેરછાલ અને ત્રિફળાનો કાઢો કરી તેમાં ભેંસનું ઘી અને વાવડીંગનું ચૂર્ણ નાખી પાવું. (૪) **સોમલના વિષ ઉપર:**—ગાયના દૂધમાં કાથો ઘસી પાવો. (૫) **બાળકોને મુબારકી રોગ થાય છે તે ઉપર:**-એ રોગનાં લક્ષણો એવાં છે કે અજીર્ણ થઇ પેટમાં દૂષિત મળની ગાંઠ થઇ પાંસળીઓ ઉપડેલી લાગે છે. ગાલ ઉપર સોજાની છાયા જણાય છે, પેટ ફુલેલું જણાય છે, મૂત્ર પીળું થાય છે અને શક્તિ ક્ષીણ થઇ જાય છે. એ ઉપર ખેરની અંતરછાલ શુમારે ત્રણ માસાપર્યંત ગાયના દૂધમાં ઘસી, તેમાં અર્ધા અડદ જેટલું ગોરોચન ઘસી પ્રત્યેક પ્રાતઃકાળે એક વખત પ્રમાણે ત્રણ દિવસ આપવું. (૬) **તિડીક (તણખીઆ) પ્રમેહ ઉપર:**—ખેર, બાવળ અને ખીજડો, એ ત્રણે ઝાડોના કુમળા તોરા (અંકુર) એક તોલાપર્યંત સમભાગ મિશ્ર કરી ગાયના તાજા દૂધમાં વાટી શુમારે ૫ તોલાપર્યંત રસ કાઢી, તેમાં જીરાની ભૂકી ચાર ગુંજભાર અને સાકરની ભૂકી અર્ધો તોલો નાખી, દરરોજ બે વખત એ પ્રમાણે ૭ દિવસ પાવું. (૭) **તોફાની થયેલો ઘોડો સારો થવા માટે:**—તેને રોજ ૫ તોલા કાથો આપવો. (૮) **માણસને થાક લાગ્યો હોય તો:**-ખેરની છાલનો રસ હિંગ નાખી પાવો. (૯) **પ્રમેહ અને ઉનવા ઉપર:**—ખેરના અંકુર ૪ પૈસાભાર અને જીરૂં ૧ પૈસાભાર લઇ વાટી ગાયના દૂધમાં મેળવી વસ્ત્રગાળ કરી તેમાં સાકર નાખી તે આપવું. આ ઔષધ બે વખત આપવું. (૧૦) **ઉધરસ ઉપર:**—ખેરની અંતરછાલ ૪ ભાગ, બહેડાંદળ ૨ ભાગ અને લવંગ ૧ ભાગ લઇ તેનું ચૂર્ણ કરી તે મધમાં આપવું. (૧૧) **કાન પાક્યો હોય તે ઉપર:**—ધોળા કાથાની વસ્ત્રગાળ ભૂકી કરી ગરમ પાણીમાં કાલવવી અને તેની પીચકારી જેવી સેર કાનમાં પાડવી પછી કાન સ્વચ્છ ધોવો. (૧૨) **પિત્તવિકાર ઉપર:**—ખેરના કુમળા તોરા ૧ તોલો લઇ તેમાં ત્રણ માસા સુંઠ નાખી બારિક વાટી, તે ગોળી ગાયના તાજા દૂધમાં કાલવી પ્રતિદિવસે પ્રાતઃકાળે એ પ્રમાણે ત્રણ દિવસ આપવી. (૧૩) **કોઢ ઉપર:**—ખેરની છાલ અને આંમળાંનો કાઢો, બાવચાનું ચૂર્ણ નાખી પાવો એટલે શ્વેત કોઢ દૂર થાય છે.

૧૯૮ ખેરવેલ-સં૦ આરી, આરિ. મ૦ આરાટી, વેલ્યાખૈર. હિં૦ વાલ્લખદીર, મટ્ટિકફન. ક૦ સીગુરિ. લા૦ એકેશિયા પિનેટા.

ખેરવેલની વેલ કાંટાવાળી હોઈ તે વેલની માફક પ્રસરે છે. એનું વલ્લિખદિર એવું સંસ્કૃત અને અરાટી એવું મરાઠીમાં પણ નામ છે. ખેરનાં ઝાડ જેવાં એનાં પણ પાંદડાં હોય છે. એની ફળી ચપટી લીલા રંગની અને ફૂલ તંતુવાળાં બાવળના જેવાં થાય છે. ખેરવેલનો વાડ કરવા માટે ઉપયોગ થાય છે. **ખેરવેલ:**—કડવી, તુરી, તીખી, ઉષ્ણ, રસકાળે અને પાકકાળે ખાટી તથા રક્તકોપન છે. એ વાયુ, ઉધરસ અને પિત્તરોગનો નાશ કરે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૧૭૯ **ખોરેતી**—(સં૦ ફલ્ગુ.) એ વૃક્ષને "ખરવત" પણ કહે છે. એ ઝાડ ઘણેક ઠેકાણે થાય છે. એનાં પાંદડાં ઉપર કરવત જેવા ખરખરા કાંટા હોય છે. કોંકણમાં સુતાર લોક એનાં પાંદડાંને લક્કડકામ સાફ કરવાના ઉપયોગમાં લે છે, તેથી લાકડું સફાઈદાર બને છે. એનાં પાંદડાં અને ફળો ખોખાડાનાં (કાળા ઉંબરાનાં) પાંદડાં અને ફળ જેવાં હોય છે. **ઉપયોગ:-(૧) શોફોદર ઉપર:**-ખોરેતીની છાલનો રસ ૪ પૈસાભાર ગાયના દૂધમાં ૩ દિવસ પાવો અથવા છાલ ગોમૂત્રમાં ઘસી પાવી. **(૨) બરોળ ઉપર:**-ખોરેતીનાં મૂળ ગોમૂત્રમાં ઘસી પાવાં. થએલ ઝાડાનો ઉતાર ઘી અને ભાત; અથવા ખોરેતીનાં ફળની ભૂકી નાળિયેરના અંગરસમાં આપવી. **(૩) બાળકોના પેટમાંહેના ભાર ઉપર:**-ખોરેતીની છાલ, ચિત્રાનાં મૂળ અને અંઘેડાનાં મૂળ, ગોમૂત્રમાં ઘસી પાવાં. રેચ થાય તો ઉતાર દહીં અને ભાત. **(૪) ભાર ઉપર અને બરોળ ઉપર:**-ખોરેતીની છાલ, પાણીશોક અને નાળિયેરની કાચલી, એ સમભાગે ગોમૂત્રમાં ઘસી દરરોજ બે વખત પ્રમાણે ૨૧ દિવસ આપવું. **(૫) ગરદન ઉપરના ભાગમાં વ્રણ થયું હોય તે ઉપર:**--ખોરેતીની છાલના રસમાં કપડું ભીંજવી તેની ગડી કરી તાળવા ઉપર મૂકવી; અને ઉપર એક કપડું આખા માથા ઉપર વીંટાળી તે ઉપર તે રસ વારંવાર નાખતા રહેવું. એ પ્રમાણે ૭ દિવસ એ ગડી સતત રાખવી અને પથ્ય પાળવું. **(૬) ભારનો ઉપદ્રવ ન થવા માટે:**—મહિનામાં બે વાર ખોરેતીની છાલ ગોમૂત્રમાં ઘસી પાવી. **(૭) ગુલ્મરોગ (ગોળા) ઉપર:**--ખોરેતીનાં સૂકાયલાં ફળો અથવા છાલ અને નાળિયેરની કાચલી, એ પાંચ તોલા ગોમૂત્રમાં અર્ધા તોલા પ્રમાણે ઘસી તે પ્રાશન કરવું. **(૮) દંતશૂળ અને દાંત હાલતા હોય તે ઉપર:**—ખોરેતીના દાતણવડે દાંત ઘસવા એટલે ૩ દિવસમાં દાંત મજબૂત થાય છે અને દુખતા બંધ થાય છે. **(૯) અટકાવ આવવા માટે:**--ખોરેતીનાં ફળોનું ચૂર્ણ નાળિયેરના અંગરસમાં ૩ અથવા ૭ દિવસ આપવું.

૧૮૦ **ગજકર્ણી**--(મ૦ નાયટી.) ગજકર્ણીનાં ઝાડ નાનાં હોય છે. એનાં પાંદડાં ભાંગરાનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. એ ઝાડ ઉપર જે ફૂલ આવે છે તે શરીર ઉપર થનારાં દાદરનાં ચાઠાં જેવાં રાતા રંગનાં અને ચપટાં હોય છે. **ગજકર્ણી:**—પાકકાળે સ્વાદુ, કડવી તથા ઉષ્ણ છે; અને કફ, શીતજ્વર તથા વાયુનો નાશ કરે છે. એનો કંદ પાંડુરોગ, સોજો, અર્શ, કૃમિ, ગુલ્મ, ઉદર, આનાહવાયુ, પ્લીહા અને સંગ્રહણીનો નાશ કરે છે. **ઉપયોગ:**--**(૧) ચાઠાં ઉપર:**-- ગજકર્ણીના ઝાડનો રસ ચોપડવો. **(૨) દાદર ઉપર:**--ગજકર્ણીનો પાલો કિંવા મૂળની છાલ વાટી ચોપડવી; અથવા ગજકર્ણીનું મૂળસુદ્ધાં ઝાડ, ગરમાળાનો પાલો અને પલાશપાપડો, એ એકત્ર વાટી ચોપડવું. **(૩) ખાલી ચઢે છે તે ઉપર:**--ગજકર્ણીનાં પાંદડાંના રસમાં નવસાર ઘસી ચોપડવો. **(૪) અંગની ખરજ દૂર થવા માટે:**--ગજકર્ણીનાં પાંદડાં વાટી શરીરે ચોળવાં અને થોડીવારે સ્નાન કરવું. એ પ્રમાણે બે ત્રણ વાર કરવું.

૧૮૧ **ગરણી**--સં૦ ગોકર્ણી, અપરાજિતા. મ૦ ગોકર્ણી, સુપલી, કાજળી. હિં૦ કોયલ. બં૦ અપરાજિતા, હાપરમાલી. ક૦ ખિલિયગિરિકર્ણિકે, ગંટૂના, દિન્ટેના. તા૦ કાક્કનન્કોડી, કાક્કાન. મલા૦ આરલ. ફા૦ માઝીરીયન. અ૦ મજીરયુતએ હિન્દી. ઈ૦ ઇન્ડીઅન મેઝોરિયન. લા૦ કલેટોરિયા ટરનેટિયા.

ગરણીના વેલા પ્રસિદ્ધ છે. ગરણીમાં ધોળી અને કાળી એવી બે જાતિ છે. ગરણીને લાંબી શીંગો આવે છે. એનાં ફૂલ આકારે ગરણી જેવાં હોય છે. એ ફૂલનો પૂજાના કામમાં ઉપયોગ થાય છે. ધોળી ગરણી વધારે ગુણવાળી છે. **ધોળી ગરણી:**--તીખી, શીત, કડવી, બુદ્ધિપ્રદ, ચક્ષુષ્ય, તુરી, સારક તથા વિષનાશક છે; અને ત્રિદોષ, મસ્તકશૂળ, દાહ, કોઢ, શૂળ, આમ, પિત્તોપદ્રવ, સોજો, કૃમિ, વ્રણ, કફ, ગ્રહપીડા, શીર્ષરોગ તથા સર્વ વિષનો નાશ કરે છે. **કાળી ગરણી:**--કડવી, સ્નિગ્ધ, ત્રિદોશનાશક તથા શીતવીર્ય છે; અને વાયુ, પિત્ત, કફ, જ્વર, દાહ, શ્રમ, પિશાચબાધા, રક્તાતિસાર, ઉન્માદ, મદ, અતિકાસ, દમ, કફ, કોઢ, કૃમિ તથા ક્ષયનો નાશ કરે છે. બીજા ગુણ ધોળી ગરણીના જેવા છે. **ઉપયોગ:**-- **(૧) કોઢ ઉપર:**—ધોળી ગરણીનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરવો એટલે ધોળો કોઢ એક મહિનામાં જાય છે. **(૨) રેચ થવા માટે:**--ગરણીનાં બીઆં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઘીમાં તળી એનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું. (૩) **મસ્તકશૂળ ઉપર અને આદાશીશી ઉપર:**--ઘોળી ગરણીનું મૂળ પાણીમાં ઘસી તે નાકે સુંઘવું. (૪) **તણખીઆ પરમા ઉપર:**--ઘોળી ગરણીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી સાત દિવસ સુધી પાવાં. (૫) **હડતાલના વિષ ઉપર:**-ઘોળી ગરણીનાં પાંદડાંનો રસ પાવો. (૬) **આદાશીશી ઉપર:**--ઘોળી ગરણીનાં બીઆં તથા મૂળ એકત્ર વાટી તેનો લેપ કરવો કિંવા ઘોળી ગરણીનાં મૂળ કાને બાંધવાં. (૭) **કફવિકાર ઉપર:**-ઘોળી ગરણીનાં મૂળનો રસ શક્તિ પ્રમાણે બે તોલાપર્યંત ગાયના તાજા દૂધમાં પાવો. (૮) **શોફોદર ઉપર:**--ઘોળી ગરણીનો વેલો કંમરે બાંધવો. (૯) **એકાંતરા જ્વર ઉપર:**--ગરણીના રસનું નસ્ય આપવું. (૧૦) **ગર્ભપાત ઉપર:**--ઘોળી ગરણીનાં મૂળ દૂધમાં ઘસી પાવાં એટલે પડનારા ગર્ભનું સ્તંભન થાય છે. (૧૧) **વાળા ઉપર:**--ઘોળી ગરણીનાં મૂળ દૂધમાં વાટી લેપ કરવો. (૧૨) **યકૃત્, પ્લીહા અને જલોદર ઉપર:**--ગરણીનાં બીઆંનું ચૂર્ણ ત્રણ માસા ગરમ પાણી સાથે પાવું.

૧૮૨ ગરમાળો--સં૦ આરગ્વધ. મ૦ બાહાવા. હિં૦ અમલતાસ, ધનબહેડા. ક૦ હેગ્ગકે. તુ૦ કક્કે કાયિસારા. મલા૦ કટ્ટુકોના. તૈ૦ રેલ્લકાયા. અ૦ ખ્યારેશંબર. ફા૦ ખ્યારેચંબર. ઈ૦ પુડિંગપાઇપ ટ્રી. લા૦ કેસ્યા કિસચુલા.

એ ઝાડ મોટાં થાય છે. એનાં પાંદડાં રતાંદળીનાં પાંદડાં જેવાં નાનાં હોય છે. એને આવળનાં ફૂલો જેવાં પીળાં ફૂલો આવે છે. એને હાથભર લંબાઈની શીંગો આવે છે. એની અંદરનું મગજ કાળું અને ચીકાશવાળું હોય છે. તે ઔષધના ઉપયોગમાં આવે છે. મગજ કાઢવું હોય તો શીંગ કિંચિત્ ગરમ કરવી એટલે તે ત્વરિત નીકળે છે. ગરમાળાનાં ફૂલોનું શાક કરે છે. એ નાનો અને મોટો એમ બે જાતનો છે.+**ગરમાળો:**-અતિ મધુર, શીતળ, મૃદુ, રેચક, તીખો, ભેદક, ગુરુ તથા સ્રંસન છે; અને શૂળ, જ્વર, કોઢ, કંડૂ, મેહ, કફ, વાયુ, ઉદાવર્ત, હૃદ્રોગ, બંધકોશ, કૃમિ, વ્રણ, કફોદર, મૂત્રકૃચ્છ્ર તથા ગુલ્મનો નાશ કરે છે. એનાં **પાંદડાં:**-રેચક અને કફ તથા પ્રમેહનાં નાશક છે. એનાં **ફૂલો:**-સ્વાદુ, ઠંડાં, કડવાં, ગ્રાહક તથા તુરાં છે. **એની શીંગો:**-પાકકાળે તીખી, મધુર, બળકર, સ્રંસનકારક, રેચક, અરુચિપ્રદ તથા કોષ્ઠશુદ્ધિકારક છે; અને કફ, પિત્ત, મલદોષ તથા તાવનો નાશ કરે છે. **એની છાલ:**-પાકકાળે મધુર, સ્નિગ્ધ, અગ્નિવર્ધક તથા રેચક છે અને પિત્ત તથા વાયુની નાશક છે. **લઘુ ગરમાળો:**-સારક, કડવો, તીખો તથા ઉષ્ણ છે; અને કફ, શૂળ, ઉદરકૃમિ, મેહ, વ્રણ તથા ગુલ્મનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) દાદર, કોઢ, દમ, ખસ તથા વિચર્ચિકાનાં ચાઠાં ઉપર:**-ગરમાળાનાં પાંદડાં વાટી તેમાં કાંજી નાખી તેનો લેપ કરવો; અથવા અંકુરોનો અંગરસ ચોપડવો. (૨) **ચાઠાં ઉપર:**-ગરમાળાનાં કુમળાં પાંદડાં વાટી ઉપર ચોળવાં. (૩) **કાળપુળી (પાઠા) ઉપર:**-ગરમાળાનાં મૂળ છાશમાં ઘસી તેના ઉપર લેપ કરવો અને નિવતીનાં મૂળ દૂધમાં ઘસી પાવાં. (૪) **બાળકોને વાંગ (બાળક જન્મ્યા પછી ૧૦-૧૫ દિવસની અંદર અંગ ઉપર ફોડલીઓ થઈ તેમાં વાળ થાય છે તે) ઉપર:**--ગરમાળાનાં પાંદડાં ગાયના દૂધમાં વાટી શરીરે ચોળવાં.

+ગરમાળાને ગરમાણો પણ કહે છે. એનાં પાંદડાં મોટાં અને કુમાસદાર હોય છે અને સામસામાં હોય છે. એ ફૂલ પાંચ પાંચ પાંખડીનાં હજદરના સમાન પીળાં પ્રત્યેક ડાળીની ઉપર અનેક હોય છે. એની માત્રા ૩॥ માસાથી ૧। તોલા સુધીની છે.

મખજન અલ અદવિયામાં લખે છે કે:—ઉત્તમ રેચ લાગવાને માટે ગરમાળાના ગરને થોડા બદામના તેલની સાથે મેળવવાથી છાતીનાં દરદ નાશ થાય છે. લોહીની ગરમી અત્યંત ઓછી થાય છે, એની અસર અત્યંત નાજુક હોવાથી બાળક તથા સગર્ભા સ્ત્રીઓને માટે હિતકારી છે. એકત્ર થએલ પિત્તને દૂર કરવાને એને આમલીની સાથે મેળવવો. સંધિવા (સાંધામાં રહેલો વાયુ)ની પીડા દૂર કરવાને તે ઠેકાણે ચોપડવો. ૫ થી ૭ બીજ વાટી આપવાથી ઉલટી થાય છે. એની ફળ ઉપરની છાલ, કેસર, સાકર અને ગુલાબજળની સાથે વાટીને આપવાથી સ્ત્રીઓને તુરત પ્રસવ થાય છે. છાલ અને પાંદડાંને તેલમાં વાટી ફોલ્લાના ઉપર ચોપડવાથી ફાયદો થાય છે. ચરક એને કંડૂ (ખરજ) નાશક કહે છે. સુશ્રુત કફવાતપ્રશમન લખે છે અને યૂનાની વૈદ્ય પાંદડાં અને ફૂલમાં ઝાડો ઉતારવાનો ગુણ રહ્યો છે એમ બતાવે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૫) શરીરપરની ખસ દૂર થવા માટે:--ગરમાળાનાં પાંદડાં છાશમાં વાટી અંગે ચોળવાં અને કેટલીકવાર થયા પછી સ્નાન કરવું. **(૬) હરિદ્રા મેહ (પીળા પ્રમેહ) ઉપર:**-ગરમાળાની શીંગોની અંદરના મગજનો અષ્ટમાંશ કાઢો પાવો. **(૭) કફ રોગ ઉપર:**-ગરમાળાની શીંગોની અંદરનો ગર્ભ તથા ગોળ એકત્ર કરી સોપારી જેવડી ગોળી કરી ગરમ પાણીમાં પાવી. **(૮) રક્તપિત્ત ઉપર:**-ગરમાળો અને આવળકંટી (આમળાં) નો કાઢો મધ અને સાકર નાખી પાવો, એટલે રેચ થઇ રક્તપિત્ત બંધ થાય છે. **(૯) ગંડમાળા ઉપર:**-ગરમાળાનાં મૂળ ચોખાનાં ધોવરામણમાં વાટી તેનું નસ્ય આપવું કિંવા લેપ કરવો. **(૧૦) ભીલામો ઉઠયો હોય તો:**--ગરમાળાનાં પાંદડાંનો રસ ચોપડવો. **(૧૧) સૂક્ષ્મ રેચમાટે:**--સોનામુખી, બાળહરડાં અને ગરમાળાનો ગર્ભ એનો કાઢો કરી પાવો.

૧૮૩ ગરવેલ--આ ઝાડની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. આ ઝાડ ડમરા જેવું હોય છે. એનાં પાંદડાં અને મૂળ ઘણાં કડવાં હોય છે. આ ઝાડો માહુલી કિલ્લા ઉપર પુષ્કળ થાય છે. **ઉપયોગ:-(૧) કૉલેરા ઉપર:**-ગરવેલનાં મૂળ ત્રણ માસા અને મોડસ કાંદો ત્રણ માસા, એ પાણીમાં વાટી પાવું, એટલે તાબડતોબ કૉલેરાનો આજાર દૂર થાય છે.

૧૮૪ ગલકી— સં૦ હરિતકોશાતકી, ઘોશકી. મ૦ ઘોશળે, ઘોસાળી, પારસાદોડકા. હિં૦ નેનુઆ, તોરઇ, ઘીયા તોરઇ. બં૦ ધુંધલ. ક૦ અરહીરે, તુપ્પીરી. તૈ૦ પુછાબીરકાયા. ફા૦ ખિયાર. લા૦ લ્યુફાપેટેંડ્રા.

ગલકીનો વેલો ઘણોજ વધે છે. એનાં ફળોને ' ગલકાં ' કહે છે. એમાં બે જાત છે. માઠ અને સાતપુતી. માઠને ફકત એકજ ફૂલ અને ફળ આવે છે. * સાતપુતીને વધારે ફળફૂલ આવે છે અને તોરા આવે છે. માઠનાં ગલકાં પોચાં હોય છે. ગલકાં એ એક તુરીઆંનીજ જાતિ છે. ગલકાનું શાક અને ભજીઆં ઘણાં ઉત્તમ થાય છે. એ તુરીઆં કરતાં સારાં થાય છે. ઘણી ખરી ભાજીઓ કરતાં એ ઘણી મીઠી લાગે છે. ગલકાંને "પારોસ" પણ કહે છે. **મોટાં ગલકાં:**-શીતળ, મધુર, વાતલ, અગ્નિદીપક, કફકર તથા પિત્તલ છે; અને દમ, ઉધરસ, તાવ તથા કૃમિનો નાશ કરે છે. **સાતપુતી:**--શીતળ, હૃદ્ય, પાકકાળે તીખી તથા કડવી છે; અને પિત્ત, વિષ, ઉધરસ, તાવ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:--(૧) બાળકની છાતીમાં દરદ થયું હોય તે ઉપર:**--ગલકું શેકી તેનો રસ એક પૈસાભાર પાવો. **(૨) સોજા ઉપર:**--ગલકીનાં પાંદડાંનો રસ ગોમૂત્રમાં નાખી ગરમ કરી ચોપડવો. **(૩) શોફોદર ઉપર:**--ગલકીનાં પાંદડાનો રસ ૨ તોલા પાવો અને પાંદડાં વાટી સોજા ઉપર ચોપડવાં. **(૪) બદ, ફુટેલાં ગુમડાં, ગરમીની ચાંદીઓ વગેરે સારાં થવા માટે અનુભવી મલમ:**--ગલકીના વેલાનાં લીલાં પાંદડાં ખાંડી તેનો અંગરસ એક શેર કાઢવો. તે રસમાં ગાયનું કિંવા બકરીનું ઘણુંજ જૂનું ઘી એક શેર નાખવું અને કલઈના વાસણમાં દેવતા ઉપર શીજવવા મૂકી તેમાંનો બધો રસ બાળી નાખવો. પછી જે ઘી બાકી રહે તેમાં શુદ્ધ મીણ ૫ તોલા નાખવું; તે ઓગળી ઘી સાથે એકત્ર થયા પછી દેવતા ઉપરથી ઉતારી એક કથરોટમાં પાણી ભરી લઇ તે પાણીમાં તે ઔષધ ગાળી નાખવું; અને એક પ્રહર પછી કથરોટમાંના પાણી ઉપર ભાખરી જેવું જમી રહેલું ઔષધ લઈ પાતળા ચોગડી કપડા ઉપર મૂકી, તે ઉપર ઢાંકણુ તરીકે પણ તેવુંજ પાતળું ચોગડી કપડું મૂકી હલકા હાથથી દાબવું. એ યોગથી તેમાં રહેલો પાણીનો દ્રવ નીકળી જશે. પછી આ મલમ એક ડબામાં ભરી રાખવો અને જખમ ઉપર ચોપડવો, એટલે જખમ જલદીથી ભરાઇ આવે છે.

* સાતપુતી એ મરાઠી નામ છે. ઘણું કરીને ગુજરાતીમાં એને ઝુમખડાં કહે છે. આ બન્નાં તુરીઆની જાતનાં છે. તુરીઆની મુખ્ય ત્રણ જાતો કહેવાય છે. તુરીઆં, કડવાં તુરીઆં અને ગલકાં. તેમાં તુરીઆં સફેદ ધારવાળાં અને પીળાં ફૂલનાં થાય છે, કડવાં તુરીઆં એ તુરીઆં જેવાંજ વગડામાં ઝાડ ઉપર થાય છે; અને વખતે તુરીઆંની વાડીમાં તુરીઆં સાથે થઇ તેમાંજ ભળી જાય છે. એનાં બીજ કાળાં હોય છે કહે છે કે તુરીઆં ઉપરની ધારોની સંખ્યા ૧૦ અને કડવાં તુરીઆં ઉપરની ધારોની સંખ્યા ૯ હોય છે; આથી પણ એ ઓળખાય છે. ગલકાં કાળાશ પડતાં રંગનાં અને લંબગોળ પીળાં ફૂલનાં થાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૧૮૫ ગલતુરો—સં૦ શંખોદરી. મ૦ ગલતુરા, ગુલતુરા, ગુલ્પરી, શંખાસુર, ધાકટીગુલ, મોહોર. તૈ૦ સામિડીતાંઘેહુ. લા૦ પોઇનસિયાના રિજાઇના, પાઇનસિયાના પલકેરીમા.

એનાં ઝાડ નાનાં હોય છે. એનાં પાંદડાં વગડાઉ આવળીનાં પાંદડાં જેવાં હોય છે અને જે ફૂલો આવે છે તેને 'શંકરનાં ફૂલો' એમ પણ કહે છે. ઘણાક કાઢાઓમાં એનાં મૂળો ઉપયોગમાં આવે છે. એનું લાકડું ઘણુ મજબૂત હોય છે. એની ખુંટીઓ સારી થાય છે. મોટાં ઝાડ ડાળાંમાંથી ભાગવાથી તેને પુનઃ ફણગા ફુટી તેના પુષ્કળ ફાંટા થાય છે. એની બે જાતિ છે. એક પીળાં ફૂલોની અને બીજી રાતાં ફૂલોની. એ ઝાડનો વિસ્તાર સર્વ બાજુએ સરખો પ્રસરી ડાળીઓ જરા નીચે નમે છે. એની છાયા ઘટ્ટ હોય છે. એને આંગળી જેવડી જાડી, ચપટી અને ચાર પાંચ આંગળ લંબાઇની શીંગો આવે છે. તેમાં સાત આઠ દાણા હોય છે. એ દાણા છોકરાંઓ પ્રેમથી ખાય છે. એ દાણા ઘણાજ સ્વાદિષ્ટ લાગે છે. આ ઝાડને કાંટા હોય છે. એનાં બી રોપ્યાથી કે ડાળાંથી ઝાડ થાય છે. એનાં ફૂલોમાં વાસ નથી હોતો. ફૂલોના ઝુમખા ને ઝુમખા આવે છે. ફૂલો આવવાનો વખત આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ એ મહિનામાં હોય છે. એને બાર મહિને ફૂલો આવે છે. એ ઝાડ શોભામાટે બાગમાં વાવે છે. આ ઝાડ 'શંકાસુરી' 'શંકેશ્વર' વગેરે નામે પણ ઓળખાય છે. × એ ઉષ્ણ છે અને કફ, વાયુ, શૂળ તથા આમવાયુનો નાશ કરે છે. **ઉપયોગઃ—નાકમાંથી લોહી પડે છે તે ઉપરઃ**—આંબાની ગોટલી ઘરોના રસમાં ઘસી નાકે સુંઘવી અને ગલતુરાનાં પાંદડાંનો રસ, અલતો અને મધ એ પીવાં.

૧૮૬ ગવાર (ગુવાર)—સં૦ ગોરાણી. હિં૦ ગ્વારફલી. મ૦ ગોંવારી, ગોંવારી રયાશેંગા, બાંવચ્યા. ત૦ ગોરચિકુડુ. લા૦ સોયેમોપસિસ્, સોરેલિયા ઇન્ડીશ.

ગવારનાં ઝાડ બે ત્રણ હાથ ઉંચાં વધે છે. ગવારનાં પાંદડાં કુમળાં હોય ત્યારે તેની ભાજી સરસ થાય છે. પાકી ગવારફળી સૂકવી તેમાંનાં બીઆં (ગવાર) કાઢી ઢોરને ખવરાવે છે. ગવારની શીંગો શાક માટે સૂકવી પણ રાખે છે. સગર્ભા સ્ત્રીઓએ કિંવા જે સ્ત્રીઓને બાળક સ્તનપાન કરે છે તેમણે ગવારની ભાજી ખાવી નહિ; કારણ કે તેઓના બાળકને આંકડીનો રોગ થવાની ધાસ્તી રહે છે. **ગવારની ફળીઓઃ**—રુક્ષ, વાતકર, મધુર, ગુરુ, સારક, કફકર, અગ્નિદીપક અને પિત્તનાશક છે. **ઉપયોગઃ— (૧) દાદર ઉપરઃ**—ગવારનાં પાંદડાંનો રસ અને લસણના રસનો લેપ કરવો. **(૨) નાડીવ્રણ ઉપરઃ**—ગવારનાં પાંદડાંના રસમાં કાકડી ભીંજવી યુકિતથી વ્રણમાં ઘાલતા જવું.

૧૮૭ ગહુલા—સં૦ અમ્બષ્ય. બં૦ પ્રિઇગુ. મ૦ ગહુલા. હિં૦ ફૂલપ્રિયંગુ. ક૦ નેપીલગુ ગૌલ. લા૦ પૃનસમહાલિબ.

ગહુલાનાં ઝાડ ઘણાં મોટાં થતાં નથી. એની ઉત્પત્તિ ઉત્તરહિંદુસ્તાનમાં થાય છે. **ગહુલાઃ**—તુરા, કડવા, વૃષ્ય, શીતળ તથા કેશને હિતાવહ છે; અને ઉલટી, ભ્રાંતિ, દાહ, પિત્ત, રક્તરોગ, તાવ, મોહ, ઘર્મ, કોઢ, મુખજાડ્ય, તૃષા, વાતગુલ્મ, વિષ, મેદ, મેહ તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં **બીજઃ**—તુરાં, મધુર, શીતળ, રુક્ષ, ગ્રાહક, મલસ્તંભક, બલ્ય, પિત્તનાશક, કફનાશક અને આધ્માનવાયુકારક છે. **સુગંધ ગહુલાઃ**—શીતળ તથા સુગંધિ છે; અને કોઢ, દાહ, તાવ તથા રક્તવિકારનો

× શ્રી. દત્તરામજીએ અને ઔષધીકોશના કર્તાએ વીરતરુને ગલતુરો માન્યો છે; પરંતુ મારા મતથી એ બન્ને જૂદાંજ હોવાં જોઇએ. વીરતરુનું લક્ષણ નિઘંટમાં આ પ્રમાણે બતાવે છેઃ—

बिल्वान्तरो जगति वीरतरुः प्रसिद्धः श्वेतासितारुणविलोहितपीतपुष्पः ।
स्याज्जातितुल्यकुसुमः शमिसूक्ष्मपत्रः स्यात् कंटकी विजलदेशज एष वृक्षः ॥१॥

અર્થાત્ "વેલ્લતરુ એ ધોળાં, રાતાં, કાળાં, પીળાં અને રક્તવર્ણનાં ફૂલે વાળો એમ પાંચ પ્રકારનો જગતમાં વીરતરુના નામથી પ્રસિદ્ધ છે. એને જાઈનાં જેવાં ફુલો અને ખીજડીના જેવાં ઝીણાં ઝીણાં પાંદડાં હોય છે. વળી એ કાંટાવાળું વૃક્ષ ઉજ્જડ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે." તેમજ મારી પાસેના નિઘંટોમાં તપાસ કરતાં વેલ્લતરુનાં નામોની સાથે શંખોદરી નામ પણ મળી આવતું નથી. ઔષધીકોશવાળાએ તો વેલ્લતરુને સંદેશરો પણ લખી આપ્યો છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ગર્ભિણીના રક્તસ્રાવ ઉપરઃ**—ગહુલા, કમળકંદ, કુમળાં ઉંબરાં એ દૂધમાં બાફી તે દૂધ પાવું. પછી સાકર સાથે રાતી કાંગરનો ભાત ખવડાવવો. **(૨) અમ્લપિત્ત ઉપરઃ**—ગહુલાનું ચૂર્ણ સાકરમાં ખાવું.

૧૮૮ ગહું (ઘઉં)—સં૦ ગોધૂમ. મ૦ હિં૦ ગહું. ક૦ ગોધી. તા૦ ગોદુમે. તુ૦ ગોદી. મલા૦ કોટપ. તે૦ ગોદૂમ, ગોધુમલુ૦ ફા૦ ગંદુમ. અ૦ હિતા. ઇ૦ વ્હીટ. લા૦ ટ્રિટિકમ વલગેરી.

સર્વ પ્રકારનાં ધાન્યમાં ગહું શ્રેષ્ઠ છે, એટલે તેને 'ધાન્યરાજ' એમ કહે છે. ગહું હિંદુસ્તાનમાં સર્વત્ર પાકે છે. બીજા સર્વ ખંડોમાં પણ ગહું પાકે છે. ગહુંનો રોપો બે હાથ ઉંચો વધે છે. અવ્વલ કાળી જમીનમાં ગહુંનો પાક સારો થાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં ગહું પુષ્કળ પાકે છે, એટલે ત્યાંના લોકનું ખાણું ગહુંનું છે. ગહુંનું ધાન્ય બરોબર સાચવીને રાખવાથી ચાર પાંચ વર્ષ-પર્યંત ટકે છે. ગહું એક ઉચ્ચ પ્રતિનું ધાન્ય હોઈ એના ખાવાના પદાર્થો માણસની પ્રકૃતિને માફક ગણવામાં આવે છે. સર્વ પ્રકારનાં ધાન્ય કરતાં ગહુંમાં પૌષ્ટિકપણું વિશેષ છે. ગહુંમાં **રાતડા, વાજીઆ, કાઠા, બન્સી, પુનેમીઆ, દાઉદખાની,** એવી ઘણીક જાતો છે.* તેમાં બન્સી ગહું ઉત્કૃષ્ટ પ્રતિના છે. ગહુંની કુમળી ઉંબીઓને શેકી તેનો પોંખ કરી ખાય છે. ગહુંના જેટલા પદાર્થો બને છે તેટલા કોઇ પણ ધાન્યના બનતા નથી. ગહુંના લોટનાં **ઘેબર, જલેબી, શીરો, પુરી, કણસાર, લાડુ, એવાં અનેક પકવાન્નો** બને છે. એ પકવાન્નોમાં ઘી, ખાંડ, ગોળ કે સાકર અવશ્ય જોઇએ. પાંચ છ દિવસ ગહું પલાળી રાખી તેના સત્ત્વનો એક પદાર્થ કરે છે; તેને 'બદામી હલવો' કહે છે. તે પૌષ્ટિક છે. ગહુંની થુલી કરે છે, તે પણ પૌષ્ટિક છે. તે અશક્ત માણસોને શક્તિ આવવા માટે આપે છે. ગહુંનું પરાળ અને ઘાસ ઢોરને ખવરાવે છે. કાગળો ચોટાડવાને એના લોટની **લાહી** ઘણી સારી થાય છે. **મોટા ગહુંઃ**-સ્નિગ્ધ, મધુર, શીત, ગુરુ, ધાતુવર્ધક, બલકર, કફકર, સારક, વર્ણ્ય, રુચ્ય, જીવન, ભગ્નસંધાનકારક, વ્રણને હિતકર, સ્થિરતાકારક તથા આમ કરનાર છે; અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. જૂના ઘઉં કફનાશક છે. **ઝીણા ગહુંઃ**—સ્નિગ્ધ, વૃષ્ય, કફકારક, બલકર, મધુર, ધાતુવર્ધક તથા પૌષ્ટિક છે. બીજા ગુણ મોટા ગહું જેવાજ છે. **ઉપયોગઃ-(૧) બદ ઉપરઃ**-ગહુંની કણકનું પોટીસ સાત આઠ વાર બાંધવું એટલે બદ પાકીને ફુટશે. પછી વ્રણોક્ત ચિકિત્સા કરવી. કોઇ પણ પ્રકારનું ગુમડું ફાટવાને માટે આજ પોટીસ બાંધવાથી તે પાકીને ફૂટે છે. **(૨) કમળીના રોગ ઉપરઃ**—ગહું લઇ તે ઉપર દેવતામાં લાલ કરેલી કડછી દબાવવી અને તેને જે ઘઉંનો બાફ લાગે તે આંખોમાં આંજવો. **(૩) શીઘ્ર પ્રસૂતિ થવા માટેઃ**—ગહુંની સેવો આધણમાં બાફી તે પાણી વસ્ત્રગાળ કરી શુમારે અચ્છેરપર્યંત લઇ તેમાં ચોખ્ખું ઘી નવટાંકપર્યંત નાખી પાવું. આ ઔષધ પ્રસૂતિસમયની પીડા થવા લાગે કે તુરત પાવું, પછી પાવું નહિ. **(૪) અસ્થિભંગ ઉપરઃ**—કિંચિત્ શેકેલા ગહુંનું ચૂર્ણ મધમાં નાખી આપવું. તે કંમર અને સાંધા દુખતા હોય તો તે ઉપર ઉત્તમ છે. **(૫) વાળા ઉપરઃ**—ગહું અને સણનાં બીઆંનું ચૂર્ણ ઘીમાં શેકી ગોળી કરી આપવી અને ચૂનો તથા બીડલોણ પાણીમાં વાટી લેપ કરવો. **(૬) નાકમાંથી લોહી નીકળે છે તે ઉપરઃ**—સાકર અને દૂધ નાખી ગહુંનો લોટ આપવો. **(૭) પ્રમેહ ઉપરઃ**—નવટાંક ગહું રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે વાટી વસ્ત્રગાળ કરી તેમાં સાકર ૧ તોલો નાખી તે સાત દિવસ આપવું.

૧૮૯ ગળજીભી-સં૦ ગોજીહ્વા. મ૦ ભુઇ-પાથરી. હિં૦ ગોભી, ગોજીઆ. બં૦ દાડીશાક. ક૦ યલુનાલગે, હક્કરિકે, એત્તિજનાલિગે. તે૦ યેદુનાલિકચેટ્ટુ. ફા૦ કલમરૂમી. લા૦ એલિફેન્ટોપસસ્કેબર.

એ ખડકવાળી, કાત્રાવાળી અને પડતર જમીનમાં થાય છે. એ કુમળી હોય છે ત્યારે તેને મૂળસુદ્ધાં ઉપાડી લે છે. જમીનની સાથેજ તે અડેલી હોય છે. ગરીબ લોક એનું શાક કરે છે. ગળજીભીનો છોડવો જૂનો થયા પછી તેના ઉપર વેંતભર ઉંચાઇનો તોરો આવે છે. એનાં બીઆંને હિંદુસ્તાનીમાં "ગોઝબાન" કહે છે. એનું શાક પથ્યકર છે. ભેંસને ખવરાવવાથી તેનું દૂધ વધારે

*કહે છે કે કલકત્તાના સંગ્રહસ્થાન (મ્યુઝિયમ)માં ૧૧૯૨ પ્રકારના ઘઉં છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નીકળે છે. **ગળજીભી:**—તીખટ, કડવી, શીતળ તથા વ્રણરોપણ છે; અને પિત્ત, સર્વ પ્રકારનાં વિષો, ઉધરસ અને અરુચિનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પારા ઉપર ઉતાર:**-ગળજીભીનાં મૂળનો રસ પાવો અને શરીરે પણ ચોળવો. ગળજીભીનું શાક કરી ખાવું. **(૨) અહિર અને આંખો આવે છે તે ઉપર:**-ગળજીભીનાં પાંદડાંના રસનું અંજન કરવું. **(૩) સર્પદંશ ઉપર:**-ગળજીભીનાં મૂળ વાટી પાવાં. **(૪) શીતજ્વર (ટાઢીઆ તાવ) ઉપર:**-ગળજીભી અને અરણીનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. **(૫) શ્વાનવિષ ઉપર:**-ગળજીભીનો કાઢો ઘી નાખી પાવો. **(૬) ત્વગ્દોષ અને રક્તશુદ્ધિ ઉપર:**-ગળજીભીનો રસ કાઢી સાકર નાખી ૭ દિવસ પાવો. **(૭) મૂત્રશુદ્ધિ તથા આંખોમાંની ગરમી નીકળી જવા માટે:**—ગળજીભીનો રસ પાવો.

૧૯૦ ગળી--સં૦ તા૦ તુ૦ નીલી. મ૦ નીળ-ગુળી. હિં૦ નીલ-લીલ. બં૦ નીલગચ્છી. તૈ૦ નીલીચેટ્ટુ. મલા૦ આવારી. ઇ૦ ઇંડીગો. લા૦ ઇંડીગોફેરા, ક્રાંડીફોલીઆ.

ગળીના છોડ શરપુંખાના છોડ જેવા થાય છે. પાંદડાં પણ તેવાંજ હોય છે. બંગાલ અને આસામ પ્રાંતમાં ગળીની વાવણી ઘણી થાય છે. તે પ્રાંતોમાં ગળીની વાવણી કરવાનું કામ યૂરોપિયન ખેડુતો કરે છે. ગળીના છોડમાંથી જે રંગ તૈયાર કરે છે તેને "નીલ" અથવા "ગળીનો રંગ" કહે છે.* **ગળી:**—તીખી, કડવી, કેશને હિતાવહ, ઉષ્ણ તથા સારક છે; અને વાંગ, શ્લેષ્મ, ઉદર, મોહ, હૃદ્રોગ, ભ્રમ, વાતરક્ત, ઉદાવર્ત, આમવાત, કફ, મદ, ઉધરસ, વિષ, ગુલ્મ, તાવ, કોઢ, કૃમિ તથા ઉદર અને પ્લીહાનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) તાવ ઉપર:**-ગળીના ઝાડનાં મૂળ અને હળદરનું સેવન કરવું એટલે સર્વ પ્રકારના તાવનો નાશ થાય છે. **(૨)મૂળવિષ ઉપર:**—ગળી, સિંધવ, મધ અને ઘી એકત્ર કરી પાવું.

૧૯૧ ગળો—સં૦ ગડુચી, અમૃતા. મ૦ ગુંળવેલ. કો૦ ગરુડવેલ, ગરોલ. બં૦ ગુલંચ. તા૦ ક૦ અમરદવલ્લી. તૈ૦ તિપ્પતિગા. તા૦ શિંદિલકોદી. ફા૦ ગિલાઈ. હિં૦ અ૦ ગિલોય, ગુર્ચ. તુ૦ અમૃતબુરૂ. મલા૦ ચિતામૃત. ઇં૦ હાર્ટલિવ્હડ મુન્સીડ, ગુલાંચા. લા૦ ટિનોસ્પોરા કૉર્ડિફોલિયા.

ગળો એ ઘણું કરીને સર્વ રોગોમાં ઉપયોગી થનારી વનસ્પતિ છે. એની ઉત્પત્તિ હિંદુસ્તાનના ઘણાખરા પ્રાંતોમાં સર્વત્ર થાય છે. એ બીજાં ઝાડો ઉપર ચઢનારી વેલ છે. કેટલેક ઠેકાણે એ ખડકના આશ્રયે પણ થાય છે. તેને "ખડકી ગળો" કહે છે. એ ઘણી મોટી હોઇ એનાં લાકડાં જાડાં હોય છે. જૂની ગળોના વેલા બહુજ જાડા હોય છે. કડવા લીમડા ઉપરની ગળો સર્વ ગળોમાં ઉત્કૃષ્ટ મનાય છે. કુમળા વેલાની છાલ કોમળ હોય છે અને તે ૩-૪ વર્ષની થાય એટલે ખડબચડી થાય છે. કુમળા વેલાની છાલનો રંગ લીલો હોય છે. જૂની વેલની છાલનો મેલો ધોળો રંગ હોય છે અને છાલ કાઢી લીધાથી અંદરની છાલનો લીલો રંગ હોય છે. ગળોની વેલ એકસરખી હોતી નથી. તેને કાતરીઓ જેવી એક બાજુએ ગાંઠ હોય છે અને છાલ ઉપર નાની નાની ટીપકીઓ પ્રમાણે ખડબચડી ગાંઠો હોય છે. આ વેલાને પાંદડાં એક એક આંતરે આવે છે અને એનો આકાર પીપળાનાં પાંદડાં જેવો લાંબો હોય છે; પણ તે પીપળા કરતાં મોટાં હોઇ લાંબાં દાંટડાં ઉપર રહે છે અને એની શેડ પીપળાના પાન જેટલી લાંબી હોતી નથી. પાંદડાંને બીજી ઉપમા આપીએ તો હૃદયની આપી શકાય. આ ઉપરથી એનું 'હાર્ટ લીવ્હડ મુન્સીડ' એ ઇંગ્લીશ નામ પડેલ છે. એ પાન પીપળાના પાન જેવાં કઠણ ન હોતાં કોમળ હોય છે. તેના

* ગળીની માત્રા ૨ માસાની ગણાય છે. કેટલાક વૃદ્ધ પુરુષો પોતાની ગએલી જુવાની રોકી રાખ્યાનો ખાલી ડોળ દેખાડવા ગળીબાઇને ભજે છે. પ્રથમ તો તેઓ પોતાને સલાહ કરવા માટે કાળદેવે કરેલી સફેદ ઝંડી (વાળ)ને વાટેલાં મેંદીનાં પાંદડાં બાંધી લાલ (ભયંકર) સ્વરૂપ આપે છે અને પછી તેના ઉપર ગળીબાઇનાં વાટેલ પાંદડાંની લુગદીનું આવાહન કરી પુનઃ એજ સફેદમાંથી લાલ થએલ ઝંડી (વાળ,ને આબેહુબ ભ્રમરના જેવું શ્યામ સ્વરૂપ આપે છે; પરંતુ અફસોસ કે કદાચ એનાથી મનુષ્ય ઠગાતાં હશે; પણ કાકા કાગીઆજી તો ઠગાતાજ નથી! તે તો પોતાનો દાવ આવ્યે તમાચો મારી કોળીઓ કરી જાય છે અને બુઢ્ઢા કાકા ગળીના કુંડમાં બૂડેલાજ રહે છે!

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપર રૂંછાં અથવા કોઇપણ પ્રકારનું ખડબચડાપણું હોતું નથી. તે સરખાં હોય છે. પાંદડાંની લંબાઇ શેડથી દીંટડા સુધી ૬–૬॥ આંગળ હોઇ પહોળાઇ પણ ઘણું કરીને તેટલીજ હોય છે. નાનાં પાંદડાંની લંબાઇ પહોળાઇ ૨–૨॥ આંગળ હોય છે. કુમળાં પાન તો બ્રાહ્મીના મોટા પાન જેવડાંજ હોય છે. એને આંબાના મોર જેવાં ઘોળાશ પડતાં પીળા રંગનાં ફૂલો પાંદડાંના દીંટડાના થડમાં આવે છે. એ નાનાં હોઈ તેમાં નર અને માદા એવી બે જાતિ હોય છે. નરજાતિનાં ફૂલોનો ઘોસ હોય છે અને માદાજાતિનાં ફૂલો હમેશાં એક એકજ હોય છે. ગળોને ગુચ્છાદાર લીલા રંગનાં ચણા જેવડાં ફળો આવે છે. તે પાકે છે ત્યારે તેનો રંગ રાતો હોય છે. ચણા ઉપરની છાલ કાઢવાથી જેમ અંદર બીજ હોય છે તેમજ ગળોને પણ હોય છે; પણ એનું છોતરૂં ચણા જેટલું કઠણ ન હોતાં પાતળું હોય છે. તેમાંથી બીજ નીકળે છે. તે દ્વિદલ (બે પડવાળું) અર્ધચંદ્રાકાર હોય છે. સર્વત્ર ફળ આવે એમ નથી. તેનું મૂળ જાડું અને કંદ જેવું હોય છે. લાકડા ઉપરની છાલ સૂકાઈ એટલે તેને ચીરા પડી તે અંદરના કાષ્ઠમય ભાગથી જૂદી પડે છે. લાકડું આડું કાપીએ તો તે ટુકડાના પૃષ્ઠભાગ ઉપર પાચરીના આકારના તંતુ દેખાય છે. ગળોનાં પાંદડાં પાકવાથી પીળાં થાય છે. લોકો એની કાતરીઓનોજ ઉપયોગ વિશેષ કરે છે; પરંતુ પાંદડાંનો પણ અનેક પ્રકારે સારો ઉપયોગ થઇ શકે છે. ગળોને ચોમાસાની મોસમમાં ફૂલ આવે છે; અને શિયાળા ઉનાળામાં પાંદડાં કે ફળ હોતાં નથી. ગળો અનેક રોગોનો નાશ કરનાર છે. એ કડવી છે, પણ એના ગુણો ઉપરથી એને ગળો એટલે ગળી માનેલી છે. ગળોનું સત્ત્વ કાઢે છે, તે પણ અનેક રોગો ઉપર ચાલે છે. એ સત્ત્વ ઘણું શક્તિવર્ધક છે. ઔષધોમાં ખરસાંણી વગેરે વિષારી ઝાડો ઉપરની ગળો કદિ લેવી નહિ. ગળોના ઉપર ધોળી અને અંદર લીલી છાલ હોય છે. (ગળોનાં ફાંટ અથવા હિમ કરવાના કામમાં લીલી ત્વચાનો ઉપયોગ કરે છે એમ અમારો અનુભવ છે.) તે કાઢી નાખી ઉપયોગમાં લેવાથી સારી ગુણદાયક થાય છે.

ગળોની ઉત્પત્તિસંબંધી પૌરાણિક કથા એવી છે કે, રામ–રાવણના યુદ્ધમાં રાવણનો વધ કર્યા પછી અસુરોના હાથથી જે વાનરોની સેના મરાએલી હતી, તેને ઇંદ્રે અમૃતવૃષ્ટિ કરી ફરી સજીવન કરી. તે વખતે અમૃતનાં બિંદુ તે વાનરોના શરીર ઉપરથી ઉડીને જે જે ઠેકાણે પડયાં, તે તે ઠેકાણે આ વેલ ઉત્પન્ન થઇ. આથી એનું 'અમૃતા' એ નામ પડયું છે. **ગળો:**—તુરી, કડવી, ઉષ્ણવીર્ય, તીખી, ગ્રાહક, રસાયન, બળકર, મધુર, અગ્નિદીપક, લઘુ, હૃદ્ય અને આયુષ્યપ્રદ છે; તથા તાવ, દાહ, તૃષા, રક્તદોષ, વમિ, વાત, ભ્રમ, પાંડુરોગ, પ્રમેહ તથા ત્રિદોષ, કમળો, આમ, ઉધરસ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતરક્ત, ખરજ, મેદ, વિસર્પ, પિત્ત અને કફનો નાશ કરે છે. એ ઘીની સાથે સેવન કરવાથી વાયુનો, ગોળ સાથે લેવાથી મળબંધનો, સાકર સાથે લેવાથી પિત્તનો, મધ સાથે લેવાથી કફનો, એરંડતેલ સાથે લેવાથી વાયુનો અને સુંઠ સાથે સેવન કરવાથી આમવાયુનો નાશ કરે છે. **ગળોના પાલાનું શાક:**—તુરૂં, ઉષ્ણ, લઘુ, તીખું, કડવું, પાકકાળે મધુર, રસાયન, અગ્નિદીપક, બલકર તથા ગ્રાહક છે; અને ત્રિદોષ, વાતરક્ત, તૃષા, દાહ, મેહ, કોઢ, કમળો અને પાંડુરોગનો નાશ કરે છે. **ગળોનો કંદ:**—ઉષ્ણ તેમજ તીખો છે; અને જ્વર, સન્નિપાત, વિષ, વલીપલિત અને પિશાચબાધાનો નાશક છે. **ગળોનું સત્ત્વ:**—સ્વાદુ, પથ્ય, લઘુ, દીપન, ચક્ષુષ્ય, ધાતુવર્ધક, મેધ્ય અને વયઃસ્થાપક છે; તથા વાતરક્ત, ત્રિદોષ, પાંડુ,

---

ડૉ૦ એન્સ્લી કહે છે કે:—ગળીની જડમાં ઝેર નાશ કરવાનો ગુણ છે. પાંદડાંમાં નિર્બળતા નષ્ટ કરવાનો ગુણ છે. કાળજાના સોજા ઉપર ગળીનાં પાંદડાં મધની સાથે વાટીને આપે છે, મૂળને પાણીમાં ઉકાળી પથરી ઉપર આપે છે, પાંદડાંને વાટી પેડુ ઉપર ચોપડવાથી પેશાબ ખુલાસાથી આવી પેશાબનો બંધ છૂટે છે, કૉલેરાની બિમારીમાં ગળીનું ચૂર્ણ અપાય છે. વળી એ ચૂર્ણને અઘરાં નાસુર ઉપર છાંટવાથી જલદી અંકુર આવે છે. કુમળી ડાળીઓનો રસ મધની સાથે મેળવી નાનાં નાનાં બાળકોના મોઢામાં થનાર ગરમી દૂર થવાને કામમાં લેવાય છે. વળી મુસલમાની ગ્રંથકર્તા પારાની કોઈપણ પ્રકારની દવા ખાવાથી મોઢામાં થએલ ગરમી નષ્ટ કરવાને આ છોડની ડાળો વગેરે ઉકાળી એ પાણીના કોગળા કરવાની પ્રશંસા કરે છે તથા તે એ છોડવાને ઘણીજ ભારે ખાંસીમાં, ફેફસાં અને ગુરદામાં થનાર વ્યાધિઓમાં, હૃદયનોધબકારો તથા જલોદરના રોગમાં ઉપયોગી માને છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તીવ્રજ્વર, વમી, જીર્ણજ્વર, પિત્ત, કમળો, પ્રમેહ, અરુચિ, દમ, ઉધરસ, ઉચકી (હેડકી), અર્શ તથા ક્ષય, દાહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદર અને સોમરોગનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વિષમજ્વર વગેરે સર્વ રોગો ઉપર:—**(ગળોનું વસ્ત્રગાળ ચૂર્ણ ૧૦૦ ભાગ, ગોળ અને મધ સોળ સોળ ભાગ અને ઘી વીસ ભાગ લઈ એકત્ર કરવું; તથા અગ્નિબલ જોઇ ભક્ષણ કરવું અને હિતકારક તથા પરિમિત એવાં અન્ન ભક્ષણ કરવાં, એટલે કોઇ પણ વ્યાધિ થતો નથી; એટલુંજ નહિ પણ કેશોની ધોળાશ, વૃદ્ધપણું, તાવ, વિષમજ્વર, પ્રમેહ, વાતરક્ત અને નેત્રરોગ થતા નથી. આ ઉત્કૃષ્ટ રસાયન જરાવસ્થા દૂર કરનાર, બુદ્ધિ આપનાર, ત્રિદોષનાશક એવું હોઇ એના સેવનથી પુરુષ ૧૦૦ વર્ષ જીવે છે અને દૈત્ય જેવો બલવાન થાય છે. એને કોઈ 'અમૃતરસ' પણ કહે છે. એના આગળ અન્ય વસ્તુ, રસાયણ તુચ્છ છે.) **(૨) સર્પદંશ ઉપર:—**ખડક ઉપર થનારી ગળોનો કંદ લાવી દૂધમાં બાફી રાખી મૂકવો. એ સર્પના વિષ ઉપર ઠંડા પાણીમાં ઘસી તેમાં અરીઠા ઘસી તે પાઇ દેવું. **(૩) સર્વ પ્રકારના પ્રમેહ ઉપર:—**ગળોનો અંગરસ કાઢી તેમાં પાષાણભેદનું ચૂર્ણ અને મધ અથવા એકલું મધ નાખી તે પાવો. **(૪) કમળી રોગ ઉપર:—**ગળોના રસમાં અથવા કાઢામાં મધ નાખી પાવું; અથવા પાંદડાંનો કલ્ક છાશમાં પાવો. **(૫) તિમિરાદિક નેત્રરોગ ઉપર:—**ગળોનો અંગરસ ૧૦ માસા લઇ એમાં મધ અને સિંધવ એકેક માસો નાખી સારૂં મર્દન કરી થોડું થોડું અંજન કરવું; એટલે તિમિર, કાચબિંદુ, ખરજ, લિંગનાશ અને કીકી ઉપરના રોગ, એ સર્વ દૂર થાય છે. **(૬) આમવાત ઉપર:—**ગળો અને સુંઠનો કાઢો પાવો; કિંવા ગળોના કાઢામાં એરંડતેલ નાખી પાવું. **(૭) પિત્ત રોગ ઉપર:—**ગળોનો રસ અને સાકર એકત્ર કરી તે ભક્ષણ કરવું એટલે તત્કાળ પિત્ત દૂર થાય છે. **(૮) કફરોગ ઉપર:—**ગળોના કાઢામાં મધ નાખી તે પાવો. **(૯) અમૃતાદિ કાઢો:—**ગળો, અરડુસી તથા એરંડમૂળનો કાઢો કરી તેમાં એરંડતેલ નાખી પીવાથી સર્વ અંગમાં સંચાર કરનાર વાતરક્તનો નાશ થાય છે. **પ્રકાર બીજો:—**ગળો અને ત્રિફળાનો કાઢો મધ અને લીંડીપીપર નાખી નિત્ય પીવાથી સર્વ નેત્રરોગનો નાશ કરે છે. **પ્રકાર ત્રીજો:—**ગળો, સુંઠ, આમળાં, આસંધ તથા ગોખરૂનો કાઢો પાવો; તેથી કરી શૂળયુક્ત વાંતિ અને મૂત્રકૃચ્છ્ર દૂર થાય છે. **પ્રકાર ચોથો:—**ગળો, અરડુસી, કડવાં પંડોલાં, નાગરમોથ, સાત્વીન, ખેર, કાળો બરૂ, કડવા લીમડાનાં પાંદડાં, હળદર તથા દારૂહળદરનો કાઢો કરી પીવાથી અનેક પ્રકારનાં વિષો, વિસર્પ, કોઢ, વિસ્ફોટક, કંડૂ, મસૂરિકા, તાવ, શીતપિત્ત વગેરે વિકારો દૂર થાય છે. **પ્રકાર પાંચમો:—**ગળો, સુંઠ, નાગરમોથ, હળદર તથા ધમાસાનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી **વાતજ્વર ઉપર પાવો. પ્રકાર છઠો:—**ગળો અને દશ મૂળનો કાઢો પાવો, એટલે તેર પ્રકારના સન્નિપાતનો નાશ થાય છે. **પ્રકાર સાતમો:—**ગળો, સુંઠ, ભારંગમૂળ તથા વ્યાઘ્રપર્ણીનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી પાવો. આ કાઢો કાસ તથા શ્વાસનો નાશ કરે છે. **પ્રકાર આઠમો:—**ગળો, સુંઠ, કાંટાસરીઓ, બળદાણા, ઉટકટારી, પંચમૂળો તથા નાગરમોથનો કાઢો કરી તે ઠંડો થયા પછી મધ નાખી પાવો; એટલે તત્કાળ સૂતિકા (સૂવા) રોગનો નાશ થાય છે. **(૧૦) મૂત્રકૃચ્છ્ર ઉપર:—**ગળોના રસમાં મધ નાખી તે રસ પાવો. **(૧૧) મધુર જ્વર ઉપર:—**ગળોનો કાઢો મધ નાખી પાવો. **(૧૨) સ્તનમાં દૂધ આવવા માટે:—**ગળોનો કાઢો કરી તેમાં દૂધ નાખી પાવો. **(૧૩) કૃમિ ઉપર:—**ગળો અને ભૈસા ગુગળ એ એરંડાનાં પાંદડાંના રસમાં ઘસી પેટ ઉપર લેપ કરવો. **(૧૪) જીર્ણજ્વર ઉપર:—**ગળોના કાઢામાં ચતુર્થાંશ મધ કિંવા લીંડીપીપરનું ચૂર્ણ ત્રણ માસા નાખી તે પાવું; અથવા ગળોનું હિમ આપવું. **(૧૫) વાતરક્ત ઉપર:—**ગળો, ગોખરૂ અને આવળકંટી (આમળાં), એના કાઢામાં એરંડતેલ અથવા મધ ૧ તોલો નાખી તે પાવો અથવા ગળોના કાઢામાં એરંડમૂળ નાખી પાવો કિંવા એકલો કાઢો પાવો. **(૧૬) પિત્તપ્રદર ઉપર:—**ગળોનો રસ મધ નાખી પાવો. **(૧૭) સર્પના વિષ ઉપર:—**લીમડા ઉપરની ગળો લાવી પાશેર પાણીમાં વાટી પાવી એટલે ઉલટી થઇ વિષ ઉતરી જશે. **(૧૮) અમૃતાદિ કાઢો-સર્વ પ્રકારના તાવ ઉપર:—**ગળો, ધાણા, કડવા લીંમડાની છાલ, કમળનું લાકડું તથા રક્ત ચંદન (રતાંદળી),

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એનો કાઢો પાવો; એટલે તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરી સર્વ પ્રકારના તાવદૂર કરે છે; અને દાહ તથા લાળ પડે છે તે, તૃષા, ઓકારી (ઉલટી), અરોચક, એ રોગો પણ દૂર થાય છે. (૧૯) **ત્રિદોષજનિત ઉલટી ઉપર:**—ગળોનો કાઢો મધ નાખી પાવો. (૨૦) **શીતપિત્ત ઉપર:**—ગળોનો કાઢો પાવો. (૨૧) **હૃદયશૂળ અને વાતશૂળ ઉપર:**—ગળો અને મરીનું ચૂર્ણ ગરમ પાણી સાથે પાવું. (૨૨) **અમૃતાદિ કાઢો-સર્વ પ્રકારના વાતરોગ ઉપર:**—ગળો, એરંડમૂળ, સુંઠ, દેવદાર, રાસ્ના, હરિતકી (હરડે), એનો કાઢો પ્રાતઃકાળે પાવો. (૨૩) **ચોથીઆ તાવ ઉપર:**—ગળો, આમળાં અને નાગરમોથનો કાઢો કરી પાવો. (૨૪) **જીર્ણજ્વર, કફ, પ્લીહા, કાસ અને અરુચિ ઉપર:**—ગળોના રસમાં લીંડીપીપર અને મધ નાખી તે રસ પાવો. (૨૫) **સર્પદંશ ઉપર:**—જેઠ મહિનામાં ગળોનો કાંદો સ્વલ્પ (થોડા) પ્રયત્નથી મળે છે, તે લાવી તેના કકડા કરી દૂધમાં બાફી રાખવા. સાપ કરડે ત્યારે તે ઘસી પાવા. શુદ્ધિ રહે નહિ તો તાળવા ઉપર ઘસી ચોળવા, ઢોરને સર્પદંશ થયો હોય તો જીભ ઉપર ચોળવા એટલે વિષ ઉતરે છે. (૨૬) **ગળોનું સત્ત્વ કાઢવાની કૃતિ:**—આંબા ઉપરની અથવા લીમડા ઉપરની સારી અને જાડી ગળો લાવી તેના ચાર ચાર આંગળ લાંબા કકડા કરી પાણીવડે ધોઈ નાખવા; પછી લગાર કચરી કલાઇના વાસણમાં ચાર પ્રહર પલાળી રાખવા; અને ત્યાર પછી તે હાથવડે ખૂબ મસળી અથવા રવૈથી વલોવી તે માંહેના સર્વ કુચા પીલી કાઢી તે પાણી ગાળી લઇ જૂદું રાખવું. કેટલીકવારે તે માંહેનું સત્ત્વ તળીએ ઠરે એટલે તે ઉપરનું પાણી કાઢી નાખવું. પછી તે ઉપરનું નીતર્યું પાણી કાઢી નાખતાં જઇ બીજું પાણી ઉમેરવું. એમ છ સાત વાર કરવું એટલે તે સત્ત્વ શુદ્ધ અને સફેદ થાય છે તથા તેનું સર્વ કડવાપણું જાય છે. એ પછી તે સૂકવી બાટલીમાં ભરી રાખવું. એ લેવાનું પ્રમાણ અર્ધા માસાથી બે માસાપર્યંત છે. એ ઘણાક રોગો ઉપર ચાલે છે. એનાં અનુપાનો નીચે પ્રમાણે જાણવાં. **ઉપયોગ:-(૧) પ્રમેહ ઉપર:**-ગાયના પાશેર દૂધમાં બે માસા નાખી પાવું અથવા ત્રિફળા અને સાકરમાં આપવું. (૨) **જીર્ણજ્વર ઉપર:**-ઘી તથા સાકર સાથે કિંવા મધ અને લીંડીપીપર સાથે અથવા ગોળ અને શહાજીરાના ચૂર્ણ સાથે. (૩) **પાંડુરોગ ઉપર:**-ઘી અને મધમાં અથવા દૂધમાં. (૪) **દાહરોગ ઉપર:**—જીરૂં અને સાકર સાથે. (૫) **વાયુ ઉપર:**-ઘી સાથે આપવું. (૬) **પિત્તજ્વર અને પિત્ત ઉપર:**—સાકરમાં આપવું. (૭) **કફરોગ ઉપર:**—મધમાં. (૮) **રક્તપિત્તી ઉપર:**—એરંડતેલમાં. (૯) **આમવાયુ અને ઉદરરોગ ઉપર:**-સુંઠ સાથે આપવું. (૧૦) **તાવ ઉપર:**-મધમાં. (૧૧) **શક્તિ આવવા માટે:**-ગાયના ધારોષ્ણ દૂધમાં સાકર તોલાભાર નાખી તેમાં માસા બે માસા સત્ત્વ નાખી પાવું. (૧૨) **ઉલટી ઉપર:**-ડાંગરની ધાણી સાથે. (૧૩) **અરુચિ ઉપર:**-દાડમની સાથે. (૧૪) **મૂળવ્યાધિ ઉપર:**-માખણમાં. (૧૫) **કમળાના રોગ ઉપર:**-દ્રાક્ષ સાથે. (૧૬) **શ્વાસકાસ ઉપર:**-સુંઠ, મરી, લીંડીપીપર અને મધ સાથે. (૧૭) **ઉચકી (હેડકી) ઉપર:**-મધમાં. (૧૮) **ક્ષય ઉપર:**-ઘી, સાકર અને મધમાં. (૧૯) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**-દૂધમાં. (૨૦) **પ્રદર ઉપર:**—લોદર સાથે. (૨૧) **સર્વ મર્મસ્થાનના રોગો ઉપર:**-છાશમાં. (૨૨) **સર્વ પ્રકારના વ્યાધિ ઉપર:**—ઠંડા પાણીમાં. (૨૩) **કુષ્ઠ (કોઢ) ઉપર:**-વગડાઉ તુલસીનાં પાંદડાંના રસમાં. (૨૪) **ગુલ્મ ઉપર:**-સુંઠની સાથે. (૨૫) **સર્વ નેત્રરોગ ઉપર:**-ભેંસના તાજા ઘી સાથે. (૨૬) **વાળ કાળા થવા માટે:**-ભાંગરાના રસમાં. (૨૭) **અગ્નિમાંદ્ય ઉપર:**—ગોરખમુંડી સાથે. (૨૮) **વલિપલિત (શરીરે કરચળીઓ પડી કેશ ધોળા થાય તે) રોગ ઉપર:**-ગળોનું સત્ત્વ બે માસા આપવું. (૨૯) **ધાતુસ્તંભન ઉપર:**-ગળોનાં પંચાંગનું ૧ તોલો ચૂર્ણ કરી મધમાં આપવું.

૧૯૨ **ગંગાવતી**-સં૦ ગંગાપત્રી. મ૦ હિં૦ ગંગાવતી. કો૦ ભાંબરૂડ, ભાંબુરડી. ક૦ ભટ્ટ ગાંધારી.

એમાં નાની અને મોટી બે જાત છે. મોટી શુમારે હાથ બે હાથ ઉંચી વધે છે. એનાં પાંદડાં મોટાં હોઇ તે ઉપર બારિક ગુચ્છા હોય છે. એ મળવાળી જમીનમાં થાય છે અને ગામમાં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પણ ભીનાશવાળી જગ્યામાં થાય છે. નાની જાત વહેળા ઉપર અથવા પાણીના ઝરા પાસે થાય છે. એ ઝાડ ઘણાક પ્રાંતમાં થાય છે. એ ઝાડને પીળા રંગનાં બારીક ફૂલો આવે છે. એનાં પાંદડાંનો વાસ સારો છે. ગંગાવતી ઉષ્ણ છે. એનું "વનબાવરી" એવું પણ નામ છે.+ **ગંગાવતી:**–તીખી, ઉષ્ણ વાતનાશક અને વ્રણરોપ કરનારી છે. **ઉપયોગ:–(૧) આગંતુક જખમ ઉપર:**–ગંગાવતીનાં પાંદડાં હાથ ઉપર મસળી તે જખમ ઉપર મૂકવાં, એટલે જલદી લોહી બંધ થઇ જખમ ભરાઇ આવે છે. **(૨) ચાંચડ જવા માટે:**—જ્યાં ચાંચડ થયા હોય ત્યાં ગંગાવતીનાં લીલાં ઝાડ લાવી તે જમીન ઉપર પાથરી રાખવાં, એટલે એના વાસથી ચાંચડ નાસી જાય છે. **(૩) મૂળવ્યાધિ ઉપર:**–ગંગાવતીનો રસ તોલો એક અને ઘી તોલો એક એકત્ર કરી પાવું. **(૪) આદાશીશી ઉપર:**—ગંગાવતીનો રસ મસ્તકે ચોળવો અને તાપમાં બેસવું. એમ એક બે વાર કરવાથી આદાશીશી જલદીથી શાંત થાય છે.

૧૯૩ ગંગેટી–(જીતેલી)—સં૦ નાગબલા. હિં૦ ગંગેરન, ગુલસકરી. બં૦ ગોરખચાકુલે, પાનસાંડા. મ૦ તુપકડી, ચિપડ, કુતરી. ક૦ વટ્ટગર્ક્કે. લા૦ સિડાસ્પિનોઝા.

આ ×ગંગેટીના ઝાડની ઉંચાઇ દોઢ હાથના શુમારે હોય છે. ગંગેટીનાં પાંદડાં નાનાં અને ખરબચડાં હોય છે. એ ઝાડ ઉપર બારીક ગોળાકૃતિ ફળ આવે છે. એ ફળ ઉપર કુસો (પુમ) હોય છે. એ ફળ ચાલતાં ચાલતાં વસ્ત્રે ચોંટે છે. એ ફળોની ઘેંસ કરીને ભરવાડ લોકો ખેરની માફક કામળીને ચોપડે છે. ગંગેટીને સંસ્કૃતમાં "ગાંગેરૂકી" પણ કહે છે. **ગંગેટી:**–કડવી, મધુર, બલકર, વીર્યપ્રદ, વૃષ્ય, શીતળ તથા સ્નિગ્ધ છે; અને પિત્ત, કફ, અતિસાર, ક્ષત, તાવ, રક્તપિત્ત

+ અહીં 'વનબાવરી' ઉપરથી ગંગાવતી એ "પાનબાવળી" હોવાનો શક જાય છે; પણ કોઈ વિશ્વાસપાત્ર પ્રમાણ મળતું નથી. વળી શ્રી૦ ચિમનરાય વૈષ્ણવે તો તેનું સં. નામ **શાહદેવી** અને ગુ. ખપાટ આપ્યું છે; પણ એ તેમની ભૂલ છે. સહદેવી, ખપાટ અને ભાંબુડી એકજ ઝાડનાં નામો હોવાનું કોઈ પણ નિઘંટથી સિદ્ધ થતું નથી.

× ગંગેટીનું શ્રી૦ પદેજી પોતાના બૃહન્નિઘંટમાં કોકણી નામ લેંચી લખી નીચે ટિપ્પણમાં બતાવે છે કે:—"નાગબલાને કોકણમાં લેંચી કહે છે. લેંચીનાં ઝાડ તુપકડી (ઉક્ત નિઘંટ પ્રમાણે સહદેવી અને વનો૦ ગુણા૦ ભાગ ૪ થા પ્રમાણે નાગબલા એટલે ગંગેટી) નાં પાંદડાં કરતાં આનાં પાંદડાં મોટાં હોઇ તેને બે ખાંચા હોય છે. લેંચીનાં ફુલ ગુલાબી રંગનાં હોય છે. એનાં ફળ તુપકડીનાં ફળો કરતાં મોટાં હોઈ ચપટાં હોય છે. નાગબલાને ચતુઃફલા એમ કહેલ છે. તે ઉપરથી એના ફળમાં ચાર કાતરીઓ હોય એમ જણાય છે; પરંતુ એ ફળ તોડવાથી તેમાં પાંચ કાતરીઓ (ચારીઓ) હોય છે. તુપકડી અને લેંચી આ ઝાડો કોકણ અને માળવામાંજ થાય છે; ગામડાંઓમાં જોવામાં આવતાં નથી. આ બેના પ્રતિનિધિતરીકે ઝિંઝરૂટ આપવી." આ સઘળી હકીકત ઉપરની ગંગેટીની હકીકતથી જૂદી પડે છે. વળી અહીં નાગબલાને તુપકડી કહી છે અને પોતાનાજ નિઘંટમાં સહદેવીને તુપકડી કહી છે. વળી ઉપરનાં લક્ષણો પણ તેમના નિઘંટમાં સહદેવી સાથે મળે છે. સહદેવી નીચે નિઘંટની ટીપમાં લખ્યું છે કે:–"તુપકડીનાં ઝાડ ઝિંઝરૂટીના ઝાડ જેવાં હોય છે. એનાં પાંદડાં નાનાં અને ખડબચડાં હોય છે અને તેને ખાંચા હોય છે. તુપકડીનાં ફૂલો પીળા રંગનાં હોય છે. ઝિંઝરૂટીના ઝાડ પ્રમાણેજ આ ઝાડ ઉપર પણ બારીક ગોળ ફળ આવે છે. તે ફસો (ફાંસો) થી વ્યાપ્ત હોઇ વસ્ત્રને ચોંટે છે. આ ફળની ઘેંસ કરી ભરવાડ લોક કામળીઓને ચોપડે છે," આ ઉપરથી જોતાં ઉપર વર્ણન કરેલ વનસ્પતિ સહદેવી નામની જોઇએ; પરંતુ સહદેવીનું વર્ણન વળી આ ગ્રંથમાં જૂદીજ રીતે કરેલ છે. અમારી અનુભવ-દૃષ્ટિ પ્રમાણે તો ગંગેટીનાં ફળોને ફસો (ફાંસો) હોતીજ નથી. એનાં ફળને ગંગેટાં કહે છે. તે ચણા જેવડાં થાય છે. તેનો રંગ લીલો હોય છે અને તે ખવાય પણ છે. એથી એ લુગડે વળગવાની વાતજ સાબીત થતી નથી. એની સોટીઓ ઘણી લીસી હોવાથી એનાથી રૂ પીંજી સાફ કરે છે. ગંગેટીનાં ફૂલ ધોળાં હોય છે. વળી સહદેવી તરીકે એક મહાત્માએ અમને સોનેલું બતાવ્યું છે, તે પણ ઉપરનાં બન્નેનાં લક્ષણોથી અતિરિક્ત દેખાય છે. શું જાણીએ કે આમાંનાં નામ સાચાં કે ઓળખાણ સાચી? પરંતુ અમને એમ તો માનવાનું એમનાજ નિઘંટથી કારણ મળે છે કે, મૂળ મરાઠી વનો૦ ગુણા૦ ભાગ ૪ માં શ્રી૦ પદેજીએ **તુપકડી (મહાબલા)** લખવું જોઈએ, તેને ઠેકાણે ભૂલથી **મહાબલા**ને બદલે **નાગબલા** લખ્યું છે. જો એમ માનીએ તો તે તેમના નિઘંટ સાથે મળી રહેવાથી એ વર્ણન ગંગેટીનું નહિ પણ પીળા ફૂલની સહદેવીનું ઠરે છે અને ગંગેટી (મ૦ લેંચી)નું વર્ણન આ ગ્રંથમાં કરેલું જણાતું નથી. (ઈતર ભાષાનાં ગંગેટીનાં નામો અમે એમનાજ નિઘંટમાંથી લીધાં છે.)

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તથા ત્રિદોષનો નાશ કરે છે. એનાં મૂળીઆંની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે લેવાથી મૂત્રાતિસારનો નાશ થાય છે. **ઉપયોગ:—(૧) ગાંઠ, ફોલ્લો, ગુમડું વગેરે જલદી ફુટવા માટે:-** ગંગેટીનાં મૂળ પાણીમાં ઘસી તેમાં કાગડાની હગાર મેળવી ચોપડવી. **(૨) શસ્ત્રના ઘા પડયો હોય તે ઉપર:-**તુરત ગંગટીનો રસ તે ઉપર ચોપડવો એટલે જખમ સારો થાય છે. **(૩)હૃદ્રોગ, દમ અને ઉધરસ ઉપર:-**ગંગટીનાં મૂળ ગાયના દૂધમાં પચન કરીને તે પાવાં.

૧૯૪ ગાજર—સં૦ ગાર્જર, ગૃંજન. મ૦ હિં૦ ગાજર. ક૦ ગર્જરી. ફા૦ જર્દક, ગજર. અ૦ જજરેબારે. ઇ૦ કયારટ રૂટ. લા૦ ડાકસ કેરોટા.

ગાજર કંદની પેઠે જમીનમાં થાય છે. એ લાંબુ હોઇ તેનો રંગ રાતો હોય છે. ગાજરના છોડ હાથ સવા હાથ વધે છે. દિલ્હીની પાસે જે ગાજર થાય છે તે સર્વોત્કૃષ્ટ છે. લીલાં ગાજર રોટલી સાથે ખવાય છે અને તેનું શાક થાય છે. તેને બાફીને પણ ખાય છે. દુષ્કાળમાં ગરીબ લોક ગાજર ઉપરજ દિવસ કાઢે છે. ગાય, ભેંસ વગેરે ઢોરને ગાજર ખવરાવવાથી તે પુષ્ટ થઇ ઘણું દૂધ દે છે. ગાજરનાં બી ગર્ભપાતકારક છે. **ગાજર:-**મધુર, રુચ્ય, ગ્રાહક, કડવું, તીખું, રક્તપિત્તકારક, ઉષ્ણ, હૃદ્ય, અગ્નિદીપન, નેત્રને વિકાર કરનાર, વિદાહી, રુક્ષ, તથા પિત્તકર છે; અને આધ્માન, શૂળ, મૂળવ્યાધિ, કૃમિ, સંગ્રહણી, વાત, કફ, તૃષા તથા શુક્રનો નાશ કરે છે. એનાં **બીજ:—** ઉષ્ણ, વૃષ્ય તથા ગર્ભપાતકારક છે. **ઉપયોગ:-(૧) ખરજવા ઉપર:-**ગાજર પીલી તેમાં થોડું મીઠું નાખવું અને પાણી ન રેડતાં તેને બાફી તે ખરજવા ઉપર બાંધવું. એથી ત્વરિત ગુણ આવે છે. **(૨) ઋતુપ્રાપ્તિ માટે:-**-ગાજરનાં બી પાણીમાં વાટી પાંચ દિવસ પાવાં.

૧૯૫ ગાંજો (ભાંગ)--સં૦ વિજયા. મ૦ હિં૦ ગાંજા, ભાંગ. બં૦ સિદ્ધિ, ભાંગ, ગાંજા. ક૦ ભાંગ. તૈ૦ જનપરિતુલુ, ગાંજાઇ. બ્ર૦ બિન. ફા૦ કિન્નાવિષ, વરકુલ, ખ્યાલ, શવનવંગ. અ૦ કિન્નવકેન, બુર્બારંફ, રૂહુત્રવંજ. લા૦ કેનાબિસ સેટિવા. ગ્રી૦ ઉદિફરુબસ્. ઇ૦ ઇન્ડિયન હેંપ.

ગાંજાના ઝાડ શુમારે ૩ હાથપર્યંત ઉંચાં વધે છે. એનાં પાંદડાં ભીંડીનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ ઉપર તોરા આવે છે, તેને ગાંજો કહે છે. તે તોરા કાઢી સૂકવે છે. ગાંજાની જે ભૂકી તેને 'ભાંગ' કહે છે. એ ભાંગ વાટી લોક પીએ છે. ગાંજો પીવાથી અને ભાંગ પીવાથી માણસને નિશો ચઢે છે; તેથી કાળજું કપાઈ જાય છે, શકિત ક્ષીણ થાય છે તથા તેથી માણસને એક પ્રકારનો તોર આવી તે તોરમાં માણસ ઘણોજ ઘુંઘ થઇ જાય છે અને જેમ તેમ બકે છે. એ એક દુર્વ્યસન છે. એ વ્યસન જે માણસને વળગ્યું હોય તેને 'ગંજેરી' કહે છે. +**ભાંગ:—**

+વૈદ્યક શાસ્ત્રમાં ભાંગ અને ભાંગનાં બીજ સિવાય એનાં બીજાં કોઈ અંગની વપરાશ થતી દેખાતી નથી. માત્ર ગાંજો કોઈ કોઈ પ્રયોગમાં વપરાય છે.

આયુર્વેદ શાસ્ત્રમાં બે પ્રકારના રોગોની ઔષધીઓમાં એનો પ્રયોગ થાય છે. ઉદરામય પરિપાક અને રતિશકિત (વિષયશકિત) વધારવાને જે ઔષધીઓ તૈયાર કરવામાં આવે છે, તેમાં ભાંગ વિશેષ નખાય છે. હમણાંની તપાસથી ભાંગનો એક અદ્ભુત ચમત્કાર નજરે પડયો છે. ધનુસ્તંભ રોગમાં એનો ધૂમાડો પાવાથી ધીરે ધીરે આક્ષેપ ઓછો થતો જાય છે; અને રોગીને પણ વધારે દુર્બળતા થતી નથી. વારંવાર ભાંગનો ધૂમાડો પીવાથી દર્દ છુટી જાય છે.

ડૉકટર કાસ્તગિરે—ભાંગના ધૂમાડાથી છ દરદીઓને ધનુસ્તંભના દરદથી મુક્ત કર્યા હતા. સાત રતી ભાંગ તમાકુનાં સાધારણ પાંદડાં (સૂકા)માં એક નવી ચલમમાં તમાકુની માફક જમાવીને હુક્કાથી રોગીને પાઈ હતી. આક્ષેપ થવાનું પહેલું લક્ષણ જોતાંજ રોગીને ધુમ્રપાન કરાવ્યું. ધૂમાડો પીતાંજ રોગી આક્ષેપથી મુકત થઈ નેત્ર બંધ કરી સામાન્ય રીતે સૂઇ ગયો. આક્ષેપ થવાનું દેખાતાંજ એજ પ્રમાણે બાર બાર વખત હુકકો પાવાથી રોગીઓ નિરોગી દેખાયા હતા.

મુંબઈના ડૉકટર જી. સી. લુકસને પરિક્ષા કરી જોયું છે કે ધુમ્રપાનથી (૧) આક્ષેપ થોડીવાર સુધી રહે છે. (૨) ધીરે ધીરે આક્ષેપ ઘણી વારે થાય છે. (૩) આક્ષેપનું જોર પણ ધીરે ધીરે ઓછું થાય છે. (૪) આક્ષેપવાળો રોગી દુર્બળ થતો નથી. (૫) વારંવાર પાવાથી આક્ષેપ એકદમ નાશ પામે છે.

ડૉકટર ઓસાગનસિએ અનેક પ્રકારના રોગોમાં ભાંગનો પ્રયોગ કરી પરીક્ષા કરી હતી. એમના કહેવા મુજબ ધનુસ્તંભ, જલાન્તક, વાતરસ,તરકો અને કૉલેરાના રોગોમાં આ ઔષધીએ અપાય છે.એમના પછી અંગ્રેજ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પિત્તલ ગ્રાહક, તીક્ષ્ણ, કડવી, ઉષ્ણ, લઘુ, કર્ષણકારક, અગ્નિદીપક, રુચિકર, માદક, વાણીવર્ધક તથા મોહકારક છે; અને કફ તથા વાયુની નાશક છે. **ઉપયોગઃ- (૧) લુખ ઉપરઃ-** ભાંગ પીવી. **(૨) મૂળવ્યાધિ ઉપરઃ**--ભાંગ અને ઢોરનાં શીંગડાનાં મૂળની (શીંગડાં માટીમાં દટાઇ રહેવાથી તેને જે અંકુર ફુટી નીકળે છે તેને શીંગડાંનાં મૂળ કહે છે.) ધૂણી આપવી. **(૩) બળદ કિંવા પાડા લોહી મૂતરે છે તે ઉપરઃ**--ભાંગ, વરીઆળી અને એલચી એકત્ર કરી, વાટી, શક્તિ પ્રમાણે પાવું, અથવા ભાંગ વાટી પાવી. **(૪) અતિસાર ઉપરઃ**--ગાંજાનું ચૂર્ણ ગોળમાં અથવા સાકરમાં આપવું. **(૫) શ્વાસ ઉપરઃ**--ગાંજાની રાખ મધમાં આપવી. **(૬) નિદ્રાનાશ, અતિસાર સંગ્રહણી અને અગ્નિમાંદ્ય ઉપરઃ**--ભાંગ શેકી તેનું ચૂર્ણ મધમાં આપવું. **(૭) ચોથીઆ તાવ ઉપરઃ**--ગોળમાં ભાંગ મેળવી બોર જેવડી ગોળીઓ કરવી અને તાવ આવ્યા પહેલાં ચાર ઘડી ઉપર એક ગોળી આપવી. **(૮) ભૂતજ્વર ઉપરઃ**--ભાંગના ઝાડને સાયંકાળે નોતરી પ્રાતઃકાળે તેનાં મૂળ કાઢી મસ્તકે બાંધવાં.

૧૯૬ ગુગળ--સં૦ ક૦ ગુગ્ગુલ. મ૦ ગુગ્ગળ. હિં૦ ગુગલ-ર.બં૦ ગુગ્ગુલુ. તૈ૦ માહિષાછી. ફા૦ બોએજહુદાન. અ૦ મુષ્કિલેઅર્જક. ઈ૦ ઇંડિયન ડેલિયમ. લા૦ બાલસમોડેન્ડ્રન રૉકસબુર્ધીઆઇ.

ગુગળનાં ઝાડ **મારવાડ** અને **સિંધ** દેશમાં થાય છે. એ ઝાડ **સિંગાપુર બેટમાં** ઘણાં થાય છે. **ગ્રીષ્મ** ઋતુમાં તાપને લીધે આ ઝાડમાંથી જે **રસ** ઝરે છે, તેને **'ગુગળ'** કહે છે. ધૂપ કરવાના કામમાં એનો ઘણો ઉપયોગ થાય છે. એનો ધૂપ કરવાથી હવા **શુદ્ધ** થઈ હવામાંહેનાં રોગકારક દ્રવ્યો નાશ પામે છે. એ એનાથી મોટો ફાયદો છે. દેવની આગળ નિત્ય ધૂપ કરવાનું કહ્યું છે, તેનું મૂળ કારણ તો આજ હોવું જોઇએ. **ગુગળઃ--મહિષાક્ષ, મહાનિલ, કુમુદ, પદ્મ અને હિરણ્ય** એ રીતે પાંચ પ્રકારનો છે. તે કડવો, તીખો, રસાયન, ઉષ્ણ, વિશદ, પિત્તલ, સારક, તૂરો, લઘુ, પાચક, વૃષ્ય, ભાગેલા હાડકાનું સંધાન કરનાર, સૂક્ષ્મ, સ્વર્ય, અગ્નિદીપક, ભીનો, મધુર, બલ્ય, તીક્ષ્ણ, સ્નિગ્ધ, સુગંધિ, પૌષ્ટિક, કાંતિકર તથા ભેદક છે; અને કફ, વાયુ, કાસ, કૃમિ, વાતોદર, શ્લેષ્મ, સોજો, અર્શ, પ્રમેહ, મેદોરોગ, વાતરક્ત, રક્તદોષ, ગ્રંથિરોગ, ગંડમાલા, વ્રણ, અપચી, પિટકા, આમ, કંડૂ કોઢ, ઉલટી, આમવાયુ તથા અશ્મરીનો નાશ કરે છે. એ નવો હોય તો ધાતુવર્ધક અને વૃષ્ય છે અને જૂનો હોય તો અતિ લેખન છે. **મહિષાક્ષ** (ભેંસા ગુગળ) અને **મહાનીલ** એ બે હાથીને ઉપયોગી; અને **કુમુદ** તથા **પદ્મ** એ ઘોડાને ઉપયોગી; અને **હિરણ્ય** એ માણસને ઉપયોગી છે. કોઇ વખત **મહિષાક્ષ** પણ માણસના ઉપયોગમાં આવે છે. ગુગળ મધુર છે તેથી વાતશમન અને તૂરો છે, એટલે પિત્તનાશક તથા કડવો છે; માટે કફનાશક છે. એ પ્રકારે એ સર્વ દોષનાશક છે. **કણ, ગુગળઃ**--તીખો, ઉષ્ણ, સુરભિ તથા રસાયન છે; અને વાયુ, શૂળ, ગુલ્મ, ઉદર, આધ્માન વાયુ તથા કફનો નાશક છે. **ભૂમિજ ગુગળઃ**--એ તીખો, કડવો તથા ઉષ્ણ છે; અને કફ, વાત તથા પિશાચબાધાને દૂર કરે છે. **ગુગળની શુદ્ધિઃ**--એક કલઇવાળું તપેલું લઇ તેમાં ત્રિફળા અને પાણી સમભાગે નાખવું; અને તે ઉપર એક કપડું બાંધી પછી

ડૉક્ટર લોકો ભાંગને ધનુસ્તંભ અને ક્રૉલેરાનો શ્રેષ્ઠ ઉપાય માને છે.

આ સિવાય યૂનાની હકીમોના મત મુજબ તે પ્રમેહ અને અંડવૃદ્ધિને આરામ કરે છે. દૂધમાં ભાંગ વાટી લેપ કરવાથી હરસ મટે છે. પાણીથી સાફ ધોઇ શેકેલી ભાંગનું ચૂર્ણ મધ સાથે ખાવાથી અતિસાર, સંગ્રહણી અને મંદાગ્નિ દૂર થાય છે. ભાંગનો આખો છોડ વાટી તાજા ઘા ઉપર ચોપડવાથી શીઘ્ર આરામ થાય છે. એની માત્રા ૨ થી ૪ રતી છે.

ભાંગ ભસ્મ—એક માટલું લઈ પછી તે અર્ધું આકડાનાં ફૂલો અને કુમળી ટીસીઓથી ભરી, તેના ઉપર ૪૦ તોલા સુડાપંખી ભાંગ પાથરી, તેના ઉપર સુરોખાર ૪૦ તોલા પાથરી, વળી તેના ઉપર તેટલીજ સુડાપંખી ભાંગ પાથરી, બાકી રહેલ માટલું પાછું આકડાની ટીસીઓ અને ફૂલોથી ભરી, ઉપર ઢાંકણું છાંદી લઈ; અડાયાં છાંણાંની ભઠ્ઠીમાં તે માટલું મૂકી સળગાવવું. એથી ભસ્મ તૈયાર થશે. તે તુલસીના પાનમાં, નાગરવેલમાં, માખણમાં કે મધમાં આપવાથી ઉધરસ, છાતીનો દુખાવો અને બીજા ભયંકર ઉદરરોગો તેમજ શૂળ પણ શાંત થાય છે. ઝાડો સાફ લાવે છે. આ ઉપાય અમને લખનોરના ચુનીલાલ કવિજી તરફથી મળ્યો છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તે ઉપર ગુગળનું ચૂર્ણ નાખી ઉપર ઢાંકણું વાસી તે ગુગળ સીજવવો, એટલે તે શુદ્ધ થાય છે.× **ઉપયોગ:-- (૧) કપાળ દુખે છે તે ઉપર:**--ગુગળ પાણીમાં ઘસી તેનો કપાળ ઉપર લેપ કરવો, એટલે કપાળ દુખતું બંધ થાય છે. (૨) **બાંબલાઇ ઉપર:**--ગુગળ અને આમલીના કચુકા પાણીમાં ઘસી લેપ કરવો. (૩) **દાઢ દુખે છે તે ઉપર:**--ગુગળ અને હીરાબોળ ઘસી દાઢે ચોપડવો. (૪) **શરદીથી શરીરમાં સણકા થતા હોય તો:**--ગુગળ અને સુંઠ ભેગાં ઘસી લેપ કરવો અને શેકવું. (૫) **કાનખજુરો કરડયો હોય તો.:**--ગુગળની ધૂણી આપવી. (૬) **યોગરાજ ગુગળ:**--વાવડીંગ, ધાણા, હિંગ, ગજપીપર, કાળીપાટ, જીરૂં, અતિવિષ, લીંડીપીપર, પીપળીમૂળ, ચવક, ચિત્રાનાં મૂળ, સુંઠ, અજમોદ, મોરવેલ, વજ, રેણુકબીજ, કપિલો,ભારંગમૂળ, ઇંદ્રજવ, ધોળો શરસડો તથા કડુ, એ સર્વ ઔષધોથી બમણાં ત્રિફળા તથા ત્રમણો શુદ્ધ ગુગળ નાખી તેની ગોળીઓ કરવી. તે ગોળી મધમાં ખવરાવવી. એટલે તે સંગ્રહણી, વાયુ, વૃદ્ધત્વ, શુક્રાર્તવદોષ, પાંડુરોગ, અગ્નિમાંદ્ય, હૃદ્રોગ, ત્વગ્રોગ, શૂળ, પ્રમેહ, વ્રણ, મૂળવ્યાધિ, અરુચિ, વાતરક્ત, ઉધરસ, અપસ્માર તથા રાજયક્ષ્માનો નાશ કરે છે. આ ગોળી ઘણું કરી રાસ્નાના કાઢામાં આપવાનો રિવાજ છે. એ પ્રમાણે યોજવાથી આમવાત ઉપર ઘણી ગુણકારી અસર થાય છે. આ ગોળી **બોપદેવ શતકમાં** કહેલી છે. (૭) **બીજી યોગરાજ ગોળીઓ:-** સુંઠ, પીપળીમૂળ, ચવક, ચિત્રક, મરી, શેકેલી હિંગ, અજમોદ, સરસવ, જીરૂં, શાહજીરૂં, રેણુકબીજ, ઇંદ્રજવ, કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારંગમૂળ, વજ, મોરવેલ, તમાલપત્ર, દેવદાર, લીંડીપીપર,કોષ્ઠ, રાસ્ના, નાગરમોથ, સિંધવ, એલચી, ગોખરૂ, ત્રિફળા, ધાણા, તજ, વાળો, જવખાર તથા તલ, એ પ્રત્યેકનું સમભાગ ચૂર્ણ કરી એ ચૂર્ણના જેટલો શુદ્ધ ગુગળ નાખી ઘીમાં મર્દન કરવું. સર્વ ચૂર્ણ એકરસ થયા પછી ગોળો કરી ઘીના વાસણમાં ભરી રાખવો. તેમાંથી અર્ધો તોલો ભક્ષણ કરવું. આ **યોગરાજ ગુગળ** મુખ્યત્વે કરી જરા અને વ્યાધિનો નાશ કરે છે. એ સેવન કરવામાં મૈથુન, ભોજન અને પાન એની પરેજી નથી. આ **યોગરાજ ગુગળ**-સંપૂર્ણ વાતરોગ,આમવાત, અપસ્માર, વાતરક્ત, કોઢ, દુષ્ટવ્રણ, અર્શરોગ, પ્લીહા, ગુલ્મ, ઉદર, આનાહ, અગ્નિમાંદ્ય, શ્વાસ,કાસ,અરુચિ, પ્રમેહ,નાભિશૂળ, કૃમિ,ક્ષય,હૃદ્રોગ, શુક્રદોષ, ઉદાવર્ત અને ભગંદરનો નાશ કરે છે. આ ગુગળ ત્રણ માસાથી લઇ સાત સાત દિવસે થોડો થોડો વધારતાં તોલા સુધી વધારવો. એ સર્વ પ્રકારના વાતરોગ ઉપર રાસ્નાના કાઢામાં મેહરોગ ઉપર દારુહળદરના કાઢામાં, વાતરક્ત ઉપર ગળોના કાઢામાં, પાંડુરોગ ઉપર ગોમૂત્રમાં, મેદવૃદ્ધિ ઉપર મધમાં, કોઢ ઉપર લીમડાના કાઢામાં, શૂળ ઉપર મૂળાના કાઢામાં, ઉંદરના વિષ ઉપર પહાડમૂળના કાઢામાં, ઉગ્ર નેત્રરોગ ઉપર ત્રિફળાના કાઢામાં તથા સંપૂર્ણ ઉદરરોગ ઉપર પુનર્નવા (સાટોડી) ના કાઢામાં આપવો. (૮)**કૈશોરક (કિશોર) ગુગળ:**—ગળો ૨ શેર, ગુગળ ૧ શેર અને ત્રિફળાં ૧ શેર તે ત્રણેમાં ૧૬ શેર પાણી નાખી કાઢો કરવો અને આઠ શેર બાકી રહે એટલે ગાળી પુનઃ ઉકાળવો. તે ગાઢો થવા આવે એટલે તેમાં નીચેનાં ઔષધો નાખવાં. મરી,લીંડીપીપર, વાવડીંગ, સુંઠ તથા ત્રિફળાં એ બબ્બે તોલા ચૂર્ણ કરી નાખવાં; અને નસોતર તથા દંતીમૂળ એ એક તોલો

× ગુગળનાં ઝાડો રેતાળ અથવા હુંગરાળ જમીનમાં થાય છે. પાંદડાં નાનાં નાનાં લીમડાન પાંદડાં જેવાં પણ અણી વગરનાં હોય છે. ફુલ રાતા રંગનાં અતિશય ઝીણાં પાંચ પાંખડીવાળાં મંજરીની વચમાં થાય છે. ફળ નાના બોરના જેવડાં પણ ત્રણ ધારવાળાં થાય છે તેને ગુંગળિયા કહે છે. એ ફળો ઉદરની પીડાને દૂર કરે છે. એ ઝાડના ગુંદને ગુગળ કહે છે.ગુગળ શુદ્ધ કર્યા સિવાય વપરાતો નથી; તોપણ માટી વગરની ચોખીકાંકરી કેટલાક શૂળના દરદીઓ ગળી જાય છે. ગુગળનો ધુમાડો મોઢાને લાગે તો તેનાથી મોઢું આવી દરદીની ભયંકર દશા થાય છે. એ પ્રયોગમાં ગુગળ હિંગળોના ધુમાડાની માફકજ રસાયન છે; માટે એનો ધુમાડો મોઢાને આપતા નથી; તોપણ સાવચેતીથી તાવના દરદીને ગળા સુધી મજબૂત જાડું કપડું ઓઢાડી શરીરના ભાગને ગુગળની ધુણી આપી સુવાડે છે. એથી આખાં શરીરે પ્રસ્વેદ થઇ તાવ ઉતરી જાય છે. આ ધૂણીનો પ્રયોગ રાત્રિના ૯ થી ૧૨ વાગ્યા સુધીમાંજ કરવો.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નાખવાં. ગળો ૪ તોલા બારીક કરી નાખવી.× તે સર્વ ગાઢું થાય એટલે ત્રણ ત્રણ માસાની ગોળીઓ કરવી. આ **કૈશોરકગુગળ** સોજો, વ્રણ, ગુલ્મ, કોઢ, ઉદરરોગ, વાતરક્ત, ઉધરસ, અગ્નિમાંદ્ય, પાંડુ તથા પ્રમેહને દૂર કરે છે. (૯) **દ્વાત્રિંશક (બત્રીશો) ગુગળ:**—ત્રિકટુ, ત્રિફળાં, નાગરમોથ, વાવડીંગ, ચવક, ચિત્રક, તજ, એલચીદોડા, પીપળીમૂળ, શેરણું× દેવદાર, ચિત્રો, પુષ્કરમૂળ, કોલિંજન, અતિવિષ, દારૂહળદર, હળદર, ગરમાળો, જીરૂં, વરિયાળી, ધમાસો, સંચળ, જવખાર, ટંકણખાર, ગજપીપર અને સિંધવ એ એક એક ભાગ, એ બધાં ઔષધોના બરાબર ગુગળ લઇ રીત પ્રમાણે સિદ્ધ કરી બોર જેવડી ગોળીઓ કરી મધ સાથે કિંવા ઘી સાથે પ્રાતઃકાળે ભક્ષણ કરવી. એટલે આમ, ઉદાવર્ત તથા અંડવૃદ્ધિ અને ગુદાના કૃમિનો નાશ થાય છે; તથા મહાજ્વરવડે પીડિત, ભૂતબાધા થયેલા; અને આનાહ, ઉન્માદ, કોઢ, પાર્શ્વશૂળ, હૃદ્રોગ, ગૃધ્રસી, હનુસ્તંભ, પક્ષાઘાત, અપતાનક, શોફ, પ્લીહા, કમળો અને અપચી એ રોગવાળા માણસને તે હિતકારક છે. ધન્વંતરિકૃત આ મોટો યોગ સર્વ રોગોનો નાશ કરનારો છે. (૧૦) **વિશ્વાદ્ય ગુગળ:**—શતાવરી, એરંડમૂળ, સુંઠ, દારૂહળદર, કોષ્ઠ, સિંધવ, રાસ્ના તથા ગળો, એ સર્વના ચૂર્ણથી બમણો શુદ્ધ ગુગળ એકત્ર કરી તેની ગોળીઓ કરી એકેક આપવી તથા પથ્ય પળાવવું; એટલે ભ્રમવાત નાશ પામે છે. (૧૧) **બીજો પ્રકાર:**—સુંઠ, પીપળીમૂળ, વાવડીંગ, દેવદાર, સિંધવ, રાસ્ના, ચિત્રક, અજમો, મરી, કોષ્ઠ તથા હરડે એ સમભાગ અને બમણો ગુગળ એકત્ર કરી તે ઘીમાં આપવું. એટલે વાયુ, મરકી, ગુલ્મ, શૂળ, કફ અને ગૃધ્રસીનો નાશ થાય છે. (૧૨) **રાસ્નાદિ ગુગળ:**—રાસ્ના, ગળોનું સત્ત્વ, એરંડમૂળ, દેવદાર અને સુંઠ, એ એકેક ભાગ તથા એ બધાંની બરાબર ગુગળ લઇ એકત્ર ખરલ કરી તે ખાવું. એટલે વાયુ, શિરોરોગ, નાડીવ્રણ તથા ભગંદરનો નાશ થાય છે. (૧૩) **કાંચનાર ગુગળ:**—કાંચન વૃક્ષની છાલ ૪૦ તોલા; હરડાં, બેહડાં, આમળાં, એ ત્રણે આઠ આઠ તોલા; સુંઠ, મરી ને લીંડીપીપર, એ ત્રણ ઔષધ ચાર ચાર તોલા અને વાયવર્ણ ૪ તોલા; તથા ઇલાયચી, તમાલપત્ર અને તજ એકેક તોલો લેવાં, પછી બધાં ઔષધો ખાંડી, ચૂર્ણ કરી, તેના સમભાગ શુદ્ધ કરેલો ગુગળ લઇ વાટી તેમાં આ ચૂર્ણ મેળવી તેની ગોળીઓ ૪ માસા પ્રમાણની કરી, પ્રાતઃકાળે સુંઠના કાઢામાં અથવા બોરની અંતરછાલના કાઢામાં; અથવા હરડેના કાઢામાં અગર ગરમ પાણીમાં એકેક ગોળી આપવી, તેથી કરી ભયંકર ગંડમાલા અને ગંડમાલાનો ભેદ અપચી રોગ, અર્બુદ, ફોડકીઓ, વ્રણ, ગુલ્મ તથા ભગંદર, એ રોગો દૂર થાય છે. (૧૪) **ત્રિફળાગુગળ:**—હરડાં, બહેડાં, આમળાં અને લીંડીપીપર એ ચાર ચાર તોલા લઇ ચૂર્ણ કરવું; પછી શુદ્ધ કરેલો ગુગળ ૨૦ તોલા જેટલો લઇ ખૂબ વાટી તેમાં તે ચૂર્ણ મેળવી, ખાંડીને ગોળીઓ કરી, રોગીના જઠરાગ્નિબળનું તારતમ્ય જોઇ આપવી. તેથી કરી વિદ્રધિ, નાડીવ્રણ, ગંડમાલા, ભગંદર, સોજો, ગુલ્મ તથા મૂળવ્યાધિ એ રોગો દૂર થાય છે. (૧૫) **ગોક્ષુરાદિ ગુગળ:**—૨૮ પળ (૧૧૨ તોલા) ગોખરૂ લાવી થોડાં ખાંડી તેમાં ૬ ગણું પાણી નાખી અર્ધું પાણી રહે ત્યાંસુધી તે કાઢો કઢવવો. પછી શુદ્ધ કરેલો ગુગળ સાત પળ (૨૮ તોલા) જેટલો લઇ સારો ખાંડી અથવા વાટી તે કાઢામાં નાખી, ફરી ગોળના પાક જેવો ઘટ્ટ થાય ત્યાંસુધી કઢવવો. પછી તેમાં સુંઠ, મરી, લીંડીપીપર, હરડાં, બહેડાં, આમળાં તથા નારગમોથ એ સાત ઔષધો ચાર ચાર તોલા લઇ ચૂર્ણ કરી તે પાકમાં મેળવી તેની ગોળીઓ કરી આપવી; તેથી પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદર, મૂત્રાઘાત, વાતરક્ત, વાતરોગ, ધાતુવિકાર તથા પથરી એ રોગોનો નાશ થાયછે. (૧૬) **લાક્ષાદિ ગુગળ:**—લાખ, હાડસંધિ, અરજુન સાજડ, આસંધ, નાગબલા અને ગુગળ એનું ચૂર્ણ કરવું. એ અસ્થિભંગ અને મુક્તાસ્થિને ફાયદો કરે છે,

×યદ્યપિ આ કિશોર ગુગળ શ્રી૦ પદ્મજીઅ ખોપદેવ શતકમાંથી લીધેલો જણાય છે અને તેમાં તેજ પ્રમાણે છે; પરંતુ આ કિશોર ગુગળ અમૃતસાગરના કર્તાએ વૈદ્યરહસ્યમાંથી લીધો છે. તેમાં મરીથી ગળો સુધીની આઠ ઔષધીઓના બદલે પારો ટાંક ૨ા, નસોતર ટાંક ૨ા, ગળો ટાંક ૨ા અને દંતી ટાંક ૨ા લઈ પારાગંધકની પ્રથમ કાજળી કરી બાકીનાં સર્વ ઔષધો બારીક વાટી કાજળી કરી ઉપરના ગુગળમાં નાખવાનું લખેલ છે. જુઓ બોરસદનું અમૃતસાગર પૃષ્ઠ ૧૨૧. વળી એ ગ્રંથમાં કિશોર ગુગળ ખાનારે ખેદ, તડકો, અગ્નિતાપ, ખટાશ, માંસ, દહીં, મૈથુન, મીઠું, તેલ અને માર્ગમાં ચાલવાનું (ખેપ) વર્જ્ય કરેલ છે.

+ અહીં અમૃતસાગરમાં શેરણીનું ગુજરાતી નામ ખેંણી આપ્યું છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અને શરીર વજ્ર જેવું થાય છે. (૧૭) **આભાદિ ગુગળ:**–બાવળીઆનાં બી ૧ ભાગ, ત્રિફળાં ૩ ભાગ તથા ત્રિકટુ ૩ ભાગ એ બધાંની બરોબર ગુગળ નાખી તે ભાગેલા હાડકાને સાંધવા માટે વાપરવો. એ ઘી અને મધમાં સેવન કરવા આપવો. (૧૮) **ગુલ્મ અને શૂળ ઉપર:**––શુદ્ધ ગુગળ ગોમૂત્રમાં આપવો. (૧૯) **વિડંગાદિ ગુગળ:**––વાવડીંગ, હરડાં, બહેડાં,આમળાં, સુંઠ, મરી તથા લીંડીપીપર એના બરોબર ગુગળ લઇ એ સર્વ ઘીમાં ખરલ કરી ગોળી ખાવી; પથ્ય પાળવું; એટલે દુષ્ટ વ્રણ, નાડીવ્રણ, અપચી, મેહ તથા કોઢ એ સર્વ નાશ થાય છે. (૨૦) **ગુગ્ગુલાદિ લેપ:**––ગુગળ, ત્રિફળા, સુંઠ, મરી તથા લીંડીપીપર, એ સમભાગ વાટી લેપ કરવો; તેથી દુષ્ટ નાડીવ્રણનો તથા ભગંદરનો નાશ થાય છે. (૨૧) **અમૃતાદિ ગુગળ:**––ગળો, કડવી પંડોળીનાં મૂળ, સુંઠ, મરી, લીંડીપીપર, ત્રિફળા તથા વાવડીંગ એના સમભાગ ગુગળ નાખી એકેક તોલાની ગોળી કરવી. તે દરરોજ એક એક ખાવી; તેથી વ્રણ, વાતરક્ત, ગુલ્મ, ઉદરરોગ, પાંડુ અને સોજાનો નાશ થાય છે. (૨૨) **પથ્યા ગુગળ:**—હરડાં ૧૦૦, બહેડાં ૨૦૦, આમળાં ૪૦૦ અને ગુગળ ૬૪ તોલા, એ સર્વ ૧૦૨૪ તોલા પાણીમાં રાત્રે પલાળી રાખી પ્રાતઃકાળે કઢવી અર્ધું શેષ રહે એટલે ગાળી લઈ ફરી લોખંડના વાસણમા કઢવવું; તથા ઉતાર્યા પછી તેમાં વાવડીંગ, દાંતીમૂળ, ત્રિફળા, ગળો, લાંડીપીપર, નસોતર, સુંઠ તથા મરી એ દરેકનું ચૂર્ણ બે તોલા પ્રમાણે નાખવું, જેથી આ ગુગળ તૈયાર થાય છે. આ ગુગળ યથેષ્ટ ભોજન અને યથેષ્ટ આચરણ કરનારા માણસે પણ સેવન કરવું; જેથી દરેક રોગનો નાશ થશે. એ ગૃધ્રસી, નવી ખંજતા, પ્લીહા, ઉગ્ર જઠર, પંગુતા, પાંડુત્વ, કંડૂ (ખરજ) કૃમિ અને વાતરક્તનો નાશ કરે છે. આ ગુગળ સેવન કરવાથી માણસ અપ્રતિમ સામર્થ્યવાન તથા બળમાં હાથી જેવો અને વેગમાં ઘોડા જેવો બને છે. આ પથ્યા ગુગળ આયુષ્ય, ચક્ષુર્બલ અને પુષ્ટિ આપે છે. વળી તે વિષનાશક અને ચાંદીઓને સારો કરનાર છે; માટે વૈદ્યોએ એને સર્વ રોગોમાં યોજેલો છે. **ગુગળમાં અપથ્ય:**––ખાટું, તીખું, ઘણું ખાવું, મૈથુન, શ્રમ, તડકો, મદ્ય અને ક્રોધ.

૧૯૭ **ગુરમુળી**––(મ૦ ઉમળી) ગુરમુળીનો વેલો બે અઢી વેંત પહોળો હોઈ તે સો પચાસ હાથ ઉંચો થાય છે. એ વેલો દક્ષિણ કોંકણના રાનમાં થાય છે. આ વેલો ૨૫–૩૦ વર્ષ-પર્યંત ટકે છે. એનાં ફળોની આકૃતિ જાંબુ જેવી હોઇ કિંચિત્ લાંબી હોય છે. આ ફળો ગરીબ લોકો શેકીને કિંવા બાફીને ખાય છે. ફળ ઘણાં ખાવામાં આવ્યાથી ઉપદ્રવ થાય છે.

૧૯૮ **ગુલછબ્બુ (ગુલછડી)**––સં૦ મરંજીકા, નલિકા. હિં૦ મ૦ ગુલછડી.

ગુલછબ્બુનાં ઝાડ નાનાં હોય છે. એના કંદ થાય છે. તેમાંથી એની ઉત્પત્તિ થાય છે. આ ઝાડને કુંગળી જેવાં પાંદડાં આવે છે. તેમાંથી એક દાંડો બે અઢી હાથ લંબાઈનો ઉત્પન્ન થઈ તેને તોરા આવે છે અને તે તોરામાંથી ફૂલો આવે છે. એ ફૂલો જાડી કળીનાં અને લાંબાં હોય છે. એનો વાસ ઘણોજ મધુર અને સુવાસિક હોય છે. **ગુલછબ્બુ:**––તુરૂ, સ્નિગ્ધ તથા લઘુ છે; અને કોઢ તથા ગલગંડનો નાશ કરે છે. **ઉપયોગ:**––(૧) **નાના બાળકને બાર દિવસની અંદરજ રાતી ફોડકીઓ થઇ આવે છે તે ઉપર:**—ગુલછબ્બુનાં મૂળ અને હળદર પાણીમાં ઘસી તેમાં થોડું માખણ નાખી શરીરે ચોળવું; એટલે ફોડકીઓ જલદી શમી જાય છે. (૨) **બદ ઉપર:**––ગુલછબ્બુનાં મૂળ દ્રોના રસમાં ચંદનની પેઠે ઘસી લેપ કરવો.

૧૯૯ **ગુલદાવરી**––(સં૦ શિવવલ્લભા. મ૦ દવણ શેવતી.) આ શેવતીનાં ઝાડ વેંત-દોઢવેંત ઉંચાં વધે છે. એનાં પાંદડાં નકસીદાર હોય છે. મધ્યમાં ઘણે ઠેકાણે કાપાની પેઠે હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો આવે છે. જંગલી જાતિના એટલે વાવેતર ન કરેલા ઝાડનાં પાંદડાં નાનાં હોય છે; પરંતુ બાગમાં વાવેલા ઝાડનાં પાંદડાં હથેળી જેવડાં હોય છે અને એ પાંદડાંનો વાસ નાની જાતિનાં પાંદડાં કરતાં કમી હોય છે. નાનાં પાંદડાંનો વાસ ઘણોજ હોય છે. એમાં પીળી અને ધોળી એવી બે જાતિ છે, બન્ને જાતિનાં ફૂલ રાખોડી જેવાં અથવા ગેંદા જેવાં હોય છે. જંગલી જાતિનાં ફૂલો નાનાં હોય છે. એને " શેવતી " એમ પણ કહે છે. હિંદુસ્તાની-માં એને ગુલદાવરી અને ગુલચિની કહે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૨૦૦ ગુલબાશી--(સં૦ વકતા) એને 'સાયંકાળી' પણ કહે છે. એનાં ઝાડ નાનાં હોય છે. પાંદડાં નાનાં હોઇ લાંબાં અને મૃદુ હોય છે. ગુલબાશીમાં ધોળી, પીળી તથા રાતી વગેરે અનેક રંગની જાતિ છે. આષધોમાં ધોળી ગુલબાશી વધારે ગુણાવહ છે. **ગુલબાશી:**--વાતલ, શીત અને ગલગંડની નાશક તથા અપક્વ અર્શને શમાવનારી છે. **ઉપયોગ:**--(૧) **રતવા અને ગુમડા ઉપર:**--ગુલબાશીનાં પાંદડાંને ઘી ચોપડી શેકી ગુમડા ઉપર બાંધવાથી અંદરનું ખરાબ લોહી નીકળી જાય છે; કિંવા ગુલબાશીનો કંદ પાણીમાં ઘસી તેનો વારંવાર લેપ કરવો. (૨) **પુષ્ટિ ઉપર:**--ધોળી ગુલબાશીનો કંદ લાવી, જરાક પીસી, સૂકવી તેનું ચૂર્ણ કરી તે ઘીમાં કિંચિત્ શેકી તેમાં બદામ, પિસ્તાં, ચારોળી વગેરે મસાલો નાખી, સાકરના પાકમાં મિશ્ર કરી થેપલાં કરવાં. આ પાક નિત્ય તોલો-બે તોલા ખાઇ ઉપર ગાયનું તાજું દૂધ પીવું, એટલે ધાતુ-સ્થાનની કડકી દૂર થઇ ધાતુવૃદ્ધિ થાય છે અને શરીર પુષ્ટ થાય છે. (૩) **ધાત પડે છે તે ઉપર:**--ધોળી ગુલબાશીના કાંદા ગાયના દૂધમાં ઘસી ૭ દિવસ પાવા. (૪) **શરીરમાંહેની ગરમી નીકળી જવા માટે અને રક્તશુદ્ધિ થવા માટે:**--ધોળી ગુલબાશીનો કંદ ગાયના તાજા દૂધમાં ૧ તોલાપર્યંત ઘસી તેમાં સાકર ૧ તોલો અને જીરાની ભૂકી ૬ ગુંજાભાર નાખી એ વખત આપવું અને પથ્ય પાળવું, એટલે જલદી ગુણ આવે છે. (૫) **નિર્લોમકરણ:**--ગુલબાશીના કાંદા પાણીમાં વાટી તેનો લેપ કરવો એટલે કેશ ગરી પડે છે.

૨૦૧ ગુલાબ—ગુલાબનાં ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એ નાનાં હોય છે અને એને **કાંટા** આવે છે. એમાં **ગુલાબી, પીળી, ધોળી, રાતી** વગેરે જાત છે. ઉત્તમ ગુલાબનાં ઝાડ **અરબસ્તાન** અને **તુર્કસ્તાન** દેશમાં થાય છે. ગુલાબનાં ફૂલોનું **અત્તર** અને **ગુલાબજળ** થાય છે. ગુલાબનાં ફૂલોનો વાસ ઘણો સુવાસિક આવે છે. ગુલાબની કળીઓ સારક છે. **ગુલાબજળ** ઠંડુ છે. ફૂલોની પાંખડીઓનો **ગુલકંદ** કરે છે. **ઉપયોગ:**-(૧) **રેચ થવા માટે:**—થોડી સૂકાએલી ગુલાબની કળીઓ સાકર સાથે ખાઈ ઉપર થોડું પાણી પીવું એટલે રેચ થાય છે; અથવા કળીઓ રાત્રે પાણીમાં પલાળી રાખી સવારમાં તે પાણી ગાળીને પીવું. **બીજો પ્રકાર:**--સૂકાએલી ગુલાબની કળીઓ ભાતમાં બાફી તે ઘી અને સાકર નાખી ખાવો, એટલે જલદી રેચ થવા લાગે છે. એથી ગ્લાનિ વગેરે કાંઇ પણ ન થતાં રેચ પણ સાફ આવે છે. (૨) **ગુલકંદ બનાવવાની રીત:**—ઉંચા ગુલાબનાં ફૂલો લઇ પાંખડીઓ કાઢવી. તે પાંખડીઓથી બમણી સાકર લઇ બરણીમાં કિંવા લોટામાં પાંખડીઓ અને સાકરના થરપર થર દેવા અને તેનું મોં બંધ કરી આઠ દિવસ તાપમાં ટાંગી રાખવું એટલે ગુલકંદ તૈયાર થાય છે. આ ગુલકંદ દાહશામક, પિત્તશામક અને મળની શુદ્ધિ કરનાર છે. (૩) **ગુલાબનું અત્તર કાઢવાની રીત:**-ઘણાં ફૂલો એક વાસણમાં નાખી ઉકાળવાં અને તેને ઉભરો આવે એટલે તે વાસણ નીચે ઉતારી નાખવું. પછી તે ઠંડુ થયા પછી અત્તરની તોર પાણી ઉપર આવે છે તે કાઢી લઇ શીશીમાં ભરવું. એક મણ ફૂલોમાંથી ૧ તોલાભાર અત્તર પણ નીકળતું નથી; એટલે એ મોંઘું વેચાય છે. તોરની નીચે જે પાણી રહે છે તેને **'ગુલાબજળ'** કહે છે. (૪) **ગુલાબનું સરબત:**-ગુલાબજળમાં સાકર નાખી સરબતી પાક કરવાથી સુવાસિત સરબત થાય છે. એ સરબત ગરમીનો નાશ કરનારૂં તથા ઠંડુ હોવાથી ઉનાળાના દિવસોમાં સેવન કરવા યોગ્ય છે. (૫) **આંખોમાં બળતરા થતી હોય કિંવા તેજ કમી થયું હોય તો:**-ગુલાબજળ આંખોમાં આંજવું. (૬) **આંકડી ઉપર:**-નાક, કપાળ અને આંખોએ રૂનાં પુમડાંથી ગુલાબજળ ચોપડવું. (૭) **પ્રદર, ધાતુવિકાર, રક્તમૂળવ્યાધિ, પિત્તવિકાર, ઇત્યાદિ ઉપર:**-સવારે અને સાયંકાળે ગુલાબનાં તાજાં ફૂલો દર વખતે પાંચ લઈ,તે ત્રણ માસા સાકર સાથે ખાવાં અને ઉપર થોડું ગાયનું દૂધ ૧૪ દિવસ પીવું. એટલે ઉપરના સર્વ વિકારો દૂર થાય છે તથા મળશુદ્ધિ થાય છે. મૂત્રસ્થાનનો દાહ, સણકા, મૂત્રની આરક્તતા તથા પીળાપણું ઇત્યાદિ વિકારો ઉપર પણ આ અપ્રતિમ ઔષધ છે. (૮) **ખસ, દાદર વગેરે ત્વગ્દોષ ઉપર:**—ગુલાબકળીનો રેચ આપવો એટલે સારો ફાયદો થશે. (૯) **ત્વગ્દોષ ઉપર:**--ગુલકંદ ખાવાથી રક્તશુદ્ધિ થઇ શરીર માંહેની ગરમી નીકળી જાય છે. (૧૦) **આંખો માંહેની ગરમી નીકળી જવા માટે:**—

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સુરમાને ગુલાબજળની ૨૧ ભાવનાઓ આપી તે સુરમો આંખોમાં આંજવો. (૧૧) **ત્વગ્દોષ ઉપરઃ**—કપૂર, ટંકણખાર, ગંધક અને વિશેષ ધૂપ, એને ગુલાબજળમાં ખરલ કરી થેપલી કરવી અને એ થેપલી પાણીમાં ઘસી લેપ કરવો.

૨૦૨ ગુંદી—સં૦ લઘુશ્લેષ્માતક. મ૦ ગોધણી. હિં૦ ગુંદની, લભેરા. ક૦ માણાડિકેચળે-મારા, સણણચળુ. તા૦ પેરિયાનારૂ-વિલિ. મલા૦ નરૂવરિ.તૈ૦ નાકકેર. લા૦ કાડિયામિકસા.

આ ઝાડ કોંકણમાં પ્રસિદ્ધ છે. એ કાકડગુંદાની જાતિનું વૃક્ષ છે. એ ઝાડ ઘણુંજ ઉંચું વધે છે. એને લાલ રંગનાં ફળો આવે છે. તે કાકડગુંદા (વડગુંદા) કરતાં મીઠાં લાગે છે. લોકો એનાં ફળો પ્રેમથી ખાય છે. એ ફળો પૌષ્ટિક છે, એ ફળો માંહેનો રસ ગુંદરની પેઠે ઉપયોગમાં આવે છે. એનું લાકડું ચીકણું હોઇ સુતારી કામમાં પણ ઉપયોગી છે. **ગુંદીઃ**—વાતકારક, મધુર, કિંચિત્ શીતળ, કૃમિનાશક અને સુવર્ણમારક છે.* **ઉપયોગઃ**-(૧) **દાંત દુખે છે તે ઉપરઃ**-ગુંદીની છાલનો કાઢો કરી તેના કોગળા કરવા. (૨) **પાષ્ટિક લાડુઃ**—એનાં ફળો સૂકવી તેનું ચૂર્ણ કરી સાકરના પાકમાં લાડુ કરવા. એ પૌષ્ટિક છે અને એનું સેવન કરવાથી કંમરમાં જોર આવે છે.

૨૦૩ ગોખરૂ બોડા-સં૦ ગોક્ષુરક. મ૦ હિં૦ ગોખરૂ. ક૦ દોડુ નેગિલુ. તૈ૦ પેદા પાલેરૂ. તા૦ એનેનેરિંજલ. મલા૦ કાકમુલ્લા, કત્તુનેરિલ.ફા૦ તુખ્મેખારસ્ક. અ૦ બજરૂલ્ ખસ્ક. લા૦ પેડેલિયમ્ મ્યુરેકસ.

ગોખરૂનાં ઝાડ નાનાં થાય છે. એનાં પાંદડાં તલનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. એ ઝાડ ઉપર ચણીબોર જેવડાં ફળો આવે છે. તેને **'બોડા ગોખરૂ'** કહે છે. એ ફળ ઉપર ચાર બાજુએ ચાર કાંટા હોય છે. ગોખરૂની બીજી એક નાની જાતિ છે; તેને "કાંટાવાળા ગોખરૂ" કહે છે. તેનું વર્ણન જૂદું (જુઓ નં. ૧૨૮) કરેલું છે. બોડા ગોખરૂ ન મળે તો તેનો ઉપયોગ પણ થાય છે. **દશ મૂળોમાં** ગોખરૂનાં મૂળ આવે છે. ગોખરૂ એ પૌષ્ટિક છે. **ગોખરૂઃ**-શીતળ, બલકારક, મધુર, બૃંહણ, બસ્તિશુદ્ધિકારક, વૃષ્ય, પૌષ્ટિક, રસાયન, અગ્નિદીપક તથા સ્વાદુ છે; અને મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, દાહ, મેહ, દમ, ઉધરસ, હૃદ્રોગ, અર્શ, બસ્તિવાત, ત્રિદોષ, કોઢ, શૂળ અને વાયુનો નાશ કરે છે. ઔષધોમાં એનાં પંચાંગ અને ફળો પણ આવે છે.+ **ઉપયોગઃ**-(૧) **પાંડુ રોગ ઉપરઃ**—ગોખરૂનો કાઢો મધ અને સાકર નાખી પાવો. (૨) **પ્રમેહ ઉપરઃ**—ગોખરૂનું ચૂર્ણ સાકર સાથે આપવું. (૩) **મૂત્રકૃચ્છ અને ઉષ્ણવાયુ ઉપરઃ**-ગોખરૂના ઝાડનો અથવા ગોખરૂનો કાઢો મધ અને સાકરની ભૂકી નાખી પાવો. (૪) **પુષ્ટતા માટેઃ**—ગોખરૂની ભૂકી કરી રોજ પાશેર દૂધ, ઘી ૪ તોલા અને સાકર ૧ તોલો; એકત્ર કરી એમાંથી દરરોજ ૩ માસા પ્રમાણે આપવું. એથી શરીરમાં ભરેલી ગરમીના (ચાંદીના) વિકારો નાશ પામે છે. (૫) **ઉષ્ણ પ્રમેહ,**

---

* ગુંદીની સુપ્રસિદ્ધ બે જાતો છે. ગુંદી અને વડગુંદો (કાકડગુંદી). એ બન્નેનું વર્ણન આ ગ્રંથમાં જૂદું જૂદું આપેલ છે. તે સિવાય આ નાની ગુંદીની પણ બે જાતો છે; એક વૃક્ષજાતિ અને બીજી ગુલ્મજાતિ. તે પૈકી અહીં વૃક્ષજાતિનું વર્ણન આપેલ છે. ગુલ્મજાતિની ગુંદીને વનગુંદી કહે છે. એ મનુષ્યપુર ઉંચી વધે છે ખરી; પણ એનું થડ સ્પષ્ટ દેખાતું નથી. એની ડાળીઓ અને પાંદડાંથી તે ઢંકાઈ રહેલ હોય છે. એનું લાકડું સીધું નહિ હોતાં વાંકુચુંકું હોવાથી સુતારી કામમાં ભાગ્યેજ આવે છે. એનાં ફળ પણ લાલ રંગનાં નાની ગુંદીનાં ગુંદાં જેવાંજ હોય છે. ગુણમાં અને ફળમાં લાંબો તફાવત મનાતો નથી.

+ આંચકીના દરદથી બાળક ભાગ્યેજ બચે છે એમ સર્વ કોઈ માને છે. મોટા મોટા વૈદ્યો પણ કેટલીક વખતે એ દરદથી નાઈલાજ થાય છે; પરંતુ તેને આ ગોખરૂ (માળવી ગોખરૂ) નંગ ૫ આમલીના સૂકા કાતરાને પલાળી કાઢેલા રસમાં ખૂબ વાટી લૂગડે ગાળી તે રસ તોલા બેના આશરે પાવો. આ ઉપાય એક મહાત્માની પ્રસાદી છે.

ચકરસંહિતામાં ગોખરૂને મૂત્રવિરેચન, શુક્રદોષહર અને શોથહર માનેલ છે. સુશ્રુતસંહિતામાં શ્લેષ્મસંશમન, પિત્તહર અને મૂત્રદોષનિવારક માનેલ છે. યુનાની હકીમો ગોખરૂનાં પાંદડાં અને જડનો કવાથ મૂત્ર વધારવા આપે છે અને એનાં બીજ બીજા રોગોમાં તથા જળોદર અને પ્રમેહના દરદમાં આપવા કહે છે. વળી ગોખરૂ અને તેના વૃક્ષને શીતળ, પેશાબ વધારનાર, પૌષ્ટિક અને કામોત્તેજક પણ માને છે. બીજી સંહિતાવાળા એની છાલને અને પાંદડાંને કફઘ્ન, દીપન, ગુલ્મશૂળનાશક અને કૃમિઘ્ન કહે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તણખીઆ પ્રમેહ અને મૂત્રાઘાત ઉપરઃ—ગોખરૂનાં લીલાં ઝાડ લાવી પાણીમાં બોળી મૂકવાં. થોડીવાર પછી ઝાડ જરા ઉપર નીચે કરવાથી પાણી જાડું અને ચીકણું થશે. તેમાં સાકરની ભૂકી અને જીરાની ભૂકી નાખી ૭ દિવસ પાવું. પથ્યઃ—ગહુંની રોટલી, ઘી, સાકર અને તુવેરની મોળી દાળ ખાવી. (૬) **આમવાત ઉપરઃ**—ગોખરૂ અને સુંઠનો કાઢો નિત્ય સેવન કરવો. તે પાચક છે તથા આમવાત અને કટિશૂળનો નાશક છે. (૭) **પ્રમેહ ઉપરઃ**—ગોખરૂનાં પાંદડાંનો રસ પાશેર લઇ, તેમાં ડમરાનાં બી ૧ તોલો વાટી એકત્ર કરી પાવું. (૮) **ઇંદ્રલુપ્ત એટલે ઉંદરી ઉપરઃ**—ગોખરૂ, તલનાં ફૂલ, મધ તથા ઘી એ સમાન લઈ મસ્તકે લેપ કરવો. (૯) **ગર્ભશૂળ (ગર્ભપાત પછી કેટલાક દિવસે શૂળ ઉત્પન્ન થાય છે તે) ઉપરઃ**—ગોખરૂ, જેઠીમધ અને દ્રાક્ષ દૂધમાં વાટી તેમાં સાકર નાખી પાવું. (૧૦) **પથરી ઉપરઃ**—ગોખરૂનું ચૂર્ણ અને મધ ઘેટીના દૂધમાં પાવું. (૧૧) **મૂત્રકૃચ્છ્ર અને ગરમી ઉપરઃ**—ગોખરૂનું ચૂર્ણ કરી દૂધમાં સાકર નાખી તેમાં આપવું. (૧૨) **ગોક્ષુરાદિ ઘૃત (ઘી)ઃ**—ધાણા અને ગોખરૂનો કાઢો કિંવા કલ્ક કરી એમાં ઘી સિદ્ધ કરવું. તે મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર તથા દારુણ શુક્રદોષ ઉપર હિતકારક છે. (૧૩) **ગોક્ષુરાદિ અવલેહઃ**—ગોખરૂનાં પંચાંગ ૧૦૦ તોલા લઇ તે ૪૦૦ તોલા પાણીમાં ઉકાળી ૧૦૦ તોલા પાણી શેષ રાખવું. પછી તેમાં ૫૦ તોલા સાકર નાખી ચાસણી કરવી તથા તેમાં સુંઠ, લીંડીપીપર, મરી, તજ, એલચી, નાગકેસર, તમાલપત્ર, જાયફળ, અરજુનસાજડની છાલ તથા કાકડીનાં બી, એ પ્રત્યેક બે બે તોલા અને વંશલોચન (વાંસકપૂર) ૪ તોલા નાખી અવલેહ તૈયાર કરવો. એ મૂત્રસંબંધી રોગો ઉપર ઘણો ઉત્તમ છે; પેશાબમાં લોહી પડે છે તેને તથા મૂત્રાઘાત અને મૂત્રકૃચ્છ્ર વગેરેના રોગીઓને એનાથી સારો ફાયદો થાય છે.

૨૦૪ ગોંડાળ—સં૦ ગુંડાલા. મ૦ ગોંડાળ. હિં૦ ગોંડાલ. ક૦ કડવિનભેદ, ગોંડાળ.

એ તળાવોમાં કિંવા બીજા જળાશયોમાં પાણી ઉપર થાય છે. એમાં નાની અને મોટી એવી બે જાતિ છે. ગોંડાળને ચાર પાંચ પાંખડીઓ હોય છે. ગોંડાળ ઘણી જલદીથી વધે છે. વહેળામાં તે થોડાજ દિવસમાં ઉગી નીકળે છે. વાવ કે કૂવામાંહેનું પાણી સ્વચ્છ રહેવા માટે તેમાં ગોંડાળ નાખે છે; પરંતુ એની ઉત્પત્તિ ઘણી થવાથી પાણી બગડે છે; માટે એને ઘણું વધવા દેવું નહિ. ઉપર ઉપરથી કાપતા રહેવાથી પાણી સ્વચ્છ રહે છે. **ઉપયોગઃ—(૧) મૂત્રાઘાત ઉપરઃ**—ગોંડાળ લાવી વાટી તેનો કુંટી ઉપર લેપ કરવો. (૨) **બાળકની ઉધરસ ઉપરઃ**—ગોંડાળ પાનમાં ચાવી તેનો રસ પીવો.

૨૦૫ ગોમેટો—(સં૦ વનતુંડી) કૂવા ઉપર અને વાડો ઉપર ગોમેટોના વેલા આપોઆપ થાય છે. એ વેલા કોંકણમાં પુષ્કળ થાય છે. એનાં પાંદડાં કિંચિત્ લાંબાં અને સહજ જાડાં હોય છે. એને રાનપંડોળા જેવાં આંગળભર લાંબાં અને સોનેરી કેળાં જેવાં તથા ડીંટા પાસેની બાજુએ કિંચિત્ જાડાં ફળ આવે છે. એ શાક કોંકણમાં પ્રસિદ્ધ છે. ગોમેટોનાં ફળ ગળચટાં હોય છે. એ ફળોને કણબી વગેરે લોકો ખાય છે. **ગોમેટોઃ**—મધુર, શીતળ તથા લઘુ છે અને દંતપીડાનાશક છે. **ઉપયોગઃ—(૧) આગંતુક ગરમી ઉપરઃ**—ગાયનું ઘી શુમારે ત્રણ તોલાપર્યંત લઇ તેમાં ગોમેટોનાં મૂળ એક તોલાપર્યંત ઘસી તથા થોડી સાકર નાખી દિવસમાં બે વખત એમ સાત દિવસ પાવું. (૨) **ધાત પડતી હોય તોઃ**—ગોમેટોનાં મૂળ કુટી રસ કાઢવો. તેમાં ગાયનું તાજું દૂધ, સાકર અને જીરાની ભૂકી નાખી આપવું. એ ઔષધ બે વાર આપવું એટલે ત્રણ દિવસમાં ગુણ આવે છે. (૩) **ભિલામો ઉઠયો હોય તોઃ**—ગોમેટોનાં પાંદડાંનો રસ ચોપડવો. (૪) **પુષ્ટતા ઉપરઃ**—શેકેલી ઘોળી કુંગળી ગોમેટોનાં મૂળ, જીરૂ અને સાકર એકત્ર કરી બારીક વાટી તેમાં ઘી નાખી પાવું. આ ઔષધ બાળકોને આપવાને પણ હરકત નથી. **બીજો પ્રકારઃ**—ગોમેટોનાં મૂળ ગાયના દૂધમાં ઘસી તેમાં ઘી અને સાકર નાખી પાવું. (૫) **પિત્ત ઉપરઃ**—ગોમેટોનાં ફૂલોનું ચૂર્ણ ઘી અને સાકરમાં આપવું.

૨૦૬ ગોરખ આમલી—(રૂખડો) સં૦ ગોરક્ષી. મ૦ ગોરખચીંચ-ચોરીચીંચ. હિં૦ ગોરખઇમલી. ક૦ ગોરક્ષહુંણચી, માગિમાવું, બ્રહ્માઇલિકા. તા૦ પપ્પારપ્પુલી, તોદી. અ૦ હબહબુલા૦ એડન્સોનિયા ડિજીટેટા.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એ ઝાડ મોટાં મોટાં થાય છે. ગોરખ આમલીના ઝાડનાં પાંદડાં કાંઇક શીમળાનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ ઉપર વેંતભર લંબાઇનાં દૂધીના જેવાં ફળો આવે છે. એ ફળોની બહારની છાલ કઠણ હોય છે. એ ફળમાં લોટના ગોળા હોય છે. એ લોટ ઘણો ખાટો હોય છે.એનો આમલીને બદલે ઉપયોગ કરે છે. એ લોટ પિત્તશામક, રુચિકર તથા પથ્યકારક છે. આ વૃક્ષને "ચોર આમલી" પણ કહે છે. **ગોરખ આમલી:**--મધુર, કડવી તથા શીત છે; અને દાહ, જ્વર, પિત્ત, વમિ તથા અતિસારનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) દમ ઉપર:**-ગોરખ આમલીનો લોટ ત્રણ માસા લઈ તે લીલા અથવા સૂકાયલા અંજીરમાં ભરી સેવન કરવો. **(૨) અમ્લપિત્ત ઉપર:**-ગોરખ આમલી માંહેના ગરનો અષ્ટમાંશ કાઢો કરી પાવો; અથવા ગોરખ આમલીના ગરનું સરબત કરી તેમાં જીરાની ભૂકી અને સાકરની ભૂકી નાખી પાવું. **(૩) અતિસાર અને પ્રદર ઉપર:**-ગોરખ આમલીના ગરનું સરબત કરી સાકર નાખી પાવું. **(૪) ઢોરોને મુસલ રોગ થાય છે તે ઉપર:**--ગોરખ આમલીનું મગજ પાણીમાં મેળવી પાવું. **(૫) ગરમીની ચાંદીઓ, ખાંડુક અને સર્વ પ્રકારના જખમો ઉપર:**--ગોરખ આમલીનાં બીઆંની કાળી રાખ કરી માખણમાં મેળવી તે મલમ ચોપડવો.

૨૦૭ ગોરખમુંડી-(કલાર)--(સં૦ ગોરક્ષ મુંડી. હિં૦ મુંડી.) ગોરખમુંડીમાં બે જાતિ છે.નાની અને મોટી. નાનાં ઝાડ શુમારે વેંતભર ઉંચાં વધે છે; મોટાં હાથભર ઉંચાં વધે છે. એ ઝાડ ઉપર નાની સોપારી જેવડાં અરીણનાં જીંડવાં સરખાં ગુલાબી રંગનાં ફળો આવે છે. એ ઝાડનાં પાંદડાં બારીક હોઈ તે લાંબાં હોય છે. આ ઝાડનો વાસ ઘણો ઉગ્ર આવે છે. એ ઝાડો લીલી જમીનમાં થાય છે.* **ગોરખમુંડી:**-તુરી, ઉષ્ણ, પાકકાળે તીક્ષ્ણ, કડવી, મધુર, ભેદક, લઘુ, મેધાકારક, બલકર તથા રસાયન છે; અને ગડગુમડાં, ગંડમાલા, અપચી, કફ, વાયુ, પ્લીહા, મેદ, અપસ્માર, શ્લીપદ, પાંડુરોગ, પિત્ત, આમરોગ, કૃમિ, દમ, કોઢ, વિષદોષ, અતિસાર તથા ઉલટીનો નાશ કરે છે. **મહામુંડી:**--મધુર, કડવી, ઉષ્ણ, રસાયન, રુચ્ય તથા સ્વર્ય છે; અને પ્રમેહ તથા વાયુનો નાશ કરે છે. બીજા ગુણો ગોરખમુંડી જેવાજ છે. **ઉપયોગ:-(૧) કમળી ઉપર:**--ગોરખમુંડીનો અંગરસ કાઢી પાવો. **(૨) ગંડમાલા ઉપર:**-ગોરખમુંડીનાં મૂળ તેનાજ રસમાં ઘસી લેપ કરવો. **(૩) સર્વ પ્રકારના વાયુ ઉપર:**-ગોરખમુંડીનો રસ કાઢી ગરમ કરી સાકર નાખી પાવો. **(૪) જખમ ઉપર:**-ગોરખમુંડીનો રસ ચોપડવો, એટલે ઘા તુરતજ સારો થાય છે. **(૫) બારીક ચાંચડ થાય છે તે જવા માટે:**--ગોરખમુંડીનું ઝાડવું લાવી ઘરમાં બાંધવું; એટલે તેના ઉગ્ર વાસથી ચાંચડ જતા રહે છે. **(૬) સંધિવાત ઉપર:**-ગોરખમુંડીનાં જીંડવાં બારીક વાટી તેનો લેપ કરવો. **(૭) ત્રિદોષ ગુલ્મ ઉપર:**-ગોરખમુંડીનાં મૂળ પાણીમાં વાટી છાશ નાખી તે તોલાભાર પાવાં. **(૮) વૈપાદિક કોઢ (જેના યોગથી હાથપગ ફાટી ચીરા પડે છે તે) ઉપર:**—ગોરખમુંડીના રસમાં ઘી સિદ્ધ કરી ચોપડવું. **(૯) મૂળવ્યાધિ ઉપર:**—ગોરખમુંડીનાં પંચાંગની ધૂણી આપવી.

૨૦૮ ગોરાહુ—સં૦ હિં૦ મુખાલુ. મ૦ મોહળુ, ગોરાહુ, કોનફળ,નાગરચિને. ક૦ મુડિગેણસુ, તુનાગેણસુ. તૈ૦ ગેણસુભેદ. તા૦ પેરૂવળી. તુ૦ તુનાકરેંગુ. મલા૦ કાચિલ. લા૦ ડાથોરકોરિયા અલાટા.

ગોરાહુના વેલાનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં લાંબાં અને અણીદાર હોય છે. એ વેલાના કંદ રતાળુ જેવા લાંબા અને રાતા રંગના હોય છે. એની ઉત્પત્તિ ગુજરાત અને ખાનદેશમાં વિશેષ થાય છે.

---

* કલારને કેટલાંક સ્થળે કકરૂડા, જંગલી તમાકુ અને ગંગાજમની પણ કહે છે. નાની કલારને બોડીઓ કલાર અને મોટી કલારને ફાફડીઓ કલાર કહે છે. ફાફડીઓ કલાર ઢીંચણપૂર ઉંચો વધે છે. તેમાં ગાડર (ઘેટું) જાય તો આંધળું થઈ જાય છે. એથી એને જંગલી લોકો 'ગાડર કલાર'ના નામથી પણ ઓળખે છે.

આ સિવાય અમને એક વાઘરીએ કલાર નામનો ત્રીજો છોડ બતાવ્યો છે. તે ચાર પાંચ ફુટ ઉંચો થાય છે. ઇકેડની માફક એને પાંચ સાતજ સોટીઓ હોય છે. પાંદડાં લગભગ ૨૧-૩૦ હોય છે. એ પાંદડાં વનતુલસી જેવડાં હોઈ તેના ઉપર ઝીણી કરકરી હોય છે. એ પહોળાઈ કરતાં લંબાઈમાં વધારે અને બહુ કડવાં હોય છે. આ કલારને ઉપરના બે કલારો સાથે કાંઈ સંબંધ દેખાતો નથી, પણ એ છોડના રસમાં ત્રાંબાનું પાણી કરવાનો ગુણ હોવાથી તેને અહીં જાહેરમાં આપ્યો છે.મારા ધારવા પ્રમાણે આનું નામ કલાર નજ હોય; બીજું હરો.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એનું મૂળ વાવવાથી તેમાંથી એક વર્ષમાં મોટા રતાળુ જેવા કંદ થાય છે. એને કોંકણમાં "કોનફળ" અને "નાગરચિને" પણ કહે છે. એનું શાક ઉત્તમ થાય છે. એ શાક બટાકાની પેઠે કરવું. આ શાક પૌષ્ટિક છે. એ કંદ છોલી પાતળા કડકા કરી સૂકવી પછી તેનો લોટ કરી રાખવો. બાળકોને માટે તે તવખીર પ્રમાણે ઉપયોગી છે.× **ઉપયોગ (૧) શોફોદર ઉપર:**—ગોરાહુનો કંદ કચરી કપડામાં ઘાલી પીલવો અને જે બલક નીકળે તેમાં ઘોળી ગરણીનાં બી ઘસી તેનો સર્વાંગ લેપ કરવો, એટલે સોજો ઉતરે છે.

૨૦૯ ગોળ--આ વૃક્ષ ગોમાંતક પ્રાંતમાં થાય છે. એ છાયાવૃક્ષ છે. એનો વિસ્તાર ઘણો હોય છે. એને વડના જેવી વડવાઇઓ ફુટી વધે છે. એનાં પાંદડાં કાંઇક જાંબુડીનાં પાંદડાં જેવાં હોય છે. વૃક્ષ શુમારે પાંચસેં છસેં વર્ષપર્યંત રહે છે.

૨૧૦ ગૌરીનો ફણો-એ નાના નાના વેલા પાણીના આશ્રયે, ભીંત ઉપર તથા કૂવા અને વાવમાં પણ થાય છે. એ વેલાનાં પાંદડાં હાથતળીઆની આકૃતિ જેવાં હોય છે. એની દાંડી કાળી હોય છે. **ઉપયોગ:—(૧) રતવા ઉપર:**--એ વેલનાં પાંદડાં વાટી લેપ કરવો એટલે રતવાને તત્કાળ આરામ થાય છે. **(૨) ખરજવા ઉપર:**--એ વેલો સૂકવી તેની કાળા રંગની (કાચી) રાખ કરવી. એ તેલમાં ખરલ કરી ચોપડવી; એટલે દાહ શમન થઇ ખરજવું ચાર દિવસમાં મટે છે. **(૩) ચાંદીમાં ઘોળા અંકુર થઈ આવે છે તે ઉપર:**—આ વેલાની રાખ, કળીચુનો અને ચિત્રાનાં મૂળ ઘસી, અંકુરને ચુંટી કાઢી તૈયાર થએલું આ ઔષધ તરતજ તે ઉપર ચોપડવું. **(૪) પ્રદર ઉપર:**—આ વેલાનો રસ ગાયના દૂધમાં આપવો.

૨૧૧ ગૌલણ--એ ઝાડ ઘાસની પેઠે જમીન ઉપર પ્રસરે છે. એનાં પાંદડાં બારીક હોય છે અને તેનું થડ સાત-આઠ આંગળ લંબાઇનું થાય છે. **ઉપયોગ:-(૧) કંઠસર્પ ઉપર:**--ગૌલણનાં ફળ બીઆં સુદ્ધાં અધકચરાં ખાંડી ચલમમાં નાખી પાવાં; અથવા ગૌલણનાં બીજ એકલાં પાણીમાં ઘસી પાવાં.

૨૧૨ ધણસરી--એ ઝાડ ઘણાં મોટાં થાય છે. એને "ગાનસુરી" પણ કહે છે. ધણસરીનાં પાંદડાં ભીલામાના જેવાં લાંબાં હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો આવે છે. **ઉપયોગ:-(૧) ઘોણસ (ઘોયડા) ના અને ફુરશાના વિષ ઉપર:**--ધણસરીનાં મૂળ ઘસી તેમાં સુંઠ ઘસી પાવી; તેથી રેચ થશે અને ઉલટી પણ થશે. વિષથી શરીરમાં ગાંઠો થાય તો તેજ મૂળ ઘસી શરીર ઉપર ચોપડવું. **(૨) રેચન**—ધણસરીનાં મૂળ ઘસી પાવાં. ઉતાર ઘી અને ભાત આપવાં. **(૩) ફોડકી, નખવા વગેરે ઉપર:**—ધણસરીનાં મૂળ અને વાંકેરીનું ભોથું પાણીમાં ઘસી લેપ કરવો. **(૪) ઘરોળી વગેરેના વિષ ઉપર:**--ધણસરીની ભાજીમાં ગોમૂત્ર નાખી રસ કાઢી, તેમાં ધણસરીનાં મૂળ ઘસી શરીરે મર્દન કરવું. **(૫) ઢોરને ઘોયડાનું વિષ લાગે છે તે ઉપર:**--ધણસરીની ભાજીમાં પાણી નાખી એક શેરપર્યંત રસ કાઢવો અને તેમાં ધણસરીનાંજ મૂળ ૧ તોલો ઘસીને પાવાં. એ પ્રમાણે ત્રણ દિવસ પાવું તથા અરીઠાના પાણીમાં ધણસરીનાં મૂળ ઘસી સૂજેલી જગ્યાએ વારંવાર લેપ કરવો.

૨૧૩ ધાપાન--અનનસનાં ઝાડ જેવાં ધાપાનનાં ઝાડ હોય છે; એનાં પાંદડાં અનનસનાં પાંદડાં કરતાં પહોળાં હોય છે. તેના છેડે વાંક અને કરવત જેવા કાંટા હોય છે. ધાપાનનાં પાંદડાં

×બીજી આવૃત્તિના પ્રકાશકે આને રતાળુના નામથી ઓળખાવી ભૂલ કરી છે. કારણ રતાળુને શ્રી૦ પદેજીએ આજ મરાઠી ગ્રંથમાં જૂદું આપ્યું છે, તેમજ નિઘંટમાં પણ બન્ને જૂદાં આપ્યાં છે, ગોરાહુની ઓળખાણ તેમણે નિઘંટમાં પણ આ પ્રમાણે આપી છે:-"ગોરાહુના વેલાનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં લાંબાં અને ટોંકદાર હોય છે. એ ધોળાં અને રાતાં એમ બે જાતનાં થાય છે. એની ઉત્પત્તિ કોંકણ, ગુજરાત અને ખાનદેશમાં વિશેષ થાય છે. એનાં મૂળ વાવવાથી તેમાંથી એક વર્ષે મોટાં રતાળુ જેવડા એ કંદ થાય છે. ગોરાહુનું શાક સારૂં થાય છે. એ કંદ છોલી, બારીક ચીરીઓ કરી સૂકવી પછી તેને દળી લોટ કરી રાખે છે. બાળકોને માટે તવખીર પ્રમાણેજ આનો ઉપયોગ કરી શકાય છે. આ કંદ વાયુકારક, બળકર અને પૌષ્ટિક છે. એમાં મુશળ, ચેંડી અને અંડી એવી ત્રણ જાતો છે." અમને શક જાય છે કે વખતે આ શકરીઆં હશે!

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પલાળી રાખી કચરી તેનું સૂતર કાઢી પછી દોરડું વણે છે. એ મજબૂત થાય છે. **ઉપયોગ:**--(૧) **મુસલ રોગ** (ઢોરોને અને માણસોને મરકી જેવો રોગ થાય છે તે) **ઉપર:**--ધાપાનના કાંદાનો રસ પાવો. (૨) **જખમ ઉપર:**--ધાપાનનાં પાંદડાં વાટી ચોપડવાં.

૨૧૪ ધામારી--(સં૦ અસ્થિભક્ષા) ધામારીનાં ઝાડ ભેજવાળી જમીનમાં થાય છે. એ ઝાડની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. એનાં પાંદડાંનો આકાર પર્ણબીજનાં પાંદડાં જેવો થાય છે. ધામારીને તોરા આવી તેને ફળો આવે છે. તેનો આકાર લાંબો હોય છે. એ ફળોનો રંગ પ્રથમ લીલો હોય છે અને પછી રાતો થઇ જાય છે. **ઉપયોગ:- (૧) ઘા રૂઝવવા માટે:**--ધામારીની ભાજીનો રસ કાઢી તે જખમ ઉપર ચોપડવો; એટલે જખમ જલદી રૂઝાઇ જાય છે. (૨) **બાળકોના રક્તાતિસાર ઉપર:**--ધામારીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં ગાયનું ઘી મિશ્ર કરી તે રસ પાવો. એ ઔષધ મોટા માણસને પણ આપવું.

૨૧૫ ધાસપિત્તપાપડો:--(સં૦ પર્પટક. કો૦ ખડકશેપુ, ઘુઈ.) આ ઝાડ જમીન ઉપર પ્રસરે છે. એનાં પાંદડાં બારીક હોય છે. એ ઝાડ ઘણું કરીને માળ જમીન ઉપર થાય છે. એ ઝાડ ઉપર બારીક જીંડવાં જેવા તોરા આવે છે. એ ઝાડ પ્રસિદ્ધ છે. પિત્તપાપડા કરતાં આ ઝાડ વધારે ગુણકારી છે. ધાસપિત્તપાપડાનું શાક સારૂં થાય છે. **પિત્તપાપડો:**--શીતળ, કડવો, ગ્રાહક, વાતકારક, લઘુ તથા પાકકાળે તીખો છે; અને પિત્ત, કફ, જ્વર, રક્તદોષ, અરુચિ, દાહ, ગ્લાનિ, ભ્રમ, મદ, પ્રમેહ, ઓકારી ઉલટી), તૃષા તથા રક્તપિત્તનો નાશ કરે છે. **એનું શાક:**--સંગ્રાહી, શીતળ, વાતકારક, લઘુ, તથા કડવું છે; અને રક્તવિકાર, પિત્તજ્વર, તૃષા, કફ, ભ્રમ તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પિત્તથી ચકરી આવે છે તે ઉપર:**--ધાસપિત્તપાપડાની વસ્ત્રગાળ ભૂકી કરી કોપરાના તેલમાં કાલવી માથા ઉપર જાડો લેપ કરવો. (૨) **પિત્તજ્વર ઉપર:**--ધાસપિતપાપડાનો કાઢો પાવો. (૩) **સાધારણ તાવ ઉપર:**--ધાસપિત્તપાપડાનો કાઢો કરી તેમાં ગારગોટી (ધોળો અને ઠંડો પથ્થર) દેવતામાં લાલ કરી છમકારી તે કાઢો પાવો. (૪) **ઉલટી ઉપર:**--ધાસપિત્તપાપડાનો કાઢો મધ નાખી પાવો.

૨૧૬ ઘોંટી--(સં૦ ગુલઘંટિકા) ઘોંટીને-"ઘોટ" "ઘોંટબોર" "રાનબોર" એમ મરાઠીમાં કહે છે. ઘોંટીનાં ઝાડ હોય છે. એને બોરડીના જેવાં બારીક ફળ આવે છે. વૈદ્યલોક "બત્રીશી" કરીને જે ઔષધ આપે છે, તેમાં એ ફળ હોય છે. ઘોંટી એ મધુર, તીખી, ઉષ્ણ, અગ્નિદીપક તથા પાચક છે; અને કમળો, રક્તદોષ, સોજો, કફ, વાયુ, પિત્ત, વ્રણ, કોઢ તથા ખરજનો નાશ કરે છે.

૨૧૭ ઘોટીવેલ--ઘોટીવેલ ચોમાસામાં ઉત્પન્ન થઇ ઝાડ ઉપર પ્રસરે છે. એનો ઘણો વિસ્તાર થાય છે, ઘોટીવેલનાં પાંદડાં મોટાં હોય છે અને તે ઉપર જાડી રેષાઓ હોય છે. એ વેલને બારીક કાંટા હોય છે. એને ચણા જેવડાં ફળના ગુચ્છા આવે છે. **ઉપયોગ:-(૧) પાડને રેચ થાય છે તે ઉપર:**--ઘોટીવેલનાં લીલાં અથવા સૂકાયલાં ફળો અને મેથી બારીક વાટી દહીંમાં કાલવી, તેમાં થોડી હિંગની ભૂકી નાખી તે પાવું; એટલે રેચ જલદી બંધ થાય છે.

૨૧૮ ઘોણશી--(સં૦ ગોનસી. મ૦ ગોણસકાંડ)--ઘોણશીના વેલા હોય છે. એ વેલાની જાડાઇ પગના અંગુઠા જેવી હોય છે અને આકારે ઘોણસસર્પ જેવી હોય છે. એનાં પાંદડાં આકારે પીપળાનાં પાંદડાં જેવાં હોય છે; પણ તેના કરતાં ચોગણાં મોટાં થાય છે. એ પાંદડાંને એક એક આંગળ પહોળાઇના ખાંચા હોય છે. **ઘોણશી:**--શીતળ અને ગુરુ છે; તથા શૂળ, હેડકી, જીર્ણવિષ, સર્પવિષ અને ઉન્માદનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) ઢોરને ઘોયડાનું વિષ ચઢયું હોય તો:**--ઘોણશીનો રસ એક શેર પાવો. (૨) **માણસને ઘોયડાનું વિષ ચઢયું હોય તો:**--ઘોણશીના રસમાં ધણસરીનાં મૂળ, અરિઠા અને કાળીજીરી વાટી ગોમૂત્ર નાખી દંશ ઉપર લેપ કરવો.

૨૧૯ ઘોલી (ગિલોડી)--(સં૦ તુડિકા. મ૦ તાંડલે.) ઘોલીનો વેલો આઠ-દશ વર્ષ સુધી રહે છે. ઘોલી બારમાસી થાય છે. ઘોલીનાં ફળ બે અઢી આંગળ લાંબાં હોઇ અંગુઠા જેટલાં જાડાં હોય છે. ઘોલીના બે પ્રકાર છે. કડવી અને મીઠી. કડવી ઘોલી કોઇ ખાતું નથી. ઘોલીની ભાજી સ્વાદે સારો હોઇ પથ્યકર છે. ઘોલીના અતિ સેવનથી જીભે જડત્વ આવે છે. **ઘોલી:**--મધુર તથા

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

શીતળ છે. કફ અને ઉલટીને કરનારી તેમજ ક્ષય, શ્વાસ, કમળો, પિત્તશોથ, રક્તવિકાર, વિષદોષ, ઉધરસ, રક્તપિત્ત તથા તાવનો નાશ કરે છે. **એનાં ફળઃ**--ગુરુ, સ્વાદુ, શીતળ, લેખન, મલસ્તંભક, સ્તન્યકારક, પેટમાં વાતસંચય કરનાર તથા રુચિકર છે; અને પિત્ત, રક્તદોષ, વાયુ, દમ, સોજો, બુદ્ધિ, દાહ તથા ઉધરસનો નાશ કરે છે. **એનાં ફૂલોઃ**--ખરજ, પિત્ત તથા કમળાનો નાશ કરે છે. **એની ભાજીઃ**—શીતળ, મધુર, ગ્રાહક, તુરી, કડવી, પાકકાળે તીખી તથા વાતુલ છે અને કફ તથા પિત્તનો નાશ કરે છે. **એનાં મૂળઃ**--હિમ, મેહનાશક તથા ધાતુવર્ધક છે; અને હાથપગનો દાહ, ભ્રાંતિ તથા ઉલટીનો નાશ કરે છે. **કડવી ઘોલીઃ**--વાંતિકારક છે અને રક્તવિકાર, કફ તથા પાંડુનો નાશ કરે છે. **એનાં ફળઃ**--ગુરુ, કડવાં, વાંતિકર તથા વાયુને કોપાવનાર છે; અને સોજો, વિષ, પિત્ત, રક્તવિકાર તથા કફનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) કાનમાં બગઈ વગેરે ગયું હોય તોઃ**--ઘોલીની ભાજીનો રસ અને તેલ એકત્ર કરી કાનમાં પાડવું. **(૨) ગર્ભિણીને અધુરા માસે રજોદર્શન થાય તથા ગર્ભચલન થાય તે ઉપરઃ**—ઘોલીનો વેલો અંગુઠા જેવો જાડો લઈ, ગર્ભને જે માસ ચાલતો હોય તેટલી ગાંઠો તે વેલાની લઈ, ઠંડું પાણી નાખી ખાંડવી; અને પાશેરપર્યંત રસ કાઢી તેમાં જીરાની ભૂકી ત્રણ માસા તથા સાકર બે તોલા નાખી દરરોજ બે વાર પ્રમાણે રજસ્સ્રાવ થયેલા દિવસથી ચાર દિવસ આપવું. આ ઔષધ ગર્ભધારણ થઇ ત્રણ મહિના થયા પછી ઉપર લખ્યા પ્રમાણે પ્રકાર થાય તો આપવું. તે પહેલાં આપવું નહિ. **(૩) ફુરશાના વિષ ઉપરઃ**--ઘોલીનાં પાંદડાંના રસમાં સમુદ્રફળ છ માસા ઘસી શુમારે નવટાંક રસ આપવો. આ રસ એકેક કલાકને અંતરે પાવો; એટલે ઉલટી થઇ વિષ ઉતરે છે. **(૪) સલ (છોડ) વધવા ઉપરઃ**--ઘોલીનાં મૂળનો રસ, દેવદાર, જીરૂં અને સાકરનું ચૂર્ણ એકવર્ણી ગાયના દૂધમાં ઋતુકાળે ત્રણ દિવસ આપવું.

૨૨૦ ચણકબોબા (કંકોલ)--સં૦ કંકોલ. મ૦ કંકોળ, કાપૂરચિની. હિં૦કબાબચિની, સિતલચિની. બં૦ કાંકલા. ક૦ કપ્પુરચિની. તૈ૦ કવાબચિની. તા૦ વાલમિલેગુ. મલા૦ ચિનમુલગુ. ગો૦ ગંધમેનસુ. ફા૦ કબાબહ. અ૦ કબાસ, કબાવા, હબ્બુલઉરૂસ. ઇં૦ કયુબેબપેપર. લા૦ કયુબેબાઓફિસિનેલિસ.

ચણકબોબાના વેલા હોય છે. કંકોલને 'કપુરચીની' 'રબાબચીની' પણ કહે છે. એ હિમાલય પર્વત અને ચીન દેશમાં થાય છે. ચણકબોબાનાં ફળો મરી જેવાં થાય છે. ચણકબોબા એ ફળ સુગંધી અને ઘણું ઠંડું છે. એનો ઔષધમાં અને સુગંધી પદાર્થોમાં ઘણો ઉપયોગ થાય છે. **ચણકબોબાઃ**--તીખું, કડવું, ઉષ્ણ, દીપન, પાચન, રુચિકર, હૃદ્ય, સુગંધી, લઘુ અને કફનાશક છે. એ મુખજાડ્ય, વાતરોગ, મુખરોગ, કૃમિ, અંધત્વ, મુખદુર્ગંધ, આમ અને અગ્નિમાંદ્યનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) મુખરોગ ઉપરઃ**—કંકોલ અને ખડીસાકર દાઢ નીચે રાખી રસ ગળવો. **(૨) પ્રમેહ ઉપરઃ**—કંકોલનું ચૂર્ણ કરી સાકર સાથે આપવું. **(૩) રક્તષ્ઠીવી સન્નિપાત, એટલે જે સન્નિપાતમાં લોહીની ઉલટી થાય છે તે ઉપરઃ**—કંકોલના ચૂર્ણનું નસ્ય આપવું. **(૪) પ્રમેહ અને આગંતુક ગરમી ઉપરઃ**—કંકોલ અર્ધો તોલો લઇ સાધારણ કુટી અષ્ટમાંશ કાઢો કરવો. તેમાં ઉત્તમ ચંદનનું તેલ છથી બાર ટીપાં સુધી નાખવું અને કાઢામાં મેળવી તે કાઢો પાવો. આ પ્રયોગથી પેસાબ સાફ થાય છે અને ચંદનનું તેલ અંદરના જખમ ઉપર બેસી બે-ચાર દિવસમાં જખમ ભરાઇ ગુણ આવે છે. આ ઔષધ દરરોજ પ્રાતઃકાળે બપોરના ભોજન પછી અને સાયંકાળે, એ પ્રમાણે સતત ૫ દિવસ લઇ, ફક્ત ઘઉંની રોટલી, ઘી અને સાકર, એજ પદાર્થ ખાવા; એટલે જલદી ગુણ આવે છે. **(૫) સંગ્રહણી ઉપરઃ**--કંકોલ ૧ તોલો, એલચીદોડા ૧ તોલો, સોનાગેરૂ ૧ તોલો, એનું ચૂર્ણ કરી કપાસનાં પાંદડાંના રસમાં ખરલ કરી બોર જેવડી ગોળીઓ કરવી. તે એક સવારે અને એક સાંજે એ પ્રમાણે લેતાં જવી. **(૬) મુખમાધુર્ય ઉપરઃ**--કંકોલ, કપૂર અને મરી સાધારણ ચાવી દાઢમાં રાખવાં અને તેથી ઉત્પન્ન થતું થુંક થુંકી નાખવું. **(૭) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—ચણકબોબાનો કાઢો કરી તેમાં પાંચ ટીપાં સુખડના તેલનાં નાખી તે આપવું.

૨૨૧ ચણા--સં૦ હરિમંથ, ચણક. મ૦ હરબરા. હિં૦ ચના, છોલા. બં૦ ચણક. તૈ૦ ચન-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ગાલુ, ચનાકમુલ્લુ. તુ૦ તા૦ ક૦ કડ્લે. મલા૦ કટાલા. ફા૦ નખુદ. અ૦ હુમસ. ઇં૦ ગ્રામ લા૦ સીસર એરીએટિનમ્.

અદલ ધાન્ય તથા દ્વિદલ ધાન્ય, એમ ધાન્યના બે પ્રકાર છે. જેમ અદલ ધાન્યમાં 'ઘઉં' એ મુખ્ય છે, તેમ દ્વિદલ ધાન્યમાં 'ચણા' એ મુખ્ય છે. ચણાની ઉત્પત્તિ ઘણું કરી આ ખંડમાં છે. ચણા આસો મહિનામાં વાવે છે; અને માઘ માસની આખરે અને ફાલ્ગુનમાં તૈયાર થાય છે. ચણાના છોડની ઉંચાઈ દોઢ વેંત હોય છે. ચણાના છોડને ચાળીસ-પચાસ પોપટા આવે છે. પોપટામાં એક અગર બે દાણા હોય છે. ગુજરાત, દક્ષિણ, સિંધ, કાબૂલ તથા અરબસ્તાન એ ઠેકાણે ચણા પુષ્કળ પાકે છે. લોકો લીલા ચણાના પોપટા ફોલી ખાય છે અને તેમાંના દાણા પાકે એટલે તે શેકીને ખાય છે. એને ઓળા કહે છે. ઘઉંની પેઠે ચણાના પણ પુષ્કળ પદાર્થો બને છે. ચણાની દાળ કરી તેનાં બુંદી, મોતીચૂર, પૂરણપોળી, વેસણના લાડુ તથા મેસૂર એવાં અનેક તરેહનાં પકવાન્નો થાય છે. ચણા શેકી તેની ધાણી (શેકેલા ચણા) કરે છે. તેના ઉપરથી ફોતરાં કાઢી ભરડે છે એટલે તેની દાળ બને છે. એ દાળ ઘઉંના કરતાં પણ અધિક પૌષ્ટિક છે. એના લાડુ પણ થાય છે. શેકેલા ચણા શરીરને ઘણાજ હિતાવહ છે. એ પૌષ્ટિક છે અને ભૂખને માટે ઘણાજ ઉત્તમ છે. પ્રવાસમાં એ ઘણા ઉપયોગી થઇ પડે છે. એ ચણા ખાઇ રસ્તે ચાલવા છતાં જો પાણી મળે નહિ તો એના યોગથી તરસ જલદી લાગતી નથી. દર શુક્રવારે શેકેલા ચણા અવશ્ય ખાવા એવો જે નિયમ છે, તે તેના અતિશય ઉપયોગીપણાને લીધેજ છે. ચણાની વાટેલી દાળ પણ ઘણીજ પૌષ્ટિક છે. ચણાના છોડ ઉપરથી ખાર કાઢે છે, તે ઘણોજ ઉપયોગી છે. કુમળા છોડની ભાજીનું શાક કરે છે. ચણાના ખારમાં પલાળી જે બી રોપવામાં આવે તે ઘણાં જલદી ઉગી નીકળે છે. **ચણાઃ**—વાતલ, શીત, લઘુ, રુક્ષ, તુરા, વિષ્ટંભકારક, મધુર, રુચિકર, વર્ણકર, બલકર, જ્વરનાશક તથા આધ્માનકારક છે; અને રક્તાપત્ત, કફ, રક્તદોષ તથા પિત્તનો નાશ કરે છે. **શેકેલા ચણાઃ**—ઉષ્ણ, રુચિકર, રક્તકોપન, લઘુ, બલકર, શુક્રલ તથા શરીરને તેજ આપનાર છે; અને સ્વેદ, શૈત્ય, આમ, કફ, વાયુ તથા કલમનો નાશ કરે છે.

×**ચણાનો ક્ષારઃ**—અગ્નિદીપક, રુચ્ય, ખારો, અતિ ખાટો અને દાંતને અંબાવનાર છે; તથા શૂળ, અજીર્ણ અને અગ્નિમાંદ્યનો નાશ કરનાર છે. **ઉપયોગઃ—(૧) કમળા ઉપરઃ**-ચણાની દાળમાં બરોબર ગોળ નાખેલું પૂરણ (ગોળદાળ) ત્રણ દિવસ ખાવું. તરસ લાગે તો ગોળદાળનું પાણી પીવું. **(૨) મસ્તકવાયુ ઉપરઃ**—અર્ધો શેર ચણાનો લોટ અને તેટલીજ રાઇની ભૂકી ચણાના ખારમાં નાખી માથા ઉપર લેપ કરવો. **(૩) પરસેવો બંધ થવા માટેઃ**—શેકેલા ચણા, અજમો અને વજનું ચૂર્ણ શરીરે ચોળવું. **(૪) સળેકમ ઉપરઃ**—રાત્રે સૂઈ રહેતી વેળાએ તાજા શેકેલા ચણા ખાવા અને ઉપર પાણી પીવું નહિ. **(૫) ધાતુપુષ્ટિને માટેઃ**—ચણાની દાળ અને સાકર પૈસાભાર રાત્રે સૂઇ રહેતી વેળાએ એક મહિના સુધી ખાવાં અને ઉપર પાણી પીવું નહિ. **(૬) પેટપીડ અને મરકી ઉપરઃ**—ચણાનો ખાર એક બે તોલા પીવો. **(૭) બરોળ ઉપરઃ**—ચણાનો ખાર, સિંધાલુણ અને બંગડીખાર એ એકત્ર કરી પીવું; અથવા શેકેલી હિંગ, સુંઠ, મરી, લીંડીપીપર, કોળિંજન, જવખાર અને સિંધાલુણ, એનું ૩ માસા ચૂર્ણ ચણાના બે તોલા ખારમાં નાખી પીવું.

૨૨૨ ચણોઠી—સં૦ ગુંજા. મ૦ ગુંજ. કો૦ માડલવેલ. હિં૦ ગુંજા, ઘુઘચી, ચોટલી,

× જ્યારે ચણાના છોડ ઉગેલા હોય ત્યારે ઝાકળ પડે તે દિવસોમાં સૂર્યોદય પહેલાં ત્યાં જઈ ચણાના છોડ ઉપરનું ક્ષાર-ઝાકળ ઝીણા જગન્નાથીના સાફ ધોએલા કપડાથી લુછીને શીશામાં નીચોવી લેવું. આ પ્રમાણે વારંવાર કરી સૂર્યોદય પહેલાં મેળવેલાં ચણા ઉપરનાં બિંદુઓને ચણાનો ખાર કહે છે.

સૂકાયલા ચણાના છોડની ડાંખળી વગેરે પાણીમાં પલાળી લૂગડાથી ગાળી લઈ લોઢાની કઢાઇમાં એ પાણી ઉકાળવાથી સફેદ રંગની ખારની ભૂકી તૈયાર થાય છે. એ પણ ચણાના ખાર તરીકે વાપરી શકાય એમ અમારો પોતાનો મત છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

.ચિરમિટી. બં૦ કુંચ. ક૦ ગુલુગુંજે, એરડુ. તૈ૦ ગુલુવિંદે. ફા૦ ચશ્મે ખરૂસ્. અ૦ હબસૂર્ખ વ સફેદ. ઇં૦ વિડ ટ્રી. લા૦ એબ્રેસ પ્રિકેટોરિયસ્.

ચણોઠીના વેલા થાય છે. એ વેલાનાં પાંદડાં બારીક અને લાંબાં હોય છે. ચણોઠીમાં ધોળી, કાળી અને રાતી એવી ત્રણ જાતિ છે. ત્રણે વેલા સરખાજ હોય છે. ચણોઠી સોનાનું વજન (તોલ) કરવાના ઉપયોગમાં આવે છે. એ એક તોલાભારની છન્નુ (૯૬)* ચણોઠીઓ થાય છે. ચણોઠીની ગણના ઉપવિષમાં છે. x**ચણોઠી**:—સ્વાદુ, કડવી, બલકર, ઉષ્ણ, તુરી, ત્વચાને હિતાવહ, કેસ્ય, રુચ્ય, શીત તથા વૃષ્ય છે; અને નેત્રરોગ, વિષ, પિત્ત, ઇંદ્રલુપ્ત, વ્રણ, કૃમિ, રાક્ષસ, ગ્રહપીડા, કંડૂ, (ખરજ), કોઢ, કફ, તાવ, મુખરોગ, શીર્ષરોગ, વાયુ, ભ્રમ, દમ, તૃષા, મોહ તથા મદનો નાશ કરે છે. **એનાં બીજ**:—વાંતિકારક અને શૂળનાશક છે. એનાં **પાંદડાં** વિષનાશક છે. ધોળી ચણોઠી ઘણું કરીને વશીકરણના ઉપયોગમાં લે છે. બીજા ગુણો ચણોઠી જેવાજ છે. **ઉપયોગ**:-(૧) **આદ્દાશીશી ઉપર**:—ચણોઠીનાં મૂળ પાણીમાં ઘસી નસ્ય આપવું; એટલે આદ્દાશીશી તત્કાળ દૂર થાય છે. (૨) **શીતળાથી આંખમાં ફૂલ પડયું હોય તે ઉપર**:—મોગલી એરંડાના રસમાં ધોળી ચણોઠી ઘસી અંજન કરવું. (૩) **વીર્યવૃદ્ધિ થવા માટે અને ધાતુ પડતી હોય તે અટકાવવા માટે**:—ચણોઠીનાં મૂળ દૂધમાં બાફી સાકર સાથે ખાવાં. (૪) **માથે તાલ પડે તે ઉપર**:—ચણોઠીનાં મૂળ અથવા ફળ ભિલામાના રસમાં ઘસી તેનો લેપ કરવો; અથવા ચણોઠી મધમાં અગર ઘીમાં ખરલ કરી ચોપડવી. (૫) **અવાજ સાફ થવા માટે**:—ધોળી ચણોઠીની ભાજી ચાવી મોઢામાં રાખી રસ ગળતા જવું અથવા ચાવવી. (૬) **ગરમીથી મોઢામાં ફોલ્લા વગેરે થાય તે ઉપર**:-ધોળી ચણોઠીની ભાજી, ચણકબોબા અને સાકર એ મોઢામાં રાખી રસ ગળતા જવું અથવા મૂળ ચાવવાં. (૭) **લાલામેહ ઉપર**:—ધોળી ચણોઠીની ભાજી અને મેંદીની ભાજી સમભાગ લઇ તેનો રસ કાઢવો. તેમાં દુદુરલીનાં મૂળ ઘસી જીરૂં અને સાકર નાખી પાવું. આ ઔષધનું સાત દિવસ દરરોજ બે વખત સેવન કરવું. (૮) **રતવા ઉપર**:—ધોળી ચણોઠીની ભાજીનો લેપ કરવો. (૯) **પ્રમેહ ઉપર**:—ચણોઠીની ભાજીનો રસ કાઢી તે ગાયના પાશેર દૂધમાં મેળવી પાવો.(૧૦) +**ખાલી ચઢે છે તે ઉપર**:—ધોળી ચણોઠીનાં પાંદડાંના રસમાં જીરાની ભૂકી નાખી પાવું. (૧૧) **મૂત્રકૃચ્છ્ર ઉપર**:—ધોળી ચણોઠીની ભાજીનો રસ સાકર અને જીરૂં નાખી પાવો. (૧૨) **તાવથી માથું દુખતું હોય તે ઉપર**:—ધોળી ચણોઠીનાં મૂળ સ્વચ્છ ઘોઇ ઘસવાં અને કપડામાં ઘાલી તે ૭ દિવસ સુંઘવાં. (૧૩) **ગરમી (ઉપદંશ) ઉપર**:-લાલ ચણોઠીની ભાજીના રસમાં જીરાની ભૂકી અને ખડીસાકર નાખી સાત દિવસ લેવું. (૧૪) **સિંદૂરના**

---

*કેટલીક જગ્યાએ આ ૯૬ રતીનો તોલો માની કંપની રૂપીઆને ત્રીસ વાલ એટલે ૯૦ રતી માને છે. આ હિસાબે ચણોઠીનું વજન સરાસરી ૨ ગ્રેન છે.

xચક્રદત્તમાં રાતી અને ધોળી એ બે પ્રકારનીજ ચણોઠી બતાવી છે. એ ચણોઠીનાં બીજ વિષરૂપ છે, એટલે ખાવાથી ઝેરની અસર કરે છે. તે જ્ઞાનતંતુના રોગમાં અપાય છે અને ચામડીના રોગ તથા નાસુર ઉપર લેપ થાય છે. ચણોઠીની જડ ઉલટી કરાવનાર છે મુસલમાન હકીમો ચણોઠીને ગરમ, પૌષ્ટિક અને કામોત્તેજક માને છે. ડૉકટર લોકો ચણોઠીનાં મૂળને જેઠીમધના પ્રતિનિધિતરિકે વાપરે છે. ડૉ૦ એન્સ્લી કહે છે કે ચણોઠીનું મૂળ જેઠીમધને આબેહુબ મળતું હોય છે; અને બંગાળમ એને જેઠીમધના બદલે વેચે છે. મિ૦ મોહિદ્દીન સરીફ લખે છે કે ચણોઠીનાં ડાળાંમાં પાંદડાંથી પણ વધારે મીઠાશ હોય છે; અને તેમાંથી સત્ત્વ કાઢવું હોય તો નીકળી શકે છે. મિ૦ વેકર કહે છે કે ચણોઠીનું પાણી આંખમાં નાખવાથી આંખની કંનજકટાઈ અથવા પડદો સૂજી તેમાંથી પરૂ નીકળવું શરૂ થાય છે. એટલા માટે આંખના રોગમાં એનો ઉપયોગ નહિ કરવો. સફેદ ચણોઠીની જડ મીઠી હોય છે. તે ખાંસીના રોગમાં બહુજ ઉપયોગી માલમ પડી છે. મિ૦ લ્યૂનન કહે છે કે પાંદડાંને મધમાં વાટી સોજા ઉપર ચોપડાય છે. એજ પ્રમાણે વાટીને સાકરની સાથે ચાવવાથી ઉધરસ ઓછી થાય છે સફેદ ચણોઠી ઝેરી છે, તે ખાવાથી ઉલટી અને ઝાડો થાય છે અને કદિ મૃત્યુ પણ થાય છે. ચરકસંહિતામાં ધોળી ચણોઠીને દાહશાંતિકારક અને પિત્તશામક માની છે.

+આગપૈણી અને પૈણીનો અર્થ ખરજવું થાય છે; છતાં અહીં ખાલી ચઢવી અર્થ કેમ કર્યો હશે ?

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વિષ ઉપરઃ—ચણોઠીની ભાજી ૭ દિવસ ખાવી. **(૧૫) શિરોરોગ ઉપરઃ**—ચણોઠીનાં મૂળ ઘસી નાકે સુંઘાડવાં; એટલે આંખોમાં ચક્કર આવે છે તે તથા રતાંધળાપણું, આંખનાં પડળ, આદાશીશી અને મસ્તકશૂળનો નાશ થાય છે. **(૧૬) વાયુરોગ ઉપર લેપઃ**—શરીરના જે ભાગમાં વાયુનો કોપ થયો હોય તે જગા ઉપરના વાળ દેવતાથી બાળી નાખી, તે ઉપર ચણોઠી પાણીમાં વાટી લેપ કરવો; તેથી કરી અપબાહુક, વિશ્વાચી, ગૃધ્રસી અને બીજી વાયુસંબંધી પીડા દૂર થાય છે. **(૧૭) ગ્રંથિ (ગાંઠ) ઉપરઃ**—રાતી ચણોઠીની દાળ, આમલીનો કચુકો અને ગેરૂ, એ ઠંડા પાણીમાં ઘસી તેનો લેપ કરવો અને તે સુકાયા પછી ફરી બીજો લેપ કરવો. **(૧૮) ઉપદંશ (ગરમી) ઉપરઃ**—ધોળી ચણોઠીનાં મૂળ અને ધોળી જાસુંદીનાં મૂળ ઘસી પાવાં. ગરમીની ચાંદી ઉપર પણ એનોજ લેપ કરવો. **(૧૯) ઉધરસ ઉપરઃ**—ધોળી ચણોઠીનાં મૂળ ઘસી પાવાં. **(૨૦) પાંપણોમાં થનારા રોગ ઉપરઃ**—ચણોઠી પાણીમાં બાફી તે પાણી પાંપણે ચોપડવું; એટલે પરૂ નીકળી જઇ પાંપણનો દાહ અને સોજો નાશ પામે છે. **(૨૧) ગંડમાળા ઉપરઃ**—ચણોઠીનાં મૂળ અને ફળન બમણા કાઢામાં એક ભાગ તેલ નાખી પચન કરાવવું. તેલ માત્ર બાકી રહે એટલે એ તેલનો અભ્યંગ કરવાથી દારુણ ગંડમાળા નાશ થાય છે. **(૨૨) તિમિર (અંધારાં આવવાના) રોગ ઉપરઃ**—ચણોઠીનું મૂળ બકરાના મૂત્રમાં ઘસી પાવું. **(૨૩) માથામાં ટાલ પડે છે તે ઉપરઃ**—ચણોઠી, હાથીદાંતની રાખ અને રસાંજન (રસવતી) નો લેપ કરવો; એટલે તે ઠેકાણે તુરત વાળ આવશે.

૨૨૩ ચંદનબટવો—(ચીલની ભાજી. સં૦ ચંડિલ.) ચંદનબટવાનાં ઝાડ બે હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં નાજુક હોય છે. તે નીચેની બાજુએ કાંઇક રાતાં અથવા ગુલાબી રંગનાં હોય છે. એની ભાજી જલદીથી સૂકાઈ જાય છે. ગુજરાત, ઉત્તર હિંદુસ્તાન અને બીજા ભાગોમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. ચંદનબટવાની ભાજીનું શાક કરે છે. એ ભાજીનો ઉપયોગ ગરીબ લોકમાંજ થાય છે. **ચંદનબટવોઃ**—ખારો, પાકકાળે સ્વાદુ, બલપ્રદ અને વિશેષ કરીને ત્રિદોષનાશક છે. **ઉપયોગઃ**—**(૧) ઢોરના રોગ ઉપરઃ**—ચંદનબટવાના લાકડાનો કોલસો ઘીમાં વાટી એકેક ઘુંટડો ૩ દિવસ પાવો.

૨૨૪ ચંદ્રુસ—ચંદ્રુસનાં ઝાડ દક્ષિણ હિંદુસ્તાનમાં થાય છે. એ ધૂપની જાતનું વૃક્ષ છે. ચંદ્રુસનાં ઝાડો આફ્રિકાખંડમાં ઘણાં થાય છે. એ વૃક્ષનો જે રસ નીકળે છે તેને ચંદ્રુસ કહે છે. એનો રંગ કિંચિત્ લીલો અથવા પીળો હોય છે. ચંદ્રુસનો "વાર્નિસ" કરે છે; તેમજ એનો મલમ પણ થાય છે. દક્ષિણ હિંદુસ્તાનમાં એને "સફેદ ડામર" કહે છે. ×**ચંદ્રુસઃ**—તીખી, સ્વાદુ, સ્નિગ્ધ, ઉષ્ણ, શુક્લ, લઘુ, વૃષ્ય તથા કાંતિકારક છે; અને કંડૂ (ખરજ), તાવ, ગ્રહપીડા, કોઢ તથા દાહનો નાશ કરે છે.

૨૨૫ ચમેલી—સં૦ સુરપ્રિયા, ઉપજાતિ. હિ૦ ચમેલી. બં૦ ચામિલી. મ૦ ચમેલી, ચમેલી. ક૦ મોગરાચા ભેદુ. ઈ૦ સ્પેનિશ જાસ્સીન, લા૦જેસ્સીન, ગ્લાન્ડિફ્લેરં. ફા૦ યાસમોન. અ૦ આસમન.

ચમેલીના વેલા હોય છે. એનાં પાંદડાં જૂઇ જેવાં ધોળાં અને નાનાં હોય છે. એનાં ફૂલોનો વાસ મધુર આવે છે. એ ફૂલો શ્રાવણ મહિનામાં ઘણાં થાય છે. એનું તેલ નીકળે છે.*

૨૨૬ ચંપાકાટી (પીળો કચનાર, પીળો કાંચનાર)—સં૦ કોવિદાર. મ૦ કોરલા. હિં૦ પીલાકંચનાર. બં૦ પીતકાંચન. ક૦ કોચાલે. તા૦ શેમાંદારે, શિવપ્પુમાંદારે. તૈ૦ દવકાંચનમુ. મલા૦ કોવિદાર. લા૦ બોહનિયા ઘેરિગેટા.

ચંપાકાટી આ એક રાનવૃક્ષ હોઇ તે કાંચનારની જાતિનું છે. એનાં પાંદડાં કાંચનારનાં પાંદડાં જેવાંજ હોય છે. જેઠ-આષાઢ માસને શુમારે એ ઝાડને કુમળાં પાંદડાં આવે છે; તે લઇ લોકો વેચે છે. એ ભાજી નિર્મલ હોઇ ખાવાને રુચિપ્રદ છે. **ચંપાકાટીઃ**—દીપન, તુરો, વ્રણરોપણ, સંગ્રાહક, સારક તથા સ્વાદુ છે. ભાજીપાલામાં તે ઉત્તમ છે. તે મૂત્રકૃચ્છ્ર, ત્રિદોષ,શોષ, દાહ, કફ તથા વાયુનો

×જુઓ ઈશેસ (શેરીલોબાન) નીચેની ટીપણી.

* ચમેલીનાં ફૂલોમાં તલ રાખી મૂકી કેટલાક દિવસ પછી ઘાણી (કોલુ)માં પીલીને તેલ કાઢે છે. તેને ફૂલેલ તેલ અથવા ચમેલીનું તેલ કહે છે. એ ઉત્તમ સુગંધવાળું અને ઠંડું હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નાશ કરે છે. એનાં ફૂલોનો ગુણ રક્ત કાંચનાર જેવોજ છે.

૨૨૭ ચંબેલી—સ૦ જાતિ, માલતી. હિં૦ ચંબેલી. મ૦ જાઈ. ક૦ જાજિમલ્લિગે. તૈ૦ જાઇપુષ્પાલુ. તુ૦ જાજીપુ. મલા૦ પિચ્યાકં, માલતી. લા૦ જેસ્મિનમ્ ફ્લેક્સાઇલિસ્

ચંબેલીનો વેલો મોટો વધે છે. કેટલેક ઠેકાણે મોટાં મોટાં વૃક્ષો ઉપર ચઢેલા ચંબેલીના જૂના વેલા ઘણાજ મોટા હોય છે. એ વેલા ઉપરથી માણસો સહજ ઉપર ચઢી શકે એટલા તે મજબૂત હોય છે. ચંબેલીનાં પાંદડાં ઘોળાં હોય છે તથા સુકુમાર અને સુવાસિક હોય છે. ચંબેલીનાં પાંદડાંનો રસ વ્રણશોધક છે. **ચંબેલી**–તુરી, કડવી, લઘુ, ઉષ્ણ તથા તીખી છે; અને મુખપાક, કફ, વાયુ, મુખરોગ, દંતરોગ, મસ્તકરોગ, નેત્રરોગ, વિષ, કોઢ, રક્તદોષ, વ્રણ, પિત્ત અને કૃમિનો નાશ કરે છે. **કળીઓ**:–વ્રણ, વિસ્ફોટક, નેત્રરોગ તથા કોઢનો નાશ કરે છે. **ફૂલ**:–સુગંધિ અને મનોહર છે. તે કફ તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ**:–(૧) **જીભને ખર આવે (ફાત્રા પડે) છે તે ઉપર**:–ચંબેલીની ભાજીનો રસ પાવો. (૨) **દાદર અને ચાંદીઓ ઉપર**:–ચંબેલીનાં મૂળ ઘસી ચોપડવાં. (૩) **જખમ ઉપર**:–ચંબેલીની ભાજીની થેપલી કરી જખમ ઉપર બાંધવી. (૪) **કર્ણશૂળ ઉપર**:–તલના તેલમાં ચંબેલીનાં પાંદડાંનો અંગરસ નાખી તે તેલ સારૂં કઢવવું અને સર્વ રસ બાળી નાખવો. એ પ્રમાણે છ સાત પુટો દઇ તેલ તૈયાર કરી રાખવું. એ તેલ કાનમાં નાખવું એટલે તાકીદે ફાયદો થાય છે. (૫) **ઓકારી (ઉલટી) ઉપર**:–ચંબેલીનાં પાંદડાંનો અંગરસ કાઢી તેમાં મરી અને લીંડીપીંપરનું ચૂર્ણ સાકરની ભૂકી નાખી આપવું. (૬) **જીર્ણજ્વરાદિ તીવ્રજ્વરો ઉપર**:–દૂધમાં જાઇનાં (ચંબેલીનાં) મૂળોનો કાઢો કરી પાવો. (૭) **ઉપદંશ ઉપર**:--ચંબેલીની કુમળી ભાજીનો રસ ૨ તોલા, ગાયનું ઘી ૨ તોલા અને કિંચિત્ રાળ નાખી પ્રાતઃકાળે સેવન કરવું; એટલે છ પ્રકારના ઉપદંશનો નાશ થાય છે. એ ઉપર ધઉં અને ઘીનું પથ્ય કરવું. (૮) **મુખપાક ઉપર**:--ચંબેલીની ભાજી ચાવવી અથવા ચંબેલીની ભાજી, દારુહળદર તથા ત્રિફળાનો કાઢો કરી તેના કોગળા કરવા; એટલે ત્વરિત ગુણ આવે છે.

૨૨૮ ચારોળીનું ઝાડ–સં૦ ચાર, રાજાદન. હિં૦ ચિરોજી. મા૦ ચારોળી. ક૦ મોરાંપ્ય, મોરવે, મોરટી, ચાર્વાલ. તા૦ કારપ્પારૂકકુ–પ્યુ. મલા૦ મુરળ. તૈ૦ ચારૂપપ્પુ, ચારુમામિંડી. ફા૦ બુકલેખાજા. અ૦ હબુસ્માના. લા૦ બુચેનેનિયાલેટીફોલિયા.

ચારોળીનું ઝાડ મોટું થાય છે. કોંકણ, નાગપુર અને મલબાર પ્રાંતમાં એનાં ઝાડ ઘણાં થાય છે. એનાં પાંદડાં લાંબાં હોય છે અને તે મહુડાંનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે. તેનાં પત્રાળાં કરે છે. એની છાયા ઘણી ઠંડી છે. એનું લાકડું ઈમારતના કામમા આવતું નથી. એ ઝાડને નાનાં ફળો આવે છે. તેમાં તુવેર જેવડા રાતા રંગના દાણા હોય છે. તેને ચારોળી કહે છે. ચારોળી મીઠાઇમાં અને પકવાન્નોમાં નાખે છે. ચારોળીનું તેલ નીકળે છે. તે બદામના તેલ જેવું ઠંડું છે. ચારોળીનાં પાકાં ફળોનો રંગ જાંબુડો હોય છે, એ ફળો સ્વાદે મધુર લાગે છે. **ચારોળીના ઝાડનાં ફળ**:--તુરાં અને રક્તરોગ, કફ તથા પિત્તનો નાશ કરનાર છે. **ચારોળીના ઝાડની મજ્જા**:--મધુર, વૃષ્ય, સ્નિગ્ધ, શીતળ, મલસ્તંભક, આમવર્ધક, દુર્જર, હૃદ્ય, શુક્લ તથા વાતપિત્તનાશક છે. **ચારોળી**:--મધુર, વૃષ્ય, ખાટી, ગુરુ,સારક, મલસ્તંભક, સ્નિગ્ધ, શીતળ, ધાતુવર્ધક, કફકારક, દુર્જર, બલકારક તથા પ્રિય છે; અને વાત, પિત્ત, દાહ, તાવ, તૃષા,ક્ષતરોગ રક્તદોષ તથા ક્ષતક્ષયનો નાશ કરે છે. **ફળ માંહેના ગોળા**:–મધુર તથા વૃષ્ય છે; અને દાહ તથા પિત્તનો નાશ કરે છે. **ચારોળીનું તેલ**:—મધુર, જડ, કિંચિત્ ઉષ્ણ, કફકારક અને પિત્ત તથા વાતનો નાશ કરનારૂં છે. **ઉપયોગ (૧) રક્તાતિસાર ઉપર**:--ચારોળીના ઝાડની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી. (૨) **શીતપિત્ત ઉપર**:—ચારોળી દૂધમાં વાટી શરીરે ચોપડવી.

૨૨૯ ચાંબેલ—(સં૦ મહાયમલ પત્રક) ચાંબેલનાં ઝાડ કોંકણ પ્રાંતમાં થાય છે. એનાં પાંદડાં કાંચનારનાં પાંદડાં જેવાં હોઇને તે માહુલીનાં પાંદડાં જેવડાં મોટાં થાય છે. એની પત્રાળી થાય છે. ચાંબેલનું લાકડું ઈમારતના કામમાં સાધારણ ઉપયોગી છે.

૨૩૦ ચિકુ--એ ઝાડ મોટાં થાય છે. એને બાગમાં વાવે છે. એ ઝાડનાં પાંદડાં બોલસરીનાં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પાંદડાં જેવાં લાંબાં હોય છે. આ ઝાડ ઉપર અંજીર જેવાં ફળો આવે છે. એનો રંગ રાતો તપખીરીઓ હોય છે. એ ફળ મીઠાં અને પુષ્ટિકારક છે. એનો સાહેબ લોકોમાં વધારે ઉપયોગ થાય છે. **ઉપયોગઃ—(૧) ધાતુપુષ્ટિમાટે અને પેશાબના દુખાવા ઉપરઃ**—ચિકુનાં ફળો સાકર સાથે સેવન કરવાં.

૨૩૧ ચિટમિટકો—કર્ણાટક પ્રાંતમાં ચિટમિટકો નામનું એક નાનું ઝાડ થાય છે. એની ઉંચાઇ બે હાથ હોય છે. તેને ગોળ ચણીબોર (જંગલી બોર) જેવડાં ફળો આવે છે. તે ખાટાં હોય છે. તેનાં રાયતાં અને શાક કરી ખાય છે. તે દેશના લોક એને મહાન પવિત્ર માને છે. એનાં ફૂલનો રંગ રાતો હોય છે. બીજા પ્રાંતોમાં પણ એ ઝાડ થાય છે.

૨૩૨ ચિત્રક (ચિત્રો)—સં૦ ચિત્રક. મ૦ ચિત્રક. હિં૦ ચીત્તા, ચિતરક, ચિત્રક. બં૦ ચિતેગાછ. ક૦ ચિત્રમૂળ. તે૦ ચિત્રમુલમુ. તા૦ કાંદિવેલ્લ. તુ૦ બોલડુ, ચિત્રમુળ. મલા૦ ટંપકોટુવેલી. ફા૦ બેખબરંદા. અ૦ શિતરજ. લા૦ પ્લંબેગોઝિલે.

એ ત્રણ ચાર ફુટની ઉંચાઇવાળો નાનો છોડવો થાય છે. હિંદુસ્તાનમાં બધી જગ્યાએ તે પોતાની મેળે ઉગે છે. એ ઝાડને જે ડાળીઓ ફુટે છે તેમાં ફુંખળી હોય છે. એનાં પાંદડાંનું શાક થાય છે. એ પાંદડાં જાડાશ પડતાં દળદાર હોય છે. એનાં પાંદડાંનો નિયમ હોતો નથી. કેટલાક ઠેકાણે તે સામસામાં હોય છે. કવચિત્ એક એકના આંતરે આવે છે અને કયાંક તો વેલાની માફક ત્રિદળ હોય છે. પાંદડાંનું દીંટડું તદ્દન નાનું હોય છે. ચિત્રકમાં ફૂલની રાતી અને ધોળી એવી બે જાતિ છે. બન્નેમાં ફરક માત્ર એટલોજ કે સફેદનાં ફૂલો અને પાંદડાંનું દીંટડું સફેદ (ધોળું) હોય છે અને રાતાનું રાતું હોય છે. બાકી પાંદડાં વગેરે સરખાંજ હોય છે. ચિત્રકના પત્રદંડ ઉપર ઝીણા ઝીણા રેષા હોય છે; અને તેથી દાંડી કાંઇક પીળાશ પડતી દેખાય છે. એને જાઇના ફૂલ જેવા ફૂલોના ઝુમખા આવે છે. ફૂલનું દીંટડું લાંબું હોઇ તેને લંબદાર પુષ્પકોણ હોય છે. કેટલાક ગ્રંથોમાં કિરમજી, ધુંસરા, કાળા અને પીળા રંગનાં ફૂલનો પણ ઉલ્લેખ દેખાય છે; પરંતુ તે જાતો મળવી મુશ્કેલ છે. ધોળાં અને રાતાં ફૂલની જાતો તો સર્વત્ર મળે છે. એ બંનેમાંથી રાતાં ફૂલની જાત ગુણમાં શ્રેષ્ઠ છે. કાળા ચિત્રકના એવા ગુણો લખેલા છે કે તે ખાવાથી વાળ કાળા થાય છે. ગાયને ઝાડનો વાસ આવવાથી અથવા તેનાં મૂળ દૂધમાં નાખવાથી દૂધ કાળું થાય છે. *અંગ્રેજીમાં રાતા ચિત્રકને "પ્લંબાગો રોઝિયા" કહે છે; અને અંગ્રેજી ઉદ્ભિજ-શાસ્ત્રજ્ઞોએ એને "પ્લંબાજેનેશી" વર્ગમાં ગણેલ છે.

ચિત્રકની અગર ચિત્રકના મૂળની લીલી છાલ પાણીમાં ઘસીને અગર વાટીને શરીરે ચોપડવાથી ચામડી બળી જાય છે; અર્થાત્ એની અને એના મૂળની છાલમાં પ્લાસ્તર પ્રમાણે દાહયુક્ત સોજો અને ફોડલો ઉત્પન્ન કરવાનો ગુણ છે. એ ગુણ એનામાં હોવાથી એને અનલ, વહ્નિ, પાવક વગેરે એકંદર અગ્નિનાં પર્યાયવાચક અર્થવાળાં નામો આપેલ છે. ડૉ૦ ઓશૉનેસીએ ચિત્રકના મૂળની છાલની ભૂકી કરી તે પાણીમાં કાલવીને તેમાં થોડો ચોખાનો અથવા ઘઉંનો લોટ મેળવી તેની થેપલી કરી પ્લાસ્તરની માફક વાપરેલ છે. ચિત્રકના મૂળમાંથી "પ્લંબાજીન" નામનો એક રાળ જેવો સત્ત્વ નીકળે છે. તે પાણીમાં પીગળે છે. ચિત્રકના મૂળની છાલ વાટી ગુમડા ઉપર ચોપડી હોય તો ગુમડું જલદી ફુટે છે. રાતા ચિત્રકના મૂળના અંગે દાહક ગુણ હોવાથી, તે ગર્ભાશયના મુખમાં પ્રવેશ કરેલ હોય તો ગર્ભપાત થાય છે. ડૉ ઉદયચંદ્ર દત્તે એનો બીજો એક મહત્ત્વનો ઉપયોગ મળ્યાનું લખેલ છે. એક વિવાહિતા સ્ત્રીને એકાએક ગર્ભપાત થઇ ઘણોજ રક્તસ્રાવ થતાં તેને ઇસ્પીતાલમાં લઇ જવામાં આવી. તે વખતે તેના બસ્તીમાં અતિશય વેદના થતી હતી. યોનિમાર્ગથી પરૂનો સ્રાવ થતો હતો અને શરીરમાં જોરદાર તાવ હતો. આ બાઇની તપાસણી કરતાં તેના યોનિમાર્ગમાંથી રાતા ચિત્રકના મૂળનો કકડો તેની આજુબાજુએ નાની સરખી

* એક ગોરજીના હસ્તાક્ષરે લખેલ ગ્રંથમાં લખ્યું છે કેઃ-"કાળો ચિત્રક એ સિદ્ધાની ઔષાધ છે. મહાત્માઓ એના રસમાં ચોખા રાંધી માત્ર એકજ વખતે જમે છે. આથી તેમને છ મહિના સુધી અનાજ લેવું પડતું નથી. વળી એ જડા સુવર્ણસિદ્ધિરૂપ રસાયન પ્રયોગમાં સર્વોપરિ છે."

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ચેંદરડી વીંટાળેલો નજરે પડયો. ચોકસી કરતાં માલમ પડયું કે ગર્ભપાત થયા પછી થનારો રક્ત-સ્રાવ બંધ કરવાને માટે તે મૂળ સૂયાણીએ ગર્ભાશયમાં પ્રવેશ કરાવેલ હતું. રાતા ચિત્રકના મૂળ-નું ચૂર્ણ પેટમાં જવાથી જીવતા અથવા મરેલા ગર્ભનું પતન (પડવું) થાય છે; ચિત્રકનું મૂળ વધારે પ્રમાણમાં આપવાથી ઝેરના જેવું પરિણામ કરે છે; એટલે એનો ઝેરી ઔષધોમાં સમાવેશ થાય છે.ચિત્રક,વાવડીંગ અને નાગરમોથ આ ત્રણે ઔષધોના સમૂહને 'ત્રિમદ' એવું નામ આપેલ છે.એનો ઉપયોગ અનેક ઔષધોમાં ભૂખ લાગવાને માટે અને શરીરમાં સ્ફૂર્તિ આવવાને માટે તેમજ અ-જીર્ણ (અપચો) આદિ દૂર કરવા માટે કરાય છે. ઉપરનાં અનેક ઔષધોમાં આનો ઉપયોગ સાંભ-ળ્યો છે. ડૉ૦ હૉર્સફીલ્ડ લખે છે કે જાવા બેટમાં માણસો ચિત્રકનાં મૂળો પ્લાસ્ટરના કામમાં વાપરે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં ગરમીના યોગથી શરીર ઉપર ફોડલા થઈ તે ફુટી ચાઠાં પડે છે; તેના ઉપર અને કોઢ ઉપર ચિત્રકનાં મૂળોનો ઉપયોગ ઘણોજ કરે છે. એનાં લીલાં મૂળમાંથી દૂધ જેવો રસ નીકળે છે. તે અભિષ્યંદ નામના નેત્રરોગમાં (આંખો દુખવા આવે છે તેમાં) ગુણ-કારી છે. સતત (ઇન્ટરમિટેન્ટ) એકાંતરીઆ તાવમાં એના મૂળનો સારો ઉપયોગ થાય છે. એમાં પરસેવો લાવવાનો ગુણ છે. ડૉકટર ઓસવૉલ્ડે જાતેજ અનુભવ કરીને એના જ્વરનો નાશ કરવાના ગુણની પ્રશંસા કરેલી છે. અરબી ભાષામાં '+શિતરજ' એ નામ છે; તે '**चित्रक**' આ સંસ્કૃત શબ્દનો અપભ્રંશ થઇ બનેલ હોય એમ જણાય છે. ચિત્રકના જે ગુણો આર્યવૈદ્યકમાં જોવામાં આવે છે તે યૂનાની વૈદોને (હકીમોને) પણ તેવાજ માન્ય છે. કફવિકાર, બરોળ, સંધિવા વગેરે રોગ ઉપર હકીમો એને ગુણકારી માને છે. એના પાચક અને ગર્ભપાત કરનારા ગુણો પણ તેમને માલમ છે. કોઢ અને ચામડીના જૂના રોગો ઉપર દૂધ અને સરકામાં અથવા પાણી અને મીઠા સાથે ચિત્રકના મૂળનો લેપ ફોડા ઉઠતાં સુધી ચોપડી રાખવો. સંધિવાત વગેરે વાયુના વિકારો ઉપર ૧૫-૨૦ મિનિટ સુધી સદરહુ લેપ ચોપડી રાખવો. આ વિધિ એક યૂનાની ગ્રંથમાં લખ્યો છે.

चित्रकः—પાચક, રુક્ષ, લઘુ, અગ્નિદીપક, પાકકાળે તીખો, ગ્રાહક, કડવો, ઉષ્ણ, રુચિકર, રસાયન તથા અગ્નિ જેવો પરાક્રમી છે; અને સોજો, કોઢ, અર્શ, ઉધરસ, કૃમિ, વાતોદર, કંડૂ, યકૃત્, સંગ્રહણી, આમ, ક્ષય તથા ઉદરરોગનો નાશ કરે છે. એ તીખો છે એટલે કફનો, કડવો છે એટલે પિત્તનો અને ઉષ્ણ છે તેથી વાયુનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ખસ ઉપરઃ—** ચિત્રકનાં મૂળોની છાલ બારીક વાટી માખણમાં કાલવી, તેનો ગોળો એક કથરોટમાં મૂકી પછી તે કથ-રોટ તાપમાં વાંકી કરી રાખવી; એટલે ઘી ઓગળી નીચે નીતરશે. તે ઘી ખસ ઉપર ચોપડવાથી ખસ જાય છે તેમજ એથી દાદર પણ જાય છે. **(૨) સ્તન, કર્ણ કિંવા બીજે ઠેકાણે સોજો આવી ગાંઠ થાય છે તે ઉપરઃ**—ચિત્રકનાં મૂળ, પાણીમાં ઘસી લેપ કરવો. **(૩) સર્પદંશ ઉપરઃ**—ચિત્રકનાં મૂળ, કાળીવેલીના કાંદા અને બોખાડાનાં મૂળ એ સર્વ એકત્ર ઘસી થોડા થોડા સમયના અંતરે ત્રણ વાર પાવાં; અને વિષ ચઢેલા માણસને છાણની ઉપર બેસાડી અંગ ઉપર ઠંડા પાણીની ધાર કરવી, એટલે બે પ્રહરમાં વિષ ઉતરશે. એનો ઉતાર ઘી અર્ધો શેર પાવું. **(૪) ઉંદરના વિષ ઉપરઃ**—ચિત્રકનાં મૂળોનું ચૂર્ણ તેલમાં પાચન કરવું; અને તે ચૂર્ણ શસ્ત્રવડે બ્રહ્મરંધ્ર ઉપર કિંચિત્ ક્ષત કરી તે ઉપર ચોળવું. **(૫) સર્વ પ્રકારના ઉદરરોગ ઉપરઃ**—ચિત્રકનાં મૂળ અને દેવદાર એનો કલ્ક દૂધમાં આપવો. **(૬) બદ ઉપરઃ**—ચિત્રકનાં મૂળ લીમડાના રસમાં ઘસી ચોપડવાં. **(૭) ખસ ઉપરઃ**—ચિત્રકનાં મૂળીઆં ખાંડી તેનો રસ નાળીએરના રસમાં નાખી તેલ કાઢવું અને ઉપર ચોપડવું.**(૮) चित्रकघृतः**—ચિત્રકનો કાઢો અને કલ્ક એમાં સિદ્ધ કરેલું ઘી સેવન કરવાથી ગુલ્મ, સોજો, ઉદર, પ્લીહા, શૂળ, મૂળવ્યાધિ અને સંગ્રહણીનો નાશ થાય છે. **(૯) પાંડુરોગ ઉપરઃ**—ચિત્રકના ચૂર્ણને આમળાંના કાઢાની ત્રણ ભાવનાઓ આપવી, પછી તે ગાયના ઘીમાં રાત્રે લેતા જવું. **(૧૦) નાકમાંથી લોહી પડે છે તે**

+અરબીમાં **च** ન હોવાથી તેનો 'શ' તેમજ **क** અને **ग** ના બદલે 'જ' થતો હોવાથી **चतुरंग** ઉપ-રથી **चेतरंग** થઇ "શેતરંજ" થયો છે; તેવીજ આ શબ્દની પણ ઉત્પત્તિ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપરઃ--ચિત્રકનું ચૂર્ણ મધ સાથે આપવું. (૧૧) **મંદલ કોઢ ઉપરઃ**--ચિત્રકના મૂળનો લેપ કરવો. પછી નગોડનાં બીઆંનો લેપ કરવો. (૧૨) **તણખીઆ પ્રમેહ ઉપરઃ**--ચિત્રકનું ચૂર્ણ તલના તેલમાં આપવું; નિદ્રા આવવા માટે ગોળમાં; અજીર્ણ, સંગ્રહણી, અતિસાર એ ઉપર છાશના પાણી સાથે પાવું. (૧૩) **કંડૂ (ખરજ) ઉપરઃ**--ચિત્રકનાં મૂળનો કાઢો કરી પાવો. (૧૪) **યકૃત્ અને પ્લીહોદર ઉપરઃ**--ચિત્રકનો ક્ષાર કાઢી પાવો. (ક્ષાર કાઢવાની રીતિ અધેડાના વર્ણનમાં આપેલી છે.) (૧૫) **મૂળવ્યાધિ ઉપરઃ**--ચિત્રક, ટંકણખાર, હળદર અને ગોળ સમભાગે લઈ વાટી લેપ કરવો. (૧૬) **મૂળવ્યાધિ ઉપરઃ**--ચિત્રકના મૂળની છાલ વાટી તેનો અથવા ચિત્રકનાં મૂળીઆંના ચૂર્ણનો એક કોરા માટલાની અંદર લેપ કરી તેમાં રાત્રે દૂધ જમાવવું અને સવારે તે દહીં ખાવું. એ પ્રમાણે કેટલાક દિવસ કરવાથી મૂળવ્યાધિનો નાશ થાય છે. (૧૭) **અજીર્ણ ઉપરઃ**--ચિત્રકમૂળ, સિંધાલુણ, હરડે અને લીંડીપીપર એ સમાનભાગે લઈ ચૂર્ણ કરી દર વખતે શુમારે ૩ થી ૬ માસાસુધી ઉના પાણી સાથે આપવું. એટલે અજીર્ણ નાશ થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે. (૧૮) **વાતવ્યાધિ ઉપરઃ**—ચિત્રક, ઇન્દ્રજવ, પહાડમૂળ, કડુ, અતિવિષ અને હરડે એ જણસો સમભાગે લઇ તેનું ચૂર્ણ કરીને દરેક વખતે ૩-૪ માસા પ્રમાણે આપવું. એ વાતવ્યાધિ ઉપર ઘણું પ્રશસ્ત છે. આને સુશ્રુતે 'ષડ્વરણ યોગ' નામ આપેલું છે.

૨૩૩ **ચિમડ**—સં૦ અરણ્યકુલિત્થકા મ૦ ઈવળા, રાનકુળીથ, રાનહુલગે. હિં૦ બં૦ બનેકુલથી. ક૦ કણ્ણકુટકીનબીજ. ફા૦ ચષ્મક. અ૦ ચશ્મિઝજ; તશ્મિજ. ઇં૦ ફોરલીવ્હડકેશીઆ લા૦ કેસીઆ એબ્સસ્.

ચિમડ ગુજરાતમાં પ્રસિદ્ધ છે. એનાં ઝાડ કાસંદરા જેવાં હોય છે. એનાં બી કાળાં અને ચપટાં હોય છે. એ પૌષ્ટિક છે. **ઉપયોગઃ-(૧) આંખો આવે છે તે ઉપરઃ**-ચિમડનું મગજ વાટી તેનું અંજન કરવું.

૨૩૪ **ચિભડું**-સં૦ ચિર્ભટિકા. મ૦ શેંદાડ, ચિભુડ. હિં૦ ગોરખકકડી ક૦ અરમેકકે, હિરિમેકકે, દોહ્રમેકકે, અડિકેબાળે, પચ્ચેકાંઇગિડ.તૈ૦ બુરરંગપંડુ. તા૦ તુમ્મટીકાય. તુ૦ અડકાબારે. ઇં૦ પ્યુબીસેન્ટ, કકુંબર. લા૦ કયુકયુમિસ્ પ્યુબીસેન્સ, કયુકયુમસ્ ટ્રાઇગોનસ્.

ચિભડાના વેલા કાકડીના વેલા જેવાજ હોય છે. એમાં 'ગોળ' અને 'લાંબાં' એવી બે જાત છે. પાકેલાં ચીભડાં ખાવાના ઉપયોગમાં આવે છે. એ વાતુલ છે; પરંતુ તંબાકુ પીનારને ઘણાં હિતાવહ છે. **ચિભડું**:-શીતળ, ગ્રાહક, ગુરુ, મધુર અનેમલસ્તંભક છે; તથા પિત્ત, મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, દાહ, પ્રમેહ, વાયુ અને શોષનો નાશ કરે છે. તે કુમળું હોય ત્યારે વાતકર છે અને કફ,પિત્તનું નાશક છે; તથા પાકેલું પિત્તકર તથા ઉષ્ણ છે. **ઉપયોગઃ-(૧) પથરી ઉપરઃ**-ચિભડાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પ્રાતઃકાળે એકવાર એ પ્રમાણે ૭ દિવસ પાવાં.

૨૩૫ **ચિરબોટ**-ચિરબોટનાં ઝાડ હાથ દોઢ હાથ ઉંચાં થાય છે. એ મૃગશિર નક્ષત્રનો વરસાદ પડવા માંડે એટલે વગડામાં, ડુંગરોમાં, મેદાનમાં અને પહાડી જમીનમાં ચારે તરફ થાય છે. કોંકણમાં એ ઘણાં થાય છે. એને નાનાં ફળો થાય છે. તે ખટમીઠાં લાગે છે.

૨૩૬ **ચીણો**-સં૦ કંગુ.મ૦ રાળા,રાળે. હિં૦ ચીના, ચૈના. બં૦ ચિને. ક૦ ચીનક.ફા૦ ઉરજાન. અ૦ બારેગા. ઇં૦ મીલેટ. લા૦ પેનિકં-મિલિયેરી.

આ ધાન્ય સામો, કાંગ એ જાતિનું છે. ગામડાના ગરીબ લોકો ચીણા ઉપર નિર્વાહ કરે છે. વરીની (મોરીઆની) સળીઓ જેવી એની પણ સળીઓ થાય છે. એનાં કણસલાં નાનાં હોય છે. એ ધાન્યના ભાત વગેરે પદાર્થો કરે છે. ચીણાનો ભાત દૂધમાં સારો લાગે છે. ચીણાના ગુણ કાંગના જેવાજ છે. **ઉપયોગઃ-(૧) અતિસાર ઉપરઃ**—ચીણાના ચોખા શેકી તેનો લોટ કરી તે લોટ છાશમાં નાખી ખાવો.

૨૩૭ +**ચિત્રો**--(સં૦ ચિત્રા. મ૦ કવંડળ) ચિત્રાના વેલા થાય છે. એ વેલા ઉપર જે ફળ

+ચિત્રકનું સંસ્કૃત નામ પણ ચિત્રો છે; તેમ આ કંવડળનું પણ સંસ્કૃત નામ ચિત્રો (**चित्रा**) હોવાનું શ્રીમાન પદેજએ સ્વીકારેલું જણાય છે; પરંતુ એ બે પ્રકારના ચિત્રા હોવાનું તજવીજ કરતાં જણાતું નથી;

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આવે છે, તેનો રંગ પ્રથમ લીલો હોય છે; પણ તે પાકે એટલે તેનો સુશોભિત રાતો રંગ થાય છે. એ ફળ ઘણાંજ કડવાં છે; શોભા માટે એ ફળ દેવની પાછળ બાંધી રાખે છે. ચિત્રાના ગુણ ઇંદ્રવરણા જેવા છે. **ઉપયોગઃ—(૧) કંઠસર્પ વગેરે કંઠરોગ ઉપરઃ**-ચિત્રાનાં ફળની છાલ દિવસ ૩ ચલમમાં નાખી પાવી. **(૨) કફ પાતળો થવા માટેઃ**—ચિત્રાનાં ફળની છાલ ચલમમાં નાખી પીવી, એથી ઉલટી થઇ કફ પાતળો થાય છે. **(૩) પાઠાં (કાળપુળી) ઉપરઃ**—ચિત્રાનાં મૂળ અને કડવી વૃંદાવનીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી વારંવાર લેપ કરવો. **(૪) પ્રમેહ ઉપરઃ**—ચિત્રો, ત્રિફળાં અને હળદરનો કવાથ કરી મધ નાખી આપવો. **(૫) અંડવૃદ્ધિ ઉપરઃ**—લઘુ ચિત્રાનાં મૂળનું ચૂર્ણ એરંડતેલમાં ખરલ કરી દિવસમાં બે-ત્રણ વાર ચોપડવું; અને તેજ ચૂર્ણ બે માસા પ્રમાણે સવાર-સાંજ ગાયના દૂધમાં લેવું. આથી ત્રણ દિવસમાં ગુણ આવે છે. **(૬) સ્તનરોગ ઉપરઃ**—ચિત્રાનાં મૂળનો લેપ કરવો. **(૭) ખસ ઉપરઃ**—સૂકાયલા ચિત્રાને બાળી તેની કાળી રાખ કરી તલના તેલમાં ખરલ કરી ચોપડવી.

૨૩૮ ચુકો—સં૦ ચુક્ર. મ૦ હિં૦ ચુકા. ક૦ હુલિચકોત. બં૦ ચુકાપાલડ. ફા૦ તુરશકબડા. અ૦ હુમાજમુકલે. ઇં૦ બ્લેડરડાક. લા૦ રૂમેકસ વેસિકેરિપસ્.

ચુકાનાં ઝાડ વેંત-દોઢ વેંત વધે છે. દક્ષિણમાં અને ગુજરાતમાં આ ભાજીનો ઘણોજ પાક થાય છે. આ ભાજીનાં પાંદડાં કાંઇક જાડાં હોય છે. એને ઝીણાં ધોળાં ફૂલો આવે છે. એ ભાજી બારમાસી થાય છે. ચુકાનું શાક કરે છે. એમાં ચણાની દાળ અગર બીજી કોઇ ભેળવણીથી તે શાક સારૂં થાય છે. **ચુકોઃ**- અગ્નિદીપક, ઉષ્ણ, રુચિકર, લઘુ, પિત્તલ, સારક, પથ્યકર, મીઠો તથા અતિ ખાટો છે; અને શૂળ, ગુલ્મ, અગ્નિમાંદ્ય, હૃદયપીડા, બદ્ધવિટ્કતા, આમવાત, તૃષ્ણા, ઉલટી, કફ, વાત, ગુલ્મ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) કેડ, ઉરૂ,(જંઘા) પીઠ, કરોડ, એ સંબંધી વાયુ, ગુલ્મ, શૂળ, ગૃધ્રસી, ઉદાવર્ત, ખલ્લી, હનુગ્રહ વગેરે રોગો ઉપરઃ**— ચુકાના રસમાં ગોળ નાખી આપવો. **(૨) ચાંગેરી ઘૃત (ઘી) ગુદભ્રંશ ઉપરઃ**—ચુકો, બોર, દહીં, જવખાર અને સુંઠ, એના કાઢામાં ઘી નાખી પચન કરવું અને તે ખાવા આપવું. **(૩) બીજો પ્રકારઃ**—લીંડીપીપર, પીપળીમૂળ, ચવક, સુંઠ, ચિત્રક, અજમો, ધાણા, પહાડમૂળ, (કાળીપાટ) કાચી બીલી તથા દેવદારનો કલ્ક કરી ચુકાનો રસ તથા દહીં એ ઘીથી આઠગણું લઇ તેમાં ઘ નાખી સિદ્ધ કરવું. એ ઘી મૂત્રકૃચ્છ્ર, મૂળવ્યાધિ, સંગ્રહણી, કફ, વાયુ અને ગુદારોગ ઉપર હિતકારક છે. **(૪) ધંતુરાના વિષ ઉપરઃ**—ચુકાનો રસ કાઢી પાવો આ રસથી તૃષા શાંત થાય છે. ભૂખ લાગે છે અને શરીરમાં ઠંડક થાય છે. **(૫) માથું અતિશય દુખે છે તે ઉપરઃ**—ચુકાનો અને કાંદા (ડુંગળી) નો રસ એકત્ર કરી મસ્તક ઉપર લેપ કરવો.

૨૩૯ ચેર—એ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં કાંડોળીનાં અથવા એરંડાનાં પાંદડાં જેવાં મોટાં હોય છે. એ ઝાડ કોંકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે. એનું લાકડું સાધારણ કામમાં આવે છે. **ઉપયોગઃ—(૧) અતિસાર ઉપરઃ**—ચેરની છાલનો રસ ૨ તોલા દહીંમાં મિશ્ર કરી તેમાં અર્ધો તોલો વરી (મોરીઆ)નો લોટ મેળવી તે મિશ્રણ તુરત ખાવું.

૨૪૦ ચોધારી—આ ઝાડ શુમારે હાથેક ઉંચું વધે છે. એને ચોધારી કાંડવેલ જેવી ચ૨ ધારાઓ હોય છે. એનું શાક થાય છે. એ પાકા ઝાડનો રંગ રાતો હોય છે. એ ઝાડ ઘણું કરીને

એટલુંજ નહિ પણ નિઘંટમાંથી પણ એવી સાબીતી મળી આવતી નથી; તોપણ શ્રીમાન પટેજીએ પોતાના "બૃહન્નિઘંટ" ગ્રંથમાં નં ૨૧, ૨૨ વાળી બન્ને ઈન્દ્રવારુણીનાં નામો બતાવતાં તેનું કોકણી ભાષાનું 'કંવડળ' નામ આપેલું છે. વળી અહીં આ ચિત્રાના ગુણ ઈન્દ્રવરણા જેવા હોવાનું બતાવે છે. એથી આ "લઘુ ઈન્દ્રવારુણી" કે જેને લૌકિકમાં "ખારી કોઠીંબી"ના નામથી ઓળખે છે અને જેનો વિશેષ વિચાર અમે આગળ ઇન્દ્રવરણાના વર્ણન સાથે ટીપમાં આપ્યો છે; તેજ હોવાનું અમારૂં અનુમાન છે. માત્ર અહીં નં. ૨૩૨ માંમાં વર્ણન કરેલ ચિત્રકજ ખરો ચિત્રો છે એ નિર્વિવાદ છે; અને આ વનસ્પતિનુ નામ 'ચિત્રો' કોઇ રીતે સાબીત રહેતું નથી. માત્ર મહેન્દ્રવારુણીનું નામ નરહરિ પંડિતે પોતાના રાજનિઘંટમાં **चित्रफला** આપેલ હોવાથી શ્રીમાન પટેજીએ આ કંવડળનું નામ **सं० चित्रफला** ને બદલે **सं० चित्रा** આપ્યું હોય એમ લાગે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ખાનદેશમાં થાય છે, **ઉપયોગઃ--(૧) ચોથીઆ તાવ ઉપરઃ**-ચોધારીનો કાઢો પીવો.

૨૪૧ ચોપચિની-સં૦ વ્યાધિનાશન. મ૦ હિં૦ ચોપચિની. બં૦ તોપચિની. ફા૦ અ૦ એવન. ફિ૦ ચક્કા. યુના૦ ખાસિલિયર આશસિની. ઇં૦ ચઇનારૂટ. લા૦ સ્માઇલોકસ ચાઇના.

ચોપચિનીના વેલા ચીન, બ્રહ્મદેશ અને ગ્યારો પર્વતના પ્રદેશમાં થાય છે. ચોપચિનીના કંદનો ઔષધમાં ઉપયોગ થાય છે. ગરમીના રોગ ઉપર ચોપચિની એ ઉત્તમ ઔષધ છે. ધોળા **ગુલબાસીનું** કંદ પણ ચોપચિનીના ગુણ જેવાજ ગુણવાળું છે. **ચોપચિનીઃ**—કડવી, ઉષ્ણ, અગ્નિદીપક, ધાતુવર્ધક, બલકર, મળ અને મૂત્રનું શોધન કરનારી, તારુણ્યદાયક, પુષ્ટિકર, વૃષ્ય, રસાયન તથા ગર્ભપ્રદ છે; અને બદ્ધવિટ્કતા, આધ્માન, ઉન્માદ, વાયુ, શૂળ, અપસ્માર, ધાતુક્ષય, અંગગ્રહ, ફિરંગોપદંશ, અગ્નિમાંદ્ય, કટિગ્રહ, પક્ષાઘાત, ઉરસ્તંભ, ક્ષય, વ્રણ, ગંડમાળ, નેત્રરોગ, શુક્ર અને શોણિત (લોહી)ના દોષ, સર્વાંગ વાયુ, કંપવાત અને કુબ્જવાતનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) શરીરમાં ભરેલી ગરમી ઉપર ચોપચિનીનું ચૂર્ણઃ**—ચોપચિની ૧૬ તોલા, ખાંડ, ૪ તોલા, લીંડીપીપર, પીપળીમૂળ, મરી, લવંગ, અક્કલકરો, ખુરાસાની અજમો, સુંઠ, વાવડીંગ અને તજ એ એકેક તોલો લઇ ચૂર્ણ કરી તેમાંનું ૬ માસા ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; એટલે ઉપદંશ રોગ, ઉપદંશના પરિણામી દોષ (ચામડીના રોગ, સંધિવાત, અસ્થિશોષ અને શૂલાદિ થાય છે તે), પ્રમેહ, ક્ષીણતા તથા ફિરંગોપદંશનો નાશ કરે છે. **(૨) ચોપચિનીનો પાકઃ**—ચોપચિની ૪૮ તોલા, લીંડીપીપર, પીપળીમૂળ, મરી, સુંઠ, તજ, અક્કલકરો તથા લવંગ એ એકેક તોલો અને તેમાં ચૂર્ણના જેટલી સાકર નાખી એનો પાક કરવો. તેમાંથી એક તોલો સવારે અને એક તોલો સાંજે લેવો, એથી ઉપદંશ, વ્રણ, કોઢ, વાતરોગ, ભગંદર, ક્ષય, કાસ, સળેકમ વગેરે રોગ દૂર થઇ પુષ્ટિ થાય છે.

૨૪૨ ચોળા—સં૦ રાજમાષ, સમ. મ૦ ચવળ્યા. હિં૦ ચવરા, ચોરા, વોડાલોબિયા. અ૦ ફરીકા. ઈં૦ ચાઈનીસ ડ્રોલિકોસ. લા૦ ડોલિકોસસિનેંસીસી. બં૦ વરવટી કલાય. ક૦ અલસંદે. પં૦ રૈસ.

ચોળાના વેલા હોય છે. એ વેલાને વેંતભર લંબાઈની શીંગો આવે છે. ચોળાના વેલાના ડીંટાનું અને કુમળી શીંગોનું તથા જૂની શીંગોમાંહેના દાણાનું શાક કરે છે. ચોળા-એ ધાન્ય વાતુળ છે. દારચોળા કરીને એક ચોળાની જાત છે. એના છોડ અડદના જેવા થાય છે; ચોળાના જેવુંજ એ ધાન્ય છે. **ચોળાઃ**—સ્વાદુ, રુક્ષ, તુરા, તર્પણ, ગુરુ તથા ગ્રાહક છે; અને વાયુ, કફ, દુગ્ધ તથા વર્ચસને વધારનાર છે; તેમજ શીતળ, પિત્તકારક, વૃષ્ય, સારક, આધ્માનકારક અને શ્રમહારક છે. ચોળા એ ધોળા, કાળા અને રાતા એવા ત્રણ પ્રકારના થાય છે. તેમાં મોટી શીંગોના ચોળા વધારે ગુણવાળા છે. **દારચોળાઃ**—સ્વાદુ, રુચિકારક, તુરા, મધુર, તર્પણ અને સ્તનમાં દૂધ વધારનાર છે. એ તુરા છે માટે મળ, મૂત્ર અને કફને વધારતા નથી.

૨૪૩ જટામાંસી (બાલછડ)—સં૦ જટામાંસી, મ૦ બં૦ ક૦ તૈ૦ મલા૦ જટામાંસી. હિં૦ છડ, તા૦ નામાત્તં, ફા૦ સુમુલ, અ૦ સુવુલુતીવ, ઇં૦ સ્પાઇકાનાર્ડ, નાર્ડોસટેકીસ.

જટામાંસી એ ધાસના જેવી હોય છે અને એનાં ઝાડવાં ઘણું કરીને નદીને કિનારે થાય છે. એ છોડ વેલાની પેઠે જમીન ઉપર પ્રસરે છે એને "જટાંશંકર" પણ કહે છે.

+મખજન અલ અદવિયામાં લખે છે કેઃ-જટામાંસી પેટના વિકાર કાઢનારી, જાગૃતિ લાવનાર, પેશાબ સાફ લાવનાર અને પિત્તને કાઢનારી છે. ફેફસાંની બિમારીમાં તથા જ્ઞાનતંતુઓને બળવાન કરવાને અને હિસ્ટીરીઆના રોગમાં તેને વાપરવાની ભલામણ કરે છે. વળી કહે છે કે એના પ્રયોગથી વાળ લાંબા અને કાળા થાય છે. ડા૦ એન્સ્લી કહે છે કેઃ-જટામાંસીમાંથી માથામાં નાખવાનું તેલ કાઢે છે તથા લોહી સાફ કરવાને તે ખાવામાં પણ અપાય છે. સર વિલ્યમ ઓથ-સાંગનેસી એને બાલછડની બેલેરિયન દવાના બદલામાં આપવાની ભલામણ કરે છે. ચરકસંહિતામાં એને ચેતના સ્થાપન કરનાર તથા ઉન્માદ, અપસ્માર તથા વાયુના વિકાર ઉપર અકસીર દવા કહી છે. સુશ્રુતસંહિતામાં એને વાતકફની હરણકર્તા, વર્ણપ્રસાદન, દુષ્ટ ખુજલીની નાશક અને પીડાશામક વર્ણવેલી છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૨૪૪ જવ--સં૦ યવ. મ૦ ફા૦ જવ. હિં૦ જૌંવ. ક૦ જવગોધી, મુંડજ્યબે. તૈ૦ યવધાન્ય. અ૦ શઈર. ઇં૦ બીઇર-પર્લ, બાર્લી. લા૦ હોર્ડીયમ હેક્સ.

એને મરાઠીમાં 'સાતુ' અને હિંદીમાં સતુવા પણ કહે છે. જવ એ ધાન્ય ઘઉંનીજ એક જાત છે; પરંતુ તે સ્વાદમાં અને આકૃતિમાં ઘઉંના કરતાં કેવળ ભિન્ન છે. એ ધાન્ય ઘણુંજ નીરસ છે. તે ઘણું કરી બળદ, હાથી, ઘોડા અને બીજાં જનાવરોના ખાધામાં આવે છે અને કેટલાક ગરીબ લોક એની રોટલી કરી ખાય છે. મારવાડ અને ગુજરાતના ઘણા ભાગોમાં એનો પાક ઘણો થાય છે. આ ધાન્યને માટે કનિષ્ઠ પ્રતિની જમીન જોઇએ. જવ સશુક, નિઃશુક અને હરિત્ એમ ત્રણ પ્રકારના છે. તેમાં **સશુક જવઃ**—વૃષ્ય, શીત, તુરા, સારક, રૂક્ષ, મેધ્ય, મધુર, વ્રણમાટે હિતકર, અગ્નિવર્ધક, સ્વર્ય, વર્ણ્ય, લેખન, મૂત્રબંધકારક, ગુરુ, મૃદુ, તીખા તથા સ્થૈર્યકર છે; અને મેદ, તૃષા, પિત્ત, વાયુ, કફ, રક્તરોગ, શ્વાસ, કાસ, ચામડીના રોગ, પીનસ, કંઠરોગ, પ્રમેહ તથા ઉરૂસ્તંભનો નાશ કરે છે. એ કરતાં નિઃશુક અલ્પગુણી છે. **ઉપયોગઃ—(૧) તૃષ્ણા, દાહ અને રક્તપિત્ત ઉપરઃ**--શેકેલા જવનો લોટ ઠંડા પાણીમાં ઘણો પાતળો નહિ તેમ ઘણો જાડો પણ નહિ, એવી રીતે કાલવી તેમાં ઘી મેળવી પાવો. **(૨) ગર્ભ સ્થિર થવા માટેઃ**—જવ, તલ અને સાકર, એ સરખે ભાગે લઇ ચૂર્ણ કરી મધમાં ખાવાથી ગર્ભપાતનો ભય સ્ત્રીઓને રહેતો નથી. **(૩) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—જવ બાળી તલના તેલમાં ખરલ કરી લેપ કરવો. **(૪) ધાતુપુષ્ટિ-માટેઃ**—જવનો એક શેર લોટ, એક શેર તાજું ઘી, એક શેર સાકર,તોલાભાર ઘોળાં મરી અને બે તોલા એલચીદાણા, આ સર્વની ભેગી ભૂકી કરી કલઇના વાસણમાં તપાવી પુનેમની રાત્રે ઝાકળમાં રાખવું, પછી રોજ સવારે ૪ કિંવા ૫ તોલા ખાવું અને ઉપર ગાયનું દૂધ એક ઘુંટડો પીવું.**(૫) વિષુચિકા રોગ ઉપરઃ**—જવનું ચૂર્ણ છાશમાં નાખી ઉષ્ણ કરી જવખાર નાખી પાવું. **(૬) જવ-ખારઃ**—(ક્ષાર કાઢવાની રીતથી જવખાર કાઢવો) ૨ થી ૪ વાલ સુધી આપવો. એ શૂળ, ગુલ્મ, યકૃત્ અને પ્લીહા તથા અજીર્ણનો નાશ કરે છે. **(૭) ઉધરસ, દમ અને ક્ષય ઉપર યવક્ષારાદિ ગુટિકાઃ**—જવખાર ૧ તોલો, મરી ૨ તોલા, લીંડીપીપર ૨ તોલા, દાડમની છાલ ૪ તોલા, એ ચીજો ૧૬ તોલા ગોળમાં નાખી અર્ધા અર્ધા માસાની ગોળીઓ કરી આપવી.

૨૪૫ જળજાંબવો—સં૦ હિજજળ. મ૦ પરળ. હિં૦ જલકનેર. ક૦ તોરગેણુગિલે. લા૦ ઇલેટાઇનવર્ટિસિલેટા.

એને 'વાંજુળ' પણ કહે છે. જળજાંબવો એ લવારા જેવો અથવા ભાંગરાની પેઠે ભીનાશમાં થાય છે. એનું દીંટડું રાતું હોય છે. એનાં પાંદડાં ભાંગરાનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. જળજાંબવો એ જહારૂના જેવા ગુણવાળો, તીખો, ઉષ્ણ અને કડવો છે; તથા સોજો; મેદ, પ્રમેહ, કફ, વાયુ, ઉદરરોગ, ભૂતદોષ, કૃમિ, ગ્રહપીડા અને વિષનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) ઢોરનું વિષ ઉતા-રવા માટેઃ**—જળજાંબવાનાં પાંદડાં છાશમાં વાટી પાવાં. **(૨) વાત ગલગંડ ઉપરઃ**—જળ-જાંબવો અને સરગવાનાં બીજ પાણીમાં વાટીને ગરમ કરી તેનો લેપ કરવો. **(૩) આફરા (પેટ ફુલવા) ઉપરઃ**—જળજાંબવો પાણીમાં વાટી પાવો.

૨૪૬ જાનવેલ—આ વેલા ચોમાસામાં ઉગે છે. આ વેલાનાં પાંદડાં લાંબાં હોય છે અને કાંટા હોય તેવા એની કોરને ખાંચા હોય છે. આ વેલ બીજા ઝાડ ઉપર ચઢેલી હોય છે. ઉનાળામાં પાણીના કિનારા ઉપર થનારી વેલજ રહે છે. **ઉપયોગઃ—(૧) ખરજવા ઉપરઃ**--જાનવેલ દૂધમાં વાટી તેનો રસ પાવો; અને જાનવેલની રાખ તેલમાં ખરલ કરી ખરજવા ઉપર ચોપડવી. **(૨) દાદર ઉપરઃ**—જાનવેલનો રસ ચોપડવો. **(૩) ઢોરોના ક્ષતમાં કીડા પડયા હોય તે ઉપરઃ**—જાનવેલનાં પાંદડાંની ધૂણી આપવી.

૨૪૭ જામફળ (જમરૂખ)—(સં૦ બહુબીજ. મ૦ પેરૂ.) એ ઝાડ ઘણું કરીને સર્વ દેશમાં થાય છે; પરંતુ હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ ઘણી છે. એ ઝાડ બે-ત્રણ વર્ષે ફળે છે. એમાં ધોળી અને ગુલાબી એવી બે જાત છે. એ ફળ ઠંડું છે. જામફળનું રાયતું સારૂં થાય છે. ઘણાં જામફળ ખાવાથી તુરતજ તાવ આવે છે. જામફળીના જૂના લાકડાની બંદુકની કસો કરે છે. એ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

લાકડું ઘણું ચીકણું અને કઠણ હોય છે. **ઉપયોગઃ—(૧) પેટમાં કંઇ ઉપદ્રવ થયો હોય તોઃ**—જમફળના ઝાડની કુમળી ભાજી વાટી પાઇ દેવી. **(૨) ભાંગનો નિશો ચઢયો હોય તોઃ—** જમફળ ખાવાં અથવા પાંદડાંનો રસ પાવો. **(૩) ઠંડકને માટે સરબતઃ—**જમફળમાંનાં બીઆં કાઢી નાખી વાટી ગોળો કરવો. તે ગુલાબના પાણીમાં સાકર નાખી પાવું. **(૪) ઢોરોને હારીક લાગે તોઃ—**જમફળની ભાજીનો રસ અર્ધો શેર અને કેળની છાલનો રસ અર્ધો શેર એ બન્ને એકત્ર કરી પાવાં.

૨૪૮ જાયફળ—સં૦ જાતીફળ. મ૦ હિં૦ બં૦ ક૦ મા૦ જાયફળ. તે૦ જાજીકાયા. તા૦ જોડીકાયા. તુ૦ જાજીકાયી. મલા૦ જાતીકામારેં. ફા૦ જોઝેબુવા. અ૦ જોઝઉતી, જોઝઅલતીબ. ઇ૦ નેટમેગ. લા૦ મિરિસ્ટિકાસ્ટિકમ, ઑફીસીનેલીસ-મોસ્કેટો.

(ક) જાવંત્રીઃ—સં૦ જાયપત્રી. મ૦ જાયપત્રી, પત્રા. હિં૦ જાવિત્રી. બં૦ ક૦ જાયપત્રી. તે૦ જાજિપત્રી. ફા૦ બજવાર, જાવિત્રી. અ૦ વિસવાસા. ઇ૦ મેસ. લા૦ મિરિસ્ટકા ફ્રેગ્રન્સ.

આ એક મોટું ઝાડ છે. એની ૮૦ જાતો ઉદ્ભિજશાસ્ત્રીઓ માને છે.તે પૈકી હિંદુસ્તાનમાં અને મલય દ્વીપકલ્પમાં ૩૦ દેખાય છે. એનું મૂળ ઉત્પત્તિસ્થાન મલાકા બેટ કે જે એશિયાખંડની પૂર્વદિશામાં છે તે અને બાંડા મુલક છે; પરંતુ હાલ સુમાત્રા, સિંહલદ્વીપ, જાવા, પિનાંગ અને પાસિફીક તથા હિંદુસ્તાનના મહાસમુદ્રના બેટોમાં પણ એની પુષ્કળ ઉત્પત્તિ થાય છે. હિંદુસ્તાનમાં પણ શ્રીમંત લોકો આ ઝાડ બાગમાં વાવે છે; પરંતુ તેમાં જાયફળ ઘણાં આવતાં નથી. બાંડા અને મલાકા બેટ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના તાબામાં સને ૧૭૯૬ થી ૧૮૦૨ સુધી હતા. તે વખતે રૉક્સ-બર્ગ સાહેબે જાયફળનાં કેટલાંક ઝાડ મંગાવી કલકત્તા પાસે હાવડાના સરકારી બાગમાં રોપાવ્યાં હતાં. તેને ત્યાંની હવા એવી માફક આવી કે સને ૧૮૦૯ માં તે ઠેકાણે ૬૬૦૦ ઝાડો થઇ તે ઉપર ફળ અને જાવંત્રી પણ ઉમદા પ્રકારનાં થયાં. જાયફળનાં ઝાડો મુખ્ય બે પ્રકારનાં હોય છે. નર અને માદા. માદા જાતિનાં ફૂલો એકેક ટુંકી મંજરી ઉપર આવે છે; અને તે જાતનાં ઝાડ ઉપરનાં પાંદડાં પહોળાં ભાલાના આકારનાં સુંવાળાં હોય છે. જેનાં પાંદડાં મોટાં હોય છે તેનું ઇંગ્રેજી નામ મિરિસ્ટિકા મેક્રોફિલા છે. આનાં પાંદડાં મસળવાથી કાંઇક સુવાસ આવે છે.તે ત્રણથી છ ઇંચ લાંબાં અને ૧॥ ઇંચ પહોળાં હોય છે. જાયફળને પાન એકાંતરે આવે છે. તેને નાનાં ધોળા રંગનાં ઘંટના આકારનાં ફૂલો આવે છે. તેને પુષ્પકોશ નથી હોતો.

એ ઝાડ ઘણાં સુંદર દેખાય છે. એનાં ફળ પાકીને તૈયાર થાય એટલે સાધારણ જામફળ જેવડાં થાય છે. જાયફળ એ આ ફળમાં એકેક બીજ છે. એ ફળ બે ઇંચ વ્યાસનું હોય છે. તેની છાલ ધોળી, સુવાસિક અને ૧॥ ઇંચ જાડાઇની હોય છે. ફળ પાકે એટલે આ ઉપરની છાલ ફાટીને માંહેના બીને વિંટાઇ રહેલ લાલ જર્દ રંગની જાળીદાર છાલ નજરે પડે છે. તે છાલનેજ જાવંત્રી કહે છે. બીજના ઉપર જે જે ઠેકાણે જાવંત્રીનો ભાગ રહેલો હોય છે, તેટલી જગ્યા ઉપર તેનાં નિશાન થએલ હોય છે. એ બીજના ઉપર જેમ નાળીએરના કોપરા ઉપર કાચલી હોય છે, તેમ એક પાતળું કવચ હોય છે. તે ફોડવાથી જાયફળ બહાર નીકળે છે.

જાવંત્રામાં સુગંધીવાળું તેલ ૮ ટકા પ્રમાણે હોય છે. તે સિવાય એક ચીકણો રોગાન પણ હોય છે. તે ઉડી જાય તેવું તેલ વાયુના સણકા બંધ કરવાને ચામડી ઉપર ચોળવાથી સારો ગુણ કરે છે; અને તેમાંનું જાડું તેલ દાહ ઉત્પન્ન કરનાર બીજા પદાર્થો સાથે મસળે છે.

જે જાયફળ નગઠ ચીકણાં ને ભારે હોય તે ઉત્તમ છે; અને વજનમાં હલકાં, પોલાં અને અડવાથી ખરડ હોય તે કનિષ્ઠ સમજવાં. ઉત્તમ જાયફળ અહીં ઘણાં થોડાં આવે છે. તે ઘણાંક વિલાયત જાય છે. તેની કિંમત રતલના રૂા. ૨॥ સુધી હોય છે.

જાયફળ અર્ધું ખાવાથી તેનો કેફ ચઢે છે. અજીર્ણથી ઉનાળામાં થનાર ઝાડામાં ઘી સાથે અથવા માખણમાં ૦। તોલો જાયફળની ભૂકી ખાવી. ડૉક્ટર લોકો એરોમેટિક પાઉડર નામની જે સુવાસિક ભૂકી બનાવે છે તેમાં જાવંત્રીનો અને લવંડરનો અર્ક તૈયાર કરવામાં જાવંત્રીના તેલનો ઉપયોગ કરે છે. ૧ ભાગ જાયફળનું તેલ ૯ ભાગ દારૂના અર્કમાં પચાવે એટલે અર્ક તૈયાર

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

થાય છે. જાયફળની પોણો તોલો ભૂકી આપવાથી ભ્રમ થાય છે અને કેટલીક વખત તો બેશુદ્ધિ થાય છે. જાયફળનો ફાંટ કૉલેરા વખતે પાવાથી તૃષાનું શમન થાય છે. બાળકોને માનું દૂધ છોડાવતી વખતે અનેક પ્રકારના વિકાર થાય છે, તેમાં પણ આ ફાંટ હિતકારક છે. જાવંત્રી ઉત્તેજક છે. સંધિવાતમાં એનું તેલ ગુણકારી છે. જાયફળ અને જાવંત્રી એ પાનમાં ખવાય છે. અને બાસુંદી વગેરે પકવાન્નોમાં તથા પાક વગેરે ઔષધોમાં પણ તે નાખે છે. જાયફળનું તેલ નીકળે છે. જાયફળ સાધારણ માદક હોઇ ઉષ્ણ, વીર્યવૃદ્ધિકર અને વાતનાશક છે. જાયફળ ઘીમાં નાખી રાખવાથી ઘણાં વર્ષો સુધી જેમનાં તેમ રહે છે. **જાયફળઃ**—તુરૂ, તીખું, વૃષ્ય, દીપન, રસકાળે કડવું, લઘુ, ગ્રાહક, હૃદ્ય, ઉષ્ણ તથા સ્વરમાટે હિતકારક છે; અને કંઠરોગ, કફ, વાયુ, મેહ, વાતાતિસાર, મળ તથા દુર્ગંધનું શામક મુખવૈરસ્યકારક છે. તથા કાળાપણું, કૃમિ, ઉધરસ, ઉલટી, દમ, પીનસ, હૃદ્રોગ તથા શોષનો નાશ કરે છે. **જાવંત્રીઃ**—તીખી, કડવી, મુખને સ્વચ્છ કરનારી, મીઠી, વર્ણકારક, લઘુ, કાંતિકારક, રુચિકર તથા ઉષ્ણ છે; અને અંગની જડતા, કફ, રક્તદોષ, દમ, ઉધરસ, ઉલટી, તૃષા, વિષ, વાયુ તથા કૃમિનો નાશ કરે છે. **ઉપયોગઃ**—(૧) **માથું દુખતું હોય તોઃ**—જાયફળ ગસી લેપ કરવો. (૨) **ઉંઘ ન આવતી હોય તોઃ**—જાયફળ ઘીમાં ઘસી આંખો ઉપર ચોપડવું અથવા જાયફળ ખાવા આપવું. (૩) **બાળકોને શરદીથી હુગામણ થાય છે તે ઉપરઃ**—ગાયના ઘીમાં જાયફળ અને સુંઠ ઘસી ચટાડવું. (૪) **સળેકમ ઉપરઃ**—ગાયના દૂધમાં અફીણ મેળવી તેમાંજ જાયફળ ચંદનની પેઠે ઘસી નાક અને મસ્તક ઉપર લેપ કરવો; અથવા જાયફળ દૂધમાં ઘસી ગરમ કરી લેપ કરવો. (૫) **ઉચકી અને ઉલટી ઉપરઃ**—જાયફળ ચોખાના ધોવરામણમાં ઘસી પાવું. (૬) **વિષૂચિકા (કૉલેરા) ઉપરઃ**—૩ માસા જાવંત્રી દૂધમાં વાટી પાવી. (૭) **તારુણ્યપિટકા (ખીલ) ઉપરઃ**—જાયફળ દૂધમાં ઘસી ચોપડવું. (૮) **મોડશી (કૉલેરા) ઉપરઃ**—જાયફળનું ૧ તોલો ચૂર્ણ કરી ગોળમાં ત્રણ માસાની ગોળી કરી આપવી. ગોળી અર્ધા અર્ધા કલાકને અંતરે આપવી અને ઉપર થોડું ગરમ પાણી પાવું એટલે ઝાડા બંધ થશે. (૯) **આમાતિસાર અને અતિસાર ઉપરઃ**—જાવંત્રીનું બે અઢી માસા ચૂર્ણ દહીંની પરાશમાં અથવા ગાયના દહીંમાં કાલવી સાત દિવસ આપવું, એટલે અસાધ્ય રોગ હશે તોપણ તે મટશે. (૧૦) **પેટ ચઢે છે અને ઝાડો થતો નથી તે ઉપરઃ**—લીંબુના રસમાં જાયફળ ઘસી પાવું, એટલે ઝાડો થઈ પેટ ઉતરે છે. (૧૧) **કૉલેરા વખતે હાથ, પગ વગેરે જગ્યાપર ગોળા ચઢી આવે છે તે ઉપરઃ**—એક જાયફળ લઇ તેનું ચૂર્ણ કરવું. તે પાશેર મીઠા તેલમાં કાલવવું. પછી તે વાસણમાં નાખી કઢવવું. સારૂં કઢાયા પછી નીચે ઉતારી બરાબર ઠંડું પાડયા પછી શીશીમાં ભરી બંધ કરી રાખવી. જરૂરની વેળાએ જ્યાં ગોટલા ચઢતા હોય તે ભાગ ઉપર તે ચોળવું; એટલે ગોટલા તુરત બંધ થાય છે. (૧૨) **અજીર્ણ ઉપરઃ**—જાયફળ દૂધમાં ઘસી આપવું. (૧૩) **જાતિફલાદિ ગુટિકાઃ-મરકી ઉપર**-જાયફળ, સિંધાલુણ, શુદ્ધ હિંગળોક, કોડી ભસ્મ, સુંઠ, શુદ્ધ અફીણ, શોધેલ ધંતુરાનાં બી અને લીંડીપીપર એ સમભાગ લઇ લીંબુના રસમાં, ધંતુરાના બીજના કાઢામાં અથવા ભાંગના કાઢાની ભાવના આપી રતીભારની ગોળીઓ કરી પૈસાભાર છાશ, શેકેલી હિંગ (ચણા જેવડી કાંકરી) અને સિંધાલુણ એક માસો એકત્ર કરી તેમાં એક ગોળી આપવી. એટલે ઝાડો ઉલટી તત્કાળ બંધ થાય છે. આ ગોળી નાગરવેલના પાનમાં આપવાથી વીર્યવૃદ્ધિ થાય છે. (૧૪) **જાતિફલાદિ વાંટાઃ—અતિસાર ઉપરઃ**—જાયફળ, ખારેક અને અફીણ સમભાગ લઈ નાગરવેલના પાનના રસમાં વાટી ચણા જેવડી ગોળીઓ કરી છાશમાં આપવી; એટલે ગમે તેવો જબરદસ્ત ઝાડો હોય તોપણ તે બંધ થાય છે.

૨૪૯ જાંબ—કેટલેક ઠેકાણે જામફળને અને કાજુના ફળને જાંબ કહે છે; પરંતુ એ ઝાડ તે કરતાં જૂદું છે. જાંબની બે જાત છે. એકને "ખાટાં જાંબ" અને બીજાને "મલાખી જાંબ" એમ કહે છે. ખાટા જાંબનાં ઝાડ ઉંચાં હોય છે. તેનાં ફૂલ રાતાં હોય છે. ફળ ધોળાં અને મોટાં હોય છે. તેને માગશર અને પોષ માસમાં ફળ આવે છે. મલાખી જાંબનાં ઝાડ ઘણું કરીને મલાકા બેટમાંથી આવેલાં હોવાં જોઇએ. એ ઝાડ ઉંચાં વધતાં નથી. એને ધોળાં ફૂલ આવે છે. એના ફળનો રંગ પીળો

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હોય છે. એના અંગમાં મધુરતા હોય છે અને વાસ સારો આવે છે. જાંબ વર્ષમાં બે વાર પાકે છે.

૨૫૦ જાંબુ—સં૦ જંબુ. મ૦ જાંભૂળ. હિં૦ જામૂન. બં૦ જામ. તા૦ જંબુનાવલ. તુ૦ જંબુનેરોલુ. ક૦ નીરલ, કેંપુજંબીનેરલુ. તૈ૦ નેરેદુ. મલા૦ નેત્તુજંબલ, નાવલ. ઇં૦ જાંબુલ ટ્રી. લા૦ જાંબોલેનમ, સિઝિજીયમ્.

જાંબુડીનું ઝાડ ઘણું ઉંચું વધે છે. એનાં પાંદડાં બોરસળીનાં પાંદડાં જેવાં હોય છે. જાંબુડીના ઝાડને વૈશાખ–જેઠ માસમાં ફળ આવે છે. એનો રંગ બહારથી કાળો હોઈ અંદરથી રાતો હોય છે. રાનમાં જે ઝાડ થાય છે, તેનાં ફળ નાનાં અને ખાટાં લાગે છે; પરંતુ બાગમાં જે ઝાડ થાય છે તેનાં ફળ મોટાં અને મીઠાં થાય છે. બાગમાં વાવેલી જાંબુડીનાં ફળને "રાય જાંબુ" કહે છે. જાંબુ ગમે એટલાં ખાવામાં આવે તોપણ વિકૃતિ ન થતાં શરીરને ફાયદાકારક છે. જાંબુડીની છાયા ઘણી ઠંડી અને સુખદાયક છે. જાંબુડીનું લાકડું ઘણું ચીકણું હોઈ પાણીમાં કહોતું નથી. એ લાકડું ઘરકામના ઉપયોગમાં પણ આવે છે. જાંબુડીના ઝાડમાં પાણી સ્વચ્છ કરવાનો મોટો ગુણ છે. તળાવમાં સેવાળ વગેરે થઈ હોય તો તેમાં જાંબુડીનાં ડાળાં નાખવાથી સર્વ શેવાળ મરી જઇ પાણી સ્વચ્છ થાય છે. જાંબુનો સરકો કરે છે. તે પેટમાંના ગુલ્મ, ઉદર, અતિસાર અને વિષૂચિકા ઉપર ઉપયોગમાં આવે છે.* **જાંબુડીઃ**—તુરી, ગ્રાહક, મધુર, પાચક, મલસ્તંભક રુક્ષ તથા રુચિકર છે;અને પિત્ત,તથા દાહની નાશક, ખાટી તથા કંઠને હિતાવહ છે; તેમજ કૃમિ, શ્વાસ, શોષ, અતિસાર, કાસ, રક્તદોષ, કફ તથા વ્રણનાશક છે. એનાં **ફળઃ**—તુરાં, ખાટાં, મધુર, શીતળ, રુચ્ય, રુક્ષ, ગ્રાહક, લેખન, કંઠદૂષક, મલસ્તંભક તથા વાતકારક છે;અને કફ, પિત્ત તથા આધ્માનવાયુનો નાશ કરે છે. **રાયજાંબુડીઃ**–મધુર, ઉષ્ણ,તુરી, સ્વર્ય તથા મલસ્તંભક છે; અને શ્વાસ, શોષ, શ્રમ, મુખજાડ્ય, અતિસાર, કફ તથા ઉધરસનો નાશ કરે છે. એનાં **ફળઃ**–મધુર, રુચિકર, સ્તંભક, ગુરુ, દોષનાશક અને સ્વાદુ છે. **જલજાંબુઃ**–તુરાં, શીત, કડવાં, ગુરુ, પાકકાળે મધુર, ખાટાં, પુષ્ટિકર, ગ્રાહક, વીર્યવૃદ્ધકર તથા બલકર છે; અને શ્રમ, દાહ, અતિસાર, રક્તદોષ, કફ, પિત્ત તથા વ્રણનો નાશ કરે છે. **ભુયજાંબુઃ**—તુરૂ, પ્રિય, મધુર, વીર્યપ્રદ, ગ્રાહક તથા પુષ્ટિકારક છે; અને કફ, હૃદ્રોગ તથા કંઠરોગનો નાશ કરે છે. એનાં ફળના ગુણ રાયજાંબુડીના ફળ જેવાજ છે. **ઉપયોગઃ**—(૧) **ગરમીથી થતી અળાઈ ઉપરઃ**—જાંબુની અંદરનાં બી ઘસી ચોપડવાં એટલે પરસેવો થઇ અંગ સ્વચ્છ થાય છે. (૨) **રક્તાતિસાર ઉપરઃ**—જાંબુડીનાં છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી; અથવા જાંબુડીનાં પાંદડાંના રસમાં મધ, ઘી અને દૂધ મેળવી પાવું. (૩) **વીંછીના દંશ ઉપરઃ**—જાંબુડીનાં પાદડાંનો રસ ચોપડવો. (૪) **પિત્ત ઉપરઃ**—જાંબુડીનાં પાંદડાંનો રસ તોલો ૧ અને ગોળ તોલો ૧, એ એકત્ર કરી તાપમાં મૂકી ઉપર તોર આવે તે પીવી. (૫) **ગર્ભિણીના અતિસાર ઉપરઃ**—જાંબુડીની અને આંબાની છાલ લઇ તેનો કાઢો કરી તેમાં ૧ તોલો ધાણીનો અને ૧ તોલો જવનો લોટ નાખી ચાટવા આપવો; અથવા પાકેલાં જાંબુ ખાવા આપવાં. (૬) **મધુમેહ ઉપરઃ**–જાંબુડીની છાલ અથવા જાંબુ સૂકવી બારીક કરીદરરોજ બે તોલા ખાવું;અથવા જાંબુ મળે તો ૧૫ દિવસ ખાવાં. (૭) **મુખરોગ ઉપરઃ**–જાંબુડી,

* હિંદુસ્તાની વૈદ્યો જાંબુના રસને સોડ્વીને સિરકો બનાવે છે. એને પેટની પીડાનાશક તથા પેશાબ વધારે લાવનાર માને છે. એટલો માટે એ રસને દારૂમાં સંયુકત કરીને જૂના સંસ્કૃત ગ્રંથોમાં લખેલ જાંબુનો આસવ બનાવે છે. એની છાલ બહુજ તુરી અને સ્તંભક હોવાથી બીજાં ઔષધો સાથે ઉકાળીને કોગળા કરવાની દવા તથા જખમને ધોવાના કામમાં વાપરે છે. નાનાં બાળકોને ઝાડો થતો હોય તો છાલનો તાજો રસ બકરીના દૂધ સાથે મેળવી આપે છે. મખજન અલ અદ્વિયામાં લખેલ છે કેઃ–પેત્તના ઝાડામાં જાંબુ ખાવાથી બહુજ ફાયદો થાય છે. એજ પ્રમાણે ગળામાં સોજો હોય તોપણ આ ઉત્તમ અસર કરે છે. માથામાં ઈંદ્રલુપ્ત (ઉંદરી, ટાલ) થાય તો તેને પણ આ રસ આરામ કરે છે. એજ લખનાર કહે છે કે, મૂળ, બીજ અને પાંદડાં ઉત્તમ ગ્રાહી છે. પાકાં જાંબુનો રસ કહાડીને તેનું સરબત કર્યું હોય તો તે પેટની પીડાનો નાશ કરે છે તથા ઘણા દિવસના ઝાડાને રોકે છે. ચરકગ્રંથમાં જાંબુ અને એની છાલ મૂત્રસંગ્રહણ અને પુરીષરંજનીય (ઝાડાના રંગને બદલનાર) વર્ણન કરેલ છે. સુશ્રુતમાં એને રક્તપિત્તહારક, દાહનાશક, યોનિદોષનાશક, વૃષ્ય અને સંગ્રાહી (સ્તંભક) વર્ણન કરેલ છે. રાયજાંબુનાં પાંદડાં પહોળાં ને ખાટાનાં સાંકડાં હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

બાવળ, બોર, બોરસલી એ પૈકીના કોઈપણ ઝાડની અંતરછાલનું ઠંડુ પાણી કાઢી તેના કોગળા કરવા અને એની સોટીથી દરરોજ દાતણ કરવું; એટલે કદિપણ મુખરોગ થતો નથી અને દાંત પણ મજબૂત થાય છે. (૮) **અતિસાર ઉપરઃ**—જાંબુડીની છાલનો રસ પાવો. (૯) **વછનાગના વિષ ઉપરઃ**—જાંબુડીની અંતરછાલનો રસ નવટાંક કાઢી તેમાં તેટલીજ પેજ (કાંજી) નાખી તે આપવું. (૧૦) **પિત્તવિકાર ઉપરઃ**—જાંબુડીની છાલનો રસ દૂધમાં મેળવી પાવો. એ પ્રયોગથી ઉલટી થઇ પિત્ત પડશે. ઉતાર ઘી અને ભાત આપવો. (૧૧) **પેટમાં વાળ અગર લોઢાનો અંશ ગયો હોય તોઃ**—જાંબુ ખાવાં. (૧૨) **ઉલટી ઉપરઃ**—જાંબુડીની છાલની રાખ મધમાં આપવી. (૧૩) **જાંબુનો સરકોઃ**—જાંબુનો રસ કાઢી ગાળી બાટલીમાં ભરી રાખવો. જેમ જેમ તે રસ ખાટો થતો જાય, તેમ તેમ તેમાં વિશેષ ગુણ આવતો જાય છે. એ અતિસાર, મરકી અને ઉદરરોગ ઉપર ઘણો ઉપયોગી છે.

૨૫૧ જીયાપોતો—સં૦ મ૦ તૈ૦ ક૦ પુત્રજીવક. હિં૦ જીયાપોતા, પુતજીઆ. બં૦ પુતંજીવા. લા૦ પુત્રજીવારૉકસ બુર્ધિઆઈ.

આ ઝાડ મોટું વધે છે. જીયાપોતાનાં ઝાડ કોંકણમાં તથા ઘાટ ઉપર થાય છે. એને 'પુત્રવંતી' પણ કહે છે. "મસુરમાં આ ઝાડ ઘણાં થાય છે. એનાં બીઆંની માળાએ કરી તે સ્ત્રીઓ પુત્રપ્રાપ્તિમાટે ગળે બાંધે છે. **જીયાપોતો ઝાડઃ**-કફકારક, ચક્ષુષ્ય, ગર્ભપ્રદ, હિમ, વૃષ્ય, વાતકારક, રુક્ષ, સ્વાદુ, ખારૂં, તીક્ષ્ણ, મૂત્રલ તથા મલસ્તંભક છે; અને પિત્ત, દાહ તથા તૃષાનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ગંડમાળ, ગલગંડ, કાળપૂળી (પાઠું), વિષના ફોલ્લા અને કાખમાંજરી (બાંબલી) વગેરે ઉપરઃ**—જીયાપોતાના ઝાડની અંતરછાલ પાણીમાં ઘસી ચોપડવી. (૨) **શ્લીપદરોગ ઉપરઃ**—જીયાપોતાના ઝાડનાં પાંદડાંનો રસ શક્તિતારતમ્ય જોઇ આપવો. (૩) **દૂષી વિષ ઉપરઃ**—જીયાપોતાના ઝાડની અંતરછાલ ચાર માસા ગાયના દૂધમાં વાટી પાવી; એટલે અનેક પ્રકારથી ઉત્પન્ન થયેલાં અતિ ઉગ્ર વિષોનો નાશ થશે.

૨૫૨ જીરૂં—સં૦ જીરક. મ૦ બં૦ જીરે. હિં૦ ફા૦ જીરા. ક૦ જીરીગે. તૈ૦ જીરકં, કર્રા. તા૦ મલા૦ ચીરકં. તુ૦ જીરડરી. યુ૦ ખામુન. અ૦ કમુન. ઈ૦ કયુમીનસીડ. લા૦ કયુમિનંસિમિનં.

જીરાનાં ઝાડ અજમાના છોડ જેવાં હોય છે. અજમાની પેઠેજ જીરાના છોડ ઉપર જીરૂ આવે છે. હિંદુસ્તાનમાં ઘણાક પ્રાંતોમાં જીરૂં ઉત્પન્ન થાય છે. જીરાનો ઉપયોગ મસાલામાં અને ઔષધોમાં ઘણો થાય છે. જીરૂં એ વાતહર, ક્ષુધા પ્રદીપ્ત કરનારૂં,રુચિકારક અને ઠંડું છે. શરીરમાંની ગરમી (ઉષ્ણતા) કાઢવાને જીરૂં એ ઉત્તમ આષધ છે.* જીરાવિષે એક હિંદુસ્તાની કહેવત છે કેઃ—"ઠંડીકું જીરા ઔર ગરમીકું હીરા." **ધોળું જીરૂંઃ**—તીખું, ગ્રાહક, પાચક, દીપન, લઘુ, કિંચિત્ ઉષ્ણ, મધુર, ચક્ષુને હિતાવહ, રુચિકારક, ગર્ભાશયને શુદ્ધ કરનારૂં, રુક્ષ, બલકર, સુગંધી તથા કડવું છે; અને ઉલટી, ક્ષય, આધ્માનવાયુ, કોઢ, વિષદોષ, જ્વર (તાવ), અરુચિ, રક્તદોષ, અતિસાર, કૃમિ, પિત્ત તથા ગુલ્મનો નાશ કરે છે. **પીળું જીરૂંઃ**—દીપન, તીખું તથા ઉષ્ણ છે; અને અતિસાર, આધ્માનવાત, ગુલ્મ, સંગ્રહણી તથા કૃમિનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) ઓઠ ઉપર તાવ ઉઠે (બરો મૂત્રે) તે ઉપરઃ**—જીરૂં પાણીમાં વાટી ચોપડવું. (૨) **રતાંધળાપણા ઉપરઃ**—જીરૂં, આમળાં અને કપાસનાં પાંદડાં ઠંડા પાણીમાં સમભાગે વાટી ડોકી

*યુનાની હકીમોઃ—જીરાને ખુશબોદાર અને ગ્રાહી ગણે છે. એમાંથી તેઓ આંખ ધોવાનું પાણી તૈયાર કરે છે, કે જે એમના મત પ્રમાણે આંખનું તેજ વધારે છે અને છાતીના દરદમાં પણ એનો ઉપયોગ કરે છે. એનાથી મૂત્ર વધારે ઉતરે છે અને પેટના કૃમિ નીકળે છે એમ તેઓ માને છે. ગર્ભસ્થાનમાં સોજો આવી વધારે દરદ થતું હોય તો આ જીરાના પાણીમાં સ્ત્રીઓને બેસાડવાની ભલામણ કરે છે.એજ પ્રમાણે એ જીરાને વાટી પોટીસ કરી બાંધવાથી બહાર નીકળેલા અને અત્યંત દરદ કરનારા હરસ જતા રહે છે. પંજાબ પ્રાંતમાં-જીરાથી પેશાબ વધારે ઉતરે અને સ્તનમાં દૂધ વધારે ઉત્પન્ન થાય એમ માને છે. ઇંગ્રેજી ઔષધોમાં-આને પાચક માનેલ છે; અને પેટમાં વાગોળો, પેટ ફૂલવાની પીડા, અજીર્ણ અને આંતરડાના શૂળમાં એને ઉપયોગી માને છે. ચરકસંહિતામાં-જીરાને શૂળનાશક માનેલ છે. સુશ્રુતસંહિતામાં-વાતનાશક, અરુચિનાશક, દીપન, ગુલ્મશૂળ અને આમને નષ્ટકર્તા એટલે સોજો, શૂળ અને પડતા આમને બંધ કરનાર કહે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(માથા) ઉપર ૨૧ દિવસ પાટો બાંધવો. (૩) **જીર્ણજ્વર ઉપર:**—જીરાની ભૂકી એક પૈસાભાર પ્રાતઃકાળે અગર રાત્રે જૂના ગોળમાં ૨૧ દિવસ ખાવી. (૪) **પ્રદર** (સ્ત્રીઓને ધોળું કે લાલ પાણી જવું તે) **ઉપર:**—જીરૂં અને સાકરનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં પાવું. (૫) **પરિણામ શૂળ ઉપર:**—જીરૂં, હિંગ અને સિંધવનું ચૂર્ણ મધ તથા ઘીમાં નાખી પાવું. (૬) **હરતાળના વિષ ઉપર:**—જીરૂં અને સાકર ૭ દિવસ પાવાં. (૭) **જીર્ણજ્વર ઉપર:**—જીરૂં ગાયના દૂધમાં શીજવી તેનું ચૂર્ણ કરી તે સાકર સાથે ખાવું; એટલે શરીરમાંહેની કડકી નીકળી જઇ શરીરમાં શક્તિ પણ આવે છે. (૮) **મુખરોગ ઉપર:**—જીરૂં ખાંડી તેના પાણીમાં ચંદન ઘસી, તેમાં એલચીની ભૂકી અને ફટકડીની ફૂલાવેલી ભૂકી નાખી કોગળા કરવા. (૯) **ટાઢીઆ તાવ ઉપર:**—જીરૂં, કારેલીના એક તોલા રસમાં પાવું અથવા રાત્રે જૂના ગોળમાં આપવું. (૧૦) **સામાન્ય જ્વર ઉપર:**—જીરાનું ચૂર્ણ જૂના ગોળમાં કાલવી ૧ તોલા વજનની ગોળી કરી સૂતી વેળાએ આપવી; એટલે પરસેવો આવી તાવ ઉતરી જાય છે. (૧૧) **જીર્ણજ્વર ઉપર:**—જીરૂં અને તેનો આઠમો ભાગ શાહજીરૂં ઘીમાં સાધારણ શેકી બારીક ભૂકી કરવી; અને સાકર અથવા જૂના ગોળાનો પાક કરી તેમાં નાખી થેપલી અગર ગોળીઓ કરવી. આ ઔષધ રોજ બે વાર એકેક તોલો ૪૨ દિવસ આપવું. (૧૨) **ઉલટી ઉપર:**—પીતાંબરના કકડામાં જીરૂં ઘાલી તેની બીડી સળગાવી નાકે પીવી.

૨૫૩ જુઈ—સં૦ યૂથિકા. મ૦ જુઇ. હિં૦ જુહી. ક૦ મલ્લિગે. તૈ૦ જુઇપુષ્પાલુ. લા૦ જેસ્મિનમ્ ઓરિકયુલેટ.

જુઇના વેલાને ત્રિદલ પાંદડાં આવે છે. જાઇનાં ફૂલો જેવાંજ જુઇનાં ફૂલો સુવાસિક હોય છે.

જુઇ:—કડવી, શીતળ, સ્વાદુ, તીખી, લઘુ, મધુર, હૃદ્ય, તુરી તથા સુગંધી છે; અને વાયુ, કફને કરનારી તથા પિત્ત, દાહ, તૃષા, મૂત્રાશ્મરી, ત્વગ્દોષ, વ્રણ, દંતરોગ, મુખરોગ, શિરોરોગ, વિષ અને નવજ્વરનો નાશ કરે છે.

૨૫૪ જુવાર—સં૦ યાવનાલ. મ૦ જોંધળે, જવારી, શાળુ. હિં૦ જવાર, જુંધરી, પોનરી. ક૦ જોળ. તૈ૦ જોન્નલુ. તા૦ ચોળં, ચોન્નલ. તુ૦ જોળા. મલા૦ ચોળં. ફા૦ જુરેમકા. અ૦ હંતારૂમિયા, ખંદરૂસ. ઇં૦ ગ્રેટમિલેટ. લા૦ હોલકસ વલગેરી.

બુંદેલખંડ, માળવા, ગુજરાત, ખાનદેશ, વરાડ, કૃષ્ણગિરિ, બાલેઘાટ, ધારવાડ અને મદ્રાસ, એ પ્રાંતોમાં કેટલાક ભાગોમાં એ ધાન્ય ઘણું પાકે છે. ખરીફના પાકમાં 'જુવાર' અને રબીના પાકમાં 'શાળુ' એમ કહે છે. જુવાર એ ધાન્ય બળકર હોઈ શીતળ છે. જુવારના સાંઠા ત્રણ-ચાર હાથ ઉંચા વધે છે. જુવારનાં લીલાં કણસલાં શેકીને ખાય છે; તેને 'પુંખ' કહે છે. તે મીઠા અને પૌષ્ટિક છે. ગામડાંઓમાં એને મોટા પ્રતિષ્ઠિતપણાથી ઇષ્ટમિત્રો સાથે ખાય છે. ગામડાના લોકોને પુંખ એ એક મેવોજ છે. તેઓને પુંખ ખાવા મળે એટલે પછી રોટલાની પણ જરૂર રહે નહિ. જુવારના લીલા સાંઠા શેરડીના જેવા મીઠા લાગે છે. જુવારના લીલા સાંઠા ઢોરોને ઘણાજ ભાવે છે. એના સૂકાયલા સાંઠા ઢોરોને બીજા ઘાસ કરતાં સારા છે. જુવાર આઠ-દશ વર્ષ સુધી સડયા વગર રહી શકે છે. ઘણેખરે ઠેકાણે પ્રથમ જુવારનાં કરબલાં અને કોઠીઓ ભરી રાખતા હતા; પણ હમણાં સ્વપ્નમાં પણ જુવારના તેવા કોઠાર જોવામાં આવતા નથી; કારણ કે લોક એટલા કંગાલ અને ભિખારી થયેલા છે કે તેઓનું ખેતરમાંહેનું ધાન્ય ઘરમાં આવે તે પહેલાંજ સરકારની અને પછી વાણીઆ લોકની ભરતી કરવી પડે છે. તેમને આપ્યા પછી બાકી થોડું ઘણું જે રહે તેમાંજ પોતાનો ગુજારો કરવો પડે છે. લાખો લોકો અર્ધા ભૂખ્યા રહે છે. આ ખેડુત લોકની કેવી વિપન્નાવસ્થા થયેલી છે, કે જેમણે રાત્રિદિવસ સતત ઉદ્યોગ કરીને જે ધાન્ય ઉત્પન્ન કરેલું છે, તે પણ તેઓને પેટ ભરીને ખાવા મળતું નથી! પહેલાંના કાળમાં લોકો પાસે ધાન્યના ભંડાર ભરપૂર ભરેલા રહેતા હોવાથી દુર્ગાદેવી જેવા બાર બાર વર્ષ સુધી સતત રહેનારા દુકાળ પડતા; તોપણ તેમાં લોક નિભાવી લેતા; પરંતુ હમણાં સાધારણ દુકાળ પડે તોપણ હજારો લોકો અન્ન ન મળવાથી ભૂખના માર્યા મરણશરણ થાય છે. સુજ્ઞ અને જ્ઞાની

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તથા દૂરદર્શી લોકોએ આ સ્થિતિ સુધારવા માટે કંઇક પણ પ્રયત્ન કરવો જોઇએ કે જેથી કાલાંતરે દેશોન્નતિ થવામાં વિલંબ થાય નહિ. **સાધારણ જુવાર:**—શીતળ, રુક્ષ, ગુરુ, ગ્રાહક, વૃષ્ય, રુચિકર, સ્વાદુ તથા મલસ્તંભક છે; અને કફ, રક્તરોગ તથા પિત્તનો નાશ કરે છે. **ધોળી જુવાર:**—વૃષ્ય, બલપ્રદ તથા પથ્યકર છે; અને અર્શ, વ્રણ, ત્રિદોષ, ગુલ્મ તથા અરુચિનો નાશ કરે છે. **કમળપરૂ જુવાર:**—કફકારક, પિચ્છલ, ગુરુ, શીતળ, મધુર, વૃષ્ય, બલકર, પુષ્ટિકારક અને ત્રિદોષ-નાશક છે. **ઉપયોગ:-પરસેવો આવવા માટે:**—જુવારના શેકેલા લોટનો કાઢો કરી પાવો.

૨૫૫ જેઠીમધ-સં૦ બં૦ ક૦ મધુક, જ્યેષ્ઠીમધુ. મ૦ જ્યેષ્ઠમધ. હિં૦ મુલહઠી. કો૦ ગોડકાષ્ઠ. તૈ૦ યષ્ટીમધુકમુ. ફા૦ બેખેમેહકમધુ. અ૦ અસ્લુસ, મકસ્સર. ઇં૦ લિક્કરીસરૂટ. લા૦ ગ્લિસિરિઝાગ્લેબ્રા.

જેઠીમધના વેલા હિંદુસ્તાનમાં ઘણેક ઠેકાણે થાય છે. દક્ષિણ યૂરોપમાં પણ આ વનસ્પતિ થાય છે. આ વનસ્પતિ ઉગાડવાની જમીન ડુંગરાળ અને લીલોતરીવાળી જોઇએ અને હવાનું માન ઉષ્ણ જોઇએ. જેઠીમધની બીજી જાત છે. તેના ક્ષુપ હોય છે. એ ક્ષુપની ઉંચાઈ શુમારે બે હાથ હોય છે. એનાં પાંદડાં કુવાડીઆનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. એને પાંચ પાંચ આંગળ ઉપર કાતરી હોય છે. થાણા જીલ્લામાં માહુલીના ડુંગર ઉપર એ ઝાડ ઘણાંજ થાય છે. ઉનાળામાં એ ઘણાંજ સૂકાઇ જાય છે. પાણીમાં થનારી એક જેઠીમધની જાતિ છે. તેનું સંસ્કૃત ભાષામાં "મધૂલકા" એવું નામ છે. એ વનસ્પતિનાં મૂળીઆંને 'જેઠીમધ' કહે છે. જેઠીમધ મીઠું હોય છે. પરદેશી લોક આ વનસ્પતિનાં મૂળીઆંનો અર્ક કાઢી તેની સળીઓ તૈયાર કરી અહીં મોકલે છે; અને આપણે તે સળીઓ મીઠી હોવાથી પ્રેમથી ખાઇએ છીએ; પરંતુ જેઠીમધ અહીં ઘણુંજ પાકતાં છતાં તેના અર્કની સળીઓ કરવામાં હજુ અહીંના લોકનું લક્ષ જતું નથી, એ મોટી શોચનીય વાત છે. **મધુવલ્લી** બે પ્રકારની (જમીનમાં અને જળમાં થનારી):—વૃષ્ય, મધુર, રુચ્ય, બલ્ય, ગુરુ, શીતળ, ચક્ષુષ્ય, વર્ણકર, સ્વર્ય, સ્નિગ્ધ, કેશોને હિતાવહ, શુક્લ, રક્તપિત્તનાશક તથા વ્રણ-શુદ્ધિ કરનારી છે; અને સોજો, વિષ, વાતરક્ત, વ્રણ, ઉલટી, તૃષા, ગ્લાનિ, ક્ષય, રક્તદોષ, રક્તપિત્ત, પિત્ત, સદ્યોવ્રણ તથા વાતપિત્તનો નાશ કરે છે. **મધુયષ્ટિ** (જેઠીમધ):—મધુર, કિંચિત્ કડવી, શીતળ, ચક્ષુષ્ય તથા રુચિકર છે; અને શોષ, પિત્ત, તૃષા તથા વ્રણનો નાશ કરે છે. બીજા ગુણ મધુવલ્લી જેવાજ છે. **ઉપયોગ:—(૧) જેઠીમધનો શીરો તૈયાર કરવાની રીત:**—જેઠીમધનું મૂળિયું ચાર પાંચ વર્ષનું થયા સિવાય અર્ક કાઢવાને યોગ્ય થતું નથી. શુમારે સો પૌંડ વજનનાં મૂળીઆંમાંથી ૧૬ પૌંડ અર્ક નીકળે છે. જેઠીમધનાં મૂળ લાવી, તેના બે-ચાર આંગળ લંબાઇના કકડા કરી, તે પાણીમાં નાખી સારી રીતે ધોવા. પછી તે ખાંડણીમાં ઉપર નીચે ખાંડવા. એ લોટ થયેલાં મૂળીઆં એક મોટા વાસણમાં નાખી ૨૪ કલાક સુધી મંદ અગ્નિ ઉપર બાફવાં. પછી તે એકાદ યંત્રના દાબ નીચે મૂકી તેમાંનો સર્વ રસ કાઢી લેવો. એ બાફવાની અને રસ કાઢવાની ક્રિયા તે મૂળીઆં ઉપર બે ચાર વાર કરવી પડે છે. જે રસ નીકળે તે ગાળી પુનઃ ચૂલા ઉપર ચઢાવવો અને ઉપર ને ઉપર હલાવવો. તે રસ ઘટ્ટ થાય ત્યાંસુધી હલાવવાનું ચાલુ રાખવું. પછી કથરોટ ચૂલા ઉપરથી નીચે ઉતારી તેની સળીઓ એક સંચામાં ઘાલી પાડવાથી શીરો તૈયાર થશે. એવી આ સળીઓ બનાવવાની અલ્પ રીત છે. આ સળી ઉધરસ ઉપર દાઢ નીચે રાખવાથી ઉધરસ શમે છે અને તૃષાનું પણ શમન થાય છે. **(૨) તૃષા (તરસ) શમન થવા માટે:**—જેઠીમધનાં મૂળ દાઢ નીચે રાખી રસ ગળતા જવું અથવા જેઠીમધનો કાઢો કરી પાવો. **(૩) આગંતુક જખમ થયો હોય તે ઉપર:**—જેઠીમધનું ચૂર્ણ ઘીમાં ખરલ કરી કિંચિત્ ગરમ કરી લેપ કરવો. **(૪) હેડકી ઉપર:**—જેઠીમધનું ચૂર્ણ મધમમાં આપવું. **(૫) ઉલટી થવા માટે:**—જેઠીમધના કાઢામાં ૩ માસા રાઈનું ચૂર્ણ નાખી પાવો; એટલે ઉલટી થઇ વિષદોષ, અજીર્ણ અને કફ વગેરે રોગો માટે છે. **(૬) વીર્યવૃદ્ધિ અને બળ પ્રાપ્ત થવા માટે:**—જેઠીમધનું ચૂર્ણ ઘી અને મધમાં મેળવી આપવું અને ઉપર દૂધ પાવું. **(૭) મુખમાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—રાત્રે સાકર અને કંકોલ દાઢ નીચે રાખવાં અને સવારે જેઠીમધનો કાઢો સાકર અને ઘી નાખી પાવો. **(૮) પિત્તપ્રદર:**

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપરઃ—જેઠીમધ ૧ તોલો વાટી ચોખાના ધોવરામણમાં કલ્ક કરી, સાકર ૪ તોલા નાખી તે કલ્ક આપવો. (૯) **બાળકોના ચામડીના રોગ ઉપરઃ**—ગાયનું માખણ જરા ગરમ કરી પાતળું થાય એટલે તેમાં જેઠીમધનો શીરો ઘસવો; પછી તેમાંજ થોડો ધોળો કાથો નાખી ખરલ કરવો અને તે મિશ્રણ શરીર ઉપરની ચાંદીઓએ ચોપડવું. (૧૦) **ઉષ્ણતાના કારણથી છાતીમાં કફ સૂકો થયો હોય તે ઉપર તથા ઉધરસ ઉપરઃ**—જેઠીમધનો કાઢો કરી તેમાં સાકર નાખી પાવો. (૧૧) **ઉરક્ષતક્ષય ઉપરઃ**—જેઠીમધ અને ચીકણામૂળ એનો કાઢો કરી તેમાં લીંડીપીપર અને વંશલોચન એનું ચૂર્ણ નાખી પાવો. (૧૨) **અપસ્માર ઉપરઃ**—કોહોળાના ગર્ભમાં જેઠીમધ ઘસી પાવું. (૧૩) **કફરોગ ઉપરઃ**—જેઠીમધનો કાઢો મધ અથવા સાકર નાખી પાવો; અથવા ગોમૂત્રમાં જેઠીમધ અને બહેડાં ઘસી ચાટણ કરી આપવું. (૧૪) **ત્રિદોષ ઉપરઃ**—આદાના અને તુળસીના રસમાં જેઠીમધ ઘસી તેમાં મધ નાખી તે પાવું. (૧૫) **અહિરા ઉપરઃ**—જેઠીમધ મધમાં ઘસી આંખોમાં અંજન કરવું. (૧૬) **કફદોષથી દૂધ દૂષિત થયું હોય તે ઉપરઃ**—જેઠીમધ અને સિંધવ નાખી ઘી આપવું અને આસોપાલવનાં ફૂલ વાટી સ્તનને અને બાળકના હોઠોએ લેપ કરવો; એટલે બાળકને સુખથી ઉલટી થાય છે અને કફકોપ શાંત થાય છે. (૧૭) **લાયોટીઆ ઉપરઃ**—જેઠીમધનો શીરો સ્ત્રીના દૂધમાં ઘસી લેપ કરવો. (૧૮) **મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—જેઠીમધનું બારીક ચૂર્ણ કરી દૂધમાં કાલવી પાવું. (૧૯) **હૃદ્રોગ ઉપરઃ**—જેઠીમધ અને કડુ એનું ચૂર્ણ ગરમ પાણીમાં પાવું. (૨૦) **કોલેરા ઉપરઃ**—જેઠીમધનો કાઢો પાવો. (૨૧) **રક્તજનિત ઉલટી (ઉલટીમાં લોહી પડતું હોય તે) ઉપરઃ**—જેઠીમધ અને ધોળું ચંદન દૂધમાં ઘસી પાવું. (૨૨) **સ્વરભંગ ઉપરઃ**—જેઠીમધનું ચૂર્ણ ઘી અને સાકરમાં નાખી આપવું.

૨૫૬ ઝરસી—(મ૦ ઝરસ) ઝરસીનાં ઝાડ હરીઆળી જેવાં ખેતરની જમીનમાં અને ખાડીમાં જ્યાં શરદીની જગા હોય છે તે ઠેકાણે થાય છે. આ ભાજી વૈશાખ-જેઠ માસમાં ઘણી થાય છે. તે જમીન ઉપર વેંતભર પથરાયેલી હોય છે. તેના ફાંટા અહીં તહીં પથરાયેલા હોય છે. ઝરસીનાં પાંદડાં બારીક મેદી જેવાં હોઈ તે ઘણાં કડવાં હોય છે. આ ભાજી વાયુનાશક છે, માટે લોક બહુ આગ્રહથી ખાય છે. તેમાં કુંગળી નાખી ખાય છે. બાગાયત જમીનમાં થનાર ઝરસીમાં કડવાપણું કિંચિત્ કમી હોય છે.

૨૫૭ ઝાડશેવાલ—ઝાડશેવાલનાં ઝાડ વહેળામાં ઉત્પન્ન થાય છે. એની ઉંચાઈ શુમારે એક હાથ હોય છે. આ ઝાડને કાંદા (કુંગળી)નાં જેવાં પાંદડાં હોય છે, પણ તે પહોળાં હોય છે. એ ઝાડ ઘણાક પ્રાંતોમાં થાય છે. એ બારે માસ મળે છે. **ઉપયોગઃ—(૧) બદ ફુટવા માટેઃ**—ઝાડશેવાલનાં મૂળીઆં ચંદનની પેઠે પાણીમાં ઘસી તુવેરની દાળ જેવડાં ટપકાં કરવાં. એ પ્રમાણે ત્રણ ચાર વખત ચોપડવાથી ગમે તેવી ગાંઠ હોય તોપણ તે જલદી ફુટે છે. માણસને કોઇ પણ પ્રકારની ગાંઠ થઈ હોય તે ઉપર તથા ઘોડા વગેરેને જે ગાંઠો થાય છે તે ઉપર ચોપડવાથી બે પહોરમાં કિંવા એક દિવસમાં છિદ્ર કરી દર્દ મટાડવામાં આ ઔષધ અતિ ઉત્તમ છે.

૨૫૮ ઝીંઝરૂટ—સં૦ બૃહન્નાગબલા, ઝિંઝિરિટા. મ૦ ઝિંઝરૂટ, ઝિંજુર્ડી. હિં૦ ઝિરઝિટા. ક૦ જોટોટે, વટવટી, કટવાણિ. લા૦ ટુંફેટાએંગ્લેટા.

એ ઝાડ ત્રણ-ચાર હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં નાનાં હોય છે અને કાંઇક એરંડાનાં પાંદડાં જેવાં હોય છે. એને ગુલાબી રંગનાં બારીક ફળ આવે છે. એ ઝાડ ઉપર પુમવડે વીંટાએલાં ચપટાં ગોળાકૃતિ ફળ આવે છે. તેમાં ચાર પાંખડીઓ હોય છે. એ ફળ જૂનાં થઈ સૂકાવા લાગે એટલે તે પાંખડીઓ જૂદી જૂદી થાય છે. એ ફળ તુપકડી (જીતાવાણી) ના ફળની પેઠે કપડે ચોંટે છે. એને "લેચી" પણ કહે છે. **ઝીંઝરૂટઃ**—તુરી, તીખી, શીતળ, વૃષ્ય, બલપ્રદ, સ્ત્રીઓનું દૂધ વધારનારી, રક્તાતિસારની નાશક અને તૃપ્તિકર છે. **ઉપયોગઃ-(૧) કુંટી પાસે ગાંઠ થઈ હોય તે ઉપરઃ**—ઝીંઝરૂટનાં મૂળ ઘસી કુંટી ઉપર ટપકાં કરવાં અને મૂળ કંમરે બાંધવાં. (૨) **ઉપદંશ ઉપરઃ**-ઝીંઝરૂટની ભાજી મૂઠીભર વાટી તેમાં થોડું જીરૂં અને ધાણા નાખી ૭ દિવસ આપવું અને ચાંદીઓ ઉપર આ ઝાડની ધૂણી આપવી. (૩) **કૂતરાના વિષ ઉપરઃ**—

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઝીંઝરૂટનાં બી, કડવું કોહોળું, જૂનો ગોળ અને હોકાનો કીલ એ સઘળું ખાંડી પાવું. (૪) **બળદ-ની ખાંધ સૂજે છે તે ઉપર:**—ઝીંઝરૂટનાં મૂળની છાલ ચાવી ચોપડવી.

રપલ્ટ ઝેરકોચલાનું ઝાડ—સં૦ વિષમુષ્ટિ કારસ્કાર. મ૦ હિં૦ કુચલા. કો૦ કાજરા. ક૦ કાગરકાનામારા, કાંજીવાર, હેગુષ્ટી. તા૦ એટ્ટેમાર કોકોડી. તુ૦ કારેરૂમારા. તૈ૦ મુસીડી, મુષ્ટીચે-ટ્ટુ. મલા૦ કન્નીરામ્. લા૦ ટ્રિચનોસનકસ લ્યોમિકા. ઇ૦ વ્હોમિટ્નટ્.

સહ્યાદ્રિ પર્વતના પ્રદેશમાં એ ઝાડ ઘણાં થાય છે. એ ઝાડનાં ફળો, પાંદડાં તથા સર્વ ભાગ વિષયુક્ત છે. એનાં પાંદડાં ઉપર કાંઇ પદાર્થ ખાવાથી વિકાર થાય છે. એના ફળને "જહરકુચલા." પણ કહે છે. આવું આ વિષારી ઝાડ નિરર્થક છે એવું કોઇ કહેશે; પરંતુ એ ઝાડ માણસને પુષ્કળ ઉપયોગી થાય એવા ગુણ એમાં પરમેશ્વરે મૂકેલા છે.

ઝેરકોચલાનાં ફળ ઇંદ્રિવરણાના આકારનાં, સુંવાળાં, ગોળાકાર અને નારંગી રંગનાં હોય છે. એ દેખાવમાં સુંદર લાગે છે, તેથી એનું સંસ્કૃતમાં 'રમ્યફલ' એવું અર્થયુક્ત નામ છે. ફળની છાલ પાતળી હોય છે અને ફોડીએ તો અંદર ધોળા-પીળા રંગનો ગરભ દેખાય છે. ગરભની અંદર એથી પાંચ સુધી બીઆં ગોળ અને બન્ને બાજુ ચપટ એકથી બે ઇંચના વ્યાસનાં હોય છે. તેને ઝેરકોચલાં કહે છે. એ અતિશય ઝેરી હોઇ તેમાં કોઇ પ્રકારનો વાસ હોતો નથી. આ ઝાડનો મુખ્ય ઉપયોગી ભાગ બીજ અને છાલ છે. આનાં પાંદડાં પણ ઝેરી છે.

ઝેરકોચલાનાં બી સારાં હોય તો અતિશય કડવાં લાગે છે. એ કડવાપણું એમાં એક ક્ષાર ગુણવાળા સ્ટ્રિકનીન નામના સત્ત્વથી છે. સ્ટ્રિકનીન સત્ત્વનો અમલ જ્ઞાનતંતુઓપર અને મજ્જા ઉપર એટલો જલદી થાય છે કે તેનાથી હાથપગના સ્નાયુનું સ્તંભન થઇ શરીર ઉપર ધનુર્વાત જેવું પરિણામ આવે છે.

સ્ટ્રિકિનયા નામના ઝેરી સત્ત્વનો પ્રવેશ શરીરમાં રક્તદ્વારા થઇને મસ્તકના તંતુને અને વંશ-ગત મજ્જાતંતુને તીવ્ર ચેતના ઉત્પન્ન કરે છે; તેથી પ્રથમ સંજ્ઞાશક્તિના સ્નાયુને આંચકા આવી તેનું સ્તંભન થાય છે. ત્યારપછી હૃદયની ગતિનું સ્તંભન થઇ તેનું ચાલવું બંધ થાય છે કે જેથી મૃત્યુ થાય છે.

ઝેરકોચલાનું સત્ત્વ (સ્ટ્રિકિનયા) દારૂ અથવા દહીંની સાથે આપી મનુષ્યવધ કરેલ હોવાનું જાહેરમાં આવેલ હોવાથી એની ઝેરી અસર થાય એવું એનું ઓછામાં ઓછું પ્રમાણ જાણવું જરૂરનું છે. સ્ટ્રિકિનયા ઓછામાં ઓછું અર્ધો ગ્રેન એટલે ૦।। ચણોઠી ભાર આપવાથી ૨૦ મિનિટની અંદર મૃત્યુ થવાનાં ઉદાહરણો જાણવામાં આવે છે; પરંતુ 'શેષકે' નામના એક જર્મન ડૉક્ટરે જર્મનીમાં એક રૂગ્ણાલયમાં ૫ રતિ સ્ટ્રિકિનયા પેટમાં ગયા છતાં મનુષ્ય બચ્યાનાં ઉદાહરણ મળી આવ્યાની હકીકત ડૉક્ટર વુડને આપેલી છે. ઉપરની બાબતમાં એવો તર્ક થઇ શકે છે કે તે રોગીએ એવા પ્રકારનાં કેટલાંક ફળો ખાધાં હશે કે જેના યોગથી વિષનું પરિણામ લોહી ઉપર લાગ્યું નહિ હોય. યૂરોપિયન પદ્ધતિથી ઉપચાર કરવામાં ઝેરકોચલાને મદ્યાર્ક પાંચથી દશ ટીપાં આપવાનો વહિવટ છે.

ઝેરકોચલાંનું વિષ ચઢેલ હોય તો ઘણાંખરાં ધનુર્વાત જેવાં લક્ષણો થાય છે. એનું કાર્ય ક્રોડ-રજ્જુ ઉપર થાય છે. એ ખાવાથી કેટલીક મિનિટોએ અને ઘણું ઘણું તો એક બે કલાકમાં ઝેર ચઢવા લાગે છે. દાંત સજ્જડ પડી જાય છે; હાથ, પગ અને આખું શરીર અક્કડ થઇ જાય છે; ધનુર્વાતના અને ઝેરકોચલાના ઝેરના લક્ષણમાં આ પ્રમાણે ફરક દેખાય છે. ધનુર્વાતમાં પ્રથમ અસ્પષ્ટ લક્ષણો દેખાઇ તે હળવે હળવે વધતાં જાય છે; અને ઝેરકોચલામાં તેજ લક્ષણો આરંભ-માંજ સ્પષ્ટ દેખાઇ જલદી વધે છે. ધનુર્વાતમાં પ્રથમ જડબુ અને દાંત સજ્જડ થઇ પછી શરીરનાં જૂદા જૂદા સ્નાયુ અક્કડ થાય છે; અને ઝેરકોચલાના ઝેરમાં પ્રથમ શિરા પકડાય છે અને ત્યાર પછી દાંત સજડ પડવા વગેરે થાય છે. ધનુર્વાતમાં બાહ્યાયામ હળવે હળવે પાછળથી થાય છે અને ઝેરકોચલામાં તે આરંભથીજ થાય છે. ધનુર્વાતમાં શરીરને ખેંચીને તે થોડું કમી થાય છે ત્યારે પણ શરીર અક્કડજ હોય છે; અને ઝેરકોચલામાં રહી રહીને ખેંચે છે અને જ્યારે તાણ (ખેંચ) ન

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હોય તે વખતે રોગી સારી સ્થિતિમાં હોય એમ લાગે છે. ધનુર્વાતનો રોગી એક, બે અથવા તેથી વધારે દિવસ રહે છે; અને ઝેરકોચલાના વિષથી બે-ચાર કલાકમાંજ મરે છે. સાધારણ રીતે ઝેરકોચલાં ખાધા પછી પાંચ મિનિટથી અર્ધા કલાકની અંદર ઝેરી લક્ષણ દેખાવા લાગે છે. કદિ કદિ દશ વીસ મિનિટની અંદરજ મૃત્યુ થાય છે. ઘણું ઘણું તો છ કલાક સુધી મનુષ્ય બચી શકે છે. ઝેરકોચલાંના બીજની ભૂકી ૧॥ માસો અથવા સ્ટ્રિકિનિયા અર્ધા ઘઉંભાર જેટલું આપવાથી મનુષ્ય મરે છે. ઝેરકોચલાનાં બી છાલસહિત ગળવાથી વિષ ન ચઢતાં તે તેવાંજ મલદ્વારથી બહાર નીકળે છે; કારણ કે તે ઉપરની છાલ પચતી નથી.

સ્ટ્રિકિનિયા સત્ત્વ બનાવવાની રીત ઇંગ્રેજી બ્રિટિશ ફાર્માકોપિયા અથવા ઔષધિસંગ્રહમાં આપેલી છે. તેમાં ૧ આંસ (૨॥ તોલા) તીવ્ર મદ્યાર્ક રેકટીફાઇડ સ્પીરીટમાં નાખી તેમાં ચાર ગ્રેન સ્ટ્રિકિનિયા પીગળાવી આપવું; અને ત્યાર પછી ગાળવાના કાગળથી (ફ્લૉટીંગ પેપરથી) ગાળી લેવું. આની માત્રા ૩ થી ૧૦ ટીપાં છે. શુદ્ધ કરેલાં બીઆંની ભૂકી ૧ થી ૫ ગ્રેન અનુપાનપરત્વે આપવી. ઓછા પ્રમાણથી એટલે એક ગ્રેનનો સોળમો ભાગ ઝેરકોચલાનું સત્ત્વ હૃદયને ઉત્તેજક અને સૂક્ષ્મવાહિનીનું સ્તંભન કરનાર છે. ઝેરકોચલાનું ઝેરી સત્ત્વ ફળથી બીઆંમાં ૨ અને છાલમાં ૧ ભાગ જૂદા જૂદા પ્રમાણમાં રહે છે. ફળના ગરભમાં તે થોડા પ્રમાણમાં રહે છે.

આર્યવૈદ્યક, આંગ્લવૈદ્યક અને હોમિયોપેથિક વગેરે પદ્ધતિ પ્રમાણે ઝેરકોચલા એ એક અમૂલ્ય આષધ છે. તાવ, અજીર્ણ, શ્વાસ, ઉધરસ, વાયુ, ક્ષય અને શિરોરોગ વગેરે અનેક રોગ ઉપર જૂદી જૂદી યોજના પ્રમાણે તે ગુણકારી છે. ધાતુની નિર્બળતા ઉપર તો આ એક અપૂર્વ ઔષધ છે. ઝેરકોચલાનાં પાંદડાં, સુંઠ અને સાબરશીંગ, એનો લેપ તૈયાર કરી ચોપડવાથી સંધિવાત અને પક્ષાઘાત સારા થાય છે તથા ઉંદરનું ઝેર ઉતરે છે. હકીમ લોકો એકલાં ઝેરકોચલાનાં પાંદડાં વાટી પક્ષાઘાત ઉપર લેપ કરે છે. આ કુરરી (પીળી ભમરી) ના ઝેર ઉપર ઉતાર છે.

ઝેરકોચલાંની શુદ્ધિ—આ બીઆં ઘીમાં બળવા નહિ દેતાં તળીને તેના ઉપરની છાલને તથા વચ્ચેથી ચીરી માંહેની જીભ હોય તેને કાઢી નાખવી એટલે શુદ્ધ થાય છે; અથવા બીઆં ગોમૂત્રમાં શીજવી છાલ અને જીભ કાઢી નાખવી એટલે તે શુદ્ધ થાય છે.×

ઝેરકોચલાનું ઝાડ—મદકર, તુરૂં, ગ્રાહક, તીખું, કડવું, લઘુ તથા ગરમ છે; અને કોઢ, રક્તવિકાર, કંડૂ, કફ, વાતરોગ, વ્રણ, અર્શ તથા જ્વરનો નાશ કરે છે. **એનાં લીલાં ફળ:**—ગ્રાહક, તુરાં, વાતકર, લઘુ અને શીતળ છે. **પાકેલાં ફળ:**—વિષ, ગુરુ તથા પાકકાળે મધુર છે; અને કફ, વાયુ, પ્રમેહ, પિત્ત તથા રક્તવિકારનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) જનાવરોને કંઇ વિષબાધા થઇ હોય તે ઉપર:**—ઝેરકોચલાનાં બી અગર મૂળીઆં ઘસી ચોપડવાં, એટલે વિકાર દૂર થાય છે. **(૨) કૂતરાના વિષ ઉપર:**—ઝેરકોચલાનાં બીઆં ઘીમાં શેકી, તે રોજ વૃદ્ધિએ સેવન કરવાં; અથવા ઝેરકોચલાનાં બી ૧ વાલ નિત્ય ખાવાં. **(૩) શરીરમાં વાળો મર્યો હોય**

× ઝેરકોચલાં ગોમૂત્રમાં ૭ દિવસ પલાળી રાખવાં. દરરોજ ગોમૂત્ર સવારસાંજ બદલવું. જ્યારે તે નરમ થાય ત્યારે તેની છાલ કાઢી નાખવાથી ઝેરકોચલાં શુદ્ધ થાય છે. આ કાઢી નાખેલી ઝેરકોચલાંની છાલ વાટી વકરેલા ખીલ વગેરેપર ચોપડવાથી તે રામબાણ આરામ કરે છે. ઝામરાને અટકાવે છે. (૨) શોધી શુદ્ધ કરેલાં છાલ વગરનાં ઝેરકોચલાં સોળગણા દૂધમાં ઉકાળી માવો કરવો. તેમાંથી ઝેરકોચલાં કાઢી લેવાં અને રહેલ દૂધનો માવો ઝેરી છે માટે તેને જમીનના અંદર દાટી દેવો. જો અફીણનું વ્યસન છોડાવવું હોય તો અફીણને બદલે આ માવો અફીણના વજનથી બમણો આપી થોડે થોડે કમી કરી નાખવો; તેથી એ વ્યસન છૂટે છે. (૩) ઉપર પ્રમાણે દૂધમાં બાફેલ ઝેરકોચલાંની જીભ કાઢી નાખી ઝીણા કકડા કરી નાખી ગાયના ઘીમાં તળી ખાંડી રાખવા. એ ઉલટી, વાયુ, આફરો, શૂળ અને શરદીનો નાશ કરે છે. એની માત્રા ૧ રતીથી ૪ રતી સુધી ગણાય છે. (૪) એ ઝેરકોચલાં શેર ૦। છાણ અને ૫.ણીના રગડામાં માસ ૩ સુધી પલાળી રાખવાં. છાણ સૂકાવા ન દેતાં પાણી દરરોજ જોઇતું જોઇતું નાખતા રહેવું. આમ કરતાં પાકી નરમ ઘેંસ જેવાં તે થઈ જાય એટલે તેની છાલ અને જીભ કાઢી નાખવાં. આ શુદ્ધ થએલાં ઝેરકોચલાં સાથે સોપારી તોલો ૧, મરી તોલો ૦॥ તથા આમલીના શુદ્ધ કરેલ કચૂકા નંગ ૮ વાટી ગોળીઓ કરવી. એ ગોળીઓ ઘીમાં, મધમાં કે પાણીમાં વાટીને કરવી. એથી પણ અફીણનું વ્યસન છોડાવી શકાય છે. આ પ્રયોગો ખાત્રીલાયક છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તે ઉપર:—ઝેરકોચલાનાં બી ઘસી ચોપડવાં. (૪) **ઉઠાણું ઉપર:**—ઝેરકોચલાનાં બી અને સમુદ્રફળ ઘસી ચોપડવાં. (૫) **શોફોદર ઉપર:**—ઝેરકોચલાનાં ઝાડ ઉપરની શીંગોનો કાપ કાઢી વાસણમાં ઘાલી કાઢો કરી આપવો. (૬) **કોળ, ઉંદર વગેરે કમી થવા માટે:**—ઝેરકોચલાનાં બીઆંનું ચૂર્ણ કરી તે લોટમાં મસળવું અને તે લોટ ઉંદર ખાય તેવી જગાએ મૂકવો. આ લોટ ઘણો વિષારી છે. (૭) **ટાઢીઆ તાવ, સુવારોગ, અજીર્ણ, શૂળ અને મંદાગ્નિ ઉપર:**—ઝેરકોચલાનાં બી ભાંગી જવા ન દેતાં ઘીમાં તળી કાઢવાં, એટલે તે શુદ્ધ થાય છે. શુદ્ધ કર્યા પછી તેનું ચૂર્ણ કરી તે ૧-૨ ગુંજા મધમાં આપવું. (૮) **વાળા ઉપર:**—ઝેરકોચલાનાં બી અથવા ઝેરકોચલાનાં બી અને સોસલ પાણીમાં ઘસી ત્રણ દિવસ લેપ કરવો. (૯) **શીતજ્વર, આમ, શૂળ અને સંગ્રહણી ઉપર:**—શુદ્ધ ઝેરકોચલાં ત્રણ ભાગ અને લવંગ એક ભાગ, આદાના રસમાં ખરલ કરી ચણોઠી જેવડી ગોળીઓ કરી તે મધમાં આપવી. (૧૦) **શૂળ ઉપર:**—ઝેરકોચલાનાં બીઆંનું પાતાળયંત્રે તેલ કાઢી તે પાનમાં ચોપડી આપવું.

૨૬૦ ટાંકો—સં૦ ચક્રવર્તિની, વાસ્તુક. મ૦ ચાકવત. હિં૦ બથુવા. બં૦ વેતુયા. રા૦ ચિલવો. ક૦ ચક્રવર્ત, ચક્કોતપલ્ય. ફા૦ મુસેલેસા. અ૦ રોકબતુલબજામેલ. ઇં૦ વ્હાઇટગુજફૂટ. લા૦ કેનોપોડિગમઍલબમ્.

આ શાક ઘણે ઠેકાણે થાય છે. આ ઝાડ શુમારે હાથભર ઉંચાં વધે છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી. તે કોમળ હોય છે. ટાંકાની ભાજી પૌષ્ટિક છે. એ ભાજીમાં ચણાની દાળ અગર કાંઈક ધાન્ય નાખવાથી તે ઘણી સારી લાગે છે. ટાંકામાં આ એક ગુણ છે કે જે દાણા બાફવા કઠિન હોય છે, તેમાં કેટલાંક ટાંકાનાં પાંદડાં નાખવાથી તે જલદી બફાય છે. **ટાંકો:**—મધુર, શીત, ખારો, રુચિકર, સારક તથા પાચક છે; અને મળમૂત્ર શુદ્ધ કરનાર, અગ્નિદીપક, લઘુ, શુક્રપદ, બલકર, હૃદ્ય તથા જ્વરનાશક છે; તેમજ ત્રિદોષ, અર્શ, કૃમિ, પ્લીહા, રક્તવિકાર, કોઢ, પિત્ત તથા ઉદાવર્તવાયુનો નાશ કરે છે.‡ **ઉપયોગ:**-(૧) **શીતળા આવવા ઉપર:**—પ્રથમ ઉલટી થવા માટે ટાંકાનો રસ મધમાં આપવો. (૨) **દેવતાથી બળેલના દાહ ઉપર:**—ટાંકાનો રસ ચોપડવાથી દાહ શાંત થાય છે.

૨૬૧ ટીંબરૂ—સં૦ તિંદુકી. મ૦ ટેંભુરણી. હિં૦ તેંદુ. ક૦ તુંમરી, જગળમર. ફા૦ અબનુસ. ઇં૦ એબની. લા૦ ડાયોસ્પાઇરોસ, એંબ્રીઓપ્ટેરિસ.

ટીંબરૂનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એનાં પાંદડાં મોટાં અને લાંબાં હોય છે. એને બોર જેવડાં ફળ આવે છે અને તે લોકો ખાય છે. એનાં પાંદડાંની તંબાકુની બીડીઓ કરે છે. એ બીડીઓ પીવાથી કાળજું ખવાઇ જાય છે. હૃદયમાં પીળો ડાઘ પડે છે, કંઠશોષ થાય છે અને કફ વધે છે. એવું છતાં પણ હાલમાં એ વ્યસનનો ફેલાવો વધતોજ જાય છે. એ વ્યસન સાધારણ જણાય છે; પરંતુ એથી ઘણુંજ નુકસાન થાય છે, દ્રવ્યનો નાશ થાય છે, શક્તિ જતી રહે છે તથા આંખોનું તેજ મંદ થાય છે. આવી હાનિ થતી હોવાથી આવા દુષ્ટ અને હલકા વ્યસનથી લોકોએ દૂર રહેવું એ બહુજ સારૂં છે.* **ટીંબરૂ:**—તુરી, કડવી, સ્નિગ્ધ, ઉષ્ણ તથા મધુર છે; અને વાયુ તથા

‡ ટાંકાની એક ચીલ નામની બીજી જાત છે. તેને રાતો ટાંકો કહે છે. વળી કણગરાને પણ જંગલી ટાંકો કહે છે.

* ટીંબરૂનાં ફળનો તાજો રસ ઉત્તરહિંદુસ્તાનમાં ઘા ઉપર ચોપડે છે; અને ગરીબ માણસો તેનાં ફળ ખાય છે. એનાં બીજને રાખી મૂકે છે. ઝાડાની બિમારીમાં એનો ગ્રાહી ગુણ હોવાથી દેશી લોકો વાપરે છે. ઇંગ્રેજી ઔષધોમાં:- ટીંબરૂને બહુજ ગ્રાહી કહેલ છે. એનું સત્ત્વ બનાવવાને માટે ફળને કચરી દાબીને તેનો રસ કાઢી તેને ઉકાળીને ઘાટો કરી લે છે. આ સત્ત્વ રતાશ પડતા ભૂરા રંગનું હોય છે અને પાણીમાં ઘણું જલદી પીગળી જાય છે. ઝાડામાં અને ઘણા દિવસના શૂળમાં તે ઘણું ઉપયોગી છે. જો પડી જવાથી નસ રહી ગઇ હોય અથવા ચામડી છોલાઈ હોય તો આ ફળનો લેપ કરવાથી સોજો ચડતો નથી. ઉપર કહેલું સત્ત્વ દશ આનીભાર લઈ તેને સવાશેર પાણીમાં પીગળાવી એ પાણીની પીચકારી મારવાથી સ્ત્રીઓની જનનેંદ્રિયમાંથી નીકળનાર સફેદ પ્રવાહ (ધોળો પ્રદર) બંધ થાય છે. આ સત્ત્વ બનાવતી વખતે પોલાદ અથવા

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વ્રણનો નાશ કરે છે. એનાં **ફળ:**—તુરાં, લેખન, ગ્રાહક, શીત, સ્વાદુ, રુક્ષ, લઘુ, મલસ્તંભક, અરુચિકારક, વાતકારક તથા કડવાં છે. **પાકાં ફળ:**—ગુરુ,સ્વાદુ, મધુર, સ્નિગ્ધ તથા કફકર છે; અને મેહ, પિત્ત, રક્તરોગ તથા વાયુનો નાશ કરે છે. **ટીંબરૂની છાલ:**—પિત્તરોગની નાશક છે. **ઉપયોગ:-(૧) જૂ મરવા માટે:**—ટીંબરૂની છાલને ગોમૂત્રમાં વાટી તેનો લેપ કરવો. **(૨) દમ ઉપર:**-ટીંબરૂના ફળની છાલ સૂકવી પા તોલો ચલમમાં નાખી પીવી.

૨૬૨ ડમરો—સં૦ દમનક. મ૦ દવણાં. હિં૦ દવના, દૌના. ક૦ દવના. તૈ૦ સાવિત્ર ચટ્ટ. ફા૦ વરંજસીફ, સફસંતીન. અ૦ કુશસ્રૂમી. ઇ૦ વર્મવુડ. લા૦ આર્ટિમિશિયા ઇન્ડીકા.

ડમરાનાં ઝાડ વેંત દોઢવેંત ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાંઇક ગાજરનાં પાંદડાં જેવાં હોય છે; પરંતુ ડમરાનાં પાંદડાં કાંઇક સાંકડાં હોય છે. ડમરાના છોડનો વાસ ઘણો તીવ્ર આવે છે. તે વાસ દૂરથી સારો લાગે છે. એને તોરા આવે છે. તેનો પણ ઝાડ જેવો વાસ આવે છે. ડમરાનો સુગંધી પદાર્થમાં ઘણો ઉપયોગ થાય છે.ડમરાનાં ઝાડ ઘરની આસપાસ વાવવાથી ઘરમાં સાપ આવતો નથી. +**ડમરો:**—તીખો, શીતળ, કડવો, તુરો, વૃષ્ય, હૃદ્ય તથા સુગંધી છે; અને કોઢ, વિસ્ફોટક, કંડૂ (ખરજ), દ્વિદોષ, ત્રિદોષ, વિષ, કલેદ, અર્શ, ભૂતબાધા, સંગ્રહણી તથા ગ્રહપીડાનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) સર્પના વિષ ઉપર:**—ડમરાનાં મૂળ અને તેનાં પાંદડાં ખાવાં અથવા રસ કાઢી તે પાવો. ઢોરોને પણ તે આપવાથી ગુણ આવે છે. **(૨) ગરમી ઉપર:**—ડમરા-મરવાનો રસ કાઢી તે રસ પાવો.

૨૬૩ ડાભ (ડાભડો)—સં૦ કુશ, દર્ભ. હિં૦ દાભ. દોભવડી. ક૦ વિલિયબુદ્દકુશિ, ઉવ્હા-કુશી. તૈ૦ કુશદુર્વાલુ, દુભ. તુ૦ દર્ભેપંતિ. મલા૦ અત્તુદર્ભ. લા૦ એઝ્રોપોગન નારડે ઇટિસ્.

ડાભ એ એક મોળની જાતિનું ઘાસ છે. એને વેંતભર લંબાઇના તોરા આવે છે.એ તોરા મોળના તોરા કરતાં મોટા હોય છે. એને દક્ષિણમાં કેટલાક લોક "ગણુ" કહે છે.એ બે અઢી હાથ ઉંચો વધે છે. એ બ્રહ્મકર્મમાં ઉપયોગી હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે. ડાભનાં ભોથાં નદીને કિનારે કિંવા વહેળાને કિનારે થાય છે. **ડાભ:**—શીતળ, રુચિકર, તુરો, સ્નિગ્ધ,કફકર, શુક્રશુદ્ધિકારક તથા રજઃશોધક છે;અને કફ, રક્ત,રક્તપિત્ત,પિત્ત,દમ,તૃષા,મૂત્રકૃચ્છ્ર, બસ્તિશૂળ,કમળો,પ્રદર,રક્તદોષ, વિસર્પ,ઉલટી,મૂર્ચ્છા તથા અશ્મ-રીનો નાશ કરે છે.**એનાં મૂળીઆં:**—શીતળ, રુચિકર તથા મધુર છે; અને લોહી, તાવ, તૃષા, દમ, ઉધરસ, કમળો તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પ્રદર ઉપર:**—ડાભનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તે પાણીમાં જીરાની ભૂકી અને સાકર નાખી પાવું. **(૨) મૂત્રશુદ્ધિ ઉપર:**— ડાભનાં મૂળ પાણીમાં ઉકાળી પાવાં, તેથી મૂળ બંધ થયું હોય તોપણ છૂટે છે. **(૩) વાતજ્વર ઉપર:**—ડાભનાં મૂળ, ચીકણીનાં મૂળ અને ગોખરૂનો કાઢો સાકર તથા મધ નાખી પાવો.

૨૬૪ ડામર—ડામરનાં ઝાડ મલબારનાં વનોમાં થાય છે. એ મોટાં થાય છે. એમાંથી જે રસ નીકળે છે, તેને ડામર કહે છે.× રસ કાઢવાની રીત એવી છે કે એ ઝાડની મોટી મોટી ડાળીઓ તોડી તેના નાના નાના ટુકડા કરે છે. તેને ભઠ્ઠીમાં ઘાલ્યા પછી તેમાં જે રસ હોય છે તે ઉપર આવે છે અને તે કાઢી લે છે. પછી તે ઘટ્ટ થાય છે. ડામર તારનાં દોરડાંને અને લક્કડકામને ચોપડવાથી

લોઢાનાં વાસણ કામમાં નહિ લેવાં; કેમકે રસ તેથી કાળો થઈ જાય છે. ઉત્તમ પ્રકારે બનાવેલ સત્ત્વનો રંગ લાખના જેવો હોય છે. એના બીજમાંથી ઔષધમાં લેવા લાયક તેલ નીકળે છે. કુમળાં પાંદડાંનું કેટલાક દેશ-માં શાક કરે છે. છાલને ઝીણી વાટી ઘા અને નાસૂર ઉપર ચોપડે છે. ચરકમાં:-કાચાં ફળને વાત અને પિત્તને બેસાડનાર કહે છે. સુશ્રુતમાં:—રક્તપિત્તનાશક, દાહનાશક, યોનિદોષનાષક, વ્રણનાશક અને સંગ્રાહી કહેલ છે. ફળમાંના રસમાંથી કાઢેલું સત્ત્વ જૂની સંગ્રહણી ઉપર ઉત્તમ અસર કરે છે.

+ મ૦ પદેજીના નિઘંટમાં આ સિવાય એક વનડમરાનાં નામ આપ્યાં છે. તેને ક૦ કાદવના અને લા૦ માં આર્ટિમિશિયા સિવસિયાનાતરીકે ઓળખાવેલ છે.

× અમે એક જગ્યાએ વાંચ્યું છે કે:-"પેટ્રોલ્યમ નામના કૂવાના કાળા ઝરણમાં ગંધક મેળવી તેનો અર્ક ખેંચે છે તેને કેરોસીન (ઘાસલેટ) તેલ કહે છે.આ પેટ્રોલ્યમ થોડા દિવસ હવામાં રહેવાથી ઘટ્ટ થઈ જાય છે, તેને ડામર કહે છે." ત્યારે આ બન્ને ડામરમાં ખરો કયો હશે ?

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તેને મજબુતી આવે છે.

૨૬૫ ડાંગર (ભાત)—સં૦ હિં૦ શાલિ. મ૦ સાળ. ક૦ ભત્ત. ઈ૦ પેડી.

જગતમાં આ ધાન્યનો સર્વ વસ્તીમાં થોડોઘણો ઉપયોગ થાય છે. એની ઉત્પત્તિ ઘણું કરીને ઉષ્ણ દેશમાં થાય છે. આ દેશમાં એ ધાન્ય સર્વત્ર થાય છે. બંગાળામાં ઉચ્ચ પ્રતિના ઘણા ઝીણા ચોખા પાકે છે. ઇંગ્લાંડ અને યૂરોપમાં બંગાળાથી સેંકડો ખાંડી ચોખા જાય છે. એ છોડ ઢીંચણથી તે માથોડું પર્યંત ઉંચો વધે છે. એને સર્વ પાંદડાંજ હોય છે. એનાં પાંદડાં પાકે એટલે એને 'પરાળ' કહે છે. એ પાંદડાંમાંથી ગોળ પોલી એક સળી નીકળે છે. તે સળીના છેવટે ડાંગરની ઉંબી બાઝે છે. એમાં ડાંગર થાય છે. એમાં જે દાણા હોય છે તેને 'ચોખા' કહે છે. ડાંગરમાં જેટલી જાત છે તેટલી કોઇપણ ધાન્યમાં નથી. આપણા દેશમાં ડાંગરની ઉત્પત્તિ ઘણી થતી નથી; તેથી કરી અહીં એવી ઘણી જાત પણ થતી નથી. જે ડાંગર ત્રણથી ચાર સાડાચાર મહિનામાં પાકે છે, તેને મરાઠીમાં 'હળવી' કહે છે; અને જે પાંચથી છ મહિના સુધીમાં પાકે છે તેને 'ગરવી' કહે છે. ગરવી ડાંગર પહેલા નંબરની જમીનમાં થાય છે. કમોદ, બંગાળી કમોદ, પંચસાળ, આંબામોર, રાયભોગ, જીરાસાળ, કાળીસાળ, રાતીસાળ, ખેરસાળ, ચીમેણુસાર, વાંકસાળ, કોથંબરી, રાજાવળ તથા ઇલાયચી ઇત્યાદિ જાતિની ડાંગર ઉત્તમ થાય છે. ચોખા એ શીતળ અને શક્ત્યુત્પાદક અન્ન છે. ઘણા લોકોનો મુખ્ય ખોરાક ચોખાજ છે. ડાંગરના જૂદા જૂદા પુષ્કળ પ્રકાર છે. તેના ચોખા કરી બાફી ભાત કરે છે. ભાતનું ઓસામણ ઘણું ઠંડુ અને પૌષ્ટિક છે. ચોખાનો લોટ કરી તેની દશમીઓ, ભાખરીઓ, પુરીઓ તથા રોટલા વગેરે પદાર્થો કરે છે. ચોખાની ખીર સારી થાય છે. ચોખાનું ઉત્તમ પકવાન્ન કેસરી ભાત થાય છે. ચોખાના લાડુ વગેરે બીજાં પકવાન્નો પણ થાય છે. ચોખાની કણકીને પાણી કે છાશમાં રાંધી ઘેંસ કરે છે. નાનાં બાળક, રોગી તથા અશક્ત માણસોને એ ઘેંસ બહુ ઉપયોગી છે. ચોખામાં તુવેરની કે મગની દાળ નાખી તેની ખીચડી કરે છે. એ સાદા ભાત કરતાં પૌષ્ટક છે. ચોખાના પુંવા કરે છે તેમજ મુરમરા પણ બનાવે છે. પરાળ ઢોરને ખાવાના કામમાં આવે છે. ડાંગરના તુસનો પણ ઘણો ઉપયોગ થાય છે. **રાયભોગ ડાંગરઃ**—ધોળી, કાળી અને રાતી એવા ત્રણ પ્રકારની થાય છે. તે સ્નિગ્ધ, મધુર, અગ્નિદીપક, બલકર, કાંતિકર, ધાતુવર્ધક, પથ્યકારક, ત્રિદોષનાશક તથા લઘુ છે. એ એક કરતાં એક ગુણથી અધિક છે. **રાતી ડાંગરઃ**—લઘુ, સ્નિગ્ધ, મધુર, પથ્યકારક, રુચિકારક, બલકર, વર્ણકર, ચક્ષુષ્ય, અગ્નિદીપક, મૂત્રલ, શુક્રલ, સ્વર્ય, હૃદ્ય તથા પુષ્ટિકારક છે; અને ત્રિદોષ, રક્તરોગ, દાહ, તૃષા, વ્રણ, વાયુ, વિષ, પિત્ત, શ્વાસ, કાસ તથા જ્વરનો નાશ કરે છે. **ધોળા સાઠી ચોખાઃ**—રુચિકર, શીતળ, બલકર, પથ્ય, વીર્યવર્ધક, ગ્રાહક, દીપક તથા મીઠા છે; અને તાવ તથા ત્રિદોષનો નાશ કરે છે. કાળા સાઠી ચોખા ગુણમાં અધિક છે. **દેવ ડાંગરઃ**—એ કૃષ્ણ, પાટલ, શાલીમુખ, કુક્કુટાંડ અને જંતુભેદ એવા પાંચ પ્રકારની છે. તે પાકે કાળે મધુર, શીતળ, મલસ્તંભક તથા અભિષ્યંદકારક છે. એમાં કાળી વધારે ગુણવાળી છે. **ઉપયોગ (૧) ચોમાસામાં પગે ઓસાર થાય છે તે ઉપરઃ**—ડાંગરનું પરાળ બાળી પગે કાળો રંગ આવે ત્યાંસુધી ધૂણી દેવી. (૨) **અષ્ટગુણમંડ જ્વર ઉપરઃ**—કિંચિત શેકેલા ચોખા અને મંડ એ સમાન લઈ તેમાં ચૌદગણું પાણી નાખી બાફવા. બફાતી વખતે તેમાં હિંગ, સિંધવ, ધાણા, સુંઠ મરી તથા લીંડીપીપર નાખી પછી તેમાંની વરાળ બહુ નીકળવા ન દેતાં તે ઘેંસ ખાવી. આ મંડ જ્વરનાશક તથા ત્રિદોષનાશક છે; અને તે લોહીને તથા ભૂખને વધારનાર, બલકર અને બસ્તિશોધક છે. (૩) **શરદગરમી ઉપરઃ**—બારીક ચોખા સાંજે બાફી તેનું ઓસામણ કોરા માટલામાં ઘાલી મોં બાંધી રાત્રે ઝાકળમાં મૂકી સવારે તેમાં સાકર નાખીને ૭ દિવસ આપવું. (૪) **મૂત્રરેચનમાટે** ધોળા ચોખાના ધોવરામણમાં સાકર અને સુરોખાર નાખીને પાવું. (૫) **ભાંગ ઉપર ઉતારઃ**—ચોખાનું ધોવરામણ આપવું. (૬) **શોષરોગ ઉપરઃ**—ડાંગરની ધાણીનો કાઢો કરી પાવો. (૭) **તૃષારોગ ઉપરઃ**—ચોખાના ધોવરામણમાં મધ નાખી પાવું. (૮) **અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ** ડાંગરનાં છોતરાં (પરાળ) બાળી તેની રાખ ઘીમાં કાલવી ચોપડવી. (૯) **ભસ્મકરોગ ઉપરઃ** ચોખા, ધોળું કમળ અથવા કમળાક્ષ બકરીના અથવા ભેંસના દૂધમાં બાફી ઘી નાખી ખાવું. (૧

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આશીશી ઉપર:—સૂર્યોદય પહેલાં શુમારે બે મૂઠી ચોખાની ધાણી મધ સાથે ખાવી અને સૂઇ રહેવું. (૧૧) મધુરા ઉપર:—એક શેર પાણીમાં એક તોલો ચોખાની ધાણીનો લોટ નાખી તેમાં સોનાની અંગુઠી અથવા મહોર નાખી તેનો અષ્ટમાંશ કાઢો કરી પાવો. (૧૨) દાહ શમન થવા માટે:—ચોખાની ધાણી અને ખડીસાકર એકત્ર કરીને કાઢો કરી રાખવો અને વારંવાર આપવો.

૨૬૬ **ડીકામાલી**—સં૦ હિંગુફળા. મ૦ ડિકેમાલી. હિં૦ ડિકામાલી, કલઃ, પતિહિંગ. બં૦ હિંગુવિશેષ. ક૦ કલહન્તિ. તૈ૦ ચિભહિંગ્વા, કારૂઇંગવા. ઈ૦ ડિકેમાલિગમ્; ગમ્મીગાર્ડિનિયા. લા૦ ગાર્ડિનિયાલ્યુસિડા, ગાર્ધિન્યાગમ્મિફેરા. અ૦ કનખાભ.

ડીકામાલીનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ ઘણું કરી ડુંગરાળ પ્રદેશમાં થાય છે. કોંકણમાં અને બીજે ઘણેક ઠેકાણે એ ઝાડ થાય છે. એનાં પાંદડાં જામફળીનાં પાંદડાં જેવાં અને આકારે પણ તેવાંજ હોય છે. એને ઘીલોડાં જેવડાં ફળ આવે છે. એ ફળ અથાણામાં નાખે છે. એ ઝાડની ડુંખોમાંથી શિયાળામાં લીલા અને પીળા રંગનો રસ નીકળે છે. તેને "ડીકામાલી" કહે છે. જંગલી લોક એ દૂધની થેપલી કરી વેચે છે. એ રસમાં ડુંખોનો પણ ભેગ કરે છે. **ડીકામાલી:**—તીખી, તીક્ષ્ણ, ઉષ્ણ તથા અગ્નિદીપક છે; અને કફ, વાયુ, મલબંધ, મનનો મોહ તથા આમનો નાશ કરે છે. **ઉપયોગ:**-(૧) **પેટપીડ ઉપર:**—એક લીંબુ ચીરી તેની એક ચીર ઉપર ડીકામાલી ભરી બીજી ચીરનો રસ તે ઉપર પાડી ડીકામાલી નાખેલી ફાડ અંગારા ઉપર મૂકી ખદખદાવવી; પછી કાઢી ચૂસી લેવી. (૨) **જંતુ (કૃમિ) ઉપર:**—ડીકામાલીનું ચૂર્ણ સાકરમાં નાખી આપવું.(૩) **મરકી, થાક અને તાવ ઉપર:**—ડીકામાલીનું ચૂર્ણ સાકરમાં આપવું. (૪) **જનાવરની ચાંદીમાં કીડા પડયા હોય તો:**—ચાંદીમાં ડીકામાલી ભરવી. (૫) **ભાર ઉપર:**—ડીકામાલી અને કાળો બોળ (એળીઓ) પાવાં. (૬) **બાળકની સસણી ઉપર:**—ડીકામાલી, રેવંચી અને કાળો બોળ (એળીઓ) ગરમ પાણીમાં વાટી પેટ ઉપર ડુંટીની જગ્યા બાદ કરી બીજે સર્વ ઠેકાણે લેપ કરવો.×

૨૬૭ **ડુકરકંદ**—(સં૦ વારાહી.) ડુકરકંદના વેલા હોય છે. એ જમીન ઉપર પ્રસરે છે. એની ઉત્પત્તિ ઘણું કરીને સર્વે મોટા મોટા પર્વત ઉપર પોતાની મેળે થાય છે.પાણીયાળ દેશમાં પણ એ થાય છે. એના કંદમાટે બાગમાં પણ લોકો એ વેલ વાવે છે. એનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં કોઇ તેનું દીંટડું લાંબું હોય છે. પાંદડાં વેલીની કાતરીને સામસામાં આવે છે; અને તેના ઉપર જાળી પ્રમાણે રેષાઓ હોય છે. આ વેલીને ફૂલનો ઘોંશ આવે છે. એનો ઉપયોગી ભાગ કંદ છે. એ વેલાના કાંદાનો આકાર કાંઇક વૃષણ જેવો અથવા ડુક્કર (સૂવર)ના જેવો હોય છે; અને સૂવરના અંગ ઉપર જેવા વાળ હોય છે તેવા એના ઉપર પણ કઠોર વાળ હોય છે. એ ઉપરથીજ એનું ડુકરકંદ એ નામ પડેલું છે. એ કંદ હાથ હાથ ઉંડો જમીનમાંથી મળે છે, આ કંદ હરસ ઉપર સારો ગુણકારી છે.એમાં રસાયન ગુણ હોવાથી આર્યવૈદકમાં આ કંદ ઘણો મહત્ત્વનો માનેલો છે. લોકોનાં અજ્ઞાન અને અનાસ્થાથી આ દુર્લભ જેવોજ થયો છે, ઘણાક માણસો ડુકરકંદ કહીને કડવા કારિંદા વાપરે છે. ડુકરકંદ એ મોટું તીવ્ર ગુણવાળું ઔષધ છે. **ડુકરકંદ:**—તીખો, કડવો, મલકર, પિત્તલ, રસાયન, શુક્રલ, વૃષ્ય, અગ્નિદીપક, મધુર, ઉષ્ણ, વર્ણકર, સ્વર્ય તથા આયુષ્યવર્ધક છે; અને કોઢ, મેહ, ત્રિદોષ, કફ, વાત, કૃમિ તથા મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **કાંદરાના વિષ ઉપર:**—ડુકરકંદ બે તોલા પાણીમાં ઘસી પાવો. આ ઔષધ બહુ તીવ્ર છે. કાંદરાનું વિષ ન હોય તો તે સહન થતું નથી અને ગળું બળી જાય છે.આ ઔષધ ઉપર ઉતાર-ઘી પાવું. (૨) **એકાંતરીઆ તાવ ઉપર:**—ડુકરકંદની છાલ અથવા મૂળ પચરંગી સૂતરવડે હાથે

× બાળકને અતિસાર ઉપર પાણીમાં ડીકામાલી ઘસી પાવી. ભાદરવાથી કારતક સુધીના તાવવાળાને ઉપર લીંબુ ઉપર ડીકામાલી, સિંધવ અને મરી વાટીને તે ભભરાવી દેવતા ઉપર ખૂબ શેકી ચૂસાડવાથી ૩ થવા ૭ દિવસમાં તાવ જાય છે. આ ગુરુદત્ત અને અનુભૂત છે.

ડીકામાલીનાં મોટાં ઝાડ થાય છે. ફૂલ ધોળાં હોય છે અને પાંદડાં બટમોગરા જેવાં થાય છે. એનાં સંસ્કૃતમાં નાડિહિંગુ, રામઠી આદિ નામો છે, શ્રી૦ પદેજીએ આપેલ હિંગુફળા નામ મારી પાસેના નિઘંટોમાં જોયું નથી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કિંવા ગળામાં બાંધવું.

૨૬૮ ડુંગળી (કાંદા):-સં૦ પલાંડુ. મ૦ કાંદા. હિં૦ ફા૦ પ્યાજ. બં૦ પેયાજ. ક૦ ઉળ્ળેગડ્ડુ. તે૦ નિરૂળી. મલા૦ ઈરૂળી. અ૦ બસળ. ઈ૦ ઓનિવન. લા૦ એલીઅમસેપા.

ડુંગળી સર્વત્ર પ્રસિદ્ધ છે. એનો રોપો હાથ-સવાહાથ ઉંચો વધે છે. તે સીધો અને તેનાં પાંદડાં બારીક નળી જેવાં હોય છે. કાંદાને જે બી આવે છે તે કાળાં હોઈ બંદુકના દારૂ પ્રમાણે હોય છે. કાંદાના મધ્યમાં જે રેસો નીકળે છે, તેને 'નળો' કહે છે. એ કુમળો હોય ત્યારે તેનું શાક કરે છે. કાંદામાં બે જાત છે. **ધોળો અને રાતો.** ધોળો કાંદો ઔષધમાં ઘણો ઉપયોગી છે. કાંદામાં અતિ પૌષ્ટિકપણું છે;એટલામાટે એક કહેવત છે કે "કાંદો એ મર્દનો બાંધો." સર્વ પ્રકારના શાકમાં ડુંગળી નાખી હોય તો તેમાં સ્વાદ આવે છે. **ધોળી ડુંગળી:**—બલકર, તીખટ, વૃષ્ય, ગુરુ, મધુર, રુચિકર, સ્નિગ્ધ, કફકર, ધાતુવર્ધક, નિદ્રાપ્રદ તથા દીપક છે; અને ક્ષય, હૃદ્રોગ, ઉલટી, અરુચિ, રક્તપિત્ત, વાત, પિત્ત, કફાર્શ, વાતાર્શ, પરસેવો, સોજો તથા રક્તદોષનો નાશ કરે છે. **લીલી ડુંગળી:**—(હરિત્પલાંડુ) એના ગુણ ધોળા કાંદા પ્રમાણેજ છે. **રાતી ડુંગળી:—(રાતો કાંદો)** શીતળ, સ્નિગ્ધ, અગ્નિદીપક, ગુરુ, તીખી, મધુર, કિંચિત્ ઉષ્ણ, પિત્તકર, વૃષ્ય અને બલકારક છે; તથા કફ, વાયુ, સોજો, અર્શ અને કૃમિનો નાશ કરે છે. **કાંદાનાં બીજ:**—વૃષ્ય છે અને દાંતમાંના કૃમિ તથા પ્રમેહનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) બાળકોની આંકડી ઉપર:**—ધોળો કાંદો ભાગી સુંઘવા આપવો. **(૨) ઉન્માદરોગ ઉપર:**—ધોળી ડુંગળીના રસનું અંજન કરવું. **(૩) ગરમીએ કપાળ દુખે તે ઉપર:**—ડુંગળી ભાગી સુંઘવી અને કપાળ ઉપર ચંદનમાં કપૂર ઘસી તેનો લેપ કરવો. **(૪) નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ડુંગળીના રસનું નસ્ય કરવું. **(૫) મહામારી (કૉલેરા) ઉપર:**—બે બે ઘડીએ કાંદાનો રસ પાતા જવું. **(૬) કૉલેરાનો ઉપદ્રવ ન થવા માટે:**—રાત્રે ભોજન કર્યા પછી ડુંગળીના રસમાં ચણા જેટલી હિંગ ઘસી તેમાં વરીઆળી ૧ માસો અને ધાણા ૧ માસો નાખી તે પાવો. **(૭) બાળકોને મોડશી (મરકી અથવા અપચો) અને કૃમિ થયા હોય તે ઉપર:**—ડુંગળીનો રસ પાવો. **(૮) વિંછીના દંશ ઉપર:**-ડુંગળીના બે કડકા કરી ચોળવા. **(૯) ગરમીની લુખ ન લાગવા માટે:**—એક ડુંગળીને પાસે રાખવી એટલે લુખ લાગતી નથી. **(૧૦) તંબાકુ ચઢી હોય તો:**—ડુંગળીનો રસ પાવો. **(૧૧) ગરમી ઉપર:**--બાફેલી ડુંગળી, જીરૂં અને ખડીસાકર એકત્ર વાટી તેમાં ગાયનું ઘી બે તોલા નાખી આપવું. **(૧૨) અમ્લપિત્તથી ગળામાં બળતરા થતી હોય તો:**—ધોળો કાંદો બારીક ચીરી શુમારે નવટાંક અધમર્યા મીઠા દહીંમાં મેળવવો અને તેમાં ખાંડ નાખી આપવો. **(૧૩) વીર્યવૃદ્ધિ ઉપર:**—ડુંગળીનો રસ મધ સાથે આપવો.× **(૧૪) ભમરીના દંશ ઉપર:**-ડુંગળીનો રસ ચોપડવો. **(૧૫) બાળક જલદી વધવા માટે:**—ડુંગળી અને ગોળ હમેશાં ખાવાથી બાળક જલદી ઉંચું વધે છે. **(૧૬) આમરક્તને માટે:**—ડુંગળી બારીક ચીરી ચારપાંચ વખત ધોઈ નાખવી અને તે ગઠાદાર દહીં સાથે ખાવા આપવી. **(૧૮) ગરમી (મૂત્રકૃચ્છ્ર) માટે:**—ડુંગળી કાપી ધોઈ દહીં સાથે ખાવી અને તેનોજ કાપ અથવા ડુંગળી બાફી બારીક વાટી તેમાં ઘી નાખી ગોળો કરી કુંટી ઉપર બાંધવો. એકલી ડુંગળી ખાધાથી પણ ગરમી અટકે છે. **(૧૯) આંખે દૂધ લાગ્યું હોય તો:**—ડુંગળીના રસમાં ખડીસાકર ઘસી રાત્રે આંખમાં ઘાલવી તથા રક્તચંદન (રતાંદળી) ઘસી આંખો ઉપર ચોપડવી. **(૨૦) પુરુષત્વ ગયું હોય તો:**—ધોળી ડુંગળીનો રસ, મધ, આદુનો રસ અને ઘી, એ એકત્ર કરી પ્રાતઃકાળે ૨૧ દિવસ આપવું; જેથી પુરુષત્વ આવશે. **(૨૧) જખમે દુઃખ થતું હોય તો:**—ડુંગળી કાપી ઘીમાં તળી ગરમ ગરમ જખમ ઉપર બાંધવી. **(૨૨) વીર્યવૃદ્ધિ થવા માટે તથા ઉરક્ષત ક્ષય ઉપર:**—ડુંગળીનો રસ છ માસા, ઘી ત્રણ માસા અને મધ ત્રણ માસા એકત્ર કરી દરરોજ સવાર-સાંજ બંને વખત લેવું; અને રાત્રે અર્ધો શેર ગરમ કરેલું દૂધ સાકર નાખી પીવું. એ પ્રમાણે મહિનો બે મહિના

× હરદિન પાશેર ડુંગળી પાશેર ઘીની સાથ; સેવે શ્વેત પ્રભાતમાં પુષ્ટિ પામે ધાત.
પુષ્ટિપામે ધાત શરીર પણ પુષ્ટ થવાશે; થાય અંગ બળવાન, શુદ્ધ દિન સાત ખવાશે.
કહે પ્રાગજી એમ, દરદથી બચશે દરદી, કાંદા શ્વેત ઘી સાથ, સેવશે નર જે હરદી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

આપવું. (૨૩) **અપસ્માર ઉપર:**—ધોળી કુંગળીનો રસ નાકે પીવો. (૨૪) **કમળા રોગ ઉપર:**—ધોળી કુંગળી, ગોળ અને તેમાં થોડી હળદર નાખી સવારે અથવા સાંજે ઉંઘવા સમયે ખાવી. (૨૫) **સળેકમ ઉપર:**—ધોળી કુંગળી કાપી નાકનાં બન્ને છિદ્રથી સુંઘવી. (૨૬) **બાળકોને ગળું પડવાનો આજાર થાય છે તે ઉપર:**—ધોળી કુંગળી બાફી બારીક વાટી તેમાં ગાયનું ઘી નાખી વડી કરી તાળવાપર મૂકી ઉપર એરંડાનાં કુમળાં પાંદડાં મૂકી ૩ દિવસ બાંધવું. દરરોજ સાયંકાળે કુંગળીની થેપલી કાઢી નાખી માથું સ્વચ્છ ધોવું અને તાળવાપર ગાયનું ઘી ચોપડવું તથા ધોળી કુંગળીનો રસ કાઢી તેમાં થોડું જીરૂં અને ખડીસાકરની ભૂકી નાખી તે પાવું. (૨૭) **ગરમીની લુખ લાગે છે તે ઉપર:**—એક ધોળી કુંગળી બાફવી અને બીજી લીલી કુંગળી લઇ તે બન્ને બારીક વાટી તેમાં જીરાની ભૂકી બે માસા અને ખડીસાકર બે તોલા, એ પ્રમાણે મિશ્રણ કરી તે એક વખત આપવું. (૨૮) **વેળ, બદ, ગાંઠ વગેરે પકવવા માટે:**—કુંગળી બાફી વાટવી અને તેમાં ઘી તથા હળદરની ભૂકી નાખી ગરમ કરી સહેવાય તેટલું ગરમ પોટીસ બાંધવું. આ સૌમ્ય અને ઉત્તમ પોટીસ છે. (૨૯) **આંખો આવે છે તે ઉપર:**—કુંગળીનો રસ આંખોમાં નાખવો. (૩૦) **ઢોરોને શેંબારોગ** (ઢોરોના નાકમાંથી લીંટ પડવા લાગે છે તે) **થાય છે તે ઉપર:**—ધોળી કુંગળીના કાંદા સાત અને ગોળ પાશેર, એ પ્રમાણે ત્રણ દિવસ સવારે ખવરાવવું; અને ઘણા દિવસનું જૂનું કપાસિયા કાઢી નાખેલું રૂ લઇ સ્વચ્છ પહોળું કરી એક વાસણમાં અગ્નિ લાવવો અને તેમાંથી નીકળનારી ધૂણી તે ઢોરનાં શ્વાસોચ્છ્વાસે મસ્તકમાં જઇ શકે એવી રીતે તે દેવતામાં નાખેલું રૂ ઢોરના નાક આગળ ત્રણ દિવસ ધરવું. (૩૧) **મૂળવ્યાધિ ઉપર:**—કુંગળી ઝીણી ચીરી છાબડીમાં સૂકવવી. પછી તેમાં તલની ભૂકી ૧ માસો અને ખાંડ બે તોલા મિશ્ર કરી નિત્ય સેવન કરવું. (૩૨) **પિત્તવિકાર ઉપર:**—ધોળી કુંગળી ઝીણી ચીરી મીઠા દહીંમાં મેળવી તેમાં થોડી સાકર નાખી ખાવી. (૩૩) **દાઢ દુખતી હોય તે ઉપર:**—કુંગળીનાં બી ચલમમાં નાખી પીવાં અથવા એકલાંજ દાઢમાં રાખવાં.× (૩૪) **મૂળવ્યાધિ ઉપર:**—કુંગળીનો રસ સાકર અને ઘી નાખી આપવો.

૨૬૯ **ઢોર આંબો**—ગોમાંતક પ્રાંતના રાનમાં અનેક તરેહનાં ઝાડ છે. તેમાં 'ઢોર આંબો' કરીને એક સાધારણ ઝાડ થાય છે. તેને માર્ગશીર્ષ મહિનાને શુમારે આંબા જેવાં ગોળ ફળ આવે છે. તેની છેવટે નાની અણી હોય છે. એ ફળ પાકે એટલે ગળચટાં થાય છે. કેટલાક લોક એનાં રાયતાં કરે છે.

૨૭૦ **તગર**–(સં૦ પિંડિતગર. મ૦ હિ૦ તગર.) તગરનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. તગરનાં પાંદડાં લાંબા હોઇ તેને છેડે અણી હોય છે.એનો વિસ્તાર ઘણોજ મોટો થાય છે. તગરમાં 'એકેરી ધોળી' અને 'દુહેરી ધોળી' એવી બે જાત છે.દુહેરી તગરનાં પાંદડાં જરા કાળા રંગનાં હોય છે. એને 'મીઠી તગર' કહે છે. એકેરી તગરનાં ફૂલ પારિજાતકનાં ફૂલ કરતાં કાંઇક મોટાં હોય છે. તેને પાંચ છ પાંખડીઓ હોય છે. એ ફૂલને લાંબી દાંડી હોય છે. એનાં ફૂલનો માત્ર સવારે કાંઇક વાસ આવે છે, પછી આવતો નથી. તગરના ગુણ ગાંઠી તગરના જેવાજ છે. **ઉપયોગ:**–(૧)**મસ્તકશૂળ ઉપર:**–તગરનાં મૂળીઆં ઘસી લેપ કરવો.

૨૭૧ **તગરગંઠોડા**–(સં૦ તગર.) તગરનાં ઝાડ હિમાલય પર્વત અને આલમોરાના પહાડ ઉપર થાય છે. એનાં મૂળીઆંને " તગરમૂળ " કહે છે. તગર એ ઘણું સુવાસિક હોય છે. એનો ધૂપમાં ઉપયોગ કરે છે. તગરમૂળનો રંગ કાંઇક છીંકણી જેવો હોય છે. સુવાસિક છીંકણી અને સુગંધી પદાર્થોમાં એનો ઘણો ઉપયોગ થાય છે. **તગર:**—શીતળ, પથ્યકર, કડવું, મધુર, લઘુ,

× કુંગળીના ઝીણા કકડા કરી તે તલના તેલમાં બોળવા; પછી ધુમાડારહિત દેવતાથી ભરેલી એક થાળીમાં તે કકડા નાખી ઉપર પહોળા મોઢાનું, નીચે ઝીણું છિદ્ર પાડેલું હાંડલું ઉંધું વાળવું; એટલે તે છિદ્રમાંથી કુંગળીનો ધુમાડો નીકળશે. તે હાંડલે મોંઢું અરાડી રાખી તે ધુમાડી ચલમની માફક ચૂસીને એક પાણી ભરેલા વાસણમાં ધુંકવો. આમ વારંવાર કરવાથી દાઢમાંના કીડા નીકળેલા નજરે પડશે અને દુખતી દાઢ શાંત થશે. કોઈ કોઈ કુંગળીની જગ્યાએ ભોરીંગણીનાં બીજ વાપરીને પણ એજ મુજબ પ્રયોગ કરે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સ્નિગ્ધ, પાકકાળે તીખું, તુરૂં તથા વિષનાશક છે; અને નેત્રરોગ, મસ્તકરોગ, રક્તદોષ, ભૂતોન્માદ, અપસ્માર તથા ભૂતબાધાનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) પ્રલાપક સન્નિપાત ઉપર તગરાદિ કાઢો**—તગર, આસોદ, કુંભ, શંખાહુલી, દેવદાર, કડુ, બ્રાહ્મી, જટામાસી, નાગરમોથ, ગરમાળો, હરડે અને દ્રાક્ષનો કાઢો પાવો.

૨૯૨ તજ-સં૦ ત્વચા. બં૦ દારુચિની. મ૦ હિં૦ ક૦ તૈ૦ તજ, દાલચીની. તા૦ કરુવાપત્તે તુ૦ ઇજીન. મલા૦ કરુવા. ફા૦ દાર્ચિની. અ૦ સાલીખા. ઇં૦ સિનામન બાર્ક. લા૦ સિનામેમં ઝિલાનિકમ્.

સિંહલદ્વીપ (સિલોન કે લંકા), કોચીન, ચીન, સુમાત્રા, જાવા અને મલબાર વગેરે દેશમાં તજનું વાવેતર ઘણા મોટા પ્રમાણમાં થાય છે.એ સાધારણ ઉંચાઇનું ઝાડ છે.એ ઝાડ મલબારી તજના અથવા તમાલ વૃક્ષના ઝાડ કરતાં મોટું થાય છે. એનાં ફળ પણ મોટાં હોય છે; પરંતુ વિશેષ કરીને આની છાલ તમાલની છાલ કરતાં પીળાશ પડતી અને વધારે સુગંધી હોય છે. એનાં પાંદડાં કાંઇક લંબગોળ હોઇ મોટાં હોય છે અને તેનાં ઉપર ત્રણ રેષાઓ હોય છે. પાંદડાં કાંઇક સામસામાં હોય છે.પાંદડાં તમાલપત્ર જેવાં પરંતુ તેનાથી મોટાં હોય છે. પાંદડાં સૂકાયા પછી તેમાંથી લવંગ જેવો વાસ આવે છે.ઝાડની દાંડલીઓ ઉપર ધોળા રંગનાં ફૂલો આવે છે. તેમાંથી ગુલાબનાં ફૂલો જેવો વાસ આવે છે. ફળ કરમદાં જેવાં આવે છે,તેનું તેલ કાઢે છે. ફળનો અર્ક અને અત્તર પણ બનાવે છે.આ વૃક્ષની છાલનેજ તજ કહે છે. હિંદુસ્તાની લોકો એની જાડી છાલને તજ અને પાતળી છાલને દાલચિની કહે છે. તજની અનેક જાતો છે એમ સાંભળીએ છીએ. ચોચ, ગંધવલ્ક, હાધ્યામકત્વક્ ઇત્યાદિ. તેમાંથી એક જાતનું વૃક્ષ ફક્ત સિંહલદ્વીપમાં યૂરોપીઅન ઉદ્ભિજ્જ-વર્ણન-કર્તાઓને મળેલ છે. નિઘંટકર્તાએ એને " સિંહલી " એ નામ આપેલ છે. એ ઉપરથી સિંહલદ્વીપમાંનું આ વૃક્ષ ગુણ અને જાતિમાં જૂદું હશે. એની છાલને ઇંગ્રેજી ભાષામાં કૅશિયા બાર્ક (છાલ) કહે છે. ડૉકટર બર્ડવુડ કહે છે કે, આ જાત હિંદુસ્તાનમાંજ મળે છે. કૅશિયાનાં ઝાડો પશ્ચિમ ચીન અને જાપાનમાં પણ છે. તેની છાલ મલબારી તજ કરતાં જાડી હોય છે. મલબારી તજનેજ તજ કહે છે. વેપારી પાસેથી જે મળે છે તેના ગોળ વળેલા છ છ ઇંચ લંબાઇના કકડા હોય છે. કૅશિયાની છાલ ઝીણી તજ કરતાં વધારે મીઠી હોય છે. ઝીણી તજમાંથી અને કૅશિયાની છાલમાંથી ચીનમાં તેલ કાઢે છે. તે અહીં ટીનના ડબામાં આવે છે. આ બન્નેની કિંમતમાં જમીન-આસમાનનો ફેર હોય છે. ઝીણી તજનું તેલ ઘણું મોંઘું હોય છે. તજના જેવી પરંતુ ગુણમાં જૂદી એવી બીજી ત્રણ-ચાર જાત જાવા અને આંબોયના બેટમાં મળે છે. તેજપત્ર, તમાલધ્વજ અને નીલપત્ર આ તેમાંનાંજ છે. જાવા બેટમાંથી વેપારીઓ એને સિંહલદ્વીપમાં લાવેલા છે, એમ વિનિયસ સાહેબનું કહેવું છે; પરંતુ રાજનિઘંટકારે આનો ઉલ્લેખ કરેલ છે તે ઉપરથી આ પ્રાચીન હોઇ તેનો શોધ ડચ લોકો પહેલાંજ થએલ હતો. સુશ્રુતમાં એ શિરોવિરેચનમાં ગણેલ છે. રાજનિઘંટકારે સિંહલ, રાજવલ્લભ, બહુગંધ, એ નામનાં વૃક્ષ જૂદાં આપી તમાલપત્ર એ એનાં પાંદડાં છે, એમ લખેલ છે. કડવાં લવંગ અથવા બોજવાર એ એક ઝીણી તજના ઝાડનીજ જાત છે; અને તે ઉત્તર કાનડા પ્રાંતમાં, ખંડાળાના ઘાટ ઉપર તથા ત્રાવણકોરના જંગલમાં પણ થાય છે, એમ ડૉ૦ મંત્રીની શોધ છે. સિંહલદ્વીપમાંની તજ ઉત્તમ છે. તેનો રંગ ફીક્કો, પીળો અને લગભગ ' વનીશન ' સોના જેવો હોઇ તે પાતળી, સુંવાળી અને ચમકદાર હોય છે. તજનું તેલ ઉત્તેજક હોઇ દંતશૂળ, પેટનું શૂળ, જીભનું અટકવું, એ વિકારો ઉપર પણ ગુણકારી છે. એ પાણીમાં નાખવાથી બૂડે છે, "**जले क्षिप्तं हि मज्जति**" એમ આત્રેય (હારીત) સંહિતાનુંજ વચન છે.

સિંહલદ્વીપમાં તજનાં ઝાડની ઉત્પત્તિ ઘણી થાય છે. ત્યાં આ ઝાડનાં મોટાં અરણ્યો છે. તજનાં ઝાડ ત્રણ વર્ષનાં થાય એટલે તેની છાલ કાઢી તડકામાં સૂકવે છે, તેને તજ કહે છે. તેની ઝુડીઓ બાંધી વેચે છે. એ ઝાડનાં મૂળનું, તજનું અને ફળનું તેલ કાઢે છે; પરંતુ ફળનું તેલ સારૂં હોય છે. તજ મસાલામાં બહુ આવે છે. તજ વાતનાશક છે. તજ નાખ્યાથી પદાર્થોમાં ઘણો સ્વાદ આવે છે. **તજઃ**—તીખી, પિત્તલ, મીઠી, કંઠશુદ્ધિકારક, લઘુ, રૂક્ષ, કડવી, બસ્તિશોધક

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તથા ઉષ્ણ છે; અને કફ, ઉચકી, વાયુ, ઉધરસ, ખરજ, હૃદ્રોગ, આમબસ્તિરોગ, પીનસ, વિષ, શુક્ર, અર્શ તથા કૃમિનો નાશ કરે છે. **પાતળી છાલની તજ:**—મીઠી, કડવી, સ્વાદુ, બલકર, તથા ધાતુવર્ધક છે; અને વાયુ, પિત્ત, તૃષા તથા મુખદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧)વાત-વિકાર ઉપર:**—તજનું તેલ ચોળવું. **(૨) પિત્ત થઇ ઉલટી થતી હોય તે ઉપર:**—તજનો કાઢો પાવો. **(૩) શરદીથી માથું ઘણું દુખતું હોય તે ઉપર:**-તજ ઘસી ગરમ કરી લેપ કરવો અથવા તજનો અર્ક કાઢી ચોળવો. **(૪) અર્ક કાઢવાની રીત:**—એક વાડકી ઉપર કપડું બાંધી તે ઉપર તજની ભૂકી નાખવી. તે ઉપર અભ્રકનાં પાંદડાં મૂકી તે ઉપર દેવતા મૂકવો; એટલે વાડકીમાં તજનો અર્ક પડે છે. **(૫) વાતગુલ્મ ઉપર:**—તજ, વરીઆળી, એરોદસ અને કચોરાં, એ સમભાગે લઇ તેનો કાઢો કરી પાવો. **(૬) શૂળયુક્ત આમાતિસાર ઉપર:**—તજ દોઢ માસો, બીલાંનો ગર્ભ ત્રણ માસા અને રાળ દોઢ માસો એનું ચૂર્ણ ગોળસહિત દહીંમાં આપવું; એટલે જલદી ગુણ થાય છે.

૨૭૩ તંબાકુ (તમાકુ)—સં૦ તામ્રકૂટ, ક્ષારપત્રા.મ૦ તંબાખુ. હિં૦ તમાખુ. બં૦ તમાકૂ. ફા૦ તંબાકુ. અ૦ તંબાકૂ. ઇ૦ ઇન્ડિયન ટોબાકો, ટૉબેકો. લા૦ નૈકોટીના ટોબાકૅ.

તંબાકુમાં કાળી, જરદો આદિ જાતો છે. એના ક્ષુપ સર્વ દેશમાં થાય છે. તંબાકુનાં ઝાડ શુમારે હાથેક ઉંચાં વધે છે. એને વેંત-દોઢવેંત લંબાઇનાં પાંદડાં આવે છે. તંબાકુ કાપી લીધા પછી જે ડાંડા રહે છે તેને પણ પાંદડાં ફૂટી બી આવે છે. એ પછી આવેલાં પાદડાં નિરુપયોગી હોય છે. તંબાકુ ઘણું કરી સર્વ પ્રાંતોમાં થાય છે. તંબાકુ એ એક હલકી જાતની કેફ છે; પરંતુ તેનો પ્રતિવર્ષ લાખો રૂપીઆનો ઉપયોગ થઇ સરકારને ઘણોજ ફાયદો થવા લાગ્યો છે. તંબાકુ ઔષધના ઉપયોગમાં આવે છે; પરંતુ માણસોએ તેનો અનેક પ્રકારે નિરર્થક ઉપયોગ કરી તેનો ખપ વધારેલો છે. કેટલાક છીંકણી કરી સુંઘે છે, કેટલાક ખાય છે અને કેટલાક ધૂમ્રપાન કરે છે. પૃથ્વી ઉપર તેનો ઉપયોગ કરનારા નથી એવા થોડાજ મળશે. એ વ્યસનથી માણસોને ઘણું નુક-સાન થાય છે, પણ તે ધ્યાનમાં આવતું નથી. તંબાકુ ખાવાથી મોંમાં દુર્ગંધ આવે છે, દાંતને નુકસાન થાય છે, કફ થાય છે, આંખોને નુકસાન થાય છે અને પિત્ત વધે છે.એ પ્રમાણેજ પીવાથી છાતીમાં કફ ઉત્પન્ન થાય છે અને કાળજું બળી જાય છે. તંબાકુ ખાનારો કયાં થૂંકશે, તેનો નિયમ નથી. એ ઉપર કહેવત છે કે "હગનારની ગાંડ અને તંબાકુ ખાનારનું મોં એનો નિયમજ નહિ." એટલું એ અમંગળ અને ગંદુ વ્યસન છતાં આધુનિક કાળમાં એ વ્યસનની નિરર્થક બડાઈ ચાલી રહી છે.એ વ્યસન જ્યારે બધા માણસો છોડશે, ત્યારે દેશનું ઘણું હિત થશે. **તંબાકુ:**—પિત્તલ, તીક્ષ્ણ, ઉષ્ણ, બસ્તિશોધક, મદકર, ભ્રામક, કડવી, દૃષ્ટિમાંદ્યકારક, સારક, વામક, તીખી, રુચિકર તથા વાતાનુલોમન છે; અને કફ, ઉધરસ, દમ, વાયુ, કોઠાનો વાયુ, કૃમિ, દંતરોગ, શુક્રરોગ, દૃષ્ટિરોગ, લીખ, જૂ, વીંછીનું વિષ તથા સોજાનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) જનાવરો ના કીડા દૂર થવા માટે:**-તંબાકુ ઝીણી કરી ચાઠામાં ભરવી. **(૨) અંડવૃદ્ધિ ઉપર:**—તંબાકુનાં પાંદડાંને શિલારસ ચોપડી બાંધવાં;કિંવા કાચકીમાંનું મગજ એરંડતેલમાં ખરલ કરી તંબાકુનાં પાંદડાં ઉપર ચોપડી તે પાંદડાં બાંધવાં. એ યોગથી સર્વાંગે ચર ચર થઈ ઉલટી થાય છે. ઘણીજ તસ્દી પડે તો તે છોડી નાખવાં અને વળી ફરીથી બાંધવાં. એથી કરી બે દિવસમાં અંડ ઠેકાણે આવે છે. તંબાકુનાં પાંદડાં એકલાં પણ બાંધવાં. **(૩) મધમાખી વગેરેના ડંખ ઉપર:** છીંકણી કિંવા ઝીણી કરેલી તંબાકુ ચોપડવી. **(૪) પીનસ રોગ ઉપર:**—જૂની છીંકણી સુંઘવી. **(૫)આદાશીશી ઉપર:**—તંબાકુમાં પાણી નાખી કપડછાણ કરી તેનાં બે ટીપાં નાકમાં પાડવાં; અને તાળવા ઉપર પણ થોડું પાણી ચોળવું. **(૬) સર્પના વિષ ઉપર:**-તંબાકુ પાણીમાં મેળવી શેર પાણી વસ્ત્રગાળ કરી રાખવું અને ઘડી ઘડીના આંતરે દર વખતે સાત સાત તોલા એમ બે-ત્રણ વાર આપી ઉલટી કરાવવી. આ ઔષધ પાંચ-છ વાર આપવાથી સારો ફાયદો થાય છે. **(૭) વિંછીના વિષ ઉપર:**—તંબાકુ પીવાની ચલમમાંનો કીલ ખાવાના પાનના બીડામાં થોડો ખવરાવવો. **(૮) જૂ મારવા માટે:**—તંબાકુ પાણીમાં મેળવી તે પાણી માથે

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ચોપડી ઉપર પાટો બાંધવો. બે પ્રહર પછી પાટો છોડી અરીઠાનું ફીણ ચોપડી સ્નાન કરવું; એટલે બધી જૂ મરે છે.

૨૭૪ તમાલવૃક્ષ-સં૦ મ૦ તમાલપત્ર. હિં૦ તેજપાત બં૦ તેજપાતા. ક૦ પત્રક. તૈ૦ આકુપત્રી. ઇં૦ ફ્રેલીઆમાલાબાત્રી લા૦ સિનામોમનંટમાલ. ફા૦ સાદરમ. અ૦ સાજિજ.

જેવાં તજનાં ઝાડ હોય છે, તેજ પ્રમાણે તમાલવૃક્ષ થાય છે. તમાલવૃક્ષ સિંહલદ્વીપમાં ઘણાં થાય છે. એનાં પાંદડાંને 'તમાલપત્ર' કિંવા 'તેજપત્ર' કહે છે. તમાલપત્રનો મસાલામાં તેમજ ઔષધોમાં ઘણો ઉપયોગ થાય છે. તમાલપત્ર તસુભર પહોળાં હોય છે અને ચાર-પાંચ આંગળ લાંબાં હોય છે. **તમાલવૃક્ષઃ**-મધુર, બલકર, વૃષ્ય, ગુરુ, ધાતુવર્ધક તથા શીતળ છે; અને શ્રમ, દાહ, કફ, પિત્ત, શોષ તથા વિસ્ફોટકનો નાશ કરે છે.

૨૭૫ તરટી--(સં૦ રક્તબીજકા. મ૦ તરંટી. ક૦ રેઉંડે) તરટીનાં ઝાડ બે માથોડાં ઉંચાં વધે છે. એનાં પાંદડાં બીડાએલાં અને લાંબાં હોય છે. તરટીને લાલ રંગનાં ફળ આવે છે. એ ઝાડને કાંટાં હોય છે. તરટીનાં ઝાડ સોલાપુર પ્રાંતમાં પુષ્કળ થાય છે. **તરટીઃ**-મધુર,કડવી, ગુરુ, બલકર અને કફનાશક છે. **ઉપયોગ (૧) કફ ઉપરઃ**—તરટીની છાલનો કાઢો મધ નાખી પાવો.

૨૭૬ તરબુચ (કાળીંગાં)—સં૦ કાલિંગ મ૦ કલીંગડ, તરબુજ. હિં૦ તરબુજ. બં૦ તરમુજ. ક૦ બચ્ચંગાઇ, કાલેંગુ. તૈ૦ તરબુજ, પુંજકાયા, દારબુજી. ફા૦ હીંદવાના. અ૦ બત્તી. તુ૦ બચ્ચંગે. મલા૦ વત્તક. તા૦ કોમટ્ટી. ઇં૦ વૉટરમેલન. લા૦ વલગેરીસ સાઇટ્લસ.

તરબુચના વેલા થાય છે. એમાં બે જાત છે. એક કાળી હોઈ ગોળ અને બીજી ધોળી અને લાંબી હોય છે. ધોળી જાતનાં તરબુચ જેને 'કાળીંગડાં' કહે છે, તે મોટાં અને મીઠાં હોય છે. એનાં પાંદડાંને પાંચ ખુણા હોય છે. દરેક ખુણાની વચમાં દોઢ આંગળ ખાંચો હોય છે. તરબુચ કોહોળા જેવડાં થાય છે. તરબુચ ઠંડાં છે. કુમળાં તરબુચનું શાક સારૂં થાય છે. મારવાડ, મથુરાં, દ્વારકા વગેરે સ્થળે ઉત્કૃષ્ટ તરબુચ થાય છે. એને 'ટરબુજ' પણ કહે છે.* **તરબુચઃ**-શીતળ, બલકર મધુર, તૃપ્તિકર, ગુરુ, પુષ્ટિકારક, મલસ્તંભક તથા કફકર છે; અને પિત્ત, શુક્ર તથા ધાતુનો નાશ કરે છે. એનાં પાંદડાં કડવાં અને રક્તવૃદ્ધિકારક છે. **ઉપયોગઃ—(૧)પુષ્ટતાને માટેઃ**—તરબુચનાં બીઆં વાટી તેનો મગજ અર્ધો તોલો અને ખડીસાકર અર્ધો તોલો એકત્ર કરી ખાવું. **(૨) દાહ ઉપરઃ**—તરબુચ ખાવાં. **(૩) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—તરબુચના ગર્ભનું પાણી પાશેર કાઢી તેમાં ખડીસાકર અને જીરાનું ચૂર્ણ નાખી આપવું. **(૪) ઇંદ્રિયમાં ચાંદી પડે છે**

---

* કાળીંગાનાં ખેતરો બહુધા નદી પાસે અને રેતાળ જમીનમાં હોય છે. કાળીંગામાં મુખ્ય બે જાતો છે. લાલ અને ધોળી. લાલની અંદરનો ગરભ રાતા રંગનો અને ઘણોજ ઠંડો તથા મીઠો હોય છે. કોઈ કોઈ તો એને, લાલ એજ નામથી પણ ઓળખે છે. બીજાનો ગરભ સફેદ હોય છે. એમાં ઠંડાશ એટલી બધી હોતી નથી, તોપણ તે મીઠાં અને ઠંડાં હોય છે. કુમળાં (કુણાં) હોય ત્યાંસુધી લોકો એનું શાક અને કઢી કરીને ખાય છે. પાક્યા પછી સ્વાદને માટે ઘણાક લોકો એના ગરભને ખાય છે. એનામાં તૃષા શાંત કરવાનો ઉત્તમ ગુણ છે; તેથી મુસાફરો ખેતરોમાંથી તે લઇ ખાઈ શાંત થાય છે. એ બહુ ખાવાથી મગજને શિથિલ કરી બુદ્ધિનો નાશ કરે છે. એથીજ એને કેટલાક લોકો કુમતિયાં નામથી પણ ઓળખે છે. એ માથાના વાળને ઉભા ઢુંકા કરે છે. એના બીજને કળીઓ કહે છે. એને પણ કેટલાક મીઠું ચઢાવી શેકીને ખાય છે. એના બીજના રંગ પ્રમાણે બે ત્રણ જાતો જોવામાં આવે છે.

કાળીંગાની કળીઓનું તેલ કાઢવાની રીત એવી છે કે, એને પાણી પીવાની બતકમાં ભરી તેને મજબૂત બૂચ મારી, તેમાં ઝીણું કાણું પાડી, એક પિત્તળની તપેલી જમીન અંદર ઉંડો ખાડો ખોદી તેમાં ઠેરાવી, તેના ઉપર તે બતક ઉંધી વાળી રાખી તપેલીમાં ધૂળ ન પડે તેમ ચોકસી કરી માત્ર બતકના બુદા ઉપર છાણાંનો તાપ આપવો, એટલે અંદરની કળીઓ બળી જઈ તેલ એ તપેલીમાં ઉતરશે. તપેલીના સ્થાને સાંકડા મોંનો લોટો હશે તો વધારે માફક આવશે. આ તેલ જનાવરોના ક્ષતમાં પડેલા કીડાને સત્વર નાશ કરનાર છે; એટલુંજ નહિ પણ મનુષ્યને પણ એટલુંજ હિતકારક છે. નહિ ઉઝાતાં (ભર નીગળ) ગુંમડાં તાબડતોબ શાંત પડે છે. ખરેખાત એ આપણું સ્વદેશી આયડોફ્રામ કિંવા કારબૉનિક એસીડ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તે ઉપરઃ—તરબુચની ચોખંડી ડગળી કાપી કાઢી, તેમાં પાશેર ખાંડ નાખી, તે ઉપર પ્રથમ કાઢેલી ડગળી પૂર્વવત્ બેસાડી તે ઝાકળમાં રાખવું અને સવારે તેમાંનું પાણી પાવું; એટલે ઇંદ્રિયની ચાંદી, ફોલ્લી અને પેશાબ વખતે થતી બળતરા એ વિકારનું શમન થાય છે.

૨૭૭ તલ—સં૦ હિં૦ તિલ. મ૦ તીળ૦ ક૦ એલુ. તૈ૦ નોબલુ. તા૦ એલ, નુબુ. તુ૦ ઉરૂ, એન્મે. મલા૦ કારેલ્લુ. ફા૦ કુંજંદ.અ૦ સીમસીમ. ઇં૦ સિસેમ નૈજર સીડસ. લા૦ સિસેમેઇ ડીક.

તલનાં ઝાડ શુમારે બે હાથ ઉંચાં વધે છે. એનો રોપો વેંત-દોઢવેંત ઉંચો વધે છે ત્યારે તેનાં પાંદડાંની ભાજી કરે છે. તલમાંથી તેલ કાઢે છે. તેનો ખોળ માણસોને અને ઢોરોને પણ ખાવાના ઉપયોગમાં આવે છે. તલ પૌષ્ટિક છે. તલનું તેલ ખાવાનાં સર્વ તેલોમાં ઉત્તમ છે. જંગલી અડદ, જંગલી મગ અને જંગલી ચણા (રુદ્રવંતી) પ્રમાણે જંગલી તલ કરીને જંગલમાં એક ઝાડ તલના ઝાડ જેવું થાય છે. એ જંગલી ઝાડ પણ ઔષધના ઉપયોગમાં આવે છે. તલમાં કાળા અને ધોળા એવી બે જાત છે. **તલઃ**-બલકર, સ્નિગ્ધ, ગુરુ, અગ્નિદીપક, સ્તનમાં દૂધ વધારનાર, પિત્તલ, કેશોને હિતવાહ, અલ્પમૂત્રકારક, વ્રણવિષે પથ્યકારક, ગ્રાહક, તુરા, મધુર, કડવા, પાકકાળે તીખા, સ્પર્શવડે શીત, મતિપ્રદ, દાંતોને હિતકારક, વર્ણકર તથા કફકારક છે; અને વ્રણ તથા વાયુનો નાશ કરે છે. **કાળા તલઃ**—ગુણમાં અધિક છે. **ધોળાતલઃ**—હીનગુણ છે. **રાતા** તથા **અરણ્ય તલ** ગુણોમાં હીન છે. **તલનું તેલ** વ્રણશુદ્ધિ કરે છે. **ઉપયોગઃ—(૧) મૂત્રાઘાત (મૂત્ર બંધ થવું) અને દાહ ઉપરઃ**—તલની સોટીઓની અથવા ખોળની રાખ ગાયના દૂધમાં મેળવી તેમાં થોડું મધ નાખી પાવું. **(૨) તારુણ્યપિટકા ઉપર લેપઃ**—ગોમૂત્રમાં તલનો જૂનો ખોળ કાલવી લેપ કરવો. **(૩) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—તલનું તેલ ચુનાના નીતર્યા પાણી સાથે મિશ્ર કરી તેની પટ્ટી બાંધવી; અને વારંવાર તે પટ્ટી ઉપર તે મિશ્રણ કરેલા તેલનાં ટીપાં પાડતા જવું; એટલે તત્કાળ રોગીને સુખ જણાશે અથવા મિશ્રણનો મોરના પીંછાવડે લેપ કરવો. **(૪) અટકાવ આવવા માટેઃ**—તલ, ગુંદાં અને વરીઆળીનો કાઢો કરી ગોળ નાખી ત્રણ દિવસ પાવો; અથવા કાળા તલનો કાઢો ગોળ નાખી પાવો. **(૫) મુખપાકના રોગથી દાંત હાલે છે તે ઉપરઃ**—સિંધવ અને તલના તેલના કોગળા મોંમાં રાખવા. **(૬) અપસ્માર (ગોતા) ઉપરઃ**—તલના તેલમાં ગોમ (કાનખજુરો) તળી કાઢવું; અને તે તેલ એકેક ટીપું નાકમાં અને કાનમાં પાડવું એટલે માથામાંહેના કીડા નીકળી જઈ રોગ દૂર થાય છે. **(૭) આદાશીશી ઉપરઃ**—ગોળ અને ઘી એકત્ર કરી ખાવાં અને દૂધમાં તલ અથવા તેલ અને વાવડીંગ વાટી તેનો લેપ મસ્તક ઉપર કરવો; એટલે ત્રણ દિવસમાં આદાશીશી બંધ થાય છે. **(૮) કુતરાના વિષ ઉપરઃ**—તલનું તેલ અને ખાંડેલા તલ, ગોળ અને આકડાનું દૂધ, એ સમભાગે લઇ એકત્ર કરી પાવાથી વિષ ઉતરી જાય છે. **(૯) ધંતુરાના વિષ ઉપરઃ**—તલનું તેલ અને ગરમ પાણી એકત્ર કરી પાવું. **(૧૦) પિત્તથી આખા શરીર ઉપર ફોલ્લા ઉઠે છે તે ઉપરઃ**—તલનું તેલ બે પસાભાર, અફીણ એક પૈસાભાર અને પાંચ રાઇના દાણા જેટલો સાબુ, એ સર્વ ગરમ કરી ફોલ્લા ઉપર ચોપડવાં; અથવા સર્પની કાંચળીની રાખ તલના તેલમાં ખરલ કરી ફોલ્લા ઉપર ચોપડવી. **(૧૧) પ્રમેહ અને વીર્યપતન ઉપરઃ**—તલનાં પાંદડાં પાણીમાં પલાળી, ચોળી, તે પાણી સાકર નાખી જલદીથી પાઇ દેવું. વાર થાય તો તે પાણીનો ગડો બંધાઇ વ્યર્થ જશે. **(૧૨) ગર્ભસ્રાવ થવાની ખોડ હોય તોઃ**—તલ અને પદ્મકાષ્ટ સમભાગ લઇ એકત્ર વાટી સાકરમાં આપવું. **(૧૩) રક્ત-મૂળવ્યાધિ ઉપરઃ**-તલ વાટી માખણમાં મેળવી ખાવા. **(૧૪) ગર્ભિણી અને સુવાવડીના રક્તસ્રાવ ઉપરઃ**—તલ, જવ અને સાકરનું ચૂર્ણ મધમાં આપવું. **(૧૫) અશ્મરી અને શુક્રાશ્મરી** (શુક્રનો અવરોધ કરવાથી જે પથરી થાય છે તે) **ઉપરઃ**—તલની સોટીઓની રાખ મધમાં નાખી આપવી. **(૧૬) બાળકની રક્તસંગ્રહણી ઉપરઃ**-માખણમાં થોડી તલની ભુકી અને સાકર નાખી આપવું. **(૧૭) તિડીક પ્રમેહ (તણખીઆ પરમીઆ) ઉપરઃ**—તલનાં તાજાં ફૂલો સાંજે લાવી અર્ધાશેર પાણીમાં શુમારે ૫૦ ફૂલો પલાળી રાખવાં. સવારે તે ફૂલો સળીવડે હલાવવાં; એટલે પાણીનો જાડો ખોળ થશે. પછી તેલમાંહેનાં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ફૂલો કાઢી નાખી તે ખોળ શુમારે ૪ તોલા લઇ તેમાં સાકર નાખી પાવો. એ પ્રમાણે બે વખત તાજો ખોળ તૈયાર કરી સાત દિવસ પાવો. (૧૮) **તિડીક પ્રમેહ ઉપરઃ**—જંગલી તલની ભાજી સૂકવી રાખવી અને રોજ રાત્રે એક પૈસાભાર કાચના વાસણમાં પલાળી રાખી બીજે દિવસે પ્રાતઃકાળમાં તેજ પાણીમાં તે ભાજી મસળી વસ્ત્રગાળ કરી શુમારે ચાર પૈસાભાર પાણી લઇ તેમાં જીરૂં અને સાકરની ભૂકી નાખી એક વખત એ પ્રમાણે સાત દિવસ પાવું. (૧૯) **માંકડનો નાશ થવા માટેઃ**—તલના ઝાડ ઉપર એક જાતના જીવ હોય છે તેને 'માકળા' કહે છે. તે સુદ્ધાં ઝાડ બાંધી લાવી ઘરમાં મૂકવું, તે માંકડને ખાઇ જાય છે. માણસને કંઇ ઇજા કરતા નથી. (૨૦) **રક્તગુલ્મ ઉપર તથા અટકાવ આવવા માટેઃ**—તલનો કાઢો કરી તેમાં સુંઠ, મરી, લીંડીપીપર, હિંગ અને ભારંગમૂળનું ચૂર્ણ નાખી તે કાઢો પાવો. (૨૧) **રક્તાતિસાર ઉપરઃ**—વાટેલા કાળા તલ એક ભાગ, સાકર બે ભાગ અને બકરીનું દૂધ ચાર ભાગ, એકત્ર કરી તે પાવું. (૨૨) **મૂતરખડા (પથરી) ઉપરઃ**—તલનાં ફૂલનો ખાર, મધ તથા દૂધ એકત્ર કરી તે ત્રણ દિવસ પાવું: (૨૩) **વાળા ઉપરઃ**—તલનો ખોળ કાંજીમાં વાટી લેપ કરવો.

૨૭૮ તવખીર વૃક્ષ—સં૦ ક૦ તવક્ષીર. મ૦ તવકીર, તવખીર. ફા૦ તબાશીર. ઇં૦ આરોરુટ. લા૦ કર્કર્યુમા એગસ્ટિફોલિયા. મલા૦ કુવા.

આ ઝાડ મલબાર પ્રાંતમાં થાય છે. એ વધારેમાં વધારે એક માથોડું ઉંચું વધે છે અને સાધારણ રીતે બે હાથ ઉંચું હોય છે. એનાં પાંદડાં હળદરનાં પાંદડાં જેવાં હોય છે અને ઝાડ પણ તેવુંજ દેખાય છે; તથા તેના જેવીજ તેને મુંડીઓ થાય છે. તેને ચુંટી કાઢી પાણીમાં ધોયા પછી જરા કચરી ચાર-પાંચવાર ધોઇ તાપમાં સૂકવે છે. પછી તેને દળી તેની બારીક ભૂકી કરે છે. તે શુભ્ર (ધોળા) રંગની હોય છે. તેને 'તવકીર' કહે છે. એને દૂધમાં બાફી ખાય છે. એવો જે પદાર્થ કરે છે તેને 'લાપશી' કહે છે. નાનાં બાળકોને તથા રોગીને એ લાપશી આપે છે. એ પદાર્થ શીતળ અને પૌષ્ટિક છે. તવખીર પાંચ છ જાતના ઝાડના કંદમાંથી થાય છે.× મહાબળેશ્વરના ડુંગર ઉપર પણ તવખીર ઉત્પન્ન કરનારાં ઝાડ થાય છે. અમેરિકા ખંડમાં આ ઝાડ પ્રખ્યાત છે. અમેરિકન લોકો બાણથી કિંવા બીજા શસ્ત્રથી જખમ થયા હોય તો એ ઝાડનું દૂધ ચોપડે છે; માટે તેને "આરોરૂટ" એવું નામ આપેલું છે. ઇંગ્રેજી ભાષામાં આરા એટલે "તીર" અને "રૂટ" એટલે મૂળ એવો અર્થ થાય છે. લુચ્ચા માણસો તવખીરના યોગે તેલનું ઘી કરે છે. તે માત્ર આઠ દિવસજ સારૂં રહે છે. પછી તેનો તેલવાળો વાસ આવે છે. **તવખીરઃ**—મધુર, શુભ્ર, શીત, સુગંધી, બલકર, વૃષ્ય, પૌષ્ટિક, ધાતુવર્ધક, લઘુ તથા સ્નિગ્ધ છે; અને ક્ષય, પિત્તરક્ત, પિત્તદાહ, અરુચિ, ઉધરસ, દમ, તાવ, તૃષા, કમળો, પાંડુ, કોઢ, મૂત્રાશ્મરી, મૂત્રકૃચ્છ, મેહ, વ્રણ, કફ તથા રક્તદોષનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ગરમીથી મોંમાં ચાંદીઓ પડે છે તે ઉપરઃ**—તવખીર ચોપડવી. (૨) **પિત્ત ઉપરઃ**—તવખીર ઘીમાં નાખી ખાવી. (૩) **બાળકોને શક્તિવર્ધક ભક્ષ્યઃ**—તવખીર ઠંડા પાણીમાં અથવા ગાયના દૂધમાં નાખી બાફી પાતળી રાબડી કરી તેમાં થોડી સાકર નાખી પાવી. (૪) **રક્તપ્રદર** (સ્ત્રીઓને ધાત જાય છે તે) **ઉપરઃ**—તવખીર, રાળ અને ગેરૂનું ચૂર્ણ ઘીમાં આપવું.

૨૯૯ તાડ— સં૦ બં૦ ફા૦ તાલ. મ૦ ખરતાડ, તાડવૃક્ષ. હિં૦ તાડ. ક૦ તાળીમારા. તૈ૦ તાતિ. તા૦ પનેમારં, તાળી. તુ૦ તાંરી. મલા૦ માલં, પના. અ૦ તાર. ગો૦ તળટમાહ્રો ઇં૦ પાલમાયરા, પામ. લા૦ બોરેસસ્, ફ્લેબેલીફોર્મીસ.

તાડ,માઢ,સોપારી,સુરમાડ,શીંદી એ સર્વ ઝાડ એકજ જાતનાં છે.એની ઉત્પત્તિ ગરમ દેશમાં થાય છે.તાડનાં ઝાડ ડુંગર ઉપર અને રાતમાં પોતાની મેળે ઉગે છે.એ દશ-બાર વર્ષે ફળે છે. તાડનું ઝાડ ઘણુંજ ઉંચું વધે છે.તેનો સોટો ૪૦-૫૦ હાથ ઉંચો અને સરળ હોય છે. એ ઝાડમાંથી તાડી કાઢે છે.એના ફળને 'તાડગોળા'કે 'તાડફળ' કહે છે.એ ગોળા ઘણા ઠંડા છે તેથી કેટલાક લોકો ગરમી થવાથી ખાય છે. તાડ-

× તવખીર, જવ, ઘઉં, ચોખા, તાલવૃક્ષ, વનગાયનું દૂધ, સિંગોડાંનો આટો, એનું પણ કરે છે. તેમાં વનગાયના દૂધની અને જવની ઉત્તમ ગણાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નું ઝાડ ઘણુંજ ઉપયોગી છે. તેની ઝાવલી ઘરનાં છાપરાંપર નાખે છે. તેનાં પાંદડાંમાંથી છત્રીઓ વગેરે અનેક વસ્તુઓ થાય છે. તાડના સોટા પાણી જવાની પરનાળો કરવાના ઉપયોગમાં આવે છે. તાડપત્રવૃક્ષ કરીને તેની એક જાત સિંહલદ્વીપમાં થાય છે. એની ઉંચાઇ સવાસો હાથ હોઇ એની ઝાવલી પંદર-વીસ હાથ લાંબી હોય છે. એ એક ઝાવલીથી વીસ પચીસ માણસનું વરસાદથી કે તાપથી રક્ષણ થાય છે. આ તાડપત્રવૃક્ષ શુમારે ૮૦ વર્ષ ટકે છે. એટલા વખતમાં તે એકજ વખત ફળે છે. એનાં ફળ હાથીના મસ્તક જેવડાં હોઇ તેમાં તાળગોળા જેવો ગીરો હોય છે. તે લોકો ખાય છે. એ વૃક્ષનાં પાંદડાંનો પુસ્તક લખવામાં પ્રથમ ઉપયોગ થતો હતો. સિંહલદ્વીપ, કર્નાટક, એ દેશોમાં અદ્યાપિ તાડપત્ર ઉપર પુસ્તકો લખે છે. લખવાના કામમાં લીધા પહેલાં એ પાંદડાં દૂધ પાણીમાં ઉકાળી કાઢે છે. એ પાંદડાં ઉપર લોખંડના ખીલાથી લખે છે. એ પાંદડાં કાગળ કરતાં ઘણાં વર્ષો સુધી ટકે છે. વ્યંજનતાડ કરીને એક તાડની જાત છે, તેનાં ઝાડ દક્ષિણ અમેરિકામાં ઘણાં છે. એ સાદડીઓ તથા પંખા કરવાના કામમાં આવે છે. તાડગોળા કુમળા હોય ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. જૂના તાડગોળા ખાવાથી અતિસાર થાય છે. તાડગોળાની અંદર નાળીએરની પેઠે પાણી હોય છે. તે પીવાય છે. **તાડવૃક્ષઃ**-મધુર, શીતળ, માદક, પુષ્ટિકર, શુક્લ, કફકર, બલકર, મેદકારક, વૃષ્ય તથા સારક છે; અને પિત્ત, દાહ, શોષ, વિષ, શ્રમ, કોઢ, કૃમિ, રક્તદોષ તથા વાયુનો નાશ કરે છે. એનાં **કુમળાં ફળઃ**-સ્નિગ્ધ, સ્વાદુ, ગુરુ, મલાવરોધક, બલકર, શીતલ, ધાતુવર્ધક, વૃષ્ય, તૃપ્તિ-કારક, માંસલ તથા કફકર છે; અને વાયુ, શ્વાસ, રક્તપિત્ત, વ્રણ, દાહ, ક્ષત, પિત્ત, ક્ષય તથા રક્તદોષનો નાશ કરે છે. એનાં **પાકાં ફળઃ**—દુર્જર તથા મૂત્રલ છે; અને શુક્ર, પિત્ત, કફ, નેત્રાભિષ્યંદ તથા રક્તને કરનારાં છે. એનું **લીલું ટોપરૂંઃ**-મૂત્રલ, શીતળ, રસકાળે અને પાકકાળે મધુર તથા સારક છે અને વાતપિત્તનું નાશક છે. **એનું જૂનું ટોપરૂંઃ**—કફકર, મદકારક, લઘુ, સ્નિગ્ધ, મધુર, સારક અને વાતપિત્તનાશક છે. **તાડના મસ્તકમાંનું માંજરઃ**—ધાતુવર્ધક અને વાતપિત્તનું નાશક તથા બસ્તિ શુદ્ધ કરનારૂં છે. **તાડીઃ**—અતિ માદક, સ્નિગ્ધ, ગુરુ તથા વૃષ્ય છે. તેજ ખાટી થઇ હોય તો પિત્તકર અને વાતનાશક છે. **તાડનાં મૂળઃ**-પાકકાળે સ્વાદુ અને રક્તપિત્તનાશક છે. **ઉપયોગઃ—(૧) ગરમીથી પેશાબે બળતરા થાય છે તે ઉપરઃ**—કુમળા તાડગોળા ખાવા એટલે પેશાબ સાફ થાય છે; અથવા તાડનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી સાકર નાખી પાવાં.

૨૮૦ તાંદળજો (ચોળાઇ)—સં૦ તંદુલીક. મ૦ તાંદુળજા. હિં૦ ચૌરાંઇ. બં૦ ક્ષુદ્રેનટે, કાંટાનટે, ગોયાલનટે, કીરેસોપ્યુ. તૈ૦ માલાકુરા. તા૦ મુલ્લુકુરઇ. મલા૦ ચિરૂચિડા. ફા૦ સપેજમાર્જ. અ૦ બુક્કલેયમાનીય. ઇ૦ હમેન્ટ્રોડાઇટ એમેરેંથ. લા૦ એરેમેંથીસ ડેન્યુઈટ ફોલિયમ્.

આ ભાજી બારમાસી થાય છે. એનાં પાંદડાં નાનાં અને રોપો બે વેંતથી અધિક ઉંચો થતો નથી. આ ભાજી સ્વાદે ઘણી સારી અને પથ્યકર છે. **તાંદળજોઃ**—મધુર, શીતળ, રુચિકર, અગ્નિદીપક, લઘુ, રુક્ષ, મૂત્રલ, પથ્યકારક તથા સારક છે; અને વિષ, પિત્ત, શ્રમ, દાહ, રક્તદોષ, ઉન્માદ, રક્તપિત્ત, શીતપિત્ત, ત્રિદોષ, તાવ, કફ, ઉધરસ તથા અતિસારને નાશ કરે છે. **તાંદળજાનાં પાંદડાંઃ**—શીત છે; તથા પિત્ત, રક્તવિકાર, વિષ તથા ઉધરસનો નાશ કરનાર અને રુચિકર છે. **જળતાંદળજોઃ**—કટક, રક્તપિત્તનો નાશક, કડવો અને લઘુ છે. **ઉપયોગઃ—(૧) સર્પના વિષ ઉપરઃ**—તાંદળજાનાં મૂળ અને મરી ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. **(૨) સર્વ પ્રકારના પ્રદરો ઉપરઃ**-તાંદળજાનાં મૂળ વાટી તેનો કલ્ક કરી તેમાં રસાંજનx મેળવી, તેમાં મધ અને ચોખાનું ધોવરામણ ચોગણું નાખી પાવાથી સર્વ પ્રકારના પ્રદર નાશ પામે છે. **(૩) ગર્ભ સ્થિર થવા માટેઃ**—ઋતુકાળે તાંદળજાનાં મૂળ ધોવરામણમાં વાટી પાવાં. **(૪) વિષમજ્વર ઉપરઃ**—તાંદળજાનાં મૂળ માથા ઉપર બાંધવાથી વિષમજ્વર જાય છે. **(૫) આગીઆ મણીઆરના વિષ ઉપરઃ**—તાંદળજાનાં મૂળ અને મરી ચોખાના ધોવરામણમાં ઘસી પાવાં. (૬)

x રસાંજન એટલે દારૂહળદરનો અષ્ટમાંશ કાઢો કરી તેમાં તેટલુંજ બકરીનું દૂધ મેળવી ઉકાળી માવો કરી ખાંડી ચૂર્ણ કરવું તે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ગર્ભિણી અને સુવાવડીના રક્તસ્રાવ ઉપર:—તાંદળજાનાં મૂળ વાટી ચોખાના ધોવરામણમાં પાવાં. (૭) **વીંછીના વિષ ઉપર તથા સોમલ ઉપર ઉતાર:**—તાંદળજાનો રસ સાકર નાખી પાવો. (૮) **વછનાગના વિષ ઉપર:**—મૂળ સુદ્ધાં તાંદળજાના રસમાં ગાયનું દૂધ નાખી પાવું. (૯) **ચણોઠીના વિષ ઉપર:**—તાંદળજાનો રસ ચને સાકર પાવાં. (૧૦) **ઢોરના ખાવામાં સોમલ આવ્યો હોય તો:**—તાંદળજાનાં મૂળ, બીલીનાં મૂળ અને કોડીનાં મૂળ ગાયના ઘીમાં ઘસી પાવાં. (૧૧) **આદાશીશી ઉપર:**—તાંદળજો અને જટામાંસીના કલ્કમાં ઘી સિદ્ધ કરી એનું નસ્ય આપવું. (૧૨) **ગયેલા કેશ આવવા માટે:**—તાંદળજાની ભાજી ભક્ષણ કરવી. (૧૩) **અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—તાંદળજાનો રસ ચોપડવો. (૧૪) **ઉદરરોગ ઉપર:**—તાંદળજાની ભાજીનો રસ કાઢી પાવો, અથવા તાંદળજાની ભાજી નિત્ય ખાવી. (૧૫) **પારો વગેરે શરીરમાં મરેલાં સર્વ રસાયનો નીકળી જવા માટે:**—તાંદળજાનો રસ ઘીમાં ૮ દિવસ ખાવો. (૧૬) **કૃત્રિમ વિષ ઉપર:**—ધુંવાસ અને તાંદળજાનાં મૂળ બન્ને સમાન ભાગે પાણીમાં વાટી તેમાં તેથી ચોગણું ઘી નાખી, ઘીથી ચોગણું દૂધ નાખી ઘી બાકી રહે ત્યાંસુધી ઉકાળી તે પાવું; એટલે સર્વ કૃત્રિમ વિષોનો નાશ થશે.

૨૮૧ તાલીસ—સં૦ મ૦ બં૦ હિ૦ તાલીસપત્ર. ક૦ ચરીચલી-ચંચલી-મારા. તૈ૦ તા૦ તાલીસ-પતીરી-પત્રી. મલા૦ તાલેસપત્ર. ફા૦ જરનવ. અ૦ તાલીસફર. લા૦ ટેકસસ્બેકેટા.

એની ઉત્પતિ હિમાલય પર્વત ઉપર થાય છે. એ ઝાડ નાનાં હોય છે. એનાં પાંદડાંને 'તાલીસપત્ર' કહે છે. તાલીસપત્રનો ઔષધમાં ઘણો ઉપયોગ થાય છે. **તાલીસપત્ર:**—મધુર, કડવું, ઉષ્ણ, લઘુ, તીક્ષ્ણ, સ્વર્ય, હૃદ્ય તથા અગ્નિદીપક છે; અને દમ, ઉધરસ, કફ, વાયુ, ક્ષય, ગુલ્મ, અરુચિ, રક્તદોષ, ઉલટી, આમદોષ, અગ્નિમાંદ્ય, પિત્ત તથા મુખરોગનો નાશ કરે છે. **તાલીસાદિ ચૂર્ણ:**—તાલીસપત્ર ૧, મરી ૨, સુંઠ ૩, લીંડીપીપર ૨, વંશલોચન (વાંસકપૂર) ૨, એલચીડોડા ૦॥, તજ ૦॥ અને ખાંડ ૩૨ તોલા, એ સર્વનું ચૂર્ણ કરી તે ૩ માસા આપવું; એટલે અરુચિ, અજીર્ણ, ઉધરસ, શ્વાસ, તાવ, ઉલટી, અતિસાર, શોષ, પેટ ચડવું, બરોળ, પાંડુ તથા સંગ્રહણી વગેરે રોગો દૂર થાય છે.

૨૮૨ તિપાની—(સં૦ ત્રિપર્ણી) તિપાનીના નાના નાના વેલા થાય છે. એ વેલા વાડો ઉપર અને ઘણું કરી ભોંયમગના ખેતરોમાં ઘણા થાય છે. એનાં પાંદડાં બારીક અને આકારે ભોંયમગનાં પાંદડાં જેવાં હોય છે. એ વેલાને ત્રિદલ પાંદડાં આવે છે. એ વેલો શ્વાસ, કાસ, વ્રણ અને વિષનો નાશક છે. **તિપાની:**-મધુર તથા શીત છે; અને દમ, ઉધરસ, વ્રણ, શીતપિત્ત તથા વિષનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) વ્રણ ઉપર:**-તિપાનીનાં પાંદડાં સૂકવી બાળી રાખ કરવી અને તે ઘીમાં ખરલ કરી ચોપડવી; એટલે ગુમડું તરતજ ભરાઇ આવે છે. આ અનુભવસિદ્ધ પ્રયોગ છે.

૨૮૩ તિવર-તિવરનાં ઝાડ ખાડીમાં થાય છે. એ ઝાડ માથોડું-એ માથોડાં ઉંચાં વધે છે. એને કાંટા હોય છે, એનું લાકડું મજબૂત હોય છે. ઘણું કરીને એનો બાળવાના કામમાં વિશેષ ઉપયોગ થાય છે. દેવતા સળગાવવાને એની છાલ ઘણી ઉપયોગમાં આવે છે.

૨૮૪ તુરીઆં-સં૦ ધારાકોશાતકી. મ૦ દોડકી, શીરાળી. હિં૦ તોરઇ, ઘીસોડા. બં૦ ઝીગા. ક૦ ધારવીરે. તૈ૦ બીરકાયા. તા૦ પીરકુ. તુ૦ પીરે. મલા૦ પિચ્ચકં. ઇં૦ એક્યુટેંગલ્ડ કકંબર. લા૦ લ્યુફાએકયુટેંગ્યુલા.

તુરીઆંનો વેલો ઘણોજ પ્રસરે છે. તુરીઆંને પીળાં ફૂલો આવે છે. એ વેલો વાવ્યા પછી સવા મહિને ફળ આવે છે. એ ફળ હાથ હાથ લંબાઈ સુધી વધે છે. તુરીઆંનું શાક થાય છે. એ આમાંશ કરનારૂં છે. **તુરીઆં:**-મધુર, સ્નિગ્ધ, શીત, બલપ્રદ, વીર્યપ્રદ, રુચિકર, ગુરુ તથા પથ્યકર છે; અને શ્વાસ, કાસ, તાવ, કફ, પિત્ત, કૃમિ, ગુલ્મ, ઉદર, ત્રિદોષ તથા મલબંધનો નાશ કરે છે. **ઉપયોગ:- (૧) બદ ઉપર:**-તુરીઆંનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી ચોપડવાં; કિંવા તુરીઆંની ભાજી બારીક વાટી વેળ ઉપર ચોપડવાથી ચાર પ્રહરમાં બદની ગાંઠ બેસે છે. (૨) **શરીરમાં ગરમીના આજાર મરવાથી કાખમાં કિંવા જાંગના ખાંચામાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—તુરીઆંના વેલાનાં મૂળ ગાયના માખણમાં કિંવા એરંડતેલમાં ઘસી બે ત્રણવાર ચોપડવાં; એટલે ચાંદીઓ મટી જાય.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છે.(૩) **મૂત્રખડા (પથરી) ઉપરઃ**–તુરીઆંના વેલાનાં મૂળ ગાયના દૂધમાં અગર ઠંડા પાણીમાં ઘસી પ્રાતઃકાળે એકવાર એ પ્રમાણે ત્રણ દિવસ પાવાં.

૨૮૫ તુવરફળ––સં૦ હિં૦ બં૦ ક૦ તુંબરૂ–ફળ. મ૦ તી–ચીરફળ. કો૦ તીસળી. લા૦ કસાંથોકસીલન એસ્ટિલ.

આ કાંટેરી ઝાડ **ગોમાંતક** અને **કર્નાટક** પ્રાંતમાં ઘણાં થાય છે. એ ઝાડ સીમળાના ઝાડ જેવાં થાય છે. એને મરાઠીમાં "તીસળી" પણ કહે છે. એનું લાકડું ઘણું ચીકણું અને કઠિન હોય છે. તે ઘર બાંધવાના કામના ઉપયોગમાં આવે છે. એ ઝાડના કાંટા હાથેળી જેવડા પહોળા હોય છે. તે લઇ સૂતર કાઢવા માટે તેની ચક્કીઓ કરે છે. કાકડી કિંવા કોહોળું છીણવાને છીણી ન હોય ત્યારે આ કાંટાવડે કામ ચલાવી લે છે. એનાં ફળ ચણા જેવડાં હોય છે. એ ગુણમાં ઘણાં ગરમ છે. એ કાંઇક તીખાં લાગે છે. એ ફળ પાકે એટલે રાતાં થાય છે. એ ફળ સૂકાય એટલે તેના ઉપરની છાલ મસાલામાં નાખે છે. એ ફળનું તેલ પણ નીકળે છે. **તુવરફળઃ**—મધુર, કડવાં, તીક્ષ્ણ, અગ્નિદીપક, ઉષ્ણવીર્ય મૂત્રકૃચ્છ્રનાશક, રુક્ષ, તીખું, રુચિકર, લઘુ, વિદાહી તથા હૃદ્ય છે; અને કફ, વાયુ, ગુલ્મ, ઉદરરોગ, શૂળ, પેટ ચડવું, કૃમિ, નેત્રરોગ, કર્ણરોગ, મસ્તકરોગ, કંઠરોગ, ઉલટી, કોઢ, પ્લીહા, શ્વાસ, અરુચિ તથા અપતંત્રક વાયુનો નાશ કરે છે. **ઉપયોગઃ**— **(૧) શૂળ, પેટનું ચડવું, ગુલ્મ અને ઉદરરોગ ઉપરઃ**–તુવરફળ, સિંધવ, સંચળ, બીડલોણ, વાવડીંગ, અજમોદ, એરંડાનાં મૂળ, જવખાર, બાળહરડે, શેકેલી હિંગ એ સમભાગે લેવાં અને નસોતર ત્રણ ભાગ લેવાં. એ બધાનું ચૂર્ણ કરી તે ગરમ પાણીમાં અગર જવના કાઢામાં પાવું. **(૨) વાયુથી અંગમાં કળતર થાય છે તે ઉપરઃ**—તુવરફળનું ચૂર્ણ ૧–૨ ગુંજ મધમાં આપવું. **(૩) અજીર્ણ ઉપરઃ**—તુવરફળની ભૂકી કરી ગોળમાં કાલવી ચણોઠી જેવડી ગોળીઓ કરી તે ગોળી ઘીમાં આપવી. **(૪) વાતભ્રમ ઉપરઃ**– તુવરફળની ભૂકી અને મરીની ભૂકી એકત્ર કરી કોપરાના તેલમાં કાલવવું અને મસ્તક તથા બન્ને આંખો ઉપર ચોળી ચોળી જીરવવું.

૨૮૬ તુવેર–(તુવર, તુર, તુરા.) સં૦ તુવરી, આઢકી. મ૦ તુર. હિં૦ અરહર, રહરી. ક૦ તોગરી. તા૦ અદગી, તુવરે. તુ૦ તોગોરી. મલા૦ આઢકા, તુવર. ફા૦ શાખુલ. ઈ૦ પીજીયમ્પી. લા૦ કેજેનસ્ ઇન્ડિકસ્.

તુવેરની વાવણી ગુજરાત અને દક્ષિણ દેશમાં ઘણી થાય છે. યૂરોપ, આફ્રિકા, અમેરિકા, એ ખંડોમાં આ ધાન્યનું નામ કોઇ જાણતું નથી. તુવેરનાં ઝાડ બે પ્રકારનાં થાય છે. એક પ્રતિવર્ષે થનારી અને બીજી ત્રણ ચાર વર્ષ ટકનારી. પ્રતિવર્ષ થનારાં ઝાડ બે અઢીજ હાથ ઉંચાં વધે છે. જે ઝાડ બે–ત્રણ વર્ષ રહે છે, તે પાંચ–છ હાથ ઉંચાં વધી તેના છોડ પહેલીના કરતાં જાડા હોય છે. તુવેરમાં બે જાત છે. રાતી અને ધોળી. સુરતી તુવેરની દાળ સર્વોત્કૃષ્ટ હોય છે. તુવેરની દાળનો હિંદુલોકમાં ઘણો ઉપયોગ થાય છે. તુવેરની દાળનું પૂરણ, તેના પાણીની કઢી વગેરે પદાર્થો કરે છે. એ ધાન્ય ચણાથી અર્ધું પૌષ્ટિક છે. **તુવેર સાધારણઃ**–કિંચિત્ મધુર, વાતલ, તુરી, ગુરુ, રુચિકર, ગ્રાહક, રુક્ષ, વર્ણકર તથા શીતળ છે; અને કફ, પિત્તજ્વર, વિષ, રક્તદોષ, ગુલ્મ, વાયુ તથા અર્શનો નાશ કરે છે. એ ઘીમાં સેવવાથી વાયુનો તથા ત્રિદોષનો, લેપનથી કફ–પિત્તનો અને રેચનથી કફ અને મેદનો નાશ કરે છે. **તુવેરની દાળઃ**–પથ્યકર તથા કિંચિત્ વાતલ છે અને કૃમિ તેમજ ત્રિદોષનો નાશ કરે છે. **ધોળી તુવેરઃ**–ગુરુ છે અને વાયુ, પિત્ત, અમ્લપિત્ત અને આધ્માનને કરનારી છે. તે ગ્રાહક અને પથ્યકર છે. **રાતી તુવેરઃ**–રુચિકર, બલકર, પથ્ય તથા જ્વરનાશક છે; અને પિત્ત, સંતાપાદિ અનેક રોગોનો નાશ કરે છે. **કાળી તુવેરઃ**–બળકર તથા અગ્નિદીપક છે અને પિત્ત તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ભાંગ ઉપર ઉતારઃ**– તુવેરની દાળ વાટી પાવી. **(૨) ખસ ઉપરઃ**–તુવેરની દાળ અથવા પાંદડાં બાળી દહીંમાં ખરલ કરી ચોપડવાં. **(૩) નાડીવ્રણ ઉપરઃ**–ધોળી તુવેરનાં પાંદડાંનો અંગરસ પાશેર કાઢી તેમાં ગાયનું ઘી ૨૧ વાર ધોએલું મેળવવું, પછી તેનો વ્રણ ઉપર લેપ કરવો; અથવા પાંદડાં બાળી તે ઘીમાં ખરલ કરી ચોપડવાં. **(૪) દંતરોગ ઉપર અને દાંત મજબૂત થવા માટેઃ**–તુવેરની

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સૂકાયલી ભાજી અથવા તુવેરની દાળ, કાંટાસરીઆનાં મૂળ અને ભિલામો, એકત્ર કરી કઢઇમાં નાખી તપી ગયા પછી અંદર અંગારા નાખી કોલસા થવાજોગ ઔષધો બળે એટલે ઉપર ઢાંકણું ઢાંકવું; અને અંદર મીઠું નાખી વાટી તે મસી રોજ દાંતે ચોપડી દાંત ઘસવા. (૫) **ભ્રમ અને મૂર્છા ઉપરઃ**—તુવેરની દાળ ઘસી તેનું અંજન કરવું. (૬) **આદાશીશી ઉપરઃ**—તુવેરનાં પાંદડાં અને ધ્રોનો રસ એકત્ર કરી તેનું નસ્ય આપવું. (૭) **મુખપાક ઉપરઃ**—તુવેરનાં પાંદડાં અડધો તોલો તંબાકુની પેઠે વારંવાર ચાવી મોંઢામાં રાખવાં અને લાળ થુંકી નાખવી. (૮) **રક્તપિત્ત ઉપરઃ**—તુવેરનાં પાંદડાંનો રસ ૧ તોલો અને ઘી ૩ તોલા એકત્ર કરી પાવું; એટલે નાકમાંથી અને મોંમાંથી લોહી પડતું બંધ થાય છે. (૯) **સર્પના વિષ ઉપરઃ**-તુવેરનાં મૂળ ચાવી ખાવાં.

૨૮૭ તુલસી--સં૦ હિં૦ ક૦ તૈ૦ બં૦ મા૦ તા૦ મલા૦ તુલસી. મ૦ તુળસ. ફા૦ રેહાન. અ૦ ઉલસીબદરૂત. ઇ૦ વ્હાઇટબેઝીલ. લા૦ ઓસીસમ્ ઑલબમ્.

તુળસીનાં ઝાડ શુમારે હાથ-બે હાથ ઉંચાં વધે છે. એમાં કાળી અને ધોળી એવી બે જાત છે. તુળસીને માંજરો આવે છે અને તેમાં તેનાં બી હોય છે. એ માંજરોનો અને તુળસીદળનો દેવની પૂજામાં ઉપયોગ થાય છે. કાળી તુળસીનાં ઝાડ કાળા રંગનાં હોય છે. કાળી તુળસી ધોળી કરતાં વધારે ગુણવાળી છે. તુળસીના ઝાડમાં અનેક **અપૂર્વ** ગુણો હોવાથી આપણા પૂર્વના **ઋષિવર્યોએ** દીર્ઘદૃષ્ટિ વાપરી સર્વ લોકોને ઘેર તુળસીનાં ઝાડ જોઇએ એવી યોજના કરી રાખેલી છે. એ યોજના ઉપરથી તેઓનું પૂર્ણ ડહાપણ અને દૂરદર્શીપણું વ્યકત થાય છે. તુળસીનું ઝાડ ઘરના આંગણામાં વાવવાથી આરોગ્ય વધે છે. તુળસીના ઝાડમાંથી એક પ્રકારનો વાયુ ઉત્પન્ન થઇ તે આસપાસની રોગકારક હવાનો નાશ કરી હવાને ચોખ્ખી કરે છે. એવા અપૂર્વ ગુણ ઉપરથી તુળસીના ઝાડની નિત્ય પૂજા કરવી, તેની પ્રદક્ષિણાઓ કરવી, એવો જે આપણા ધર્મમાં નિત્યનિયમ કહેલો છે; એથી કરી આપણને ઘણોજ ફાયદો છે. એ વિષે વધારે કહેવાની જરૂર નથી. તુળસીનાં ઝાડ ફકત આપણા હિંદુસ્તાનમાંજ છે. તુળસીના ઝાડ જેવી અપૂર્વ ગુણકારી અનેક વનસ્પતિ પરમાત્માએ હિંદુસ્તાન દેશમાં આપણા લોકોના સુખમાટે નિર્માણ કરેલી છે. એ આપણા ઉપર ઈશ્વરની બીજા સર્વ દેશના લોકો કરતાં ઘણીજ મોટી કૃપા છે; પરંતુ આ કૃપાનો અનાદર કરી પૌષ્ટિક ઔષધ જોઇએ તો લો "કૉડલીવર ઑઇલ" (મછનું તેલ), ચ્હા જોઇએ તો લો રક્તશોષણ કરનારી ચિનાઈ ચ્હા;× અને તે વળી હાડકાંના પ્યાલામાં ! આ કેટલું ખરાબ છે ? આવા આપણા લોકમાંહેના જે કૃતઘ્ન, દેશ બુરાડનાર અને મહા અજ્ઞાન લોક છે; તેઓને આ વાતની કાંઇ શરમ જણાતી નથી ! ગાયના દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ આ સૃષ્ટિમાં બીજો કોઇ પણ નથી; છતાં તે તેઓને પાષ્ટિક જણાતું નથી કે શું ? તુળસી જેવી અનેક રોગહારક અને પૌષ્ટિક ચ્હા મોટા જથામાં અને ફોકટ મળવા છતાં તે તેઓએ કેમ ગ્રહણ કરવી નહિ ? એનો વિચાર કરવા માંડ્યાથી એવું જણાય છે કે તેઓની આંખો ઉપર અજ્ઞાનનાં પડળ ચઢેલાં છે. અસ્તુ. હમણાં આપણો હિંદુસ્તાન દેશ

× ચ્હાનો નિષેધ કરતાં એક કવિ કહે છે કેઃ-

प्रज्ञैरज्ञैस्तरुणजरठैर्ब्राह्मणैरन्त्यजातैः । पौरैर्ग्रामैर्नरपतिवरैर्निर्गृहैर्निःस्वकैश्च ॥
प्रातः सायं नियामिततयाभ्यर्चिता भक्तिभावात् ।
हा हा चाहा हत कलियुगे कर्षति प्राणवित्तम् ॥ १ ॥

અર્થાત્ "અહો ! ડાહ્યા અને મૂર્ખ, જુવાન અને વૃદ્ધ (ઘરડાઓ), બ્રાહ્મણો અને તેમનાથી નીચ જાતો (ઢેડોસહિત) શહેરના રહેવાસીઓ અને ગામડીઆઓ, શ્રેષ્ઠ રાજાઓ, ઘર વગરના અને સાધન વગરના, એવા સર્વે લોકોથી નિયમિતપણે સવાર-સાંજ ભક્તિભાવથી આદર અપાતી ચ્હા આ નીચ કલિયુગમાં પ્રાણ અને દ્રવ્ય (પૈસા)ની હાનિ કરે છે." ખરૂં છે કે એ જઠરાગ્નિને મંદ કરે છે અને કોફી નિદ્રાનો નાશ કરે છેઃ એમ જાણતાં છતાં નીચ-ઉંચ દરેક મનુષ્યો એની મોહિનીમાંજ પડી ગયા છે ! એટલુંજ નહિ પરંતુ મેમાન-પરોણાઓને પણ એનુંજ આતિથ્ય આપતા હોવાથી કહેવત પડી છે કેઃ-

"ચાહે જમણ તજવીયાં, આભૂષણ ઘડિયાળ; ટોપી તજવે પાઘડી, ત્રીકમ ત્રણે ટાળે. ૧
છત્રી સર્વ હથિયારમાં, ખેશ કર્યો રૂમાલ; જાકિટ બખ્તર જગતમાં, ત્રીકમ ત્રણે ટાળ. ૨"

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

કાળચક્રના ફેરામાં દેશ પડેલો છે; તેથી વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થાયજ. ત્યાં બીજો કોઇ ઉપાય નથી. આપણા ઘરમાંની હવા શુદ્ધ રહેવા માટે આ ઝાડો કુંડામાં વાવવાં જોઇએ; અને તેમાંથી એક બે કુડાં ઘરમાંના વપરાશવાળા પ્રત્યેક ભાગમાં અને ઓરડીઓમાં દિવસે રાખવાંજ જોઇએ. તે કુડાં સંધ્યાકાળે ખુલ્લા ઓટલા ઉપર લાવી મૂકવાં અને ત્યાંજ આખી રાત્રિ રહેવા દઇ બીજે દિવસે સવારમાં ઘરમાં લઈ ઉપર કહ્યા પ્રમાણે મૂકતા જવું. એમ કરવાથી પ્રકૃતિ સારી રહી અનેક વિકાર અને વાયુ વગેરેના વિકારો થતા નથી. **તુળસી સાધારણ:**—કડવી, ઉષ્ણ, તીખી, સુગંધી અને રુચિકર છે; તથા વાયુ, કફ, સોજો, કૃમિ અને ઉલટીનો નાશ કરે છે. **ધોળી અને કાળી તુળસી:**—તીખી, ગરમ, તીક્ષ્ણ, દાહકર, પિત્તકર, હૃદ્ય, તુરી, અગ્નિદીપક તથા લઘુ છે; અને વાયુ, શ્વાસ, કાસ, ઉચકી, કૃમિ, ઉલટી, દૌર્ગંધ્ય, કોઢ, પાર્શ્વશૂળ, વિષ, મૂત્રકૃચ્છ્ર, રક્તદોષ, ભૂતબાધા, શૂળ તાવ તથા ઉચકી (હેડકી)નો નાશ કરે છે. **ઉપયોગ:-(૧)તુળસીનો ચ્હા:—તાવ, આળસ, સુસ્તી, અરુચિ, દાહ, વાતવિકાર અને પિત્ત ઉપર:**—તુળસીના પાંદડાં શુમારે એક તોલો કિંવા તેથી વધારે લઈ અર્ધોશેર પાણીમાં નાખી તે અર્ધું અગર ચતુર્થાંશ બાળવું અને પછી પીવું; એટલે ઉપલા સર્વ રોગો દૂર થાય છે. **બીજો પ્રકાર:**—ઉપર પ્રમાણે ઉકાળો કરી તેમાં તેટલુંજ દૂધ, એક કિંવા બે તોલા સાલમમિશ્રી અને એક બે એલચીદોડાનું ચૂર્ણ કરી તે નાખી તે કાઢો પાવો; એટલે ઉત્તમ પુષ્ટતા પ્રાપ્ત થાય છે; મોંમાં સ્વાદ આવે છે અને અનેક રોગો દૂર થાય છે. આ 'તુળસીની ચ્હા' પરદેશી નિઃસત્ત્વ અને રક્તશોષક ચ્હા કરતાં ગુણોમાં હજારગણી શ્રેષ્ઠ છે; **એટલા માટે તુળસીની ચ્હાજ નિત્ય પીવી એ આપણા આર્યલોકને ઘણુંજ હિતકારક છે. (૨) મણીઆરીના વિષ ઉપર:**—કાળી તુળસીનાં પાંદડાંનો રસ નવટાંક પાવો અથવા પાંદડાં ચાવી ખાવાં. દાંત ચોંટી જાય તો આજ રસ નાકના છિદ્રમાં પાડવો અને તાળવું તથા હાથતળીએ અને પગતળીએ બે ઘડી સુધી ચોળવો. **(૩) વિષમ જ્વર ઉપર:**-કાળી તુળસીનાં પાંદડાંના રસમાં મરીની ભૂકી નાખી તે રસ પાવો. **(૪) વાયુહારક ચુર્ણ:**- કાળી તુળસી છ ભાગ, નગોડ ચાર ભાગ, ભાંગરો છ ભાગ અને વાયાવરણા એક ભાગ, એ સર્વ ઔષધોનું ચૂર્ણ કરી રોજ ત્રણ માસા પ્રમાણે મધમાં આપવું. **(૫) રક્તાતિસાર ઉપર:**-તુળસીનાં બી રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે ચોળી પાવાં. **(૬) બાળકની ઓકારી (ઉલટી) ઉપર:**—તુળસીના રસમાં મધ નાખી સવારે પાવું. **(૭) બાળકની ઉલટી અને અતિસાર ઉપર:**-કાળી અગર ધોળી તુળસીનાં બી વાટી ગાયના દૂધમાં પાવાં. **(૮) દાદર ઉપર:**-રાતી માટી અને તુળસીનાં પાંદડાં ભેગાં વાટી દાદર ઉપર ચોપડવું. **(૯) વીંછીના દંશ ઉપર:**-તુળસીનો રસ ચોપડવો. **(૧૦) વાયુ ઉપર:**-તુળસીનો રસ અને આદાનો રસ મધ નાખી પાવો; અથવા તુળસીનો રસ મરીની ભૂકી અને ઘી અથવા મધ નાખી પાવો; એથી કેટલોએ બળવાન વાતરોગ હશે તે દૂર થશે. **(૧૧) રતાંધળાપણા ઉપર:**—કાળી તુળસીનાં પાંદડાંનો રસ ૧૪ દિવસ રોજ બબ્બે ટીપાં આંખમાં પાડવો. **(૧૨) કૃષ્ણમધુર જ્વર ઉપર:**-કાળી તુળસી, જંગલી તુળસી અને ફુદીનો એ ત્રણેનો રસ ત્રણ કિંવા સાત દિવસ પાવો. **(૧૩) શીતપિત્ત ઉપર:**-તુળસીનો અંગરસ શરીરે ચોળવો. **(૧૪) દાદર ઉપર:**-તુળસીનાં પાંદડાં ચોળવાં અથવા તુળસીનાં પાંદડાંનો રસ, ગાયનું ઘી અને ચૂનો, એ કાંસાના વાસણમાં ખરલ કરી તે મિશ્રણ દિવસમાં બે વાર ચોળવું. **(૧૫) બાળકના શીતળા ઉપર:**-તુળસીનો રસ પાવો. **(૧૬) વિષમ જ્વર ઉપર:**-તુળસીદળનાં અદી પાંદડાંની ગોળમાં ગોળી કરી ખાવી. **(૧૭) ઉંદરના વિષ ઉપર:**—તુળસીના રસમાં અફીણ ખરલ કરી ચોપડવું. **(૧૮) આગંતુક જ્વર ઉપર:**—કાળી તુળસીનાં પાંદડાં સુંઠ અને સાકરનો કાઢો પાવો. **(૧૯) કાન પાકે છે તે ઉપર:**—કાળી તુળસીનો તથા ભાંગરાનો રસ એકત્ર કરી કાનમાં પાડવો. **(૨૦) જખમમાંથી રક્ત નીકળે છે તે ઉપર:**-તુળસીનાં પાંદડાં વાટી લેપ કરવો. **(૨૧) ત્રિદોષજન્ય ઉલટી ઉપર:**-તુળસીના રસમાં એલચીનું ચૂર્ણ નાખી પાવું. **(૨૨) ધનુર્વાત ઉપર:**—કાળી તુળસી, લીલું લસણ અને કુંગળીનો રસ એકત્ર કરી ત્રણ માસા પાવો અને તેમાંનો થોડો રસ શરીરે પણ ચોળવો. **(૨૩) વાતશોથ (સોજા) ઉપર:**—તુળસીના રસમાં મરીની ભૂકી અને ઘી નાખી તે રસ પાવો.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૨૮૮ **તેજબલ**—(રાંતેજોવતી.) હિમાલયના પ્રદેશમાં હરદ્વાર અને ગંગોત્રીનાં અરણ્યોમાં આ ઝાડ થાય છે. જે તેજબલ ઔષધના ઉપયોગમાં આવે છે, તે ઝાડની એ એક જાત છે. એ ઝાડની છાલ મરચાના જેવી તીખી હોવાથી તે દેશના લોકો મરચાને બદલે એનો ઉપયોગ કરે છે. **તેજબલઃ**—તીખું, ઉષ્ણ, કડવું, અગ્નિદીપક, પાચક, અરુચિકર, કંઠને હિતકર તથા કંઠશુદ્ધિકારક છે; અને કફ, વાયુ, પિત્ત, ઉધરસ, દમ, વિષ, ઉચકી, અગ્નિમાંદ્ય, અર્શ તથા મુખરોગનો નાશ કરે છે.

૨૮૯ **તેરણ**—(સં૦ તેરણા. મ૦ તેરડા.) તેરણ એ એક નાનું ફૂલ-ઝાડ છે. એને રાતા રંગનાં ફૂલો આવે છે. એ ફૂલ આ ઝાડના સર્વાંગ ઉપર હોય છે; તેથી તે ઝાડ દૂરથી ઘણું સુશોભિત લાગે છે. આ ફૂલમાં વાસ નથી. **તેરણઃ**—કડવું, સ્વાદુ અને શીતળ છે; તથા ઉલટી, વ્રણ અને વિસુરતાનો નાશ કરે છે.

૨૯૦ **તોરણ**—(સં૦ તોદન.) તોરણનાં ઝાડ કરમદી જેવાં હોય છે. એ ડુંગરાળ પ્રદેશોમાં થાય છે. એ ઝાડને ફૂલના તોરા આવે છે અને નાનાં તથા પીળા રંગનાં ફળ આવે છે. એ ફળ ખાવાથી સારાં લાગે છે. **તોરણઃ**—ગ્રાહક, ખાટું, લઘુ, ઉષ્ણ, અગ્નિદીપક અને પિત્તલ છે. **એનાં પાકાં ફળઃ**—મધુર, સ્નિગ્ધ તથા તુરાં છે; અને કફ તથા વાયુનો નાશ કરનારાં છે. **ગાંગેરૂક** (બીજા પ્રકારનું તોરણ):—તુરૂં, ખાટું, ઉષ્ણ, ગુરુ અને રક્તપિત્ત તથા કફને કરનાર, સારક અને વાતનાશક છે. **પાકેલું ગાંગેરૂક તોરણઃ**—રુચિકર, ગુરુ, વાતરક્તનાશક અને પિત્તશામક છે. **ઉપયોગઃ**—(૧) **મુખવિકાર ઉપરઃ**—એનાં ફળ ખાવાં; એટલે જીભે કાતરા વગેરે થાય છે તે વિકાર દૂર થાય છે. (૨) **પ્રદર** (સ્ત્રીઓની ધાતુનું જવું તે) **ઉપરઃ**—તોરણના તોરા, ખાવાના પાનના દીંટાના બરોબર લઇ, તેમાં એક તોલાએ ત્રણ માસા પ્રમાણે કળીચુનો ભેગો વાટી, ચણા જેવડી ગોળીઓ કરવી. ઘોળા પ્રદર ઉપર ઠંડા પાણીમાં અને રાતા પ્રદર ઉપર ઘીમાં નિત્ય સવારે અને સાંજે એકેક ગોળી આપતા જવી. જે દિવસે તાવ આવે તે વેળાએ ઔષધ બંધ કરી કાંજીમાં ઘી નાખી બે દિવસ આપવું. (૩) **કંઠસર્પ ઉપરઃ**—તોરણનાં પાંદડાંનો ચૂરો કરી મોંમાં રાખવો અને રસ ગાળવો, એટલે કફ પડી ગળું સાફ થાય છે. (૪) **શીતળા હુલકા આવવા માટેઃ**—તોરણનાં તાજાં મૂળ ભેંસના તાજા દૂધમાં ઘસી પાવાં. (૫) **છાશનું પુનઃ દહીં બનાવવાની રીતઃ**—ગોવાળીઆ લોક દૂધનું દહીં કરી તેમાં થોડું પાણી નાખી છાશ કરે છે અને માખણ કાઢી લે છે. પછી છાશમાં તોરણનાં મૂળ ઘસી કિંચિત્ અજવાળા પાસે મૂકે છે; અને તે વાસણ ઉપર ધોએલું કપડું વીંટાળી તે ઉપર છાણાંની રાખોડી નાખે છે. તે યોગથી છાશમાં પાણીનો રહેલો અંશ ઉપર આવે છે. તે રાખથી આકર્ષણ થઇ નીચે રહેલી છાશ દહીંના જેવી ઘટ્ટ થાય છે. એ પ્રમાણે છાશનું દહીં થાય છે. (૬) **ચાંદી અને વ્રણ ધોવા માટેઃ**—તોરણનો પાલો બારીક ખાંડી તેમાં પાણી નાખી કાઢો કરવો અને તેથી વ્રણ (ગુંમડું) ધોવું; એટલે રૂઝ જલદી આવે છે.

૨૯૧ **ત્રાયમાણ**—સં૦ મ૦ હિં૦ ક૦ તૈ૦ ત્રાયમાણ-ણા. બં૦ બલાહુસુર, બલા, બહુલા, વનભાદુલિયા. ફા૦ અસ્ફાક. લા૦ થેલિફ્ટ્રસ ફોલિયાલોઝમ.

આ વનસ્પતિ હિમાલયના ઉત્તર પ્રદેશમાંના રાનમાં થાય છે. પર્શિયા દેશમાં પણ એની ઉત્પત્તિ થાય છે. **ત્રાયમાણ**—કડવું, રેચક અને તાવનાશક છે. એની સળીઓ અને ફૂલો રેશમી કપડાં રંગવાના કામમાં આવે છે. **ત્રાયમાણઃ**—તુરૂં, શીતળ, મધુર, સારક તથા કડવું છે; અને પિત્તરોગ, ઉલટી, તાવ, ગોળો, કફ, વિષ, શૂળ, ભ્રમ, રક્તરોગ, ક્ષય, ગ્લાનિ, તૃષા, હૃદ્રોગ, રક્તપિત્ત, મૂળવ્યાધિ તથા ત્રિદોષનો નાશ કરે છે. **ઉપયોગઃ—વિષમજ્વર ઉપરઃ**—ત્રાયમાણ, કડુ, ધમાસો અને ઉપલસરીનો કાઢો પાવો.

૨૯૨ **થુવેર—ચોધારો (થોર-ચોધારો)** સં૦ સ્નુહી, સેંહુડ. મ૦ સાંબરનીવડુંગ, વઇનવિડુંગ. હિં૦ થુહર, સેહુંડ. બં૦ સીજવૃક્ષ. ક૦ કળી, મુંડુકળ. મલા૦ તીરૂકળી. તૈ૦ જેમડું. ફા૦ લાદના. અ૦ જકુમ. ઇ૦ મીલ્કસ્ હેજ. લા૦ યુફોરૂયા ટ્રાયગોના.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

થોર ગોળ હોય છે. એના ઉપર બારીક ચોખા જેવડા લાંબા કાંટા હોય છે. એનાં પાંદડાં બે આંગળ પહોળાઇનાં લાંબાં હોય છે. એ પાંદડાંનું અથાણું કરે છે. વાડ કરવા માટે એનો ઉપયોગ થાય છે. એ ઝાડ શુમારે માથોડું–બે માથોડાં ઉંચું વધે છે. એમાંથી ધોળું દૂધ પુષ્કળ નીકળે છે. એ દૂધમાં કેટલાંક રસાયનો અને સોમલની શુદ્ધિ થાય છે. **થોરઃ**—તીખો, કડવો, ઉષ્ણ, અગ્નિદીપન, સારક, ગુરુ તથા વાંતિકર છે; અને કોઢ, ઉદર, પ્લીહા, પ્રમેહ, શૂળ, આમવાયુ, સોજો, વ્રણ, ગુલ્મ, અષ્ટિલા, આધ્માન, પાંડુ કફ, જ્વર, ઉન્માદ, વાયુ, મેદ, વીંછીનું વિષ, દુષીવિષ, અર્શ તથા અશ્મરીનો નાશ કરે છે. **થોરનું દૂધઃ**—ઉષ્ણવીર્ય, સ્નિગ્ધ, તીખું, સારક તથા લઘુ છે; અને કોઢવાળા ગુલ્મી તથા ઉદરરોગવાળાઓને રેચવિષે ઉત્તમ છે. એ આધ્માન વાયુ, ઉદરરોગ, વિષદોષ તથા ગુલ્મના નાશ કરે છે. **થોરનાં પાંદડાંઃ**—રુચિકર, તીખાં તથા અગ્નિદીપન છે; અને કોઢ, અષ્ટીલા, આધ્માન, વાતશૂળ, શોથોદર અને સર્વ ઉદરરોગનો નાશ કરે છે. + **ઉપયોગઃ**—(૧) **અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—થોરીઆનું દૂધ ચોપડવું એટલે ફોલ્લો ઉઠતો નથી. (૨) **ઢોરનું શિંગડું, હાડકું વગરે ભાંગ્યું હોય તોઃ**—થોરના દૂધમાં ગુણપાટની રાખ ખરલ કરી લેપ કરી પાટો બાંધવો. (૩) **નિદ્રા ન આવવાનેઃ**—થોરનાં મૂળ ગોળમાં ખાવાં. (૪) **કમળી ઉપરઃ**—થોરનું ડીંટું શેકી તેનો રસ ૪ પૈસાભાર, આદુનો રસ ૧ પૈસાભાર અને ઘી ૧ પૈસાભાર એકત્ર કરી પાવું. (૫) **શરીરમાંની *ગરમી કાઢવા માટેઃ**—થોરીઆના કડકા કરી પાણીમાં નાખી તે પાણી આધણ આવે ત્યાંસુધી કઢવવું; અને માણસને ખાટલા ઉપર સૂવાડી નીચે તે ઉકળતા પાણીનું વાસણ મૂકી અંગને બાફ આપવો અને ઉપર પીછોડી ઓઢવી; એટલે પરસેવો છૂટી અંગ છૂટું થશે. પછી શરીરે વગડાઉ છાણાંની રાખ ચોળવી. ઠંડું પાણી અને વાયરો, એથી વિશેષ સંબંધ રાખવો નહિ. ઘી અને ભાત ખાવો. એટલે શરીરમાંની ગરમી નીકળી જશે. (૬) **ભ્રમરવિષ ઉપરઃ**—થોર અને લીંડીપીપર વાટી લેપ કરવો. (૭) **નવા જન્મેલા બાળકનું ગળું કફથી બંધાઇ ગયું હોય તોઃ**—થોરીઓ કેળનાં લીલાં પાંદડાંમાં વીંટાળી અંગારામાં બાફી કાઢવો તથા સાધારણ ઠંડો થયા પછી બે ત્રણ ટીપાં રસ કાઢવો. તેમાં ૬ ટીપાં મધ મિશ્ર કરી તેનું થોડું મિશ્રણ હાથની આંગળીવડે બાળકના તાળવામાં ચોપડવું; અને જીભે ચોળવું; એટલે કફ ઉપર આવી ગળું ખુલ્લું થાય છે. (૮) **બાળકોની સસણી ઉપરઃ**—ચોધારી થોરનાં પાંદડાં લાવી શેકી તેનો રસ કાઢવો; તેમાં કાળો

+ કેટલાક ગ્રંથકારો કાંટારો થુવર, ત્રણધારો થુવર, ચોધારો થુવર, નાગફણી થુવર, ખરસાણી થુવર અને વિલાયતી થુવર, એમ છ પ્રકારના થુવર બતાવે છે. એમાં ખરસાણી થુવરનું દૂધ ઝેરી છે. એનાથી ઝાડો અને ઉલટી થાય છે અને દાહ થઈ મૃત્યુ થાય છે. એને વાયુના રોગ ઉપર અને સાંધાના રોગો ઉપર ચોપડવાથી તત્કાળ ફાયદો થાય છે. બાકીની જાતોવાળા થુવર યકૃત્ અને બરોળની ગાંઠને ગેરવવા માટે આપે છે. ચોધારા થુવરનાં પાંદડાં દેવતાપર શેકી ગુમડા ઉપર બાંધવાથી ગુમડાને ફોડે છે. શેકેલા પાંદડાને નીચોવી તેમાંનો રસ કાઢી તેમાં જરા સંચળ નાખી બાળકને આપવાથી રેચ થઇ બાળકની સસણી (વરાધ) તત્કાળ શાંત થાય છે; અને પેટમાં ભાર રહેલ હોય તે શાંત પડે છે. જવાન થુવરના થડને ડગળી આપી તેમાં પાતળા લૂગડાની કોથળીમાં નાખેલાં તીખાં (મરી) અથવા લવંગને નાખી ડગળા પાછી જેમની તેમ રાખી ઉપર માટી ભુંસવી છ માસ પછી તે કાઢી લઈ તેમાંનું એકાદ તીખું અથવા લવંગ લાકડા ઉપર ચઢાવી સળગાવી તેનો ધુમાડો બળદના નાકને આપવાથી તેની કંબોડી (વળી જઇ સડતું શીંગડું) મટી જાય છે. એજ લવંગ અથવા મરીનો એક દાણો વાટી સુંઘાડવાથી મૃગી (ગોતું) શાંત થાય છે. મૃગીરોગવાળાને વખતપર ખાવાને પણ એ એકેક લવંગ અથવા મરી આપે છે. થુવરના દૂધથી બાજરીનો લોટ ભીંજવી તેની ગોળીઓ સોપારી જેવડી કરી દેવતા ઉપર શેકી શક્તિ પ્રમાણે આપવાથી રેચ થઈ શૂળ વગેરે ઉદરરોગ શાંત થાય છે. વળી થુવરના દૂધમાં ચણાની દાળ પલાળી રાખી વાટી જંગલીબોર જેવડી ગોળી કરીને, ખાવાથી જુલાબ થઇ ઉપદંશ અને ફીરંગ રોગ દૂર થાય છે. થુવરની રાખ કરી તેમાંથી તેનો ક્ષાર કાઢી અનેક ઔષધિઓમાં નાખે છે. કાંટાળા થુવરનાં પાંદડાંનું શાક કરી ખાય છે. તેનાથી ઉદરરોગ દૂર થાય છે. એની ડાંડલીઓની ભસ્માર્ક નામની ઔષધિ કરે છે. નાગફણી નામના થુવરનાં લાલ પાકેલાં ફળ ખાવાથી શ્વાસ અને ખાંસી દૂર થાય છે.

* મરાઠી ગ્રંથમાં અહીં શરદી લખી છે તો ગુજરાતીમાં 'ગરમી' કેમ ?

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

મોળ (એળીઓ) હરડે અથવા રેવંચીનો શિરો ખદખદાવી સહેવાય તેવો પેટ ઉપર લેપ કરવો, કુંટી ઉપર લેપ કરવો નહિ. (૯) **નાસુર અને નાડીવ્રણ ઉપરઃ**—વ્રણનું છિદ્ર યુક્તિથી મોટું કરી, થોરનું દૂધ અને સિંધવ એકત્ર ખરલ કરી તેની વાટ વ્રણમાં ઘાલવી. (૧૦) **સોજા ઉપરઃ**—થોર અંગારામાં બાફી અંદરના ગરનો સોજા ઉપર લેપ કરવો. (૧૧) **કફ ઉપરઃ**—થોર અને ત્રણધારો થોર અંગારામાં શેકી અર્ધો તોલો રસ કાઢવો; અને તેમાં ફુલાવેલો તેલીઓ ટંકણખાર બે ગુંજા તથા મધ ૫ તોલા મિશ્ર કરી ખરલ કરી ખાવો; એટલે કફ પાતળો થઇ પડે છે. (૧૨) **નળવિકાર ઉપરઃ**—ગોળ થોરનાં પાંદડાંને એરંડ તેલ ચોપડી શેકવાં અને તેમાં શહાજીરૂં, લસણ, હીંગ, મરી અને લીંડીપીપર નાખી બારીક વાટી સોપારી જેવડી ગોળીઓ કરવી. તે એક ગોળી ગરમ પાણી સાથે ખાવી. (૧૩) **કાસ, શ્વાસ, ક્ષય, અને હૃદ્રોગ ઉપરઃ**—બે વાલ થોરનું દૂધ લઇ ગોળમાં ખાવું.

૨૯૩ થુવેર-ત્રણ ધારીઓ—સં૦ ત્રિધાર.મ૦ તીધારી, નીવડુંગ.હિં૦તીધારાથુહર.ક૦મૂરેણકળી.

એને ત્રણ ફાંટા હોઇ દરેક ફાંટા ઉપર કાંટા હોય છે. એ થોરીઆનાં મોટાં મોટાં વન હોય છે. એમાંથી ધોળું દૂધ ઘણું નીકળે છે. મુંબઇ પાસે દિવાળીના તહેવારોમાં એના કકડા કરી તેમાં બત્તી સળગાવે છે. એના દૂધમાં સોમલની શુદ્ધિ થાય છે. **થોરઃ**—પારદબંધક અને રંજનવિષે સિદ્ધિ આપનારો છે. બીજા ગુણ સર્વ થોરના સરખા છે. **ઉપયોગઃ**—(૧) **સંધિવાત ઉપરઃ**—ત્રિધારી થોરીઆનું દૂધ લીંબોળીના તેલ સાથે મિશ્ર કરી લેપ કરવો; એટલે દરદ મટે છે અને સોજો ઉતરે છે. (૨) **સોજા, ગાંઠ વગેરે થાય છે તે ઉપરઃ**—ત્રિધારી થોરીઆના દૂધનો લેપ કરવો. (૩) **બાળકના દૂધરોગ ઉપર**-ત્રિધારી થોરીઓ બાફી ૩ માસા રસ કાઢવો. તેમાં ધુંવાસ અર્ધો માસો અને કિંચિત્ કસ્તૂરી નાખી ખરલ કરી શકિત પ્રમાણે આપવું. (૪) **બાળકના કફવિકાર ઉપરઃ**-ત્રિધારી થોરીઆના કકડા અંગારામાં શેકી તેનો રસ કાઢવો. તેમાં ફુલાવેલા તેલીઆ ટંકણખારની ભૂકી અને મધ નાખી તેનું ચાટણ આપવું. એ મોટા માણસને પણ આપવું. ૧૦ મહિનાનું બાળક હોય તો એક ચણોઠીભાર આપવું. (૫) **દમ ઉપરઃ**-આકડાનાં ફુલ, અધેડાનાં મૂળ અને ધોળી ગરણીનાં મૂળ, એને ત્રિધારી થોરીઆના રસના ૧૪ પુટો દઈ ભસ્મ કરી રાખવી; અને રોજ ત્રણ માસા મધમાં બહેડાં ઘસી તેમાંથી બે ગુંજા પ્રમાણે આપવું. (૬) **દાદર ઉપરઃ**-ત્રિધારી થોરીઆના દૂધનો લેપ કરવો. (૭) **બદ ઉપરઃ**-ત્રિધારી થોરનાં મૂળનો રસ ચોપડી ઉપર તેજ ઝાડની માટી ચોપડવી; એટલે ૭ દિવસમાં ગુણ થાય છે.

૨૯૪ દક્ષણી થુરીઓ (થોર) કંટાળો-સં૦ કંથારી, કુંભારી. મ૦ ફણીનીવડુંગ. હિં૦ નાગફની થુહર.ક૦ ફડીગળી.તે૦નાગજમડુ.તા૦ મલા૦ નાગતાળી. ઇં૦ પ્રીફલીપીયર. લા૦ ઍપ્ટિનિયાડિલેનાઇ.

એનાં પાંદડાં હાથતળીઆથી મોટાં અને એક ઉપર એક ઉગી તેનું ઝાડ મોટું થાય છે. એ થુરીઆની વાડો ઘણી ઉંચી વધે છે. એનો કાંટો બે આંગળ લાંબો અને ઘણોજ તીક્ષ્ણ હોય છે. એ કાંટો વાગવાથી મોટો જખમ થાય છે. એ થોર ઉપર લાલ રંગનાં જીંડવાં આવે છે. તે સ્વાદે મીઠાં હોવાથી કેટલાક તેને ખાય છે. એ જીંડવાં તોડી કપડામાં બાંધી, પીલી તેનો રસ કાઢી કાગળપર લખવાથી રાતી શાહી પ્રમાણે લખાય છે. આ થોર સર્વત્ર થાય છે. એ થુરીઆનાં પાંદડાં ખડકપર જો પડે તો ત્યાં તે ઉગે છે; એવો એમાં વિલક્ષણ ગુણ છે. આ થોરની વાડોમાં સર્પની ઉત્પત્તિ ઘણી થાય છે.* **દક્ષણી થોર**—દીપન, રુચિકર, તીખો. ઉષ્ણ તથા કડવો છે; અને રક્તદોષ, કફ, વાયુ, ગ્રંથિરોગ, સ્નાયુરોગ તથા સોજાનો નાશ કરે છે.

* દક્ષણી થુરીઆને ફાફડીઓ, ફાફડાળે અને હાથલો થુવર પણ કહે છે. એને જે કાંટા હોય છે તેની પાસે બીજી ઘણી ઝીણી ફાંસો હોય છે. તે શરીરમાં વાગવાથી દેખાતી નથી અને ઘણી ચળ ઉઠે છે. એ શરીરમાં વાગ્યા પછી ભાગ્યેજ નીકળી શકે છે. એને જે લાલ રંગનાં ફળો હોય છે, તે ઉપર પણ એવીજ ફાંસોનાં જૂદાં જૂદાં ભોથાં (જૂથો) હોય છે. આ ફળો ઉપરનાં ફાંસોનાં જૂથો કાઢી નાખી છાલમાંહેલો ભાગ મહાવરાથી ખાવાથી તે બરોળનો સચોટ નાશ કરે છે. બરોલના માટે આના જેવો બીજો ઉપાય ભાગ્યેજ હશે. કેટલાક લોકો વાળા ઉપર આના હાથલાને કાંટા કાઢી નાખી ચીરી ભડાંશડવું કરી બાંધે છે; તેમજ પેટમાંનાબગાડ માટે પણ એનું બાંધણ કરવાને એ બે ફાડાં વચ્ચે આંબાહળદર, સિંધાલુણ અને સાજીખાર નાખી ભડાશડવું કરી પેટ ઉપર બાંધે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ઉપયોગઃ-(૧) બાળકની ઉધરસ ઉપરઃ-દક્ષણી થુરીઆનું જીંડવું લાવી દેવતામાં ગરમ કરી, ઉપલી છાલ કાઢી છુંદી,પછી કપડામાં ઘાલી પીલી, રસ કાઢી તેમાં સાકર નાખી પાવો. **(૨) નાનાં બાળકોને ગળુંબેથાય છે તે ઉપરઃ**-પ્રથમ ચંદન ચોપડી પછી દક્ષણી થુરીઆનાં મૂળ ઘસી ચોપડવાં. **(૩) ગુડધી ઉપરઃ**-દક્ષણી થુરીઆનાં પાંદડાં અંગારામાં શેકી સારાં ગરમ થયા પછી કાઢી તેની બે ચીર કરી,તે ઉપર હળદર નાખી તે ગરમ ગરમ બાંધવી.**(૪) મૂળવ્યાધિ ઉપરઃ**-દક્ષણી થુરીઆનાં સૂકાએલાં પાંદડાંની ધૂણી આપવી.**(૫) નિદ્રા આવવા માટેઃ**-થોરનાં મૂળ ગોળમાં સેવન કરવાં. **(૬) વાતથકી ઉત્પન્ન થયેલ નારૂ (વાળા) ઉપરઃ**—દક્ષણી થુરીઆનાં મૂળ અને ગોમૂત્રના કલ્કનો લેપ કરવો.

રલ્પ દાડમ-સં૦ દાડિમ. મ૦ ક૦ ડાળીંબ. હિં૦ અનાર. રા૦ દાડયુ, દાડિલ. ક૦ તુ૦ દાલીંબ. તૈ૦ દાલીબકાયા. તા૦ માડળે. ફા૦ અનારસીરી, અનારતુરશ. અ૦ રૂમાનહામીજ, રૂમાનહુલુ. ઇં૦ પોમીગ્રેનેટ. લા૦ પ્યુનીકાગ્રાનેટમ્.

દાડમનાં ઝાડ આ દેશમાં સર્વત્ર થાય છે. અરબસ્તાનમાં મસ્કત પાસે જે દાડમો પાકે છે તે ઉત્તમ હોય છે. તેમાં ઘણાં બી હોતાં નથી. દાડમનાં ઝાડ બે અઢી માથોડાંસુધી ઉંચાં વધે છે. એ ઝાડમાં પણ બે પ્રકાર છે. એકને માત્ર ફૂલો આવે છે, એને "ગુલનાર" કહે છે; બીજાને ફૂલ અને ફળ એ બે આવે છે. દાડમનાં ફૂલો કસુંબી રંગનાં હોઇ તેમાં થોડીક પીળી ઝળકી હોય છે. એ રંગના જેવા રંગને "દાડીમી રંગ" કહે છે. દાડમ, એ ફળ ખાવાને રુચિદાયક અને શરીરને હિતકારક છે. એના યોગથી શરીરમાં હુંશિયારી આવી તૃષા (તરસ) શમે છે. આ ફળ રોગીને ખવરાવવાને પણ હરકત નથી. આ ઝાડનાં મૂળ, પાંદડાં,છાલ, ફૂલ અને ફળની છાલ, એ સર્વ, ઔષધોના ઉપયોગમાં આવે છે. દાડમના રસનો ઉત્તમ પાક થાય છે. તેને "દાડમપાક" કહે છે. દાડમનો રસ પિત્તશામક છે.*દાડમઃ—તુરૂં,ખાટું,મધુર,તૃપ્તિકારક,સ્નિગ્ધ,દીપન,ગ્રાહી, હૃદ્ય ઉષ્ણ, રુચિકર, લઘુ તથા અગ્નિદીપક છે; અને કફ, ઉધરસ, શ્રમ, મુખરોગ, કંઠરોગ તથા પિત્તનો નાશ કરે છે. **મીઠાં દાડમઃ**-તૃપ્તિકારક, ધાતુવર્ધક, લઘુ, તુરાં, ગ્રાહક, સ્નિગ્ધ,મેધાકર, બલપ્રદ, મધુર તથા પથ્યકર છે; અને ત્રિદોષ, તૃષા, દાહ, જ્વર, હૃદ્રોગ, મુખરોગ તથા કંઠરોગનો નાશ કરે છે. **મધુર ખાટાં (ખટમીઠાં) દાડમઃ**-રુચિકર, દીપન તથા લઘુ છે; અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. **ખાટાં દાડમઃ**-પિત્તકારક તથા રકતપિત્ત કરનારાં છે;અને વાયુનો નાશ કરે છે. **કુમળાં સૂકાએલાં દાડમઃ**-રુચિકર, હૃદ્ય અને વાયુને અનુલોમન કરનારાં છે.**ઉપયોગઃ-(૧) બાળકની ઉધરસ ઉપરઃ**-દાડમના ફળની છાલ ખાવા આપવી અથવા દાડમના રસનું ચાટણ કરી આપવું. **(૨) બાળકના અતિસાર અને સંગ્રહણી ઉપરઃ**-દાડમની છાલ ઘસી પાવી. **(૩) કૃમિ (કરમ પડે છે**

---

* હિંદુસ્તાની વૈદ્યઃ—દાડમના રસને કેસરની સાથે મેળવીને ઠંડા પ્રયોગોમાં આપવાની ભલામણ કરે છે. આંતરડાંના રોગમાં (ઝાડાની કબજીઅત ન હોય તો) ફળની છાલ અને ફૂલ, લવંગ, તજ, ધાણા, કાળાંમરી આદિ ખુશબોદાર પદાર્થની સાથે મેળવીને આપે છે. હિંદી વૈદ્યક ગ્રંથોમાં જડની છાલ બાબત કાંઈ વર્ણન જોવામાં આવતું નથી. મુસલમાની ગ્રંથકારઃ—મીઠું, ખાટું અને ખટમીઠું એમ ત્રણ પ્રકારનાં દાડમ બતાવે છે તથા ફળની છાલ અને ફૂલને ગ્રાહી ગુણોના લીધે અનેક પ્રકારના રોગોમાં વાપરે છે તથા કહે છે કે, મૂળની છાલ એ ઝાડના બીજા સર્વ ભાગો કરતાં વધારે ગ્રાહી છે તથા પેટમાં થનાર ચપટા અને લાંબા કરમ (કૃમિ ઈ૦ ટાપેઉવર્મ)ના માટે બહુજ ઉત્તમ અનુભૂત દવા છે. વળી એને કૃમિરોગમાં આપવાના માટે ૫ તોલા તાજી છાલ ૨ શેર પાણીમાં નાખી, ઉકાળી એક શેર પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ ઠંડું થયે તેમાંથી એકેક પ્યાલો અડધી અડધી ઘડીમાં જ્યાંસુધી તમામ ન નીકળી જાય ત્યાંસુધી પીવાને આપે છે. અનેક વાર આ ક્વાથના પીવાથી પેટમાં રદ્દ થઈને નીકળી જવાની ભ્રાન્તિ થાય છે; પરંતુ થોડીવારમાંજ પેટના તમામ કૃમિ નીકળી જાય છે. દાડમનાં બીજ અને બીજનો રસ પેટની પીડા નાશ કરે છે. ઝાડાના દરદમાં છાલની સાથે થોડું અફીણ નાખીને આપવાથી બહુજ ઉત્તમ અસર કરે છે. ડૉ૦ કર્કપેટ્રીક કહે છે કે ફળની છાલ પાચનશક્તિ વધારવાને અને ગ્રાહી તથા જૂના મરડાની આજારીમાં લવંગની સાથે ઉકાળીને આપવાથી બીજા ઉપચારો કરતાં વધારે ગુણ કરે છે. ચરકસંહિતામાં દાડિમને ઉલટી-નાશક, હૃદ્ય (રુચિ ઉત્પન્ન કરીને શરીરને ઉત્તેજન આપનાર) કહેલ છે. સુશ્રુતસંહિતામાં એને વાતનાશક, મૂત્રદોષનાશક (મૂત્રસ્થાનનાં દરદોનો નાશ કરનાર), તૃષાનાશક અને રુચિકારક ગણેલ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

તે) ઉપર:-દાડમના ઝાડની અને મૂળની છાલનો કાઢો કરી પાવો; અથવા દાડમની છાલનો કાઢો કરી તલનું તેલ નાખી ૩ દિવસ પાવો. (૪) **ઉષ્ણ પિત્ત ઉપર દાડમનું શરબત :**-સાકરનો પાક કરી તેમાં દાડમના દાણાનો રસ કાઢી નાખવો અને તુરતજ વસ્ત્રથી ગાળી નાખવું. જરૂર જણાય ત્યારે આ શરબત ૨ તોલા અને તેટલુંજ પાણી નાખી પાવું; એટલે ઉષ્ણપિત્ત જલદી શમે છે. (૫) **આંખોની ગરમી શમવા માટે:**-દાડમના દાણાનો રસ આંખોમાં પાડવો. (૬) **સંગ્રહણી ઉપર:**-લીલાં દાડમ કચરી રસ કાઢવો. તેમાં માયફળ, લવંગ અને સુંઠ ઘસી થોડું મધ નાખી પાવો. દાડમ ન મળે તો દાડમની છાલ ઘસી પાવી.(૭) **ગરમીને લીધે નાકમાંથી લોહી પડે છે તે અને રક્તષ્ઠીવી સન્નિપાત ઉપર:**-દાડમનાં ફૂલ અને ઘોનાં મૂળનો રસ કાઢી અથવા એકલાં દાડમનાં ફૂલનો રસ નાકમાં પાડવો અને તાળવા ઉપર ચોળવો; એટલે તુરત લોહી પડતું બંધ થશે. (૮) **છાતીમાં દુખતું હોય તે ઉપર:**-દાડમના દાણાના રસમાં મીંઢીઆવળનું ચૂર્ણ એક માસો નાખી પાવું.(૯)**ઘોયડાના વિષ ઉપર:**-દાડમડીનાં પાંદડાં,તલ,હરતાલ અને ગોળ એકત્ર કરી વાટી કરડેલ ઠેકાણે ચોપડવું. (૧૦) **બોદારશિંગના વિષ ઉપર:**-દાડમનો રસ પાવો.(૧૧) **આંખો આવે છે તે ઉપર:**-દાડમડીનાં પાંદડાં વાટી તેનો લેપ કરવો. (૧૨) **પિત્તરોગ ઉપર:**—પાકેલાં દાડમનો રસ કાઢી તેમાં સાકર નાખી તે રસ પાવો.(૧૩) **શોષ અને મુખની વિરસતા ઉપર:**-સાકર તથા દાડમ,અથવા દાડમ અને દ્રાક્ષનો કલ્ક સેવન કરવો. (૧૪) **રક્તાતિસાર ઉપર:**—દાડમની છાલ અને ઇંદ્રજવની છાલનો કાઢો મધ નાખી પાવો. (૧૫) **ઉપદંશ—વ્રણ ઉપર:**—દાડમની છાલનું ચૂર્ણ કરી ચોપડવું. (૧૬) **ત્રિદોષોત્પન્ન ઉલટી ઉપર:**—મસૂર શેકી તેનો લોટ કરી દાડમના રસથી તે લોટ પલાળી તેમાં થોડું મધ નાખી તે ખાવો. (૧૭) **દાડમપાક:**—ધાણા, સુંઠ, નાગરમોથ, વાળો, બીલીનો ગર, આમળાં, મોચરસ, ધાવડીનાં ફૂલ, લોદર,ઇંદ્રજવની છાલ, જાયફળ, અતિવિષ,ખેરની છાલ,અજમોદ,ખુરાસાની અજમો,એરંડાનાં મૂળ,જીરૂં,લવંગ,લીંડીપીપર,કાકડાશીંગ,એ પૈસા પૈસાભાર લઇ ચૂર્ણ કરી દાડમમાં ભરી ઉપર કણકથી ડાટો કરી ચૂલામાં બાફી પછી ઉપરની કણક કાઢી નાખવી. પછી દાડમસુદ્ધાં તે ખરલ કરી ગોળીઓ બોર જેવડી કરવી. તે ગોળી રોજ એક એક ખવરાવવી; એટલે અતિસાર, સંગ્રહણી, મંદાગ્નિ, અરુચિ તથા શૂળનો નાશ થાય છે.

૨૯૬ દારૂડી—સં૦ પટુપર્ણી, સ્વર્ણક્ષીરી. મ૦ પીસોળા, કાંટેઘોત્રા. કો૦ કર્ડઇ. હિં૦ ચોક, ભરેબંદ, સત્યાનાસી, પીસોળા. બં૦ સીયાલ કાંટા, સોણુખીરૂઈ. ક૦ ચિક્કણીકે. તા૦ કુટીયાત્તી. મલા૦ પોન્નમત્તં. ઇં૦ ગેંબોજ થીસલ. લા૦ આર્ગીમની મેક્સિકેના.

દારૂડીનાં નાનાં નાનાં ઝાડ હોય છે. એની ઉંચાઇ શુમારે હાથ-દોઢ હાથ હોય છે. પાંદડાં નાનાં હોય છે, પીળા ધંતુરા પ્રમાણે એના ડીંટામાંથી પણ દૂધ (રસ) નીકળે છે. એનાં મૂળને "ચોકવ" કહે છે. આ વનસ્પતિ રેચક, હિમ, કડવી તથા સારક છે; અને કંડૂ, વાતરક્ત, કૃમિ, પિત્ત, કફ, મૂત્રકૃચ્છ્ર, જ્વર, અશ્મરી, સોજા, દાહ તથા કોઢનો નાશ કરે છે. એનાં મૂળના પણ એવાજ ગુણ છે. **ઉપયોગ:-(૧) રેચમાટે:**—દારૂડીનાં મૂળનું ચૂર્ણ શક્તિ પ્રમાણે ગરમ પાણીમાં પાવું. (૨) **ગયેલું પુરુષત્વ પાછું આવવા માટે:**—દારુડીની છાલ ૧ માસો અને વડનું દૂધ ગરમ કરી તેની ચણા જેવડી ગોળી કરી તે ૧૪ દિવસ પાનમાં ખાવી. (૩) **ગુમડું ફુટવા માટે:**—દારૂડીનાં મૂળનો લેપ કરવો.

૨૯૭ દારૂ હળદર—સં૦ બં૦ દારુહરિદ્રા. મ૦ દારૂહળદ. હિ૦ દારૂહલદર. ક૦ મરદવર્ષણ્ણુ, ચોપ્પિલ્લી. તૈ૦ મુલુંગુ, પાસુપુ. મલા૦ નાણુમાર. ગો૦ રૂક્કા વેલી. તા૦ તુનામાર. ફા૦ દારચોબ. લા૦ બરબરીસ્ એરિસ્ટેટા, મોરંડા અંબેલ્લેટા.

દારૂહળદરના વેલા હોય છે. એ વેલા હિમાલય પર્વત ઉપર અને અફઘાનીસ્તાનમાં થાય છે. એ વેલાનું લાકડું હળદરના જેવું પીળા રંગનું હોય છે. રસાંજન અથવા રસવંતી કરીને એક ઔષધ દારૂહળદરનો કાઢો કરી તેમાંથી બનાવે છે. એ કાઢો અષ્ટમાંશ કરી તેમાં બકરીનું દૂધ સમભાગે નાખી બાળી સ્કુ કરવું એટલે રસાંજન તૈયાર થાય છે. **દારૂહળદર:**-તીખી, કડવી, રુક્ષ, ઉષ્ણ તથા વ્રણનાશક છે; અને પ્રમેહ, કર્ણરોગ, નેત્રરોગ, મુખરોગ, કંડૂ, વિસર્પ, ચામડીના દોષ તથા

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વિષનો નાશ કરે છે. બીજા ગુણ હળદર જેવા છે. **રસાંજન:**–તીખું, ઉષ્ણ, રસાયન તથા કડવું છે; અને કફ, વિષ, નેત્રવિકાર તથા વ્રણદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કમળી ઉપર:**—દારૂહળદરના અંગરસમાં હળદર નાખી પાવી. **(૨) પ્રદર ઉપર:**—દારૂહળદરના કાઢામાં ૩ માસા શિલાજિત નાખી સાત દિવસ પાવું. **(૩) આગંતુક વ્રણ એટલે શસ્ત્રાદિકથી થયેલા વ્રણ ઉપર:**–દારૂહળદરની છાલનો કલ્ક, તલનું તેલ, કપિલો અને ધ્રોનો અંગરસ એકત્ર કરી મંદાગ્નિથી કઢવી તેલ સિદ્ધ થાય એટલે ચોપડવું. **(૪) અંડવૃદ્ધિ ઉપર:**—દારૂહળદરનું ચૂર્ણ ગોમૂત્રમાં દોઢ–બે માસા આપવું. **(૫) ભગંદર અને નાડીવ્રણ ઉપર:**–થોરીઓ અને આકડાનું દૂધ એકત્ર કરી દારૂહળદરની દીવેટ તે દૂધમાં પલાળી છિદ્રમાં ઘાલવી. **(૬) પિત્તાભિષ્યંડ એટલે આંખો આવે છે તે ઉપર:**—રસાંજન દૂધમાં કાલવી તેનો આંખો ઉપર લેપ કરવો. **(૭) કાનમાંથી પરૂ વહેતું હોય તે ઉપર:**–રસાંજન સ્ત્રીના દૂધમાં ઘસી, તે મધમાં નાખી કાનમાં પાડવું. **(૮) વાતપિત્ત પ્રદર ઉપર:**—રસાંજન અને લાખ બકરીના દૂધમાં વાટી તે પાવું.×

૨૯૮ દાવલા મોરસ—સં૰ સમુદ્રશાક. મ૰ મોરસ, દાવલામોરસ, ખારી શાક.

આ ભાજીનો રોપો વેંત–દોઢ વેંત લાંબો હોઈ જમીન ઉપર પથરાયલો હોય છે; અને એના દીંટડાનો રંગ લુણીની ભાજી જેવો હોઇ, પાંદડાં શુમારે દોઢ આંગળ લાંબાં હોય છે. તે લુણીનાં પાંદડાં કરતાં ત્રગણાં જાડાં હોઈ શુમારે અર્ધા તસુ જેટલાં પહોળાં હોય છે. ચણાની દાળ નાખી આનું શાક કરે છે અને બાફીને રાયતું થાય છે તથા ભજીઆં પણ કરે છે. આ ભાજી સમુદ્રકાંઠે થાય છે એટલે તે ખારી હોય છે, તેથી એમાં મીઠું રીતસર નાખવું જોઇએ.

૨૯૯ દાંતી—સં૰ બ૰ હિં૰ ક૰ દંતી. મ૰ દાંતી. ફા૰ દંદ. અ૰ હબુલમુલુક. લા૰ ક્રોટન, ટિગ્લિયમ્. રા૰ દાત્યુણી.

દાંતીનાં ઝાડ કોંકણ પ્રાંતમાં ઘણાં થાય છે. એ ઝાડ શુમારે ત્રણ–ચાર હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર, લાંબાં અને હાથતળીઆં જેવડાં હોય છે. એનાં ફળ આકારે ઘુઘરા (પોટળીઆ) જેવાં અને તે બળદાણા જેવડાં મોટાં હોય છે. એ ફળમાંથી નેપાળાના જેવડાં બી નીકળે છે, તે રેચક છે. એનાં મૂળને "દંતીમૂળ" કહે છે. દંતીમૂળનો કાઢામાં ઘણો ઉપયોગ થાય છે. એને "લઘુદંતી" કહે છે. **લઘુદંતી:**–ઉષ્ણ, તીખી, અગ્નિદીપક, શલ્યશોધક, સારક, તીક્ષ્ણ, પાચક, લઘુ તથા શોષક છે; અને આમદોષ, ત્વગ્દોષ, શૂળ, અર્શ, વ્રણ, અશ્મરી, કફ, ઉદર, પિત્ત, આનાહ-વાયુ, સોજા, ગુદાંકુર, દાહ, પાંડુ, રક્તદોષ, કોઢ, ગુલ્મ, કૃમિ, ક્ષય, વાયુ, યકૃત્ તથા ખરજનો નાશ કરે છે. **નાગદંતી** (મોટી દાંતી):–સારક, ઉષ્ણ, તીખી તથા કૃમિનાશક છે; અને શૂળ, કોઢ, આમદોષ, મેદોરોગ, અશ્મરી તથા મુખરોગનો નાશ કરે છે. બીજા ગુણ લઘુદંતી જેવાજ છે. **ઉપયોગ:–(૧) જુલાબ થવા માટે:**—દંતીમૂળનું ત્રણ માસા ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; અથવા લીલાં દંતીમૂળ પાણીમાં વાટી તેને પાણીમાં મેળવી, ગાળી તે પાણી પાવું. **(૨) કફ–કાસ ઉપર:**–દંતીમૂળનું ધૂમ્રપાન કરવું.

૩૦૦ દિંડા—(સં૰ મંડૂકપર્ણ) આ એક જંગલી ઝાડ છે. એમાં બે જાત છે. જે ઝાડની કાઠી ઉંચી ન હોતાં જમીન બરોબર હોય છે, તેને દિંડી કહે છે અને જે ઝાડની કાઠી ઉંચી હોય છે તેને "દિંડા" કહે છે. દિંડાની કાઠી ૧૬ હાથ લંબાઈની હોય છે. એ કાઠીનો રંગ પ્રથમ લીલો હોય છે અને કાઠી સૂકાયા પછી કાળો થાય છે. આ ઝાડ કાંઇક કારવી જેવું હોય છે. એને મૃગનક્ષત્રનો વરસાદ પડયા પછી નવા ફણગા ફૂટે છે. તે લઇ તેની જૂડીઓ બાંધી વેચે છે. આ શાક ભીંડાના શાક જેવું રસદાર હોય છે. એ પૌષ્ટિક છે. દિંડામાં કાળી અને ધોળી એવી બે જાત છે. **દિંડા:**–શુક્રકારક તથા સ્નિગ્ધ છે; અને રક્તવિકાર, વાત તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:–(૧) ગુમડા ઉપર:**—દિંડાના કંદ બારીક વાટી તેની થેપલી વ્રણ ઉપર મૂકવી. **(૨) બદ ઉપર:**—દિંડાનાં મૂળ કેળનાં કિંવા કુંભાનાં પાંદડાંમાં વીંટી અંગારામાં બાફી, પછી તેના ઉપર જે પાતળી

× આ ઉપાય બહુજ વિચારીને કરવાનો છે; કારણ કે લાખ પીધા પછી સ્ત્રીઓને સંતાન થતાં નથી, એમ અનેક દાઇઓ કહે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization By eGangotri and Sarayu Trust

છાલ હોય છે તે કાઢી નાખી, મૂળ બારીક વાટી જે ખોળ થાય તેનો લેપ કરી તે ઉપર રૂની ગડી કરી મૂકવી. (૩) **મૂળવ્યાધિ ઉપરઃ**—દિંડાના અંકુર ૧ તોલો, આવળની છાલ અર્ધો તોલો અને ઉંબરાનાં પાંદડાં ઉપરનો ફોડ અર્ધો તોલો, એ ત્રણે બારીક વાટી ૫ તોલા મીઠા દહીંમાં મેળવી, ખાંડ નાખી દરરોજ બે વાર ખાવું.

૩૦૧ દીપમાળ (ગલગોટા)—સં૦ હિં૦ મ૦ ઝેંડુ. ક૦ ગોવગહ્રે. લા૦ લીઓનોટીસ, નેપેટિફોલિયા.

આ ઝાડ સીધું હોય છે. તે શુમારે માથોડું ઉંચું વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર હોય છે. એને હાથના કિંવા વેંતના અંતરે મૂળ પાસેથી એક ઉપર એક એવાં ઝુંડ લાગે છે. તે ઝુંડ બારીક પુમથી વ્યાપ્ત હોય છે. એ ઝુંડ ઉપર બારીક રાતા રંગનાં ફૂલ આવે છે. ઝુંડમાં કાળાં બારીક બી હોય છે. એ સર્વત્ર થાય છે. **ઉપયોગઃ—(૧)અતિસાર ઉપરઃ**—ઝુંડમાંનાં બીઆં દૂધમાં વાટી પાવાં. (૨) **માથા ઉપર ભયંકર ગાંઠ થાય છે તે ઉપરઃ**—ઝુંડને બાળી તેની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી. (૩) **કંઠસર્પ ઉપરઃ**—ઝુંડ હોકામાં નાખી પીવું.

૩૦૨ દુદુરલી—દુદુરલીના વેલા હોય છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી. એ પાંદડાં ગળચટાં લાગે છે. એનાં મૂળ ચાવવાથી કિંવા બારીક ભૂકી કરવાથી બારીક કણ થાય છે. એને આકડાના ફૂલ જેવાં ફૂલ આવે છે. **ઉપયોગઃ-(૧) તંતુમેહ અને સ્વપ્નાવસ્થા વગેરે ધાતુવિકારો ઉપરઃ**—દુદુરલીનાં મૂળ અને ધોળી શેમળનું કંદ ખાંડી બારીક ભૂકી કરી ગાયના પાશેર દૂધમાં મેળવી અંદર સાકર નાખી, એ ઔષધ દરરોજ બે વખત ૭ દિવસ આપવું. (૨) **મધુમેહ અને તણખીઆ પ્રમેહ ઉપરઃ**-દુદુરલીનાં મૂળોની ભૂકી કિંવા દુદુરલીનાં મૂળ ગાયના તાજા દૂધમાં વાટી એ ઔષધ દર વખત નવટાંક પ્રમાણે દરરોજ બે વાર ચાદ દિવસ આપવું. (૩) **રતવા ઉપરઃ**—દુદુરલીનાં મૂળ દૂધમાં વાટી પાવાં અને લેપ પણ કરવો.

૩૦૩ દુધી (નઇ)—સં૦ અલાબુ, ઇક્ષ્વાકુ, દુગ્ધતુંબી. મ૦ દુધ્યાભોપળા. હિં૦ મીઠી તુંબી, તુંબા, કદ્દુ, લૌઆ, રામતોરઇ, ઘીઆ. બં૦ લાઉ, ક. કદ્દુ૦ હાલગુંબળ, શિસોરે. તૈ૦ તીઆ, તુખડીકાયા. ફા૦ કુદુશીરીન, કુદુએદરોજ. અ૦ યક્તિનેહુલુકરા. ઈ૦ વ્હાઇટ ગુર્ડ. લા૦ કુકર્બીટ, લાજીનેરીઆ.

"એને ધોળી દુધી" પણ કહે છે. એનો વેલો ઘણો લાંબો પ્રસરે છે. એમાં લાંબી, તુંબડી, ચપટી, તંબુરા જેવી ઇત્યાદિ અનેક જાત છે. દુધીનો હલવો બહુ સારો થાય છે. એની ભાજી સારી થાય છે. દુધી પાકીને જૂની થાય એટલે જે ગોળ આકૃતિની હોય છે તેનાં તુંબડાં કરે છે. તરતાં શીખનારાઓ એનાં સૂકાએલાં તુંબડાં કમરે બાંધી તરતાં શીખે છે. દુધીની એક બીજી જાત છે, તેને "મગીઆ દુધી" કહે છે. એમાં ધોળી અને રાતી એવી પણ બીજી બે જાત છે. દુધી જેવુંજ તેનું શાક થાય છે અને તરવાના કામમાં એનો બહુ ઉપયોગ થાય છે. **લાંબી દુધીઃ**-તીખી તથા ઉષ્ણ છે; અને સન્નિપાત, દંતાર્ગલ રોગ, દાંતખીલી તથા ધનુર્વાનો નાશ કરે છે. ફળના ગુણ પણ એનાજ જેવા છે. **ગોળ મોટી દુધીનો વેલોઃ**-મધુર, શીતળ, તર્પણકારક, ગુરુ, રુચિકર. પૌષ્ટિક, ધાતુવર્ધક, બલપ્રદ, પિત્તનાશક અને ગર્ભપોષક છે. ફલના ગુણ પણ એના જેવાજ છે. **દુધીઆ દુધીઃ**-મધુર, સ્નિગ્ધ, ગર્ભનું પોષણ કરનારી, વૃષ્ય, વાતકારક, બલકર, પૌષ્ટિક, રુચિકર શીતળ, મલસ્તંભક, રુક્ષ, ભેદક, ગુરુ, પિત્તનાશક તથા કફપ્રદ છે. એનાં **ફળઃ**-ગુરુ, રુક્ષ, શીતળ, હૃદ્ય, કફકારક, ગ્રાહક, રુચિકારક, ધાતુવર્ધક, તથા પૌષ્ટિક છે; અને કલ્ક, વિષ શ્રમ તથા પિત્તનો નાશ કરે છે. **એના વેલાની સળીઓઃ**—મધુર, વાતલ, કફકારક, સ્નિગ્ધ, શીતળ, ભેદક અને પિત્તનાશક છે. **ઉપયોગઃ-(૧) મૂળવ્યાધિ ઉપરઃ**—દુધીઆ દુધીનાં પાંદડાંનો રસ કાઢી લેપ કરવો.

૩૦૪ દુધેલી—(સં૦ દુગ્ધિકા. મ૦ હિં૦ દુધી) દુધેલીનાં નાનાં ઝાડ પ્રથમ હાથભર ઉંચાં હોય છે. પછી તેના વેલા થાય છે. એનાં પાંદડાં ભાંગરાનાં પાંદડાં જેવાં પરંતુ કિંચિત ફિક્કા લીલા રંગનાં અને નાનાં હોય છે. એ વેલો તોડવાથી તેમાંથી દૂધના જેવો ધોળો રસ નીકળે છે. વેલાનો રંગ કિંચિત લાલસર ઉદારંગનો હોય છે, એને ભાંગરાના જેવાંજ ફૂલ આવે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ધરની આજુબાજુએ પણ આ છોડો વાવે છે. એને લાંબી શીંગો આવે છે.× **દુધેલી:**–મધુર, વૃષ્ય, રુક્ષ, ગ્રાહક, કડવી, વાતલ, ગર્ભસ્થાપક, તીખી, ધાતુવર્ધક, હૃદ્ય, ઉષ્ણ, પારદબંધક તથા મલસ્તંભક છે; અને મેહ, કફ, કોઢ તથા કૃમિનો નાશ કરે છે. **ઉપયોગ:–(૧) મૂળવ્યાધિ ઉપર:**– દુધેલીનાં પાંદડાંનો રસ ૧ તોલો, સાકર ૧ તોલો, તાજું ઘી ૧ તોલો, એ સર્વને ભેગું કરી સતત ચાર પાંચ દિવસ આપવું; એટલે બળતરા અને લોહી બંધ થાય છે. **(૨) મુબારકી રોગ ઉપર:**– (બાળકને દૂધ પાવાના યોગથી દૂધની ચીકાસ પેટમાં એકઠી થઇ મળની ગાંઠ બાઝે છે તે ઉપર) દુધેલીનાં મૂળ ગાયના તાજા દૂધમાં ઘસી શક્તિ પ્રમાણે પાવાં એટલે બે ત્રણ દિવસમાં મલદ્વારે રોગ નીકળી જાય છે. **(૩) વિષમજ્વર ઉપર:**––દુધેલીનાં મૂળ કાનમાં રાખવાં એટલે નિયમિત વેળાએ આવનારો તાવ દૂર થશે. **(૪) વાછરડાંને દુધીઓ રોગ થાય છે તે ઉપર:**—દુધેલીનાં મૂળ ઠંડા પાણીમાં ૧ તોલા સુધી ઘસી દરરોજ એક વાર, એ પ્રમાણે ૭ દિવસ આપવાથી પેટમાંનો સર્વ ભાર નીકળી જઇ રોગ ઘણોજ હલકો થાય છે.

૩૦૫ દેવદાર—સં૦ હિં૦ ક૦ તા૦ મલા૦ તુ૦ દેવદારુ. મ૦ ફા૦ દેવદાર. ક૦ દેવ્દાર. તૈ૦ દેવદારૂચેટુ. અ૦ શજરતુલજીન, શજરતુલવફ્. લા૦ સિટ્રસડેવડારા.

હિમાલય પર્વત, બ્રહ્મદેશ, બંગાળા અને પિનાંગ, એ ઠેકાણે દેવદારનાં ઝાડ ઘણાં થાય છે. એ ઝાડને જોઇએ તેવી જમીન મળી હોય તો તે ઘણુંજ ઉંચુ વધે છે. ત્રીસ ચાળીસ વર્ષનું થાય એટલે તેને ફળ આવવા લાગે છે. આ વૃક્ષ સો–બસો વર્ષ સુધી રહે છે. જેમ જેમ એ ઝાડ જૂનું થાય છે, તેમ તેમ મજબૂત થઇ તેનો ઉપયોગ ઘણો થાય છે. સાગના કરતાં આ લાકડું ઘણું હલકું છે. એની અનેક પ્રકારની વસ્તુઓ બનાવે છે. રાજા લોકો માટે એ લાકડાની ફર્માશી, ગલબત વગેરે બનાવે છે. દેવદારનો ધૂપ કરવામાં પણ ઉપયોગ થાય છે. દેવદારના લાકડામાંથી ટર્પિન–ટાઈન તેલ બને છે. **તેલીઓ દેવદાર:**—પાકકાળે તીખો, સ્નિગ્ધ, ઉષ્ણ, કડવો તથા લઘુ છે; અને કફ, વાત, પ્રમેહ, અર્શ, મલસ્તંભ, આમદોષ, તાવ, આધ્માન, દમ, ઉધરસ, સોજો, ખરજ, હેડકી, તંદ્રા (મૂર્ચ્છા), રક્તદોષ તથા પિનસનો નાશ કરે છે. **કાષ્ઠ દેવદાર:**—ઉષ્ણ, કડવો તથા રુક્ષ છે; અને કફ, વાયુ, ભૂતબાધા તથા લેપ કરવાથી મોં ઉપરના વ્યંગનો નાશ કરે છે. ***સરળ દેવદાર:**–તીખો, કડવો, મધુર, ઉષ્ણ, લઘુ, કોષ્ઠશોધક તથા સ્નિગ્ધ છે; અને ત્વગ્દોષ, વાયુ, કર્ણરોગ, વ્રણ, સોજો, કંડૂ, (ખરજ) કંઠરોગ, નેત્રરોગ, ઉધરસ, પરસેવો, રાક્ષસપીડા તથા જૂનો નાશ કરે છે. **ઉપયોગ:– (૧) ઉરૂસ્તંભ ઉપર:**—દેવદાર વાટી ગરમ કરી લેપ કરવો. **(૨) કફ ગલગંડ ઉપર:**—દેવદાર અને ચીત્રામૂળ (કવંડળ મૂળ) પાણીમાં વાટી લેપ કરવો. **(૩) અપચી** (ગંડમાળનો ભેદ છે તે) **રોગ ઉપર:**—દેવદાર અને સરગવાની છાલ કાંજીમાં ગરમ કરી લેપ કરવો. **(૪) દેવદારા ઇ૦નો કાઢો:**– દેવદાર, વજ, કોષ્ઠ, લીંડીપીપર, સુંઠ, કાયફળ, નાગરમોથ, કરીઆતું, કડુ, ધાણા, હરડે, ગજપીપર, ભોરીંગણી, ગોખરૂ, ધમાસો, ઉભી ભોરીંગણી, અતિવિષ, ગળો, બીલી અને શાહજીરૂં એ બધાનો કાઢો કરી તેમાં સિંધવ અને હિંગ નાખી સુવાવડીને પાવો, એટલે શૂળ, કાસ, તાવ, શ્વાસ, મૂર્ચ્છા, કફ, મસ્તકપીડા, બડબડ, તૃષા, દાહ, તંદ્રા, અતિસાર તથા ઉલટી; એટલા ઉપદ્રવયુક્ત અને ત્રિદોષાત્મક સૂતિકારોગનો નાશ થાય છે.

× દુધેલીને કોઈ દુધી પણ કહે છે. એની મુખ્ય બે જાતો છે; એક નાગલા અને બીજી છાતલા. નાગલા દુધેલીનું વર્ણન આ ગ્રંથમાં આગળ કરેલ છે. આ છાતલા દુધેલી પણ શ્રી૦ પદેજીના વર્ણન તરફ નજર કરતાં બે પ્રકારની ભાસે છે. જેમાંની એકનું વર્ણન અહીં શ્રી૦ પદેજીએ આપ્યું છે તે અને બીજી જેને લુણીની ભાજી અથવા ચણાનાં પાંદડાં જેવાં ઝીણાં પાંદડાં આવે છે તે. તેને ઝીણાં અને ઘેરાં લાલ ફૂલ આવે છે, તેની ડાંડીમાંથી દૂધ નીકળે છે. કોઈ તેને સમાત દુધેલી પણ કહે છે. આ દુધેલીનો છોડ ન થતાં તે જમીન ઉપર પથરાઈ દોઢ–બે ફૂટ જમીન રોકે છે. એથી એને છાતલી દુધેલી કહે છે. આ નાની જાત સ્ત્રીરોગની દવામાં દાઈઓ વધારે વાપરે છે.

* મ૦ શાલીગ્રામ આદિ નિઘંટકારોના કહેવા પ્રમાણે સરલ દેવદારના ગુંદરનેજ ચંદ્રસ, સરળધૂપ, ધૂપ વિશેષ, ઈશેશ વગેરે નામોથી ઓળખે છે; ત્યારે અહીં ત્રણ જગ્યાએ વર્ણન આપવાથી જૂદાં જૂદાં ત્રણ વૃક્ષો હોવાની ભ્રાન્તિ ઉત્પન્ન કરી છે. કાષ્ઠ દેવદારમાં તેલ નથી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૩૦૬ દેવબાવળીઓ-સં૦ કિંકિરાટ, નીબબ્બુલિકા. મ૦ કંકર, કોકઇ, દેવબાભળી. હિં૦ કિંકિરાત. ગુજ૦ રામબાવળ. ફા૦ મધિલાન.

આ એક બાવળીઆની જાત છતાં બાવળીઆ જેવું મોટું ઝાડ થતું નથી. એને કાંટા તથા ફૂલ પણ બાવળ જેવાંજ પીળા રંગનાં આવે છે. એ ઝાડને લાખ આવે છે. **દેવબાવળીઓ:**—તુરો, કડવો, શીતળ તથા ઉષ્ણ છે; અને કફ, પિત્ત, તૃષા, રક્તદોષ, દાહ, તાવ, ઉલટી, મેહ તથા વિષનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) હડકાયલા કુતરાના વિષ ઉપર:**-દેવબાવળીઆનાં તાજાં મૂળ ઠંડા પાણીમાં એક તોલાથી ચાર તોલા સુધી ઘસી તેમાં થોડું પાણી નાખી તે પાવું. એ દરરોજ બે વખત એ પ્રમાણે ૭ દિવસ પાવું અને પથ્ય પાળવું.

૩૦૭ દ્રાક્ષ (દરાખ)-સં૦ મ૦ તૈ૦ દ્રાક્ષા. હિં૦ દાખ. ક૦ દ્રાક્ષે. ફા૦ અંગુર. અ૦ કીસમીસ, એનબજબીબ. ઈ૦ ગ્રેઇપિ. લા૦ વ્હાઇટીસ્ વ્હીનીફેરા.

દ્રાક્ષના વેલા હોય છે. એ વેલા વાવ્યા પછી ત્રણ વર્ષે ફળે છે. દ્રાક્ષ ઘણું કરીને બધા ખંડોમાં થાય છે. હિંદુસ્તાનમાં જે દ્રાક્ષ થાય છે. તેમાં ત્રણ જાત છે. લીલી, કાળી અને ધોળી. સર્વમાં ધોળી દ્રાક્ષ ઘણી મધુર હોવાથી મોંઘી હોય છે. આ દેશમાં જે દ્રાક્ષ થાય છે તે લીલી નેલીલીજ ખપી જાય છે. અરબસ્તાન, પર્શિયા અને મસ્કત, એ સ્થળોમાં ઘણીજ દ્રાક્ષ પાકે છે; તેથી તેને સૂકવી બહાર ગામ ખાતે વેચવા મોકલવામાં આવે છે. બેદાણા, મુનકા, ખીસમીસ એવાં સૂકી દ્રાક્ષનાં નામો હોય છે. બેદાણા કિંચિત્ ધોળા હોય છે અને તેમાં બી હોતાં નથી. મનુકાદ્રાક્ષ કાંઈક કાળી હોય છે અને ખીસમીસ ઘણું કરી બેદાણા જેવી પરંતુ નાની હોય છે. દ્રાક્ષ ઉષ્ણ દેશમાં લોકોની ભૂખ અને તરસનું શમન કરવાને ઘણી ઉપયોગી થઇ પડે છે. દ્રાક્ષ પિત્તશામક તથા રક્તવૃદ્ધિ કરનારી છે. દ્રાક્ષના રસનો આસવ કૉલેરા ઉપર ઘણો ઉપયોગી થઇ પડે છે. દ્રાક્ષનાં પાંદડાં જનાવરોને ખવરાવે છે અને લાકડાનો કોઈ કોઇ કાળો રંગ કરે છે. **પાકી દ્રાક્ષ:**—સ્વરને હિતકારક, મધુર, તૃપ્તિકર, પાકકાળે સ્નિગ્ધ, અતિરુચિકર, ચક્ષુષ્ય, મૂત્રલ, ગુરુ, તુરી, સારક, ખાટી, વૃષ્ય, શીતળ તથા શ્રમનાશક છે; અને પિત્ત, શ્વાસ, ઉધરસ, ઉલટી, સોજો, ભ્રમ, જ્વર, દાહ, મદાત્યય, વાતપિત્ત, કફક્ષય, કમળી, વાતરક્ત, રક્તપિત્ત તથા આધ્માન વાયુનો નાશ કરે છે. **લીલી દ્રાક્ષ:**—કફકારક, ગુરુ, ખાટી, પિત્તલ, ઉષ્ણ, રક્તપિત્તકારક, રુચિકારક, દીપન અને વાતનાશક છે. **કુંણી (કાચી) દ્રાક્ષ:**—વિશદ, ઉષ્ણ, તીખી, પિત્તલ અને રક્તદોષકારક છે. **પાકી સુકાએલી દ્રાક્ષ:**—વૃષ્ય, સંતર્પણ, બલકર અને પૌષ્ટિક છે. **કાળી દ્રાક્ષ:**—(બીજવાળી) શીત, હૃદ્ય, વૃષ્ય, ગુરુ, વાતાનુલોમન, સ્નિગ્ધ, હર્ષપ્રદ તથા શ્રમનાશક છે; અને દાહ, મૂર્ચ્છા, દમ, ઉધરસ, કફ, પિત્ત, તાવ, રક્તદોષ, તૃષા, ઉલટી તથા હૃદયવ્યથાનો નાશ કરે છે. **લઘુ દ્રાક્ષ** (બેદાણા નીબીંજ):—મધુર, શીતલ, વૃષ્ય, રુચિકર, ખાટી તથા રસાળ છે, અને દમ, ઉધરસ, તાવ, હૃદયવ્યથા, રક્તપિત્ત, ક્ષતક્ષય, સ્વરભેદ, તૃષા, વાયુ, પિત્ત અને મુખમાંહેની કડવાશનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અમ્લપિત્ત ઉપર:**—દ્રાક્ષ તથા બાળહરડે સમભાગે અને તેના બરોબર સાકર નાખી એક તોલા જેટલી ગોળી આપતા જવી; એટલે અમ્લપિત્ત, ગળું અને હૃદય એ સ્થળની બળતરા, તરસ, ભ્રમ, મંદાગ્નિ તથા આમવાતનો નાશ થાય છે. **(૨) ધંતુરાના વિષ ઉપર:**—દૂધમાં દ્રાક્ષનો સરકો નાખી પાવો. **(૩) હડતાલ અને જંગાલના વિષ ઉપર:**—ઉલટી કરાવી પછી પાશેર દૂધમાં બેદાણા દ્રાક્ષ ૧ તોલો નાખી તે પાવી. **(૪) ધાતુક્ષય ઉપર:**—દ્રાક્ષ,સાકર, મધ અને લીંડીપીપર આપવી. **(૫) તૃષારોગ ઉપર:**—કાળી દ્રાક્ષ અને જેઠીમધનો કાઢો પાવો. **(૬) મૂર્ચ્છા રોગ ઉપર:**—દ્રાક્ષ અને આમળાં બાફી વાટવાં તથા તે મધમાં આપવાં. **(૭) સન્નિપાત જ્વરમાં જીભે કાતરા થઈ આવે છે તે ઉપર:**—મધમાં દ્રાક્ષ ખરલ કરી જીભે ચોપડવી. **(૮) મૂત્રરેચનને માટે:**—કાળી દ્રાક્ષ ચાર તોલા રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખી, સવારે મસળી, ગાળી નાખી તે પાણીમાં થોડી જીરાની ભૂકી નાખી, એક શેર સુધી શક્તિ પ્રમાણે પ્રાશન કરવાથી મૂત્રદ્વારે ગરમી નીકળે છે. પ્રકૃતિ પ્રમાણે કોઇને એથી રેચ પણ થઈ આવે છે. **(૯) ક્ષતકાસ ઉપર:**—બીઆં કાઢેલી કાળી દ્રાક્ષ ૧ ભાગ, તાજું ઘી ૧ ભાગ અને મધ ૧ભાગ; એ

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સર્વ ઔષધો એક બરણીમાં ઘાલી તે બરણી ડાંગરના ઢગલામાં ઘાલવી. પંદર દિવસ પછી અથવા એક મહિના પછી કાઢી તે માંહેનું ઔષધ રોજ સવાર-સાંજ મળી દોઢ તોલા સુધી રોગીએ ખાવું. **(૧૦) શૂળ ઉપર:**-દ્રાક્ષ અને અરડુસીનો કાઢો પાવો. **(૧૧) જીભ,તાળવું અને ગળું, એનો શોષ શાંત થઈ મોઢામાં રુચિ આવવા માટે:**—દ્રાક્ષ અને આમળાં વાટી ઘીમાં મેળવી મુખની અંદર ચોળવાં અને એજ ઔષધની ગોળી કરી મોઢામાં રાખવી. **(૧૨) પિત્તજ્વર ઉપર:**—દ્રાક્ષ અને ગરમાળાના ગોળનો કાઢો પાવો. **(૧૩) શીતળા અને ગોવરૂ, એથી બાળકોના અંગમાં મરેલી ગરમી નીકળવા માટે:**-૮ ભાગ બેદાણા દ્રાક્ષ,૧ ભાગ ગળોનું સત્ત્વ,૩ ભાગ ખાંડ તથા ૧ ભાગ જીરૂં, એ પ્રમાણે ભેગું કરી નિવડેલા માટલામાં ભરી તે મિશ્રણ પલળે એટલું ગાયનું ઘી નાખી આથી રાખવું; અને રોજ સવારે અર્ધા તોલાથી બે તોલા સુધી શક્તિ પ્રમાણે આપવું. **(૧૪) માથામાંહેની ગરમી અને પિત્તવિકાર શમન થઇ મગજ સુધરવા માટે:**—ગાયના અર્ધા શેર દૂધમાં બેદાણા દ્રાક્ષ ૨ તોલા નાખી ઉકાળી તે દૂધ રોજ સૂતી વેળાએ પીવું. **(૧૫) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ઠંડા પાણીમાં કાળી દ્રાક્ષ પલાળી તેમાં સાકર નાખી પાવી. **(૧૬) પિત્તવિકાર ઉપર:**-કાળી દ્રાક્ષ રાત્રે પલાળી રાખી બીજે દિવસે સવારે તેજ પાણીમાં મસળી કુચા કાઢી નાખી તે રસમાં જીરાની ભૂકી અને સાકર નાખી પાવો; એટલે પિત્તજનિત દાહ વગેરે શમન થાય છે. **(૧૭) રક્તપિત્ત ઉપર:**—દ્રાક્ષ મધમાં ખાવી. **(૧૮) મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાશ્મરી ઉપર:**—દ્રાક્ષનો કાઢો પાવો. *

૩૦૮ ધમાસો—સં૦ બં૦ દુરાલભા, ધન્વયાસ્. મ૦ ધમાસા, કાંટે ચુબુક. હિં૦ હીંગુણા, ધમાસા. ક૦ વલ્લિદુરૂવે, નેલઇગળ. તે૦ પિલરેગટિ, દુલગોડી. ફા૦ બાદાબર્દ. અ૦ શુકાઇ. લા૦ ફ્રગોનિયા અરેબિકા.

ધમાસામાં બે ત્રણ પ્રકાર છે. એ ઝાડના અંગ ઉપર રીંગણીના ઝાડ જેવા શુમારે આંગળભર લંબાઇના કાંટા હોય છે. એની ઉંચાઇ શુમારે એક હાથ હોય છે. એનાં પાંદડાં ચીમરડાયલાં તથા ત્રાંબાં હોય છે. એ પાંદડાં છોડવો જૂનો થાય ત્યાંસુધી છોડ ઉપર રહે છે. કાર્તિક માસના અરસામાં સર્વ પાંદડાં ખરી પડે છે અને ઝાડનો રંગ પીળો થવા લાગે છે. જવાસાને પણ ધમાસો કહે છે. એ ઝાડ ઉપર ઉનાળામાં તેના દીંટામાંથી તાપના યોગે એક પ્રકારની સાકર નીકળે છે તેને ફારસી ભાષામાં "તુરંજબીન" કહે છે. એ સાકર આ દેશમાં અરબસ્તાનમાંથી આવે છે. એ સાકર યુનાની વૈદ્યો બાળકોને રેચ આપવાના કામમાં દૂધમાં આપે છે. **ધમાસો×:**—જવાસો શરપુંખાના જેવો (મથુરામાં થાય છે તે) મધુર, કડવો, બલકર, અગ્નિદીપક, સારક, શીતળ, લઘુ તથા તુરો છે; અને કફ, પિત્ત, રાતો કોઢ, વિસર્પ, મેદ, ભ્રમ, મદ, વાત-

* લિંગાર્શ ઉપર એક જૈન ગોરજીએ કરેલો ઉપચાર:—રાત્રે દ્રાક્ષ શેર ૦॥ પલાળી સવારે તે પાણી અને તેમાંનાં બીજ કાઢી નાખી તેમાં મજીઠ તોલા ૨॥, હિંમજ તોલા ૨॥, કાગદી એલચી તોલા ૨॥ અને મીંઢીઆવળ તોલા ૧૦ નાખી વાટી તેની ૩૨ ગોળી કરી દરરોજ સવારે ૧ આપવી.

× આયુર્વેદ ગ્રંથોમાં-જવાસાને દસ્ત ખુલાસાથી લાવનાર, મૂત્રવર્ધક અને કફનો નાશક માનેલ છે. એમાંથી જે સત્વ નીકળે છે તે ખાંસીનો નાશ કરે છે. હિકમતમાં—આ છોડવાની પોટીશ બાંધવાથી અથવા તેની ધુણી આપવાથી હરસનો નાશ થાય છે. એનો રસ નેત્રની દૃષ્ટિ નષ્ટ કરે છે. તેના ચૂર્ણનું વાયુના રોગમાં નસ્ય આપે છે. એનાં પાંદડાંમાંથી જે તેલ બને છે તે સંધિવા ઉપર ચોપડે છે; તથા ફૂલને વાટીને લેપ કરવાથી હરસ ખરી પડે છે. મીર મહમદ હુસેન લખે છે કે:—ખુરાસાન, મવારુનહર, કરજસ્તાન અને હમદાનના મુલકમાં આ છોડને કાપી લુગડામાં બાંધી નીચોવવાથી 'તુરંજબીન' નામનો સાકરના સમાન પદાર્થ બને છે. આ પદાર્થ જવના પાણી સાથે આપવાથી દસ્ત ખુલાસે લાવે છે, પિત્તને કાઢે છે અને કફને બેસાડે છે. વળી રુધિરને શુદ્ધ કરે છે. દૂધની સાથે આપવાથી શરીરને પુષ્ટ કરે છે, અને કામદેવને વધારે છે. ચક્રદત્તમાં જવાસાને મળને શુદ્ધકર્તા, મૂત્ર લાવનાર અને કફોત્સર્જક ગણેલ છે. સુશ્રુતમાં—જવાસાને ઉષ્ટ્રભક્ષિકા. (ઉંટનું ભક્ષણ) વર્ણન કરે છે; અને કફમેદહર, મૂત્રકૃચ્છ્રનાશક અને ગુલ્મનાશક ગણેલ છે; તથા તેજ ગ્રંથમાં તેને 'ગિરિકર્ણિકા' નામથી લખે છે. એને વાતપિત્ત-સંશમનકર્તા કહે છે. ચરકમાં-એને સારક માનેલ છે તથા નાનાં બાળકોની ખાંસી ઉપર હરડે, લીંડીપીપર અને દ્રાક્ષના ચૂર્ણમાં મધ અને માખણ સાથે આપવાનું કહેલ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

રક્ત, તૃષા, ઉલટી, ઉધરસ, દાહ તથા તાવનો નાશ કરે છે. **ધમાસો રાતો:**—તીખો, કડવો, મધુર, રક્તશુદ્ધિકારક, શીત તથા ઉષ્ણ છે; અને વિસર્પ, વિષમજ્વર, તૃષા, ઉલટી, મોહ, રક્તદોષ, વાતપિત્ત, કફ, કોઢ તથા તાવનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ઉધરસ ઉપર:**—ધમાસાનું અથવા તેના મૂળનું ધૂમ્રપાન કરવું. **(૨) તાળવામાં કાત્રા પડે છે તે ઉપર:**—ધમાસાના લીલા છોડ કચરી તેનો અંગરસ કાઢી તેમાં સાકર નાખી સારી પેઠે કઢવી ચાટણ તૈયાર કરવું. એ ચાટણ વારંવાર ટીપું ટીપું તાળવામાં પાડતા જવું; તેથી કરી એક દિવસમાં રૂઝાઇ જાય છે. **(૩) જખમ ઉપર:**—આગંતુક જખમ થયો હોય તો લીલા ધમાસાનો અંગરસ જખમ ઉપર પાડવો એટલે જખમ જલદી ભરાઇ આવે છે. **(૪) હેડકી ઉપર:**—ધમાસાનો કાઢો મધ નાખી પાવો. **(૫) ભ્રમ, મૂર્ચ્છા વગેરે ઉપર:**—ધમાસાનો કાઢો કરી તેમાં ગાયનું ઘી નાખી તે પાવો. **(૬) પથરી અને મૂત્રકૃચ્છ્ર ઉપર:**-ધમાસો, કાભ અને કાસનાં મૂળનો કાઢો કરી તેમાં મધ નાખી પાવો. **(૭) શીતપિત્ત, હરતાલનું વિષ તથા મૂત્રાઘાત ઉપર:**—ધમાસાનો કાઢો પાવો. **(૮) અંતર્વિદ્રધિ ઉપર:**—ધમાસાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી મધ નાખી પાવાં.

૩૦૯ ધરો (દરોઇ)—સં૦ દૂર્વા. મ૦ હરળી. હિં૦ દૂબ. ક૦ હસુગરૂકે. તૈ૦ દૂર્વાલુ. તા૦ અરગુ. તુ૦ કડીકેપતી. મલા૦ કરૂકપુલ્લુ. ગો૦ જીરબાંકુર. ઈ૦ ક્રિપિંગ સાઈનોડન. લા૦ સાઈનોડન્, ડેકિટલન્.

ધરો એક જાતિનું તૃણ છે. ધરોના બેટ લીલાછમ અને સુશોભિત દેખાય છે. આ તૃણની અંદર એવો એક વિલક્ષણ ગુણ છે કે કેટલીક મુદત સુધી વરસાદ ન પડે ત્યારે સર્વ વનસ્પતિ સૂકાઇ જાય તોપણ ધરોનાં મૂળ લીલાંજ હોય છે. દુકાળમાં ઢોરોને ચારો સમૂળગો મળતો નથી ત્યારે ધરોનાં મૂળ ખોદી લાવી ખવરાવે છે. ધરોનો ઉપયોગ દેવપૂજામાં પણ થાય છે. ગણપતિપૂજનમાં તો ધરો અવશ્ય જોઇએ. ધરો ઘોડાને ઘણી સારી લાગે છે. **ધરો સાધારણ:**—તુરી, શીતળ, મધુર તથા તૃપ્તિકારક છે; અને પિત્ત, તૃષા, ઉલટી, દાહ, રક્તદોષ, શ્રમ, કફ, મૂર્ચ્છા, અરુચિ, વિસર્પ તથા ભૂતબાધાનો નાશ કરે છે. **ધોળી ધરો:**—મધુર, રુચિકર, તુરી, કડવી તથા શીતળ છે; અને ઉલટી, વિસર્પ, તૃષા, કફ, પિત્ત, દાહ, આમાતિસાર, રક્તપિત્ત તથા ઉધરસનો નાશ કરે છે. **લીલો ધરો:**—અતિ મધુર, કડવી, શીતળ, રુચિકર, સંજીવન, તુરી તથા રક્તશોધક છે; અને રક્તપિત્ત, અતિસાર, તાવ, પિત્ત, ઉલટી, કફ, રક્તરોગ, વિસર્પ, તૃષા, દાહ તથા ચર્મદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ધરોનો રસ નાકમાં પાડવો. **(૨) હેડકી ઉપર:**—ધરોનાં મૂળીઆંનો રસ માસો ૧ અને મધ એક તોલો એકત્ર કરી પાવું. **(૩) ખરજવા ઉપર:**—ધોળી ધરોના રસમાં ધોળા ચોખા વાટી લેપ કરવો. **(૪) ખાલી ચઢે છે તે ઉપર:**—ધરોનાં મૂળ, ધોળો કાથો, ઉંબરાનાં પાંદડાં ઉપરની ફોડ અને ગોવરાનાં બી વાટી ચોપડવાં. **(૫) ઋતુપ્રાપ્તિમાટે:**—ધોળી ધરોના રસમાં દાડમની મોટી મોટી કળીઓ વાટી તે રસ ઠંડી કાંજીમાં સાત દિવસ પાવો; એટલે જેને ઉંમરે પહોંચ્યા છતાં કોઇ દોષથી ઋતુ પ્રાપ્ત થતું નથી તે થશે; અને જેનો અટકાવ બંધ થયો હશે તે પણ આવશે. **(૬) મસ્તકરોગ ઉપર:**—ધરોના રસમાં ચોખા વાટી લેપ કરવો. **(૭) ઉલટી ઉપર:**—ચોખાના ધોવરામણમાં ધરો વાટી રસ કાઢવો અને તેમાં સાકર નાખી તે રસ પાવો. **(૮) સર્વ પ્રકારના તાવ ઉપર:**—ધરોનાં મૂળ સૂતરથી વીંટી હાથે બાંધવાં એટલે સર્વ પ્રકારનો તાવ શમી જાય છે. **(૯) આગંતુક વ્રણ ઉપર:**—ધરોના રસમાં અથવા દારૂહળદરની છાલના રસમાં તેલ સિદ્ધ કરી ચોપડવું.

૩૧૦ ધવ (ધાવડો)—સં૦ ધવ. મ૦ ધાવડા. હિં૦ ધોં, ધાવા. બં૦ ધાઉયાગાછ. ક૦ સિરિવરૂ. તૈ૦ નારિંજચેટ્ટુ. લા૦ એનોજિસસ્ લાટિફોલિયા.

ધવનાં ઝાડ મોટાં મોટાં હોય છે. આ ઝાડનો રંગ ધોળાશ પડતો હોય છે. પાંદડાં નાણાતાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. ધવને ગુંદર પુષ્કળ આવે છે. ધવનું લાકડું ઇમારતી કામમાં ઉપયોગી થાય છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ પુષ્કળ થાય છે. **ધવ:**—એ તુરો, શીતળ, મધુર, તીખો, દીપન ને રુચિકર

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છે; તથા પાંડુરોગ, પ્રમેહ, કફ, પિત્ત, અર્શ અને વાયુનો નાશ કરનાર છે. **એનાં ફળઃ**—ઠંડાં, સ્વાદુ, રુક્ષ, તુરાં, મલસ્તંભક ને વાતુળ છે; અને કફ તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) જખમ ભરાઈ આવવાનેઃ**–ધવની છાલ ખાંડી વસ્ત્રગાળ કરી ઘોડાના મૂત્રમાં કાલવી જખમ ઉપર ચોપડવી.

૩૧૧ ધંતુરો–સં૦ ધતુર. મ૦ ધોતરા, ધોત્રા. હિં૦ બં૦ ધત્તૂરા. ક૦ બિલિય મદગુણિકે. તૈ૦ તેલ્લાઉમિત્તે. તા૦ ઉમ્માતે. તુ૦ અંબે. મલા૦ અમ્માતં. ફા૦ જોજમાસિલ તાતુરા. અ૦ જોજમાસિલ. ઇં૦ થોર્ન ઍપલ. લા૦ ડાટુરા સ્ટ્રામોનિયમ્.

ધંતુરાનાં ઝાડ શુમારે બે હાથ ઉંચાં વધે છે. એમાં બે જાત છે. કાળી અને ધોળી. કાળો ધંતુરો ઔષધિ છે. ધંતુરો ઘણો માદક છે. ધંતુરો પેટમાં જવાથી કેફ ચઢે છે. કાળા ધંતુરાનાં ઝાડ અને ફૂલ કાળાં હોય છે. **શ્વેતાદિ ભેદે પાંચ પ્રકારનો ધંતુરોઃ**–કાંતિકર, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, તુરો, મધુર, કડવો, મદકારક, વાંતિકર, ગુરુ તથા વર્ણકર છે; અને કોઢ, વ્રણ, કંડૂ (ખરજ), કૃમિ, જૂઓ, લીખો, શ્રમ, વિષ, પામા તથા ત્વગ્દોષનો નાશ કરે છે. કાળો* ધંતુરો શ્રેષ્ઠ ગુણવાળો છે. **ઉપયોગઃ—(૧) ગરફોરૂં (લાપોટિયું) થયું હોય તોઃ**—ધંતુરાનાં પાંદડાંનો રસ, ચૂનો અને ગોળ એકત્ર કરી તેનો લેપ કરવો. **(૨) ઉધરસ ઉપરઃ**—ધંતુરાનાં પંચાંગ (મૂળ, પત્ર, પુષ્પ, ફળ અને છાલ) લઇ તેનું ધૂમ્રપાન કરવું. **(૩) સર્પદંશ ઉપરઃ**–કાળા ધંતુરાનાં મૂળ, કંકોડીનો કાંદો અને હાડકીનું મૂળ એકત્ર ઘસી પાવું અને અરીઠાનું અંજન કરવું. ઉતાર–ઘી પાવું. **(૪) ધંતુરાના વિષ ઉપરઃ**—ગાયના દૂધમાં સાકર નાખી પીવું. લાલ એરંડાનાં મૂળ પાણીમાં વાટી પાવાં. રીંગણીનો રસ ૪ તોલા કાઢી પાવો. કપાસનાં બીજ અને ફળનો કાઢો પાવો. ઘી પાવું. દહીં પાવું. ઠંડા પાણીમાં તેલ પાવું. લીંબુના રસમાં ગળીનાં મૂળ ઘસી પાવાં. **(૫) વાળા ઉપરઃ**–કાળા ધંતુરાનાં પાંદડાંનો રસ ૬ માસા અને ઘી ૨ તોલા એકત્ર કરી પાવું. આખો દિવસ કાંઇ પણ ખાવું નહિ. સાંજે ભાત અને દહીં ખાવું. વાળાની જગ્યાએ ફોલ્લો થાય એટલે તેને ફોડી તે ઉપર ધંતુરાનાં ફળ બારીક વાટી તેની વડી કરી ઉપર ત્રણ દિવસ બાંધવી. રોજ નવી વડી બેસારવી, કિંવા ધંતુરાનાં પાંદડાં રા પાનમાં ખાવાં. **(૬) સોજા ઉપરઃ**–ધંતુરાનાં પાંદડાંનો રસ અને કળીચૂનો ગરમ કરી લેપ કરવો; અથવા ધંતુરાનાં પાંદડાંના રસમાં ગુગળ નાખી ગરમ કરી ચોપડવો; કિંવા કાળા ધંતુરાનાં મૂળ ગોમૂત્રમાં ઘસી ગરમ કરી લેપ કરવો. **(૭) વાળા ઉપરઃ**—ધંતુરાનાં બી, અંબાડાની છાલ, રાળ અને મીણની ભૂકી ઘીમાં ખરલ કરી વાળા ઉપર ચોપડવી; એટલે વાળો બહાર નીકળશે. **(૮) વિંછીના વિષ ઉપરઃ**—ધંતુરાનાં પાંદડાં હાથ ઉપર ચોળી દંશ ઉપર ચોપડવાં. **(૯) ગલગંડ, બદ અને ગાંઠ ઉપરઃ**—ચોખ્ખી જમીન ઉપર વગડાઉ છાણાં થાળ આકારે પાથરી અગ્નિ કરવો અને તે બધાં છાણાં બળી રાખ થાય એટલે તે જગ્યા ઉપરની સર્વ રાખ કાઢી નાખી તે જગ્યા ગરમ રહે ત્યાંસુધી ધોળા ધંતુરાનો રસ ઘણી ત્વરાથી તે જમીન ઉપર પાડવો. તે રસ કઢાઇ પરપોટા આવ્યા પછી તે સાધારણ ઠંડો થાય એટલે તેનો લેપ કરવો. **(૧૦) ઉન્માદ ઉપરઃ**—ધંતુરાનાં ચાર બીઆં નવટાંક ઘી સાથે આપવાં.

*જે ધંતુરાનો રંગ અત્યંત કાળો અને દાંડલી, ફળ, ફૂલ, પાંદડાં અને સર્વાંગ કાળું હોય, એ ધંતુરામાં ઝેર વધારે હોય છે; અને એના ગુણ પણ વધારે છે. ફળ સૂકાવાથી કઠોર થઈ જાય છે. એના બીજમાં ઝેર વધારે છે. એ બીજોને માત્રાથી વધારે ખાવાથી મરણ પણ થાય છે. બંધેજાદિક ધાતુપુષ્ટિનાં ઔષધોમાં એનાં બીજોનો વ્યવહાર મંથોમાં લખેલ છે. એનાં બીજ પ્રમેહનાશક છે. કાલા ધંતુરાનાં પંચાંગનો ધૂણીથી ખાંસી મટે છે. ધતુરાના ઝેરને દૂર કરવા માટે ધંતુરાની મીંજનો નાસ લેવો, એ ઝેરને દૂર કરનાર છે; અથવા એને વાટીને પીવી તથા ઉપર ધારોષ્ણ દૂધ અને ઘી મેળવીને પીવું."

ધંતુરાનાં બીજ ચાર પહોર સુધી ગોમૂત્રમાં પલાવી તેનાં ફોતરાં કાઢી નાખી પ્રયોગમાં લેવાં.

ધંતુરાનાં ફળોને કાણાં પાડી દરેકમાં ગંધક અને મોરથુથુની ચણાની દાળ જેવડી કાંકરીઓ ભરી ડગળી આપીને જમીન ઉપર છાણ પાથરી તેમાં તે ગોઠવી, ઉપર છાણ પાથરી તે ઉપર દેવતા કરી બાફવાં. બફાયા પછી તે વાટી તલના તેલમાં શરીરે ચોપડવાથી ખસ જાય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૧૧) યોનિશૂળ ઉપરઃ—કાળા ધંતુરાનાં બે ત્રણ પાંદડાં બારીક વાટી, સિંધવ અને ઘી નાખી વસ્ત્રમાં પોટલી કરી યોનિમાં રાખવી; એટલે સર્વ પ્રકારનું યોનિશૂળ બંધ પડે છે. **(૧૨) હાથ-પગ ફાટી ચીરા પડે છે તે ઉપરઃ**—ધંતુરાનાં બીઆં અને સિંધવ પાણીમાં વાટી ગોળો કરી તેમાં ચોગણું પાણી નાખી પાણીનો ચોથો ભાગ સરસિયું નાખી પચન કરવું. તેલ શેષ રહ્યા પછી ઉતારી તે ચોપડવું. **(૧૩) ખસ ઉપરઃ**—કાળા ધંતુરાનાં બીઆંનું ચૂર્ણ કરી તેલમાં ખરલ કરી ચોપડવું. **(૧૪) અર્ધાંગ વાયુ ઉપરઃ**-ધંતુરાનાં બીઆંનું તેલ શરીરે ચોપડવું. **(૧૫) ચોથીઆ ઇત્યાદિ સર્વ વિષમ જ્વરાદિક (તાવ) ઉપરઃ**-ધંતુરાનાં પાંદડાંનો રસ પા તોલાથી અર્ધા તોલાપર્યંત ચાર તોલા દહીંમાં તાવ આવ્યા પહેલાં એક કલાક અગાઉ આપવો. **(૧૬) કર્ણસ્રાવ ઉપરઃ**—ધંતુરાની ભાજીનો રસ કાનમાં પાડી તે ઉપર થોડું કંકુ નાખવું. **(૧૭) શોફોદર ઉપરઃ**—કાળા ધંતુરાનાં પાંદડાંનો રસ ચોપડવો, એટલે સોજો ઉતરશે. **(૧૮) નપુંસકત્વ દૂર થઈ વીર્યવૃદ્ધિ થવા માટેઃ**—એક જાયફળ કોરી તેમાં અફીણ ભરવું અને તે જાયફળ કાળા ધંતુરાના જીંડવામાં ઘાલી ઉપર કણુક લગાવી તેને અંગારામાં બાફી, પછી ઉપરની કણુક દૂર કરી, ધંતુરાનાં જીંડવાં-સુદ્ધાં ખલીને તેની ચણા જેવડી ગોળીઓ કરવી અને રોજ એક ગોળી ખાઇ ઉપર દૂધ પીવું. એ પ્રમાણે આ ઔષધ ૨૧ દિવસ લેવું એટલે નપુંસકત્વ દૂર થશે.

૩૧૨ ધામણ-સં૦ ધન્વન્. મ૦ ધામણ. હિં૦ ધામિન્. બં૦ ધામની. ક૦ ઊદુવે.

ધામણનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. ધામણનાં પાંદડાં હાથતળીઆં જેવડાં હોઇ તે ઉપર રેષાઓ હોય છે; અને પાંદડાંનું એક અર્ધ બીજા અર્ધ કરતાં લાંબું થયેલું હોય છે. ધામણનું લાકડું ચીકણું અને ઇમારતના કામના ઉગયોગમાં આવે છે. **ધામણઃ**-તુરો, વૃષ્ય, મધુર, તીખો, બલકર, રુક્ષ, લઘુ, ધાતુવર્ધક, કિંચિત્ ઉષ્ણ તથા વ્રણરોપણ છે; અને કફ, વાત, દાહ, શોષ, કંઠરોગ, રક્તરોગ, પિત્ત, કાસ તથા પીનસનો નાશ કરે છે. **એનાં ફળઃ**-સ્વાદુ, શીતળ તથા તુરાં છે. તે કફ અને વાતનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) અતિસાર ઉપરઃ**-ધામણની છાલમાં પાણી નાખી રસ કાઢી તેમાં શેકેલી વરીનો (મોરીઆનો) લોટ થોડો કાલવી પાવો.

૩૧૩ ધાવડી-સં૦ ક૦ ધાતકી. મ૦ ધાયટી. કો૦ ધાવશી. હિં૦ ધાવઈ ધાય. બં૦ ધાઇ. તે૦ ધાતુકી. લા૦ વુડ ફ્રેડિયા, ફ્લોરીબંડા. ઇં૦ ગ્રીસલી આટોમેન્ટોજા.

ધાવડીનાં ઝાડ શુમારે માથોડું બે માથોડાં ઉંચાં વધે છે. એનાં ફૂલ લવંગ જેવાં અને રાતા રંગનાં હોય છે. પાંદડાં શેરડીનાં પાંદડાં જેવાં અને તે કરતાં રંગે ઘણાં લીલાં હોય છે. ફૂલનો ઔષધમાં તથા રંગના કામમાં ઉપયોગ થાય છે. ધાવડીનાં ઝાડ કોંકણમાં અને અનેક સ્થળે પ્રસિદ્ધ છે. ધાવડી તીખી, શીતળ, તુરી, માદક, કડવી, લઘુ તથા ગર્ભસ્થાપક છે; અને રક્તપ્રવાહિકા, પિત્ત, તૃષા, વિસર્પ, વ્રણ, કૃમિ, અતિસાર તથા રક્તદોષનો નાશ કરે છે.* **ફલઃ**-સ્વાદુ તથા રુક્ષ છે અને રક્તપિત્ત, અતિસાર તથા વિષનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) ગુમડા ઉપરઃ**-ધાવડીનાં ફૂલનું ચૂર્ણ જવાસાના તેલમાં ખરલ કરી ચોપડવું; એટલે અગ્નિદગ્ધ વ્રણ, વિસર્પ, ફાટવ્રણ, લૂતાવ્રણ અને ઘણા દિવસનું દુષ્ટ નાડીવ્રણ મટી જાય છે. **(૨) ગર્ભિણીના અતિસાર ઉપરઃ**-ધાવડીનાં ફૂલ મોચરસાં અને ઇંદ્રજવ, એ સર્વ સમભાગે લઇ ચૂર્ણ કરી તે બે માસા પાણીમાં આપવું. **(૩) બાળકની દંતપીડા ઉપરઃ**-દાંત આવવાની વેળાએ ધાવડીનાં ફૂલ, લીંડીપીપર, આમળાંનો રસ, એમાં મધ નાખી દાંતના નવેલામાં ચોપડવું. **(૪) પ્રદર ઉપરઃ**-ધાવડીનાં ફૂલનો કાઢો ત્રણ દિવસ પાવો; અથવા ધાવડીનાં પાંદડાંનો રસ શક્તિ પ્રમાણે ચાર તોલા સુધી ખાંડ નાખી પાવો. **(૫) વાતપિત્તજ્વર ઉપરઃ**-ધાવડીનાં પાંદડાં અને સુંઠનો કાઢો સાકર નાખી પાવો. **(૬) રતવા ઉપરઃ**-કાળી કાવળી-(મોટી પીલુડી) ની રાખ અને ધાવડીનાં ફૂલની રાખ મધમાં કાલવી લેપ કરવો. **(૭) મણિયારીના વિષ ઉપરઃ**-ધાવડીનાં પાંદડાંનો રસ પાવો અને શરીરે પણ ચોળવો.

૩૧૪ ઘેંડશી-(સં૦ ઘેંડશી. મ૦ ઘેડસેં) ઘેંડશી ગુજરાતમાં અને દક્ષિણમાં થાય છે. આ

* આને દત્તરામ ચોબાએ ક્ષુપજાતિની વનસ્પતિ અને મ૦ શ.લિગ્રામજીએ વૃક્ષ માનેલ છે. ઉપયોગઃ—દંતરોગમાં ધાવડીનાં ફૂલ અત્યંત હિતકારી છે. ફૂલ, છાલ-માત્રા ૨ માસા.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વાર્ષિક ફળ શાક છે. ઘેંડશી ઉનાળામાં થાય છે. તેનો રંગ ઘોળા કોહોળા જેવો થાય છે. આકૃતિ પપનસ જેવી ગોળ હોઈ શુમારે શેર-દોઢશેર વજનની હોય છે. એનું શાક કરે છે. **ઘેંડશી:**— એ વાતુળ, રુક્ષ, મૂત્રવર્ધક અને પથરીની નાશક છે.

૩૧૫ ઘોળી-ઘોળીનાં ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. ઘોળીનાં પાંદડાં લીંબડીનાં જેવાં હોઈ દળવાળાં હોય છે. ઘોળીનું લાકડું જાડું અને કઠિન હોય છે. એ લાકડાનો રસ સફેદ-ઘોળો હોય છે. ઘોળીની લાકડી હાથમાં હોય તો ભૂતબાધા થતી નથી અને અંગ ઉપર સર્પ ધસી આવતો નથી; એટલા માટે એ લાકડાની લાકડી કરી પાસે રાખવી. ઘોળી વેલ કરીને એક ઘોળી-ની જાત છે. એના વેલા થાય છે. એ ઘોળીનાં લાકડાં પણ હસ્તિદંત પ્રમાણે મજબૂત હોય છે.

૩૧૬ ઘોળી પીલુડી-સં૦ કાકમાચી.× મ૦ કાવળી પાંઢરી. હિં૦ તૈ૦ શ્વેતકાળી.

પીલુડીના વેલા હોય છે. એ વેલાનાં પાંદડાં ત્રિદળ હોઈ તેને કાત્રા હોય છે. વેલાનો રંગ પ્રથમ રાતો હોઇ પછી ઘોળો થાય છે. એ વેલો ઘણેક ઠેકાણે વાડ ઉપર થાય છે. **પીલુડી** રસ વખતે ઉષ્ણ, કડવી, તીખટ, રસાયન, વૃષ્ય, સ્નિગ્ધ, સ્વર્ય, હૃદ્ય, ધાતુવર્ધક, નેત્ર્ય, રુચિકર, સારક અને લઘુ છે. તે કફ, શૂલ, અર્શ, સોજો, ત્રિદોષ, કોઢ, કંડૂ, કર્ણકીટ, અતિસાર, ઉચકી, ઉલટી, દમ, ઉધરસ, જ્વર, હૃદ્રોગ અને મેહનો નાશ કરે છે. **(૧) સુખે પ્રસવ થવા માટે:**-પીલુડીનાં મૂળ કેડે બાંધવાં. **(૨) પ્રદર ઉપર:**-પીલુડીનાં મૂળ ચોખાના ધોવરાવણમાં ધસી આપવાં. **(૩) અવાજ છુટવા માટે:**—પીલુડી અને ઘોળી ચણોઠીનાં પાંદડાં, ઘોડાવજ અને કાષ્ઠ, એ સમભાગે લઇ સૂકવી ચૂર્ણ કરવું. એ ચૂર્ણમાં થોડી લીંડીપીપરની ભૂકી નાખી મધમાં કાલવી સોપારી જેવડી ગોળી કરવી. આ ગોળી મોઢામાં રાખી રસ ગળી જવો. એના યોગથી અવાજ ખુલશે. **(૪) ઉલટી ઉપર:**—પીલુડીનાં મૂળ અને હિંગ એકત્ર આપવાં. **(૫) અરલપિત્ત ઉપર:**-- પીલુડીનાં મૂળનો કાઢો અથવા સ્વરસ લઇ, તેમાં થોડી શેકેલી હિંગ નાખી આપવી. **(૬) ધાતુસ્થાનની કડકી ઉપર:**—પીલુડીનાં મૂળ ઠંડા પાણીમાં કિંવા ગાયના તાજા દૂધમાં ધસી તેમાં ખડીસાકર-ની ભૂકી નાખી શક્તિ પ્રમાણે આપવું. **(૭) ભૂતજ્વર ઉપર:**—પુષ્યાર્કમાં મોટી ઘોળી પીલુડીનાં મૂળ લાવવાં અને તે લાલ સૂતરે હાથે અથવા ગળે અગર તો મસ્તકે બાંધવાં. **(૮) નિદ્રાનાશ દૂર થવા માટે:**—પીલુડીનાં મૂળ સુતરમાં બાંધી પાઘડીના છેડે બાંધવાં એટલે નિદ્રા આવશે.

૩૧૭ ઘોળી ફળી (શીણવી)—સં પાંડુફળી, ધૂસરી. મ૦ પાટડી, પાંઢરફળી, પુશેરી. હિં૦ પાટલી. ક૦ મણુમંડે. લા૦ ફ્લુજિયા લ્યુકોપાઇરમ.

×અહીં આ પીલુડીનાં નામમાં સંસ્કૃત નામ કાકમાચી લખ્યું છે. શાલિગ્રામના અને દત્તરામના નિઘંટ ઉપરથી જોતાં એમાં પીલુડીનુંજ વર્ણન કરેલ છે, એમ એની પ્રકૃતિ તથા ગુણના વર્ણન ઉપરથી જણાય છે; પરંતુ શ્રી૦ પટેજીએ પીલુડી (કાંગોણીતરીકે) જૂદી લખી છે; અને તેમાં પ્રકૃતિ તથા ગુણદોષનું વર્ણન કરેલ નથી; એથી આ બન્નેનું જૂદાપણું જાણવાનું વિશેષ સાધન મળતું નથી. માત્ર અહીં મ૦ કાવળી પાંઢરી નામ આપેલ છે; તે ઉપરથી અમે તેને ઘોળી પીલુડી લખી છે ખરી; પરંતુ ઘોળી પીલુડીનું વર્ણન શ્રી૦ પટેજીએ પોતાના બૃહન્નિઘંટમાં નં. ૩૬ અને તેની ટીપણીમાં આ પ્રમાણે આપ્યું છે:—"સં૦ કાકનાસા. મ૦ થોર શ્વેત કાવળી, થોર કાવળી. ગુ૦ કાકનાસા, શ્વેત પીલુડી, રાજગરૂં. હિં૦ કૌવાડોડી. બં૦ કેકયાકુંટી. ક૦ હિરિયકા-ગેદોંડે. તૈ૦ બેલુમસન્દિચેટ્ટુ, કાકદોરચેટ્ટુ. લા૦ જિન્નિમાસિલવેસ્ટ્રી.(ટીપણી) થોર શ્વેત કાવળી (પીલુડી)ના વેલા-નો વિસ્તાર મોટો હોય છે. એનાં પાંદડાં પીપરનાં પાંદડાં જેવાં હોય છે. એનાં ફૂલ અંદરથી ઘોળા રંગનાં હોઈ બહારથી નીલવર્ણ (કાળાશપર) હોય છે. એને પાંચ પાંખીઓ હોય છે. આ વેલીનું સર્વ અંગ દૂધાળ હોય છે. આ વેલ ઘણીજ કડવી હોય છે. એને બર્છી જેવાં ટોંકદાર એક દીંટડાને બબ્બે ફળ આવે છે. એને ત્રણ ધારા હોય છે. કાવળ્યા (કાગડી) ની ચાંચ જેવી એ ફળની ટોંક હોય છે, એથીજ આ વેલાને કાવળી એવું (મરાઠીમાં) નામ પડેલું છે. એ વેલ ઘણીજ કડવી હોવાથી એના સેવનથી અતિશય ઉલટી થઈ પિત્ત નીકળે છે. એ મોટી તીવ્ર વનસ્પતિ છે; એનો ગુંદ (ચીક) ગુમડા ઉપર ચોપડવાથી તે જલદી બેસી જાય છે." હવે અમારા સહવાસી બંધુઓ આજ વનસ્પતિને પીલુડીના નામથી ઓળખે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ધોળી ફળીનાં ઝાડ નાનાં હોય છે. એ ઝાડની ઉંચાઇ શુમારે હાથ-દોઢ હાથ હોય છે. એ ઝાડનો વર્ણ ધોળો હોય છે. એને રાઇ કરતાં મોટાં બીઆં આવે છે. એનો રંગ ધોળો હોય છે. એ બીઆં ઢોરોનો ખોરાક છે. દુષ્કાળમાં લોકો ધોળી ફળીનાં બીઆંનો લોટ કરી ભાખરી બનાવી ખાય છે. ક્ષુદ્ર વનસ્પતિ પણ માણસને કેટલી ઉપયોગી છે, એ આ ઉપરથી સમજાય છે. **ધોળી ફળી:**— મધુર, બલકર, વૃષ્ય તથા શીતળ છે; અને મૂત્રાઘાત, પિત્તરોગ, મૂત્રકૃચ્છ્ર તથા રક્તદોષનો નાશ કરે છે.

૩૧૮ ધોળો ચંપો—(સં૦ શ્વેત ચંપક. મ૦ પાંઢરા ચાંપા. હિં૦ ચંપા.) એને "ખડચંપો" પણ કહે છે. આ ઝાડ ઘણાક પ્રાંતોમાં થાય છે. એ ઝાડનાં પાંદડાં લાંબાં હોય છે અને તેનાં ફૂલ ધોળાં હોય છે. એ ઝાડ ઘણુંજ મોટું થાય છે. આ ઝાડ ઘણુંજ પોચું છે. એ ચંપાનો રસ એટલો ઉષ્ણ છે કે તે શરીરે લાગવાથી ફોલ્લો થાય છે. જૂના ઝાડને ક્યાંક ક્યાંક શીંગો આવે છે. ચંપાનાં ફૂલનું શાક પણ કરે છે. **ચંપો:**—સારક, કડવો, તીખો, તુરો તથા ઉષ્ણ છે; અને કોઢ, કંડૂ (ખરજ), વ્રણ, શૂળ, કફ, વાયુ, ઉદર તથા આધ્માનનો નાશ કરે છે. **ઉપયોગ:—વાયુના યોગે અંગ બહેરૂં થયું હોય તે ઉપર:**—ચંપાનો રસ ચોપડવો અથવા પાંદડાંનો શેક કરવો. **(૨) ગુમડાં વગેરે ગાંઠો બેસી જવા માટે:**—ચંપાના દૂધનો લેપ કરવો. **(૩) સર્પદંશ ઉપર:**—ચંપાની શીંગ ઘસી પાવી. સૂકાયેલી શીંગ પણ ચાલે. માત્ર તે દૂધમાં ઉકાળી રાખેલી હોવી જોઇએ. **(૪) રેચમાટે:**—ચંપાની છાલ કોપરા સાથે ખાવી. ઉતાર ઘી અને ભાત અથવા ચંપાની છાલનો રસ અને આદાનો રસ એકત્ર કરી પાવો. **(૫) ટાઢીઆ તાવ ઉપર:**—ચંપાની કળીઓ ડીંટાસુદ્ધાં પાનમાં મૂકી ત્રણ બીડાં કરવાં. તાવ આવ્યા પહેલાં એકેક ઘડીને અંતરે એક બીડું ખવરાવવું. **(૬) સર્પદંશ ઉપર:**—ચંપાની છાલ અને બીલીની છાલ એકત્ર ખાંડી તેનો રસ અર્ધો શેર સુધી પાવો. બીજાં ઔષધોની સહાયથી વિષો ઉપર એનો સારો ઉપયોગ થાય છે. **(૭) ખસ ઉપર:**—ચંપાનું દૂધ, ચંદનનું તેલ અથવા કોપરાનું તેલ અને કપૂર એકત્ર ખરલ કરી ચોપડવું. **(૮) ટાઢીઆ તાવ ઉપર:**—ચંપાનાં ફૂલનાં ટીંટડાં કાઢી નાખી તે ફૂલ બીડીમાં ખાવાં અને ટાઢ ચઢયાની સંધિમાં પણ ખાવાં.

૩૧૯ ધોળો મરવો—(સં૦ મરૂબક. મ૦ મરવા.) ધોળો મરવો શુમારે વેંતભર ઉંચો વધે છે. કોઇ ઠેકાણે જરા મોટો થાય છે; પરંતુ તેને મોટો થવા દેતા નથી. એનાં પાંદડાં મેથીનાં પાંદડાં જેવાં હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો સારો આવે છે. **મરવો:**—તીખો, કડવો, ઉષ્ણ, તીક્ષ્ણ, હૃદ્ય, પિત્તકર, રુચિપ્રદ, રુક્ષ તથા લઘુ છે; અને કૃમિ, કોઢ, મલબદ્ધતા, પેટનું ચઢવું, શૂળ, કફ, રક્તદોષ, વિષ, જ્વર, અગ્નિમાંદ્ય, ત્વગ્દોષ (ખરજ), અરુચિ, વાયુ, દમ, સોજો, હૃદ્રોગ તથા વીંછીના વિષનો નાશ કરે છે. એના શ્વેત અને કૃષ્ણ એવા બે ભેદ છે. તેમાં શ્વેત ઔષધોમાં લેવાય છે. **ઉપયોગ:-(૧) ગરમી ઉપર:**—મરવાનો રસ કાઢી પાવો.

૩૨૦ નગોડ—સં૦ મ૦ નિર્ગુંડી. કો૦ નિગડ, વણઇ. હિં૦ સમ્હાલુ, મેઉડી. બં૦ નિશિંદા. પં૦ વણા. ક૦ બિળેલોક્કી. બી-લક્કી-નેક્કી. તૈ૦ તેલ્લા, બાવિલી, તેલ્લવ. તા૦ નોકચી. તુ૦ નેક્કી. મલા૦ ઇંદ્રાણી, બેન્નોચી. ફા૦ પરંગુષ્ટ. અ૦ અપલુક, હમુલ્લપુક્કા. ઇં૦ ફાઇવલિવ્ડચેસ્ટ-ટ્રી. લા૦ વાઇટેકસનિગંડો.

નગોડનાં ઝાડ શુમારે દોઢ-બે માથોડાં ઉંચાં વધે છે. એ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. નગોડમાં સાદી અને કાત્રા નગોડ એવા બે ભેદ છે. કાત્રા નગોડનાં ફૂલ લીલા રંગનાં હોય છે અને પાંદડાં કાતરેલા જેવાં હોય છે. સાદી નગોડને પીળા રંગનાં બારીક ફૂલ આવે છે. જે નગોડની બહારની છાલ કાળા રંગની હોય છે અને ફૂલો કાળાં આવે છે તેને "કાળી નગોડ" કહે છે. તે અધિક ગુણવાળી છે. નગોડ વાતનાશક છે. સાદી નગોડ કરતાં કાત્રા નગોડ વધારે ગરમ છે. જંગલી નગોડના ઝાડને મરાઠીમાં "વણઇ" કહે છે. **ધોળા ફૂલની નગોડ:**—તીખી, કડવી, રુક્ષ, ઉષ્ણ, તુરી, સ્મૃતિપ્રદ, નેત્રોને હિતકારક, કેશોને હિતકર, લઘુ, અગ્નિદીપક, મેધાકારક તથા વર્ણકર છે; અને ગુદ્વાત, ક્ષય, સંધિવાત, વાત, સોજો, આમ, કૃમિ, કોઢ, કફ, વ્રણ, પ્લીહા, ગુલ્મ, કંઠરોગ, વિષ, શૂળ,

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અરુચિ, તાવ, મેદોરોગ, ગૃધ્રસીવાયુ, સળેકમ, ઉધરસ, દમ તથા પિત્તનો નાશ કરે છે. નગોડનાં પાંદડાં લઘુ અને કૃમિનાશક છે. **કાળી નગોડ:**—કડવી, રુક્ષ, ઉષ્ણ અને તીખી છે; તથા આધ્માન-વાયુ, પ્રદર, ઉધરસ, સોજો, કફ તથા વાયુનો નાશ કરે છે. **કાત્રા નગોડ:**—પથ્યકર, વર્ણકારક અને પિત્ત, તાવ, વિષ તથા ગૃધ્રસી વાયુની નાશક છે. એનાં **પાંદડાં:**—તીખાં, અગ્નિદીપક, લઘુ અને કૃમિ, કફ તથા વાયુનો નાશ કરે છે. * એનાં **ફુલ:**—તીખાં, ઉષ્ણ તથા કડવાં છે; અને કૃમિ, કફ, વાયુ, પ્લીહા, ગુલ્મવાયુ, કોઢ, સોજો, અરુચિ તથા ખરજનો નાશ કરે છે. **ઉપયોગ:-** **(૧) પેટમાં વાયુનો સંચય થયો હોય તે ઉપર:**—સાદી નગોડનાં પાંદડાંનો અંગરસ ૭ માસા, ઘી ૭ માસા અને મરીની ભૂકી ૪ ગુંજા એકત્ર કરી આપવું અથવા નગોડનાં કુમળાં પાંદડાં ચાવી રસ ગળી જવો. **(૨) વાયુએ કરી અંગ અકડાઈ જાય છે તે ઉપર તથા સંધિવાત ઉપર:**-નગોડનાં પાંદડાં અને વાયવરણનાં પાંદડાં કિંવા સરગવાની છાલ એકઠી કચરી પોટલી બાંધવી અને તવા ઉપર ગરમ કરી કેટલીક વાર શેકવું. પછી તેનોજ પાટો બાંધવો. **(૩) પ્લીહોદર ઉપર:**—સાદી નગોડનો રસ ૨ તોલા અને ગોમૂત્ર ૨ તોલા એકત્ર કરી દરરોજ સવારે એકવાર એ પ્રમાણે સાત દિવસ આપવું. પથ્ય દૂધભાત ખાવાં. આઠમે દિવસે કાંજીમાં નવટાંક ઘી નાખી પાવું. **(૪) વાયુથી પેટ ચઢવું, શરીરમાં સણકા થવા અને જડત્વ આવવું, એ ઉપર:**—કાત્રા નગોડ, ભાંગરો અને કાળી તુળસીનો રસ કાઢવો તથા સ્વચ્છ અજમો લઇ તેને એ રસની સાત, ચૌદ કિંવા એકવીસ ભાવનાઓ આપી સૂકવી રાખવો. આ અજમો દરેક વખત ૬ માસા સુધી ગરમ પાણી સાથે ગળવો, ચાવવો નહિ. **(૫) સોજો અને ગાંઠ ઉપર:**-નગોડ-ના પાલાનો બાફ આપી તે બાંધવો. **(૬) દુષ્ટ વ્રણ, નાસુર અને ભગંદર ઉપર:**—નગોડનાં પાંદડાંનો કલ્ક અને રસ એમાં તેલ સિદ્ધ કરી ચોપડવું.

૩૨૧ નરાંબા—એ ઝાડ મોટાં થાય છે. એ ઝાડનાં પાંદડાં કાંઈક નાણાનાં પાંદડાં જેવાં થાય છે. એ ઝાડ ઉપર ગોળાકૃતિ ફળના ગુચ્છા આવે છે. નરાંબાનું લાકડું ઇમારતના કામમાં ઘણું ઉપયોગી છે. રખવાળેલા જંગલમાં આ ઝાડ ઘણાં હોય છે. **ઉપયોગ:—(૧) બદ પાકવા-ને માટે:**—નરાંબાનાં કુમળાં પાંદડાં અર્ધો ભાગ અને જૂનાં પાંદડાં અર્ધો ભાગ લઇ એકત્ર કરી બારીક વાટવાં. પછી તેનો ગોળો કરી ગાંઠ ઉપર બાંધવો; અને તેજ પાંદડાંનો ૨ તોલાસુધી અંગરસ કાઢી પાવો. આ ઔષધ ગરમી છાંટી કાઢનાર ઉત્તમ છે.

૩૨૨ નસોતર—સં૦ નિશોત્તર. મ૦ તેડ. હિં૦ નિશોથ, પનીલર. બં૦ તેઉડી. ક૦ બીળેતિગડે, નાગદંતી. તૈ૦ તેલ્લા, તેગડા. તા૦ ચિવડે. મલા૦ ગો૦ તીગડે. અ૦ તુરબુદ. ઇં૦ ટરબીથરૂટ. લા૦ આય ગોમિયાટરપીથમ્. ફ્રા૦ નિસોથ.

નસોતરના વેલા હોય છે. એમાં ધોળી, કાળી અને રાતી એવી ત્રણ જાત છે અને તે ફૂલ ઉપરથી થયેલી છે. આ વનસ્પતિ બહુ રેચક છે. ધોળી કરતાં કાળી અધિક તીવ્ર છે. આ વનસ્પતિનાં મૂળને નસોતર કહે છે. **ધોળું નસોતર:**—મધુર, રુક્ષ, તુરૂં, સ્વાદુ, રેચક, ઉષ્ણ, પાકકાળે તીખું તથા વાતકારક છે; અને કફ, પિત્ત, તાવ, પ્લીહા, વ્રણ, પાંડુરોગ, શોફોદર, પિત્તોદર તથા પિત્તજ્વરનો નાશ કરે છે. **કાળું નસોતર:**—તીખું, કડવું, ઉષ્ણ, તથા રેચનવિષે પ્રશસ્ત છે; અને મૂર્ચ્છા, દાહ, મદ, ભ્રાંતિ, કોઢ, કંડૂ, કફ, વ્રણ, કંઠરોગ તથા કૃમિનો નાશ કરે છે. એ ધોળા નસોતર કરતાં ઓછા ગુણવાળું છે. **રાતું નસોતર:**—મધુર, રુક્ષ, વાતકારક, તુરૂં, રસકાળે કડવું, તીખું, ઉષ્ણ, રેચક, હિતકારક તથા મલસ્તંભક છે;

*નગોડના ઝાડની દરેક ડાળીમાં લાંબાં અને પાતળાં ત્રણ ત્રણ અથવા પાંચ પાંચ પાંદડાં હોય છે, ફળ આંબાના મોરની માફક ગુચ્છાદાર અને જાંબુડીઆ રંગનાં હોય છે. નગોડના બીજને કેટલાક વૈદ્ય રેણુક બીજ કહે છે. બન્ને પ્રકારની નગોડમાં ધોળી નગોડનાં પાંદડાં લીમડાનાં પાંદડાંથી કાંઈક પહોળાં અને કાંગરાવાળાં તથા અણીદાર હોય છે. કાળી નગોડને નિર્ગુંડી કહે છે. એનાં પાંદડાં તુવેરનાં પાંદડાંના સમાન અને મખમલ-ની માફક બહુજ નરમ અને સુંવાળાં હોય છે. પુસ્તક અથવા લુગડામાં રાખવાથી તેમાં જીવ (કુથો, કસારી આદિ) પડતા નથી. એની માત્રા ૨ માસાની છે. આ સિવાય એમાં એક વન નગોડ નામે ત્રીજી જાત પણ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

અને સંગ્રહણી, કફોદર, સોજો, પાંડુરોગ, કૃમિ, પ્લીહા, તાવ, પિત્ત, કફ, વાતરક્ત, ઉદાવર્ત તથા હૃદ્રોગનો નાશ કરે છે.×**ઉપયોગ:-(૧) જૂ મરવા માટે:**—ધોળું નસોતર કાંજીમાં વાટી ચોપડવું. **(૨) પથરી ઉપર:**-નસોતર અને ઇંદ્રજવનું ચૂર્ણ દૂધમાં આપવું. **(૩) રેચને માટે:**—નસોતરનું ચૂર્ણ શક્તિ પ્રમાણે ગરમ પાણીમાં નાખી પાવું; અને પિત્ત પ્રધાન હોય તો દ્રાક્ષના કાઢામાં પાવું. **(૪) ભસ્મકરોગ ઉપર:**-દૂધમાં પાવું. **(૫) વિદ્રધિ રોગ એટલે ગુમડાં થાય છે તે ઉપર:**-ત્રિફળાના કાઢામાં નસોતર નાખી પાવું. **(૬) પિત્તગુલ્મ ઉપર:**—નસોતર અને ત્રિફળાનો કાઢો પાવો.

૩૨૩ નળ--સં૦ દેવનલ. બં૦ નલ. મ૦ દેવનળ. હિં૦ નરસલ. કચ્છી૦ આંચી. ક૦ ઉચ્ચગોળિવે. તે૦ ભુંગુએહુરૂ. ઇં૦ ઇંડયન ટૉમેકો. લા૦ લોબીલિયા-નીકોટીઆનીફોલીઆ.

નળના બરૂના જેવા બેટો થાય છે અને બરૂની માફકજ એની સોટીમાં પોલ હોઇ ગાંઠો હોય છે. એનાં પાંદડાં વાંસનાં પાંદડાં જેવાં હોય છે. એનો નળીઓ કરવામાં ઉપયોગ થાય છે. **નળ:**—શીતળ, રુચ્ય, તુરી, મધુર, વીર્યવર્ધક, કડવી, દીપન તથા મૂત્રશોધક છે; અને વિસર્પ, મૂત્રકૃચ્છ્ર, દાહ, રક્તદોષ, પિત્ત, કફ, હૃદ્રોગ, બસ્તિશૂળ યોનિરોગ, તથા રક્તપિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અંડ ઉતરી ગયો હોય તો:**—નાળીએરના અંગરસમાં નળનાં મૂળ પૈસાભાર ઘસી પાવાં અને કાનમાં જુવારની સળી દિવસ ૧૪ ઘાલી રાખવી. **(૨) મૂત્રાઘાત ઉપર:**—નળનાં મૂળ, ડાભનાં મૂળ, કાસનાં મૂળ અને શેરડીનાં મૂળ એ સર્વ સમભાગે લઇ અષ્ટમાંશ કાઢો કરી ઠંડો થયા પછી તેમાં સાકર નાખી પાવો. **(૩) કંઠસર્પ ઉપર:**—નળના તોરા ચલમમાં નાખી પીવાં.

૩૨૪ નાઉળ—સં૦ નાકૂલી. મ૦ મુંગુસકાંદા. હિં૦ સ૦ નકૂલકંદ. ક૦ વિષમુંગરી. લા૦ રાઉઓલ્ફીઆ સરપેન્ટિના.

નાઉળના વેલા હોય છે. એ ચોમાસામાં ઉગે છે. એનાં પાંદડાંને અણીઓ હોય છે. પાંદડાંની નીચેની બાજુએ કુસો (પુમ) હોય છે. નાઉળનાં પાંદડાંનું શાક કરે છે. એ શાક ઠંડું અને પથ્યકર છે. ગરમીવાળા માણસને એ શાક પથ્યકર છે. **ઉપયોગ:—(૧) મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાત ઉપર:**-નાઉળનાં પાંદડાંનો રસ સાકર નાખી પાવો.**(૨)આંગખો આવે છે તે ઉપર:**-નાઉળનાં પાંદડાંનો અંગરસ અને લીંબુનો રસ,એ એકેક ભાગ, અફીણ અડધો ભાગ, મમીરા* પા ભાગ, એ સર્વ એકત્ર કરી તેનો સારો ખરલ કરી આંખો ઉપર લેપ કરવો. **(૩) ઉપદંશ ઉપર:**—નાઉળનાં પાંદડાંનો રસ દૂધ અને સાકર સાથે ૨ વખત આપવો.

૩૨૫ નાકછીંકણી—(સં૦ છિક્કીપત્રા. મ૦ ક૦ ભૂતાકેશી. ઈ૦ ઈલીઓંડેન્ડ્રાનગ્લાકમ.)

×એની વેલ ત્રણધારી હોય છે. એને ચાર ચાર કાળાં બીજ હોય છે. ઉપયોગમાં એના વેલાનું લાકડું લેવાય છે. ધોળાની માત્રા ૨ થી ૪ા માસા, કાળાની ૧ થી ૩ માસા અને રાતા નગોડની ૩ થી ૬ માસાની ગણાય છે.

*મમીરાને સંસ્કૃતમાં નેત્રદા, નેત્રજનની, ચક્ષુષ્યા, નેત્રરોગહા કહે છે. આ એક જડી છે. ચીનદેશમાં એની ઉત્પત્તિ થાય છે. એને ચીની મમીરો કહે છે. એ જમીનમાં પાણી હોય ત્યાંસુધી ઉંડો પ્રકટ થાય છે. એનાં નાનાં નાનાં રૂખડાં, નાની નાની ડાળીઓ અને સોટીઓવાળા ક્ષુપ થાય છે. એની જડ ઘણીજ ગાંઠાવાળી હોય છે. એ ગાંઠ હળદરના જેવી હોય છે, પણ હળદરની ગાંઠથી કાંઈક નાની અને ઘણી પીળી હોય છે. કોઇ કોઇ વૈદ્ય આને વનહળદરનો ભેદ માને છે. એનાં બીજ તલના જેવાં હોય છે. આ મમીરાના ગુણ હકીમતના (તીબ્બના) ગ્રંથોમાં ઘણાંજ કહેલ છે. નેત્રરોગમાં એનો ઉપયોગ ઘણો છે. આ મમીરાનો પ્રયોગ જન્માંધને દૂર કરે છે. વધારે શું કહીએ? ઘણાક લોકો મમીરાના નામથી માણસોને ઠગે છે. એની પરીક્ષા એવી રીતે થાય છે કે નીલા (ગળીના)રંગના લુગડાને ઘસવાથી તે સફેદ થઇ જાય છે.

કેટલાક કહે છે કે, આ વનસ્પતિ રાત્રે દીવાની માફક પ્રકાશ આપે છે અને એથી એ રાત્રે ઓળખાય છે; પણ દિવસે ઓળખાતી નથી. ઈશ્વર જાણે આ વાત સંભવિત જણાતી નથી.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એને મરાઠીમાં "ભૂતાકેશી" પણ કહે છે. એનાં નાનાં નાનાં ઝુમખાં હોય છે. એ કોંકણમાં અને બીજે સ્થળે પણ ઘણી થાય છે. **નાકછીંકણી:**—તીખી, રુચિકર, પિત્તલ, અગ્નિદીપક, લઘુ, ઉષ્ણ, તુરી તથા ઉગ્રગંધા છે; અને ત્વગ્દોષ, કફ, વાયુ, શ્વેતકુષ્ઠ, કૃમિરોગ, રક્તવિકાર, ગ્રહપીડા, ભૂતબાધા તથા દૃષ્ટિરોગનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) ચઢેલું માથું ઉતારવા માટે:**—નાકછીંકણીના પાલાનો અથવા બીઆંનો રસ નાકમાં કિંચિત્ પાડવો, કિંવા બી સુંઘવાં; એટલે છીંકો આવી મસ્તક ઉતરે છે. ઉતાર નાકમાં ઘી નાખવું. **(૨) સ્ત્રીઓના નષ્ટ પુષ્પ ઉપર:**—નાકછીંકણીનાં પાંદડાંનું ચૂર્ણ સાકર નાખી ૭ દિવસ આપવું. તેજ પાંદડાં તેલમાં ખરલ કરી ઋતુસમયે ત્રણ દિવસસુધી યોનિમાં ગોળી કરી રાખવી. **(૩) ગુલ્મ અને રુક્ષવાત ઉપર:**—નાકછીંકણીના ઝાડનો કાઢો આપવો. **(૪) દંતશૂળ ઉપર:**—નાકછીંકણીનાં પાંદડાં વાટી દાંત નીચે રાખવાં.

૩૨૬ નાગકેસર—સં૦ મ૦ હિં૦ ક૦ તૈ૦ નાગકેસ-શ-ર. અ૦ નારમુષ્ક. લા૦ ઍક્રોકાર્પસ લૅાગીફોલિયમ.

નાગકેસરનાં ઝાડ થાય છે.÷ એમાં કાળી અને રાતી એવી બે જાત છે. એને લઘુ નાગકેસર કહે છે. નાગકેસર એ લવંગ જેવડું હોય છે. કાળું નાગકેસર ઠંડા ગુણવાળું છે; અને એનો મસાલામાં ઉપયોગ થાય છે. રાતું નાગકેસર ઉષ્ણ ગુણવાળું છે. **નાગકેસર:**—કડવું, તુરૂં, આમપાચક, કિંચિદુષ્ણ, લઘુ તથા રુક્ષ છે; અને પિત્ત, ઉલટી, કફ, ખુડવાત, રક્તરોગ, વાયુ, ખરજ, હૃદયવ્યથા, સ્વેદ, દુર્ગંધ, વિષ, તૃષા, કોઢ, વિસર્પ, બસ્તિપીડા, વાતરક્ત, કંઠરોગ અને મસ્તકશૂળનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) બાળકના રક્તમૂળ-વ્યાધિ ઉપર:**—નાગકેસર અને માખણ આપવું. **(૨) સોમરોગ એટલે જલપ્રદર ઉપર:**—નાગકેસર છાશમાં વાટી ત્રણ દિવસ ખાવું અને તે ઉપર છાશ અને ભાત ખાવો. **(૩) આમાંશ—બાળકની રક્તસંગ્રહણી ઉપર:**—નાગકેસરની ભૂકી રાત્રે છાશમાં પલાળી રાખી સવારે ગોળી કરી આપવી. એજ ક્રમ પ્રમાણે સાંજે પણ દિવસ સુધી ૩ આપવી. **(૪) રક્તપ્રમેહ ઉપર:**—નાગકેસર અને ચણકબોળા એ ત્રણ ત્રણ માસા લઇ અષ્ટમાંશ કાઢો કરી તે ઠંડો થયા પછી પાવો. **(૫) ગર્ભધારણમાટે:**—નાગકેસરનું ચૂર્ણ ઘીમાં નાખી આપવું. **(૬) રક્તસ્રાવ ઉપર:**—નાગકેસરનું ચૂર્ણ ઘીમાં આપવું. **(૭) પ્રદર ઉપર:**—નાગકેસરનું ચૂર્ણ ઘીમાં પલાળી રાખવું અને રોજ સવારે અને સાંજે સોપારી જેવડી ગોળી કરી આપવી; એટલે રક્તપ્રદરનો જલદી નાશ થાય છે. **(૮) સ્વરભંગ ઉપર:**—નાગકેસર, એલચી અને સાકર, એ મોઢામાં રાખવું. **(૯) અતિશય પરસેવો આવતો હોય તે ઉપર:**—નાગકેસરનું ચૂર્ણ કરી તે આપવું.

૩૨૭ નાગચંપો—સં૦ મલા૦ બં૦ નાગચંપક. મ૦ નાગચાફા. હિં૦ નાગચંપા. ક૦ નાગચંપકે-સંપીગે. તા૦ નાગેશુર, નાગેપુ. તૈ૦ નાગકેસરમુ. મલા૦ નાગચંપક. તુ૦ નાગસંપે. ઇ૦ મેસ્યુઆફેરિયા. લા૦ આર્ટબોટ્રિસઓડોરેટિસિમા.

નાગચંપાનાં ઝાડ કોંકણ અને કર્ણાટક પ્રાંતમાં થાય છે. આ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં મોટાં તથા લાકડું મજબૂત હોય છે. એને સાત-આઠ વર્ષે ફૂલ આવે છે. એનાં ફૂલ દેખાવે સુંદર, મધુર વાસવાળાં અને મનને સંતોષ આપનારાં હોય છે. એ ફૂલ હથેળી જેવડાં હોય છે. એ ફૂલ સૂકવી રાખી મૂકે છે; ફૂલની આકૃતિ નાગની ફેણ જેવી હોય છે. માટે આ ઝાડનું નામ નાગચંપો પાડેલું છે. નાગદમની જેવું બીજું એક નાનું ઝાડ થાય છે; તેને પણ નાગચંપો કહે છે. એને પીળા રંગનાં ફૂલો આવે છે અને તે નાગની ફણીની માફક વાંકડાં હોય છે. **નાગચંપો:**—વર્ણ્ય, ઉષ્ણ, તીખો, વ્રણરોપણ તથા ચક્ષુષ્ય છે; અને કફ તથા વાયુનો નાશ કરે છે. બીજી વસ્તુના

÷ મ. શાલિગ્રામજી લખે છે કે:-"ઉંડણના વૃક્ષના કેસરને અને નાગચંપાની કળીને નાગકેસર કહે છે. એની એ બે જાતો છે. તે ગોવા અને કોંકણ તરફ થાય છે." આ બન્ને વૃક્ષોનું જુદું જુદું વર્ણન આ ગ્રંથમાં આપેલ છે.

હિંદુસ્તાની વદ્ય—નાગકેસરનાં સૂકાએલ ફૂલ ઘીમાં મેળવી ચોપડવાથી દુઃખતા હરસ તથા પગનાં તળીઆંમાં થનાર બળતરા દૂર થવાનું જણાવે છે; તથા વૃક્ષની છાલ અને જડને પાણીમાં ભીંજવી તે પાણી પીવાથી પાચનશક્તિ વધારે છે; અને બીજને પીસીને કાઢેલું તેલ સંધિવા ઉપર ચોપડવાનું કહે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

સંયોગે અગ્નિસ્તંભક છે. **ઉપયોગઃ—(૧) વિષમ જ્વર ઉપરઃ—**નાગચંપાની છાલનો કાઢો કરી પાવો. **(૨) મૂળવ્યાધિ ઉપરઃ**-નાગચંપાનાં ફૂલની ધૂણી કરવી. **(૩) ખરજ, ખસ અને ફોલ્લા વગેરે ઉપરઃ**—નાગચંપાનાં બી કોપરેલમાં ઘસી લેપ કરવો. **(૪) સસણી (વરાધ) ઉપરઃ**-નાગચંપાનાં પાંદડાંનો રસ પાવો. **(૫) કઠણ ગાંઠો પાકવા માટેઃ—**નાગચંપાનાં મૂળ ઘસી ચોપડવાં.

૩૨૮ નાગછત્ર—(સં૦ બં૦ નાગદંતી. હિં૦ નાગાલી. મ૦ નાગાળી, પેંવે.) એને "નાગોળી" એમ પણ મહારાષ્ટ્ર ભાષામાં કહે છે. એ નાગછત્રનાં ઝાડ મોટાં એટલે શેરડી જેવડાં અને આખેહુબ શેરડી જેવાં દેખાય છે. પાંદડાં કેળ જેવાં હોય છે. કળલાવીના જેવો નાગછત્રનો કંદ હોય છે. એકાદું નાગછત્ર શેરડીના જેવું કાંઇક મીઠું લાગે છે. તે કોઈ કોઇ ખાય છે. નાગછત્ર એ તીખું, રુક્ષ, રુચિકર, તીક્ષ્ણ તથા ઉષ્ણ છે; અને વાત, કફ, પિત્ત, ગુલ્મ, શૂળ, ઉદર, યોનિદોષ, વિષ, ઉલટી, કંઠદોષ તથા કૃમિનો નાશ કરે છે. **(૧) કૃમિ ઉપરઃ**-શેરડી પ્રમાણે નાગછત્ર ચાવી તેનો રસ પાવો.

૩૨૯ નાગદમની (ઝીપટો)ઃ—સં૦ ક૦ નાગદમની. મ૦ નાગદવણ. હિં૦ નાગદૌન-દમન. બં૦ નાગદના.તા૦ માચીપત્રી ને૦ તિતાપાત. લા૦ આટિમિશિયા,વલગેરિસ.તૈ૦ ઇશ્વરી ચેટુ,દરણમુ.

નાગદમનીનાં ઝાડ અનનસનાં ઝાડ જેવાં થાય છે. નાગદમનીનાં પાંદડાં એક વેંત જેટલી પહોળાઈનાં તથા રંગે ધોળાં હોય છે. એ ઝાડના મધ્ય ભાગે ત્રણ હાથ લંબાઇનો એક દાંડો આવે છે અને તે ઉપર લાંબાં અને ધોળાં ફૂલ આવે છે. એ ફૂલમાં લસણની કળી જેવાં લાંબાં બીઆં હોય છે. **નાગદમનીઃ**-ઉષ્ણ, અતિ કડવી, લઘુ, રુચિકર, કોષ્ઠશુદ્ધિકર, તીક્ષ્ણ તથા તીખી છે; અને યોનિદોષ, લૂતા તથા સર્પનું વિષ, વાયુ, કફ, ઉલટી, કૃમિ, વ્રણ, મૂત્રકૃચ્છ્ર, ઉદર, ત્રિદોષ, પ્રમેહ, ઉધરસ, કંઠરોગ, શૂળ, ગુલ્મ, રક્તદોષ, તાવ, સર્વ પ્રકારનાં વિષ, આધ્માન અને ગ્રહપીડાનો નાશ કરે છે. **ઉપયોગઃ-(૧) સર્વ પ્રકારના વિષ ઉપરઃ—**નાગદમનીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં; એટલે ઉલટી થઈ વિષ ઉતરી જાય છે. **(૨) વાળા ઉપરઃ**-નાગદમનીનાં પાંદડાં તેલ ચોપડી શેકી ૩ થી ૭ દિવસ વાળા ઉપર બાંધવાં. **(૩) દાદર ઉપરઃ**-નાગદમનીનાં પાંદડાંના રસમાં મીઠું નાખી ગરમીમાં મૂકી પછી ત્રણ દિવસ લેપ કરવો. **(૪) સ્ત્રીઓની કંમરે કનવટ થાય છે તે ઉપરઃ**-નાગદમનીનાં પાંદડાંને ગોળ લગાવી તે પાંદડાં કંમરે બાંધવાં. **(૫) નાના બાળકના કફવિકાર અને વરાધ ઉપરઃ**-નાગદમનીનાં પાંદડાં ગરમ કરી રસ કાઢી મધમાં નાખી પાવાં; એટલે ઉલટી થઈ કફવિકાર દૂર થાય છે.

૩૩૦ નાગફણી-(સં૦ સર્પિણી.) એના અંગ ઉપર સર્પના અંગ જેવા લીસોટા હોય છે. એ છોડ નાના થાય છે અને નાગની ફણી જેવો એ ઝાડના ઉપરના છેડાનો આકાર હોય છે. **નાગફણીઃ**—વિષનાશક અને સ્તનમાં દૂધ વધારનારી છે. **ઉપયોગઃ-(૧) સર્પના વિષ ઉપરઃ**-નાગફણીનાં પાંદડાંનો રસ પાવો અથવા મૂળ ઘસી પાવાં. **(૨) ઉંદરના વિષ ઉપરઃ**—નાગફણીના ઝાડનાં મૂળ ગાયના દૂધમાં ઘસી નિત્ય એ વખત પ્રમાણે ૭ દિવસ સુધી આપવાં. પથ્ય મીઠું ખાવું નહિ.

૩૩૧ નાગરવેલ—સં૦ નાગવલ્લી. મ૦ નાગ-પાનવેલ. હિં૦ નાગરવેલ. ક૦ યલીબળી. ત૦ તામલપાકુ. તા૦ તાંબુલી. તુ૦ બચ્ચિરે. મલા૦ વેત્તિલા. ફા૦ બર્ગતંબોલ. અ૦ કાન. ઇ૦ બિટલલીફ. લા૦ પાઇપરબિટલ.

નાગરવેલનાં પાન સર્વત્ર પ્રસિદ્ધ છે. ફક્ત હિંદુસ્તાનમાંજ ખાવાનાં પાનની ઉત્પત્તિ છે. ખાવાનાં પાનમાં 'કાળાં પાન' અને 'ડીંટાં પાન' એવી બે જાત છે. કાળાં પાન ચરચરીત અને ઘણાં ગરમ છે. રેચ આપવામાં એનો ઉપયોગ થાય છે. ડીંટાં પાન કે જે કપુરી કહેવાય છે, તે મૃદુ અને સૌમ્ય છે. રામટેક પાસે પાન ઘણાં ઉત્તમ થાય છે. એ પાન ઘણા દિવસ રહે તોપણ સૂકાતાં નથી. લીલાં પાન કરતાં પાકેલાં પાન ખાવામાં સારાં તેમજ ગુણવાળાં પણ વધારે છે. પાનનો પ્રચાર સર્વત્ર છે, એટલે તે વિષે વિશેષ કહેવાનું કારણ નથી. **તાંબુલ** (પાન)ઃ-એ વીર્યવૃદ્ધિકર, કામોદીપક, રુચિકર અને કાંતિકર છે. તાંબુલના અતિ સેવનથી પિત્ત, દંતદૌર્બલ્ય, નેત્રરોગ, બલક્ષય અને

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

મુખરોગ ઉત્પન્ન થાય છે. ગર્ભિણી અને બાળકને પાન આપવું નહિ. પાન ખાવું તે સ્નાન કર્યા પહેલાં અને જમવાની સાથે લાગલુંજ ખાવું નહિ. બે ઘડી પછી ખાવું, એટલે તે હિતકર છે. **નાગરવેલ:**—તીખી, તીક્ષ્ણ, રુચિકર, કડવી, અગ્નિદીપક, દાહકારક, કામોદ્દીપક, સારક, ઉષ્ણ, તુરી, ખારી, વિશદ, વશ્યકારક, રક્તપિત્તકારક, બલકર, લઘુ, રુક્ષ, સ્વરપ્રદ, મુખશુદ્ધિકારક, મુખને શોભાવનારી તથા સ્રંસિની છે; અને પીનસ, ઉધરસ, કફ, વાત, શ્રમ, કૃમિ, વાતરક્ત, ભ્રમ કલેદ તથા કંડૂ (ખરજ)નો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) સર્પદંશ ઉપર:**—નાગરવેલનાં મૂળ પાનમાં ઘાલી ખાવાં એટલે ઉલટી થઇ વિષ ઉતરે છે. પ્રથમ પાનથી ઉલટી ન થાય તો બે ત્રણ ખાવાં એટલે ઉલટી થશે. **(૨) નળ ફુલ્યા હોય તે ઉપર:**—ખાવાનાં પાકેલાં પાન અને સરગવાની છાલનો ભેગો રસ કાઢી ૩ દિવસ પાવો. **(૩) ઝેરકોચલાના વિષ ઉપર:**-કાળી નાગરવેલનાં પાનનાં ડીટાંનો રસ પાશેર સુધી ૩ દિવસ પાવો. **(૪) પારો અંગે ફુટી નીકળ્યો હોય તે ઉપર:**—નાગરવેલનો, ભાંગરાનો તથા તુળસીનો રસ અને બકરીનું દૂધ એ સર્વ આખા અંગે બે પહોર સુધી મર્દન કરવું; અને પછી ઠંડા પાણી વડે ૩ દિવસ સ્નાન કરવું. **(૫) કોલહાના (શિયાળ)ના વિષ ઉપર:**—નાગરવેલનાં મૂળ પાણીમાં બારીક વાટી પાવાં એટલે ઉલટી થઈ વિષ ઉતરે છે. **(૬) શરદીથી થયેલી ઉધરસ ઉપર:**—નાગરવેલની શીંગોનું ચૂર્ણ મધમાં આપવું.

૩૩૨ નાગલાદુધેલી (ચમાર દુધેલી-દુધી)—સં૦ ઈંદીવરા. મ૦ ઉતરણી, ઉતરંડ. હિં૦ ઉતરણ. ક૦ કુરટિગે, કુંટિગ, તળવાર નબળી, યુગુરસુ-તુબળી, હાલકોરેટિગા. તા૦ વેલિપારુત્તિ, ઉત્તમની. તે૦ ગુરુટિચેટ્ટુ, જરતુપુ. મલા૦ વેલપારુત્તિ. ઇં૦ હેઅરિફલાવર્ડસિનાનકમ્. લા૦ ડેમિઆએકસટેંસા.

આ વેલાને "ઉતરણ" એમ પણ કહે છે. દુધેલીનો વેલો વર્ષો સુધી રહે છે. એ વાડ ઉપર કે ઝાડ ઉપર ચઢેલો હોય છે. એ વેલાની ડાળી કલમ કરી જમીનમાં ઉભી પૂરવાથી તેને મૂળો ફુટી વેલો લાગુ થાય છે. દુધેલીનો વેલો પ્રસિદ્ધ છે. જે વેલા ઉંચા થઈ ડાખી બાજુએ ફરી વૃક્ષ ઇત્યાદિ ઉપર ચઢે છે, તે વર્ષભર ટકે છે; અને જે જમણી બાજુએ ચઢે છે તે કંઈક વર્ષો સુધી ટકે છે.* આ યુક્તિ પરમેશ્વરે વેલામાં મોટી ચતુરાઇથી રાખેલી છે. એને બબ્બે ફળો આવે છે. તેનો આકાર પોપટ જેવો હોય છે. એ ફળમાં રેશમ જેવું રૂ હોય છે. **નાગલા દુધેલી:**—તીખી, શ્વેત, આંખોને હિતાવહ, લઘુ, ઉષ્ણ, સ્નિગ્ધ, સારક, તુરી અને વ્રણરોપણ છે તથા ઉધરસ, વ્રણ, કૃમિ, દમ, જ્વર, પિત્ત, પ્રમેહ, કફ, કુષ્ઠ, પ્રલાપ, વાયુ, તંદ્રા, દરાજ, ક્ષય, કાસ, મૂત્રકૃચ્છ્ર, યોનિરોગ અને સૂજનો નાશ કરે છે તથા સુખે પ્રસવ કરનારી છે. એનું **શાક:**—ઉષ્ણવીર્ય અને કડવું છે. એ કૃમિ, અર્શ, કુષ્ઠ અને કફવાતનો નાશ કરે છે. **એનાં ફળ:**—ખારાં કડવાં, ઉષ્ણ, તીખાં, લઘુ, અગ્નિદીપક, પિત્તકોપન, વિશદ તથા વિષનાશક છે. **ઉપયોગ:-(૧) વિષમજ્વર ઉપર:**—દુધેલીનાં મૂળ અને હરડેનું ચૂર્ણ સાકર કિંવા ગોળ નાખી ગરમ પાણીમાં પાવું. એ પાચક અને રેચક છે. **(૨) કાનમાં બગાઈ ગયા ઉપર:**—દુધેલીનાં પાંદડાંનો રસ કાનમાં ત્રણ દિવસ નાખવો એટલે બગાઇ મરશે. **(૩) ગુમડું વગેરે પાકી ફુટવાને માટે:**-દુધેલીનાં પાંદડાં વાટી બાંધવાં. **(૪) જળવાત (તજાગરમી) અને કુષ્ઠ (કોઢ) ઉપર:**-દુધેલીનું દૂધ ચોપડવું. **(૫) શોફોદરના માટે:**—દુધેલીનાં પાંદડાંનો રસ કાનમાં રેડવો. **(૬) હુકે (ચસકા, શૂળ) આવે છે તેને માટે:**-દુધેલીનાં પાંદડાંનો રસ ચોળવો.

૩૩૩ નાગલી—સં૦ બહુદલ. મ૦ નાચણી. કો૦ નાગલી. હિં૦ નાચની. ક૦ તુ૦ રાગી, તાભીડેલ્લું, ચોલ. તા૦ ઇરાગી. મલા૦ કોરા, મટ્ટારી. ફા૦ નંડવા. ઇં૦ બ્રિક, સ્પાઈકિડ એલ્યુનિન. લા૦ એલ્યુઝીને કોરકાના.

નાગલી ધાન્યનો ઉપયોગ કોંકણ, ગુજરાત વગેરે ભરતખંડના કેટલાક ભાગોમાં કનિષ્ઠ પ્રતિના લોકોમાં થાય છે. એના દાણા બારીક રાઇ જેવા હોય છે અને રંગ પણ તેવોજ હોય છે.

* દુધેલીની હુંખળીઓમાં દૂધ હોય છે. બીજી એક એવીજ વેલ થાય છે; પરંતુ તેમાં દૂધ હોતું નથી. તેને ફૂદેલી કહે છે, ફૂદેલીનાં પાંદડાં વાટી બદ, ગુમડાં વગેરે ઉપર બાંધવાથી તે તેને સત્વર પકવી ફોડી આપે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

નાગલી દળી તેની ભાખરી બનાવે છે. **નાગલી:**—તુરી, કડવી, મધુર, તર્પણ, લઘુ, બળકર તથા શીતળ છે; અને પિત્ત તથા ત્રિદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અશકતને તથા નાના બાળકને શકિત આવવાને નાગલીનું સત્ત્વ:**—નાગલી રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે કાઢી બારીક વાટવી. પછી એનું દૂધ જેવું ધોળું પાણી નીકળે છે તે પાણી વસ્ત્રગાળ કરી કલઇના વાસણમાં બે-ચાર ઘડી રાખી મૂકવું; એટલે તેમાંનું સત્ત્વ તે વાસણની તળે જામે છે. પછી ઉપરનું પાણી નાખી દઇ જે સત્ત્વ જામેલું હોય તે કાઢી લઈ સ્વચ્છ વસ્ત્રની ચોવડી ગડી કરી તે ઉપર પાથરવું. પછી પાંચ-છ ઘડીએ ચીકણી માટી જેવું ઘટ્ટ થયા પછી તેની સોપારી જેવડી ગોળીઓ કરી તાપમાં સૂકવી રાખવી, પછી જોઇએ ત્યારે તેમાંની એકેક ગોળી પાણીમાં ઘાષી ગોળ નાખી ઠંડુ થયા પછી બાળકોને થોડું થોડું ખાવા આપવું. **(૨) શીતળા હલકા આવવા માટે:**—નાગલી વાટી અંગ ઉપર ચોપડવી. **(૩) બાળકોને શકિતવર્ધક ભક્ષ્ય:—** ડુંગરી નાગલી અર્ધો શેર સુધી લઈ, સારી ધોઇ, સૂકવી, પછી સારી છડી છોતરાં કાઢી નાખવાં. પછી અંદરની નાગલી રોજ સવારે પૈસાભાર લઇ ગાયના દૂધમાં બારીક વાટી અને વસ્ત્રગાળ કરી દૂધમાં શીજવી મલાઇ જેવું તૈયાર કરી આપવું. આ ઉત્તમ ઔષધ છ મહિના કરતાં અધિક વયના બાળકની કૃશતા અને કડકી ઈત્યાદિ વિકાર શમન કરી રક્તવૃદ્ધિ કરનાર અને બલપુષ્ટિદાયક છે. **(૪) ગુડધી ઉપર:**—ભેંસના છાણમાં નાગલીનો અને કળથીનો લોટ કાલવી મસળી જાડો રોટલો શેકી તે સોસાય તેટલો ગરમ બાંધી ઉપર પાટો બાંધવો.

૩૩૪ નાની અરણી (નરવેલ)—સં૰ તર્કારી, તેજોમંથ. મ૰ નરવેલ. હિં૰ અરની. ક૰ નરૂવલપલ્ય. તૈ૰ નેલાચેટ્ટુ. લા૰ કલેરોડેન્ડ્રન પ્લોમોઇડિસ્.

નરવેલનું ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં નાનાં અને લાંબાં હોય છે. એને કાંટા હોય છે. એનાં પાંદડાંનો સુગંધયુક્ત વાસ આવે છે. એ ઝાડની ડાળીઓ વેલાની પેઠે પાંગરે છે, એનાં પાંદડાંની ચટણી કરે છે. કોઈ કોઇ એનાં પાંદડાંનું શાક પણ કરે છે. જેને દમનો આજાર હોય તેણે આ ભાજી નિત્ય ખાવી એ હિતકારક છે. **નરવેલ:**—એના ગુણ અરણી જેવાજ છે; પરંતુ વિશેષ કરી વાતશોફનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) રકતપ્રદર, નાના બાળકની પેટપીડ તથા કૃમિ ઉપર:**—નરવેલનાં પાંદડાંનો રસ શકિત પ્રમાણે ૪ તોલા સુધી પાવો. **(૨) સ્તનમાં દૂધ આવવા માટે:**—નરવેલની ભાજી કરી ખાવી.

૩૩૫ નારંગીનું ઝાડ—સં૰ તા૰ ક૰ નારંગ. મ૰ નારિંગ હિ૰ નારીંગ. તુ૰ કીત્તલી. મલા૰ મધુરનારકં. તૈ૰ નારંગમુ. ફા૰ અ૰ નારંજ. ઇં૰ ઑરેંજ. લા૰ સાઇટસ ઓરેન્ટિયમ્.

નારંગીનાં ઝાડ ઘણું કરીને સર્વ દેશોમાં થાય છે. તેની પાંચ છ જાત છે. મોઝાંબીક એટમાંથી જે નારંગી અહીં આવે છે તે ઘણી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે. તેને કોઇ લોક "મોસંબી" કહે છે. ખાનદેશ, નગર, ધુળિયા અને પૂના એ સ્થળોએ જે નારંગી થાય છે તે તેવી હોતી નથી. એ ઝાડનાં ફૂલનો વાસ મધુર આવે છે. નારંગીનો રસ અને તેની છાલ પણ ઘણી ઉપયોગી છે. **નારંગ:**—કફ, પિત્ત અને આમને કરનાર તથા દુર્જર, સારક, અતિ ખાટું, વાતહારક, અતિ ઉષ્ણ અને મધુર છે. તેજ ખાટું હોય તો હૃદ્ય, બલપ્રદ, વિશદ, ગુરુ, રુચિકર, સારક, ઉષ્ણ, સુગંધી તથા સ્વાદુ છે; અને આમ, કૃમિ વાયુ, શ્રમ તથા શૂળનો નાશ કરે છે. કૃમિ (કરમ) અને ટાઢીઆ તાવ ઉપર નારંગીની છાલનું ઔષધ બનાવી આપવામાં આવે છે. એ છાલનું તેલ કાઢે છે. ગુલાબના અત્તર કરતાં આ નારંગીનું તેલ કેટલાકોને સારૂં લાગે છે. નારંગી એ પદાર્થ ખાવામાં મીઠો, દેખાવમાં સુંદર, વાસમાં મધુર અને સ્પર્શ કરવાથી શીતળ લાગે છે. જુઓ!! ઈશ્વર કેવા કૃપાળુ અને દયાવંત છે, તે વિચારવાનની નજરે જલદી જણાશે.

૩૩૬ નારી (કીડામારી)—સં૰ ધુત્રપત્રા. મ૰ હિં૰ કીડામારી. ક૰ કરીગીડ. તૈ૰ ગાડીડેગાડાપારા. તા૰ અડુટિન્ના પાલાઇ. મલા૰ અડુટિન્નપાલી. ઈ૰ બ્લેકટીએટેડવર્થવર્ટ. લા૰ એરિસ્ટેલોચિયાબ્લેકટીટા.

ચોમાસામાં નારીના પુષ્કળ વેલાઓ ઉગે છે. એનાં પાંદડાં આંગળભર પહોળાં અને બે

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ત્રણ આંગળ લાંબાં હોય છે. એ પાંદડાંને અર્ધ ચંદ્રાકૃતિ એક મોટો ખાંચો હોય છે. તે કારણથી ચાંદવેલ નામ એ વેલાનું સાર્થક હોવું જોઇએ. એને કરણિયાં ફૂલ આવે છે. એને મરાઠીમાં " રાજબલા " પણ કહે છે. ચાંદવેલ એ ગુરુ, ઉષ્ણ, કડવી, બલકર તથા સારક છે; અને ભાગેલા હાડકાંને સાંધનારી, કાંતિકારક તથા ધાતુવર્ધક છે. તે વાતાર્શ, સોજો, કફ, વાતરક્ત તથા ત્રિદોષનો નાશ કરે છે અને મલસ્તંભક છે. **ઉપયોગઃ--(૧) વાતવિકાર ઉપરઃ**—ચાંદવેલની ભાજી ખાવી. **(૨) શોફોદર ઉપરઃ**--નારીનો રસ કાઢી બાટલીમાં ભરી રાખવો. આ રસ એક ચમચાભાર લઇ તેમાં થોડી સૂકાએલી કુકડીની હગાર નાખી તે પાવો અને લેપ પણ એનોજ કરવો; એટલે શોફોદરનો રોગી તાબડતોબ સારો થાય છે.

૩૩૭ નાલ—આ ભાજી તળાવની આસપાસ લીલોતરીમાં થાય છે. એ છોડ શુમારે એક હાથ ઉંચા થાય છે. એનાં પાંદડાં શુમારે એક આંગળ પહોળાં હોય છે, અને દીંટડાં પાસે તેને એ ખૂણા હોય છે. દીંટું પણ એક આંગળ લાંબુ હોય છે. આ ભાજી વૈશાખની આખરમાં તથા જેઠ માસમાં ઘણીજ મળે છે. નાલની ભાજીનો ઉપયોગ ગરીબ લોકમાંજ વિશેષ થાય છે.

૩૩૮ નાળીએરી--સં૦ નારિકેલ. મ૦ નારળી. કો૦ માડ. હિં૦ નરીયલ ખોબ-પરા. ક૦ ટેંગિનમારા. તૈ૦ ટેંકાયા. તા૦ ટેન્નામારં. તુ૦ ટારે. મલા૦ ટેના. ફા૦ જોજહિંદી. અ૦ નારજીલ. ઇ૦ કોકોનટ પામ. લા૦ કોકોસન્યુસિફેરા.

નાળીએરીનાં ઝાડ ચાળીસ-પચાસ હાથ ઉંચાં વધે છે. તેના છેડાએ માત્ર ઝાવળી આવે છે. નાળીએરીને દક્ષિણના કેટલાક ભાગમાં " માડ " પણ કહે છે. ગોમાંતક, કર્નાટક, કલિકટ અને સહ્યાદ્રિ પાસેના પ્રદેશમાં નાળીએરીનાં ઝાડ ઘણાં થાય છે. નાળીએરી વાવ્યા પછી સાત આઠ વર્ષે ફળે છે. નાળીએરનાં જે ઝુમખાં ઝાડ ઉપર લટકે છે તેને મરાઠીમાં ' પીંડ ' કહે છે. નાળીએરીને બારમાસી ફૂલ આવે છે. અવલ પ્રતિની જમીન હોય તો દર નાળીએરીને દર વર્ષે શુમારે પાંચસો નાળીએર આવે છે. નાળીએરના ઝાડના સર્વ ભાગનો ઉપયોગ થાય છે. એ ઝાડના સોટા, મોભ, ભારોટીઆં, વાંસ, વળીઓ, દોરડાં વગેરે બને છે. ટોચનો અને મૂળનો કેટલોક ભાગ બાળવાના ઉપયોગમાં આવે છે. કાચલીના કોયલા બનાવે છે. કોપરૂં ખવાય છે અને તેમાંનું મીઠું અને ઠંડુ પાણી લોક પીએ છે. કોપરૂં ખાવાના તથા રસોઇના અનેક પદાર્થોમાં નાખવાના કામમાં આવે છે. કોપરાનું તેલ ખાવાના, દીવો બાળવાના તથા માથામાં ઘાલવાના અને લાકડે ચોપડવાના કામમાં આવે છે. નાળીએરીમાંથી કાથી નીકળે છે; તેના ગાદી, તકીઆ, દોરડાં, શીંકાં, ધાબળી વગેરે ઘણા પદાર્થો બનાવે છે. સાબુ કરવાના કામમાં પણ તેના તેલનો ઉપયોગ થાય છે. નાળીએરીનો ખોળ ઢોરને ખવરાવે છે. નાળીએરની આંખમાં છિદ્ર પાડી અંદરનો ગર કાઢી નાખી તેના હોકા બનાવે છે. કાચલીનું તેલ નીકળે તે ઔષધના ઉપયોગમાં આવે છે. એવો આ ઝાડનો અનેક પ્રકારે ઉપયોગ થાય છે. **નાળીએરીઃ**—ગુરુ, સ્નિગ્ધ, શીત, વૃષ્ય, દુર્જર, બસ્તિશોધક, બલકર, બૃહણ, કફકારક, સ્વાદુ તથા વિષ્ટંભકારક છે; અને શોષ, તૃષા, પિત્ત, વાતપિત્ત, રક્તદોષ, દાહ અને ક્ષતક્ષયનો નાશ કરે છે. **નાળીએરના તેલના ગુણઃ**-(૧) નાળીએરનાં સૂકાયેલાં કોપરાં પાણીમાં નાખી તેલ કાઢે છે. આ તેલ ઠંડું હોય છે. ઠંડક આવવા માટે તેને માથે ચોળે છે. **(૨) લીલા નાળીએર**માંના કોપરાનો રસ કાઢી અગ્નિ ઉપર ઉકાળવો એટલે તેલ આવે છે; તે તેલ વાયુહારક છે. વાયુએ જકડાઈ ગયેલા અંગે આ તેલ મરીની ભૂકી નાખી ચોળવું. **(૩) મુઠેલઃ**—સારા સૂકાયેલા નાળીએરને ખાંડીને તેનો ભૂકો સૂકવવો. એ સૂકાઇ સારો ખરો થયા પછી તેમાં આમલીના કચૂકાની છાલની ભૂકી બે પૈસાભાર નાખી તે કોપરાનો ભૂકો સારો મસળવો. પછી તે કોપરૂં બળવાન માણસ પાસે પીલાવવું; એટલે તેમાંથી જે તેલ નીકળે તેને મુઠેલ કહે છે. એ તેલ વાગેલા અંગમાંનું લોહી સાફ કરવાના કામમાં અને જખમ રૂઝાઇ આવવાના કામમાં સારૂં ઉપયોગી થઈ પડે છે. **(૪) આયવેલઃ**--રાતી છાલનું નાળીએર સારૂં જૂનું અને પાકું થયેલું લેવું. તે ભાગી ટોપરાનો ભૂકો કરવો. તે ભૂકો પીલી રસ કાઢવો.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

એ રસ શુમારે કાચો પાશેર લઇ એક કલાઇના વાસણમાં નાખી દેવતા ઉપર ઉકાળવો; અને ઉકળે એટલે તેમાં ચાર ગુંજાપર્યંત મીઠું અને બે માસા સુધી હળદરની ભૂકી નાખી બધો રસ ઉકાળવો; એટલે રસનો થયેલો પાક વાસણને તળીએ ચોટે છે અને ફક્ત તેલ માત્ર ઉપર રહે છે. એ પ્રમાણે તેલ તૈયાર થયા પછી ઉતારી લઇ બાટલીમાં ભરી રાખવું. એ તાજું હોય છે ત્યારે સારૂં સુવાસિક હોય છે. કેટલાક દિવસ પછી તેનો ખોરો વાસ આવે છે; પરંતુ ગુણ કદિ પણ કમી થતો નથી. આ તેલમાં રૂનાં પેલ પલાળી ગરમી વગેરેની ચાંદીઓ ઉપર મૂકવાં. એથી જખમ પણ રૂઝાય છે. (૫) **વાળા ઉપરઃ**—નાળીએરને કોરી તેમાં નવસારની ભૂકી રાત્રે નાખવી. સવારે તેમાંનું પાણી પીવું અને કોપરૂં ખાવું; તથા સાયંકાળપર્યંત ઉપવાસ કરવો અને રાત્રે સ્નાન કરી દહીં અને ભાત ખાવો. (૬) **ભિલામો, અસ્તરો (સજાયા) વગેરે ઉઠે તે ઉપરઃ**—કોપરૂં ઘસી અગર બાળી ચોપડવું. (૭) **સરડાના વિષ ઉપરઃ**—નાળીએરના કુમળા તોરાં પાણીમાં ઘસી તેમાં કોકમ નાખી ગરમ કરી ડંખ ઉપર ચોપડવું. (૮) **ઉંદરના વિષ ઉપરઃ**—ખોરૂં કોપરૂં મૂળાના રસમાં ઘસી લેપ કરવો. (૯) **હેડકી અને ઉલટી ઉપરઃ**—નાળીએરનું છોડું હોકામાં નાખી તેની ધૂણી પીવી અથવા નાળીએરના છોડાની રાખ મધમાં આપવી. (૧૦) **ખસ અને દાદર ઉપરઃ**—નાળીએરની કાચલીનું પાતાળયંત્રવડે તેલ પાડી તે તેલ ચોપડવું. કાચલી સળગાવી થાળીમાં પણ તેલ કાઢે છે.× (૧૧) **ખસ ઉપરઃ**—નાળીએરનો રસ કાઢી તેમાં થોડો આમલસારો ગંધક નાખી બધો રસ ઉકાળી તેલ થાય ત્યાંસુધી કઢવીને ઉતારી નાખવું. નીચે ઉતારેલા રસના જે કુચા બાકી રહે તે થોડા ખાવા અને થોડા ચોળી શરીરે ચોપડવા; તેમજ રોજ રાત્રે એ તેલ શરીરે ચોપડવું એટલે કંડૂ (ખરજ) અને ખસનો નાશ થાય છે.(૧૨) **અમ્લપિત્ત, પેટનું શૂળ અને બરોળ ઉપરઃ**—નાળીએરમાંનું પાણી દશ શેર કાઢી મધ જેવું થતાં સુધી ઉકાળવું. પછી તેમાં જાયફળ, સુંઠ, મરી, લીંડીપીપર અને જાવંત્રી એની થોડી ભૂકી નાખી બાટલીમાં ભરી રાખવું; તથા દરરોજ સવારસાંજ એક તોલાથી દોઢ તોલાપર્યંત ૧૪ દિવસ પાવું. (૧૩) **સર્વ પ્રકારના વાયુ ઉપરઃ**—એક નાળીએરનો રસ કાઢી તેમાં બે ભિલામાં બારીક કરી નાખવાં તથા બધો રસ ઉકાળવો એટલે ઉપર તેલ આવી તળે કુચા ઠરી બેસે છે, તે તેલ લઈ વાયુબદ્ધ થએલા માણસના શરીરે મર્દન કરવું અને નીચે રહેલી રાબ ખાવા આપવી. આ ઔષધ ૭ અથવા ૧૪ દિવસ ખાવાથી ગમે તેવો દુર્ધર વાયુ હશે તોપણ તેનો નાશ થશે; અથવા નાળીએરનો અંગરસ ૭ તોલા કાઢી તેમાં ત્રિફળાની ભૂકી ત્રણ માસા અને મરીની ભૂકી બે માસા અથવા એકલી મરીની ભૂકી નાખી રોજ બે વાર પ્રમાણે આપવું. (૧૪) **ઉરોગ્રહ અને હૃદ્રોગ ઉપરઃ**—લીલા નાળીએરનો પાણી નાખ્યા સિવાય રસ કાઢી તે રસ ૫ તોલા લઇ તેમાં શેકેલો હળદરનો ગાંડીઓ ઘસવો અને બે તોલા ઘી મિશ્ર કરી તે પાવું; અથવા નાળીએરના રસમાં ભિલામાના તેલનાં ટીપાં ૧૦ થી ૧૫ સુધી નાખી પાવાં. (૧૫) **રક્તપ્રમેહ ઉપરઃ**—કુમળું નાળીએર લાવી તેમાં છિદ્ર પાડી પાશેર પાણી તેમાં રેડવું. તેમાં ફટકડીનું ચૂર્ણ ૩–૪ વાલ નાખી ઉપર બુચ બેસાડી અગાસીમાં ઝાકળમાં મૂકવું. સવારે તે પાણી હલાવી પાવું. (૧૬) **શૂળ ઉપર (નારિકેલક્ષાર)**ઃ—પાણીસુદ્ધાં આખું નાળીએર લઇ તેના મુખમાં છિદ્ર પાડી તેમાં મીઠું ભરી બહાર માટી ચોપડી સૂકવી છાણાના દેવતામાં શેકવું. પછી બારીક ચૂર્ણ કરી લીંડીપીપરના ચૂર્ણ સાથે તે ચૂર્ણ શક્તિ પ્રમાણે ખાવું; એટલે પરિણામશૂળ વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી ઉત્પન્ન થયેલા શૂળનો નાશ થાય છે. (૧૭) **મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્ત ઉપરઃ**—રાતા નાળીએરનું પાણી, નિર્મળીનાં બી, સાકર અને એલચીદોડા એકત્ર કરી પાવું. તે મૂત્રકૃચ્છ્રનાશક છે; અથવા નાળીએરનું પાણી ગોળ તથા ધાણામાં મેળવી તે પાણી પાવું. તે દાહસહિત મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્તનો નાશ કરશે.*

× કાચલી સળગાવી થાળીમાં મૂકી ઉપર પાણીથી ભરેલ થાળી ઢાંકી રાખતાં, ઢાંકેલી થાળી નીચે ઓસનાં બિંદુઓ જમે છે તે. આ તેલમાં રૂનું પુમડું બોળી દુખતી દાઢના કોતરમાં ભરવાથી તે તત્કાળ મટી જાય છે.

* અજાયબ રેચઃ-લાલ ચોટલીવાળું (મલબારી) નાળીએર લઇ,ચોટલી ઉતારી નાખી, તેની ઉપરની કાચલીની આંખવાટે તેમાંનું પાણી નહિ કાઢતાં તેમાં નેપાળાનાં મીંજ (ગોળા) માય તેટલા ભરી કોપરામાં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૩૩૯ નાણા—આ જંગલી ઝાડ છે. એનાં પાંદડાં સીતાફળીનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે અને લાંબાં થાય છે. નાણાનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવે છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ પુષ્કળ થાય છે.

૩૪૦ નાંદરૂખ—(સં૦ હિં૦ મ૦ ક૦ નંદીવૃક્ષ. લા૦ સિંલાટૂના.) નાંદરૂખીનાં ઝાડ મોટાં વધે છે. એ ઝાડનાં પાંદડાં પીપરડીનાં (પીંપળનાં) પાંદડાં જેવાં, પરંતુ તે કરતાં કિંચિત્ નાનાં હોય છે. એ ઝાડની છાયા ઘણી ઘટ્ટ હોય છે. એ ઝાડ છાયામાટે સડકની બે બાજુએ રોપે છે. **નાંદરૂખી**:—તીખી, કડવી, પુષ્ટિકર, શીતળ, લઘુ, વીર્યપ્રદ, મધુર, તુરી, ગ્રાહક, વૃષ્ય તથા ત્રિદોષનાશક છે; અને વ્રણ, કોઢ, રક્તપિત્ત, શ્વેત કોઢ, શીર્ષપીડા, કંડૂ (ખરજ), પિત્ત, રક્તદોષ તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) ચોનિકંદ ઉપર:**-નાંદરૂખીની છાલ અને પીળો લોધર, એ ખાંડી આમલી સાથે પકવી લેપ કરવો. **(૨) માથે વાયુ ચઢયો હોય તે ઉપર:**—નાંદરૂખીનાં પાંદડાં અને અંતરછાલ એકત્ર ખાંડી બાફ આપવો અને સહેવાય તેટલો ગરમ પાટો બાંધવો. **(૩) અંડવૃદ્ધિને તિરિક (તણખા) લાગતી હોય તે ઉપર:**—નાંદરૂખીનાં પાંદડાંનો રસ અને કાળી તુળસીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં તેટલુંજ ઘી નાખી અગ્નિ ઉપર સર્વ રસ બાળી ઘી બાકી રાખવું. એ પ્રમાણે ૨૧ પુટ દઇ ઘી સિદ્ધ કરવું. આ ઘી દિવસમાં પાંચ વાર ચોપડી જીરવવું અને જૂની ઇંટ તપાવી કપડામાં વીંટાળી તેના વડે શેકવું; એટલે વૃદ્ધિરોગ (અંડવૃદ્ધિ) દૂર થાય છે. **(૪) કોગળીઆ ઉપર:**—નાંદરૂખીનાં પાંદડાંનો રસ પાવો.

૩૪૧ નિંબારા (મ)—નિંબારાનાં ઝાડ વિશેષે કરી ઘાટ ઉપર થાય છે. એ સીધાં અને ઉંચાં વધે છે. નિંબારાનું ઝાડ ઘણું મોટું થતું નથી. કડવા લીમડાના જેવાંજ એનાં પાંદડાં હોય છે. એને ફળ પણ કડવા લીમડાના જેવાંજ આવે છે; પરંતુ તેવાં લાંબાં હોતાં નથી. એના લાકડાનો ઇમારતના કામમાં ઉપયોગ થાય છે. એ લાકડું સીધું અને લાંબુ હોવાથી એના વાંસ સારા થાય છે. નિંબારાનો રસ વિષારી છે; માટે ખાવામાં આવવા દેવો નહિ. **ઉપયોગ:-(૧) ખસ ઉપર:**—નિંબારાની નીંબોળીઓ વાટી ચોપડવી; કિંવા લીલાં નીંબોળીઓ ખાંડી તેનો રસ કાઢી તેમાં આમલસારા ગંધકનું ચૂર્ણ નાખી તાંબાના વાસણમાં ખરલ કરી તેનો લેપ કરવો. **(૨) પાડાના વાળમાં જૂઓ પડી હોય તે ઉપર:**—નિંબારાનાં ફળનો રસ કાઢી તેમાં છાશ નાખી ચોપડવો.

૩૪૨ નિર્મળી—સં૦ કતૂક. મ૦ નિવળી, નિર્મળી, ગજરા. હિં૦ નિર્મલી. બં૦ નિર્મલા. ક૦ ચિલ્લિકાયી. તા૦ મલા૦ ટેટ્ટામાંર તૈ૦ ચિલ્લિચેટ્ટુ. ગો૦ ચીલવી. ઈ૦ એનટ વુઇચ-કિલઅર્સ વૉટર. લા૦ ટ્રિકનોસ પોટેટરમ.

નિર્મળીનાં ઝાડ થાય છે. એનાં બી ચપટાં અને ગોળ હોય છે. નિર્મળીનાં બીઆંનું ચૂર્ણ મેલા પાણીમાં નાખવાથી તે પાણી સ્વચ્છ થાય છે. **નિર્મળી વૃક્ષ**:—તીખું, કડવું, લેખન, રુચિકર, લઘુ, ચક્ષુષ્ય, તુરૂં, શીત, વિશદ, વિકાસી, છેદન તથા મધુર છે; અને તૃષા, દાહ, વિષ, ગુલ્મ, શૂળ, કૃમિ, મેહ, નેત્રરોગ તથા પાણીમાંના મેલનો નાશ કરે છે. **એનાં કુમળાં ફળ:**—ચક્ષુષ્ય, વાતકારક તથા શીત છે; અને રક્તપિત્ત, તૃષા, વિષ તથા મેહનો નાશ કરે છે. **જૂનાં ફળ:**—દુર્જર તથા રુચિકર છે અને કફ તેમજ પિત્તનાં નાશક છે. તે પાકવાથી પિત્તકારક, વાંતિકારક, તથા ધર્મજનક છે; અને સોજો, પાંડુરોગ, વિષ, પ્રતિશ્યાય તથા કમળાનો નાશ કરે છે. **નિર્મળીનાં બીઆં:**—આંખોને હિતાવહ, તુરાં તથા ગુરુ હોઇ પાણીને સ્વચ્છ કરનારાં તથા મધુર છે; અને અશ્મરી, વાયુ, કફ, મૂત્રકૃચ્છ્ર, તૃષા, નેત્રરોગ, વિષ, પ્રમેહ તથા મસ્તકરોગનો નાશ કરે છે. નિર્મળીનાં મૂળ સંપૂર્ણ કોઢનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) નેત્ર પ્રસન્ન થવા માટે:**-નિર્મળીનાં

કકડાથી આંખ બંધ કરી કપડમાટી કરી તેને ઉકરડાના ખાતરમાં ૧ માસ સુધી દાટી રાખવું. પછી તેને બહાર કાઢી ઉપલી કાચલી ફોડી નાખી અંદરનું કોપરૂં તથા પાણીસહિત નેપાળો ખૂબ વાટી બાટલીમાં ભરી રાખવુ. જરૂર પડે ત્યારે એમાંનું થોડું નાભિ ઉપર ચોપડવું એટલે રેચ લાગશે. ઠંડા પાણીથી નાભિ (ડુંટી) ધોવાથી રેચ બંધ થશે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

ફળ મધમાં ઘસી તેમાં થોડું કપૂર નાખી અંજન કરવું; એટલે આંખો સ્વચ્છ થાય છે. (૨) **અંધત્વ દૂર થવા માટે:**—નિર્મળીનાં બીઆં, શંખ અને કાળા સર્પની કાંચળી, એ સર્વ એકત્ર ખરલ કરી અંજન કરવું; એટલે આંધળા મનુષ્યને જલદી દેખાય છે. (૩) **ગંદું પાણી ચોખ્ખું કરવા માટે:**—નિર્મળીનાં બીઆંનું ચૂર્ણ કરી ગંદા પાણીમાં નાખવું એટલે કેટલીક વારે પાણી સ્વચ્છ થાય છે. (૪) **આંખો આવે છે તે ઉપર:**—નિર્મળીનાં બીઆં મધમાં ઘસી તેમાં થોડું કપૂર નાખી અંજન કરવું. (૫) **અહિરા ઉપર:**—નિર્મળીનાં બીઆં અને સિંધવ ઘસી અંજન કરવું. (૬) **ઉદકમેહ આદિ પ્રમેહ ઉપર:**—નિર્મળીનાં બીઆં એક તોલો છાશમાં વાટી તેમાં મધ નાખી પાવું. (૭) **આંખોમાં ફૂલાં પડે છે તે ઉપર:**—નિર્મળીનાં બીઆં, શંખચૂર્ણ, સિંધવ અને સમુદ્રફળ, એનું ચૂર્ણ કરી મધમાં ગોળીઓ કરી તે ઘસી અંજન કરવું.

૩૪૩ **નીપાણી**—આ ઝાડ ખરસાંણી જેવાં થાય છે. એની ઉંચાઇ શુમારે માથોડું હોય છે. એને ખરસાંણીના ઝાડ પ્રમાણે ફાંટા ફૂટે છે અને ખરસાંણી પ્રમાણેજ આ ઝાડમાંથી દૂધ નીકળે છે. આ ઝાડ ખાનદેશમાં ઘણાં થાય છે. નીપાણીને ગેંદા જેવાં ફૂલ આવે છે અને એનાં બી કાંદા(કુંગળી)ના જેવાં હોય છે. **ઉપયોગ:**—(૧) **સુવાવડીને માટે કાઢો:**—નીપાણીનો કાઢો કરી હળદર નાખી પાવો; એટલે સુવાવડીના પેટમાંનો રોગ નીકળી જઈ તેની પ્રકૃતિ સાફ થાય છે. (૨) **વાળા ઉપર:**—નીપાણીનાં બીઆં ત્રણ વર્ષના ગોળમાં બે દિવસ આપવાં; એટલે શરીરમાંનો વાળો મરી જાય છે.

૩૪૪ **નેતર**—સં૦ વેતસ. મ૦ વેત. હિં૦ બેત. ક૦ બેતા, બેડિસુ, બેસયભેદઉ. તા૦ પિરંબુ. તુ૦ સુરોલ્બેતા. તૈ૦ પીપારૂવા, પેમુ, પેપા, વેતસમુ. ફા૦ વત. અ૦ ખલાફ. મલા૦ ચુરલવળી, વેત્રં. ઈ૦ કેન. લા૦ કેલેમસ રોટગ.

મલબાર, ગોકર્ણ, મહાબલેશ્વર, કોચી, મંગલોર અને રામેશ્વર, એ ઠેકાણે તથા ચીનદેશમાં નેતરનાં વનો છે. નેતર ૩૦-૪૦ હાથ ઉંચું વધે છે; પરંતુ તેની જાડાઇ થોડી હોયછે. આ દેશમાં ચીનથી નેતર આવે છે તે એટલું તો ચીકણું હોય છે કે પાણીમાં પણ કહોતું નથી. તેના કરંડીઆ, ખુરસીઓ ઇત્યાદિ સામાન કરે છે. નેતર ઉંચું થવાથી જેમ નમે છે,તેમ માણસે ઉચ્ચ પદવી પ્રાપ્ત થવાથી પણ ઈશ્વરથી ડરીને નમવું. **નેતર:**—તુરૂં, શીત, કડુ તથા તીખું છે; અને કફ, વાયુ, પિત્ત, દાહ, સોજો, મૂત્રવ્યાધિ, અશ્મરી, મૂત્રકૃચ્છ્ર, વિસર્પ, અતિસાર, યોનિરોગ, તૃષા, રક્તકોપ, વ્રણ, મેહ, રક્તપિત્ત, કોઢ તથા વિષનો નાશ કરે છે. એના **અંકુર:**—ખારા, લઘુ, તીખા તથા ઉષ્ણ છે; અને કફ તથા વાયુનો નાશ કરે છે. **નેતરનાં પાંદડાં:**—ભેદક, તુરાં, લઘુ, શીતળ, કડવાં, તીખાં તથા વાતનાશક છે; અને રક્તદોષ, કફ તથા પિત્તનો નાશ કરે છે. એનાં **બીઆં:**—તુરાં, સ્વાદુ, ખાટાં, રુક્ષ તથા પિત્તલ છે; અને રક્તદોષ તેમજ કફનો નાશ કરે છે. મોટું **નેતર:**—શીતલ છે અને ભૂતબાધા, પિત્ત, આમ તથા કંપનો નાશ કરે છે. બીજા ગુણ ઉપર પ્રમાણે છે. **જલનેતર:**—શીતળ, કડવું, વ્રણશોધક, તુરૂં, વાતકર, ગ્રાહક તથા રુક્ષ છે; અને પિત્ત, રક્તદોષ, વ્રણ, કફ, રાક્ષસબાધા તથા ગ્રહપીડાનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **મત્સ્યવિષ ઉપર:**—કાળા નેતરના કલ્કમાં ઘી નાખી કઢવી તેનો લેપ કરવો.

૩૪૫ **નેપાળો**—સં૦ ક૦ બૃહદંતી, જેપાલ. મ૦ જેપાળબીજ. હિં૦ જમાલગોટા. બં૦ જયપાલ. તા૦ મલા૦ નિર્વીલ. તૈ૦ નૈપાલવેમું. તુ૦ બ્યારીબિટુ. ફા૦ તુમ્બેબંદે. અ૦ હબ્બુસૂસલાતીન. ઈ૦ ક્રોટન સીડસ. લા૦ ક્રોટનટિગ્લિયમ્.

મોગલી એરંડાનાં ઝાડ થાય છે તેવાંજ નેપાળાનાં ઝાડ થાય છે.મોગલી એરંડાનાં પાંદડાંકરતાં એનાં પાંદડા નાનાં હોય છે.એ ઝાડ કોંકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે.નેપાળો મોટો વિષારિ છે.નેપાળાને શુદ્ધ કરી અનેક ઔષધોમાં (રસાયનોમાં) નાખે છે. નેપાળો તીવ્ર રેચક છે. **નેપાળો:**—સારક, કડવો, તીક્ષ્ણ, અગ્નિદીપક, ઉલટીકારક, તીખો, અતિઉષ્ણ, પિત્તકર તથા ભેદક છે; અને કફ, આમ, જંતુ તથા ઉદરરોગનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **વીંછીના વિષ ઉપર:**—નેપાળો પાણીમાં વાટી તેનો લેપ કરવો. (૨) **સર્પના વિષ ઉપર:**—નેપાળાનાં બીઆંમાંના મગજને લીંબુના રસના ૨૧ પુટો

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

દઈ બારીક ખરલ કરી લાંબી ગોળી કરવી; અને તે ગોળી માણસની લાળમાં ઘસી અંજન કરવું. (૩) **આદાશીશી ઉપરઃ**—મોટા પરોઢીએ નેપાળાનાં બે કિંવા ત્રણ બીઆંમાંનું મગજ લઇ લીમડાના રસમાં ઘસવું અને જે બાજુનું માથું દુખતું હોય તે બાજુની આંખ પાસેથી ભમર ઉપર સળીથી ચોપડવું. થોડું ચચરશે ખરૂં; પણ તેજ દિવસે વ્યાધિ દૂર થાય છે; અથવા જે બાજુનું કપાળ દુખતું ન હોય તે બાજુના કાનમાં નાખવું. આ રસ નાખવા પહેલાં કાનમાં થોડું ઘી પાડવું એટલે કાનમાં દાહ થતો નથી. આ પ્રયોગ પરોઢીએ કરી પછી થોડી ઉંઘ લેવી. (૪) **મોડશી (કોગળીઆ) ઉપરઃ**—નેપાળાનાં બીઆં છાશમાં ઘસી પાવાં અને એનાંજ મૂળ પાણીમાં ઘસી શરીરે પણ લેપ કરવો. (૫) **ગંડમાલા ઉપરઃ**—નેપાળાનાં પાંદડાં વાટી તેના અંગરસની થેપલી સૂકવી લેપ કરવો.

૩૪૬ **નેવરી**—આ ઝાડ મોટાં થાય છે. નેવરીનાં ઝાડ કોંકણમાં વિશેષ છે. એનાં પાંદડાં લાંબાં હોઇ છેવટે પહોળાં થતાં ગયેલાં હોય છે. એનું લાકડું ઇમારતના કામમાં ઉપયોગમાં આવતું નથી. એને લીંબોળી જેટલાં લાંબાં અને તે કરતાં જરા જાડાં એવાં ફળ આવે છે. એની છાલ મચ્છીમાર લોકો જાળ રંગવાના કામમાં લે છે.

૩૪૭ **નેવારી (નીમાળી)**—સં૦ વનમાલિની. પ્ર૦ નેવારી. હિં૦ નીવારી-લી. ક૦ ગીકાડમલ્લિગે. લા૦ ઇકિસોરા પાર્વિ ફ્લોરા.

આ એક જુઇ જેવોજ વેલો છે. એ વેલાનાં પાંદડાં માત્ર જુઈ કરતાં થોડાં મોટાં હોય છે. નેવારીનાં ફૂલ પણ જુઇનાં ફૂલ કરતાં જરા મોટાં હોય છે. નેવારીના વેલા જંગલમાં ઘણા હોય છે. એને "વેલમોગરી" "રાનમોગરી" કહે છે. **નેવારીઃ**-તીખી, કડવી, શીતળ, સુરભિ તથા લઘુ છે; અને ત્રિદોષ, નેત્રરોગ, કર્ણરોગ તથા સર્વ રોગની નાશક છે. **ઉપયોગઃ**-(૧) **મૂત્રાઘાત ઉપરઃ**-નેવારીનાં બીઆં ઠંડા પાણીમાં ઘસી ચટાડવાં.

૩૪૮ **નોળવેલ**-સં૦ સર્પાક્ષી, નાકુલી. મ૦ મુંગુસવેલ. કો૦ નાવળી. હિં૦ નૂકુલકંદ. ક૦ વિષમુંગરી. લા૦ રાઉઅલ્કિયા, સર્પેંટીના. તૈ૦ પદ્મપુચેટુ. ફા૦ છોટા ચાંદા.

મરાઠીમાં એને "થોર મુંગુસવેલ" પણ કહે છે. એનાં મૂળને "રાસ્ના" કહે છે.× **નોળવેલ**—તીખી, કડવી તથા ઉષ્ણ છે; ને કૃમિ, વ્રણ, વીંછી, સર્પ તથા ઉંદરના વિષનો નાશ કરે છે. **ઉપયોગઃ**-(૧) **સર્પ, વીંછી, ઉંદર વગેરેના વિષ ઉપરઃ**-નોળવેલનો રસ પાવો. (૨) **હરતાલના વિષ ઉપરઃ**—નોળવેલનો રસ સાકર નાખી પાવો. (૩) **વિષમજ્વર ઉપરઃ**-ચંદ્રગ્રહણની વખતે નોળવેલને ઉખેડી તેનું મૂળિયું કાળા સૂતરે ડાબે કાને બાંધવું એટલે ઐકાહિક જ્વર જાય છે; અને બીજે દહાડે તાવ આવતો હોય તો જમણા કાને બાંધવાં. સ્મશાનમાં થયેલાં નોળવેલનાં મૂળ રવિવારે લાવી તેને ઘીમાં ઘસી લલાટ ઉપર તિલક કરવું; એટલે ઐકાહિક જ્વર તુરત જાય છે.

૩૪૯ **પટોલ કટુ (કડવાં પંડોળાં)**—સં૦ કટુ પટોલી. મ૦ સોન—કડુ પડવળ. હિં૦ કડવે પડવળ. બં૦ પલતાલતા. ક૦ કહી પડવળ. તૈ૦ અડવી પોટલા. તા૦ કોણુપુડલૈ. તુ૦ કટુ પટલાકાયી. મલા૦ કટ્ટુ પટોલં. લા૦ ટ્રિકોસેન્થીસકકુમેરિના.

એ વેલાનાં પાંદડાં અને ફળ બહુજ કડવાં છે. કાઢામાં એ વેલાનાં પંચાગનો ઉપયોગ થાય છે. **પટોલકટુઃ**-(કડવી પંડોળી) કડવી, તીખી, ઉષ્ણ, સારક, ભેદક, પાચક તથા અગ્નિદીપક છે; અને પિત્ત, કફ, કંડૂ, કોઢ, રકત વિકાર, જ્વર, દાહ તૃષા, કોષ્ઠરોગ કૃમિતથા કાસનો નાશ કરે છે. **એનાં ફળઃ**-તીખાં, કડવાં, પાક વખતે મીઠાં, લઘુ, દીપક, પાચન, વૃષ્ય, સ્નિગ્ધ, ઉષ્ણ, મલાનુલોમન એટલે વાયુ, પિત્ત અને કફને યથાસ્થાને રાખનાર તથા સારક છે; અને શ્વાસ, જ્વર, ત્રિદોષ તથા કૃમિનો નાશ કરે છે. એનાં **પાંદડાં** પિત્તનાશક તથા **મૂળ** અને **વેલો** કફનાશક છે; તેમજ તેનું **તેલ** કફ અને એંશી પ્રકારના વાયુનો નાશ કરનારૂં છે. **ઉપયોગઃ**-(૧) **વ્રણ (ગુમડું) ધોવા માટે કાઢોઃ**-કડુ પડવળ અને કડવા લીમડાના કાઢાથી ગુમડું ધોવું એટલે ગુમડાનું શોધન થશે. (૨) **અગ્નિદગ્ધવ્રણ ઉપરઃ**—પટોલ કટુનો કાઢો અને કલ્કથી સરસવનું તેલ સિદ્ધ કરવું. તે અગ્નિદગ્ધ વ્રણ, સણકા, સ્રાવ, દાહ અને ફોલ્લાને હઠાવી નાશ કરે છે. (૩) **સર્વજ્વર ઉપર કાઢોઃ**—પટોલ કટુ તથા સુંઠનો કાઢો અને નિકાઢો આપવો.

×નોળવેલ જંગલમાં થાય છે. એના નીચે કંદ થાય છે અને નાગરવેલ જેવાં પાંદડાં હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

શોષ જવા માટે ખડીસાકર નાખવી, શરદીનો પ્રાદુર્ભાવ હોય તો મધ ત્રણ માસા સુધી નાખવું. (૪) **શીતજ્વર અને સંતતજ્વર ઉપર**:-પટોલ કટુનાં પાંદડાંનો રસ કાઢી પ્રથમ કાળજા ઉપર ચોપડવો; પછી સર્વાંગે લેપ કરવો. (૫) **ઇંદ્રલુપ્ત (ઉંદરી) ઉપર**:-પટોલ કટુનાં પાંદડાંનો રસ ચોળવો એટલે કેશ ઉત્પન્ન થાય છે. (૬) **ઉલટી થવા માટે**:-પટોલ કટુ, કડવો લીમડો અને અરડુસીનાં પાંદડાંનું ચૂર્ણ ઠંડા પાણીમાં આપવું; એટલે ઉલટી થઇ પિત્તવિકાર દૂર થાય છે. (૭) **કૃમિ ઉપર**:-પટોલ કટુનાં પાંદડાં ૧ તોલો અને ધાણા ૧ તોલો લઇ રાત્રે પાશેર પાણીમાં પલાળી રાખી સવારે ગાળી તેમાં મધ નાખી તે પાણી દિવસમાં ત્રણ વખત આપવું. (૮) **પિત્તજ્વર ઉપર**:-પટોલ કટુનાં મૂળનું પાણી સાકરમાં આપવું, અથવા કડુ પડવળ અને જવનો કાઢો મધ નાખી આપવો. તે તીવ્ર પિત્તજ્વર, તૃષા અને દાહનો નાશ કરે છે. (૯) **ભ્રમ ઉપર**:—પટોલ કટુનાં પાંદડાં અને સરગવાનાં પાંદડાં ખોપરાનું તેલ નાખી તળવાં અને દૂધમાં એકત્ર વાટી શિજવવાં તથા તેનો સહન થાય તેટલો ગરમ પાટો માથાપર બાંધવો. (૧૦) **વિષાર ઉપર**:—પટોલ કટુ ઘસી પાવું એટલે ઉલટી થઇ વિષ ઉતરશે.

૩૫૦ પત્તુર-(મ૦ પાચુંદા) આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે. એને બારીક કાંટા હોય છે. એનાં પાંદડાં બીલાના પાંદડાંના આકારનાં ાય છે. એનું લાકડું હલકું છે. એને સફેદ કેસરયુક્ત ફૂલ આવે છે. એને બારીક ફળ હોય છે. **પત્તર**:-તીખો, નેત્રવિકારનાશક તથા શીતોષ્ણ છે; અને પિત્ત તથા જીર્ણજ્વરનો નાશ કરે છે. **ઉપયોગ**:—(૧) **જીર્ણજ્વર ઉપર**:—પત્તુરનાં પાંદડાંનો રસ કાઢી સાકર નાખી પાવો. (૨) **વિષમજ્વર ઉપર**:—પત્તુરના લાકડાનો મણિ કરી હાથે બાંધવો.

૩૫૧ પતંગ—સં૦ રકતકાષ્ઠ, પત્રાંગ. મ૦ હિં૦ ક૦ તૈ૦ પતંગ. તા૦ બારતાંગી. તુ૦ ચપ્પનંગ. મલા૦ ચપ્પનં. ફા૦ અ૦ બકં. ઈ૦ સેપ્પનવુડ. લા૦ સિસાલવે નિયાસેપ્પન.

એ ઝાડ મલબાર અને બંગાળા પ્રાંતમાં થાય છે. તેના લાકડાનો રંગ રાતો હોય છે. એ કારણથી તે ઝાડના અંગથી ગુલાલ બને છે. રંગસિવાય એ ઝાડનો બીજો ઉપયોગ થતો નથી. પતંગનું લાકડું અને હરડેને લખવાની સાહીમાં નાખે છે. એ ઝાડ પાકું થવાને આશરે ચૌદ વર્ષો લાગે છે. **પતંગ**:—કડવું, રુક્ષ, ખાટું, શીતળ, મધુર, તીખું, વ્રણશોધક, વર્ણકારક અને સુગંધિ છે; તથા જ્વર, મૂત્રકૃચ્છ્ર, વ્રણ, વાત, પિત્ત, વિસ્ફોટક, ઉન્માદ, કફ, અશ્મરી (પથરી), રક્તદોષ તથા ભૂતબાધાનો નાશ કરે છે.

૩૫૨ પદ્મકાષ્ઠ—સં૦ ક૦ પદ્મક. મ૦ બં૦ પદ્મકાષ્ઠ. હિં૦ પદ્માખ. તૈ૦ પદ્મપુચેકવા. લા૦ પ્રનસ પડમ્.

* પદ્મકાષ્ઠનાં ઝાડ હિમાલય પર્વત ઉપર થાય છે. ત્યાંથી એ ઝાડનું લાકડું અહીં આવે છે. **પદ્મકાષ્ઠ**—ઠંડું અને શક્તિવર્ધક છે; તેમજ તુરૂં, કડવું, શીતલ, વાતુલ તથા લઘુ છે; અને વિસર્પ, દાહ, વિસ્ફોટક, કોઢ, કફ તથા રક્તપિત્તનું નાશક હોઈ ગર્ભની સ્થિતિ કરનારૂં તથા રુચિકારક છે; અને ઉલટી, વ્રણ તથા તરસનું નાશક છે. **ઉપયોગ**:—(૧) **દાહ, ઉલટી, ઉબકા અને રક્તપિત્ત ઉપર**:—પદ્મકાષ્ઠનો ઉકાળો પાવો. (૨) **વિષમજ્વર ઉપર**:—પદ્મકાષ્ઠ અને બીલાંનું ચૂર્ણ ઘી કિંવા મઠામાં કાલવી એકત્ર કરી આપવું.

૩૫૩ પપનસ—એ ઝાડ લીંબુડી જેવડુંજ હોય છે. એને બારમાસી ફળ આવે છે. એને ધોળાં ફૂલો આવે છે. તેનો વાસ ઘણો આવે છે. એનાં ફળ નાનકડા કોળા જેવડાં દેખાય છે. પાકેલા ફળનો રંગ પીળો હોય છે. એની અંદરનો ગર રુચિકર હોઇ તેનો રંગ રાતો હોય છે. એ ફળો ઘણાં ખાટાં હોતાં નથી; તેમ ઘણાં મીઠાં પણ નથી હોતાં. ફળ ઉપરની ત્વચા હાથેળી જેટલી જાડી હોય છે. **ઉપયોગ**:-(૧) **અરુચિ ઉપર**:-પપનસ છોલી તેની ચીરો કરવી અને તે ઉપર ખાંડ અને સિંધવની ભૂકી નાખી સેવન કરવું. આ પ્રયોગથી અરુચિ અને તૃષા શમે

* એનું મોટું ઝાડ કેદાર અને હિમાલય પર્વતમાં ઉત્પન્ન થાય છે. એને ફળ થતાં નથી. ઔષધીમાં એનું લાકડું વપરાય છે. એ લાકડું ઘસીને પીવાથી ગર્ભ ન રહેતો હોય તો રહે છે અને ગર્ભપાત થતો હોય તો અટકે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

છે. (૨) **શૈત્યવડે મસ્તક ચઢે છે તે ઉપરઃ**—પપનસની બહારની છાલમાં જે દર્પટ તેલ હોય છે તે કાઢી માથે ચોળવું.

૩૫૪ પરવળ—(સં૦ પર્વર. મ૦ બં૦ અ૦ પરવર.) પરવળનાં ઝાડ દક્ષિણ હિંદુસ્તાનમાં સર્વત્ર થાય છે. પરવળનો વેલો કાંઈક ઘીલોડાં જેવો પરંતુ પાંદડાં લાંબાં હોય છે. પરવળની આકૃતિ પણ ઘીલોડાં જેવીજ લાંબી હોય છે. પરવળનું શાક ઘણું સરસ થાય છે. એ ઉત્તમ પથ્યકર છે. એ શાક ઘીમાં ખાવાથી ઉત્તમ પૌષ્ટિક છે. **પરવળઃ**—સ્વાદુ, પથ્ય, પાચક, હૃદ્ય, લઘુ, અગ્નિદીપક, સ્નિગ્ધ, ઉષ્ણ તથા વૃષ્ય છે; અને ઉધરસ, રક્તદોષ, જ્વર, ત્રિદોષ તથા કૃમિરોગનો નાશ કરે છે. એનો વેલો કફનાશક, પાંદડાં પિત્તનાશક અને મૂળ રેચક છે.

૩૫૫ પરિપાઠ—પરિપાઠનું ઝાડ કોથમીરના ઝાડ જેવું થાય છે. એની ઉંચાઈ શુમારે એક હાથ હોય છે. એનાં પાંદડાં બારીક અને થોડાં લાંબાં હોય છે. આ છોડ ઉપર ધાણાના જેવાં સેંકડો બારીક ફળ આવે છે. એનો રંગ લીલો હોય છે. પરિપાઠનું ઝાડ ગુણમાં ઠંડું છે. **ઉપયોગઃ—(૧) હાથે પગે બળતરા થતી હોય તે ઉપરઃ**—પરિપાઠનું ઝાડ કચરી તેનો અંગરસ હાથે અને પગે ચોળવો. **(૨) શરીરમાંની ગરમી અને ગોવરાનું દુઃખ નીકળવા માટેઃ**—પરિપાઠના ઝાડવાનો પાણી નાખી રસ કાઢવો અને તેમાં સાકર નાખી પાવો. **(૩) કંઠસર્પ અને કંઠવિકાર ઉપરઃ**—પરિપાઠનું ઝાડવું ચલમમાં નાખી તેની ધૂણી પીવી; એટલે ગળામાં જડાઇ ગયેલો કફ પાતળો થઇ કફવિકારનો નાશ થાય છે.

૩૫૬ પંડોળાં—સં૦ સ્વાદુપટોલિકા. મ૦ પડવળ. હિં૦ પરવલ. ક૦ કલ્લપડવળ, પાટલાવળી. તા૦ પડોલ. તા૦ તુ૦ પાટલાકાયી. મ૦ પટોલ. લા૦ કિંકાસાથસ અગ્વિના.

પંડોળાંના વેલા ઘણાજ વધે છે. એને શુમારે બે-ત્રણ હાથ લંબાઇનાં ફળ આવે છે. પંડોળાંનું શાક બહુ પથ્યકર છે. તે વધારે ખાવાથી પણ વ્યાધિ ઉત્પન્ન કરતું નથી. એ શાક ઘણુંજ નિરોગી છે. **પંડોળઃ**—સ્વાદુ, રુચિકર, બલકર, પથ્ય, દીપન, પાચન તથા પુષ્ટિકર છે; અને વાત, પિત્ત, તાવ, શોષ તથા ત્રિદોષનો નાશ કરે છે. **પંડોળીનાં ફળઃ**—વૃષ્ય, રુચિકર, મધુર, સ્વાદુ, પથ્ય, પાચક, લઘુ, દીપક, હૃદ્ય, સ્નિગ્ધ તથા ઉષ્ણ છે; અને કફ, રક્તદોષ, ત્રિદોષ, ઉધરસ, તાવ તથા કૃમિનો નાશ કરે છે. એનાં પાંદડાં પિત્તનાશક, વેલો કફનાશક, અને મૂળ રેચક છે.

૩૫૭ પાષાણભેદ—સં૦ પાષાણભેદ. મ૦ હિં૦ ક૦ પાખાણભેદ. બં૦ પાથરચૂર. તૈ૦ તેલ્લાસુરૂપીંડી. ઇ૦ આયરિસ્પ. લા૦ કોલિયસ્એરોમેટિકમ્. યુ૦ પથ્થરફોડ. ફા૦ ગોશાદ. અ૦ જંતીઆના.

એને મહારાષ્ટ્રમાં 'પાથરફોડ' પણ કહે છે. એ વનસ્પતિ નાની અને રીંગણી પ્રમાણે જમીન ઉપર પ્રસરે છે. એને બોરડી જેવા કાંટા હોય છે. એને ખડક ઉપર ઉગાડે છે અને એનાં મૂળ ખડક ફોડી અંદર જાય છે; એટલે એ નામ એને યથાર્થ મળેલું છે. એને રીંગણીનાં ફળ જેવડાં ફળ થાય છે. એનાં ફૂલ ધોળાં હોઇ તેમાં લાલ કેસર હોય છે. એનાં કુમળાં પાંદડાંનું શાક કરે છે. એનાં મૂળને "લકડી પાષાણભેદ" કહે છે. એ મૂળ કડવાં હોય છે.* **પાષાણભેદઃ**—શીતળ, મધુર તથા કડવું છે; અને મેહ, તૃષા, દાહ, મૂત્રકૃચ્છ્ર તથા અશ્મરી (પથરી) નો નાશ કરે છે. બીજી **વટપત્રી પાષાણભેદની** જાત છે તે શીતળ તથા મદકર છે; અને પ્રમેહ તથા મૂત્રકૃચ્છ્રની નાશક, બલકર, વ્રણનાશક અને કિંચિત્ દીપન છે. ત્રીજી એક **શિલાવલ્ક** નામની જાત છે. તે-શીતળ તથા સ્વાદુ છે; અને પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાવરોધ, પથરી, શૂળ, ક્ષય તથા પિત્તનો નાશ કરનારી છે. ચોથી એક **ક્ષુદ્રપાષાણભેદી** નામની જાત છે. તે-વ્રણ, મૂત્રકૃચ્છ્ર અને પથરીનો નાશ કરનારી છે. **ઉપયોગઃ—(૧) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—પાષાણભેદનાં મૂળ, ગરમાળાનું મગજ, ધમાસો, બાળહરિતકી અને ગોખરૂનો કાઢો મધ નાખી પાવો; એટલે તણખીઓ તથા આગથી યુક્ત મૂત્રકૃચ્છ રોગ દૂર થાય છે; અથવા પાષાણભેદનાં મૂળનું ચૂર્ણ ચોખાના ધોરામણમાં પાવું, કિંવા પાષાણભેદનાં મૂળ શિલાજિત, લીંડીપીપર અને એલચીદોડાનું ચૂર્ણ પાણીમાં અથવા ગોળમાં કિંવા ચોખાના ધોવરામણમાં આપવું.

* એને પથ્થરફોડી જડી કહે છે. આ સિવાય એક પથ્થરનીજ જાતની પથ્થરફોડી આવે છે. આ પથ્થરની અંદરથી નીકળે છે, માટેજ એનું એ નામ આપેલ છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

(૨)પ્રમેહ ઉપર–પાષાણભેદનાં મૂળનું ચૂર્ણ મધમાં આપવું. **(૩) શુક્રાશ્મરી ઉપરઃ**–લકડી પાષાણભેદનો કાઢો પાવો. **(૪)પથરી ઉપરઃ**–પાષાણભેદનાં મૂળનો કાઢો, શિલાજિત અથવા સુરાખાર સાકર નાખી પાવો.**(૫) અશ્મરી (પથરી)જન્ય મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**––પાષાણભેદનાં મૂળનો કાઢો પાવો. **(૬) દંતકૃમિ ઉપરઃ**–પાષાણભેદના ફળનો ધૂમાડો દાંતને આપવો.

ઉપલ પાટલા–(મ૦ પાડળ. હિં૦ પાંડરી.) પાટલામાં **વેલપાટલા અને વૃક્ષપાટલા** એ બે જાતિ છે. વેલપાટલાના વેલા હોય છે અને વૃક્ષપાટલાનાં ઝાડ હોય છે. " **પાટલી, પાટલા, અમોઘા, મધુદ્રુતી, ફલેરૂહા, કૃષ્ણવૃંતા, કુબેરાક્ષી, કાલસ્થાલી, કાચસ્થાલી, અલિવલ્લભા, તામ્રપુષ્પી,** એ વેલ પાટલાનાં સંસ્કૃત નામ છે. **પાટલા, સીતા, મુષ્કક, મોક્ષક, ઘંટા, પાટલિ, કાષ્ઠપાટલા, એ વૃક્ષપાટલાનાં** અથવા **શ્વેતપાટલાનાં** નામ છે. વેલપાટલાના વેલા વૃક્ષ ઉપર ચઢેલા હોય છે અને એનાં પાંદડાં વાસનવેલનાં પાંદડાં જેવાં હોય છે; પણ તે કરતાં મોટાં અને લાંબાં હોય છે. એને ફળનો ગુચ્છો આવે છે. જેવી વાસનવેલનાં પાંદડાંના રસની ઘટ્ટ થેપલી બને છે, તેવીજ વેલપાટલાનાં પાંદડાંના રસની પણ બને છે. પાટલાનાં ફળ ગોળ હોઇ નાનાં મોતી જેવડાં અને ધોળાં હોય છે. એ વેલનાં મૂળ વાસનવેલનાં મૂળ જેવાંજ કડવાં હોય છે. વૃક્ષપાટલાનાં પાંદડાં બકુલીનાં પાંદડાં જેવાં હોય છે. વેલપાટલાને "મોટી વાસનની" વેલ પણ કહે છે. **પાટલાઃ**–રસકાળે કડવી, તીખી તથા ઉષ્ણ છે; અને કફ, વાત, સોજો, આધ્માન, ઉલટી, ઉધરસ તથા સન્નિપાતનો નાશ કરનારી છે. બીજી **સિતપાટલિકાઃ**– (ધોળી પાટલા) નામની જાતિ છે. તે–કડવી, જડ તથા ઉષ્ણ છે; અને વાતદોષ, ઉલટી, ઉચકી, કફ, દમ, સોજો, અરુચિ તથા તરસનો નાશ કરનારી છે. **વલ્લીપાટલાઃ**—ઉષ્ણ છે અને પિત્ત, રકતદોષ, સોજો, અરુચિ તથા વાયુનો નાશ કરે છે. **રકતપાટલાઃ**—(તામ્રપુષ્પી) કડવી, તીખી તથા ઉષ્ણ છે; અ અને કફ, વાયુ, સન્નિપાત, શ્વાસ, ઉલટી તથા સોજાનો નાશ કરે છે. **ક્ષુદ્ર શ્વેતપાટલા**—સ્નિગ્ધ તથા વ્રણશોધક છે; અને કફ, વિષ, કોઢ તથા નાયટાની નાશક છે. **ભૂપાટલા**—તીખી, ઉષ્ણ, બલકર તથા વીર્યવર્ધક છે; અને બીજા ગુણ રકતપાટલા જેવાજ છે. **પાટલાનાં ફૂલ**—તુરાં, સ્વાદુ તથા હૃદ્ય છે; અને કફ,રક્તદોષ,દાહ, પિત્ત તથા પિત્તાતિસારનો નાશ કરે છે. **પાટલાનાં ફળઃ**–કડવાં, શીતળ, ગુરુ, તુરાં તથા મધુર છે; અને મૂત્રકૃચ્છ્ર, રક્તપિત્ત, વાયુ તથા હેડકીનો નાશ કરે છે. **ઉપયોગ (૧) હેડકી ઉપરઃ**–પાટલાનાં ફળનો રસ મધમાં પાવો. **(૨) કુરશાના વિષ ઉપરઃ**–પાટલાનાં મૂળ ઘસી પાવાં. **(૩) ગરમી (મૂત્રકૃચ્છ્ર) ઉપરઃ**–પાટલાનાં પાંદડાંના રસની થેપલી નાભિ ઉપર રાખવી; અને એજ થેપલી, માથા ઉપર ઉષ્ણતા થઇ હોય તો તાળવા ઉપર મૂકવી. **(૪) કૉલેરા અને પેટ દુખતું હોય તે ઉપરઃ**–પાટલાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં તથા ડુંટી ઉપર લેપ કરવો; અને એ મૂળનો એક કકડો મોઢામાં રાખવો તથા તે મૂળમાંથી જે દ્રવ આવે તે ગળી જવો.**(૫) શોફોદાર ઉપરઃ**–પાટલાનાં મૂળ ગાયના દૂધની છાશના પાણીમાં ઘસી બે વખત પાવાં. પથ્ય અલુણી. એજ મૂળ કંમરની આસપાસ બાંધવાં.**(૬) નાના બાળકની પેટપીડ ઉપર** પાટલાનાં મૂળ, કાચકાં અને અતિવિષ કિંવા વખમો પાણીમાં ઘસી પાવાં. **(૭)પિત્તવિકાર ઉપરઃ**–પાટલાનાં પાંદડાંના રસમાં સુંઠનું ચૂર્ણ ૩ માસા અને સાકર ૨ તોલા નાખી પાવું. **(૮)શીત મેહ ઉપરઃ**–પાટલાનાં મૂળ અને ગોખરૂનો કાઢો પાવો. **(૯) અમ્લપિત્ત ઉપરઃ**–પાટલાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં સુંઠની ભૂકી ૬ માસા અને સાકર ૨ તોલા નાખી પાવો. **(૧૦) બાળકોને તૃષાનો આજાર થાય છે એટલે તાળવું પડે છે તે ઉપરઃ**–વેલપાટલાનાં પાંદડાં વાટી થેપલી કરી તે તાળવા ઉપર રાખવી. એ વિશેષ કરીને છોકરીના તાળવા ઉપર રાખવી. છોકરાના તાળવા ઉપર વાસનવેલ લેવાનો વધારે રિવાજ છે.

ઉપલ પાટલી–સં૦ ભૂપાટલી. મ૦ જુઇ પાડળ. હિં૦ પાટલી ભુઇપાડર. ક૦ નેલવાદરી.

પાટલીનું ઝાડ મોટું વધે છે. એ ઝાડ ઘણુંજ દુર્લભ છે. ધારવાડ જીલ્લામાં સિરટી કરીને ગામ છે ત્યાં એક પાટલીનું ઝાડ છે. એ ઝાડ વાવ્યા પછી એને છ–સાત વર્ષે ફૂલ આવવાં લાગે છે. એનાં ફૂલ ઘણાંજ સુકુમાર અને ઘણાં સુવાસિક હોય છે. એ લાખના રંગનાં

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

હોય છે. પાટલીને પારિજાતક જેવાં જાડાં ફૂલ આવે છે.

૩૬૦ પાઢ (કાળીપાડ)--સં૦ પાઢા, વનતિક્તિકા. હિં૦ પાઢ, પાઢ. ક૦ પાઢા, અગરૂ-સુટી. તૈ૦ પાઢચેટુ. તા૦ પાડા. તુ૦ તિપલે. મલા૦ પાટકિકટણ. લા૦ સ્ટેફાનિયા હેર્નાંડીફોલિયા. મ૦ પહાડ, પહાડમૂળ.

કાળીપાટનો વેલો હોય છે. એ એક ચંદ્રાકાર બીજજાતિની વેલ છે. એ વેલાનાં પાંદડાં ગળોનાં પાંદડાં જેવાં અથવા કેટલેક અંશે પીપળાનાં પાંદડાં જેવાં, કાંઇક દીર્ઘ વર્તુલ, પાતળાં અને સુંવાળાં હોઇ તે લાંબાં દીંટડાં ઉપર એકાંતરે આવેલાં હોય છે. કાળીપાટના વેલાને બારીક પીળાં ફૂલોનો જથો જૂની ડાળીઓના ખાંચામાં(સાંધા-બગલમાં)થી આવે છે. એના ઉપર મરી અથવા વટાણા જેવડાં લાલ રંગનાં ફળો આવે છે. આ એથી પાંચ હજાર ફૂટની ઉંચાઈ ઉપર સીમલાના પહાડમાં મળે છે. બંગાળા, બિહાર, સિંગાપુર અને કોંકણ પ્રાંતમાં આ વેલા પુષ્કળ થાય છે. વિશેષ કરી કાળીપાટના વેલા ડુંગરાળ પ્રદેશમાં ઘણા થાય છે. ડૉકટર્સ ડિમક અને ટ્રાયમેન સાહેબે આ વેલાને **ભૂનિર્વિષી** અથવા **વેણીવેલ** નામ આપેલ છે. ગોવા પ્રાંતમાં એને પારવેલ કહે છે. એ વેલાનાં મૂળને **પહાડમૂળ** અને **કાળીપાડ** પણ કહે છે. **પહાડમૂળ:**--તીખું, કડવું, ઉષ્ણ, ભગ્નસંધાનકારક, તીક્ષ્ણ તથા લઘુ છે; અને પિત્ત, દાહ, અતિસાર, શૂળ, વાત-પિત્ત, જ્વર, વિષદોષ, અજીર્ણ, ત્રિદોષ, ઉલટી, કોઢ, હૃદ્રોગ, કંડૂ, શ્વાસ, કૃમિ, ગુલ્મ, વ્રણ, કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:--(૧) ગલરોગ ઉપર:**—પહાડમૂળ (કાળીપાટ), અતિવિષ, દેવદાર, ઇન્દ્રજવ, કડુ અને નાગરમોથનો કાઢો મધ અથવા ગોમૂત્ર નાખી પાવો. **(૨) પીનસ** (સળેકમ જેવો રોગ થાય છે તે) **રોગ ઉપર પહાડાદિ તૈલ:**—પહાડમૂળ, હદળર, દારૂહળદર, મોરવેલ, લીંડીપીપર, જાઇનાં પાંદડાં અને દાંતીનાં મૂળ, એ સર્વ સમભાગ લઇ, તેનો કલ્ક કરી, તે કલ્કથી ચોગણું તલનું તેલ નાખવું; અને કલ્કનો સારો પાક થવા માટે તેલથી ચોગણું પાણી નાખી તેલ શેષ રહે ત્યાંસુધી ઉકાળીને તેલ ગાળી લેવું તથા નાકમાં રેડવું; એટલે મોટો પીનસ રોગ પણ દૂર થાય છે. **(૩) શીતજ્વર** (ટાઢીઆ તાવ) **ઉપર:**--પહાડમૂળનો કાઢો મરીની ભૂકી નાખી પાવો. **(૪) અતિસાર અને દાહ ઉપર:**--પહાડમૂળ કિંવા આંબાની અંતરછાલ દહીંમાં વાટી ખવરાવવી. **(૫) શીતમેહ ઉપર:**—પહાડમૂળ અને ગોખરૂનો કાઢો આપવો. **(૬) સોજા ઉપર:**—પહાડમૂળ ગરમ પાણીમાં વાટી પાવાં અને સોજા ઉપર લેપ કરવો. **(૭) પારોગડાના રોગમાં બાળકને સોજો ઉત્પન્ન થયો હોય તે ઉપર:**—પહાડમૂળ વાટી પાઈ દેવાં. **(૮) વિલંબી રક્તાતિસાર ઉપર:**—પહાડમૂળનો કાઢો આપવો. **(૯) મૂત્રાશ્મરી** (મૂત્રાશયમાં નાની પથરી થાય છે તે) **રોગ ઉપર:**—પહાડમૂળનો કાઢો આપવાથી સારો થાય છે. **(૧૦) તરસ, અરુચિ, અપચો અને મોઢાનો સ્વાદ બગડે તે ઉપર:**-પહાડમૂળ, વીરણનો વાળો અને કાળા વાળાનો કાઢો આપવો. **(૧૧) આમાતિસાર ઉપર:**—પહાડમૂળ, ઇન્દ્રજવ, કરિયાતું, નાગરમોથ, પિત્તપાપડો અને ગળોનો કાઢો આપવો. **(૧૨) સંગ્રહણી ઉપર (પાઠાદિ ચુર્ણ):**—પહાડમૂળ, કુણાં બીલીફળ, ચિત્રકમૂળ, ત્રિકટુ, જાંબુનાં બીઆંની છાલ, દાડમની છાલ, ધાવડીનાં ફૂલ, કડુ, અતિવિષ, નાગરમોથ, દારુહળદર, કરિયાતું, ઇન્દ્રજવ, એ જણસો સમભાગે લઈ એ સર્વની બરોબર કુડાની છાલનું ચૂર્ણ મેળવી ચોખાના ધોવરામણમાં અને મધમાં આપવું. **(૧૩) પિત્ત-કફ-જ્વર ઉપર:-(પાઠા સપ્તક):**--પહાડમૂળ, સુંઠ, કરિયાતું, નાગરમોથ, ગળો, કાળો વાળો અને સુગંધીવાળાનો કાઢો આપવો. **(૧૪) ઘા લાગેલા ઠેકાણે:**—એનાં પાંદડાં બાંધેલાં હોય તો દુખાવો ઓછો થાય છે. **(૧૫) સાન્દ્રમેહ** અથવા જે મૂત્રમાં કફ ધાતુ (મ્યૂકસ) અથવા સફેદ ક્ષાર (ફોસ્ફાટિસ) જતો હોય તે ઉપર લીમડાની છાલ, ગોમૂત્ર અને મધ મિશ્ર કરી પહાડમૂળનો કાઢો આપવો.

૩૬૧ પાન અજમો—અજમામાં ઘણા ભેદ છે. જે છોડ ઉપર બીઆં આવતાં નથી તેને **'પાનઅજમો'** કહે છે. એનો છોડ પથરાએલો હોય છે અને હાથ દોઢહાથ ઉંચો વધે છે. એનાં પાંદડાં જાડાં હોય છે. એ પાંદડાંનો વાસ અજમા જેવો આવે છે. ચોમાસાની ઋતુમાં એના કાંદા વા-

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

વ્યાથી એ છોડ થાય છે. એનાં ઉપર ફળ કિંવા બીઆં આવતાં નથી. આ પાંદડાંનાં ભજીઆં ઘણાં સ્વાદવાળા થાય છે. **ઉપયોગઃ—(૧) કરમ ઉપરઃ**--એનાં પાંદડાંનો રસ આપવો. (૨) **ભમરીના દંશ ઉપરઃ**--એનાં પાંદડાં મસળી દંશસ્થાને ચોળવાં એટલે જરા ચટકો લાગ્યા જેવું થઇ વેગ જલદી બંધ થાય છે.

૩૬૨ પારસ પીંપળો—સં૦ પારિસ, તૂલ. મ૦ પારસપિંપળ. હિં૦ ગજદંડ, પુરવસુ. મલા૦ અ૦ બંગરળી. તૈ૦ ગંગારબી. મલા૦ પૂવરાચું. તા૦ પૂરવસુ. ફા૦ યલાસબેલ્ય. ઇં૦ હિબિકસસ. લા૦ થિસપિસિયા પોપલનિયા.

આ એક પીંપળા જેવું ઝાડ છે. એનાં કોંકણ પ્રાંતમાં "**અષ્ટ**" "**મણેર**" "**કડેપાઇર**" એવાં નામ છે. એનાં પાંદડાં પીંપળાનાં પાંદડાં જેવાં અને તે કરતાં મોટાં હોય છે. એને ધોળો રસ (દૂધ) આવે છે. એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. એના ગુણ પીંપર જેવા છે. એને ભીંડીના છોડના જેવાં ફળ આવે છે. ***ઉપયોગઃ**--(૧) **ગુમડામાંહેના કૃમિ (જીવડા) મરવા માટેઃ**--પારસ પીંપળાનું દૂધ ચોપડવું. (૨) **મણીઆરીના** (સર્પની એક જાતિ છે તેના) **વિષ ઉપરઃ**—પારસ પીંપળાની છાલનો રસ અર્ધા તોલાથી એક તોલા સુધી પાવો. (૩) **શ્વાસ ઉપરઃ**--પારસ પીંપળાના દૂધમાં મરી અને હળદર અથવા બહેડાંનું ચૂર્ણ નાખી બે ચણોઠીભારની ગોળીઓ કરી ખાવી. ગોળી ખાધા પછી કેટલીક વારે ઉલટી થઇ કફ પડે છે. ઉતાર ઘી અને ભાત. (૪) **કફ રોગ ઉપરઃ**—પારસ પીંપળાનો રસ શક્તિ પ્રમાણે બાળકને ત્રણ ટીપાંપર્યંત અને મોટા મનુષ્યને આઠ ટીપાં સુધી ગોળમાં કાલવી આપવો; એટલે કફ પાતળો થઇ પડે છે. (૫) **આદ્દાશીશી ઉપરઃ**—પારસ પીંપળાનાં ફળ પાણીમાં ઘસી તેનું નસ્ય આપવું.

૩૬૩ પારિજાતક—(સં૦ મ૦ પારિજાતક. હિં૦ હારસીંગાર) એ ઝાડ ઘણું મોટું હોતું નથી. એને ગોળ બીઆં આવે છે. પારિજાતકનાં ફૂલ ઘણાંજ સુકુમાર હોય છે. એ ફૂલ ઘણાં સુવાસિક છે. ઝાડ હલાવીએ એટલે એનાં ફૂલ નીચે ખરી પડે છે. પારિજાતકનાં ફૂલનો દૂરથી પવન સાથે વાસ આવે છે ત્યારે તે મનને ઘણુંજ આનંદિત કરે છે.÷ **ઉપયોગઃ—(૧) કોદરાના વિષ ઉપરઃ**--પારિજાતકનાં પાંદડાંનો રસ કાઢી ઢોરને પાઈ દેવો એટલે કોદરાનું વિષ ઉતરે છે. (૨) **ખરજવા ઉપરઃ**--પારિજાતકનાં પાંદડાં અને નાચણીનો (નાગલીનો) લોટ એકત્ર વાટી ચોપડવો અને દહીંમાં સોનાગેરૂ ઘસી પાવો; અથવા પારિજાતકનાં પાંદડાં દૂધમાં વાટી લેપ કરવો. (૩) **ગલગંડ ઉપરઃ**—પારિજાતકનાં પાંદડાં, વાંસનાં પાંદડાં અને ખોરેતીનાં પાંદડાંને ભેગાં વાટી સાત દિવસ સુધી લેપ કરવો. (૪) **કેદકમેહ ઉપરઃ**--પારિજાતકની અંતરછાલનો અષ્ટમાંશ કાઢો પાવો. (૫) **ખોડા ઉપરઃ**--પારિજાતકનાં બીઆં વાટી લેપ કરવો. (૬) **સર્પદંશ ઉપરઃ**—પારિજાતકનાં પાંદડાંનો અગર છાલનો રસ કાઢી પાવો. (૭) **દાદર ઉપરઃ**—પારિજાતકના પાલાનો રસ તે ઉપર ચોપડવો.

૩૬૪ પાલખ (ભાજી)—સં૦ મધુસૂદની. ક૦ પાલકય. હિં૦ બં૦ પાલેક. મ૦ પાલખ. ફા૦ ઇસ્પનાખ. લા૦ સ્પાઇનેસિયા ઓલેરિયા. ઇં૦ સ્પાઇનોજા. અ૦ અસ્પનાખ.

આ ભાજીનો છોડ વેંતભર વધે છે. એનાં પાંદડાં ઘણાં કોમળ અને પાતળાં હોય છે.

---

*પારસ પીંપળાનાં પાંદડાં બ્રહ્મ પીંપળાનાં પાંદડાં જેવાંજ હોય છે. માત્ર બ્રહ્મપીંપળાનાં પાંદડાં જેવી એનાં પાંદડાંને છેવટે લાંબી શેડ હોતી નથી. એને મીંઢળના જેવાં ફળો હોય છે. આ ફળોની માળાઓને સાધુઓ પવિત્ર માને છે. એ ફળમાં કપાસીઆ (કપાસના બીજ) જેવાં, પણ રૂંછા વગરનાં પાંચ બી હોય છે. આ બીજ દૂધમાં બાફી ખાવાથી અથવા પારસ પીંપળાનાં મૂળ કે એનાં બીજ સફેદ જીરૂં અને શરપંખો સમાનભાગે લઈ બારીક વાટી રા૦ ટાંક દૂધની સાથે લે, તો સ્ત્રીને ગર્ભ રહે અને નિશ્ચય પુત્ર થાય. આ ઉપાય સ્ત્રીઓએ ઋતુસમયે કરવા જોઈએ.

÷આ વૃક્ષ વન અને ઉપવનોમાં થાય છે. એનાં ફૂલની ડાંડી કેસરી રંગની હોય છે. એ ડાંડીઓને વાટી કપડાં રંગે છે. એનાં ફળ ચપટાં અને નાનાં હોય છે તથા પાંદડાં ઉંધા હુલી જેવાં અને બરડ હોય છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

પાલખનાં પાંદડાંને થોડા કાત્રા હોય છે. હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ ઘણી છે. પાલખનું શાક સારૂં થાય છે. **પાલખઃ**—કિંચિત્ તીખું, મધુર, પથ્યકર, શીતળ, રુક્ષ, ખારૂં, વાતલ, ગ્રાહક, ભેદક, તર્પણ, પિત્ત, ગુરુ, વિષ્ટંભકારક તથા સ્વાદુ છે; અને રક્તપિત્ત, કફ, મદ, શ્વાસ તથા વિષ-દોષનો નાશ કરે છે.

૩૬૫ પાંડરવો (પારિભદ્ર)—સં૦ રક્તકેસર, પારિભદ્ર. મ૦ પાંગારા. કો૦ પારિંગા. હિં૦ ફરહરદ, જલનીમ. બં૦ પાલિદામાર. ક૦ હાલીવાળ, પોંગારા. તા૦ કલ્યાણમુરક્કુ. તુ૦ પોંગારેડા. મલા૦ મુળમુરાક્કા. તૈ૦ મુળમોતિચેટુ. લા૦ એરીથ્રીનાઇંડીકા.

એ ઝાડ મોટાં થાય છે. એમાં ધોળી અને રાતી એવી બે જાત છે. ધોળી જાત ક્વચિત્ જણાય છે. એનું લાકડું હલકું હોય છે. એ ઝાડપર કાંટા આવે છે માટે તેની વાડ કરે છે. એના લાકડાની સાંગડ કરી તે ઉપર તરવા શીખનારા તરતાં શીખે છે. એ લાકડાનાં તલવારનાં મ્યાન અને બાળકને માટે રમકડાં વગેરે ઘણી જણસો થાય છે. ધોળો પારિભદ્ર ગુણમાં સારો છે. **પારિભદ્રઃ**—તીખો, ઉષ્ણ, પથ્ય તથા અગ્નિદીપક છે; અને અરુચિ, કફ, વાત, કૃમિ, મેદ તથા શોફનો નાશ કરે છે. એનાં ફૂલ પિત્તરોગ અને કર્ણવ્યાધિનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) કમળી ઉપરઃ**—પારિભદ્રની છાલની ભૂકી વસ્ત્રગાળ કરી એક તોલાભાર ચોખાના ધોવરામણમાં આપવી. **(૨) વાતરક્તાદિ રક્તદોષ અને ધાતુવિકાર ઉપરઃ**—ધોળા પારિભદ્રની છાલનું ચૂર્ણ ગાયના માખણમાં અગર ઘી અને સાકરમાં આપવું. **(૩) વીંછીના વિષ ઉપરઃ**—પારિભદ્રની છાલનો રસ પાવો.

૩૬૬ પાંણુકાંદા—સં૦કોલકંદ. ક૦ કોલ-પાણુ—કાંદા. કો૦ ધાપા, પાચણુ કાંદા. હિં૦ જંગલી પ્યાજ, કોલી કાંદા. ક૦ સંપુટ ગેડુ. તા૦ વાંગાયમ્. તૈ૦ અડવીતેલ્લા ગઠ્ઠા. તા૦ વા-ગુલ્લી. મલા૦ કાંટેના. ફા૦ બજલુલફાર. ઇં૦ ઇંડીયનસ્વિકલ. લા૦ સિલા ઓરીસિનેલિસ.

*પાંણુકાંદા નદીમાં થાય છે. એના કંદ કાંદા જેવા થાય છે. પાંણુકાંદાને નાગદમણીના જેવાં ફૂલ આવે છે. નિફાડ આગળ ગોદાવરી નદીમાં એ કાંદા પુષ્કળ થાય છે. બીજે ઠેકાણે પણ નદી-ઓમાં ઘણા થાય છે. એ કાંદાની કોઇ કોઈ ભાજી (શાક) પણ કરે છે. **ઉપયોગઃ—(૧) ઢોરના ખાધામાં સોમલ આવ્યો હોય તે ઉપરઃ**—પાણુકાંદાનો રસ શેરભર લઈ ઘીમાં અથવા દહીંમાં પાવો. **(૨) ગુમડું ફુટવાને તથા વાળા ઉપરઃ**—પાંણુકાંદા વાટી લેપ કરવો. **(૩) વાધ કરડયો હોય તે ઉપરઃ**—પાંણુકાંદા વાટી બાંધવા.

૩૬૭ પાણુકુંભા—સં૦ દ્રોણપુષ્પી. મ૦ કુંભા, ગોમા. કો૦ શેતવડ. હિં૦ ગોમા, દણહલી. બં૦ પલઘયા. ક૦ તા૦ તુ૦ તુંબે. મલા૦ તુપા. તૈ૦ ગયસચેટુ. લા૦ લ્લુકાસ સિપ્પે લોટસ.

પાણુકુંભા કુંભાના ઝાડ જેવુંજ હોય છે અને એનાં પાંદડાં પણ તેજ પ્રમાણે હોય છે. પાણુકુંભાને ફક્ત ફૂલજ આવે છે. ફળ આવતાં નથી. **ઉપયોગઃ—(૧) ગલગંડ ઉપરઃ**—પાણુ-કુંભાની રાખ ગોમૂત્રમાં નાખી બાફવી. પછી તે પાણી ગાળી પાવું અને કોદરાનો ભાત તથા છાશ પથ્ય કરવી.

૩૬૮ પાંદડી—સં૦ મલ્લારિષ્ટા. મ૦ હિં૦ પાચ. ક૦ પચ્ચે, પચ્ચદગિડ.

પાંદડીનાં ઝાડ એક હાથ ઉંચાં હોય છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી, પરંતુ ફાંગળના કરતાં કિંચિત્ નાનાં હોય છે. એ પાંદડાં કુમળાં હોય તે વેળા જરા રાતાં હોય છે; પરંતુ જૂનાં થયા પછી સાવ લીલાં થાય છે. એનાં પાંદડાંનો અને તોરાનો વાસ સારો આવે છે. પાંદડીનું અત્તર કાઢે છે. પાંદડીનાં પાંદડાં અને તોરા ઘીમાં સુવાસ લાવવાના ઉપયોગમાં આવે છે. પાંદડીનાં સૂકાયલાં પાંદડાં શાલ, ઉંચી બનાત વગેરે મૂલ્યવાન વસ્ત્રોમાં ઘાલી રાખ-વાથી તેઓને ઉધઇનો ઉપદ્રવ થવાનો ભય રહેતો નથી. **પાંદડીઃ**—તીખી, કડવી, ઉષ્ણ, કષાય તથા સુગંધિ છે; અને વાયુ, ગ્રહદોષ, ભૂતબાધા, ત્વગ્દોષ, વ્રણ, દાહ, તૃષ્ણા તથા વિષનો નાશ કરે છે.

*કોળકંદ સંબંધમાં પૃષ્ઠ ૧૬૬ની ટીપણી જુઓ.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૩૬૯ **પિઠવણ (નાનો સમેરવો)**—સં૦ પૃષ્ટિપર્ણી. મ૦ રાનભાલ, શેવરા. હિં૦ પિઠાની, ડાવડા, દાલા. ક૦ નરિયલબોને. તૈ૦ કોલાકુપન્ના. બં૦ ચાકૂલે, શંકરજટા. ઔ૦ કૃષ્ટપર્ણી. લા૦ ઉરેરિયા લેગોપો ઈડીસ્.

એ ઝાડ પડતર જમીનમાં ઘણાં થાય છે. આ ઝાડની ઉંચાઇ શુમારે અઢી હાથજ હોય છે. એ ઝાડને પાંદડાં આવે છે તે બેવડાં હોય છે, એટલે કીંટા પાસે બારીક પાંદડું હોય છે અને તેની આગળ મોટું પાંદડું થયેલું હોય છે. મોટા પાંદડાની લંબાઇ પહોળાઇ શુમારે ચાર આંગળ હોય છે. એ ઝાડ ઉપર ચપટ તથા વાંકી નાની નાની શીંગો આવે છે. એ વનસ્પતિનાં મૂળ દશ મૂળમાં આવે છે.

આ વનસ્પતિસંબંધી લોકોને કેટલીક શંકા છે. એનો ક્ષુપજ હોઇ એનાં પાંદડાં ગોળ વેલદાર હોય છે. તે બીલી પ્રમાણે ત્રિદળ હોય છે. બાજુનાં બે પાંદડાં કરતાં વચલું પાંદડું મોટું હોય છે. ફૂલો ધોળાં અને કિંચિત્ કાળાશ પડતાં હોઇ જટાયુક્ત હોય છે. મરાઠીમાં પૃષ્ટિપર્ણીને રાનભાલ, પિઠવણ અથવા ડબલા અને ગુજરાતીમાં પિઠવણ કહે છે. કોંકણ પ્રાંતમાં રાનભાલ નામથી જે વનસ્પતિ વપરાય છે તેનું વર્ણન ઉપર આપેલું છે. એનાં પાંદડાં છેક ભાલાના આકારનાં દુહેરી હોય છે, એટલે દીંટડા પાસે ઝીણાં હોઈ તેનીજ પાછળ મોટાં પાંદડાં થએલાં હોય છે. કોંકણ જીલ્લામાં પડતર જમીનમાં એ ઘણી થાય છે. એ બાંટુકડાં હોય છે. એની ઉંચાઇ બે અઢી હાથજ હોય છે. મોટાં પાંદડાંની લંબાઇ પહોળાઇ શુમારે ચાર આંગળ હોય છે. મ૦ મોતીલાલ શાહે પોતાના "વિદ્યાહુન્નર" નામના ગુજરાતી માસિક પુસ્તકમાં આ વનસ્પતિનું વર્ણન નીચે લખ્યા પ્રમાણે કરેલ છે:—"આ છોડવા નદીકિનારો ઉપર ખાતરાની જગ્યામાં ઉગે છે. એનાં લાકડાં ૩–૪ ફુટ ઉંચાં વધે છે. એનાં પાંદડાં એક એકના આંતરે દીંટડાવાળાં અને બંને બાજુએ ત્રણ ઇંચ લાંબાં અને એક–દોઢ ઇંચ પહોળાઇનાં હોય છે. તે ઉપરની બાજુએથી જોવામાં સુંદર હોઈ સુંવાળાં હોય છે અને નીચલી બાજુએ તેના ઉપર બારીક રૂંછાં હોય છે. એને ચોમાસાની આખરમાં નાનાં નાનાં રાતા રંગનાં ફૂલોનો ઘોસ આવે છે. એની શીંગો ધોળી અને સાંધા હોય તેવી દેખાય છે. તેમાં બીજ ફીકા પીળા રંગનાં ચોળા જેવાં હોય છે." અહીં આ ત્રણ પ્રકારનું વર્ણન આપેલ છે. તે પૈકી કોઈ પણ બેનું વર્ણન એકસરખું મળતું આવતું નથી. એમાં સ્પષ્ટ દૃષ્ટિથી જોતાં કોંકણી અને ગુજરાતી પિઠવણ ઘણા ભાગે એક જેવી છે. **પિઠવણ:**—ફૂરસાના વિષ ઉપર એનાં પાંદડાંનો રસ ગુણકારી છે. એનો મુખ્ય ઉપયોગી ભાગ મૂળ છે; પરંતુ પાંદડાંનો પણ ઉપયોગ થાય છે. **પિઠવણ:**—તીખું, ઉષ્ણ, કડવું, ખાટું, મધુર, લઘુ તથા વૃષ્ય છે; અને ઉધરસ, અતિસાર, વાતરોગ, તૃષા, દાહ, ત્રિદોષ, ઉલટી, ઉન્માદ, તાવ, રક્તાતિસાર અને વ્રણનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગર્ભિણીનાં રક્તપિત્ત, કમળો, સોજો, ઉધરસ, દમ અને તાવ ઉપર:**—પિઠવણ, બળદાણા અને અરડુસીનો રસ પાવો. **(૨) વછનાગના વિષ ઉપર ઉતાર:**—પિઠવણનો રસ ૪ તોલા સાકર નાખી પાવો. **(૩) બરોળ ઉપર:**—પિઠવણનાં મૂળીઆંનો અગર પાંદડાંનો રસ પાવો.

૩૭૦ **પિત્તપાપડો**—સં૦ પર્પટ. મ૦ પિત્તપાપડા. દે૦ ખડશેપુ. હિં૦ પિત્તપાપડ, દવણપાપડા. બં૦ ક્ષેતપાપડા. ક૦ પર્પાટક. તૈ૦ પાર્પાટકમુ. ફા૦ શાહતરા, ધરમતર. અ૦ શાહતરજ, બકલતલમલીક. ઔ૦ જડપાંપુડા. લા૦ ગ્લોસોકાર્ડિયા બોસવેલિયા.

આ એક બે–ત્રણ હાથ સીધું વધનારૂં ઝાડવું છે. એના ઉપર બારીક કાંટા અથવા ફાંસો આવે છે. એ ચોમાસાના આરંભમાં ઉગી શિયાળાની આખરે સૂકાઇ જાય છે. એનાં પાંદડાં લાંબાં અને સાંકડાં હોઇ છેવટે શેડ નીકળેલી હોય છે. એના ઉપર ધોળા રંગનાં ફૂલો આવે છે. ઝાડ સૂકાય એટલે તેનો રંગ કાળો થાય છે. પિત્તપાપડો પોતાની મેળે ઉગે છે. કોરોમાંડળ કિનારા ઉપર અને તેમાં પણ મુખ્યત્વે કરીને નેલૂર, મછલીપટ્ટન વગેરે ભાગમાં રેતાળ જમીનમાં એનું ઘણુંજ વાવેતર કરે છે. એનાં પાંદડાં અને છાલ કફ કાઢવાના કામમાં સારાં ઉપયોગી થાય છે. તેને સૂકવી ખાંડી તેનું ચૂર્ણ લોટમાં મેળવી તેની પુરીઓ કરી તે દમના રોગીને અને ક્ષયના

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

...ાનો રિવાજ કેટલેક ઠેકાણે છે. એનાં મૂળ લાંબાં અને નારંગી રંગનાં હોય છે. ...ાઇ લુગડાંને ઉત્તમ પ્રકારનો પાકો રંગ આપવાના ઉપયોગમાં આવે છે. એમાંથી જાંબવો ...ન ભૂરો નારંગી રંગ પણ તૈયાર થાય છે. હિંદુસ્તાનમાં છીંટનો પાકો લાલ રંગ પિત્તપાપડાના મૂળની ઉપરની છાલમાંથી બનાવે છે. સિલોનમાંથી આનાં મૂળ મોટા પ્રમાણમાં પરદેશમાં મોકલાય છે. વાવેતર કરેલાં ઝાડો કરતાં આપોઆપ જંગલમાં ઉગેલાં ઝાડ વધારે પસંદ કરાય છે. એ મૂળ નાનાં હોઇ તેમાંથી ચોથો ભાગ રંગ નીકળે છે. સમુદ્રકિનારા ઉપરની હલકી, સૂકી અને રેતાળ જમીનમાં એ ઝાડો પોતાની મેળે ઉગે છે.વાવેલાં ઝાડોનાં મૂળ બારીક એકથી બે ફૂટ લાંબાં હોઈ તેની બાજુ ઉપર રેષા હોય છે. એમાંથી મજીઠના રંગ જેવો લાલ રંગ મળે છે. દક્ષિણ હિંદુસ્તાનમાંના રંગરેજ એ ઘણો વાપરે છે. એનો નમુનો મદ્રાસના પ્રદર્શનમાં રાખેલો હતો. એના ઉપર પરીક્ષકોએ નીચેનો અભિપ્રાય આપેલો હતો:-"રંગ ફક્ત મૂળની છાલમાંજ હોય છે. અંદરનો ધોળો ભાગ નિરુપયોગી હોય છે. મદ્રાસ ઇલાકામાંના મદુરા શહેરમાંના રંગરેજ લાલ પાઘડી આ મૂળના રંગથીજ રંગે છે. વાવેલાં ઝાડો કરતાં જંગલી ઝાડના મૂળમાંથી ૩૩ ટકા વધારે રંગ નીકળે છે; અને તેનું કારણ એ છે કે જેમ વધારે વરસાદથી મૂળ કહોવાઇ જાય છે, તેમજ તે વાવેલા ઝાડને વધારે પાણી આપવાથી પણ તે બગડે છે.બે વર્ષનાં ઝાડોનાં મૂળ મળવાથી તે વધારે ગુણકારી થાય છે." અંધારી જગ્યામાં રાખવાથી તે બગડે છે,એમ કહેવાય છે. મદ્રાસી રૂમાલ રંગવામાં શિરડોળીના મૂળની સાથે આ મૂળનો ઉપયોગ કરે છે; અને રંગ પાકો કરવા માટે તેમાં ફટકડી નાખે છે. હિરાકસી મેળવવાથી કાળો રંગ થાય છે; અને કસુંબો (કાબરાનાં ફૂલ), લીંબુનો રસ અને સોડા મેળવવાથી કાચો લાલ રંગ થાય છે.

પિત્તપાપડાના બે પ્રકાર છે. તે પૈકી **ઘાસ પિત્તપાપડો** એ ઘાસ જેવો હોય છે અને તે ઉપર કણસલાં પણ હોય છે. પિત્તપાપડાનાં ઝાડ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. એનાં પાંદડાં બારીક હોય છે અને એના ઉપર બારીક ફૂલ આવે છે. **પિત્તપાપડો**:-શીતળ, કડવો, સંગ્રહી, વાતલ, લઘુ તથા પાકકાળે તીખો છે; અને પિત્ત, કફ, જ્વર, રક્તદોષ, દાહ, અરુચિ, ગ્લાનિ; ભ્રમ, મદ, પ્રમેહ, ઉલટી, તરસ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) પિત્તજ્વર ઉપર:**--પિત્તપાપડાનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવો. (૨) **પિત્ત ઉપર:**-પિત્તપાપડાનાં પાંદડાંનો રસ અને ગાયનું ચોખ્ખું દૂધ એકત્ર કરી તેમાં સાકર નાખી પાવું; અથવા પિત્તપાપડો અને સુંઠનો કાઢો પાવો. **(૩)માથું ચઢતું હોય તે ઉપર:**—પિત્તપાપડાનો રસ અને કારેલીનાં પાંદડાંનો રસ એકત્ર કરી તેમાં ગાયનું ઘી નાખી માથે મર્દન કરવાથી પિત્તાંશવડે ચઢેલું માથું જલદી ઉતરે છે. **(૪) શોષરોગ ઉપર:**--પિત્તપાપડાનો કાઢો પાવો. **(૫) મસ્તકનો તાપ, આંખોની બળતરા અને ઉલટી ઉપર:**-પિત્તપાપડાનો કાઢો મધ નાખી પાવો. **(૬) પથરી ઉપર:**--પિત્તપાપડો ૪ તોલા લઇ ચૂર્ણ કરી તે ગાયની છાશમાં પાવો. તાજો હોય તો પિત્તપાપડાનો રસ છાશમાં પાવો. **(૭) સલની વૃધ્ધિ કરવી હોય તે ઉપર:**—પિત્તપાપડાનો કાઢો સાકર નાખી પાવો. **(૮) પિત્તજ્વર ઉપર:**—પિત્તપાપડો, ચંદન (સુખડ), વીરણવાળો અને સુંઠ, એનો કાઢો આપવો. **(૯) દુષિતવાયુજન્ય જ્વર ઉપર:**--પિત્તપાપડો, બ્રાહ્મી અને હંસરાજનો કાઢો પાવો. આ ગોવા તરફ આપે છે.

૩૭૧ પિલુડી—સં૦ કાકમાચિકા. મ૦ કાંગો (મો) ણી. હિં૦ મકોય, કવૈયા. બં૦ કાકમાચી, ગુડકામાઇ, મદનમધુની. ક૦ કાકે. તા૦ કારે. તૈ૦ બલુસ. તુ૦ કાકેંડેલ. મલા૦ કાંડનગરી. ફા૦ રોબાતરીખ. અ૦ એનવુસસાલ્વ. ઇં૦ નાઇટસેડ. લા૦ સોલેનં નાઇગ્રમ્. રાજ૦ ચિરપોટન, મકો.

આ ઝાડ ચોમાસામાં વાવે છે. એ શુમારે બે હાથ અને તેથી પણ ઉંચાં વધે છે. એને લાલ અને ચણોઠી જેવડાં બારીક ફળો આવે છે.* તે સ્વાદથી લોકો ખાય છે. એનાં પાંદડાંના રસવડે કાગળપર લખેલું લીલા રંગની શાહી પ્રમાણે દેખાય છે. **ઉપયોગ:-(૧) શોફોદર ઉપર:**-એનાં

*પિલુડીનાં પાંદડાં આસોદનાં પાંડદાંની સાથે કેટલીક બાબતમાં મળતાં દેખાય છે.એને સફેદ રંગનાં ખંડગોળ પાંચ પાંખડીવાળાં ઝીણાં ફૂલો આવે છે.પીલુના ઝાડની માફક એને ફળોનાં લુમખાં આવે છે. એ ફળો ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે.

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

૩૬૯ ચિંદડાંનો રસ ચોપડવો એટલે શોફોદરનો સોજો ઉતરશે. (૨) **પિત્ત ઉપર:**-એનાં કરી ખાવી એટલે પિત્ત શમન થશે. (૩) **અફીણ ઉપર:**—પાંદડાંનો રસ કાઢી પાવો. **માં જીવડું વગેરે ગયું હોય તો:**--પાંદડાંનો રસ કાનમાં નાખવો.

૩૭૨ **પિસા**--એ ઝાડ મોટું થાય છે. તે મહાબળેશ્વર, માથેરાન અને બીજે ઘણે ઠેકાણે થાય છે. **ઉપયોગ:-(૧)પ્રમેહ તથા ધાતુવિકાર ઉપર:**—પિસાનાં પાંદડાંની ભૂકી કરવી અને તેમાં દૂધ તથા સાકર નાખી આપવી, એટલે ઉપર્યુક્ત વિકાર દૂર થઇ ધાતુ પુષ્ટ થાય છે. લીલાં પાંદડાં હોય તો તેમ ને તેમજ ચાવી ખાવાં. (૨) **પાંડુરોગ ઉપર:**—પિસાનાં પાંદડાંની ભૂકી ગરમ પાણીમાં આપવી.

૩૭૩ **પિસ્તાં**-સં૦ નિકોચક. હિં૦ મ૦ ફા૦ પિસ્તા. બં૦ પિસ્તાગાછ. ઈ૦ પિસ્ટેશિઓનટ. લા૦ પિસ્ટેશિયાવ્હેરા. અ૦ ફિસ્તક.

પિસ્તાંનું ઝાડ મોટું થાય છે. આ ઝાડ **પર્શીઆ, બુખારા અને અફઘાનીસ્તાન,** એ દેશના જંગલની અંદર ઉત્પન્ન થાય છે. એ ઝાડ ઉપર ચણાના પોપટા જેવાં ફળ આવે છે. એના ઉપર પાતળી ધટ્ટ છાલ હોય છે. ફળની અંદરના ગરનો રંગ લીલો હોય છે અને તે પર લાલ ટપકાં હોય છે, તેને પિસ્તાં કહે છે. એનું છાલસુદ્ધાં ફળ વાવવાથી તેનો રોપો થાય છે. પિસ્તાં ખાવાથી મીઠાં લાગે છે. એને પકવાન્નમાં તથા મિઠાઇમાં નાખે છે. એ બળકર તથા પુષ્ટિદાયક છે. એનું તેલ નીકળે છે. તે માથે ચોળવાથી પિત્તશમન થાય છે. આ તેલનો ઉપયોગ રેશમને કીરમજી રંગ ચઢાવવાના કામમાં થાય છે. **પિસ્તાં:**-ગુરુ, સ્નિગ્ધ, ઉષ્ણ, વૃષ્ય, સ્વાદુ, ધાતુવર્ધક, રક્તને સ્વચ્છ કરનાર, બલકર, પિત્તકર, ભેદક, કડવાં તથા સારક છે; અને કફ, વાયુ, ગુલ્મ તથા ત્રિદોષનાં નાશક છે. **ઉપયોગ:-(૧) પૌષ્ટિક ક્ષીર:**—પીસ્તાં, બદામનો મગજ, ચારોળી અને ખસખસ બારીક વાટી દૂધમાં નાખી ઉકાળી ખીર કરવી તથા તેમાં ગાયનું ઘી અને સાકર નાખી સેવન કરવું.

૩૭૪ **પીંપર (પિંપળ)**—સં૦ પ્લક્ષ, પિપ્પરી, જટી. મ૦ પિંપરી. હિં૦ પાકરી, પાખર, પાકર, પિલખન. બં૦ પાકુડ. ક૦ વસુરીમારા, જુવ્વીમારા. તે૦ જાતિની, ગર્દભાંડે. ગો૦ કેળા. કાલજુવ્વી. મલા૦ ચુવ્વનાલ, ઇત્તિ. ઇં૦ બેવ્હડ લિવ્ડ ફિગ ટ્રી. લા૦ ફાઇકિસ વિરેન્સ.

પીંપરનું ઝાડ ઘણું મોટું થાય છે. પીંપરનાં પાંદડાં નાંદરૂખીનાં પાંદડાં જેવાં અને તે કરતાં મોટાં હોય છે. આ છાયાવૃક્ષ છે. પીંપરની છાયા ઘણી ધટ્ટ અને ઠંડી છે. છાયામાટે રસ્તાની બાજુએ આ ઝાડો વાવે છે. પીંપરને બ્રહ્મપીપળાનાં ફળ જેવાં ફળ આવે છે. બાળકો એ ફળને ઘણા પ્રેમથી ખાય છે. પીંપરનું લાકડું ઇમારતી કામના ઉપયોગમાં આવે છે. પંચવલ્કલમાં એની છાલ લેવામાં આવે છે. **પીંપર:**—તીખી, કડવી, તુરી તથા શીતળ છે; અને વ્રણ, યોનિદોષ, વિસર્પ, દાહ, પિત્ત, કફ, રક્તપિત્ત, રક્તદોષ, મેદોરોગ, શોષ, મૂર્ચ્છા, ભ્રમ, પ્રલાપ, સોજો તથા રક્તાતિસારનો નાશ કરે છે. લઘુ (નાની) પીંપર ગુણોમાં અધિક છે. **ઉપયોગ:-(૧) ઉદાવર્ત અને વાતગુલ્મ ઉપર:**-પીંપરનો ચૂપ, (૧૮ ગણું પાણી નાખી ચતુર્થાંશ શેષ રહે તે) ઘી નાખી પાવો. (૨) **ખોડા ઉપર:**--પીંપરનું દૂધ ચોપડવું.

૩૭૫ **પીંપળો (બ્રહ્મ પીંપળો)**-સં૦ અશ્વત્થ. મ૦ પીંપળ. હિં૦ પીંપલવૃક્ષ. ક૦ અરળીમારા. તે૦ રાવીચેટ્ટુ. ફા૦ દરખતલરજા. તા૦ આરાકમરં. તુ૦ અત્તાસામારા. મલા૦ અરાયલ. ઇં૦ પોપલરલિવ્ડફિગટ્રી. લા૦ ફાઇકિસરિલિજીયોઝા.

એ ઝાડ ભરતખંડસિવાય બીજા દેશમાં થતું નથી. આ ઝાડ ગામમાં, રાનમાં તથા અરણ્યમાં સર્વે સ્થળે થાય છે અને તે અતિશય ઉંચું વધી ઘણું ફાલે છે. કોઇ કોઈ ઠેકાણે તો એનો વિસ્તાર એટલો વધે છે કે એની છાયામાં ત્રણસો ચારસો માણસો સહેજે બેસી શકે છે. આ ઝાડ ઘણાં વર્ષસુધી રહે છે. પીંપળામાં અનેક અલૌકિક ગુણો હોવાથી એ ઝાડ હિંદુ લોકોમાં ઘણું પવિત્ર મનાયલું છે.* ઘણાક પરોપકારી ગૃહસ્થો પીંપળાના ઝાડની આસપાસ ઓટલો કે પાળ બાંધે

*એનું લાકડું યજ્ઞની સમિધમાં વપરાય છે. એનાં પાંદડાંની ટોચની અણી પારસ પીંપળા કરતાં વધારે

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Vaidyaraj Zandu Bhatji
National Ayurvedic Library
Punjabi Bagh, New Delhi-26
Call No.....
Book No.....
Acc. No. 000013

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Bharatiya Vidya Bhavan, New Delhi Collection

In Public Domain. Digitization by eGangotri and Sarayu Trust

Bharatiya Vidya Bhavan, New Delhi Collection